Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्रीमद् बुद्धिसागरसूरिग्रन्थमाला मणको नं. ६१

शास्त्रविशारद योगनिष्ठ श्रीमज्जैनाचार्य

श्री बुद्धिसागरसूरिविरचित.

# भजन पद संग्रह.

## भाग १ मो.

जैन सद्गृहस्थोनी द्रव्यसाहाय्यथी

छपावी प्रसिद्ध करनार

श्री अध्यात्मज्ञानप्रसारकमंडल.

ह. वकील शा. मोहनलाल हिमचंदभाइ

मु. पादरा (गुजरात)

प्रथमावृत्ति प्रति १००० (?)

वीर सं. २४४९ [illegible] १९२३

विक्रम सं. १९७९

किं. रु. १-८-०

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગ્રંથ મળવાનું ઠેકાણું:—

વકીલ. મોહનલાલ હિમચંદભાઇ

મુ. પાદરા (ગુજરાત)

ગાંધી. આત્મારામ ખેમચંદ

સાણંદ.

'વસંત' મુદ્રણાલયમાં ચીમનલાલ ઈશ્વરલાલ મહેતાએ છાપ્યું
રાયપુર-શામળાની પોળ પાસે-અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# निवेचन.

श्री अध्यात्म ज्ञानप्रसारक-मंडल तरफथी श्रीमद् बुद्धिसागरसूरिग्रन्थमालाना एकसठमा मणकातरीके भजनसंग्रह भाग नवमो के जेना रचयिता श्रीमद् बुद्धिसागरसूरिजी छे, तेने वि. सं. १९७९ नी सालमां छपावी प्रसिद्ध करवामां आव्यो छे. आचार्यश्रीए भजनसंग्रह नवमा भागनुं वक्तव्य, नयोनी सापेक्षाए लख्युं छे तेने वांचको वांचशे एटले सर्व खुलासा थशे भ. सं. ९ मा भागनी प्रस्तावनानी जरूर छे पण हाल शीघ्रतया ग्रन्थ बहार पाडवामां आव्यो छे तेथी प्रस्तावना लखाइ नथी. आ ग्रन्थ छपाववामां सद्गृहस्थोनी सहाय मळवाथी पडतर किंमत रु. १-८-० राखवामां आवी छे के जेथी वाचको सारीरीते पुस्तकनो लाभ लेइ शके. मंडलनी पासे सारू फंड नथी माटे धनवंतभक्तोए सहाय करवी एम प्रार्थना करवामां आवे छे. जे जे गृहस्थ श्रावकोए मदद करी छे तेओनां मुबारक नामो अत्र छपावीने तेओने धन्यवाद समर्पीए छीए.

मु. पादरा,

**अध्यात्मज्ञान प्रसारकमंडल.**

वि. सं. १९७९ श्रावणपूर्णिमा.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ધન્યવાદ.

પરમપૂજ્ય શાસ્ત્રવિશારદ જૈનાચાર્યવિશ્વવિખ્યાત અધ્યાત્મજ્ઞાન પ્રચારક યોગનિષ્ઠ શ્રીમદ્ બુદ્ધિસાગરજીસૂરીશ્વરજી મહારાજશ્રીનું સં. ૧૯૭૭ નું ચાતુર્માસ શ્રી સાણંદ સંઘના અત્યાગ્રહથી સાણંદમાં થયું હતું તે પ્રસંગે નીચે જણાવેલ બંધુઓએ આ ભજન પદસંગ્રહ ભાગ ૯ મો છપાવવા માટે સહાય આપી છે; જે જે બંધુઓએ આવો અમૂલ્ય ગ્રંથ છપાવવા સહાય આપી છે તેઓને ધન્યવાદ આપવામાં આવે છે.

૪૦૦) મેહતા રાયચંદભાઇ રવચંદભાઈ—પોતાના પુત્ર ત્રિભુવનના સ્મરણાર્થે સાણંદ.
૨૨૫) મુનિમહારાજશ્રી. દેવેંદ્રસાગરજી મહારાજના સ્વર્ગવાસ પ્રસંગે ઉપજેલા અંતક્રિયાના હા. શેઠ ચતુરભાઇ કરસનભાઇ મુ. સાણંદ.
૧૫૦) શા. અમરતલાલ કેવળદાસ ગોધાવી.
૧૦૦) શા. કકલભાઇ જેસંગભાઈ ગોધાવી.
૧૦૦) ભોજક લાલચંદ ડોસાભાઇ મેહસાણા.
૨૫) બાઈ લાડકી, મેતા ડાહ્યાભાઇ ધરમશી સાણંદ.
૧૦૦) મેતા છગનલાલ ખેમચંદ સાણંદ.

૧૧૦૦)

ઉપરની વીગતે આ ગ્રંથ છપાવવામાં મદત મળી છે તે પૈકી. રૂ ૪૦૦) મેતા રાયચંદભાઇ રવચંદભાઇના મળેલા તે રૂપિઆ ન્યાયદર્શક પ્રેસના માલીક શા. મણીલાલ મગનલાલને આ ગ્રંથ છપાવવા માટે આપેલો અને તેના કાગળો લેવા માટે સદરહુ રૂપિઆ આપેલા પરંતુ પાછળથી તે આશામી તથા પ્રેસની નાણા સંબંધી સ્થિતિ કફોડી થવાથી મજકુર રકમ તેની પાસે રહી ગઇ છે. આવા ગ્રંથો છપાવવા સહાય આપનાર સદ્ગૃહસ્થોને અંતઃકરણ પૂર્વક ધન્યવાદ આપવામાં આવે છે. અને ભવિષ્યમાં આવા ગ્રંથો છપાવવામાં સહાયક બનો એમ ઇચ્છી વિરમું છું.

સંવત ૧૯૭૯ 
શ્રાવણ સુદિ પૂર્ણિમા } સદ્ગુરૂ ચરણોપાસક સેવક.
શા. આત્મારામ ખેમચંદ. સાણંદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ अर्ह महावीराय नमः

# ભજન પદસંગ્રહ ભાગ નવમો.

## વક્તવ્ય.

[જે જે પ્રસંગે જેવી જેવી ભાવના પ્રગટી તેના પ્રતિબિંબ રૂપ આ છપાવેલાં પદ્યો છે.] જૈનશાસ્ત્રોની અનેક અપેક્ષાઓના દૃષ્ટિયોના અભ્યાસીઓને તેમાં પ્રવેશ કરવાનો અધિકાર છે. બાકી-નાઓને ગીતાર્થ ગુરૂની આજ્ઞા વિના તેમાં પ્રવેશ થવાનો અધિકાર નથી. [જૈનશાસ્ત્રોના આધારે જે કંઇ ન જણાય તેનો સંઘની આગળ પ્રથમથી મિથ્યાદુષ્કૃત દઉં છું અને ગીતાર્થોને વિજ્ઞપ્તિ કરૂં છું કે જે કંઈ જિનેશ્વર આજ્ઞા વિરૂદ્ધ હોય તેમાં સુધારો કરવો અથવા તેટલો ભાગ બાતલ કરવો.] અમે સર્વદા જિનેશ્વર ભગવાનની આજ્ઞા પ્રમાણે લખવાનું વા કહેવાનું અભિમાન ધારણ કરીશું નહિ. કારણ કે છદ્મસ્થાવસ્થામાં પ્રભુ મહાવીરદેવના ગણધરશ્રી ગૌતમસ્વામીને પણ આનંદની સાથે વાતચિંત કરતાંઉપયોગમાં ચૂક આવી હતી, તો મારા જેવા પામરની તો શી ! દશા, ક્યાં પૂર્વાચાર્યોનો ઉપ-યોગ અને ક્યાં મારા જેવા પામરનો ઉપયોગ. ભણ્યો ભૂલે અને તારો ડૂબે એ કહેવત પ્રમાણે ભૂલ થવાનો પ્રસંગ ઉપસ્થિત થાય એમાં કશું આશ્ચર્ય નથી. અધ્યાત્મજ્ઞાનની દૃષ્ટિએ જે કાંઈ લખવામાં આવ્યું હોય તેનો વ્યવહારદૃષ્ટિવાળા બાળજીવોને અવળું સમજાય–અવળું પરિણમે તે બનવા યોગ્ય છે તેથી તેવા જીવોએ જ્ઞાની ગુરૂઓની સલાહ લેઇ આવાં પુસ્તકોના વાચનમાં પ્રવૃત્તિ કરવી, કે જેથી તેઓને કશી હાનિ ન સંભવે. [ભજનસંગ્રહ નવમા ભાગમાં પ્રભુ મહાવીર એ નામ આત્માનું આધ્યાત્મિક પિંડગત દૃષ્ટિની અપેક્ષાએ આપ્યું છે અને પ્રભુ ચોવીશમા તીર્થંકર મહાવીર સ્વામીનાં સગાં વગેરે તથા અન્યપાત્રોને આધ્યાત્મિક દૃષ્ટિએ અંતરૂમાં કલ્પવામાં આવ્યાં છે અને તેઓની આગળ આત્મરૂપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુ મહાવીરસ્વામી દેવ ઉપદેશ આપે છે એ પ્રમાણે લખવામાં આવ્યું છે] અને એમ અધ્યાત્મદૃષ્ટિએ આત્માને પ્રભુ મહાવીર વગેરે નામોથી તથા પાત્રોથી કથવાનો અધ્યાત્મજ્ઞાનીઓનો રીવાજ છે અને તેવા રીવાજથી અધ્યાત્મ રામાયણ વગેરે ગ્રન્થો બન્યા અને એવી દૃષ્ટિની અપેક્ષાએ કથવાથી વા લખવાથી કંઈ વ્યવહારે સર્વવિશ્વમાન્ય એવા તીર્થંકરોના સ્વરૂપને તથા તેઓની માન્યતાને હાનિ પહોંચતી નથી એમ અધ્યાત્મજ્ઞાની ગીતાર્થો સારી રીતે સમજે છે; અને અપેક્ષાએ કથવાથી વ્યવહારધર્મને હાનિ જરા માત્ર પણ પહોંચતી નથી તેવી રીતે પ્રચલિત આધ્યાત્મિક પિંડગત આત્માને પરિભાષાએ મહાવીર-વર્ધમાન તથા સત્તાએ તીર્થંકર તરીકે ભાવીને આત્મા જ પોતાનાં સદ્‌ગુણોનાં રૂપક સગાપાત્રોની આગળ ઉપદેશ દે છે, એવો આધ્યાત્મિક દૃષ્ટિએ ભાવ પ્રકાશિત કર્યો છે અને તે દૃષ્ટિને ધ્યાનમાં રાખીને[श्राविकासुबोध, अभयकुमार, नीतिबोध, प्रियदर्शनाप्रबोध, सुदर्शनासुबोध, जीवकबोध, श्रेणिकसुबोध, प्रियदर्शनाप्रबोध, यशोदानीप्रियदर्शना पुत्रीने हित· शिक्षा, पतिलक्षण बोधग्रंथ, महावीरप्रभुनो नंदिवर्धनने आत्मबोध, महावीर स्वरूप વગેરે પદ્યો ગ્રંથો છે. પત્ર ૨૨૮ માં महावीर मेळ पद्य છે તેમાં आत्मा महावीर असंख्यप्रदेशी-आर्यक्षेत्र-ब्रह्मज्ञान विद्या તે દેવાનંદા બ્રાહ્મણી-आत्मभाव તે ऋषभदत्त તથા आत्मज्ञान તે સિદ્ધાર્થરાજા તથા વિવેક તે नंदिवर्धन તથા અનુભવ ધામને क्षत्रियकुंड કથ્યું છે તેમજ आत्मशक्ति ને यशोदा તથા त्रिशला ને સમ્યગ્દૃષ્ટિ કથી છે, તથા સાપેક્ષાએ भक्तिदृष्टि ને દેવાનંદા કથી છે, તથા श्रुतबोध ને ऋषभदत्त કથ્યો છે. अंतर्दृष्टि ને सुदर्शन તથા प्रियदर्शना ને अनुभवदृष्टि કથી છે. શરીરમાં રહેલ આત્માને पिंडमहावीर તરીકે જણાવ્યા છે, તથા આત્મામાં રહેલ श्रुतज्ञान ને તીર્થ કથ્યું છે અને એવા તીર્થને પ્રગટાવનાર આત્માને અધ્યાત્મદૃષ્ટિએ આત્મસત્તાએ તીર્થંકર તરીકે કથીને તેની બોધ વ્યવસ્થા ગોઠવી છે તેથી તે બોધમાં-ઉપદેશમાં શ્રી ચોવીશમાતીર્થંકર મહાવીર દેવના વચનોની જે કંઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિરૂદ્ધ લખાયું હોય તેનો ચતુર્વિધ સંઘ આગળ મિથ્યાદુષ્કૃત દઉં છું અને તેમાં જે કંઇ અસત્યતા આવી હોય એમ સંઘને લાગે તો સંઘ જે ભાગ અસત્ય ઠરાવે તે મારે પણ પ્રમાણ છે એમ પ્રથમથી જણાવું છું. ગીતાર્થો અધ્યાત્મજ્ઞાન દૃષ્ટિની અપેક્ષાએ બાહ્યના પદાર્થોને અંતરૂમાં ઘટાવે છે. શ્રી ઉપાધ્યાયજીએ પણ ધર્મપરીક્ષા ગ્રન્થમાં તે માટે નીચે પ્રમાણે જણાવ્યું છે.

यथा ॥ अप्पा नइ वेयरणी, अप्पा मे कुडसामली ।
अप्पा कामदुहाधेणू, अप्पा मे नंदणं वणम् ॥ १ ॥

इन्द्रियाण्येव तत्सर्वं यत्स्वर्गनरकावुभौ
निगृहीतविशिष्टानि, स्वर्गाय नरकाय च ॥ २ ॥

ઇત્યાદિ અનેક બાબતોની સાક્ષીઓ આપી શકાય તેમ છે. આત્મા જ પંચપરમેષ્ઠી છે. आत्मा તેજ રાગ ષ જીતવાથી વ્યક્તિભાવે મહાવીર બને છે અને રાગદ્વેષ ન જીતાય ત્યાંસુધી સત્તાએ મહાવીર છે. ક્ષયોપશમજ્ઞાનધ્યાનની ક્ષયોપશમ ભાવનાઓ જે કાલે જેવી હૃદયમાં પ્રગટી છે તેવી લખી દીધી છે;–એસ કેટલાંક આધ્યાત્મિકહાર્દિકસ્ફુરણાત્મક પદ ભજનોમાં બનેલું છે. અમારો અભિપ્રાય–આશય ખરેખર ગીતાર્થો સમજી શકે છે. વ્યવહારનય અને નિશ્ચયનયની માન્યતાઓ અમને સર્વથા જૈનાગમના આધારે માન્ય છે. અમારામાટે હૃદયમાં જે ભાવનાઓ સ્ફુરાયમાન થઈ તે કંઈ તે દશાવિનાના અધિકારીઓ માટે નથી. કેટલાંક વર્ષોથી મારા મનમાં એવો વિચાર પ્રગટયો છે કે મુસલમાનોમાં જેમ એક અલ્લા, ખ્રીસ્તિયોમાં એક ઇશુ ક્રાઇસ્ટ, તથા હિંદુઓમાં રામ તથા કૃષ્ણ તથા બાદ્ધોમાં એક બુદ્ધનું જેમ જગત્માં જાહેરનામ છે અને દુનિયાનો મોટો–ભાગ, તેઓના દેવોને જાણે છે તેમ ચોવીશ તીર્થંકરો પૈકી ચરમતીર્થંકર મહાવીરદેવને સર્વવિશ્વમાં પ્રસિદ્ધ કરવા. ચોવીશમા તીર્થંકર મહાવીરપ્રભુનું હાલ જૈનશાસન પ્રવર્તે છે અને તેજ સંપ્રતિ પરમોપકારી તીર્થંકર છે, તેથી તેમના નામનો સર્વત્ર પ્રચાર કરવો. તેમના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુણોનું તથા તેમના ચરિત્રનું ગાન કરવું. તેમના નામનો જાપ કરવો.—એમ કરવાથી અન્ય તીર્થંકરોની કંઇ આશાતના થતી નથી; કારણ કે તેમાં શુભ હેતુ પરિણામ છે. તેથી પ્રભુસર્વજ્ઞમહાવીરના નામથી તેમની ભક્તિનો પ્રારંભ કર્યો છે. ચોવીશમા તીર્થંકર તરીકે તેમની સ્તુતિયો કરી છે તથા અધ્યાત્મદૃષ્ટિએ આત્માને પણ મહાવીરતરીકે ગણી ભજન પદ્ય વગેરેની રચના કરી છે અને સાતનયોની અપેક્ષાએ આત્મારૂપ મહાવીરની વ્યાખ્યાનો પત્ર સદુપદેશના બીજા ભાગમાં જણાવી છે. પ્રભુમહાવીરદેવને ઇષ્ટદેવ ગણી તેમના નામથી પૂજાઓમાં મંગલાચરણ કરવામાં આવ્યું છે. પ્રભુ સર્વજ્ઞ તીર્થંકરમહાવીરદેવ અને અધ્યાત્મમહાવીરદેવની ભિન્નતા અને અભિન્નતા જેમાં કથંચિત્ વર્ણવી છે તેવાં પદ્યો ગીતાર્થ ગુરૂગમની દૃષ્ટિથી અવલોકતાંતસાર જણાશે. અધ્યાત્મજ્ઞાનની દૃષ્ટિએ જેટલાં તીર્થંકરાદિનાં નામો છે તે સર્વે અપેક્ષાએ આત્માનાં નામો છે એમ અધ્યાત્મજ્ઞાનીઓ જાણે છે, માને છે પણ તેથી એકાંત તેવી દૃષ્ટિને માની તીર્થંકરો વગેરેની ઉત્થાપના કરતા નથી. તેઓ વ્યવહારને વ્યવહારમાં મુખ્ય માને છે અને તેનું ખંડન કરતા નથી. દરેક નયની દૃષ્ટિયોના કથનને સાપેક્ષપણે સત્ય જાણવું પણ એકાંત એકનયની દૃષ્ટિને માની અન્યનયોની દૃષ્ટિયોના કથનને અસત્ય માનવું તે મિથ્યાત્વદૃષ્ટિ છે અને સર્વનયદૃષ્ટિયોના કથનને પરસ્પર નયસાપેક્ષાએ સત્ય માનવું તે જૈન ધર્મની દૃષ્ટિ છે. તે દૃષ્ટિની અપેક્ષાએ एगं जाणइ सो सव्वं जाणइ, सव्वं जाणइसो एगंजाइ. જે એકને (આત્માને) જાણે છે તે સર્વને જાણે છે એમ જણાવ્યું છે. શ્રીમદ્ ચિદાનંદજીએ ચિદાનંદ સ્વરોદયમાં મનુષ્યપિંડમાં બ્રહ્માંડનો સમાવેશ કરવાનું અધ્યાત્મભાવે જણાવ્યું છે. જે પિંડે સો બ્રહ્માંડે અને જે બ્રહ્માંડે તે પિંડે એમ અપેક્ષાએ સત્ય જણાવ્યું છે. મનુષ્યાકાર શરીરમાં ચૌદરાજ લોકના સર્વપદાર્થોનો આધ્યાત્મિકરૂપકદૃષ્ટિએ અંતર્ભાવ થાય છે. શ્રીમદ્ આનંદઘનજીએ राम कहो रहेमान कहो, कोउ कहान

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**कहो महादेवरी, पारसनाथ कहो कोउ ब्रह्मा, सकल ब्रह्म स्वयमेवरी.** ઇત્યાદિ વડે બ્રહ્મ અર્થાત્ આત્માને રામ રહેમાન્ કૃષ્ણ મહાદેવ પાર્શ્વનાથ બ્રહ્મા આદિ સ્વરૂપે દર્શાવ્યો છે. તેવી રીતે અધ્યાત્મજ્ઞાનીમુનિવરોના અનુસારે મારાથી પણ અધ્યાત્મ દૃષ્ટિની ભાવનાના ઉછાળાથી પ્રવૃત્તિ થઈ છે. તેમાં કંઈ ભૂલચૂક થઈ હોય તો ગીતાર્થોએ સુધારવી તથા મ્હને સૂચના આપવી. છદ્મસ્થદૃષ્ટિઓમાં વિચાર ભેદ હોઇ શકે છે પણ સજ્જનોએ તત્ત્વ સંધે મારા આશયપર ખાસ લક્ષ્ય રાખી આ પુસ્તક વાંચવું. હાલમાં સાત આઠ વર્ષથી હિંદમાં સ્વરાજ્ય પ્રવૃત્તિ જોશભેર ચાલે છે અને તેથી યુવકો વગેરેનું મુખ્યતયા સ્વરાજ્ય સ્વદેશ ભારત તરફ લક્ષ્ય ગયું છે તેથી તેઓને આધ્યાત્મિક જ્ઞાનદૃષ્ટિએ આત્મા તેજ ભારતદેશ છે અને આત્માનું ચિદાનંદ સ્વરૂપ છે તેજ સ્વરાજ્ય છે, અને આત્માજ ખરેખરી સત્ય જન્મભૂમિ છે એમ સ્વદેશ તથા સ્વરાજ્ય કાવ્યોમાં દર્શાવ્યું છે. સ્વદેશ ભારત અને સ્વરાજ્યનું આધ્યાત્મિક સ્વરૂપ વર્ણવવા માટે કેટલાંક કાવ્યો રચ્યાં છે તેમજ વિશ્વસંદેશ નામના કાવ્ય વગેરેમાં બાહ્યરાજ્ય કેવાં હોવાં જોઈએ અને બાહ્યરાજ્યના શાસકોએ કેવી રીતે વર્તવું તથા વિશ્વમાં સર્વત્ર સર્વથા સાચી શાંતિ પ્રવર્તે અને આત્મરાજ્યમાં પ્રવેશ કરી શકાય તેના ઉપાયો વગેરેનું વર્ણન કર્યું છે. બાહ્ય રાજા રાજ્ય વગેરે કેવાં હોવાં જોઈએ તથા રાજાઓ દેશ પ્રમુખો વગેરેએ કેવી રીતે વર્તવું તત્સંબંધી તટસ્થદૃષ્ટિએ ઉપદેશ આપ્યો છે. મુનિનો ધર્મ છે કે ગૃહસ્થોને, રાજાઓને, ઠાકોરોને સદુપદેશ દેવો પણ બાહ્ય રાજકીય પ્રવૃત્તિમાં ભાગ ન લેવો. પૂર્વાચાર્યોએ પણ રાજાઓ વગેરેને સાત્વિક રાજ્ય કરવાનો ઉપદેશ દીધો છે. બાહ્યવિશ્વ મનુષ્યોને બાહ્યરાજ્યમાં શાંતિ હોય છે તો તેઓ શુદ્ધાત્મ સ્વરાજ્ય પ્રાપ્ત કરવા પ્રવૃત્તિ કરે છે. બાહ્યદુનિયાનું રાજ્ય પ્રાપ્ત કરવામાં પણ સદ્ગુણોની લાયકાત મેળવવી જોઇએ, તત્સંબંધી કેટલાંક બાહ્યસ્વદેશ સ્વરાજ્યયોગ્યતાના કાવ્યો લખીને બાલજીવોને સદુપદેશ આપ્યો છે. સાણંદના શ્રાવક શા. આત્મારામ ખેમચંદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તથા સંઘવી શા. કેશવલાલ નાગજીના કહેવાથી ખાદીનું કાવ્ય રચ્યું છે અને આત્માના સ્વદેશની કઇ કઇ વસ્તુઓ છે તેનું પણ કાવ્યરચી બાલજીવોને આત્માની સ્વદેશ વસ્તુઓની પ્રાપ્તિ માટે સૂચના કરી છે. હવે જરા અહીં, કંઈ બાહ્યદેશ સ્વરાજ્યવાદીઓને સૂચનાં કરૂં છું કે સ્વરાજ્ય માટે દરેક મનુષ્યે લાયક થવું જોઇએ. શુદ્ધાત્માનું સ્વરાજ્ય નિત્ય માનવું, બાકી બાહ્યદેશનું રાજ્ય તો ક્ષણિક છે. આ પૃથ્વી કોઇની થઇ નથી અને થવાની નથી. ભરતરાજા, બાહુબલ, માંધાતા, પાંડવ, રામ, રાવણ-દુર્યોધન, શ્રી શાંતિનાથ, શ્રી કુંથુનાથ અને અરનાથ જેવા ચક્રવર્તીઓએ પણ બાહ્યપૃથ્વી રાજ્યનો ત્યાગ કર્યો. પૃથ્વી વેશ્યાના જેવી છે. સ્વપ્નની પેઠે બાહ્યરાજ્ય ક્ષણિક છે અને બાહ્યરાજ્યથી કોઇને સત્ય સુખ થયું નથી અને થનાર નથી. બાહ્યરાજ્યમાટે આજ સુધી ઈતિહાસના પાને કરોડો અબ્જો મનુષ્યોએ પ્રાણ આપ્યા, અને હાય હાય કરતા ચાલ્યા ગયા. ધૂલની માયા ધૂળમાંજ સમાય છે તેમ તેઓનાં શરીરો માટીમાં સમાઈ ગયાં એવું જાણીને પરમાત્મપદની પ્રાપ્તિરૂપ સ્વરાજ્ય માટે ઉઠેલા ત્યાગી મુનિવરો આ બાહ્યદેશરાજ્યને નાકના લીંટ સમાન જાણે છે, માને છે. દુનિયામાં જ્યાં સાગરો હતા ત્યાં પૃથ્વી થઇ ગઇ અને જ્યાં જમીન હતી ત્યાં દરિયા થૈ ગયા. દુનિયામાં કોઈ જાતિનું રાજ્ય સદા રહ્યું નથી અને રહેવાનું નથી. બાહ્યરાજ્ય વૈભવ સામગ્રી ભોગમાં રોગ અને દુઃખ છે એવું જાણીને ચક્રવર્તીરાજાઓ વગેરેએ પરમાત્મરાજ્ય-શુદ્ધાત્મ રાજ્યની શોધ કરી અને તેની પ્રાપ્તિમાટે બાહ્યરાજ્યને નાકના લીંટ સમાન જાણી છંડી દીધું છે અને તેવા સંતોના પગલે ચાલ્યા વિના બાહ્યરાજ્યની મમતા ટળવાની નથી. પરમાત્મપદના રાજ્યનો નિશ્ચય કરીને અને તેની પ્રાપ્તિ માટે બાહ્યરાજ્ય કરનારા ધર્મીલોકો, તમોગુણી અને રજોગુણી રાજ્ય વૃત્તિઓનો ત્યાગ કરીને સાત્વિકરાજ્યવૃત્તિયોને ધારે છે. બાહ્યપૃથ્વીના રાજ્યને સત્વગુણીમનુષ્યોજ ફક્ત ધારણ કરે એવું સર્વથા સર્વદા બન્યું નથી અને બનનાર નથી. ત્રિગુણી માયા સદા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકરૂપે રહેતી નથી. એતો વારંવાર ફર્યા કરે છે, દુનિયાના સર્વમનુષ્યો એકીવખતે સત્વગુણી થયા નથી અને થવાના નથી. દુનિયાનું રાજ્ય દારૂના સમાન કેફી છે. એક લાખ રૂપૈયા પ્રાપ્ત થતાં એક શેર દારૂના નિશા જેટલો નિશો ચઢે છે. ઠાકોરોને પાંચ શેર દારૂ જેટલો નિશો ચઢે છે તેમાંથી બચવું તે પ્રભુ ભક્તિ અને વૈરાગ્ય વિના બચી શકાય તેમ નથી. પૃથ્વીનું રાજ્યકરનારાઓ મોટાભાગે તમોગુણી અને રજોગુણી હોય છે. પશુઓપર હિંસકસિંહનું રાજ્ય પ્રવર્તે છે, પંખીઓપર બાજ અને ઘુવડ જેવા હિંસક પંખીઓનું રાજ્ય વર્તે છે તેવી રીતે આ દુનિયામાં જે વિશેષ તમોગુણી હિંસક હોય છે તે મોટા ભાગે દુનિયાપર રાજ્ય કરી શકે છે. એવું બાહ્યરાજ્ય ત્રિખુણી ટોપીના જેવું છે તે ખુણારહિત અર્થાત્ પૂર્ણ સાત્વિક ન્યાય-નીતિવાળું થયું નથી અને થવાનું નથી. અલ્પાયુષ્ય અને અકસ્માત્ મૃત્યુ તથા દુનિયામાં બાહ્યરાજ્યાદિક ભોગથી દુઃખ જાણીને ત્યાગી મુનિયો પરમાત્મામાં ચિત્ત રાખે છે, અને ભોગને રોગ જાણે છે અને તે સર્વદેશના લોકોને સદ્ગુણોનો ઉપદેશ આપે છે છતાં બાહ્યરાજ્ય ખટપટમાં પડતા નથી. લોકોને રાજ્યમાં કેવી રીતે વર્તવું તેનો સદુપદેશ આપે છે પણ રાજ્યપ્રાપ્તિની ખટ-પટમાં, બાહ્યરાજ્યકીયહીલચાલમાં પ્રવેશ કરતા નથી તેથી તેઓનું હૃદય શુદ્ધ રહે છે અને પક્ષપાત વિના મધ્યસ્થતાથી દુનિયાના લોકોને મોક્ષ રાજ્ય પ્રતિ દોરે છે અને બાહ્યમાં અના-શક્તિ રહે એવો ઉપદેશ આપે છે.

પૂર્વે પણ આર્યાવર્ત વગેરે દેશોમાં રાજા અને પ્રજા વગેરે-ને ઋષિયો તીર્થંકરો સદુપદેશ આપતા હતા. રાજાઓને અન્યાયમાર્ગે જતાં ઋષિયો વારતા હતા અને ધર્મનો માર્ગ જણાવતા હતા એવા ઉદ્દેશને અનુસરી મેં બાહ્યરાજ્યમાં પ્રવર્તતી પ્રજા અને રાજાઓને કાવ્યો રચીને બોધ આપ્યો છે. સાણંદમાં સં. ૧૯૭૭ ની સાલનું ચોમાસું કર્યું હતું તે પ્રસંગે હિંદમાં બાહ્યરાજ્યની ચળવળ હીલચાલ જોશભેર હતી તે પ્રસંગે બાહ્યરાજ્ય અને તેના યોગ્યગુણો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાપ્ત કરવાનાં કેટલાંક કાવ્યો લખ્યાં હતાં અને તે પ્રસંગે તેની ઉપયોગિતા લખી હતી તે પણ અત્ર નીચે પ્રમાણે દાખલ કરવામાં આવે છે. બાહ્યરાજ્યની ખટપટમાં અમે પડતા નથી. અમે અસહકારી નથી તેમજ સહકારી પણ નથી બાહ્યરાજ્યની ચળવળ ચાલે છે તેમાંના કોઈ પક્ષના અમે નથી, અમારૂં આત્મામાં સ્વરાજ્ય છે અને અમારો આત્મા તેજ સ્વદેશ છે અને તેની પ્રાપ્તિમાટે અમારૂં મનવાણી કાયાનું જીવન છે; તેમ છતાં બાહ્યસ્વરાજ્યમાં પ્રવર્તનારા રાજાઓને અને પ્રજાઓને ધર્મરાજ્યદૃષ્ટિએ ન્યાય-નીતિનો ઉપદેશ દેવા અધિકારી છૈયે અને એવો ઉપદેશ આપતાં અને બાહ્યાંતરથી રાજ્યકીય ચળવળથી ન્યારા રહેતાં પરમાત્મપદ પ્રાપ્તિમાં કોઇ જાતનું વિઘ્ન આવતું નથી, તેથી મુનિયો, મુનિધર્મ પાળે અને ગૃહસ્થોને ગૃહસ્થ ધર્મનો ઉપદેશ આપે, એમ સર્વજ્ઞ મહાવીરદેવે પણ મુનિયોને જણાવ્યું છે તે ન્યાયથી અહીં રાજ્યપ્રજાને શિક્ષા કથું છુ. ચારે વર્ણના ગૃહસ્થ મનુ-ષ્યો કંઇ ત્યાગીઓના જેવી દશાવાળા હોતા નથી તેથી તેઓને બાહ્યરાજ્ય વ્યવસ્થાદિની જરૂર હોય છે, તેઓને બાહ્યજીવન માટે રાજ્ય, પૃથ્વી, લક્ષ્મી, સત્તા અન્નાદિકની જરૂર પડે છે. બાહ્ય આ જીવિકા વિના અને શાંતિ વિના ગૃહસ્થ એવારાજાઓથી અને પ્રજાઓથી ધર્મની આરાધના થઇ શકતી નથી તેથી તેઓને આદર્શ રાજા, રાજ્ય વગેરેની જરૂર પડે છે કે જે રાજા પ્રજા, વિશ્વમાં શાંતિ ન્યાય સ્થાપી શકે અને પ્રજાઓને બાહ્યજીવનથી જીવતાં તેઓનું રક્ષણ કરી શકે એવા ઉદ્દેશથી રાજા અને રાજ્યની વ્ય-વસ્થા ઉત્પત્તિ થઈ છે. રાજાનો દ્રોહ ન કરવો અને રાજ્યનો દ્રોહ ન કરવો તેનું પણ કારણ એ છે કે રાજામા અને પ્રજામાં શાંતિ વર્તે અને રાજ્ય વ્યવસ્થા સારી રીતે ચાલી શકે. પ્રાચી-નકાલના ઋષિમુનિયોએ આદર્શ રાજ્ય પ્રજા અને રાજાનું સ્વરૂપ વર્ણવ્યું છે. રાજાએ અને પ્રજાએ સદ્ગુણોની પ્રાપ્તિ કરવી જોઇએ અને પરસ્પર ઉપગ્રહથી વર્તી જીવવું જોઇએ. સાત્વિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજ્યનું આદર્શ ધ્યાનમાં રાખીને વર્તવું જોઇએ. નાસ્તિક જડવાદથી દૂર રહેવું જોઇએ. ધર્મશાસ્ત્રોને માનીને બાહ્યરાજ્યમાં નીતિથી વર્તવું જોઈએ. ધર્મ વિના બાહ્યરાજ્ય લાંબાકાલ ટકી શકતું નથી. જે કાળે જે રાજ્ય વર્તતું હોય તેનો દ્રોહ ન કરવો. સત્યરાજ્યાજ્ઞા પ્રમાણે ગૃહસ્થ લોકો ન વર્તે તો ચોરી લૂંટફાટ મારામારી અશાંતિ થાય માટે રાજ્યાજ્ઞા પાળવાની જરૂર છે.

સર્વ ખંડો અને સર્વ દેશો પરસ્પર ઉપગ્રહવડે જીવે છે. પરસ્પર એકબીજાનું સ્વાતંત્ર્ય ન હરવું અને મૈત્રીભાવથી સ્વરાજ્યસ્વતંત્ર્ય યુક્ત સર્વવિશ્વને કરવું કરાવવું એજ અમારો લેખ્ય ઉદ્દેશ છે. ભારતના લોકોને ભારતની સ્વતંત્રતાર્થે જે કંઈ કાવ્ય તરીકે લખાયું તેમ અન્યદેશોના સ્વરાજ્યસ્વતંત્રતાર્થે એક સરખો પ્રબોધ છે. અશક્તિમાં ગુલામીપણું છે. સર્વપ્રકારની ધર્મની બાહ્યાંતરશક્તિયોની પ્રાપ્તિ જે જે અંશે થાય છે તત્ત દંશે દેશે સ્વરાજ્યની તથા સ્વતંત્રતાની પ્રાપ્તિ થાય છે. જ્ઞાન વિના શક્તિયોની પ્રાપ્તિ થતી નથી. વિચારોમાં અને આચારોમાં સ્વાતંત્ર્ય પ્રગટતાં આત્માનો વિકાસ વધતો જાય છે. બાહ્યશક્તિયોનો અન્ય મનુષ્યોના ગુલામીપણા આદિ માટે દુરૂપયોગ કરવો એજ પશુબલયુક્ત પશુપણું છે પણ મનુષ્યપણું નથી. ગુલામીપણાને તથા અન્યાય અધર્મને મૃત્યુભીતિથી સહવો તે પણ પશુપણું છે. અન્યજનોની હુરોળમાં ઉભા નહીં રહેવાની મૂર્ખાઈ છે. આત્મા જ પોતાનો આત્માવડે ઉદ્ધાર કરે છે આત્માનાં મનવાણી અને કાયા એ ત્રણ સાધન છે, તેનો આત્મા પોતાના જ્ઞાન પ્રમાણે ઉપયોગ કરે છે. આર્યાવર્તમાં અધ્યાત્મજ્ઞાન અને સાત્વિક પ્રકૃતિની મુખ્યતા અન્યદેશો ખંડો કરતાં છે. આર્યાવર્તની પરતંત્રતાથી અન્ય ખંડદેશોને હાનિ છે આર્ય ભારતહિંદ પોતે સ્વતંત્રસ્વરાજ્યથી અન્યખંડદેશોને શાંતિસુખ સ્વતંત્રતામાં સહાયક બની શકે તેમ છે અને અધર્મ્યયુદ્ધોને શમાવવામાટે ગુરૂ તરીકેનું શિક્ષણ આપી શકે તેમ છે. પોતાની સ્વતંત્રતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાના હાથે પ્રાપ્ત થઈ શકે છે, પશુબલથી ઉન્મત્ત બનેલ કોઈ દેશ વસ્તુતઃ સ્વરાજ્ય સ્વતંત્રતાનો ભોગી નથી. પશુબલના પ્રયોગથી અન્યદેશોની પ્રજાઓને ગુલામ બનાવવી અને તેઓની સત્ય સ્વતંત્રતાના ઘાતક બનવું એ ઇશ્વરને માનનારને ઘોર કલંકપાપ થાય છે. સત્યન્યાય વિના સ્વરાજ્ય માનવું તે સર્વ ખંડોની પ્રજાઓનેમાટે ભ્રાંતિ છે. સર્વ ખંડના લોકોએ પરસ્પર એકબીજાની સ્વરાજ્ય સ્વતંત્રતામાં પોતાનું શ્રેયઃ માનવું અને તેમ વર્તવું એજ પરમેશ્વરની સેવાભક્તિ પ્રાર્થના છે. પોતાના અન્યાયી સ્વાર્થમાટે અન્યોનું ગુલામીપણું કરવું એ પરમેશ્વરની આજ્ઞાથી વિરૂદ્ધ છે. હિંદ, યુરોપ, અમેરિકા, જાપાન, આફ્રિકા, આસ્ટ્રેલિયા વગેરે સર્વખંડ દેશસ્થ મનુષ્યોએ પોતાની ઉન્નતિ માટે અન્યદેશીય લોકોની સ્વતંત્રતાની હિંસા ન કરવી જોઇએ. અન્યોનું સ્વરાજ્ય હરવું એજ હિંસા પાપ છે. અન્યદેશોને સ્વતંત્ર કરવામાં ધર્મ છે. સ્વદેશમાટે સર્વસ્વાર્પણ કરવું પણ અન્યદેશોને નુકશાન ન કરવું. પશુઓને અને પંખીઓને ગુલામીપણું પ્યારૂં લાગતું નથી તો મનુષ્યોને ગુલામ બનાવવા અને તેઓનું સ્વરાજ્ય પડાવી લેવું એ મનુષ્યનું કર્તવ્ય નથી. પશુ અને પંખી પોતાની સ્વતંત્રતાર્થે જીવે છે અને મરે છે તો જેઓ મનુષ્ય શરીર ધારણ કરીને પશુના કરતાં પણ વિશેષ પરતંત્ર ગુલામ બને છે તેઓના જીવવાથી પણ શું ? અને મરવાથી પણ શું ? તથા તેવા પરતંત્ર ગુલામમનુષ્યોના સ્વામી પ્રભુ શેઠ બનીને જીવવાથી શું ? અને મરવાથી શું ? મનુષ્યમાત્રને સ્વજનની અને સ્વજન્મભૂમિ બન્ને સ્વર્ગથકી પણ પ્યારી હોય છે. **जननी जन्मभूमिश्च स्वर्गादपिगरीयसी** વિશ્વવર્તિસર્વ મનુષ્યો એકબીજાના ભાઇ છે. . એકબીજાનું નુકશાન કરવું એ પરમેશ્વરના હુકમનો તિરસ્કાર છે અને પોતાની સત્યબુદ્ધિનો ઘાત કરવા બરોબર કમ છે. પરતંત્ર અજ્ઞ અશક્ત મનુષ્યોના સેવાભક્તિમાં પ્રભુની સેવા ભક્તિ સમાયલી છે. શાક્ત-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાના ગર્વ કરીને અન્યદેશોપર અન્યાય જુલમ કરવો તેના સમાન અન્ય કોઈ રાક્ષસીકર્મ નથી. શક્તિ છતાં સહવું અને અન્યોને ચાહવા તેજ સભ્ય સ્વરાજ્ય કરનારાઓનો મહાન્ ધર્મ છે. પરમાત્મપ્રભુમહાવીરદેવે કેવલજ્ઞાનથી જે ઉપદેશ દીધો તે ઉપદેશ પ્રમાણે સર્વવિશ્વ મનુષ્યો વર્તે તોજ સત્યશાંતિ સ્વરાજ્ય સ્વાતંત્ર્યસુખ મેળવી શકે, તેમાં અંશમાત્ર શંકા કરવા જેવું નથી. શસ્ત્રબળથી ક્ષણિક સ્વરાજ્યશાંતિ જેવું લાગે છે પરંતુ વસ્તુતઃ સ્વરાજ્ય અને શાંતિ નથી. પરસ્પર શસ્ત્રોવડે સામાસામી ઉભી રહેલી પ્રજાઓમાં પ્રભુપ્રેમ વિશ્વાસશાંત નથી. પવિત્રજ્ઞાન વિના શાંતિ નથી. જે પ્રજા શસ્ત્રોથી જીતે છે તેજ પ્રજા અન્યોના શસ્ત્રોથી પાછી હારે છે. શસ્ત્ર બળપર મુસ્તાક બનેલા યોદ્ધાઓએ આજ સુધી કોઈ દેશની સત્યોન્નતિ કરી નથી. મહાભારતનું યુદ્ધ તપાસો તેથી પરિણામ શું આવ્યું છે ? હિંસાથી જે રાજ્ય સ્થપાય છે તે માટી ભેગું થોડાજ સૈકામાં થઈ જાય છે અને અહિંસાથી જે રાજ્ય સ્થપાય છે તે ઘણા કાલ પર્યંત કાયમ રહે છે. હિંસાનો બદલો હિંસા છે અને અહિંસાનો બદલો અહિંસા છે. જેવો આઘાત તેવો પ્રત્યાઘાત છે. જેવું કર્મ તેવું ફળ છે. જેવું વાવશો તેવું લણશો. અનીતિનું જીવન ટુંકું છે અને નીતિનું જીવન લાંબુ છે. સ્વાર્થી જીવન કરતાં પરમાર્થી જીવન અનંતગુણુ ઉત્તમ છે. સર્વજાતીય પ્રજાઓપર સમાનભાવ ધારણ કરનારાઓ રાજા પ્રમુખ વગેરે અધિકારોના પાત્રભૂત બનવાને લાયક છે. દુષ્ટોને યથાયોગ્ય દંડનારા અને નીતિધર્મીઓનું સંરક્ષણ કરનારાઓજ રાજા અગર પ્રજા પ્રમુખ છે. ગુલામ પરતંત્ર બનવું કોઈને વ્હાલું લાગતું નથી, તો ગુલામીની પરતંત્રતા બનાવનારાઓપર પરતંત્ર રહેનારાઓને પ્રેમ ક્યાંથી રહી શકે. પક્ષપાત અન્યાયદુષ્ટકર્મ કરનારાઓ પશુબલથી કીર્તિ પ્રતિષ્ઠા મહત્તા પ્રાપ્ત કરી શકતા નથી.

દારૂપીવાની પ્રવૃત્તિ, વેશ્યાગમન, પરસ્ત્રી ગમન જુગાર, ચોરી વગેરે વ્યસનોના તાબે રહેનારાઓ ભલે પોતાને ચક્રવર્તી જેવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વતંત્ર માને પણ તે વસ્તુતઃ વ્યસનોના ગુલામો છે. દુર્ગુણોના તાબે જેઓ રહે છે તેઓ વસ્તુતઃ ગુલામો છે. ક્રોધ માન માયા લોભવાસના કામદ્રોહ ઇર્ષ્યા વગેરે દોષો જેઓના પર રાજ્ય કરે છે તેવા દાસોને સ્વતંત્રતા સ્વરાજ્યનું સ્વપ્ન છે.

જેઓનો પ્રેમ, સ્વ ઘર, કુટુંબ જાતિ, કોમ દેશધર્મ રાજ્ય, વિશ્વ ખંડમાં અનુક્રમે વ્યાપક થયો છે અને સર્વ વિશ્વ જેઓને પોતાના સમાન ભાસે છે તેઓ આંતરરાજ્ય પ્રાપ્ત કરે છે અને બાહ્યરાજ્ય પ્રાપ્ત કરવાને લાયક બને છે. સર્વવિશ્વમનુષ્યોને જે આત્મસમાન ગણે છે અને તદર્થે આત્મભોગ આપે છે તે વિશ્વદેશનેતા બનવાને લાયક છે. જે ક્ષમા, દયા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, સંતોષ, પરોપકાર, વિનય, લઘુતા, સત્યપ્રેમ, પ્રમાણિકતા, ઉદારભાવ, સ્વાર્થત્યાગ આદિ અનેક ગુણોને ધારણ કરે છે તેજ દેશરાજ્ય ધર્મસંઘનો પ્રમુખનેતા બનવાને લાયક છે, અને તે સ્વરાજ્યને અંતરૂમાં વસ્તુતઃ પ્રગટાવે છે.

બાહ્યરાજ્યાર્થે અને આત્મરાજ્યાર્થે આત્મભોગ આપ્યા વિના છૂટકો થતો નથી. મર્દો સર્વજાતીય શક્તિયોનું સામ્રાજ્ય પ્રાપ્ત કરે છે અને નામર્દો તો ગુલામો બને છે. મર્યા વિના મુક્તિ નથી. મર્યા વિના માળવો નથી. મર્યા વિના સ્વર્ગ નથી. જેઓ મૃત્યુથી બીવે છે તેઓ ગુલામો છે. સદ્‌ગુણોથી સ્વરાજ્ય છે અનેક દુર્ગુણોમાં શયતાનનું રાજ્ય છે. સદ્‌ગુણોથી સ્વર્ગનું રાજ્ય છે અને દુર્ગુણોમાં નરકનું રાજ્ય છે. મોહરૂપ શયતાનનું જેઓ પર રાજ્ય પ્રવર્તે છે તેઓ વસ્તુતઃ ગુલામો છે અને તેઓ અન્ય મનુષ્યોપર સત્યરાજ્ય ક્યાંથી કરી શકે ? મોહરૂપ શયતાનના તાબે રહેનારાઓ સ્વરાજ્ય અને સ્વતંત્રતાને હજારો ગાઉ દૂર ફેંકી દે છે. મોહશયતાનના તાબે રહેનારા પોતાની જાતપર રાજ્ય કરી શકતા નથી તો તેઓ અન્યોપર સત્યરાજ્ય ક્યાંથી કરી શકે ?

જ્યાં આનંદ છે ત્યાં સ્વરાજ્ય છે. જ્યાં રાગદ્વેષ, શોક, કામવાસના, શોક, અસત્ય, ઇર્ષ્યા, દુર્ધ્યાન દુષ્ટવૃત્તિ છે ત્યાં દુઃખ છે, અને તેજ દુઃખ તેજ ગુલામીપણું પરતંત્રતા છે. જ્યાં ધર્મ નથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાં રાજ્ય નથી. જ્યાં જડવસ્તુઓમાટે અધર્મ્યયુદ્ધો મારામારી વિશ્વાસઘાત છે ત્યાં રાજ્ય નથી પણ રાક્ષસરાજ્ય છે.

આત્મજ્ઞાની સ્વરાજ્ય કર્તા ભોક્તા છે અને અજ્ઞાની મોહી ફક્ત સ્વરાજ્યના નામે વિષયોના ગુલામ છે. આત્મરાજ્ય જ્યાં છે ત્યાં ક્ષણે ક્ષણે પરમાનંદની લ્હેરો પ્રગટે છે એવા રાજ્યને ચક્રવર્તિયો અને શહેનશાહો પણ ગુલામીપણું ત્યાગ કર્યા વિના પ્રાપ્ત કરી શકતા નથી, એવા આધ્યાત્મિક સ્વરાજ્યની સ્વતંત્રતાને યોગીઓ, જ્ઞાનીઓ, ત્યાગીઓ, મુનિયો, કર્મયોગીઓ, ભક્તો, સંતો પ્રાપ્ત કરી શકે છે. મ્હારા ત્હારાનો જેઓને ભેદ નથી તેઓ બાહ્યવિશ્વમાં પણ મનુષ્યોના સ્વરાજ્યના નેતાઓ બની શકે છે. જેઓ મંદકષાયવાળા છે વા અકષાયવાળા છે અને સાત્વિક પ્રકૃતિવાળા તથા સાત્વિકજ્ઞાન શક્તિવાળા છે તેઓ રાજ્યના નેતાઓ થવાને લાયક છે. હિંદવાસીઓની ઉન્નતિમાટે કેટલાંક કાવ્યો લખ્યાં છે. તેમાં વિશ્વલોકોમાં શૌર્ય, નિર્ભયતા, ઐક્ય, સત્યપ્રેમ, સત્યશ્રદ્ધા, પરસ્પરોપગ્રહતા, આત્મભોગ, વિવેક, જ્ઞાન, અહિંસા, સત્ય આદિ ગુણો પ્રગટે અને તેઓ સ્વરાજ્ય યોગ્ય બને એવો સદુપદેશ આપ્યો છે. સં. ૧૯૫૧ માં અમોએ હિંદની સ્વતંત્રતા થવાના હેતુઓ લખ્યા છે અને તે જૂની તેવખતની નોટમાં છે. હિંદમાં જન્મેલાઓએ હિંદમાટે સર્વસ્વાર્પણ કરવું જોઇએ, પરંતુ અન્યદેશો પર અને અન્યદેશીયપ્રજાઓપર દ્વેષ ન ધરવો જોઈએ તથા તેઓની સાથે મૈત્રીભાવ ધારણ કરીને વર્તવું જોઇએ. હિંદીઓને બ્રિટીશ રાજ્યના પ્રતાપે અનેક જાતનું શિક્ષણ મળ્યું છે અને તેઓ શાંતિને પામી પોતાની ઉન્નતિના વિચારો શોધવા લાગ્યા છે. હિંદનું ઐક્ય થતાં હિંદમાં આધ્યાત્મિકવ્યાવહારિક સામ્રાજ્ય વિકસશે. બ્રિટીશો પોતાના ગુણોથી સર્વ ખંડમાં પ્રસિદ્ધ થયા છે. જે પ્રજામાં જીવતા ગુણો છે તે પ્રજા સર્વ વિશ્વમાં પ્રસિદ્ધ થાય છે અને જ્યારે ગુણોથી પતિત થાય છે ત્યારે બાહ્યોન્નતિથી પણ પતિત થાય છે. યાવત્ બ્રિટીશ રાજ્યમાં ન્યાય સત્ય સમાનતા છે ત્યાં સુધી તે રાજ્યકર્ત્તા પ્રજા તરીકે જીવશે. બ્રિટીશોએ હિંદમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બ્રિટીશરાજ્ય રાખવું હોય તો તેઓએ હિંદ અને બ્રિટનને સમાનપણે દેખવાં જોઇએ અને સર્વબાબતમાં સમાનતાથી વર્તવું જોઈએ. કાળા અને ગોરાનો ભેદ ન રાખવો જોઇએ. ઇંગ્લાંડના અને હિંદના એક સરખા કાયદા ઘડાવવા જોઈએ અને બન્ને દેશોએ એકાત્મા થૈને વર્તવું જોઈએ. હિંદમાંથી અને બ્રિટનમાંથી દારૂનો વ્યાપાર દૂર કરવો જોઈએ. બન્ને દેશનો એક રાજા હોય અને બન્નેના હક્ક સમાન હોય તો બ્રિટનનો પ્રેમ હિંદ સદા જાળવી શકે અને તેને ઉપયોગી થૈ પડે એ નિઃશંક છે અને તેથી અન્ય રાજ્યોને પણ આદર્શરૂપ તે થાય એમાં કાંઇ આશ્ચર્ય નથી. બ્રિટીશોને હિંદમાંથી ઘણું શિખવાનું છે, અને હિંદીઓને બ્રિટીશોમાંથી ઘણું શિખવાનું છે. પરસ્પર એક બીજાને પોતાના આત્મરૂપે ચાહવા જોઇએ. હિંદીઓ અંતરૂના વ્હાલથી બ્રિટીશોને ચાહે એવી રીતે બ્રિટીશોએ વર્તવું જોઈએ અને હિંદને એક અંશ માત્ર પણ અન્યાય ન કરવો જોઇએ. હિંદની ચઢતીમાં બ્રિટીશની ચડતી છે. હિંદીઓએ સ્વરાજ્યયોગ્યગુણો મેળવવા જોઇએ. ગુણો વિના કોઇનું પણ રાજ્ય ટક્યું નથી અને ટકવાનું નથી. અન્ય પ્રજાઓને જે પોતાની કરી શકે છે તે અન્યપ્રજાઓપર રાજ્ય કરી શકે છે. હિંદને ગુલામ–પરતંત્ર રાખીને કોઈ અન્ય ખંડની પ્રજા ખરેખર હિંદ પ્રજાનો પ્રેમ મેળવી શકે નહીં. અન્ય દેશને ગુલામ પરતંત્ર બનાવીને તથા અન્યાય જુલમ કરીને કોઈ દેશ તેનો પ્રેમ મિત્રભાવ મેળવી શકે નહીં.

હિંદીઓએ બ્રિટીશોનો ઉપકાર માનવો જોઈએ. કારણ કે તેઓના રાજ્યકારોબારથી હિંદનું ઐક્ય થવાનો પ્રસંગ પ્રાપ્ત થયો છે. હિંદ કદાપિ યદિ પૂર્ણસ્વતંત્ર થાય તો પણ તેને બ્રિટીશોની મૈત્રી ન ભૂલવી જોઈએ. હિંદ અધ્યાત્મજ્ઞાની દેશ છે તેણે બ્રિટનની સાથે તેમજ સર્વવિશ્વદેશો સાથે આધ્યાત્મિક સહકાર સર્વદા ધારણ કરવો એમાંજ તેની મહત્તા છે. કદાપિ બ્રિટીશ રાજ્યના નેતાઓ ભેદભાવ ધારણ કરીને અન્યાય દુષ્ટ સ્વાર્થ મોહના વશ થૈ હિંદને પરતંત્ર રાખવાની યુક્તિયોના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાબેદાર થાય તો તેમાં તેઓ પોતાનું ગૌરવ ન્યાય સત્ય ભૂલે અને તેથી તેમના હાથમાંથી ગમે તે કાલે ગમે તે રીતે હિંદ છૂટે એવો કુદરતનો ન્યાય છે એમ જાણી તેઓએ પોતાનું ગૌરવ ન ભૂલવું જોઇએ. તથા હિંદીઓએ પણ બ્રિટીશોસાથેનું ઐકય ન ભૂલવું જોઇએ. પ્રેમૈક્યે વર્તતાં પ્રભુની ભક્તિ પ્રાર્થનાથી આત્મવિશુદ્ધિ કરી બન્ને ઉજ્જવલ શક્તિમય રહી શકે. કોઇપણ દેશે પોતાનું ગૌરવ ન ભૂલવું જોઇએ. અન્યોનું રક્ત રેડવામાં ગૌરવ નથી પણ અન્યોને ઉપકાર-સહાય કરવામાં પોતાનું ગૌરવ છે. અન્યાય જૂલ્મ કરવાથી પોતાની મહત્તાનો નાશ થાય છે. ઇંગ્લાંડ પોતાના દેશના સ્વાર્થમાં હિંદનો સ્વાર્થ કચરીને અન્યાય જૂલ્મ કરે તો તેનો હજારપ્રકારે વિનિપાત કુદ્રતી રીતે થાય તે પ્રમાણે હિંદ વગેરે દેશોનો પણ વિનિપાત થયો છે. હિંદવાસી હિંદુઓએ, જૈનોએ, બૌદ્ધોએ અને મુસલ્માનોએ જે જે અંશે અન્યાય જુલ્મ કર્યો છે તેનું પ્રાયશ્ચિત્ત તેઓને ભોગવવું પડયું છે, તેનો વારો અંગ્રેજોને ન આવે તેમ પ્રભુ પ્રાસે પ્રાર્થના કરવામાં આવે છે. શક્તિ વધતાં કોઇપણ પ્રજા અહંકારી ન બને એમાં આશ્ચર્ય છે. બ્રિટીશોની બાહ્યશસ્ત્રાદિક શક્તિ વધી છે અને તેથી તેઓ ગર્વીષ્ઠ બની હિંદને અન્યાય જુલ્મ ન કરે અને હિંદની સ્વતંત્રતામાં વિઘ્નો ન નાખે તથા હિંદને સહાય કરે એમ પ્રભુને પ્રાર્થના કરવામાં આવે છે અને તેમ ઇચ્છવામાં આવે છે. શસ્ત્રબળથી અન્ય મનુષ્યોનો નાશ કરવામાં દુષ્ટ રાજ્યત્વ છે. કોઇના હ્રદયમાં રાજ્ય કરવાની શક્તિની સારી અસર ન થાય અને ફક્ત દેહપર રાજ્ય કરાય તે સાત્વિક રાજ્ય નથી પણ તમોગુણી રજોગુણી રાજ્ય છે એમ જાણવું. વિશ્વમાં બાહ્યાંતરમાં ગૌણુતાએ તથા મુખ્યતાએ ત્રણ પ્રકૃતિનું રાજ્ય પ્રવર્તે છે. વિશ્વમાં સર્વત્ર એકજ પ્રકૃતિનું સદા રાજ્ય પ્રવર્તતું નથી. પરંતુ ધ્યેય તો સાત્વિકપ્રકૃતિ રાજ્યનું વ્યવહારમાં હોવું જોઇએ અને તદર્થે પ્રવર્તવું જોઇએ. સાત્વિક પ્રકૃતિવાળા મનુષ્યો જ્યાં વિશેષ સંખ્યામાં હોય છે ત્યાં મુખ્યતાએ સાત્વિક રાજ્યવર્તે છે. રજોગુણી અને તમોગુણીપ્રકૃતિવાળા મનુષ્યોનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુખ્યતાએ રાજ્ય પણ તમોગુણી અને રજોગુણી જાણવું. સર્વ-ખંડમાં એશિયાખંડ વિશેષતઃ સત્વગુણી છે અને ત્યાં સર્વ ધર્મોની ઉત્પત્તિ છે. એશિયાખંડમાં પણ ભારત, સર્વદેશ કરતાં વિશેષ સત્વગુણી છે અને ભારતમાં અનેક ઈશ્વરાવતારી મહાત્માઓ, તીર્થંકરો, ઋષયો પ્રગટયા છે અને પ્રકટશે, આર્યાવર્તનાં જૈનશસ્ત્રોમાં, સ્મૃતિયોમાં, ઉપનિષદોમાં, આગમોમાં, વેદોમાં સાત્વિક રાજ્યની નીતિરીતિયોનું ઘણું વર્ણન છે તેમજ આર્યાવર્ત્તમાં વિશેષતઃ સાત્વિકરાજ્યની પ્રવૃત્તિ થઈ છે. હિંદીઓએ પ્રાચીન-કાલથી સાત્વિકસ્વરાજ્યની પ્રવૃત્તિના સંસ્કાર ગ્રહણ કર્યા છે, તેથી તેઓ શત્રુઓનું પણ સ્વગૃહમાં ગમત થતાં મિત્રની પેઠે આતિથ્ય કરે છે. હિંદીઓના ધાર્મિક સાત્વિક આચારોમાં અને વિચારોમાં તેઓનું સ્વરાજ્ય છે. જૈનો જૈનધર્મપ્રમાણે ગૃહસ્થ ધર્મનું પાલન કરે તો તેઓ બાહ્યાંતર સ્વરાજ્યના ભોક્તા બને છે અને જૈનશાસ્ત્રોના આધારે આંતર આત્મિક સ્વરાજ્ય સ્વતંત્રતાની પ્રાપ્તિ કરે છે. ત્યાગીઓ સર્વોત્કૃષ્ટ નિત્ય આત્મરાજ્યના કર્તાઓ છે. સર્વ મનુષ્યો કંઇ આત્મિક સુખના એકદમ નિશ્ચય-વાળા બનતા નથી, તેથી તેઓ ગૃહસ્થાવાસમાં રહીને ક્રમે ક્રમે આત્માના સ્વરાજ્યની દિશામાં ગમન કરે છે. હિંદીઓને સ્વરાજ્ય કરતાં આવડે છે. પશુબલના દુષ્ટપ્રયોગથી સ્વરાજ્ય કરનારાઓ વસ્તુતઃ મનુષ્યોની વિકાસ પામતી ગુણશક્તિ-યોને ગુંગળાવીને મારી નાખે છે. કલિયુગમાં કલિયુગના અનુસારે સ્વરાજ્ય પ્રવૃત્તિ હોય અને સત્યયુગના જેવી સ્વરાજ્ય પ્રવૃત્તિ ન હોય એમ વસ્તુતઃ છે, પરંતુ ધ્યેય તો સત્યકાલીન સ્વરાજ્યના જેવું રાખી પ્રવર્તવું જોઇએ. જ્ઞાનીમનુષ્યોની સત્તાનું સ્વરાજ્ય તે બ્રાહ્મણ રાજ્ય છે. રક્ષણ શક્તિની મુખ્યતાનું રાજ્ય તે ક્ષાત્ર સ્વરાજ્ય છે. વૈશ્યોના ગુણકર્મની મુખ્યતાનું રાજ્ય તે વૈશ્ય સ્વરાજ્ય છે અને સેવકોના ગુણકર્મની મુખ્યતાનું સ્વરાજ્ય તે શૂદ્રસ્વરાજ્ય છે. જ્ઞાન વિના રાજ્ય નથી, શક્તિ વિના રાજ્ય નથી. વ્યાપારકલા કૃષિ વિના સ્વરાજ્ય નથી, સેવા વિના સ્વરાજ્ય નથી. જ્ઞાનાદિ ચારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શક્તિયોના સમુદાયવાળું એક રાજ્ય તે આર્ય મહારાજ્ય છે, એવું પ્રાચીનકાલમાં રાજ્ય પ્રવર્તતું હતું તેની શાસ્ત્રો સાક્ષી પૂરે છે. હિંદવાસીઓની બાહ્ય પડતી અને બાહ્યપરતંત્રતા થવાનું કારણ જાતિભેદ ક્લેશ, ધર્મભેદયુદ્ધ, જન્મભૂમિદ્રોહ, ફાટફુટ, ઇર્ષ્યા, વ્હેમ, અજ્ઞાન, દુર્વ્યસન, દુર્ગુણ અને વિચારાચારમાં રહેલી જડવાદતા છે. ધર્મ ભેદે બૌદ્ધનાં, જૈનોનાં અને હિંદુઓનાં યુદ્ધ થયાં. હિંદુઓનાં અને મુસલમાનોનાં યુદ્ધ અને કુસંપ ક્લેશ તથા પરસ્પરનો દ્રોહ જ પડતીનું કારણ છે. હિંદમાં ચૈતન્યવાદ –આત્મવાદ છે પરંતુ આચારોમાં વિચારોમાં મોહવાદ અર્થાત્ જડવાદની જડતાવૃદ્ધિ પામવાથી આત્મબળ ઘટતાં ઘટતાં ઘણું ઘટી ગયું તેથી હિંદ નબળું પડી ગયું તેથી હિંદીઓ શારીરિક માનશિક બળથી હીન થયા અને તેથી તેઓનું આધ્યાત્મિકબળ ઘણું ઘટી ગયું. તેથી અંગ્રેજોએ હિંદને યુક્તિ પ્રયુક્તિથી સ્વાયત્ત કરી દીધું. હિંદુઓને અને મુસલમાનોને અંગ્રેજોએ સમજાવીને તથા કાયદાના બંધનથી સ્વવશ કર્યા. તેથી પૂર્વકાલીન શક્તિયોનો પરતંત્રતા યોગે હ્રાસ થયો. હવે બ્રિટીશ રાજ્ય શિક્ષણ પ્રતાપે અને દુઃખ દરિદ્રતાથી હિંદ જાગ્રત્ થયું છે તે પોતાની સ્વતંત્રતા માટે મહાસભાઓ ભરે છે, અંગ્રેજોને વિનવે છે, બ્રિટીશોને બન્ને દેશપર એક સમાનભાવે રાજ્યસૂત્રો ચલાવવાને પ્રાર્થે છે. બ્રિટીશો પણ હળવે હળવે હિંદને સ્વરાજ્ય આપવાના વિચારોને અને તેવી પ્રવૃત્તિને અનુસરવા લાગ્યા છે. એટલે હવે હિંદ સ્વરાજ્યનું પ્રભાત તો થઇ ચુકયું છે. હિંદ અન્યદેશોના જેવું બાહ્ય સ્વરાજ્ય પ્રાપ્ત કરે અને જો આધ્યાત્મિક ધર્મ સ્વરાજ્યથી ભ્રષ્ટ થાય તો તેથી તે પુનઃ અધઃપાતને પામે. બાહ્યસ્વરાજ્ય વિનાનું એકલું બાહ્યરાજ્ય લુખું રસહીન અને શયતાનના કબજાનું જાણવું. હિંદમાં આધ્યાત્મજ્ઞાન જેવું છે તેવું અન્યદેશોમાં નથી. હિંદમાંથી જો અધ્યાત્મજ્ઞાન ટળી જાય તો હિંદનો આત્મા ટળી જાય અને પશ્ચાત્ હિંદનું બાહ્ય ખોખું રહે એવું ઇચ્છવા યોગ્ય નથી. અધ્યાત્મજ્ઞાનથી સર્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખંડમાં આર્યદેશ શોભી રહ્યો છે. અધ્યાત્મજ્ઞાનની દૃષ્ટિએ સર્વ દેશોનો ગુરૂ આર્યદેશ છે તથા ધર્મની દૃષ્ટિએ પણ સર્વ દેશોનો ગુરૂ આર્યદેશ છે. હિંદની સાત્વિકભૂમિમાં ધર્મનાં બીજો ઉગ્યા કરે છે અને ઉગશે અને તેનો લાભ સર્વ લોકો પામ્યા છે અને પામશે. હિંદમાં પ્રવર્તતા ધર્મોમાંજ સ્વરાજ્ય ઓતપ્રોત રહેલું છે. પ્રભુ મહાવીરદેવે શ્રાવકધર્મ અને સાધુધર્મમાં બાહ્યાંતર આદર્શ સ્વરાજ્ય અને આદર્શ સ્વાતંત્ર્ય પ્રબોધ્યું છે. ધર્મ વિના સ્વરાજ્ય નથી અને ધર્મ વિના મુક્તિ નથી. ધર્મ વિના સર્વ દેશોનો અધઃપાત છે. ધર્મ વિનાનું સ્વરાજ્ય તે સ્વરાજ્ય નથી. પ્રભુ મહાવીરદેવે સર્વસદ્ વિચારો અને આચારોને ધર્મરૂપ જણાવ્યા છે. ધર્મ વિનાની કષ્ટ કરણી યોગ્ય નથી. પશ્ચિમવાસીઓના અનુકરણથી સ્વધર્મને મૂલતાં સ્વરાજ્ય મળવાનું નથી. નામર્દોને સ્વરાજ્યનો હક્ક નથી. મર્દોને સ્વરાજ્ય ભોગવવાનો હક્ક છે. જેઓ જીવતાં પહેલાં મરી જાણે છે તેઓ સ્વતંત્ર સ્વરાજ્ય કર્તાઓ છે.

પ્રથમ તો દેહ અને મનપર સ્વતંત્ર સ્વરાજ્ય કરવું જોઇએ પશ્ચાત્ ઘરમાં પશ્ચાત્ કુટુંબમાં પશ્ચાત્ જ્ઞાતિપર દેશ એમ અનુક્રમે વધવું જોઇએ. બાહ્યસ્વરાજ્યમાંથી આંતર સ્વરાજ્યમાં જવું જોઇએ.

મહાભારતમાં ભીષ્મપિતામહે પ્રબોધેલ રાજ્ય ઉપદેશ ગ્રહવો જોઇએ. અન્તરાત્મા શ્રી કૃષ્ણની પેઠે આદર્શરાજપુરૂષ થવું જોઇએ એમ ગૃહસ્થો માટે ઉપદેશ છે.

વિષયોના–હાજતોના તાબે પોતે ન થવું જોઇએ પણ પોતાના તાબે વિષયોને કરવા જોઇએ. આત્મબળને પ્રગટાવવાથી સ્વતંત્રાત્મા થાય છે. જેઓ આત્મજ્ઞાન પામ્યા નથી તેઓ પરતંત્ર છે. સ્વતંત્રતા વિનાનું જીવવું તે પશુજીવન છે, ભયનું જીવન તે મૃત્યુ છે. સર્વ પ્રકારના ભયવણ અને આસક્તિ વિનાનું જીવન તે પરમસ્વરાજ્ય જીવન છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિશ્વસંદેશકાવ્યમાં સર્વવિશ્વ દેશીઓને અહિંસા, સંયમ, તપ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, શુદ્ધપ્રેમ, ઐક્ય, આત્મશ્રદ્ધા, ભક્તિ કર્મયોગ વગેરેનું વર્ણન કરી સંદેશો મોકલ્યો છે અને તેમાં વ્યાપકદૃષ્ટિથી વિશ્વવર્તિ સર્વ લોકોની સહકારતા, એકતા અને એકાત્મભાવના વર્તનનો બોધ આપવામાં આવ્યો છે. સર્વ દેશોએ પરસ્પર આત્મભાવથી વર્તવું એમજ જણાવ્યું છે. સર્વવિશ્વમાં રહેનારા મનુષ્યોને આત્મદૃષ્ટિથી દેખવા એ અમારો ધર્મ છે અને તેઓને સર્વ બાબતમાં શુભ ઉપદેશ આપવો એ અમારી ધર્મગુરૂ તરીકેની ફરજ છે. મ્હને સર્વ વિશ્વ સ્વાત્મ સરખું સમભાવે ભાસે છે. હિંદમાં જન્મ થવાથી હિંદીઓને જાગ્રત સ્વતંત્ર શુદ્ધ કરવાનો ઉપદેશ આપવો એ મારી પ્રથમ ફરજ છે. હિંદની સ્વરાજ્યની સલામતીમાં જૈનધર્મ વગેરે ધર્મોની સલામતી છે. હિંદ ધર્મહીન ન બને તે પહેલાં તેમાં જીવનશકિતનો શ્વાસોચ્છવાસ મૂકવાની ફરજ છે. હિંદમાંથી પુદ્ગલ ગ્રહણ કરીને તે પુદ્ગલથી હિંદનું ભલું કરવું એ મારી ફરજ છે. જ્ઞાનીઓએ જીવન્મુકત દશામાં પણ શરીર વાણીવડે લોકોનું કલ્યાણ કરવું એવું પ્રભુનું સૂકત છે. તદનુસારે મ્હેં હિંદને સ્વરાજ્ય સ્વતંત્રતા માટે ગીતો લખ્યાં એ એક કર્તવ્ય છે તેથી કંઇ વિશેષ કર્યું નથી. પાંચે ખંડના દેહધારીઓને સમાનતાથી દેખું છું. હિંદીઓને હિંદમાં પાકેલું અન્ન ન મળે, ભૂખ્યા મરે, વસ્ત્ર ન મળે, તેથી હિંદીઓને પોતાની ભૂમિના અન્ન માટે ઉપદેશ દેવો એ અમારી ફરજ છે. તેમજ અન્યખંડદેશ લોકોને જો હિંદીઓ પીડતા હોય તો તેઓને શિખામણ આપવી એ અમારી ફરજ છે. રાજ્ય વગેરેમાં અન્યાયો જૂલમો અનીતિ પક્ષપાત થતા હોય તો તે ટાળવા ઉપદેશ દેવો અને સર્વમનુષ્યોને સત્યનો બોધ આપવો તે સાધુનું ઐાપદેશિક કર્ત્તવ્ય છે. તે કર્ત્તવ્યને બજાવવામાં પ્રમાદ થાય તો વિશ્વમાં ધર્મ જીવી શકે નહીં. બાહ્ય અને આત્મિક સ્વરાજ્યનું સ્વરૂપ કાવ્યોમાં દર્શાવ્યું છે. મારી આધ્યત્મિક ભાષાએ મ્હેં આત્માને હિંદુસ્તાન, હિંદ–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભારત, આર્યદેશ, એવાં ઉપનામો આપ્યાં છે તથા આત્મારૂપ ભારતને મહાવીર એવું નામ આપ્યું છે. દ્રવ્યગુણપર્યાયરૂપ મહાવીર છે અને આત્માને સર્વ શક્તિ સમૂહરૂપ મહાવીર તરીકે સંબોધીને તેનું ગાન કર્યું છે. તે મારા માટે તેમજ સર્વ લોકોમાટે પ્રગતિ દિશા તરફ ગમન કરવા હિતકર છે. દારૂના ત્યાગ માટે એ કાવ્ય લખ્યાં છે. દારૂ, ચોરી, વ્યભિચાર, જૂઠ, હિંસા, માંસ, કેફીચીજો, જુગાર, વગેરે દુષ્ટવ્યસનોના ત્યાગમાં સ્વરાજ્ય રહેલું છે, પરિગ્રહપરિમાણ, ભોગની વસ્તુઓનો સંક્ષેપ નિયમિતખોરાક, બાલલગ્ન અને વૃદ્ધલગ્નનોત્યાગ, મોહકારક વસ્તુઓમાં નિર્મોહદશા, મોજમઝાનો ત્યાગ, આવક પ્રમાણે વ્યય, મનવાણી અને કાયાની શુદ્ધિમાં સર્વખંડોમાં સ્વરાજ્ય સ્વતંત્રતા છે. જન્મભૂમિનો દ્રોહ ન કરવો જોઇએ. ઇન્દ્રની પદવી મળે તો પણ જન્મભૂમિનો દ્રોહ ન કરવો જોઇએ. કોઇ મસ્તકને ઉડાવી નાખે તોપણ સ્વદેશ જન્મભૂમિનો જ્યારે હિંદીઓ દ્રોહ કરશે નહીં અને પરદેશીઓનો દ્વેષ કરશે નહીં ત્યારે તેઓ સર્વ શક્તિયોને એકઠી કરી તેનો સદુપયોગ કરી આર્યદેશની પ્રખ્યાતિને વિશ્વવ્યાપક કરી શકશે. સ્વદેશી વસ્તુઓને વાપરવી અને પરદેશી વસ્તુઓથી પણ પરતંત્ર ન થવાય એવી દૃષ્ટિએ ઉપયોગ પુરતી વાપરવી તેમ છતાં અન્ય દેશીઓને રોગ, સંકટ, દુષ્કાલમાં સહાય કરવામાં સર્વસ્વાર્પણ કરવું. સર્વખંડોએ પરસ્પર એકબીજાને સહાય કરવી અને પરસ્પરની ઉન્નતિ માટે સહકારી થૈ પ્રવર્તવું. શુભનો સહકાર કરવો અને અશુભનો અસહકાર કરવો. અપેક્ષાએ અમુક દ્રવ્યક્ષેત્ર કાલભાવે પરસ્પર સહકાર ઉપયોગી છે અને અસહકાર પણ ઉપયોગી છે. અસહકાર પણ સહકાર કરવા માટે અને દુર્ગુણોનો તથા નબળાઇને દૂર કરવા માટે સાધનરૂપ છે અને ગુણશક્તિયો પ્રાપ્ત કરવામાં સહકાર પણ સાધનરૂપ છે. પરસ્પર એક બીજામાં રહેલા દુર્ગુણોનો સહકાર ન કરવો પણ એકબીજામાં રહેલા સદ્ગુણોનો સહકાર કરવો. અસહકાર એ શિક્ષારૂપ છે. મનુષ્યોએ જીવનમાં આપ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રાદ્ધિક સહકાર અને અસહકારને સાધન તરીકે વાપરવા જોઈએ અને તે પણ અહિંસાપ્રેમબુદ્ધિથી વાપરવા જોઇએ. સર્વખંડના મનુષ્યોએ મનુષ્યોની સાથે અસહકાર ન કરવો જોઈએ પણ મનુષ્યોના હૃદયમાં રહેલ મોહ શયતાન અને શયતાનનાં કાર્યોનીસાથે અસહકાર કરવો જોઇએ. સર્વખંડના મનુષ્યોએ સહકાર તથા અસહકાર-રૂપ સાધનશસ્ત્રનો દુરૂપયોગ ન કરવો જોઇએ કે જેથી અન્ય-દેશખંડવાસીમનુષ્યોના સદ્‌ગુણો વગેરેનો વિકાસ કરવામાં વિઘ્ન આવે. જેઓના સંગથી જેઓની નબળાઇ પ્રગટે, પરતંત્ર-પણું આવે, દુર્ગુણો વ્યસનો વધે અને હિંસા, જૂઠ, ચોરી, વ્યભિચાર વધે, તથા છેવટે પોતાનો નાશ થાય, તેઓનાથી અ-સહકાર કરવો, તથા જેઓ, દુષ્ટ પાપી હિંસક જૂલ્મી નાસ્તિકોને સુધારી શકે તેઓને તો દુષ્ટપાપીઓની સંગતિ રૂપ સહકાર કરવો તે યોગ્ય છે.

સ્વરાજ્યનો મુખ્ય ઉદ્દેશ સમજવો જોઈએ અને મનુષ્ય-જન્મનો મુખ્ય ઉદ્દેશ સમજવો જોઈએ. સર્વ મનુષ્યોની સુખ-શાંતિની રક્ષા તથા સુખશાંતિ પ્રાપ્તિ એજ સ્વરાજ્યનો ઉદ્દેશ છે અને રાગદ્વેષના ક્ષયપૂર્વકઆત્માની પૂર્ણશુદ્ધિ કરી પૂર્ણાનન્દ પ્રાપ્ત કરવો અને અન્યોને કરાવવો એજ મનુજન્મનો ઉદ્દેશ છે. મનુષ્યજન્મ, આત્માની સિદ્ધિમાં-અનુકુલ થાય એવું બાહ્યસ્વરાજ્ય પ્રવર્તન, ગમે તે કાલે ગમે તે ક્ષેત્રે હોવું જોઇએ અને સ્વરાજ્યની નીતિયો સર્વસત્ર વિશ્વમાં વ્યાપકભાવે પ્રગટાવવી જોઈએ અને એ દૃષ્ટિએ સર્વવિશ્વદેશોમાં એકસરખું સ્વાતંત્ર્યયુક્તસ્વરાજ્ય હોવું જોઈએ એમ સર્વવિશ્વ મનુષ્યોનો નિષ્પક્ષપાતદૃષ્ટિએ એક સરખો અનુભવ પ્રગટે એ બનવા યોગ્ય છે અને એવી દૃષ્ટિના આદર્શ ધ્યેયમાં સર્વવિશ્વમાં સ્વરાજ્યની વ્યવસ્થા હોવી જોઇએ. ભવિષ્યમાં એ દૃષ્ટિએ સુધારાઓની પ્રગતિ અવશ્ય થશે.

રાજા, રાજ્યનો પ્રમુખ વા અન્યસત્તાધિકારીઓ, કે જે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, અને શૂદ્રના ગુણ કર્મયુક્ત છે, તેઓએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સ્વદેશીલોકોની ઉન્નતિ કરવી, પરંતુ પરદેશીઓની નબળાઇનો લાભ લેઇ તેઓનો નાશ ન કરવો પરંતુ તેઓને સહાય આપી સમાન સ્વાતંત્ર્ય ભાગીદાર બનાવવા.**

સમાન ગુણશકિત સ્થિતિવાળા દેશોની મૈત્રી બને છે, માટે નિર્બલ દેશોએ નિર્ભય બની સર્વસ્વાર્પણ કરી ન્યાયસત્યમાટે જીવી સમાનશકિતગુણયુકતસ્વરાજ્ય સ્વાતંત્ર્ય ગ્રહી મૈત્રીભાવ જાળવવો જોઇએ. સ્વરાજ્યની ઇચ્છા કરનારા વિશ્વમનુષ્યો !!! તમો દયાવંત મધ્યસ્થ બનો. મનુષ્યોની દયા કરો. અને તેઓનાં દુ:ખો ટાળો. ભૂખ્યાંઓને ખાવા આપો. દુ:ખીઓનાં અશ્રુઓ લ્હુવો. અન્યાય જુલ્મથી મનુષ્યો વગેરેનાં ગળાં ન કાપો. દયાસમાન સ્વરાજ્ય વા સ્વધર્મ નથી પ્રભુની મહેરબાની ઈચ્છતા હોવ તો અશકત ગરીબોપર દયા કરો. દયા છે ત્યાંજ પ્રભુ છે. શુદ્ધપ્રેમ જે હૃદયમાં છે ત્યાંજ પ્રભુ છે. કોઇને હણો નહીં, મારો નહીં, સંતાપો નહીં, કોઇને પીડો નહીં સત્તા, ધન, અને માન, પ્રતિષ્ઠા કરતાં અન્યજીવોની દયામાં આત્મગૌરવ માનો. ગામમાં, શહેરમાં, દેશમાં; ઘરમાં, વનમાં કોઇના હૃદયનો પોકાર રૂદન, શ્રવણ, કરી તેની વ્હારે ધાઓ, એજ તમારો સત્યધર્મ છે અન્યાય થતા અટકાવો, હિંસા થતી અટકાવો, ચોરીઓ થતી અટકાવો, જુલ્મો થતા અટકાવો, અન્યોને પ્રાણસમાનગણીને અન્યોને બચાવો, રોગના વખતમાં રોગીઓને બચાવવા જે બને તે કરો, દુષ્કાલના વખતમાં દુષ્કાલપીડિતમનુષ્યોની રક્ષા કરો. મદત માગે તેને મદત આપો. નિર્દયી જૂઠામનુષ્યોના હાથે પીડાતા લોકોને અને પશુપંખીઓને બચાવો. નાહક રકતપાતકરનારાં યુદ્ધો થતાં અટકાવો. નકામી મોટાઇ, કીર્તિની લાલચે અન્યમનુષ્યોને છેતરો નહીં. વૈરીઓને પણ સહાય કરો. શત્રુઓને સુધારો અને સુધરવાનો વખત આપો. ક્રોધમાનમાયાલોભના તાબે થે પાપકર્મોમાં પ્રવૃત્તિ ન કરો. દયા સત્ય અને શુદ્ધપ્રેમમાંજ સત્ય સ્વતંત્રતા સુખ અને સ્વરાજ્ય છે, એમ સમજી શુભકર્મો કરો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વ જીવોનું ભલું કરવામાં સ્વરાજ્ય, સર્વ લોકોના હૃદયમાંજ છે. સર્વવિશ્વના લોકો!! તમારા માટે વિશ્વસંદેશ લખી મોકલ્યો છે. તે વાંચીને તથા શ્રવણ કરીને સર્વ લોકોને સુખશાંતિ મળે એવાં પારમાર્થિક કાર્યો કરો. હે સત્તાધિકારીઓ !!! તમો તમને મળેલી સત્તાનો દુરૂપયોગ ન કરો. હૃદયમાં પરમેશ્વરને રાખી વર્તો. હે રાજાઓ !!! તમે રાજ્યમદથી અંધ બની પ્રજાઓને અનેક રીતે ન પીડો અને પ્રજાના હિતસ્વી બની રાત્રી દિવસ સર્વ લોકોના હિત માટે પ્રવૃત્તિ કરો. અન્યાય, જૂલ્મ, દંભ, હિંસા, જૂઠ, વગેરે પાપકર્મોથી દૂર રહો અને પાપકર્મોને વારો. હે ધનવંતો !!! તમારા ધનનો સદુપયોગ કરો અન્યોના ભલામાટે ધન વાપરો. કૃપણ ન બનો, અન્યોનાં દુઃખ દેખી બેસી ન રહો, ધાન્યના ભંડારોને લોકોના હિતાર્થે વાપરો. પશુઓની અને પંખીઓના કત્લ ન થાય તેવા ઉપાયો યોજો. હે યુરોપ !!! તું નીતિ ન્યાય પરમાર્થ માર્ગમાં ગમન કર. હે એશિયા !!! ત્હારા ધર્મને સ્મરણ કર અને આત્મબલ પુનઃ જગાવ હે આફ્રિકાદેશ !!! ત્હારૂં જંગલીપણું દૂર કર અને જ્ઞાનસત્યે સ્વાતંત્ર્યના પ્રકાશને ગ્રહણ કર. હે અમેરિકા !!! ત્હારી ખીલતી બાહ્યશકિતયોને નિષ્પક્ષપાતપણે સર્વ વિશ્વની સ્વાતંત્ર્ય રક્ષામાટે વાપર. તથા જાતિમોહ અને વિષયભોગ મોહથી પાછું હઠ અને અધ્યાત્મ જ્ઞાનને પામ. હે આસ્ટ્રેલિયા ! સત્યનો સંગી બન. આત્મજ્ઞાન અને સત્યને પામ. હે ભારત !! સર્વલોકોને અધ્યાત્મજ્ઞાનબળ આપ. ભારત ! ! ! ત્હારાં સર્વ પ્રજાકીય અંગોમાં સત્વ, સત્ય, નિર્ભયતા, એકતા અને શુદ્ધપ્રેમ વિકસાવ. મરવામાં દેહાસકિતને ભૂલ. હે ભારત ! ! ! ત્હારા સંતાનોમાંથી ફાટફૂટ, દ્રોહ, ઈર્ષ્યાને દૂર કર. હે ભારત ! સર્વખંડોના મસ્તક !! ત્હારી શકિતયોવડે જીવ અને અન્યદેશોને માટે આદર્શભૂત થા. હે હિંદ !!! સર્વ પ્રકારની ભીતિનો ત્યાગ કર હે ભારત ! કોઈની પાસે સ્વરાજ્ય-સ્વતંત્રતાની ભીક્ષા ન માગ, તું ત્હારામાં થએલા દેવોના આદર્શને ગ્રહણ કરી વર્ત !!! સ્વરાજ્ય-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાદીને ભીખ માગવાની હોય નહીં. ભીખનો ટુકડો સદાકાલ રહે નહીં. ત્હારી યોગ્યશકિતયોને રોમે રોમે ખીલવી યોગ્ય થા. હે ભારત !!! આત્મઘાતી કદાપિ ન બન. પોતાના હાથે પોતાના પગપર કુહાડો ન માર. વિશ્વના શાંતિના શ્વાસનું તું હૃદય છે. ત્હારી શાંતિ સ્વતંત્રતામાં સર્વ વિશ્વની ઉન્નતિ છે અને તે ભવિષ્યમાં ત્હારાથી પ્રકાશશે સર્વવિશ્વને ત્હારી પાસેથી ભવિષ્યમા ઘણો ઉપગ્રહ પ્રાપ્ત થશે. હે ભારત !! ત્હારા આત્મજ્ઞાનપ્રભુતાના ભરેલા સંતોથી સર્વવિશ્વને ભવિષ્યમાં અત્યંત અધ્યાત્મશાંતિ મળશે. હે ભારતીય લોકો !!! તમે હિંદુ તથા મુસલમાન આદિ ધર્મજાતિયોવાળા પરસ્પર એકબીજાના આત્માને દેખી આત્મપ્રેમે વર્તો અને ભારતની સ્વતંત્રતામાં એકાત્મા બની વર્તો. ધર્મમતભેદોથી ક્લેશ ઝઘડા વૈરવિરોધ થતા વારો અને સર્વવિશ્વમાં ઐક્ય પ્રવર્તાવવા તમારો હિસ્સો આપો.

પૃથ્વી, ધન, સત્તા, વગેરે કોઈની સાથે જનાર નથી. અસંખ્ય મનુષ્યો થયા, થાય છે અને થશે પણ પૃથ્વી લક્ષ્મીને કોઈ પોતાની સાથે લેઇ ગયા નથી અને લેઇ જશે પણ નહિં છતાં અજ્ઞાની મોહામનુષ્યો સ્વપ્ન જેવી ક્ષણિક જીંદગીને માટે કરોડો પાપો અન્યાયો કરે છે તે શોચનીય છે. હે મનુષ્યો !!! ચેતો. હે રાજાઓ !!! ચેતો અને સત્યરાજ્ય કરવા અપ્રમાદી બનો. જો તમે સત્યને ભૂલશો તો મનુષ્ય જન્મ હારી જશો. મર્યાબાદ તમારી સાથે પુણ્ય અને પાપ આવશે. દેશભકિત મોહર્થને રાજ્યમોહથી અન્યાય પક્ષપાત કરી સત્ય ન્યાયનો ઘાત ન કરો. સ્વસ્વાર્થ ખાતર અન્યલોકોને રીબાવીને દુઃખી ન કરો. શા માટે અમૂલ્ય માનવ ભવને હારો છો ? સત્ય ન્યાય અને દયા પ્રેમથી આત્માની શુદ્ધિ કરી પ્રભુના ભકતો બનો. ઉદાર આશયોને ગ્રહો, જ્ઞાનને ગ્રહો. પવિત્ર હૃદય રાખો. એક ક્ષણ માત્ર પણ શયતાનને હૃદયમાં ન રહેવા દો. દેહમાં રહીને પોતાના આત્માની શુદ્ધિ કરો. ઘરની શુદ્ધ કરો. જ્ઞાતિની શુદ્ધિ કરો. દેશની રાજ્યની અને સંઘની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શુદ્ધિ કરો, લઘુતા અને સરલતાથી તથા મુક્તિભાવથી સર્વત્ર વર્તો. દેશરાજ્ય સંઘનો વિશ્વાસઘાત ન કરો. શુદ્ધબુદ્ધ રાખો. અન્યદેશની પરતંત્રતા કરવામાં તમારૂં વીર્ય ન વાપરો. પોતાના સમાન અન્યોને સ્વતંત્ર સ્વરાજ્ય કર્તા બનાવો અલ્પકાલમાટે અપકીર્તિ ન વ્હોરી લો! તમારો અધિકાર પવિત્ર હૃદયથી બજાવો.

મનુષ્યજાતિમાં શરીર વર્ણભેદે અને દેશાદિભેદે મોહભેદભાવ ન રાખો અને સર્વવિશ્વવર્તિમનુષ્યોના ભલામાં ભાગ લ્યો. સર્વવિશ્વની સેવા કરનાર અંતે સર્વમનુષ્યોના હૃદયોનો સ્વામી બને છે. તમો પ્રથમ સેવક બનો અને યથાશક્તિ સર્વજીવોના ભલાની પ્રવૃત્તિ કરો. નિષ્કામભાવે પરમાત્મામાં મન ધારણ કરીને વિશ્વલોકોનાં હિતકારક કાર્યોને તન મન ધનથી કરો. દુષ્ટ દારૂ વ્યભિચાર વગેરે વ્યસનોથી વિશ્વને મુક્ત કરવા પ્રયત્ન કરો. જ્ઞાનીઓની સંગતિ કરો. સર્વ ધર્મની ખાનિભૂત હિંદ!!! હવે ત્હારાવડે સર્વ વિશ્વને લાભ આપી શકાય એવો સુવર્ણ સમય ત્હને પ્રાપ્ત થવાનો છે. બ્રિટીશ રાજ્યની કેળવણીથી સ્વતંત્ર સ્વરાજ્ય પ્રાપ્ત કરવાની ત્હને બુદ્ધિ સૂઝી છે. હિંદ!! તું બ્રિટીશ રાજ્યનો સ્વપ્નમાં પણ દ્રોહ ન કર અને સ્વરાજ્ય પ્રાપ્ત કરવામાં સર્વ સ્વાર્પણ કર!!! બ્રિટીશ રાજ્યના અમુક સંયોગે ત્હારૂં ઐક્ય પૂર્ણ ખીલશે, અને તે ખીલવા લાગ્યું છે. કોઈનું બૂરૂં ન ચિંતવ. સર્વમાંથી સત્ય સારૂં ગ્રહણ કર અને સર્વને સત્ય સારૂં સમર્પણ કર. હે હિન્દ!!! સ્વતંત્રતાનો ન્યાયી સત્ય યોગ્ય આત્મજુસ્સો પ્રગટાવ એટલે સ્વયમેવ અશક્તિકારક બંધનો ત્રટાક દેઇને ત્રુટી જશે. ત્હારા માટે બીજાની આશા ન રાખ. પોતાનામાટે પોતે મરી મથી પોતાનો ઉદ્ધાર કર. કોઈ મનાવવા આવનાર નથી માટે રીસાઇશ નહીં અને રોઇશ નહીં. પુરૂષ થા. કાયરતા સંહાર.

હે આર્યભારત!!! અન્યપર વિશ્વાસ રાખી બેસી રહે નહિ. અન્ય દેશનો પોતાનાપર અન્યાય જૂલ્મ થાય તેનો વિચાર કર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હજારો ગાઉથી અન્યદેશીયો આવીને કોઇ દેશનું રાજ્ય કરે એ કંઈ પરમાર્થમાટે હોઇ શકે નહીં. સર્વદેશીયલોકો પ્રાયઃ પોતાના દેશનું પહેલું પેટ ભરીને પછીથી બીજાનું પેટ ભરવાનો વિચાર કરે, એમ જ્યાં સુધી ક્રોધમાન માયા લોભ કામાદિ કષાયોવાળા લોકો છે ત્યાં સુધી વિશ્વમાં બન્યું છે અને બનવાનું છે. ગાયો અને ભેંસોને લોકો પાળે છે પરંતુ પોતે તેઓને દોહીને પશ્ચાત્ તેઓના વાછરડાઓને ધાવવા દે છે એવું કલિયુગમાં કુદ્રતીરીત જ્યાં ત્યાં બન્યા કરે છે, તેથી સર્વ દેશીય મનુષ્યો સ્વસ્વ દેશહિતાર્થે સ્વસ્રાજ્ય સ્વાતંત્ર્ય ઈચ્છે તે ન્યાય્ય છે, એમા તે કંઈ અન્યદેશીપ્રજાનો દ્રોહદ્વેષ કરતા નથી. ઇંગ્લાંડપર માનો કે અન્યપ્રજા આક્રમણ કરે અને ઈંગ્લાંડને પરતંત્ર બનાવી તેઓનું સર્વ કંઇ ચૂસી લે તે વખતે ઈંગ્લાંડના લોકો ભૂખે મરે, દુઃખી થાય, તેથી ઈંગ્લાંડના લોકો સ્વદેશ રાજ્ય સંપાદન કરવા માટે અન્ય રાજ્યની સાથે અસહકાર કરે, બંધનથી મુક્ત થવાના અનેક ઉપાયો કરે તેથી કંઇ ઈંગ્લાંડની પ્રજા રાજ્ય દ્રોહી ઠરે નહીં. અમેરિકાએ સ્વરાજ્ય પ્રાપ્ત કરવા સ્વબળથી પોતાનું રક્ષણ કર્યું તેમાં કંઇ રાજ્યદ્રોહ કહેવાય નહીં તેમ ભારતના સ્વરાજ્ય માટે હિંદીઓ, ન્યાયપૂર્વક સ્વરાજ્ય હિલચાલ કરે તેમાં રાજ્યદ્રોહ નથી પરંતુ સ્વદેશ ભકિત કહેવાય.

બ્રિટીશોએ હિંદપર રાજ્ય કરવું હોય તો ઈંગ્લાંડના લોકોના સરખા હિંદીઓને સમાનતાના હક્ક આપવા જોઇએ. ડાબી અને જમણી આંખની પેઠે બન્ને દેશપર એક સરખી કાયદાની પદ્ધતિ વ્યવસ્થા હોય તોજ તેઓ હિંદને પ્રેમથી પોતાના બંધુ તરીકે ઐકયની ગ્રન્થિએ જોડી શકશે. હિંદીઓએ પ્રથમ પરસ્પર સંપ અને વ્યવસ્થિત બળથી ઐકય સાધવું જોઈએ

પશુઓ વગેરેની રક્ષા કરવી અને પોતાના દેશનું શિક્ષણ આપવું તથા પરદેશી વસ્તુઓનો મોહ પરિહરવો તથા સ્વાશ્રયી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બનવું, એટલું કરતાં અર્ધરાજ્યની પ્રાપ્તિ થાય છે, તથા કોર્ટોમાં કેશો ન ચૂકવતાં ઘર પેઠે અથવા ધર્મગુરૂની મારફત ચૂકાવવા. દારૂ અફીણ વ્યભિચાર વગેરે વ્યસનોનો ત્યાગ કરતાં અર્ધ-રાજ્યની તો પ્રાપ્તિ થાય છે. હિંદુસ્થાનમાં દરરોજ ત્રણ કરોઠ મનુષ્યો ભૂખ્યાં રહે છે, પ્લેગ વગેરે મહારોગો પ્રસંગે લાખો મનુષ્યો મરી જાય છે, તેઓને ભૂખ રોગાદિકથી બચાવવામાં સ્વરાજ્યની યોગ્યતા પ્રાપ્ત થવાની છે એમ દરેક મનુષ્યે સમજવું.

હિંદીઓમાંથી શારીરિક બલ નષ્ટ થતું જાય છે અને તેથી માનસિક બલ પણ નષ્ટ થાય છે. બાલલગ્નના પશુ યજ્ઞોથી લાખો કરોડો મનુષ્યોનો સંહાર થાય છે. વૃદ્ધ લગ્નથી દેશની પડતી ઘણી ઝડપથી થાય છે એવા દુષ્ટ રીવાજોથી સ્વદેશીઓને પ્રથમ બચાવવા જોઇએ. જંગલીમાં જંગલી પાવતીંય એક પણ મનુષ્ય, સ્વરાજ્ય સ્વાતંત્ર્યશિક્ષણની ઉપયોગિતા જાણે એવી રીતે જ્યારે ભારત દેશમાં જ્ઞાનનો પ્રચાર થશે ત્યારે આપો આપ હિંદ સ્વતંત્ર થશે. હિંદુઓની અને મુસલમાનોની એકતા ટકવા માટે જ્ઞાનની અને સંપની જરૂર છે, તથા બન્નેને રાષ્ટ્રીય કેળવણીની જરૂર છે. અન્યદેશીય લોકોના જેવું હિંદે વ્યવસ્થાબળ પ્રાપ્ત કરવું જોઇએ. હિંદમાં જો સર્વપ્રકારનું વ્યવસ્થાબળ એકઠું થાય તો તે સર્વદેશોનુ મિત્ર બની શકે. હિંદમાં ફૂટ થાય છે તેના નામે ફૂટ ન થાય તો સ્વરાજ્ય દૂર નથી.

હિંદીઓ !!! જો તમે વ્યવસ્થાબળથી પુરૂષાર્થ કરો તો સેંકડો વર્ષપર જે કાર્ય થનાર હોય તેને અલ્પ દિવસમાં કરી શકો. જેટલું તપ કરશો અને જેટલા પ્રમાણમ જૈન ( અજ્ઞાન મોહને જીતનાર ) થશો તેટલા પ્રમાણમાં બાહ્યાંતર સ્વરાજ્ય સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરી શકશો. એક કરોળીયાએ એકવીસવાર જાળ બાંધી તેમાં બધી ત્રુટી ગઇ છતા તે છેવટે ઝાળ બાંધવા ફતેહમંદ થયો. યુરોપદેશની પ્રજા કરોળીયાની પેઠે કાર્ય કરનારી છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હિંદીઓ પણ તેવો પુરૂષાર્થ કરે અને જૈનત્વ ખીલવેતો તેઓ સર્વકાર્યમાં જય મેળવી શકે. હિંદુસ્થાનનાં સર્વલોકોનું મનવાણી કાયાથી જે દિવસે-સ્વરાજ્ય પ્રાપ્તિ માટે ઐક્ય થશે. તેના બીજા દિવસે પૂર્ણ સ્વતંત્રસ્વરાજ્ય છે. આત્મવિશ્વાસ રાખો. પુરૂષાર્થ કરો. સમુદ્રને ઉલ્લેચવા જેમ ટીટોડીએ સંકલ્પ પુરૂષાર્થ કર્યો હતો તેવો આત્મશ્રદ્ધા રાખીને તપતપી પુરૂષાર્થ કરો. ધર્મભ્રષ્ટ બની બાહ્યસ્વરાજ્યથી ભ્રષ્ટ ન થાઓ. પૂર્વકાલીન ધાર્મિક સત્ય વિચારોમાં અને સદાચારોમાં બાહ્યસ્વરાજ્ય અને આંતર આધ્યાત્મિક સ્વરાજ્ય છે એવી પૂર્ણશ્રદ્ધા રાખી પ્રવર્તો! ભક્તિ, જ્ઞાન અને નિષ્કામ કર્મયોગ જ્યાં છે ત્યાં સત્ય સ્વતંત્રતા છે. અન્યથા સ્વચ્છંદતા પશુવિલાસ છે એમ જાણીને અપ્રમત્ત બનો. જન્મીને મનુષ્યભવને સફલ કરો. જેટલું બને તેટલું અન્ય જીવોનું ભલું કરો. ધર્મ વિનાનું રાજ્ય તે અધર્મરાજ્ય છે. ધર્મપૂર્વકરાજ્યપ્રવૃત્તિ હોવી જોઇએ.

ચારે વર્ણની સમાનતાથી ચાલનાર સ્વરાજ્યનો નાશ થતો નથી. શરીરમાં મગજ, હૃદય, હસ્ત, પેટ, અને પગ એ અંગોવડે જેમ જીવાય છે તેમ જે રાજ્યમાં વિદ્વાનો, યોદ્ધાઓ, કારીગર વેપારી ખેડુતો, અને કામદાર નોકરો, એ ચારે વર્ણો મળીને રાજકીય વ્યવહાર ચલાવે છે તે રાજ્યની સદા ચડતી થયા કરે છે. ચારે વર્ગો પકી એક વર્ગ પ્રબલ થૈ પડે છે તો રાજ્યમાં અવ્યવસ્થા દુઃખ યુદ્ધ પ્રગટી નીકળે છે. જ્ઞાનીઓના-વિદ્વાનોના વિચારોવડે રાજ્ય ચાલવું જોઇએ. યોદ્ધાઓવડે સંરક્ષાવું, જોઇએ; વ્યાપારીઓ અને ખેડુતો કારીગરોવડે પોષાવું જોઇએ. નોકર સેવક મજુરો વડે રાજ્યની સેવા થવી જોઇએ. આર્યાવર્તમાં પૂર્વે ચારે વર્ણવર્ગની સલાહથી આર્ય રાજાઓ રાજ્ય કરતા હતા. રાજ્યના હાથમાં વ્યાપારની સત્તા ન હોવી જોઇએ " રાજા વેપારી ત્યાં પ્રજા ભીખારી " ચારે વર્ગ પૈકી એક પણ વર્ગ, હીન ન થવો જોઇએ તેમ એક હથ્થુ સત્તાવાળો ન થવા જોઇએ તોજ સ્વરાજ્યમાં શાંતિસુખ વર્તી રહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્વે હિંદમાં ચાલતું આર્યરાજ્ય, ચારે વર્ણને ઉપયોગી થતું હતું. ચારે વર્ણનું પોષણ સારી રીતે થતું હતું. રાજાઓનું પોતાના પ્રમાણમાં ક્ષેત્રો વગેરેની ઉપજથી પોષણ થતું હતું ખેડુતો જમીનના ખેતરના માલીક રહેતા હતા અને અનાજમાંથો રાજાને અમુક ભાગ આપતા હતા. બાકીના ક્ષત્રિયોને પણ ખેતર જમીનમાંથી ભાગ મળતો હતો. ક્ષત્રિયોને ક્ષેત્રો મળતાં હતાં તેઓ યુદ્ધ વખતે હાજર રહેતા હતા. વ્યાપારીઓ વ્યાપાર કરતા હતા. ખેડૂતો ખેતી કરતા હતા, તેમાંથી બ્રાહ્મણ, હજાર, સુતાર, લુહાર, અંત્યજ વગેરેને અમુક ભાગ મળતો હતો. વસવાયાં વગેરે સેવક વર્ગનું વ્યવસ્થિત રીતે પોષણ થતું હતું, તેથી રૂશિયાના બોલ્શેવિઝમની જેવી ઉત્પત્તિનો અવકાશ રહેતોજ નહોતો. જૈન હિંદુશાસ્ત્રોને અવલોકવાથી માલુમ પડશે કે ચારે વર્ગનું સારી રીતે વ્યવસ્થાસર પોષણ થાય એવો ભારતમાં આર્યસામ્યવાદ પ્રવર્તતો હતો, તેથી ચારેવર્ણ પૈકી અમુકવર્ણની પ્રબલસત્તા વર્તી શકતી નહોતી અને તેથી ચારેવર્ણો શાંતિથો આધ્યાત્મિક સ્વરાજ્યરૂદ્ધ રાપ્રભુપદ પામવા પ્રયત્ન કરતી હતી અને ત્યાગી મહાત્માઓની સંગતિ કરી આત્માનંદનો રસ લેતી હતી. રાજાઓને પણ નિઃસ્પૃહતાથી ત્યાગી મુનિઋષિયો સત્ય શિખામણો આપી શકતા હતા. રાજાઓ અને ચારેવર્ણો, ભક્તિભાવથી ત્યાગી મહાત્માઓના ઉપદેશને શ્રવણ કરતી હતી ત્યાગીમુનિયોને ધન અને સ્રીની જરૂર હોતી નથી, તેથી તેઓ નિભયતાથા નિઃસ્પૃહતાથી રાજાઓ વગેરે સર્વને વીતરાગભાવે ધર્મનો સત્ય ઉપદેશ આપતા હતા, એવી રીતે પૂર્વે આર્યરાજ્યો પ્રવર્તતાં હતા.

સર્વજાતીય પ્રજામાં વિદ્યાજ્ઞાનનો સર્વત્ર ફેલાવો કરો. પ્રજાસત્તાકરાષ્ટ્રીયશાળાઓવડે જંગલીમાં જંગલી મનુષ્યોને કેળવવા કાચી કેરી ખાટી હોય છે તેવું સંપૂર્ણ ગુણો વિનાનું સ્વરાજ્ય ખાટુ છે પણ મીઠું નથી એમ જાણો. પરમેશ્વર કદાપિ સ્વરાજ્ય આપે તો પણ ગુણોની લાયકાત મેળવ્યા વિના સ્વરાજ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટકતું નથી, માટે હિંદના દરેક મનુષ્યને જ્ઞાનવિદ્યાથી કેળવીને ગુણોવડે લાયક બનાવો. ઈંગ્લાંડ, ફ્રાન્સ., જર્મની અને અમેરિકા વગેરે દેશોમાં સ્વરાજ્ય છે તો પણ ત્યાં આંતરશાંતિ સુખ નથી. ત્યાં મુંડીશાહી અને નોકરશાહીનો ઉંડો ભેદ થયો છે ત્યાં કેળવણી છે પરંતુ ત્યાં કેળવણીથી શાંતિ નથી, તેમજ ત્યાં ચારે વર્ગની સલાહથી રાજ્ય જે પ્રમાણમાં જોઈએ તે પ્રમાણમાં પ્રવર્તતું નથી, તથા ત્યાં અધ્યાત્મજ્ઞાન નથી. ત્યાં જડભોગોથી સુખ મળે છે એવી પ્રાયઃ મુખ્યજડવાદી માન્યતા છે, તેથી આર્યાવર્તના ચૈતન્યવાદની દૃષ્ટિએ યુરોપ અઢી વર્ષના બાળક જેવું છે આર્યાવર્તમાં અધ્યાત્મજ્ઞાનરાજ્યની પ્રાપ્તિ તેજ મુખ્યાદર્શ ધ્યેય છે અને બાહ્યસ્વરાજ્યતો ગૌણાદર્શ ધ્યેય તરીકે સદા પ્રવર્તે છે. જ્યારે આર્યજ્ઞાની આત્મામાં-આત્મજ્ઞાનમાં ઉંડા ઉતરી જાય છે ત્યારે યુરોપીયનવિદ્વાન્, જડશોધમાં ઉંડા ઉતરી જાય છે. બન્ને જ્ઞાનીને સ્વતંત્રતા એક સરખી વ્હાલી હોય છે પરંતુ યુરોપીયજ્ઞાની, જડવાદની દૃષ્ટિએ સ્વતંત્રતાના વિચારો અને કર્મો માને છે, ત્યારે આર્યજ્ઞાની ચૈતન્ય-વાદદૃષ્ટિએ સ્વરાજ્ય સ્વતંત્રતાનો ખ્યાલ વિચાર અને પ્રવૃત્તિ કરે છે. હિંદુઓ !!! બાહ્ય રાજ્ય અને આત્મરાજ્યયજ્ઞમાં નિષ્કામભાવે હોમાઇ જાઓ. પ્યારામાંપ્યારી કાય, માલસત્તાદિક વસ્તુઓની કુર્બાની કરીને આત્માની શક્તિયોને વિકસાવો ઉત્સાહ, પુરૂષાર્થ, ખંત અને આત્મભોગથી સ્વરાજ્ય સ્વ હૃદયની પાસે છે વિશ્વસં-દેશનો સર્વદેશીયમનુષ્યોએ સ્વસ્વદેશભાષામાં તરજુમો કરીને તેને સર્વવિશ્વમાં પહોંચાડશો એમ નિવેદન કરવામાં આવે છે. સંવત્ ૧૯૫૦ ની સાલમાં હિંદમાં સ્વરાજ્ય કયારે થશે એવો એક લેખ નાટબુકમાં તે વખતે લખ્યો હતો તે સમય હવે નજીક આવતો જાય છે. સ્વરાજ્ય પ્રાપ્ત કરવાની પાંચ ભૂમિકાઓ પૈકી હિંદ બીજી ભૂમિકાને ઉલ્લંઘી ત્રીજી ભૂમિ-કામાં પ્રવેશ કરશે. ચોથી અને પાંચમી ભૂમિકા વખત આવે લોકો જાણી શકશે. હિંદમાં રાજ્યકીય ચળવળ ચલાવનાર રાનાડે દાદાભાઈ, તિલક, સુરેન્દ્રનાથ બેનરજી, ગોખલે, વાંછા, ફીરોજ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાહ મહેતા, સ્વામી વિવેકાનંદ, મદન મોહન માળવિયા, દાસ, અરવિંદ ઘોષ, લાલાલજપતરાય, બીપીનચંદ્રપાલ, જીણા અને અહિંસાત્મક અસહકારવાદી મુખ્ય ગાંધી, વિઠલભાઈ પટેલ, વગેરે નેતાઓ છે. તિલક વગેરે હાલ નથી. હાલ હિંદમાં ગાંધીજી, મહમદઅલી, શૌકતઅલી, લાલાલજપતરાય, દાસ, માળવીયા વગેરે ગૃહસ્થો સ્વરાજકીય ચળવળના આગેવાનો છે. નાયકોને હવે ખરી કસોટીનો તપ કરવાનો વખત આવનાર છે. હિંદ સહકાર અને અસહકાર એમ બે પક્ષમાં વ્હેંચાઇ ગયું છે. બન્નેનું ધ્યેય સ્વરાજ્ય પ્રાપ્તિ છે. માર્ગો જુદા છે. લક્ષ્ય એક છે. બાહ્યરાજ્યમાં નીતિ ન્યાય અને અહિંસાત્મક પ્રવૃત્તિની શિખામણ આપવી એ મારી ફરજ છે અને આત્મક અધ્યાત્મસ્વરાજ્યનો ઉપદેશ દેવો એ મારો હક્ક છે. એવી ફર્જને અનુસરી ત્યાગીદશામાં સત્યોપદેશ સમભાવે આપ્યો છે. બાહ્યરાજ્યદષ્ટિએ સહકાર અને અસહકારના ત્યાગવાળું મારૂં કર્તવ્ય જીવન છે. પરંતુ આત્માના ગુણો માટે ઉપદેશ દૃષ્ટિએ અપેક્ષાએ સહકાર ઉત્સર્ગથી અને અપવાદે અસહકાર દયામય હોવો જોઇએ, એવું સ્વાપેક્ષાએ મંતવ્ય છે. સર્વ વિશ્વમાંથી હિંસાનો નાશ થાય અને અહિંસાત્મક સ્વરાજ્ય સર્વત્ર થાય તોજ શાંતિ સુખ છે એવું મારૂં આત્મિકમંતવ્ય છે.

પ્રભુ સર્વજ્ઞ મહાવીરદેવની દેશનાથી રચાયલાં જૈનશાસ્ત્રોનું વાંચન શ્રવણ મનન કરવાથી આત્મરાજ્ય સમજાયું છે. પરમાત્મ રાજ્ય સમજાયું, અને તેના પ્રાપ્તિથી સર્વ પ્રકારનાં દુઃખોનો નાશ છે અને અનંત સુખની પ્રાપ્તિ છે તેવું પરમાત્મસ્વરાજ્ય પ્રાપ્ત કરવા માટે જ્ઞાનદર્શન ચારિત્રની આરાધનાની જરૂર છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિનો ચારિત્રમાં સમાવેશ થાય છે. પ્રભુ મહાવીરદેવે સર્વવિશ્વજીવોને જ્ઞાનદર્શનચારિત્રમાં સત્ય આધ્યાત્મિક સ્વરાજ્ય પ્રબોધ્યું છે. વ્યવહાર ચારિત્રદીક્ષા અંગીકાર કરીને શુદ્ધાત્મસ્વરૂપ રૂપ સ્વરાજ્ય પ્રાપ્ત કરવા માટે ત્યાગી મુનિજીવન અંગીકાર કર્યું છે. ગૃહસ્થોને તેઓના અધિકારે બાહ્ય રાષ્ટ્રીયજીવનની જરૂર છે અને આંતરજીવ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નની જરૂર છે. ત્યાગીઓ પોતાનામાટે શુદ્ધાત્મરાજ્યને ઇચ્છે છે અને તે પ્રમાણે વર્તે છે, અને ગૃહસ્થોને તેઓના સ્વાધિકારે બાહ્યસ્વરાજ્ય અને આત્મસ્વરાજ્યનો ઉપદેશ આપે છે. ગૃહસ્થોએ ત્યાગીના ધર્મનું અનુકરણ ન કરવું પરંતુ પોતાના ગૃહસ્થધર્મ પ્રમાણે વર્તવું. ગૃહસ્થોને વર્ણ ગુણકર્મ પ્રમાણે સ્વાધિકારે વર્તવું જોઇએ. ત્યાગીમુનિ મહાત્માઓ ઉપર કોઈ દુનિયાદારી રાજાનું રાજ્ય પ્રવર્તતું નથી. તેઓ તો રાજાઓના મહારાજા ગુરૂઓ છે. ત્યાગીમુનિઓએ પંચયમનિયમાદિયોગાભ્યાસમાં રમીને આત્મશુદ્ધિ કરવી જોઇએ. આત્મરાજ્યની દૃષ્ટિએ બાહ્યરાજ્યમાં કંઇ પણ સાર નથી, પરંતુ સંસારવ્યવહારમાં-ગૃહસ્થાવાસમાં વર્તનારાઓએ બાહ્યરાજ્યાદિ ગુણકર્મોમાં સ્વાધિકારે પ્રવર્તવાની જરૂર છે. દુનયાના મનુષ્યો જ્યારે ત્યાગમાં મહાદર્શ સ્વરાજ્ય જીવન માનશે ત્યારે તેઓ આત્મરાજ્યની પ્રાપ્ત કરી શકશે. આત્મરાજ્યમાં આત્મબલ છે. આત્મબલથી સ્વરાજ્ય પોતાના આત્મામાં પ્રગટે છે. આત્માના પૂર્ણાનન્દ સાક્ષાત્ભોગમાં પૂર્ણ શુદ્ધાત્મ સ્વરાજ્યની પ્રાપ્તિ છે. સહજાનંદમાં શુદ્ધાત્મ સ્વરાજ્ય છે. જ્યારે આધ્યાત્મિક રાજ્ય તરફ લોકોનું લક્ષ જશે ત્યારે જ દુનિયામાં શાંતિ પ્રવર્તવાની છે. સર્વવિશ્વમનુષ્યો પ્રભુરાજ્યમાં પ્રવેશ કરો. પ્રભુનું રાજ્ય તેજ શુદ્ધાત્મરાજ્ય છે. આત્માના ગુણપર્યાયમાં રમણતા કરવી, તથા બાહ્ય વિષયોની આસક્તિ ટાળવી. જડપદાર્થોમા શુભાશુભબુદ્ધિ ન ધારણ કરવી, સર્વજડપદાર્થોમા રાગ અને દ્વેષરહિત સમભાવે વર્તવું, પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં સમભાવપણે વર્તવું, એજ ત્યાગીમુનિરાજોનું આત્માનું સત્યરાજ્ય છે. સર્વતીર્થંકરોએ ગૃહસ્થાવાસનો ત્યાગ કરીને ચારિત્ર અંગીકાર કરી ધ્યાન ધરી આત્માને પરમાત્મરૂપ કર્યો હતા, તેઓ અનતાનંદને પામ્યા. તેઓએ ચારિત્ર માર્ગને પ્રવર્તાવી દુનિયાનાં લોકોને શુદ્ધાત્મ રાજ્ય દર્શાવ્યું છે.

આત્માના પૂર્ણશુદ્ધિથી પૂર્ણજ્ઞાન અને પૂર્ણાનન્દ પ્રગટે છે. પૂર્ણ શુદ્ધાત્મરાજ્ય સ્વરૂપ સાધ્ય છે અને બાહ્યસ્વરાજ્ય તો અપેક્ષાએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિમિત્તમાં પણ પરંપરાએ સાધન છે, પણ કલિયુગમાં આપત્કાલ એક એવો આવે છે કે જે કાલમાં ધર્મનો અને ત્યાગી આદિનો તથા ધર્મશાસ્ત્રોનો પણ પ્રલય થવાની સ્થિતિ ઉભી થાય છે, તે આપત્કાલ છે. તેવા આપત્કાલમાં આપદ્ધર્મ સ્વીકારવારવાની જરૂર પડે છે. તે કાલમાં ત્યાગી અને સમાધિમાં અખંડ જીવન ગાળનારાઓને પણ ધર્મસંઘાદિકની રક્ષામાટે આપદ્ધર્મની પ્રવૃત્તિ સેવવી પડે છે અને ઉત્સર્ગ ધર્મની સિદ્ધિ થતા અને આપદ્ધર્મ ટળતાં આપદ્ધર્મનાં સાધનોને પશ્ચાત્ ફેંકી દેવામાં આવે છે. શસ્ત્રાદિકને જેમ પ્રસંગે ધારણ કરવાં પડે છે અને પ્રસંગ પૂર્ણ થતાં ફેંકી દેવાં પડે છે એમ લોકસંગ્રહાર્થે જીવન્મુક્ત પ્રભુ જેવા પણ જે જે કાલે જે જે કરવું ઘટે તે કરે છે, અને જે જે ક્ષેત્રે જે જે કરવું ન ઘટે તે કરતા નથી જે કાલે જે સાધનની વિશેષ જરૂર હોય છે તેપર પૂર્ણ ભાર દેવાય છે અને તેને મુખ્ય કરવું પડે છે. હિંદને સ્વરાજ્ય મળે તોજ હિંદની સ્વતંત્રતા મળે અને તેથી સ્વધર્માદિકનું રક્ષણ થાય, અન્યથા આપત્કાલમાં ધર્મકર્માદિ આર્યધર્મનો નાશ થાય અને હિંદીઓનું અસ્તિત્વ ખરેખર અમેરિકાના જંગલીઓના જેવું બની જાય. સંસારીઓને ગમે તેટલો ઉપદેશ આપવામાંઆવે તોપણ પ્રવૃતિનો એવો સ્વભાવ છે કે સર્વજાતીય લોકોમાંથી દૂર ન થાય. કોઇ વિરલ-મહાત્માઓ આત્મજ્ઞાનથી શયતાનને ( પ્રકૃતિને ) દૂર કરી શકે છે બાકી સંસારમાં રહેલા સર્વ ખંડસ્થગૃહસ્થલોકો બાહ્ય-વસ્તુઓની જરૂરીયાતે તમોગુણ અને રજોગુણીપ્રકૃતિના વશ થયા, થાય છે અને થશે, તેથી આપત્કાલે આપદ્ધર્મ સેવવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે.

દુનિયા બાહ્યસ્વરાજ્ય સાધનોને સાધ્ય જ માની ભૂલી પડી છે, અને તથા એક બીજાની હિંસા કરવામાં સ્વાત્માની, દેશની, રાજ્યની ઉન્નતિ માને છે. બાહ્યરાજ્યનો તથા ગૃહસ્થાવાસનો ત્યાગ કરીને અનેક રાજાઓએ, બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્યોએ, ત્યાગ ધર્મ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વીકાર્યો હતો. હાલમાં દુનિયાના લોકો વૃદ્ધાવસ્થામાં પણ મોહ-માયાને દૂર કરી શકતા નથી અને આત્માનો પૂર્ણાનંદ અનુભવી શકતા નથી; તથા તેઓ આત્મરાજ્યમાં મસ્ત બનેલા ત્યાગીમુનિ બાવા ફકીરોને ઉલટા ધિક્કારી કાઢે છે અને શ્વાન જેમ હાડકુ ચૂસી પોતાના રક્તપાનથી ખુશી થાય છે તેમ તેઓ જડવસ્તુઓના ભોગોપભોગોમાજ સુખ માની બેઠા છે, અને જડવસ્તુઓના ભોગમાં સાધ્યદૃષ્ટિશૂન્યબુદ્ધિથી સ્વરાજ્ય માની એકબીજાના દેશવ્યાપાર રાજ્યપર આક્રમણ કરે છે, એવાં વિકારીશ્વાનોમાં જે બળીયો હોય છે તે જીતે છે અને નિર્બલ હારી જાય છે. અને જેની સત્તા બળ તેનો કાયદો એવો રાક્ષસી કાયદો પ્રવર્તે છે. પછી તેઓ જ્યારે સબળાથી હારે છે ત્યારે ધર્મગુરૂ મહાત્મા સાધુઓને ગાળો દેવા માંડે છે, પણ પોતાની નબળાઈ શાથી આવી તેનો તેઓ વિચાર કરી શકતા નથી; આત્મા જ આત્માનો નાશ કરે છે અને આત્માજ આત્માનો ઉદ્ધાર કરે છે. જેઓ બળને રક્ષતા નથી, વીર્યની રક્ષા કરતા નથી અને કામભોગોમાં અત્યંત-મોહી બને છે તેઓ શરીર, મન, રાજ્ય, ધર્મ દેશાદિકની શક્તિયોનો નાશ કરે છે. જડશરીરાદિના મોહથી ભય વગેરે અશક્તિયો પ્રગટે છે. વીર્યહીનો, પૂર્ણભોગી વા પૂર્ણયોગી બની શકતા નથી. જેઓ સાધુસંતોનો તિરસ્કાર કરે છે તેઓ આત્મશક્તયોથી ભ્રષ્ટ થાય છે અને જડરાજ્યથી પણ છેવટે ભ્રષ્ટ થાય છે. હિંદ જ્યારે અંત્યજોને ગુલામીના બંધનમાંથી મુક્ત કરી સ્વતંત્ર બનાવશે ત્યારે તે સર્વાંગે સ્વરાજ્યને પામશે. અંત્યજોને પોતે ન્યાય ન આપે અને બ્રિટિશોથી પોતે સ્વતંત્ર થવા માગે તેથી ઇશ્વરી ન્યાયથી તે સ્વરાજ્યલેવા અયોગ્ય ગણાય. અંત્યજોને કેળવણી આપવી અને તેઓને ગુલામીના બંધનોથી મુક્ત કરવા. અંત્યજો સ્વગુણ-કર્મ કે જે વર્ણાધિકારે કરે છે તેનાથી તેઓ જો વિમુખ થાય તો તેઓ વર્ણશંકર સ્થિતિમાં આવી પડે. સર્વવર્ણના મનુષ્યો એક સરખા પ્રભુપદ પામવાને અધિકારી છે. શરીરમાં બધાં અંગો એકબીજાના સંબંધે સંબંધિત થઈને રહે છે તેમ સર્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાતીયમનુષ્યોના પરસ્પર સંબંધથી સ્વજીવન ટકે છે એમ જાણવું જોઇએ. બ્રાહ્મણોએ જ્યારે ચંડાલોને ખૂબ ધિક્કાર્યા ત્યારે કુદ્રતે તેમનાપર અમલ ચલાવવાને મુસલમાનોને મોકલ્યા. મુસલ્માનોએ અભેદભાવનું વર્ણની દષ્ટિએ શિક્ષણ આપ્યું, પણ મુસલ્માનોએ ધર્મઝનુનથી દેરાંભાંગ્યાં અન્યાય કર્યો અને પારકીસ્ત્રીઓને અને કન્યાઓને પાડી જવા લાગ્યા ત્યારે હિંદુઓને અને મુસલ્માનોને શિક્ષણ આપવા કુદ્રતપ્રભુએ હજારો ગાઉથી બ્રિટીશોને મોકલ્યા અને તેઓએ મુસલ્માનોને તથા હિંદુઓને રાજ્ય કરવાની પોતાની કેળવણી આપી. બ્રિટીશરાજ્યની હિંદપર પૂર્ણ સત્તા જામી પરંતુ અધિકારીઓથી હિંદ સંતોષ પામતું નથી કુદ્રત્પ્રભુના ભાવીના ગુપ્તપડદાણા શું શું ભર્યું છે અને શું શું જાહેરમાં લાવશે તે હવે જોવાનું બાકી રહે છે.

દરેક દેશની પ્રજા, પ્રમુખ રાજાઓ વગેરે જ્યારે લોભ, રાજ્ય લાલચ તથા ધર્મભેદે થતા ધર્માભિમાનના જુસ્સાને દૂર ન કરે ત્યાં સુધી વિશ્વમાં સત્યરાજ્ય પ્રગટવાનું નથી. સર્વવિશ્વ જીવાને આત્મ સમાન માનીને સર્વવિશ્વમનુષ્યો જ્યારે સર્વજીવોની દયામાં અર્પાઇ જશે ત્યારે સર્વ વિશ્વમાં સ્વરાજ્ય પ્રગટશે. બ્રિટીશોએ હિંદપર રાજ્ય કરવું તે યોગ્ય છે પણ તેઓએ હિંદીઓને પોતાના સમાન રાજકીય હક્ક આપવા જોઇએ. હિંદુઓને અને મુસલમાનોને સ્વરાજ્ય યોગ્ય થાય તેવું શિક્ષણ આપવું. હજી તેઓ ધર્મ મતભેદે અન્યાય જૂલ્મ હુલ્લડ કરે છે તેથી તેઓએ હજી બ્રિટીશ રાજ્યસત્તા નીચે રહીને પરસ્પર સંપીને એકાત્મા થઇ વર્તવાના ગુણો પ્રાપ્ત કરવા જોઇએ. વિધર્મીપ્રજા તથા પરદેશીપ્રજા સાથે આત્મભાવે વર્તવાની શક્તિ પ્રાપ્ત કરવા જોઇએ. લાલા લજપતરાય કે જે દેશનેતા છે પણ તે જૈનધર્મીઓની લાગણી દુઃખાય એવો ઐતિહાસિક લેખ લખીને જૈનધર્મ સબંધી અયોગ્ય મત જાહેર કરે છે. તેવા ઘણા આગેવાનો જો ધર્માંધ બની જૈનધર્મ વગેરેનું ખંડન કરે અને ધર્મભેદે કુસંપકરાવે તો તેઓ હિંદીઓને સ્વરાજ્યની દિશાથી અવળીદિશામાં ખેંચનારા ગણાશે. દેશનેતાઓએ કોઇ પણ ધર્મવાળાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગણી દુઃખાય તથા કોઇ ધર્મના શાસ્ત્રોને અન્યાય મળે તેવી પ્રવૃત્તિ ન કરવી જોઇએ; અને જો તે પ્રમાણે કરશે તો નાવીકોમાંની લાગણીને કચરીને પરસ્પરનો સંપ ખોઇ બેસશે, અને તેથી બ્રિટીશ રાજ્યની હાલની પદ્ધતિમાં સુધારો કરાવી શકશે નહીં. જૈનોએ જૈનશાસ્ત્રો પ્રમાણેજ પ્રવૃત્તિ કરવી કે જેથી તેઓ બાહ્યાંતર સ્વરાજ્યના અધિકારી બની શકે. જૈનશાસ્ત્રોની શ્રદ્ધાથી ભ્રષ્ટ ન થવું અને અન્યોની સાથે સંપ પ્રેમથી વર્તવું.

અમે તો બ્રિટીશરાજ્યનું અને બ્રિટીશોનું તથા હિંદ અને હિંદીઓનું કલ્યાણ ઇચ્છીએ છીએ અને અમારો સંદેશ વિશ્વમાં જાહેરમાં મોકલીએ છીએ કે જેથી તેઓ હિંદીઓની લાગણીને સંતોષે. વિશ્વની સર્વ દેશોની પ્રજાઓપર અમને સમાનભાવ છે. પરંતુ જે દેશની-પ્રજાની મોહથી ભૂલ થતી હોય તેને શિખામણ આપવી પડે. જૈનો, જૈન ધર્મ શાસ્ત્રોનો પૂર્ણ અભ્યાસ કરશે તો તેઓ બાહ્ય અને આધ્યાત્મિક સ્વરાજ્યના અધિકારી રહેશે. જૈનોએ જૈન દેવગુરૂ ધર્મપર પૂર્ણશ્રદ્ધા ધારણ કરવી જોઇએ જૈનધર્મ શાસ્ત્રોની શ્રદ્ધાથી બાહ્યાંતરશક્તિયોને જૈનો પ્રગટાવશે એમાં અંશમાત્ર શંકા ન રાખવી. હિંદુઓને અને જૈનોને પરસ્પરઅત્યંતસજાતીય સબંધ છે તેથી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચારવર્ણ જાતિએ બંનેનું ઐક્ય છે. બંને આર્યવંશી એકલોહીના છે, તેથી બંનેએ પરસ્પર મળીને એકબીજાની પ્રગતિમાટે કાર્યો કરવાં અને સ્વરાજકીય ચળવળોમાં બન્નેએ ઐક્ય ધારણ કરી પ્રવર્તવું. બાહ્યસ્વરાજ્યાદિસમાન બાબતોમાં હિંદુઓએ, જૈનોએ, મુસલમાનોએ, ખ્રીસ્તિયોએ અને પારસીઓએ ઐક્ય બની આત્મભોગ આપવો અને ભેદની નીતિયોથી કોઈ ભેદ પાડવા પ્રયત્ન કરે તો તેથી અભેદ ઐક્યને જાળવવામાં જાતિનો મોહ દૂર કરવો. ગાંધીજીની ચળવળ, અહિંસાત્મક નીતિવાળી અપવાદે છે ગાંધીજી ગૃહસ્થ અને વૈષ્ણવ છે. તેમની સ્વરાજ્યની ચળવળ ઔત્સાર્ગિકપ્રાયઃ આપવાદિક-સંયોગોમાં પણ અહિંસાત્મક છે. તેમની અસહકારની કેટલાકબાબતો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાથે હું સમ્મત નથી. દારૂનો અસહકાર ગમે તે ખંડદેશમાં થાય તથા ચરખાથી કાંતેલું અને હાથે વણેલું વસ્ત્ર પહેરવું તેને અહિંસાના સિદ્ધાંતે યોગ્ય ગણું છું, પરંતુ દ્વેષ-જન્ય અસહકાર છે તે અમારે ત્યાગદશામાં અયોગ્ય અસેવ્ય છે. હું જૈનાચાર્ય છું; અને ગાંધીજી વૈષ્ણવવણિક્ છે. તેમનો અને અમારો અમદાવાદ સાબરમતી કાંઠે સમાગમ થયો હતો. તેમણે પગે લાગીને અમારૂં સ્વાગત કર્યું હતું તેમની સાથે ચારવર્ણની સિદ્ધિ સંબંધી ચર્ચા ચાલી હતી અને ગુણકર્માનુસારે ચારવર્ણની માન્યતાને તેમણે સ્વીકારી હતી. અમારા વિચારોશ્રવણ કરતાં તેમણે અહિંસાત્મક રાષ્ટ્રીય ચળવળ ચલાવવી યોગ્ય ગણી હતી. તેમણે જૈનશાસ્ત્રોનો યુરોપમાં પ્રચાર થાય તો ત્યાંના લોકો દયામય બને એવા ઉદ્ગારો જણાવ્યા હતા. મેં તેમની ઇચ્છાથી તેમને ભજનસંગ્રહના સાતે ભાગો આપ્યા હતા. જૈનશાસ્ત્રોના આધારે તે માર્ગાનુસારી સંભવે છે. જૈનધર્મનો સ્યાદ્વાદસિદ્ધાંત તેમને સર્વથા ગમે તો તે વિશ્વકલ્યાણ કરી શકે; પણ તે પોતે વૈષ્ણવધર્મને માને છે. રાષ્ટ્રીય પ્રગતિપ્રવૃત્તિમાં સ્વરાજ્યમાટે ચળવળ કરનારા તે છે. તેમણે અસહકારની પ્રવૃત્તિ શરૂ કરી છે પણ તેથી હિંદીઓમાં સહકારવાદી અને અસહકારવાદી એવા બે પક્ષ પડયા છે. અસહકારવાદીઓની હિંદમાં ઘણી સંખ્યા છે. જૈનશાસ્ત્રોના આધારે ગાંધીજીના રાજકીયવિચારો જેટલા બંધ બેસે તેટલા જૈનોએ સ્વીકારવા પણ અન્ધરાગી થૈને જૈનયુવકોએ તેમના ધર્મના વિચારો કે જે જૈનશાસ્ત્રોથી વિરૂદ્ધ પડે અને જૈનાચાર્યો તેમના જે વિચારોને જૈનશાસ્ત્રોથી વિરૂદ્ધ ઠરાવે, તે વિચારોથી અને પ્રવૃત્તિયોથી જૈનોએ દૂર રહેવું. ગાંધીજી જૈન નથી, જૈન મહાત્મા નથી. જૈન સાધુ નથી તે બ્રાહ્મણશાસ્ત્ર દષ્ટિએ મહાત્મા છે. રૂશિયાના ટોલ્સ્ટોયના આદર્શને તે માને છે અને તેથી તે ભવિષ્યમાં હિંદુ ધર્મશાસ્ત્રો વગેરેમાં માન્યતાભેદે મોટી ધર્મભેદ સંક્રાંતિના આગેવાન થઇ પડે અને તેથી તેમને હિંદુ વગેરે ધર્માચાર્યોની સાથે મહા અથડામણી થવાનો સંભવ રહે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ લાગે છે, રાજકીય હિંસાત્મકયુદ્ધનું વાતાવરણ જે થશે તે તેમને ભવિષ્યમાં રૂચશે નહીં. તેથી તે ટોલ્સ્ટોયની પેઠે બાહ્ય-રાજ્યવાદીયુદ્ધપ્રિયોથી જુદા પડી ધાર્મિક બાબતોમાં સંક્રાન્તિકારક-ઉથલપાથલકારક થઇ પડશે એમ અનુમાન કરૂં છું. જૈનોને પ્રાર્થું છુ કે તેઓ ધાર્મિક બાબતમાં જૈનશાસ્ત્રોના આધારે મળતી આવતી બાબતોમાં સહકારી બને અને વિરૂદ્ધ બાબતોને અન્ધ-શ્રદ્ધાથી ન માને.

અસહકારવાદીઓને અને સહકારવાદીઓને મારો ઉપદેશ છે કે તેમણે રાજ્યદ્રોહી ન બનવું, તેમજ પ્રાણ જાય તોપણ દેશદ્રોહી ન બનવું તથા એકબીજાનાપર વૈરબુદ્ધિ ન ધારવી, તથા બંડબળવો કરનારાઓને સમજાવી શાંત કરી હિંદનું વ્યવસ્થિત બળ કરીને સર્વાંગોની એકતાનું બળ વધાર્યા કરવું. રાજ્યદ્રોહી કદાપિ બનવું નહીં તેમજ રાજ્યદ્ધારીઓ તરફથી થતા અત્યાચારો અને જુલ્મોને ધિક્કારી પાડવા અને પશુબલ કરતાં આત્મબળ શ્રેષ્ઠ છે તે આદર્શજીવન ધરી સર્વ ખંડોને જણાવવું. બે બિલાડીની રોટલાની તકરારમાં વાનરાના ન્યાય જેવું ન બને તેમ કાળજી રાખી વર્તી સ્વદેશમાટે માન અપમાન દુઃખ વગેરે ભૂલી જવું. સ્વદેશભક્ત નામના કાવ્યમાં સ્વદેશભક્તોના ગુણો દર્શાવ્યા છે એવા ગુણો જેઓમાં હોય છે તેઓ સ્વદેશની સેવા કરે છે, અને અન્યદેશોના લોકોની પણ સેવા કરે છે. અમારે બાહ્ય-સ્વરાજ્ય અને અધ્યાત્મસ્વરાજ્યનો ઉપદેશ દેઇને તથા અધ્યાત્મ સ્વરાજ્યનું આદર્શજીવન ગાળીને ભેદભાવવિના સર્વ વિશ્વદેશોના લોકોનું કલ્યાણ કરવારૂપ સેવાભક્તિ કરવાનો અધિકાર છે. કોઇ અપેક્ષાએ ગૃહસ્થો કરતાં ત્યાગી મહાત્માઓ દેશ અને વિશ્વનું અનંતગણું કલ્યાણ કરી શકે છે. અંશે અંશે તેમજ વિશેષાંશે વિશ્વવર્તિસર્વલોકો, સ્વદેશભક્તો અને વિશ્વભક્તો તરીકે હોય છે. પક્ષપાતનો ત્યાગ અને સંકુચિત વિચારનો ત્યાગ તથા પર-માર્થબુદ્ધિથી લોકોનું વિશેષપ્રમાણમાં હિત સાધી શકાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેશનાયકોમાં માનકીર્તિની ઈચ્છા ન રહેવી જોઇએ, તથા અપમાન થતાં ક્રોધ વૈરબુદ્ધિ ન પ્રગટવી જોઇએ. દેશનાયકોએ પરસ્પરનું ઐક્ય ન તોડવું જોઇએ અને ક્ષુદ્રમતભેદોમાં મુંઝવું ન જોઈએ, તથા ફાટફૂટ ન કરવી જોઈએ. ફાટફુટનું કાવ્ય વાંચીને ફાટફૂટનો ત્યાગ કરષો જોઈએ. પરસ્પરના મતભેદથી સ્વદેશીલોકોને હાનિ ન પહોંચાડવી. સાગરની પેઠે ગંભીર મન રાખવું. જીવતાં પહેલાં પોતાને મરેલા જાણીને સ્વરાજ્યયજ્ઞમાં સ્વાર્પણની આહૂતિ આપવી. નામરૂપના મોહવિના નિષ્કામભાવથી સર્વલોકોના શ્રેયમાં પરમાત્મ સેવાભક્તિ આની કર્મો કરવાં. ત્યાગી યોગીમુનિ સંત ફકીર વગેરે ધર્મગુરૂ મહાત્માઓએ ભક્તશિષ્યોને દુર્વ્યસન દુર્ગુણત્યાગનો બોધ આપવો. લોકોને ધાર્મિકનીતિયોનું જ્ઞાન આપવું. લોકોને સદાચારમાં દૃઢ રાખવા તથા નાસ્તિકબળવાળાલોકોને આસ્તિક કરવા એજ સ્વરાજ્યમંત્રશકિતયો છે. ધર્મના અન્ધમોહથી પરસ્પર હિંસાયુદ્ધો કરવાથી તથા જૂનું દેશધાભિમાન ધારણ કરીને પરસ્પર રાજ્ય પ્રજાઓનાં ગળાં કાપવાથી, અને તેથી સત્ય સુખ શાંતિ ઈચ્છવી તે મિથ્યાઘેલછા છે. સર્વમનુષ્યો જગત્‌માં પ્રભુનાં બાળક છે તે ગમે તે ધર્મને માને, તે ગમે તે વર્ણી હોય પણ તેઓમાં આત્મપ્રભુને દેખવા તેજ વિશ્વસુખ શાંતિની સત્યચાવી છે. દેશરાજ્યવર્ણધર્મભેદે મોહ માયા યુદ્ધથી વિશ્વ મનુષ્યો કદાપિ સત્ય સુખ પામ્યા નથી અને પામશે નહીં, માટે સર્વ વિશ્વજીવોને કુંટુંબ સમાન માની સર્વદેશીય લોકોએ વર્તવું, તેમ સર્વજીવોના ઘટઘટમાં–ઘરઘરમાં પ્રભુનું સ્વરાજ્ય પ્રગટાવવું એજ અમારી સ્વરાજ્ય શાંતિસુખની માન્યતાનો સર્વવિશ્વમાં પ્રચાર થાઓ એમ ઈચ્છું છું. મહાત્મા ગાંધીજીને એવોજ અમે ઉપદેશ આપ્યો છે અને તેથી તે અહિંસાત્મક રાજ્યની ચળવળ ચલાવે છે.

જૈનોમાં પાખી અને હડતાલ બન્ને પ્રસિદ્ધ છે. જૈનો મહાજન તરીકે હિંદમાં પ્રસિદ્ધ છે. તેઓ બ્રિટીશના લીબરલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાંટી જેવા છે. જૈનોમાં સાધુસાધ્વીશ્રાવક અને શ્રાવિકાના ચતુર્ભેદવાળું મહાસંઘ તરીકેનું અનાદિકાલથી સ્વરાજ્ય પ્રવર્તે છે. સંઘના પ્રમુખોનું મંડળ મળીને સંઘબલની વ્યવસ્થા જાળવે છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચારવર્ણનો ચતુર્વિધ મહાસંઘમાં સમાવેશ થાય છે. ચારવર્ણો સ્વસ્વગુણકર્માનુસારે વર્તી અનાદિકાલથી જૈનધર્મની આરાધના કરે છે. ચતુર્વિધ મહાસંઘ ભેગો થઇને રાજાના અન્યાયો સામે પાખી હડતાલરૂપ અસહકાર કરીને અન્યાયોને દૂર કરાવતો હતો, અને હાલ પણ કરાવે છે. જૈનસંઘ મહાજનની પાખી હડતાલને ગાંધીજીએ અસહકારના અહિંસાત્મક અમુક સિદ્ધાંત તરીકે વાપરી છે. જૈન મહાજન સંઘ, કારણ પ્રસંગે પાખી હડતાલરૂપ અસહકાર કરતો હતો, અને તે પણ પ્રેમ, સત્ય, દયા, અહિંસા અને રાજાની સાથે પૂજ્યભાવ રાખીને કરતો હતો અને રાજ્યમાં ચાલતું અંધેર તેથી દૂર કરવામાં આવતું હતું. હાટે તાળાં દેવાં તે હડતાલ છે, વૈષ્ણવ હિંદુઓ હડતાલ પાખીને અણુજા ( અનુદ્યમ )ના નામથી સંબોધે છે. ગાંધીજીએ અસહકાર અહિંસાત્મક સ્વીકાર્યો છે. જૈન મહાસંઘે તો પ્રભુ મહાવીરદેવ પહેલાં ઘણા તીર્થંકરોના વખતથી કારણ પ્રસંગે ધર્મસંઘની રક્ષાર્થે પાખીરૂપ અસહકાર પ્રારંભ્યો હતો. ગાંધીજીએ પણ અપેક્ષાએ તેનું અનુકરણ કર્યું છે, અને શુભકર્મોની સાથે સહકાર પ્રશસ્ય છે અને દુર્ગુણો તથા દુષ્ટકર્મોની સાથે અસહકાર પ્રશસ્ય છે. કોઈ પણ પ્રજા તથા કોઈ પણ દેશની સાથે જયા પ્રેમ ઐક્ય છે ત્યાં સહકાર છે. જ્ઞાનીઓવડે કરાતા મોહના અસહકારમાં દ્વેષ ધિક્કારની ગંધ નથી. અજ્ઞાનીઓના અસહકારમાં દ્વેષાધિક્કારની ઉત્પત્તિ છે. ગૃહસ્થાવાસમાં રહેલા મનુષ્યો સહકાર અને અસહકાર બન્નેને અપેક્ષાએ આદરે છે અને બન્નેને સાધન તરીકે વાપરે છે. જ્ઞાની ત્યાગી મહાત્માઓ તો પોતાનો નાશ કરનારાનું પણ અશુભ કરતા નથી તેથી તેઓ ઠેઠ પ્રભુની નજીકનું પદ પામેલા હોવાથી તેઓના ઉપદેશની સર્વ દુનિયાપર સારી અસર થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હાલમાં યુરોપ વગેરે દેશોમાં યુદ્ધ પ્રસંગે અધર્મ્ય અનાર્ય અનીતિથી યુદ્ધો થાય છે. હવાઈ વિમાનમાંથી બોંબ વગેરે ફેંકતાં નિરપરાધી લોકોનો નાશ થાય છે. પાંચ દશ માઈલ ગોળા ફેંકનારી તોપોના યુદ્ધોથી નિરપરાધી લોકોનો નાશ થાય છે, ઝેરી હવાથી પણ તેવી અધર્મ્ય હિંસા થાય છે તે શું સુધારો છે? તે સુધરેલી દુનિયા કહેવાય? કે આવાં અધર્મ્યયુદ્ધોથી બગડેલી દુનિયા કહેવાય? તેનો સ્વાર્થ અન્યાય પક્ષપાત દૂર કરીને વિચાર કરવામાં આવશે તો સત્ય સમજાશે. આર્યોએ પૂર્વે અધર્મ્ય યુદ્ધો કે જેમાં નિરપરાધી હજારો મનુષ્યો મરે એવાં યુદ્ધો કર્યાં નથી. વાંચો!!! જૈનશાસ્ત્રો અને હિંદુશાસ્ત્રો. પશુબલ સત્તાથી વિશ્વમાં શાંતિ, સુખ, સત્યનો નાશ થાય છે માટે સર્વરાજ્યોએ તેનો સુધારો કરવો જોઇએ. કોઈ પણ પ્રજાને ન્યાય આપ્યા વિના તેનાપર સત્ય રાજ્ય કરી શકાતું નથી. પ્રજાને ગુલામ નિઃશસ્ત્ર બનાવી તેનાપર રાજ્ય કરવું એ પશુઓપર રાજ્ય કરવા બરોબર કાર્ય છે. પ્રજાની સર્વપ્રકારે બાહ્યાંતર ઉન્નતિ કરવી એજ રાજ્ય અને રાજાનું કર્તવ્ય છે. એમ જૈનધર્મશાસ્ત્રોમાં પ્રતિપાદન કરેલું છે. હાલમાં હિંદમાં હિંદીદેશીસંસ્થાનોના રાજાઓ અને ઠાકોરો કરતાં બ્રિટીશ રાજ્ય વહીવટ એક અપેક્ષાએ કહીએ તો કરોડ ઘણો સારો છે. હજી બ્રિટીશ ન્યાયમાં મ્હને સાપેક્ષિકશ્રદ્ધા છે. બ્રિટીશનો ન્યાય જો દેશી રાજાઓ, ઠાકોરો સ્વીકારે તો તેઓ દાસના દાસપ્રજામાં ચૈતન્ય સ્ફૂર્તિ પ્રગટાવી શકે. દેશી સંસ્થાનોમાં હાલ પ્રજાએ માથું ન મારવું તેમાંજ લાભ છે અમેરિકા વગેરે દેશોની અપેક્ષાએ બ્રિટીશના હિંદપરના રાજ્યમાં અનેક સુધારા થવાની જરૂર છે. અને સુધારો થતાં બ્રિટીશ મહારાજ્યનો યશ ન્યાય વખણાશે. ભાવિના ઉદરમાં જે થવાનું તે હશે તે થશે.

મારા ભક્ત શિષ્યોના આગ્રહથી સ્વદેશના સ્વરાજ્ય શિક્ષણની દિશા દેખાડી છે. તેમજ સર્વવિશ્વદેશોને વિશ્વસંદેશ કાવ્ય રચી બાહ્યનું અને આત્માનું સ્વરાજ્ય સમજાવ્યું છે. તેમાં મારો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધાર્મિક પારમાર્થિક આશય છે. બ્રિટીશ રાજ્યદ્રોહના એક વિચાર માત્રને પણ સ્વપ્નમાં પણ કરી શકું નહીં પણ મ્હને જે સત્ય સુજે તેનો ઉપદેશ, સર્વવિશ્વદેશોને પ્રેમે સમભાવે આપી શકું. આત્મરૂપ જન્મભૂમિની સેવા કરવી એ મારી ઔપદેશિક ફરજ છે તે માટે જે લખાયું, તેમાંથી હંસદૃષ્ટિની પેઠે સત્ય સાર ગ્રહણ કરશો. બ્રિટીશરાજ્યના આશ્રય નીચે રહીને અને બ્રિટીશરાજ્યના હુકમોને પાળીને હિંદીઓએ પ્રજાપણું જાળવી રાજ્યદ્રોહ અને કાયદાનો ભંગ નહિ કરતાં સ્વરાજ્યના હક્કોને પ્રેમ વિનયપૂર્વક માગવાની રીતિ અખત્યાર કરવી. ગાંધીજી અસહકાર અને સત્યાગ્રહ કાયદા ભંગની લડત જે ચલાવે છે તેથી કંઇ એકદમ તુર્ત સત્ય સ્વરાજ્ય મળનાર નથી, તેમજ અસહકાર તથા કાયદાભંગલડતથી ગાંધીજીને એકવાર પાછા પડવાનો વખત આવશે. હળવે હળવે સવિનયથી આગળ વધવું જોઇએ. હિંદુસ્થાનની સર્વપ્રજાઓમાં બ્રિટીશ રાજ્યથી શાંતિ પથરાઈ છે, તેવી શાંતિ કાયમ રાખવા માટે પ્રથમ તો હિંદવાસીઓને લાયક બનાવવા જોઇએ. જેમ જેમ હિંદીઓમાં બાહ્યરાજ્ય કરવાની યોગ્યતા પ્રગટે તેમ તેમ પ્રથમ તો તેઓને કેળવવા જોઇએ. બ્રિટિશોની પેઠે રાજ્યકારભાર વ્યવસ્થા ચલાવવાની શકિત હજી હિંદીઓમાં પૂર્ણતયા પ્રગટી નથી. હિંદીઓએ રાજ્યનો અને રાજાનો દ્રોહ ન કરવો. તેઓના કાયદાઓમાં યોગ્ય ફેરફારો કરાવવા પણ રાજ્યની અવ્યવસ્થા થાય એવી અયોગ્ય પ્રવૃત્તિ ન સેવવી અને બાહ્યરાજ્ય વહીવટ કરવાને માટે આધ્યાત્મિક સદ્ગુણોને પ્રકટાવવા જોઇએ. હિંદી અને બ્રિટીશ પ્રજાનું ઐકય મિત્રાચારી વધે અને કાયદાઓમાં સુધારો થાય એવી વ્યવસ્થાથી વર્તવું. અભણ તોફાની લોકો ઉશ્કેરાઈ જાય અને તોફાનો કરે તથા બ્રિટીશ રાજ્યને ઉથલાવી પાડવા ખુનામરકી ચલાવે, અનેતેથી ઉલટું અંધેર વર્તાવે, એવું અયોગ્ય કાર્ય ન બને એવી રીતે સ્વરાજ્યની ચળવળ ચલાવવી જોઇએ. યોગ્ય રીતે બ્રિટીશ શહેનશાહના છત્રનીચે સ્વરાજ્ય શાંતિપૂર્વક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મળે એવી ચળવળ કરવી. બાહ્યરાજ્ય મેળવવા માટે તો બ્રિટીશોની પેઠે હિંદીઓએ રાજ્ય શિક્ષણકળા પામી વર્તવું જોઇએ અને આધ્યાત્મિક આત્મરાજ્યની પ્રાપ્તિ માટે તો પ્રભુ મહાવીરદેવના ઉપદેશાનુસાર વર્તવું જોઇએ. ગુણો ગ્રહવા અને દુર્ગુણો ત્યજવા જોઇએ. વિશ્વમાં વર્તતાં સર્વ બાહ્યરાજ્યના શુભ ગુણકર્મોને ગ્રહવા જોઇએ અને અશુભગુણકર્મોનો ત્યાગ કરવો જોઇએ. હિંદીઓ જો બળવો, ખૂનામરકી, બાહ્યસ્વરાજ્ય લેવા માટે કરશે અને તેથી તેમને રાજ્ય મળશે તોપણ તેઓ લાંબી મુદત સુધી સ્વરાજ્ય ટકાવી શકે નહિ. અને આર્યરાજ્યના પ્રાચીન આદર્શભૂત બની શકશે નહિ, સાત્વિક-ગુણોથી પ્રગટાવેલું રાજ્ય લાંબાકાલ સુધી ગમે તે દેશની પ્રજા પ્રાપ્ત કરી શકે છે. સર્વખંડમાં સાત્વિકરાજ્ય એજ સ્વર્ગરાજ્ય છે. સર્વવિશ્વમાં સાત્વિકરાજ્ય પ્રસરો. ન્યાયી રાજાને તાબે પ્રજાઓ રહે તેમાં વ્યાવ-હારિક સ્વતંત્રતા છે. આર્યમહત્તાની સાથે પ્રજાએ હિંદની મહત્તાને જાળવવી જોઇએ. સર્વદેશોમાં સ્વતંત્રતા હાલ ગણાય છે પણ સદ્‌ગુ-ણોની મહત્તા વિનાની સ્વતંત્રતા છેવટે આકાશમાં પ્રગટેલી વિજ-ળીની પેઠે ક્ષણમાં નષ્ટતાને પામે છે. મ્હને સર્વખંડપર સમ-ભાવ છે. કોઇ દેશ મારો નથી. હિંદદેશપર રાગ નથી તેમ ઈંગ્લાંડાદિ અન્ય દેશ પ્રજાપર દ્વેષ નથી. પરમાત્માનો દેશ તે મારો દેશ છે. પરમાત્માનો ધર્મ, જાતિ તેજ મારો ધર્મ જાતિ છે. કાળીગોરી ચામડીમાં મ્હને ભેદભાવ નથી. સર્વદેશોની પ્રજા-ઓ એકાત્મશુદ્ધપ્રેમ મિત્રભાવે વર્તે અને પરસ્પરમાં પ્રભુ દેખે એવી રીતે વર્તી આધ્યાત્મિકસ્વરાજ્ય પ્રાપ્ત કરે એજ મારી ઇચ્છા છે. વ્યવહારથી સ્વસ્વજન્મભૂમિમાં જન્મેલા લોકોને ન્યાય, શૌર્ય, આત્મભોગ અને પ્રમાણિકતાથી સ્વરાજ્ય મળે એ જન્મસિદ્ધ હક્ક છે. ત્યાગીઓને પ્રભુ મેળવવાનો હક્ક છે તેમ સર્વલોકોને સ્વસ્વ જન્મભૂમિનું સ્વરાજ્ય મેળવ-વાને ગૃહાવાસમાં હક્ક છે. ભૂમિ, પશુ, લક્ષ્મી, ધાન્યાદિક વિના ગૃહસ્થાવાસમાં એક ક્ષણ પણ જીવી શકાય નહિ. ત્યાગીઓએ ગૃહસ્થોને વ્યાવહારિક અને નૈશ્ચયિક બન્ને પ્રકારના સ્વરાજ્યનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપદેશ દેવો જોઇએ. ગૃહસ્થોને પ્રથમ વ્યાવહારિક સ્વરાજ્યની જરૂર પડે છે. કલિયુગમાં કલિયુગના અનુસારે સ્વરાજ્ય હોય છે અને સત્યયુગમાં સત્યયુગના અનુસારે રાજ્ય વર્તે છે. સર્વલોકોને સત્યયુગના સ્વરાજ્યનું ધ્યેય હોય છે પણ વર્તમાનમાં તો વર્તમાન દ્રવ્યક્ષેત્ર કાલભાવાનુસારે રાજ્ય પ્રાયઃ પ્રવર્તે છે. જે કાલે જેવી રીતે જીવાય, વર્તાય તેવી રીતે વર્તવું. ધ્યેય ઉચ્ચ હોય છે પણ આખી દુનિયાને ત્રણ પ્રકૃતિની નાનાવિભિન્નતાથી એક સરખી સ્થિતિમાં લાવી શકાય નહિ. દેશકાલનુસારે ગૃહસ્થદશાના સ્વરાજ્યની પ્રાપ્તિ માટે ગૃહસ્થોએ પોતાને સુજે તેવા ઉપાયો લેવા, તેમાં ત્યાગીઓની સલાહ લેઈ પોતાની સ્થિતિ માટે પોતાની પારિણામિકબુદ્ધિથી વ્યવહારમાં વર્તવું. બાહ્યસ્વરાજ્ય એ અમારી ત્યાગી દૃષ્ટિએ સ્વરાજ્ય નથી. તેથી અમોએ તેમાં ફક્ત સદ્‌ગુણોથી લાયક બની શુદ્ધાત્મ રાજ્યની સાથે બાહ્યસ્વરાજ્યની દશા દર્શાવી છે. બાકી તેઓનું કાર્ય તેઓ જાણી કરી શકે. અમેતો સદ્‌ગુણો અને સત્પ્રવૃત્તિનો સદુપદેશ આપી શકવાની દિશા દેખાડી શકીએ છીએ. (સાણંદ પ્ર૦ સમાપ્ત)ભજનસંગ્રહ નવમા ભાગમાં-સદ્‌ગુરૂ સ્વરૂપ નામના ગ્રન્થને દાખલ કર્યો છે તેમાં જૈનશાસ્રોના આધારે ત્યાગીમુનિયો ગુરૂ હોઇ શકે છે પણ ગૃહસ્થોને કે જેઓએ ત્યાગીપણું સ્વીકાર્યું નથી તે ત્યાગી ગુરૂ હોઈ શકતા નથી એમ જૈનશાસ્ત્રોના આધારે પ્રતિપાદન કર્યું છે. કેટલાક જૈનો હાલમાં દશવીશ વર્ષથી ગૃહસ્થ શ્રાવકને મુનિની પેઠે ગુરૂ માની વર્તે છે, તેઓને જૈનશાસ્ત્રાધારે હિતશિક્ષા આપી છે, તેને જૈનશાસ્ત્રોને પ્રમાણિક માનનારા જૈનો વાંચશે તો તેઓને સત્ય સમજાશે. ગૃહસ્થોને માટે ગૃહસ્થધર્મના સંસ્કાર કરાવનાર ગૃહસ્થ ગુરૂ હોઇ શકે અને તેનું આચાર દિનકરગ્રન્થમાં પ્રતિપાદન કર્યું છે. તેવા ગૃહસ્થગુરૂ વર્ગનું ખંડન કરવામાં આવ્યું નથી પણ આતો જે લોકો ત્યાગીમુનિ ગુરૂના ઠેકાણે ગૃહસ્થને ગુરૂ માની વર્તે છે અને ત્યાગી ગુરૂ વર્ગનું ખંડન કરે છે, તેઓને જૈનશાસ્ત્રાનુસારે હિતશિક્ષા દર્શાવી છે અને તેઓના હૃદયમાં રહેલા વિચારોને પૂર્વપક્ષ ગણીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર પક્ષમાં જૈનાગમોના આધારે ઉત્તર આપવામાં આવ્યો છે તે વાંચકો સહેજે સમજી શકશે. છેવટે સંગ્રહનયપ્રતિપાદિત સત્તાની અપેક્ષા તથા વ્યવહારનયની અપેક્ષા તથા નિશ્ચયનયની અપેક્ષા ગર્ભિત સંસ્કૃત ભાષામાં ગુરૂગીતા રચી હતી, અને જે પાંચ વર્ષ પૂર્વે છપાઇ ગઇ હતી તેમાં સુધારો ને વધારો કરી છાપવામા આવી છે. ગીતાર્થ ગુરૂની ગમ લઇને ગુરૂગીતા વાંચવી. વ્યવહારનયની અપેક્ષાએ ગીતાર્થ મુનિ ગુરૂ સમજવા. અને નિશ્ચય નયની અપેક્ષાએ આત્માજ આત્માનો ગુરૂ છે તે અપેક્ષાએ આત્મારૂપ ગુરૂની સ્તુતિ ભક્તિ દર્શાવી છે. સંગ્રહનય ગ્રાહક સત્તાની અપેક્ષાએ સર્વજીવો તે સત્ છે માટે તે સત્તા એ ગુરૂ છે. નિશ્ચયનયની અપેક્ષાએ આત્મા જ દેવગુરૂ અને ધર્મરૂપ છે. ત્રયોદશમાગુણસ્થાનક સુધી વ્યવહાર છે, માટે શિષ્યને કેવલજ્ઞાન થાય અને શિષ્યને કેવલજ્ઞાન થયું છે એવી ખબર ગુરૂને ન પડે ત્યાં સુધી ગુરૂને વંદન કરવાનું જૈનાગમમાં જણાવ્યું છે. **यथाधर्मपरीक्षापत्र. १७०**

**ववहारो विहु बलवं जंवंदइ केवलीवि छउमत्थं,**
**आहाकम्मं भुंजइ । सुअववहारंपमाणंतो ॥ १ ॥**

વ્યવહારનય બળવાન્ છે જે માટે કેવલી પણ છદ્મસ્થ ગુરૂને વાંદે છે અને આધાકર્મી આહાર ભોગવે છે, શ્રુતવ્યવહારને પ્રમાણ કરીને કેવલી પણ છદ્મસ્થગુરૂને વાંદે છે અને છદ્મસ્થગુરૂની આહારાદિકથી સેવા કરે છે, માટે શ્રુતવ્યવહાર બળવાન્ છે, તેથી શ્રુતવ્યવહારને પ્રમાણ માનીને ગીતાર્થમુનિગુરૂની સેવાભક્તિ કરવી પણ નિશ્ચયનયથી એકાંતે આત્માને ગુરૂ માનીને શ્રુત-વ્યવહારી ગુરૂનો ત્યાગ ન કરવો અને તેમની આજ્ઞાનો ભંગ ન કરવો, આ કાલમાં શ્રુતવ્યવહારે સરાગસંયમી ગુરૂઓ વર્તે છે, માટે વીતરાગી ગુરૂનું વર્ણન વાંચીને સરાગીગુરૂનો ત્યાગ ન કરવો. વ્યવહારનય કથિત ગુરૂનો ત્યાગ કરતાં તીર્થોચ્છેદનું પાપ લાગે છે. કહ્યું છે કે-**गुणस्थानकक्रमारोहे.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**जइ जिणमयं पवज्जह, तामा ववहार निच्छये मुयह**
**ववहारनओच्छेय-तित्थुच्छेओ जओ भणिओ-॥ १ ॥**

જો તું જિનમતને અંગીકાર કરતો હોય તો વ્યવહારનય અને નિશ્ચયનયનો ત્યાગ ન કર. તેમાં પણ વ્યવહારનયનો ત્યાગ કરતાં તીર્થોચ્છેદ થાય છે એમ આગમમાં કથ્યું છે માટે શ્રુતવ્યવહાર-નયપ્રતિપાદિતગુરૂની સેવાભક્તિ કરવી અને તેમની આજ્ઞા પ્રમાણે વર્તવું. ધર્મપરીક્ષા ગ્રન્થ-પત્ર ૨૪૨ માં શ્રુતજ્ઞાની મુનિ ગુરૂને કેવલી સમાન કથ્યા છે. यथा.

**छउमत्थो पुण केवलि—**
**कप्पो अपमत्तसंजओ णेओ ॥**
**सोविअ संजमजोगे, उवउत्तो सुत्तआणाए ॥ १ ॥**

છદ્મસ્થ પણ કેવલી સરખો ગીતાર્થ મુનિ છે. તે કેવો ગીતાર્થ હોય છે તે જણાવે છે. અપ્રમત્ત સંયત અને તે શ્રુતની આજ્ઞાવડે સંયમયોગમાં ઉપયુક્ત એવો જાણવો. જ્યાંસુધી કેવલજ્ઞાન ન થાય ત્યાં સુધી ગુરૂની આજ્ઞા પ્રમાણે વર્તવાની જરૂર છે. આત્માનું ગુરૂપણું સત્તાએ અનાદિ કાલથી છે પણ નિમિત્ત કારણરૂપ ગીતાર્થ ગુરૂ વિના તે પ્રગટ થતું નથી. નિમિત્ત ગુરૂના શરણથી નૈશ્ચયિક ગુરૂત્વ કે જે આત્મામાં રહેલું છે તે પ્રગટે છે. આત્મા વસ્તુતઃ નિશ્ચયથી ગુરૂ છે પણ તે ગુરૂરૂપ ન થાય ત્યાંસુધી વ્યવહાર ગુરૂની આજ્ઞા પ્રમાણે વર્તવામાં જરામાત્ર પણ શંકા ન કરવી અને સદ્ગુરૂને સર્વસ્વાર્પણ કરીને ગીતાર્થગુરૂની સેવાભક્તિ કરવી. આચાર્ય, ગચ્છ, સંઘની સેવાભક્તિમાં અર્પાઈ જવું. આચાર્યની સેવાભક્તિમાં અર્પાઈ જતાં અલ્પકર્મબંધ અને કર્મની ઘણી નિર્જરા છે. દશાશ્રુતસ્કંધ ચૂર્ણીમાં આચાર્યાદિના અવર્ણવાદીઓને શિક્ષા કરવાનું લખ્યું છે. **तद्यथा-अवण्णवाई पडिहणेज्ज** તથા સૂત્રકૃદંગ ચૂર્ણિમાં **मिच्छदिट्ठीसु पडिहएसु सम्मत्तंथिरं होइ॥** જૈનસંઘ આચાર્ય ગચ્છાદિકના પ્રત્યનીકોને શિક્ષા કરવાથી સમ્યક્ત્વ સ્થિર થાય છે એમ અનેક સ્થળે જણાવ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तद्यथा बृहत्कल्पभाष्यवृत्तौ, आयरिए गच्छम्मिय, कुलगण संघेअचेइ अ विणासे, आलोइय पडिकंतो सुद्धो जं णिज्जरा बहुला॥ आचार्यस्य वा गच्छस्य वा कुलस्य वा गणस्य वा संघस्य वा चैत्यस्य वा विनाशे उपस्थितेसति सहश्रयोधिप्रभृतिना स्ववीर्य- महापयता तथा पराक्रमणीयं यथा तेषां आचार्यादीनां विनाशो नोपजायते, सच तथा पराक्रममाणो यद्यपराधमापन्नस्तथाऽप्या- लोचितप्रतिक्रान्तः शुद्धः गुरुसमक्षमालोच्य मिथ्यादुष्कृतप्रदान मात्रेणैवासौशुद्धइतिभावः ॥ कुतइत्याह यत् यस्मात् कारणात् विपुला महती निर्जरा कर्मक्षयलक्षणा तस्यभवति पुष्टालम्बन मवगम्य भगवदाज्ञया प्रवर्तमानत्वादिति ॥

વિષ્ણુકુમાર કાલિકાચાર્ય વગેરેનાં તથા નિશીથ ચૂર્ણીમાં સાધુઓના રક્ષણમાટે એકસાધુએ દંડવડે સિંહને માર્યો ઈત્યાદિ અનેક દષ્ટાંતો મોજુદ છે. ગૃહસ્થજૈનોને સ્વાસ્તિત્વમાટે દેશ, સંઘ, કુટુંબ, ભૂમિ, રાજ્યલક્ષ્મી આદિની જરૂર હોય છે. તેઓને પણ ચેટકરાજા વગેરેની પેઠે ધર્મની રક્ષા માટે ક્ષાત્રયોગ્ય ધર્મ્યયુદ્ધ કરવું પડે છે. ગુરૂના ભક્તોને ગુરૂની સેવાભક્તિમાં અપાઈ જવું તેજ સાર છે એમ નિમિત્તભુત તથા સમકિતચારિત્રદાયક ગુરૂના મહિમા- ને ગુરૂગીતામાં જણાવ્યો છે. કેટલાક પંડિત એવા પ્રતિપક્ષી દુર્જનો, નયોની અપેક્ષા ટાળીને ગ્રન્થના અપ્રતિષ્ઠા કરવા અવળો અર્થ કરી બાલજીવોને ભરમાવે એમ બનવા યોગ્ય છે. ગુરૂગીતામાં જ્યાં ત્યાં સાતનયોની અપેક્ષા ગર્ભિતગુરૂસ્વરૂપ જણાવ્યું છે.શ્રદ્ધાભક્તિથી ગુરૂને સેવતાં સર્વકાર્યની સિદ્ધિ થાય છે. દ્રોણાચાર્યની માટીની મૂર્તિ કરીને એકલવ્ય ભિલ્લે પૂજા કરી ધનુર્વિદ્યાની સિદ્ધિ કરી તો સાક્ષાત્ ગુરૂની સેવાભક્તિમાં અર્પાઇ જવાથી ભક્ત શિષ્ય આપો- આપ ગુરૂ અને પરમાત્મા બને તેમાં કશું કંઇ આશ્ચર્ય નથી. જે ગુરૂની મહત્તા જાણે છે તેજ ગુરૂનો ભક્ત શિષ્ય બની શકે છે. ગુરૂ ગીતામાં વ્યવહાર અને નિશ્ચયનય ગર્ભિત આધ્યાત્મિક સદ્ગુરૂ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વરૂપ દર્શાવવામાં આવ્યું છે, તેનો અનુભવ ખરેખર અધ્યાત્મજ્ઞાની સ્વપર સિદ્ધાંત જ્ઞાતા ગીતાર્થગુરૂની સેવાભક્તિથી જ ખૂલે છે, માટે ગીતાર્થગુરૂઓની પાસે જઈ તેઓની સેવાભક્તિ કરવી કે જેથી તેઓ ગુરૂગીતાના ભાવાર્થને નયોની અપેક્ષાએ સમજાવશે. મારા આત્માનું વલણુ વાચકોને કેટલાંક કારણોથી અધ્યાત્મપ્રતિ જણાશે અને તે યોગ્ય છે છતાં આગમવ્યવહાર પરંપરાદિની શ્રદ્ધા માન્યતા અને તે પ્રમાણે ઉપદેશમાં તથા યથાશક્તિ પ્રવર્તનમાં શ્રદ્ધાછતાં મારાથી જેટલું ન પ્રવર્તાય તેટલું હીનત્વ માનું છું. મ્હને જૈનશાસ્ત્રોની દરેક માન્યતામાં પૂર્ણવિશ્વાસ છે એમ વાચકો સરાજીને મારા લખાણુને નયોની અપેક્ષાએ જાણી મારી છદ્મસ્થ દૃષ્ટિથી થએલી ભૂલચુકદોષોની ક્ષમા કરશે. છેવટે રત્નાકર પચ્ચીશીનો ગુર્જર ભાષામાં શ્રીમદ્ દેવચંદ્ર મહારાજે આદીશ્વરની વિનતિરૂપ અનુવાદ કર્યો છે તે પ્રાંતમાં દાખલ કર્યો છે. ભજનસંગ્રહ નવમા ભાગનાં આદ્યનાં ભજનો ગ્રન્થો અને પદ્યોને સં. ૧૯૭૬ ની સાલનું વિજાપુરમાં ચોમાસું કર્યું ત્યારે ચોમાસામાં રચવામાં આવ્યાં છે. સુદર્શનાસુબોધ, શ્રેણિકસુબોધ, પ્રિયદર્શના પ્રબોધ, શ્રાવિકાસુબોધ, અભયકુમાર નીતિબોધ, જીવકબોધ, વગેરે પત્ર ૨૪૧ સુધીનાં કાવ્યો વિજાપુરના સં. ૧૯૭૬ ના ચોમાસામાં જ્ઞાનમંદિરના ભોંયરામાં રચેલાં છે. સં. ૧૯૭૭ નું ચોમાસું સાણંદમાં ત્યાંના સંઘના આગ્રહ ભક્તિ પરિણામથી કરવામાં આવ્યું ત્યારે ત્યાં સાણંદમાં સર્વ કોમમાં જે કોઇ દારૂ વાપરતા હોય તેઓને દારૂ નહિ વાપરવાનો બોધદેવાથી સાણંદની સર્વકોમે ભેગા મળી દારૂ નહિ વાપરવાનો ઠરાવ કર્યો હતો તે વખતે દારૂ નહીં વાપરવા સંબંધી રજપુતોના ચોરામાં બોધ આપ્યો હતો તેમજ વહોરાના ઝીનમાં સાણંદની સર્વ કોમો આગળ ઉપદેશ આપી ઠરાવ કરાવ્યો હતો. તેમજ મહુડી વગેરે ગામોમાં દારૂ નહીં વાપરવાના ઠરાવો કરાવ્યા હતા, તે વખતે સાણંદમાં દારૂની કવિતા રચી હતી. દારૂની કવિતાની આગળની સર્વકવિતાઓ કે જે પત્ર ૩૨૧ સુધીની છે તે સાણંદમાં રચવામાં આવી હતી અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પત્ર ૩૨૨ થી ૨૫૨ સુધીનાં કાવ્યોને મેસાણા વગેરે સ્થળે રચવામાં આવ્યાં છે. ગુરૂગીતાને સં. ૧૯૭૨ ની સાલમાં વિજાપુરમાં રચી છે. ગુણાનુરાગી મનુષ્યો, સત્યના આકાંક્ષીજનો, જ્યાં ત્યાંથી ગુણાનુરાગ દૃષ્ટિથી સત્ય ગ્રહણ કરે છે, તો તેઓ આ પુસ્તકમાંથી જે જે રૂચે તે હંસની પેઠે ગ્રહણ કરો અને આત્માની ઉન્નતિ તથા શુદ્ધિ કરો. સર્વવિશ્વજીવો આત્માની શુદ્ધિના માર્ગે વળો. સર્વ જૈનોની ઉન્નતિ થાઓ.

इत्येवं ॐ अर्हं महावीर शांन्तिः ३

---

સં. ૧૯૭૯ શ્રાવણ સુદિ ૨ મુ. વિજાપુર.

# મુનિશ્રી દેવેન્દ્રસાગરજીનું જીવનચરિત્ર.

---

મુનિશ્રી દેવેન્દ્રસાગરજીની જન્મભૂમિ ગેરિતાગામ છે. વિજાપુરથી પશ્ચિમ દિશાએ ચાર ગાઉ પર ગેરીતાગામ છે. ગેરીતાગામમાં પહેલાં પંડિત મુનિયો આવીને રહેતા હતા તેમનું સંસારી નામ ડાહ્યાભાઇ હતું અને તેમના પિતાનું નામ પિતાંબરદાસ હતું. તેમના કાકા સુરચંદભાઇ સ્વરૂપચંદ તથા મૂલચંદ સ્વરૂપચંદ એ બે હતા અને તે બે વિજાપુરના વતની હતા સુરચંદભાઇએ જ્ઞાનશીતલ વિલાસ વગેરે ગ્રંથો રચ્યા છે. સૂરચંદભાઇ વગેરે ત્રણે ભાઇ યુવાવસ્થામાં શિનોર પાસેના સાડલી વગેરે ગામમાં વ્યાપાર નિમિત્તે ગયા હતા. ત્યાં શ્રી હુકુમમુનિજીની સંગતિ થતાં તેઓ તેમના શ્રાવકો થયા હતા. પિતાંબરદાસ પાલેજમાં વ્યાપાર કરવા ગયા અને મૂલચંદભાઈ પણ પાલેજમાં વ્યાપાર નિમિત્તે ગયા. સુરચંદભાઈએ વિજાપુર આવ્યા બાદ વ્યાપારનો ત્યાગ કર્યો હતો. તે ત્રણમાં સુરચંદભાઇ વિશેષ વિદ્વાન્ હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિજાપુર વિશાશ્રીમાળી જ્ઞાતિના શ્રેષ્ઠ શા. દલસુખભાઇ સરૂપચંદ પણ એ ત્રણની ટોળીમાં ભળ્યા અને તે પણ હુકમમુનિજીના શ્રાવક બન્યા, તેમના પરિચયમાં ડાહ્યાભાઇ આવ્યા તેથી તેમને પણ તેમના નૈશ્ચયિક આધ્યાત્મિક સંસ્કારની અસર થઇ, પશ્ચાત્ સ. ૧૯૬૦ સાલમાં એ ચાર શ્રાવકની ટોળી અમારા સમાગમમાં આવી અને અમારાપર તેમની શ્રદ્ધા બેઠી. છેવટે સૂરચંદભાઇને તથા મૂલચંદભાઇને તથા પિતાંબરદાસને અમારા બોધથી વ્યવહારનય અને નિશ્ચયનય બેની શ્રદ્ધા થઇ. પિતાંબરદાસને પણ શ્રદ્ધા થઇ ડાહ્યાભાઈએ અમારી પાસે યોગાભ્યાસ શરૂ કર્યો. તેમણે આધ્યાત્મિક અનેક ગ્રન્થોનું વાચન શરૂ કર્યું. છેવટે તેમની અને દલસુખભાઈની ચારિત્ર લેવા ઇચ્છા પ્રગટી. દલસુ-ખભાઇ વૃદ્ધ થયા હતા તેથી તેમને ના પાડી. ડાહ્યાભાઈએ સં. ૧૯૬૯ ની સાલમાં કાઠિયાવાડમાં રાંણપુરમાં માગશર માસમાં પં. અજિતસાગરગણિ પાસે અમારા નામની દીક્ષા અંગીકાર કરી અને તેમનું દેવેન્દ્રસાગર નામ પાડવામાં આવ્યું. તેમણે જ્ઞાનગર્ભિત વૈરાગ્યથી દીક્ષા અંગીકાર કરી. તેમણે દીક્ષા લીધી ત્યારે તેમની સ્રીને પુત્ર પ્રસવે વીસ દિવસ થયા હતા તેમણે તેનું વાડીલાલ નામ પાડયું હતું તેમની દીક્ષાથી તેમની સ્રીને અને સગાંને ઘણું લાગી આવ્યું પણ તેઓને બોધ આપવાથી તેઓ ખુશી થયાં. મુનિ દેવેન્દ્રસાગરે પ્રકરણો વગેરેનો સારી રીતે અભ્યાસ કર્યો અને સંસ્કૃત ભાષાના વ્યાકરણનો અભ્યાસ કરી ન્યાયશાસ્રનો અભ્યાસ શરૂ કર્યો. સ. ૧૯૭૦ ની સાલનું ચોમાસું અમારી સાથે માણસામાં કર્યું અને પર્યુષણમાં તેમણે અઠ્ઠાઇ તપ ( આઠ દિવસના ઉપવાસ ) કર્યો. સં. ૧૯૭૧ નું સાલનું પેથાપુરમાં ચોમાસું કર્યું તે વખતે તેણે અમારી સાથે ચોમાસું કર્યું સં ૧૯૭૨ નું ચોમાસું તેણે અમદાવાદમા કર્યું, અને ત્યાં મુક્તાવલી વગેરે ન્યાયગ્રન્થોનો અભ્યાસ કર્યો. સં. ૧૯૭૩ નું ચોમાસુ અમારું પેથાપુરમા થયું ત્યારે તેણે અમારા ભેગું ચોમાસું કર્યું. ચોમાસા બાદ ત્યાંથી વિજાપુરમાં આવવાનું થયું. વિજાપુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રમાં પ્લેગ ચાલવાથી ગામની બહાર સ્ટેશન પાસે કાળુમિયાના ખેતરમાં ગુરૂ આંબાનીચે તંબુમાં રહેવાનું થયું. ત્યાં બસે શ્રાવકનાં ઘર વસ્યાં હતાં સં. ૧૯૭૪ સાલના પોશ, માઘ, ફાગણુ એ ત્રણુ માસમાં છાપરે તંબુમાં ગાળ્યા, તેમણે અમારી પાસેથી યૌગિક આધ્યાત્મિક જ્ઞાનનું આનુભવિક શિક્ષણુ મેળવ્યું. સં. ૧૯૭૪ નું સાલનું અમારૂં ચોમાસું વિજાપુરમાં કર્યું ત્યારે તેણે કારણુસર અમદાવાદ વિહાર કર્યો અને સાણંદ ચોમાસું કરવા ગયા અને ત્યાં સ્થિરતા કરી તેણે વ્યાખ્યાનમાં ઉત્તરાધ્યયનસૂત્ર વાંચવુ શરૂ કર્યું હતું. કર્મયોગે અષાડ સુદિ છઠ્ઠથી જ્વર શરૂ થયો, પશ્ચાત્ વિશેષ માંદગી થૈ અને સં. ૧૯૭૪ અષાડ સુદિ તેરસે તેણે શરીરનો ત્યાગ કર્યો અને સ્વર્ગગમન કર્યું. તેના આત્માને શાંતિ મળો. દેવેન્દ્રસાગરની પ્રકૃતિ શાંત, સરલ, સત્યગ્રાહી તથા જ્ઞાનગ્રાહી હતી. તેણે પંચમહાવ્રતને સારીરાતે વાળીને મનુષ્ય જન્મ સફલ કર્યો. સંસારમાંથી તેની બિલ્કુલ આસક્તિ ઉઠી ગઇ હતી તેથી તેણે સ્ત્રીને પુત્ર થતાં પણુ પુત્રમોહ ટાળી પોતાના વૈરાગ્યબળે દીક્ષા લીધી. સાણંદમાં તેના શરીરની અગ્નિસંસ્કાર ક્રિયા ગોથિયામાં પહેલી રાયણુના વૃક્ષતળે કરવામાં આવી હતી, તે વખતે અમદાવાદથી શેઠ મણિભાઇ દલપતભાઇ તથા ભગત શા. વીરચંદભાઇ ગોકળભાઈ વિગેરે ઘણા જૈનો ગયા હતા. તેની સાથે પત્ર વ્યવહારમાં જે જે પત્રો ઉપયોગી હતા, તેઓને પત્ર સદુપદેશ બીજા ભાગમાં છપાવ્યા છે. તેના અગ્નિસંસ્કારાદિ પ્રસંગે ચડાવાના રૂ. ૨૨૫, ઉપજ્યા હતા તે સાણંદના સાગરગચ્છના સંઘે ભજનસંગ્રહ નવમા ભાગમાં છપાવવા ખાતે આપ્યા છે. શ્રી દેવેન્દ્રસાગરજી જેવા ત્યાગી વૈરાગી યોગાભ્યાસી મુનિવરોથી જૈનશાસનની વૃદ્ધિ થાઓ. મુનિ અમૃતસાગરજી, મુનિજીતસાગરજી અને મુનિદેવેન્દ્રસાગરજી જેવા યુવક ઉત્સાહી જૈનધર્મોન્નતિકારક મુનિવરોની યાદી સદા રહો અને એવા ઉત્તમ મુનિયો વિશ્વમાં પ્રગટો.

इत्येवं ॐ अर्हं महावीर शान्तिः ३

વિ. સં. ૧૯૭૯ શ્રાવણુ સુદિ બીજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભજન પદસંગ્રહ ભાગ ૯ માનું શુદ્ધિ પત્રક

| પત્ર. | લીટી. | અશુદ્ધિ. | શુદ્ધિ. |
|---|---|---|---|
| ૩ | ૮ | થાવત | તથા |
| ૨ | ૨૩ | અનંદ | આનંદ |
| ૪ | ૨૪ | અત્મા | આત્મા |
| ૬ | ૩ | જયકર | જયકાર |
| ૬ | ૧૭ | સગ | સંગ |
| ૬ | ૨૧ | વૈ | વૈરી |
| ૭ | ૧૭ | નાશ | વિનાશ |
| ૭ | ૧૭ | જતાં | થતાં |
| ૮ | ૧૫ | નાજો | નારજો |
| ૯ | ૨૧ | ત્યાય | ત્યાંય |
| ૧૨ | ૯ | હોય | હોય ત્યાં પ્રભુ તા શાંતિ |
| ૧૬ | ૧૪ | શુળા | શુભા |
| ૨૧ | ૬ | મંહિ | માંહિ |
| ૨૧ | ૭ | બને | બને છે |
| ૨૩ | ૬ | અંનત | અનત |
| ૨૫ | ૧૯ | અનુકરણુ | અનુકરણ છે |
| ૨૬ | ૯ | આત્મા ડમરતા | આત્મા અમરતા |
| ૨૭ | ૫ | થતો | થાતો |
| ૨૮ | ૩ | રગરગ મરે | રગરગમાંરે |
| ૩૧ | ૧૯ | કર્યા | કર્યાં |
| ૩૪ | ૧૭ | ગુણો | ગણો |
| ૩૪ | ૨૩ | બરા | બૂરા |
| ૪૬ | ૧૩ | કરે | કર |
| ૪૧ | ૮ | નરો | કરો |
| ૪૧ | ૧૮ | જીવન | જીવ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | |
|---|---|---|---|
| ૪૨ | ૧૯ | ઘત | ઘાત |
| ૪૨ | ૨૭ | મરૂ | મારૂ |
| ૪૩ | ૨૧ | અદિ | આદિ |
| ૪૪ | ૧૭ | શ્વન | શ્વાન |
| ૪૬ | ૨૩ | મત્ર | મત |
| ૪૬ | ૨૩ | છડો | છંડો |
| ૪૭ | ૭ | રે | દૂરે |
| ૪૭ | ૨૫ | ભાવમ | ભાવમાં |
| ૪૮ | ૧૪ | કુસપ | કુસંપ |
| ૪૮ | ૨૨ | દ્વેષ | દ્વેષન |
| ૪૯ | ૯ | બળવત | બળવંત |
| ૫૨ | ૧૩ | ત્યા | ત્યાં |
| ૫૨ | ૨૫ | શી | શીર્ષ |
| ૫૪ | ૩ | પાત | પતિ |
| ૫૪ | ૧૩ | ત્યગ | ત્યાગ |
| ૫૪ | ૨૩ | પાણાતે | પ્રાણાંતે |
| ૫૫ | ૨ | શતિ | શાન્તિ |
| ૫૬ | ૧૧ | ખત | ખંત |
| ૫૬ | ૨૩ | ત્યાય | ત્યાંય |
| ૫૮ | ૧૯ | રે | કરે |
| ૫૮ | ૨૪ | વસત | વસતાં |
| ૬૧ | ૨૦ | ભક્તોમા | ભક્તોમાં |
| ૬૨ | ૧૯ | ચઊપસ | ચઊપાસ |
| ૬૩ | ૧૫ | મહિ | માંહિ |
| ૬૪ | ૩ | બરા | બૂરા |
| ૬૬ | ૧૦ | વર્ત | વર્તે |
| ૬૭ | ૨૭ | જ | નિજ |
| ૬૮ | ૨૯ | વરાગી | વૈરાગી |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | |
|---|---|---|---|
| ૭૩ | ૩ | ભક્તા | ભક્તો |
| ૭૩ | ૧૦ | બરા | બૂરા |
| ૭૩ | ૨૭ | ભક્તા | ભક્તો |
| ૭૩ | ૨૮ | ખ્યલ | ખ્યાલ |
| ૭૪ | ૯ | ધમ | ધર્મ |
| ૭૫ | ૨૪ | નક્ક | નક્કી |
| ૭૫ | ૨૯ | સયમ | સંયમ |
| ૭૭ | ૧૭ | ભગવાનનૂ | ભગવાન્ |
| ૭૮ | ૧૩ | બધો | બંધો |
| ૮૫ | ૧૯ | દિલમા | દિલમાં |
| ૯૩ | ૫ | બીજુ | બીજું |
| ૯૫ | ૧૫ | ર્થ | વ્યર્થ |
| ૧૦૨ | ૧૭ | સંર્વ | સર્વે |
| ૧૦૭ | ૨૩ | સયોગ | સંયોગ |
| ૧૧૦ | ૯ | ધર્મ | ધર્મ |
| ૧૧૫ | ૫ | મનડાં | મનડા |
| ૧૨૧ | ૨૬ | છડો | છંડો |
| ૧૨૪ | ૩ | પ્રકૃત્તિ | પ્રકૃતિ |
| ૧૨૭ | ૨ | સ્વ | સ્વ |
| ૧૨૭ | ૨૬ | પંડત | પડંત |
| ૧૩૫ | ૧૧ | બ્રહ્ય | બ્રહ્મ |
| ૧૩૭ | ૧૩ | ચિદાનદ | ચિદાનંદ |
| ૧૩૭ | ૨૪ | નિરિક્ષણ | નિરીક્ષણ |
| ૧૩૮ | ૧૬ | ઊપ | ઉપસ્થ |
| ૧૩૯ | ૬ | લી | ધૂલી |
| ૧૪૨ | ૩ | પખી | પંખી |
| ૧૪૨ | ૯ | ય્યાખ્યા | વ્યાખ્યા |
| ૧૫૪ | ૨૮ | સા | શાં |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | |
|---|---|---|---|
| ૧૫૫ | ૮ | છપાતો | છૂપાતો |
| ૧૫૬ | ૩ | આગળ મૂક્યાં | આગળ |
| ૧૬૧ | ૨૩ | નિદા | નિંદા |
| ૧૬૭ | ૪ | શ્રણિ | શ્રણિ |
| ૧૬૭ | ૧૯ | સવાવસ્થા | સર્વાવસ્થા |
| ૧૬૮ | ૯ | ધરવારે | ધરવાંરે |
| ૧૬૯ | ૧૭ | પાચમું | પાંચમું |
| ૧૭૯ | ૧૬ | બાધી | બાંધી |
| ૧૯૩ | ૧૦ | રસનાર | રમનારા |
| ૧૯૫ | ૧૪ | ચચલ | ચંચલ |
| ૨૦૮ | ૧૪ | કર્મોસાં | કર્મોમાં સત્ય |
| ૨૦૯ | ૧૫ | દંપતીમોક્ષ | દંપતીમોક્ષ ગ્રન્થ |
| ૨૧૧ | ૨ | જાગતા | જાગતાં |
| ૨૧૨ | ૧૨ | બ્રહ્ય | બ્રહ્મ |
| ૨૧૨ | ૧૩ | કૂલનજાતિ | જાતિ |
| ૨૨૨ | ૧૭ | આઘારો | આધારો |
| ૨૨૮ | ૨૪ | બ્રહ્ય | બ્રહ્મ |
| ૨૨૮ | ૨૫ | એવી | એવી દેવાનંદા |
| ૨૩૪ | ૧૭ | જીવતો | જીવંતો |
| ૨૩૭ | ૧૮ | આમસતમ | આતમસમ |
| ૨૩૭ | ૧૮ | દેખવો | દેખવું |
| ૨૪૧ | ૨૪ | જે | જો |
| ૨૪૯ | ૧૯ | પરભ્રહ્મ | પરબ્રહ્મ |
| ૨૪૯ | ૨૩ | મત્ર | મંત્ર |
| ૨૫૦ | ૯ | મહુત | મહુંત |
| ૨૫૧ | ૬ | કરજા | કરજો |
| ૨૫૨ | ૭ | શ્રય | શ્રેય |
| ૨૫૪ | ૯ | પ્રભુના | પ્રભુનો |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | |
|---|---|---|---|
| ૨૫૬ | ૨૭ | સમજ્યા | સમજ્યાથી |
| ૨૭૩ | ૧૧ | બરૂ | બૂરૂ |
| ૨૮૨ | ૪ | સુર્વાગો | સર્વાગે |
| ૨૮૨ | ૧૬ | ધતિ | ધૃતિ |
| ૨૮૬ | ૨ | સપ | સંપ |
| ૨૯૧ | ૨ | ચકો | ચૂકો |
| ૨૯૬ | ૨૯ | જીવતાં | જીવંતા |
| ૨૯૮ | ૨૨ | સવ | સર્વ |
| ૩૦૦ | ૬ | સતો | સંતો |
| ૩૦૧ | ૧૬ | બની | બનો |
| ૩૦૪ | ૯ | કાર્યો | કાર્યે |
| ३३० | २१ | राजय | राज्य |
| ३३६ | १२ | घर्मी | धर्मी |
| ३३६ | १३ | रागो | रोगो |
| ३३८ | ११ | आमण | आतम |
| ३४३ | २३ | व्यवहार | व्यवहार |
| ३३४ | ९ | सर्व | सर्वे |
| ३४५ | १० | कामना | कामनो |
| ३४५ | १२ | मैत्रा | मैत्री |
| ३४७ | १० | अंधकार | अंधकारो |
| ३४८ | ५ | रीझा | रीझो |
| ३४८ | २४ | वु | वु |
| ३५० | ६ | टाळा | टाळो |
| ३५० | १२ | आपशा | आपशो |
| ३५१ | २ | त्यां | ज्यां |
| ३५१ | ७ | करुण | करुणा |
| ३५३ | ३ | गवेके | गैवेके |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | |
|---|---|---|---|
| ३५६ | ४ | अभवाने | अभवीने |
| ३५९ | १० | कहाए | कहीए |
| ३५९ | १६ | कराए | करीए |
| ३६२ | २ | पच | पंच |
| ३६६ | ३ | होय छे | होय |
| ३६६ | १५ | माहे | मोहे |
| ३६६ | २७ | करे | करेने |
| ३६७ | २० | मूनि | मुनि |
| ३६७ | २२ | वित् | विद् |
| ३६८ | ८ | थाव | थावे |
| ३६८ | १६ | मूयगडांग | सूयगडांग |
| ३६८ | १८ | सुत्रमां | सूत्रमां |
| ३७४ | १४ | साथी | स्याथी |
| ३७५ | ५ | परमाथ | परमार्थ |
| ३७६ | २५ | म | में |
| ३८२ | २३ | नवी | नहीं |
| ३९० | २८ | भाति | भ्रान्ति |
| ३९२ | २ | गुरु | गुरुः । |
| ३९२ | २३ | परज्योति | परंज्योति |
| ४०० | ८ | तारकश्र | तारकश्च |
| ४०३ | १२ | मना | मनो |
| ४०४ | १५ | ज्याति | ज्योति |
| ४०९ | १ | ५०९ | ४०९ |
| ४१० | १ | ५१० | ४१० |
| ४११ | १ | ५११ | ४११ |
| ४१२ | १ | ५१२ | ४१२ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# भजनसंग्रह नवमा भागनी विषयानुक्रमणिका.


| विषयांक. | विषय. | पत्र. |
|---|---|---|
| १ | अधिकारी बनो. | १ |
| २ | प्रभुमय जीवन. | २ |
| ३ | मृत्यु अने जीव. | ३ |
| ४ | सहकार अने असहकार. | ४ |
| ५ | श्राविकासुबोध–ग्रन्थ. | ८ |
| ६ | श्री अभयकुमार नीतिबोध–ग्रन्थ. | ११ |
| ७ | प्रियदर्शना प्रबोध–ग्रन्थ. | २० |
| ८ | सुदर्शना सुबोध–ग्रन्थ. | २९ |
| ९ | प्रभु महावीरदेवनो जीवकबोध–ग्रन्थ | ८० |
| १० | श्रेणिक सुबोध–ग्रन्थ. | १०४ |
| ११ | महाप्रभु महावीरदेवनो वैराग्योपदेश. | ११४ |
| १२ | प्रभु महावीरदेवनो जैनोने उपदेश. | ११५ |
| १३ | परब्रह्म महावीर प्रभुनो विश्वने उपदेश. | ११६ |
| १४ | देव अने राक्षस ग्रन्थ. | ११७ |
| १५ | स्वदेश. | १२० |
| १६ | चतुर्वर्ण स्वरूप आत्मा | १२२ |
| १७ | असंख्यप्रदेश खंडरूप आत्मविश्व | १२३ |
| १८ | भारतदेश | १२४ |
| १९ | परतंत्रता | १२५ |
| २० | स्वतंत्रता | १२७ |
| २१ | स्वराज्य | १२९ |
| २२ | आस्तिक | १३२ |
| २३ | नास्तिक | १३३ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| २४ | खरा ए संत भक्तो छे | १३४ |
| २५ | पवित्र ग्रन्थ | १३५ |
| २६ | स्नान ग्रन्थ | १३७ |
| २७ | तीर्थयात्रा–ग्रन्थ | १४१ |
| २८ | ब्राह्मण | १४४ |
| २९ | ब्राह्मण | १४५ |
| ३० | महावीर जाप | १४६ |
| ३१ | महावीर शरण | १४८ |
| ३२ | आत्म महावीर–ग्रन्थ | १५१ |
| ३३ | आत्म महावीर लगनी | १५३ |
| ३४ | कर्ममाया | १५६ |
| ३५ | कर्मभोग | १५८ |
| ३६ | बे परवा | १६० |
| ३७ | प्रेम त्यां प्रभुदर्शन | १६१ |
| ३८ | लालन | १६२ |
| ३९ | मन वशाकर | १६३ |
| ४० | त्यागपणुं | १६५ |
| ४१ | मुक्ति महेलनां चउद पगथीयां ग्रन्थ | १६९ |
| ४२ | प्रभु प्रेमीनां लक्षण | १७० |
| ४३ | महावीर प्रभुनी भक्ति | १७१ |
| ४४ | यशोदानी प्रभु महावीर भक्ति | १७२ |
| ४५ | मोहनी कुरबानी ग्रन्थ | १७३ |
| ४६ | यज्ञ स्वरूप ग्रन्थ | १७५ |
| ४७ | प्रियदर्शना प्रबोध ग्रन्थ | १८१ |
| ४८ | यशोदानी प्रियदर्शना पुत्रीने हितशिक्षा ग्रन्थ. | २०५ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



४९ त्रिशलाए आपेल पतिलक्षण बोधग्रन्थ २०७
५० दंपती मोक्ष ग्रन्थ २०९
५१ श्री महावीर प्रभुनो नंदिवर्धनने आत्म-
बोध ग्रन्थ २११
५२ आत्मप्रकाश २१५
५३ अनन्त ब्रह्मवर्तुल २१६
५४ मनदृष्टि अने आत्मदृष्टि २१७
५५ आत्मकमाणी २१७
५६ आत्मोपयोग २१८
५७ म्हने २१९
५८ अनादि अनंतात्मा २२१
५९ सत्संगति २२३
६० मारो पाछळ आवो नहि २२६
६१ महावीर मेळ २२८
६२ मृत्यु पाछळ ग्रन्थ २२९
६३ मृत्यु पाछळ २३२
६४ नित्य दिवाळी २३८
६५ यादी २३९
६६ दारु २४२
६७ खादी २४३
६८ संप २४३
६९ गाय २४४
७० दारु २४५
७१ हरणोनी स्वतंत्रता ग्रन्थ २४६
७२ स्वदेशभक्त २४७

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| ७३ | आत्मरूप भारतदेश | २४८ |
| ७४ | साणंद गोधावी | २५० |
| ७५ | जीवतां ते मरेला | २५१ |
| ७६ | मरेला पण जीवता | २५२ |
| ७७ | हिन्दुस्तान | २५३ |
| ७८ | प्रभुनो हिन्दने उपदेश | २५४ |
| ७९ | हिन्द जाग | २५५ |
| ८० | भारत महावीर | २५६ |
| ८१ | हिन्दनी उन्नति | २५७ |
| ८२ | पींजरनो पोपट अने पोपटनुं टोळु ग्रन्थ | २५८ |
| ८३ | स्वराज्य लायक | २६० |
| ८४ | देशी राजाओने शिक्षा ग्रन्थ | २६१ |
| ८५ | विश्वोद्धारक | २६३ |
| ८६ | सुधारा | २६४ |
| ८७ | दया | २६५ |
| ८८ | सर्वविश्वनी शांतिनो उपदेश | २६६ |
| ८९ | तप | २६७ |
| ९० | स्वराज्य | २६८ |
| ९१ | संप | २६९ |
| ९२ | शक्ति | २७० |
| ९३ | स्वाधिकार धर्म | २७१ |
| ९४ | व्यभिचार | २७२ |
| ९५ | सर्वखंडना लोकोने सदुपदेश | २७३ |
| ९६ | उठो | २७४ |
| ९७ | आत्मा तेज विश्वदेव राजा छे | २७५ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| ९८ | कोइनुं बूरू न करो | २७६ |
| ७९ | न्याय | २७६ |
| १०० | गुणग्रहण | २७७ |
| १०१ | मांसभक्षणथी पाप | २७८ |
| १०२ | जुगार | २७९ |
| १०३ | सत्संगति | २८० |
| १०४ | हिन्दनी प्रगतिनो हिंदने बोध | २८० |
| १०५ | स्वराज्यनी दिशा | २८२ |
| १०६ | पोताने न भूल | २८३ |
| १०७ | फूट | २८४ |
| १०८ | विश्वसंदेश ग्रन्थ | २८६ |
| १०९ | स्वराज्य | ३०८ |
| ११० | स्वदेशीओने शीख | ३०९ |
| १११ | पोपटनुं बच्चुं अने उपदेश ग्रन्थ | ३१० |
| ११२ | हिन्दउठ | ३१९ |
| ११३ | वंदेमातरम् | ३२० |
| ११४ | अधिकारीओने शिखामण | ३२२ |
| ११५ | धनवंतोने शिखामण | ३२३ |
| ११६ | स्वराज्यथी भ्रष्ट थनाराओ | ३२४ |
| ११७ | खरूं छे ब्रह्मराज्य सुखकारी | ३२५ |
| ११८ | स्वराज्य लायकात | ३२५ |
| ११९ | मनुष्यो स्वराज्य लायक थाशो | ३२७ |
| १२० | हमेरा आतम भारतठामा | ३२८ |
| १२१ | हमेरा सत्य स्वराज्य पिछाना | ३२८ |
| १२२ | व्यभिचार त्याग | ३२९ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | |
|---|---|---|
| १२३ | ब्रिटीश राज्य | ३३० |
| १२४ | भारतरूपीगाय | ३३१ |
| १२५ | अमारे विश्वथकी सहकार | ३३२ |
| १२६ | धर्मीनां लक्षण | ३३४ |
| १२७ | युवानो जाळवी राखो जुवानी | ३३५ |
| १२८ | धर्मीवनो नरनार | ३३६ |
| १२९ | आतम आपस्वरूप विचारो | ३३७ |
| १३० | मनुष्यो !!! धर्मरोकडीयो धारो | ३३८ |
| १३१ | आयुष्यनी क्षणिकता | ३३९ |
| १३२ | *अरे जीव मानवभवशीद हारे* | ३४० |
| १३३ | प्रभु महावीरनी वाटे वहेला धर्मीओ झट चालशो. | ३४० |
| १३४ | सज्जन संतनां लक्षण एवां जाणशो | ३४१ |
| १४५ | धर्मीबनो नरनार | ३४३ |
| १३६ | धर्मशास्त्र | ३४५ |
| १३७ | मनुष्यो !!! गुणनुं स्वरुप विचारो | ३४६ |
| १३८ | मनुष्यो समकितदृष्टि धारो | ३४७ |
| १३९ | स्वदेशो चीजो वापरो | ३४८ |
| १४० | महावीर !!! कोइक तुजने जाणे | ३४९ |
| १४१ | महावीर स्तवनम् | ३४९ |
| १४२ | प्रभो !!! मुज करुणा करोने तारो | ३५० |
| १४३ | महावीर स्वरूप | ३५१ |
| १४४ | महावीरशरण कर्युं एक म्हारुं | ३५२ |
| १४५ | सद्गुरु स्वरूप 'ग्रन्थ | ३५३ |
| १४६ | अथसत्तानयनिश्चयनयगर्भितगुरु गीता ग्रन्थ | ३८५ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| १४७ | गुरुस्वरूपम् | ३९३ |
| १४८ | गुरुसेवाफलम् | ३९४ |
| १४९ | गुर्वाज्ञा | ३९४ |
| १५० | गुरुभक्तः | ३९६ |
| १५१ | गुरुब्रह्म | ३९७ |
| १५२ | गुरुध्यानम् | ३९८ |
| १५३ | गुरुमाहात्म्यम् | ३९९ |
| १५४ | धर्माधर्मफलम् | ४०० |
| १५५ | सद्गुरु कृपा | ४०१ |
| १५६ | सद्गुरु भावना | ४०२ |
| १५७ | गुरुबुद्धि | ४०३ |
| १५८ | सद्गुरु महिमा | ४०४ |
| १५९ | अथ श्रीमद् देवचन्द्रजी कृत श्रीसिद्धाचल गिरिमंडन श्रीआदिजिन विनतिरूप स्तवन प्रारंभ. | ४०९ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री अध्यात्मज्ञानप्रसारक मंडळ तरफथी
## श्रीमद् बुद्धिसागरसूरिजी ग्रन्थमाळामां
## प्रगट थयेला ग्रन्थो.

| ग्रथांक | | पृष्ठ | किंमत. |
|---|---|---|---|
| १ | क. भजन संग्रह भाग १ लो. | २०० | ०–८–० |
| * १ | अध्यात्म व्याख्यानमाळा. | २०६ | ०–४–० |
| * २ | भजनसंग्रह भाग २ जो. | ३३६ | ०–८–० |
| * ३ | भजनसंग्रह भाग ३ जो. | २१५ | ०–८–० |
| * ४ | समाधिशतकम्. | ६१२ | ०–८–० |
| * ५ | अनुभवपच्चिशी. | २४८ | ०–८–० |
| ६ | आत्मप्रदीप, | ३१५ | ०–८–० |
| * ७ | भजनसंग्रह भाग ४ थो. | ३०४ | ०–८–० |
| ८ | परमात्मदर्शन. | ४३२ | ०-१२-० |
| * ९ | परमात्मज्योति. | ५०० | ०-१२-० |
| * १० | तत्त्वबिंदु. | २३० | ०–४–० |
| * ११ | गुणानुराग. ( आवृत्ति बीजी | २४ | ०–१–० |
| * १२–१३. | भजनसंग्रह भाग ५ मो तथा ज्ञानदीपिका. | १९० | ०–६–० |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | |
|---|---|---|---|
| * | १४ तीर्थयात्रानुं विमान (आ.बीजी) | ६४ | ०–२–० |
| * | १५ अध्यात्म भजनसंग्रह | १९० | ०–६–० |
| * | १६ गुरुबोध. | १७४ | ०–४–० |
| * | १७ तत्त्वज्ञानदीपिका | १२४ | ०–६–० |
| | १८ गहूंलीसंग्रह भा. १ | ११२ | ०–३–० |
| * | १९--२० श्रावकधर्मस्वरूप भाग १-२ ( आवृत्ति त्रीजी ) | ४०–४० | –१–० |
| * | २१ भजनपदसंग्रह भाग ६ ठो. | २०८ | ०-१२-० |
| | २२ वचनामृत, | ८३० | ०-१४-० |
| | २३ योगदीपक. | ३०८ | ०-१४-० |
| | २४ जैन ऐतिहासिक रासमाळा, | ४०८ | १–०–० |
| * | २५ आनन्दघनपदसंग्रह भावार्थसहित | ८०८ | २–०–० |
| * | २६ अध्यात्मशान्ति (आवृत्ति बीजी) | १३२ | ०–३–० |
| * | २७ काव्यसंग्रह भाग ७ मो. | १५६ | ०–८–० |
| * | २८ जैनधर्मनी प्राचीन अने अर्वाचीन स्थिति. | ९६ | ०--२--० |
| * | २९ कुमारपाल ( हिंदी ) | २८७ | ०--६--० |
| | ३० थी ४–३४ सुखसागर गुरुगीता. | ३०० | ०--४--० |
| | ३५ षड्द्रव्य विचार. | २४० | ०--४--० |
| * | ३६ विजापुर वृत्तांत. | ९० | ०--४--० |
| | ३७ साबरमती काव्य. | १९६ | ०--०--० |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | |
|---|---|---|
| ३८ प्रतिज्ञा पालन. | ११० | ०--५--० |
| ३९-४०-४१ जैनगच्छमतप्रबंध संघप्रगति जैनगीता. | ३०४ | १--०--० |
| ४२ जैन धातुप्रतिमा लेख संग्रह भा. १ | | १--०--० |
| ४३ मित्रमैत्री. | | ०--८--० |
| ४४ शिष्योपनिषद्. | ४८ | ०--२--० |
| ४५ जैनोपनिषद्, | ४८ | ०--२--० |
| ४६-४७ धार्मिक गद्यसंग्रह तथा सदुपदेश भाग १ लो. | ९७६ | ३-०-० |
| ४८ भजनसंग्रह भा. ८ | ९७६ | ३-०-० |
| ४९ श्रीमद् देवचंद्र भा. १ | १०२८ | १-०-० |
| ५० कर्मयोग. | १०१२ | ३-०-० |
| ५१ आत्मतत्त्वदर्शन | ११२ | ०-१०-० |
| ५ . भारत सहकारशिक्षण काव्य | १६८ | ०-१०-० |
| ५३ श्रीमद् देवचंद्र भा. २ | १२०० | ३-८-० |
| ५४ गहुली संग्रह भा. २ | १३० | ०-४-० |
| ५५ कर्मप्रकृतिटीकाभाषांतर | ८०० | ३-२-० |
| ५६ गुरुगीत गुंहलीसंग्रह . | १९० | ०-१२-० |
| ५७-५८ आगमसार अने अध्यात्म गीता | ४७० | ०-६-० |
| ५९ देववंदन स्तुति स्तवन संग्रह. | १७५ | ०-४-० |
| ६० पूजासंग्रह. भा. १ लो. | ४१६ | १-०-० |
| ६१ भजन पदसंग्रह भा. ९ | ४५० | १-८-० |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | |
|---|---|---|---|
| ६२ | भजन पदसंग्रह भा. १० | २०० | १–०–० |
| ६३ | पत्र सदुपदेश भा. २ | ५७५ | १–८–० |
| ६४ | धातुप्रतिमालेख संग्रह भाग २ | | |
| ६५ | जैनदृष्टिए ईशावास्योपनिषद् भावार्थ विवेचन | | |
| ६६ | शुद्धोपयोग | | |
| ६७ | पूजा संग्रह द्वितीयावृत्ति तथा अन्य पूजाओ सहित भाग २ बीजो | | |

* आ नीशानीवाळा ग्रंथो सीलकमां नथी.

उपरनां पुस्तको मळवानुं ठेकाणुं.

वकील मोहनलाल हीमचंद.

( गुजरात ) पादरा.

शा. आत्माराम खेमचन्द

साणंद.

भांखरीया--मोहनलाल नगीनदास

मुंबाइ कोटबजार गेट नं. १९२–९४

बुकसेलर, मेघजी हीरजी

पायधुनी–मुंबाइ.

शेठ. नगीनदास रायचंद भांखरीया.

मु. मेसाणा.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભજન પદ્ય સંગ્રહ.

## ભાગ. ૯.

### "अधिकारी बनो."

પ્રથમ પ્રેમી બનો પોતે, પછીથી પ્રેમીઓ મળશે;
પ્રથમ ભક્તો બનો પોતે, પછીથી ભક્ત મળવાના. ૧
પ્રથમ શિષ્યજ બનો પોતે, પછીથી શિષ્ય મળવાના
પ્રથમ ચેલા થયા પશ્ચાત્, ગુરૂપદ સત્ય મળવાનું. ૨
પ્રથમ સેવક બનો જાતે, પછીથી સ્વામી થાવાના;
પ્રથમથી સાધુ થાવાથી, પછીથી સાધુ મળવાના. ૩
પ્રથમ ગુણવંત થાવાથી, પછીથી ગુણી દેખાશે;
ગુણાનુરાગ વણ ક્યારે, ગુણી લોકો ન દેખાશે. ૪
કરો કાર્યો પ્રથમ જાતે, પછીથી કહેણી છે સફળી;
બની મૌની કરો કર્મો, નિરાસક્તિપણે જ્યાં ત્યાં. ૫
પ્રથમ સંતો બનો ભવ્યો, પછીથી સંત દેખાશે;
પ્રથમ વિશ્વાસી થાવાથી, ખરા વિશ્વાસીઓ મળશે. ૬
પ્રથમ જે અન્ય લોકોને, તમારી દૃષ્ટિથી ઇચ્છો;
પ્રથમ તેવા બનો પોતે, ભલી નહિ રહેણી વણ કહેણી. ૭
તમે જે દાનને ઇચ્છો, પ્રથમ તે અન્યને આપો;
યથા દેવું તથા લેવું, અચળ સિદ્ધાંત જગ સાચો. ૮
પ્રથમ ન્યાયી બનો પોતે, પછીથી ન્યાયી મળવાના;
બનીને સ્વાશ્રયી પોતે, બનાવો અન્યને તેવા. ૯



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણું વાંચે ઘણું સુણતાં, ઘણું કહેતાં ને દેખતાં;
વળે નહીં સત્ય એ જાણી, વળો ઝટ સત્યના પંથે. ૧૦
કરી યાહોમ જીવનને, વળો આત્મોન્નતિ પંથે;
સહાયો અન્યની મળશે, ખરા ઉત્સાહ ને ખંતે. ૧૧
મરણિયા થૈ વળો પન્થે, મળે છે સ્વાર્પણે મુક્તિ
જીવંતાં નામ રૂપોની, અહંતા ટાળીને જીવો. ૧૨
અજીરણુ કહેણીનું મૃત્યુ, બની નિર્ભય અમર થાઓ;
ખરા સ્વાતંત્ર્યથી વર્તી, હણો પરતંત્રતા બૂરી. ૧૩
કરો જેવા વિચારોને, બનો બનશો સ્વયં તેવા;
તમારા હાથમાં નક્કી, અહો જેવા થવું તેવું. ૧૪
પવિત્રાઈ અને શ્રદ્ધા, ધરી ઉઠો સકલ લોકો;
બુદ્ધયબ્ધિ જ્ઞાનયોગી થૈ, જગાડો ભવ્ય લોકોને. ૧૫

## प्रभुमय जीवन.

પ્રભુમય જીવન જીવ્યાનાં લક્ષણુ ખરાં,
પ્રભુ મહાવીર જિનવર દે ઉપદેશજો;
આતમના તાબે મન રાખી વર્તીએ,
મત મતાંતર ત્યજી કદાગ્રહ કલેશજો. પ્રભુ. ૧
માત પ્રમાણે પર નારીઓ લાગતાં,
પરધન પત્થર સમ લાગંતાં ચિત્તજો;
દયા ક્ષમા ને સત્ય પ્રભુતા જાગતાં,
કર્તવ્યો કરતાં દિલ રહે પવિત્રજો. પ્રભુ. ૨
શુદ્ધાત્મામાં તન્મયતા પ્રીતિ જગે,
શુદ્ધાત્મા આદેશો દિલ ઝીલાયજો;
પરા પશ્યંતી પશ્દી સ્ફુરણા શ્રુતિએ,
કર્તવ્યો કરવામાં ધર્મ સુહાયજો. પ્રભુ. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવો છે પરમેશ્વર સર્વે સત્તયા,
એવા નિશ્ચયવડે થતો વ્યવહારજો;
સર્વ વિશ્વ જીવોની સાથે એકતા,
સરખી પ્રભુતાના આચાર વિચારજો. પ્રભુ. ૪
આત્મિક સાચી સ્ફુરણાના સામ્રાજ્યમાં,
સ્વતંત્રતા સહુની જૂદી નિર્ધારજો;
પ્રભુ દૃષ્ટિથી જોવું વર્તવું થાવત,
પ્રભુમય જીવન પ્રગટ થતું સુખકારજો. પ્રભુ. ૫
સર્વ જીવોનું સત્ય તે પોતાનું સહી,
એકભાવના વર્તે વ્યાપક રૂપજો;
ત્યારે શુદ્ધાત્મા પ્રભુનાં દર્શન થતાં,
ચથ. ભાવના દર્શન તથા સ્વરૂપજો. પ્રભુ. ૬
બાહિર દૃષ્ટિ કરતાં આંતર દૃષ્ટિથી,
કહેણી રહેણી ધર્મ કર્મ વ્યવહારજો;
નિરાસક્તિએ પ્રભુ સ્વભાવે વર્તતાં,
પૂર્ણાનંદે વર્તે નર ને નારજો. પ્રભુ. ૭
સર્વ જીવોની સાથે આત્મિકપ્રેમતા,
પ્રગટે ઉત્સાહી જીવન જયકારજો;
એવા પ્રભુમય જીવનમાં પ્રભુરાજ્ય છે,
સ્વતંત્રતાના સર્વાચાર વિચારજો. પ્રભુ. ૮
લોકની નિંદા ભીતિ જ્યાં ન જણાય છે,
વર્તે આનંદ પ્રગટે સત્ય પ્રકાશજો;
સર્વજીવોનાં નામ રૂપ તે પ્રભુતણાં,
નામ રૂપ નિજ એકસમાંજ વિલાસજો. પ્રભુ. ૯
નિર્મોહે જ્યાં નામ રૂપથી વર્તવું,
પશુવૃત્તિયો થાતી નિજ આધીનજો;
આતમ તે પરમાતમરૂપે ભાસતો,
દૈન્ય રહે નહિ થાય આતમા જિનજો. પ્રભુ. ૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુમય જીવન જીવે તે પરમેશ્વરો,
જગમાં એવાં જાણો નર ને નારજો;
કર્મયોગીઓ જ્ઞાનીઓ ભક્તો જનો,
સંતો દેહવિષે છે પ્રભુ અવતારજો. પ્રભુ. ૧૧
જેમ જેમ પ્રભુમય જીવન વ્યાપક થતું,
તેમ તેમ પરમાતમ આવિર્ભાવજો;
દેહ છતાં જે વર્તમાનમાં એહવો,
તે સાકાર જ પ્રભુ મહાગુણ દાવજો. પ્રભુ. ૧૨
નિરાકાર સાકાર પ્રભુ નિજ આતમા,
સત્ય વિચારાચારે નર ને નારજો;
બુદ્ધિસાગર પ્રભુમય જીવન અનુભવ્યું,
શુદ્ધાતમ આવિર્ભાવે નિર્ધારજો. પ્રભુ. ૧૩

## मृत्यु अने जीवन.

મૃત્યુથી પ્રભુ જીવન જૈનો પામતા,
બાહ્ય ભાવથી મરતાં નર ને નારજો;
મૃત્યુની પાછળ છે પરમ પ્રભુ ખરા,
મોહથી મરતાં મગતા તે નિર્ધારજો. મૃત્યુ. ૧
મૃત્યુની પાછળ આતમનું જીવવું,
બાહ્ય જીવનમાં મૃત્યુ સઘળે જાણજો;
મરવાથી ભય પામે તે નહીં જૈન છે,
આતમ શુદ્ધિમાં મૃત્યુ હેતુ પ્રમાણજો. મૃત્યુ. ૨
આત્માનું દ્વિજ જીવન છે મૃત્યુ થતાં,
મૃત્યુ જીવનમાં સમભાવી છે સંતજો;
એવા સંતો પ્રભુમય જીવન પામતા,
જિન પ્રભુ અર્હન્ થાતા ગુણવંતજો. મૃત્યુ. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેહ છતાં જે મૃત્યુમાં જીવન જુવે,
પ્રભુ મહાવીર ભક્તો તે નર નારજો;
તેવા જૈનો નિશ્ચય ને વ્યવહારથી,
સ્વતંત્રતા પ્રભુતા પામે નિર્ધારજો. મૃત્યુ. ૪
જે જે દોષો સાપેક્ષાએ તે ગુણો,
કર્મબંધ પણ સાપેક્ષે નહિ બંધજો;
જાણે એવું તે પ્રભુમય જીવન કરે,
પ્રભુ મહાવીર થાવે વિશ્વ અબંધજો. પ્રભુ. ૫
જૈનોને આસ્રવ તે સંવર રૂપ છે.
ભોગો થાતા યોગરૂપ નિર્ધારજો;
મૃત્યુ પાછળ અનંત જીવન અનુભવે,
અકર્મ હેતે કર્મ ફળે જયકારજો. પ્રભુ. ૬
પ્રભુ મહાવીર વ્યાપક દૃષ્ટિ પામતાં,
બાહિર મૃત્યુ જીવન એક સમાનજો;
જીવન મૃત્યુ બન્ને પ્રભુની પ્રાપ્તિમાં,
વર્તે એવું જાણે તે ભગવાન્‌જો. પ્રભુ. ૭
વિશ્વ જીવોમાં દેખે જિનતા જૈનતા,
આત્મસમાં દેખે સઘળાં બ્રહ્માંડજો;
કાલતણો તે મહાકાલ છે આતમા,
સ્વયં કાલને કાલથી તેને વ્હાલજો. પ્રભુ. ૮
આત્માના જ્ઞાનાદિ જ્ઞેયની વર્તના,
નિશ્ચયથી તે કાલ છે નિજ પર્યાયજો;
સમયે સમયે એવા કાલે પરિણમે,
આતમ કાલાધાર સદા વર્તાયજો. પ્રભુ. ૯
સમયે સમયે પરિણમન જે નવ નવું,
આતમમાં સ્વાભાવિક જીવન જાણજો;
એવું મૃત્યુ જીવન ક્ષણ ક્ષણ વર્તતું,
વીર પ્રભુની જ્ઞાનજ્ઞાએ માનજો. પ્રભુ. ૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકવાર પ્રભુ જીવનને જે પામતા,
પુરૂષોત્તમ જિન થાતા તે જયકરજો;
તેનામાં અસ્તિનાસ્તિમય જગ સહુ,
સ્થૂલ વપુમાં બને પ્રભુ અવતારજો. પ્રભુ. ૧૧
અનંત આતમ જીવન નિશ્ચય અનુભવ્યું,
બાહ્ય મૃત્યુનો રહ્યો નહીં અધ્યાસજો;
બુદ્ધિસાગર અજરામર આતમ સ્વયં,
પ્રગટપણે પરખાતો સત્ય પ્રકાશજો. પ્રભુ. ૧૨

# सहकार अने असहकार.

સદ્ગુણીથી સહકાર ભલો સંસારમાં,
દુષ્ટોથી અસહકાર જ સુખકારજો;
જ્ઞાનાદિ ગુણથી સહકાર જ સાર છે,
દુઃખદાયકથી રૂડો અસહકારજો. સદ્. ૧
દુર્ગુણી વ્યસની નાસ્તિક સંગ ન કીજીએ,
પાખંડીથી ભલો નહીં સહકારજો;
અન્યાયી દ્રોહીનો સંગ ન કીજીએ,
કરે ગુલામી તેથી શો ! સહકારજો. સદ્. ૨
વૈરી દ્વેષી શત્રુથી શી મિત્રતા,
જૈનોના ઘાતકનો ભલો ન સંગજો;
નિર્દય જૂઠા વ્યભિચારી સંબંધથી,
દયા સત્ય ને શીલનો નાસે રંગજો. સદ્. ૩
જૈનધર્મના નિંદક નાસ્તિક લોકથી,
કરો નહીં ક્યારે જૈનો સહકારજો;
ધર્મ ટળે ત્યાં સહકાર જ શા કામનો,
સહકાર છે સત્યાચાર વિચારજો. સદ્ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાગ દ્વેષની સાથે સંબંધ નહિ ભલો,
સંતો ને સત્સંગતણો સહકારજો;
દેવ ગુરૂ ને ધર્મ સાથ સહકારતા,
આત્મવશી મનથી રૂડો છે પ્યારજો. સહ. ૫
અસહકાર કરો આંતર શત્રુથકી,
આત્મગુણોથી કરો જનો સહકારજો;
પ્રભુમય જીવનથી સહકારે રીઝીએ,
વીર પ્રભુની ભક્તિ કરો નર નારજો. સહ. ૬
સાધુ સાધ્વી શ્રાવક ને સહુ શ્રાવિકા,
ચાર પ્રકારે સંઘ સાથ સહકારજો;
સર્વ સમર્પણ કરીને સહકારી બનો,
સ્વતંત્રતા નિર્ભયતા પામો સારજો. સહ. ૭
સૂરિ વાચક સાધુથી સહકારતાં,
કરતાં દુર્બુદ્ધિ પાપોનો નાશજો;
દેહ ચામડીસ્પર્શમાં સુખની કામના,
વૃત્તિનો નાશ જતાં સુખ આશજો. સહ. ૮
મોહ ટળ્યા વણ ટળે નહી પરતંત્રતા,
સ્વાધીનતા વણ ઘટે નહીં સહકારજો;
આત્માનંદ પ્રગટતો ત્યાં સહકાર છે,
વીર પ્રભુ વચને સમજો નર નારજો. સહ. ૯
સારાની સાથે સહકાર ભલો સદા,
બૂરા સાથે ભલો નહીં સહકારજો;
અસત્સંગીથી સંબંધો બાંધો નહીં,
મેળ મળે નહિ ધર્માચાર વિચારજો. સહ. ૧૦
અપ્રામાણિક નાસ્તિક ધૂર્ત પ્રપંચીથી,
કદિ કરો નહિ સહકાર જ નર નારજો;
કૃત્રિમ પ્રેમીનો વિશ્વાસ ન કીજીએ,
જૈન ધર્મ છે સર્વ વિશ્વ સહકારજો. સહ. ૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુ મહાવીર સર્વ વિશ્વ સહકારછે,
સર્વથકી તેનો સારો સહકારજો;
ભક્તિ જ્ઞાન ને કર્મોપાસન યોગથી,
આતમ થાવે પરમેશ્વર નિર્ધારજો. સહ. ૧૨
સર્વ જીવોની સાથે મૈત્રી ભાવના,
પ્રમોદ કરૂણા માધ્યસ્થજ ને ભાવજો;
શુદ્ધ પ્રેમથી વર્તો જીવો સાથમાં,
જૈનો સાથે સહકારજ ગુણ લાવજો. સહ. ૧૩
અજ્ઞાની મિથ્યાત્વી દુષ્ટ વિધર્મીથી,
સહકારતા કરતાં શક્તિ વિનાશજો;
માધ્યસ્થે વર્તીએ તેઓ સાથમાં,
કદિ ન કરવો દુષ્ટોનો વિશ્વાસજો. સહ. ૧૪
સહકારજ અસહકારજ બે વર્ણવ્યા,
આધ્યાત્મિકજ્ઞાને જાણો નર નારજો;
બુદ્ધિસાગર આત્મમહાવીર સાથમાં,
ઉપશમાદિ ભાવે શુભ સહકારજો. સહ. ૧૫

## " શ્રાવિકા સુબોધ. "

વીર પ્રભુ ભાખે ભગવાન, જેના દિલમાં કેવલજ્ઞાન;
સર્વ વિશ્વના પાલક બેશ, સ્ત્રીઓને દેતા ઉપદેશ. ૧
મુજ શ્રદ્ધા પ્રીતિ ધરનાર, જૈન ધર્મને આચરનાર;
પ્રાણ પડે પણ તજે ન ધર્મ, એવી સ્ત્રીઓ પામે શર્મ. ૨
ધર્મિજનનાં સુણે ચરિત્ર, દિલડું રાખે સદા પવિત્ર;-
નામર્દાઇ કરતી દૂર, તન મન વાણી ધારે શૂર. ૩
વ્યભિચાર નહિ સ્વપ્ને હોય, જૂઠું બોલે નહીં જે જોય;
ચોરી કર્મનો કરતી ત્યાગ, હિંસા કરવામાં નહિ રાગ. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રાવિકાઓ મોટી સતી, મતિ અને રાખે શુભ ગતિ;
દુષ્ટ કામીનો કરે ન સંગ, ધર્મયુદ્ધમાં રાખે રંગ. ૫
માનાં શાસ્ત્રોની ભણનાર, મિથ્યા ધર્મોની ત્યજનાર;
શરીર બળ સંરક્ષે ખાસ, કદિ ન છોડે મુજ વિશ્વાસ. ૬
અંતમ તાબે રાખે મન, ધર્મ કરંતી પામે મર્ણ;
નિષ્કામે કરતી સહુ કૃત્ય, કરે ન કર્મો દુષ્ટ અસત્ય. ૭
ધર્મ શુદ્ધ શિક્ષણ લે ખાસ, અધર્મીઓની બને ન દાસ;
દુઃખ પડે, નહિ બને ઉદાસ, આતમનો ધરતી વિશ્વાસ. ૮
મુજ ઉપદેશ્યાં જાણે તત્ત્વ, મન કાયામાં ધરતી સત્વ;
સત્ય દયાથી કરતી કાજ, ધરતી પૂજ્ય મહંતની લાજ. ૯
પાપ કર્મથી રહેતી દૂર, ક્રોધે લોભે થાય ન ક્રૂર;
સ્ત્રીની ચોસઠ કલા સુજાણ, જૈનધર્મનું ધરતી જ્ઞાન. ૧૦
રણમાં ચઢતી સ્વામી સાથ, રક્ષે લોકો દુઃખી અનાથ;
દુઃખીનાં અશ્રુ લ્હુનાર, ધન્ય ધન્ય એવી જગ નાર. ૧૧
અનેક હુન્નર વિદ્યા જાણ, ઉત્તમ ધારે જે સંતાન;
બૂરા લોભે નહિ લોભાય, ઘરમાં સહુ ખવરાવી ખાય. ૧૨
સત્યાસત્યનો કરતી તોલ, બોલે સાચા સાત્વિક બોલ;
સાધુ સંત ગુરૂજન સેવ, કરતી ત્યાગે પડી કુટેવ. ૧૩
સદ્ગુણી સંતનો કરતી સંગ, કરે ન વ્રત પ્રતિજ્ઞા ભંગ;
શ્રાવિકાઓ એવી જ્યાંય, શુદ્ધ બુદ્ધિ સ્વાતંત્ર્યજ ત્યાંય. ૧૪
ધરે સભ્યતા બને સ્વતંત્ર, જૈન ધર્મનાં ધારે તંત્ર;
દેશ કોમ કાર્યોમાં ભાગ, લેતી આતમ ધારે ત્યાગ. ૧૫
પત્નીનાં કર્તવ્યો સર્વ, કરતી ધરે ન મિથ્યા ગર્વ;
બાલક વર્ગને આપે જ્ઞાન, કરતી દેવ ગુરૂનું ગાન. ૧૬
મોહને જીતે જ્ઞાને જેહ, ગંભીરતા ગુણની જે ગેહ;
પોષે સાધુ આદિ સુપાત્ર, પોષે નહિ જે હોય કુપાત્ર. ૧૭
કરતી પ્રેમે કુટુંબ પોષ, મળ્યાથકી ધારે સંતોષ;
સુખ દુઃખમાં ધારે સમભાવ, જાણે જીવન મૃત્યુ દાવ. ૧૮



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરતી સગાં સંબંધી સહાય, કરે નહી જૂઠ જ અન્યાય;
પશુ પંખી રાખે સંભાળ, અતિથિની ભક્તિ જયકાર. ૧૯
વસ્ત્ર પાત્ર ભોજનનું દાન, સાધુની સેવા બહુ માન;
સર્વ સંઘની પૂજા ભક્તિ, કરતી સ્વાધિકારની શક્તિ. ૨૦
દુષ્ટ જનોને દેવે દંડ, લેશ ન ધારે ચિત્ત ઘમંડ;
ધર્મક્ષેત્રનો કરતી પોષ, કરે નહીં આતમપર રોષ. ૨૧
યથાશક્તિ કરતી ઉપકાર, પરમાર્થે ધારે બહુ વ્હાલ;
સત્ય પ્રેમે વર્તે જેહ, શીયલથી ધારે શુભ દેહ. ૨૨
યથાશક્તિ વ્રત તપ કરનાર, ગુણોવિષે પ્રીતિ ધરનાર;
સતી શ્રાવિકા એવી હોય, તેનું મનડું સ્વર્ગ જ જોય. ૨૩
મિથ્યાત્વી નાસ્તિક જન જેહ, ધરે ન તે પર સાચો સ્નેહ;
નીતિએ સહુ કરતી કાજ, તેની વાધે જગમાં લાજ. ૨૪
મારો પ્રેમે જપતી જાપ, ધરે ન સંકટમાં સંતાપ;
દુષ્ટ શત્રુનો કરે ન રાગ, જૈનધર્મ માટે છે ત્યાગ. ૨૫
વિધર્મીઓ પર કરતી જીત, સ્વાધીનતા સ્વરાજ્યની રીત;
જૈનધર્મની રક્ષા હેત, સર્વ સમર્પણનો સંકેત. ૨૬
જૈનધર્મનો કરે પ્રચાર, તન મન ધન ઉપદેશે સાર;
ધર્માર્થે કૃત્યો છે ન્યાય, ધર્માશયથી દોષ ન ક્યાંય. ૨૭
સેવા ભક્તિ મૂર્તિ જેહ, વિશુદ્ધ પ્રીતિમય છે દેહ;
ગુરૂજનપૂજાની કરનાર, શ્રાવિકા સતી એવી ધાર. ૨૮
સાપેક્ષે સહુ માને સત્ય, સાપેક્ષે માને સહુ કૃત્ય;
સાપેક્ષે માને સહુ ધર્મ, સાપેક્ષાવણ હોય અધર્મ. ૨૯
સાપેક્ષાએ સહુ વ્યવહાર, કરતી ધરતી ધર્માચાર;
પર પતિથી નહિ વ્યભિચાર, પ્રામાણિક વિચારાચાર. ૩૦
કામવાસના વશ કરનાર, દ્રવ્ય ભાવ સમકિત ધરનાર;
સાધર્મિક માટે મરનાર, બાગ ન્યાયથી વર્તે સાર. ૩૧
જૈનોની ભક્તિ કરનાર, સ્રીશિક્ષણનો કરે પ્રચાર;
ત્યાગ વૈરાગ્યને ઉદ્યમ ખંત, સદ્ગુણ ધરતી સેવે સંત. ૩૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરાધીનતા નહિ સહનાર, પાખંડોને પરિહરનાર;
એવી શ્રાવિકાઓ બેશ, ટાળે અન્યાયો ને ક્લેશ. ૩૩
શ્રાવિકા છે ધર્મની મૂર્તિ, જેમાં દમ દયા ગુણસ્ફૂર્તિ;
શ્રાવિકા સમકિત વ્રત ગેહ, સ્વતંત્રતા સ્વરાજ્યની દેહ. ૩૪
જૈનધર્મી દેવીઓ એહ, ધીર વીર પુત્રોનું ગેહ;
જૈન સાથે લગ્ન જ કરનાર, નાસ્તિક પતિને નહિ વરનાર. ૩૫
શ્રાવિકાઓ એવી જ્યાંય, જૈન જગત્ વર્તે છે ત્યાંય;
માતાઓ દેવીઓ બેશ, હોય હમેશ. ૩૬

## શ્રીઅભયકુમાર નીતિબોધ.

ભારતનૃપ શ્રેણિક શુભરાજા, અભયકુમારને બોધેરે;
રાજ્યાદિક નીતિયો સર્વે, સમ્યક્પણે પ્રબોધેરે. ભા. ૧
અભય પુત્ર સાંભળ શુભનીતિ, જેથી ટળે અનીતિરે;
પ્રભુ મહાવીર મુખથી જાણી, દેશોદ્ધારક રીતિરે. ભા. ૨
ગુણ કર્મોથી વર્ણ વિભાગો, જાતિ તેથી જાણોરે;
વર્ણનીતિ ને અર્થનીતિ ને, સંઘનીતિ મન આણોરે. ભા. ૩
સર્વ ખંડમાં સર્વ દેશમાં, ન્યાયથકી છે શાંતિરે;
અન્યાયો ને સ્વાર્થો બૂરા, ત્યાં વર્તે છે અનીતિરે. ભા. ૪
સર્વ પ્રજાનો સરખો ન્યાયજ, જૈનધર્મ ત્યાં વર્તેરે;
ખૂનામરકી કરે ન રાજા, ત્યાં શાંતિ સુખ શર્તેરે. ભા. ૫
મંત્રીઆદિ સર્વ વ્યવસ્થા, દુષ્ટ કરો નહીં થાતારે;
વ્યભિચારી ચોરોને શિક્ષા, થાતાં જન સુખ પાતારે. ભા. ૬
શાઠ્યં શઠં પ્રતિ એ નીતિ, ગૃહાવાસમાં થાતીરે;
શત્રુઓ જીતે તે જૈનો, બળથી શોભે છાતીરે. ભા. ૭
પ્રજા રાજ જૈનો જે સઘળા, શસ્ત્ર અસ્ત્ર ધરનારારે;
સર્વ શક્તિ પામે તે જૈનો, સર્વ કલા વરનારારે. ભા. ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈનધર્મ જૈનોના માટે, સ્વાર્પણ જૈનો કરતારે;
એવા જૈનો જગને જીતે, વીરાજ્ઞા અનુસરતારે. ભા. ૯
આર્યો તે જૈનો છે સાચા, દેશ કોમના રાગીરે;
શત્રુઓથી હઠે ન પાછા, ધર્મયોધ દિલ ત્યાગીરે. ભા. ૧૦
સર્વ સંઘના રાગી પૂરા, મરતાં ધરે ન ભીતિરે;
બળ વિદ્યા ધનથી ન છકે જે, ત્યજે ન ક્યારે નીતિરે. ભા. ૧૧
સર્વ વર્ણી મહાવીરના ભક્તો, જૈનો જગમાં જાણોરે;
પવિત્ર તેના સ્પર્શે બીજા, ધર્મીઓ મન આણોરે. ભા. ૧૨
પવિત્ર જૈનો સર્વ વિશ્વમાં, પ્રભુ વીર ભક્તિથીરે;
જૈનો સ્વર્ગને મુક્તિ પામે, ઉત્તમ વીર સ્મૃતિથીરે. ભા. ૧૩
મહાવીર ભક્તો આસ્તિક જૈનો, નાસ્તિક વીરને નિંદેરે;
પ્રભુ મહાવીર પૂજે આસ્તિક, પ્રેમ ભાવથી વંદેરે. ભા. ૧૪
આસ્તિકોપરિ આસ્તિક જૈનો, વીર પ્રભુ ગુણ ગાવેરે;
વીર પ્રભુનું ધ્યાન ધરીને, ન્યાય વિત્તથી ખાવેરે. ભા. ૧૫
સ્વદેશ ભૂમિ સાધુ બ્રાહ્મણ, સતી બાલ રક્ષાર્થેરે;
કરે યુદ્ધ સ્વાર્પણ સહુ કરતો, વહે જીવન પરમાર્થેરે. ભા. ૧૬
એવા જૈનો આગેવાનો, સર્વ વિષયમાં થાતારે;
અલ્પદોષ મહાધર્મ થાય તે, કરવામાં ઉજમાતારે. ભા. ૧૭
સર્વ જાતિ વિદ્યાઓ ધારે, સર્વ જાતિ વ્યાપારોરે;
ક્ષાત્રપણાને પ્રેમે ધારે, કરતા સેવાસારોરે. ભા. ૧૮
પ્રાણાયામ ને મલ્લકુસ્તીથી, આહારે તનુશક્તિરે;
સર્વ પ્રકારે પૂર્ણ વધારે, મંત્ર તંત્રની યુક્તિરે. ભા. ૧૯
ક્ષત્રીના ગુણ કર્મ ન છંડે, કાલ પ્રમાણે ચાલેરે;
સર્વ જાતનું શિક્ષણ લેતા, અતિ ભોગે નહીં મ્હાલેરે. ભા. ૨૦
એવા જૈનો જયને પામે, મિથ્યાડંબર ત્યાગીરે;
પરાશ્રયી જે કદિ ન હોવે, જૈન મહાસંઘ રાગીરે. ભા. ૨૧
આપત્કાલે આપદ્ધર્મો, સ્વીકારી જે ચાલેરે;
આજીવિકા સર્વોપાયે, કરવાથી શિવ ભાળેરે. ભા. ૨૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેવા શત્રુ લડવા આવે, તેવા થાવું દાવેરે;
દાવવિના દુશ્મન જગ જીતે, સમજુ સમજે ભાવેરે. ભા. ૨૩
અધર્મી દુશ્મન સાથે યુદ્ધે, યુક્તિ કલાને ધારોરે;
સર્વ પ્રકારે યુદ્ધનીતિથી, લડવામાં જયકારોરે. ભા. ૨૪
જેવો દેશ ને કાલ જ વર્તે, તેવા ત્યારે થાવુંરે;
સમય પ્રમાણે વર્તે જય છે, નહીં તો મન પસ્તાવું રે. ભા. ૨૫
સ્વાધીનતા વણ જીવંતા જે, જૈનો જાણ મરેલારે;
વ્યસનોના આધીન જે થાતા, ગુલામ જાણો ઘહેલારે. ભા. ૨૬
સર્વ વ્યવસ્થા ક્રમથી યુદ્ધો, કરતાં જૈનો જીતેરે;
દ્રવ્ય ભાવ દુશ્મન જીતાં, સ્વાધીનતા શુભ રીતેરે. ભા. ૨૭
દેશ સમાજ ને સંઘની રક્ષા, કરવામાં જે પૂરારે;
તેવા જૈનો જગમાં જીવે, સ્વાધિકારથી શૂરારે. ભા. ૨૮
શક્તિમંતા જૈનો છાજે, યુક્તિ કલા ગુણવાળારે;
નામર્દાઈવાળા મરતા, સ્વાર્થે નીચતાવાળારે. ભા. ૨૯
સાવધાન થૈ ચાલ જગત્માં, સર્વ પ્રમાદો વારીરે;
દુષ્ટ શત્રુના દાવપેચને, જાણી લે નિર્ધારીરે. ભા. ૩૦
શામાદિક નીતિયો સર્વે, ધારણ કરવી ભાવેરે;
વિદ્યા શક્તિ ધનની રક્ષા, કરવી શક્તિ દાવેરે. ભા. ૩૧
જૈનધર્મ ફેલાવો કરવા, સર્વ ખંડમાં જાવારે;
વીર પ્રભુની આજ્ઞા સાચી, વર્તે છે સુખ લ્હાવારે. ભા. ૩૨
દુષ્ટ રાક્ષસી લોકો દમવા, ધર્મી લોક હિતકાજેરે;
વધવા ન દેવી દુષ્ટ શક્તિયો, ધર્મશક્તિયો છાજેરે. ભા. ૩૩
જૈનધર્મ તે આત્મધર્મ છે, રાજ્યાદિકથી મોટોરે;
જૈનધર્મ છંડો નહિ ક્યારે, છંડે વિનાશને તોટોરે. ભા. ૩૪
દેશ ત્યજો પણ ધર્મ ત્યજો નહીં, ધર્મે રાજ્ય જ પ્રકટેરે;
ધર્મ સ્વદેશભૂમિ રક્ષા, થાવે દુષ્ટો વિઘટેરે. ભા. ૩૫
જૈનધર્મ રક્ષાર્થે તન ધન, પ્રાણોત્સર્ગો કરવારે;
ધર્મયુદ્ધમાં નરનારીએ, પાછા પગ નહિ ભરવારે. ભા. ૩૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંપથકી રહેવું સૌ જૈને, ફાટફુટ નહીં કરવીરે;
સ્વાર્થ લોભને ત્યજી વિવેકે, સંપે શક્તિ વરવીરે. ભા. ૩૭
યુવતીઓ ને યુવક લગ્નો, યોગ્ય વયે શુભ કરવાંરે;
હાનિકારક દુષ્ટ રીવાજો, દુષ્ટ કર્મ પરિહરવાંરે. ભા. ૩૮
સ્વદેશ સંઘની સેવામાટે, તન મન ધન સહુ દેવુંરે;
સર્વ જાતિનાં દુઃખો સહેવાં, શક્તિમંત થૈ રહેવુંરે. ભા. ૩૯
દેશ કાલ અનુસારે સર્વે, ધર્મયુદ્ધની રીતોરે.
બળ કળ વિદ્યા શસ્ત્રાદિકથી, કરવી જગમાં જીતોરે. ભા. ૪૦
નિરપરાધી લોકની હિંસા, કરવી નહિ કો કાલેરે;
નિર્બલ ઉપર જુલ્મ ન કરવો, ન્યાયે કીર્તિ ફાલેરે. ભા. ૪૧
સાવચેત રહેવું સહુ વાતે, ગફલત કદિ ન કરવીરે;
વિશ્વાસીનો ઘાત ન કરવો, શુદ્ધ બુદ્ધિને ધરવીરે. ભા. ૪૨
શુદ્ધ બુદ્ધિથી સર્વ પ્રવૃત્તિ, કરતાં પાપ ન દોષોરે;
શુભ આશયથી દોષ ન કાર્યે, સ્વજન સંબંધી પોષોરે. ભા. ૪૩
જેથી કેફ ચઢે ને નીશો, એવું ખાવું ન પીવુંરે;
દુર્જનને દિલ દેવું ન ક્યારે, સશસ્ત્ર નિત્યે રહેવુંરે. ભા. ૪૪
ગરીબ સંતનો હાય ન લેવો, લેવા આશીર્વાદોરે;
માત પિતા ગુરૂ પૂજ્ય જનોથી, કરવા ન દુષ્ટ વિવાદોરે. ભા. ૪૫
વિનય વિવેકને ધરી સભ્યતા, અતિથિ સેવા કરવીરે;
દુર્જનનો વિશ્વાસ ન કરવો, અસભ્યતા પરિહરવીરે. ભા. ૪૬
કામવાસના કાબે કરવી, મિત્રદ્રોહ ન કરવોરે;
ગુરૂદ્રોહથી અળગા રહેવું, દુષ્ટ મોહને હરવોરે. ભા. ૪૭
હાનિકારક પક્ષાપક્ષી, કરવી નહીં અનીતિ ;
દુષ્ટપથે નહિ જવું કદાપિ, વરવી સદ્ગુણ નીતિરે. ભા. ૪૮
લાંચ ન લેતા તે જૈનો છે, જૂઠી સાખ ન પૂરેરે;
ઓળવતા નહિ પરની થાપણ, અસત્ય લોભને ચૂરેરે. ભા. ૪૯
અધર્મ યુદ્ધોને અટકાવે, દુર્ગુણગણ સંહારેરે;
સ્વાધીનતા ને સત્યેચ્છાઓ, ચઢતા ગરીબ વ્હારેરે. ભા. ૫૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સદુપયોગે શક્તિયોને, વાપરવી એ નીતિરે;
દેહને વજ્ર સરિખું માની, ત્યજતાં ધરો ન ભીતિરે. ભા. ૫૧
સર્વ ખંડના લોકો સાથે, ન્યાય નીતિથી રહેવુંરે;
સ્વતંત્રતા નહિ કોની હરવી, સહુથી સારૂં લેવુંરે. ભા. ૫૨
પરાધીનતા કદિ ન સહેવી, અન્યાયો નહિ સહેવારે;
ધર્મનાશને કદિ ન સહવો, પ્રતિ ઉપાયો લેવારે. ભા. ૫૩
ધર્મીપીડક દુષ્ટ નૃપોને, સમજાવી શુભ કરવારે;
જે કાલે જે કરવું ઘટે તે, સર્વોપાયો ધરવારે. ભા. ૫૪
ધન તન કળ બળ શક્તિ ઉપાયે, જૈનધર્મ ઉદ્ધરવોરે;
અધર્મ દુર્ગુણ વ્યસન નિવારી, શક્તિ ભાવને ભરવોરે. ભા. ૫૫
દુષ્ટ નકામાં વૈર શમાવો, સત્ય ન છંડો મરતાંરે;
અભયકુમાર જ ચઢતી એથી, હિતશિક્ષા અનુસરતાંરે. ભા. ૫૬
સત્કર્મો નહીં પડતાં મૂકો, દુષ્ટ વિચાર ન કરવોરે;
સર્વ જનોની ફરિયાદીને, સાંભળી ન્યાયને ધરવોરે. ભા. ૫૭
હિંસક યજ્ઞ ન કરવા દેવા, બૂરા વ્હેમ નિવારોરે;
પશુ પંખીની રક્ષા કરવી, દુષ્ટાસુર સંહારોરે. ભા. ૫૮
ધર્મ બલાબલ કરી તોલ ને, કર્તવ્યો સહુ કરવાંરે;
સર્વ પ્રજાનાં સંકટ હરવાં, શુભ કર્મો આચરવાંરે. ભા. ૫૯
ન્યાય નીતિ ત્યાં સુખ ને શાંતિ, એવી મહાવીર વાણીરે;
જ્ઞાન વધ્યાથી દુઃખ રહે નહીં, શિક્ષા પ્રભુની માનીરે. ભા. ૬૦
પ્રભુ મહાવીર શિક્ષાઓને, આચરણામાં મૂકોરે;
નીતિ રીતિ શુભ વિચારે સમયોચિત નહિ ચૂકોરે. ભા. ૬૧
ઉપકારી રક્ષાર્થે મરવું, સંતની સેવા કરવીરે;
આત્માર્થે પૃથ્વીને ત્યજવી, ધર્મબુદ્ધિને ધરવીરે. ભા. ૬૨
આસક્તિવણ કર્મબંધ નહીં, મહાવીર પ્રકાશેરે;
આસક્તિવણ કર્મો કરવાં, તેથી મુક્તિ વિલાસેરે. ભા. ૬૩
પૂર્ણોત્સાહે ખંત વિવેકે, કર્મો કરવાં ભાવેરે;
લાભ હાનિનો તોલ કરંતાં, ખાદ કદિ નહીં જાવેરે. ભા. ૬૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અબળાઓની લાજ રક્ષવી. બાલ વૃદ્ધ સંભાળોરે;
અશક્ત લોકોની સંરક્ષા, કરવામાં મન વાળોરે. ભા. ૬૫
અરસપરસ સહાય કરંતાં, મૃત્યુથી નહીં બીવોરે;
સગાસંબંધી મિત્ર ગુરૂને, જીવાડીને જીવોરે. ભા. ૬૬
જૈનોને તન મન ધન અર્પી, સહાય દેતાં મરવુંરે;
સહાયનો બદલો નહિ ઇચ્છો, દુઃખે દૈન્ય ન ધરવુંરે. ભા. ૬૭
સાપેક્ષાએ સર્વે સાચું, જૈનધર્મ તે જાણોરે;
નિરપેક્ષાએ સર્વે જૂઠું; મિથ્યાધર્મ પ્રમાણોરે. ભા. ૬૮
સાપેક્ષાએ સર્વ વિચારો, આચારો છે ધર્મોરે;
જૈનધર્મતત્ત્વો છે એવાં, સાપેક્ષા ગુણ કર્મોરે. ભા. ૬૯
સર્વ ખંડમાં સર્વ દેશમાં, વીર પ્રભુના રાગીરે;
જૈનો માટે સ્વાર્પણ કરવું, સ્વધર્મપ્રેમે જાગીરે. ભા. ૭૦
શુભાશુભ વૃત્તિ ફલ ઇચ્છા, ત્યાગી સ્વાધિકારેરે;
કર્મ કરે તે જૈનો યોગી, જંગમ તીર્થ છે ભારેરે. ભા. ૭૧
અશુભ વૃત્તિ ત્યાગી પછીથી, શુભ વૃત્તિને ધરવીરે;
શુભ વૃત્તિથી શુદ્ધમાં પેસી, આત્મશુદ્ધતા વરવીરે. ભા. ૭૨
શુભાશુભ વૃત્તિવણ કોઇ, પુણ્ય પાપ નહી બાંધેરે;
શુભાશુભ વૃત્તિના વિરહે, જૈનો જિનપદ સાધેરે. ભા. ૭૩
બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય શૂદ્રનો, સ્વધર્મ રાજ્ય પ્રમાણોરે;
સ્વધર્મ તે નિજ રાજ્ય જ માનો, વ્યવહારે એમ જાણોરે. ભા. ૭૪
સર્વ પ્રકારે સ્વતંત્રતા જ્યાં, સત્ય વિચારાચારેરે;
સ્વરાજ્ય એવો જૈનધર્મ છે, પાળે તે દુઃખ ટાળેરે. ભા. ૭૫
અશુભ કષાયો શમતાં શાંતિ, સ્વાધીનતા બગ શક્તિરે;
પ્રભુ મહાવીર જિનની એવી, જાણો સેવા ભક્તિરે. ભા. ૭૬
જૈનધર્મ તે આત્મધર્મ છે, સત્વ વિચારાચારોરે;
જૈનધર્મ છે જીવન જગતનું, દ્રવ્ય ભાવથી ધારોરે. ભા. ૭૭
સર્વ જીવોપર સાચી પ્રીતિ, યથાશક્તિ શુભ કરવુંરે;
તપ સંયમને દયા દાન દમ, આચરણમાં ધરવુંરે. ભા. ૭૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈનધર્મ છે સાત્વિક વૃત્તિ, સાત્વિક કર્મો જાણોરે;
સાત્વિક મન સેવા ને બુદ્ધિ, તપ જપ નીતિ માનોરે. ભા. ૭૯
સાત્વિક યજ્ઞો જૈનધર્મ છે, સમ્યગ્ જ્ઞાન પ્રમાણોરે;
શુદ્ધ પ્રેમ પ્રતીતિ સમાધિ, આત્મ સ્વરૂપ વખાણોરે. ભા. ૮૦
સદ્‌ગુણ સર્વે જૈનધર્મ છે, દુર્ગુણ મિથ્યા અધર્મોરે;
દયા સત્ય ને મોહત્યાગથી, કરવાં ધાર્મિક કર્મોરે. ભા. ૮૧
સાધુ વાચક સૂરિ સંઘની, સેવા ભક્તિ કરવીરે;
ત્યાગીઓ માટે સહુ ત્યાગી, સત્ય ભક્તિને વરવીરે. ભા. ૮૨
પરીષહો ઉપસર્ગો સહવા, જૈન ધર્મને માટેરે;
મરી જવામાં ધર્મ જ માનો, ધર્મ છે શિરને સાટેરે. ભા. ૮૩
જંગમ સ્થાવર તીરથ યાત્રા, કરવી ભક્તિ વિવેકેરે;
તીર્થોની રક્ષા કરવામાં, વર્તો સાચી ટેકેરે. ભા. ૮૪
સાધુઓની હેલના વારો, સાધુ ધર્માધારોરે;
સાધુઓના બહુ માનથી, પ્રગટે ધર્મ અપારોરે. ભા. ૮૫
ત્યાગી સમ જગ કોઇ ન મોટું, ઇન્દ્રાદિકના રાજારે;
ગુરૂનિન્દાથી કુલઆદિ ક્ષય, થાય જનો નહીં સાજારે. ભા. ૮૬
ત્યાગીનું અપમાન ન કરવું, પ્રભુ છે ત્યાગી ઘટમાંરે
ત્યાગીઓને સેવો ભાવે, પડો નહીં ખટપટમાંરે. ભા. ૮૭
સર્વ જીવોના ગુણને દેખો, અવગુણ દૃષ્ટિ ઉવેખોરે;
સદ્‌ગુણ રાગ તે જૈનધર્મ છે, પ્રેમે ધર્મને પેખોરે. ભા. ૮૮
સર્વ જીવોમાં સારૂં જે જે, જૈનધર્મ તે જાણોરે;
સારા અંશે જીવો જૈનો, સાપેક્ષાએ પ્રમાણોરે. ભા. ૮૯
સર્વે જીવો સારા છે પણ, સંગી મોહ તે ખોટોરે;
મોહ મર્યાથી જીવ સિદ્ધ છે, પછી ન આવે તોટોરે. ભા. ૯૦
જે જે અંશે તમો રજો ગુણ, જીતે જૈન તે જાણોરે;
પ્રભુ મહાવીરમાં શ્રદ્ધા પ્રીતિ, ધારક જૈન પ્રમાણોરે, ભા. ૯૧
પ્રભુ મહાવીર દેવ ઉપર જે, રાગ ધરી રંગાયારે;
તેઓની સેવા ભક્તિથી, ભક્તો શિવપદ પાયારે. ભા. ૯૨

૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈનધર્મ ને જૈનોના જે, નિન્દક દુશ્મન થાતારે;
તેઓપર વિશ્વાસ ધર્યાથી, જૈનો ખત્તા ખાતારે. ભા. ૯૩
જૈનધર્મનું શિક્ષણ લેવું, જૈન ગુરૂના હાથેરે;
જૈનોની વિદ્યાથી પ્રગતિ, કથ્યું મહાવીરનાથેરે ભા. ૯૪
જૈનોની તકરારો સર્વે, માંહોમાંહ્ય સમાવોરે;
અન્યોને વચ્ચે નહિ નાખો, વીરાજ્ઞા દિલ લાવોરે. ભા. ૯૫
જૈનોના આર્થિક ઝઘડાને, સંઘ મળીને ટાળોરે;
ગૃહસ્થ ત્યાગી આગેવાનો, સત્યન્યાયથી આલોરે. ભા. ૯૬
એવી વીરપ્રભુની શિક્ષા, સર્વ સંઘ હિતકારીરે;
સર્વ વિરોધો કલેશો ટાળી, વર્તતાં સુખ ભારીરે. ભા. ૯૭
જૈનધર્મ ને દેશાદિકની, રક્ષા વૃદ્ધિ કાજેરે;
આત્મભોગદેનારા જૈનો, સર્વ વિશ્વપર ગાજેરે. ભા. ૯૮
આપત્કાલે સર્વ જૈનને, આપત્ગુણ ને કર્મોરે;
આપત્કાલનાં લક્ષણ જાણી, વરશો આપદ્ધર્મોરે. ભા. ૯૯
કલિયુગમાં કલિયુગ અનુસારે, વર્તે જૈનો જીવેરે;
યુગ ધર્મોને જેઓ જાણે, ધર્મામૃત તે પીવેરે. ભા. ૧૦૦
જે જે કાલે જેવી રીતે, રહેવાથી જીવાતુ રે;
તે તે કાલે વર્તવું તેવું, વ્યવહારે સુખ થાતું રે. ભા. ૧૦૧
જૈનધર્મ છંડીને જેઓ, બાહ્ય જીવવું ઇચ્છેરે;
તેઓની સહુ રીતે પડતી, થાતી અંતે દિસેરે. ભા. ૧૦૨
જીવંતા તીર્થો ત્યાગીઓ, ગુરૂઓ સંતો સેવોરે;
તનુમંદિરમાં ભાવિ દેવો, જાણી પામો મેવોરે. ભા. ૧૦૩
મુનિ સાધ્વી શ્રાવક શ્રાવિકા, જંગમ તીર્થ મઝાનુંરે;
સંતોની સેવામાં સ્વર્ગ જ, રહે ન શિવસુખ છાનુરે. ભા. ૧૦૪
જીવોની સાથે પ્રકૃતિ, ત્રણ ગુણોથી રહેતીરે;
ત્રણ ગુણોથી અનંત જીવો, કદિ ન પામે મુક્તિરે. ભા. ૧૦૫
પ્રકૃતિ સંગી સહુ જીવો, સાત્વિક સર્વ ન થાવેરે;
માટે પ્રકૃતિ ભિન્નાત્માઓ, એક ધર્મ નહીં પાવેરે. ભા. ૧૦૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવું જાણી પ્રકૃતિસંગી, જીવો સાથે રહેવુંરે;
ઉદાર આશય આચારોથી, રહેવું સહેલું દેવુંરે. ભા. ૧૦૭
સર્વ જીવોને પસંદ પડતા, પ્રકૃતિ યુક્ત સ્વધર્મેરે;
સ્વાધિકારે રહેવા દેવા, જૈન ધર્મના કર્મેરે. ભા. ૧૦૮
દ્રવ્ય ભાવથી નવ રસ રસિયા, જૈનો શિવપદ વરતારે;
પ્રકૃતિ સુખ અવલંબીને, આત્મિક સુખને ધરતારે. ભા. ૧૦૯
પ્રકૃતિ ત્રણ ગુણ ધર્મની, સાથે આત્મિક ધર્મેરે;
તરતમયોગે જૈનધર્મ છે, મિશ્રિત ભાવથી કર્મેરે. ભા. ૧૧૦
શુદ્ધાત્મા કેવલ થાતાં ઘટ, જિનધર્મો સહુ પ્રગટેરે;
સાધન રૂપે જૈનધર્મ નહીં, સર્વ કર્મ ત્યાં વિઘટેરે. ભા. ૧૧૧
કર્મસહિત સહુ આત્મદષ્ટિયો, તેઓના જે ધર્મોરે;
જૈનધર્મ ને જિનધર્મોમાં, સમાઈ જાતાં કર્મોરે. ભા. ૧૧૨
જૈનધર્મ છે કાલ અનાદિ, અંત ન તેનો આવેરે;
આત્મા પેઠે શાશ્વત સાચો, સમજે ભ્રાંતિ જાવેરે. ભા. ૧૧૩
અવસર્પિણી કાલે પહેલાં, ઋષભ પ્રભુએ પ્રકાશ્યોરે;
અજિતઆદિ તીર્થકરોએ, તત્ત્વથી સત્ય વિકાસ્યોરે. ભા. ૧૧૪
ત્રેવીશમા શ્રીપાર્શ્વજિનેશ્વર, જૈનધર્મ ઉદ્ધાર્યોરે.
પોણી બસો વર્ષ પછીથી જન્મી, વીર પ્રભુએ ધાર્યોરે. ભા. ૧૧૫
ભારતભૂમિ ધર્મભૂમિ છે, જૈન ધર્મની ખાણિરે;
અસંખ્ય યોગીઓની ભૂમિ, સાત્વિક પ્રકૃતિ વાળીરે. ભા. ૧૧૬
પરબ્રહ્મ મહાવીર પ્રભુએ, ઉપદેશ્યું સહુ સાચુંરે;
તેની શ્રદ્ધાયોગે સમકિત, રહે ન કાંઈ કાચુંરે. ભા. ૧૧૭
વીરપ્રભુની વાણી જાણે, ટળતી મિથ્યા ભ્રાન્તિરે;
સર્વ ધર્મ સમ્યગ્ સમજાતા, પામે આતમ શાન્તિરે. ભા. ૧૧૮
સમ્યગ્દષ્ટિ જૈનોને સહુ, સાચું વિશ્વ જણાતુંરે;
મિથ્યાદષ્ટિ અજ્ઞાનીને, સત્ય તે જૂઠું થાતુંરે. ભા. ૧૧૯
એવી રીતે કાલ અનાદિ, જૈનધર્મ જગ વર્તેરે;
અનંત કાલ લગી જગ રહેશે, આત્મ સત્યતા શર્તેરે. ભા. ૧૨૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જગમાં નષ્ટ થશે નહિ જૈનો, અનેક ખંડે વહેશેરે;
અનેક રીતે દ્રવ્ય ભાવથી, જૈનધર્મ જગ રહેશેરે. ભા. ૧૨૧
જૈનધર્મવણુ જગ નહીં ચાલે, સૂર્ય ચંદ્ર નહિ રહેવેરે;
પૃથ્વી ભાનુ આદિ રહેવે, જૈનધર્મ શુભ સેવેરે. ભા. ૧૨૨
બાહિર અંતર મન આતમમાં, જૈન ધર્મ જયકારીરે;
ક્ષત્રિય શ્રી રાજપુત્ર તું, સમજ સમજ સુખકારીરે. ભા. ૧૨૩
આતમ અનુકુલ ચિત્ત કરીને, જૈનધર્મને પાળોરે;
મોહાદિકને જીતો જ્ઞાને, ભાવે સુખમાં મ્હાલોરે. ભા. ૧૨૪
અભયકુમાર ગ્રહો હિતશિક્ષા, સર્વ મંત્રી શિરતાજરે;
દ્રવ્ય ભાવને વ્યષ્ટિ સમષ્ટિ, રાજ્ય ધરી હોવ તાજરે. ભા. ૧૨૫
તીર્થેશ્વર મહાવીર પ્રભુના, ભક્ત જ શ્રેણિક બોલેરે;
ભણે ગણે વર્તે જે ભાવે, થાય પ્રભુપદ તોલેરે. ભા. ૧૨૬

# ॐ अर्हं.

## " प्रियदर्शनाप्रबोध. "

પ્રિયદર્શના અંતરદૃષ્ટિ, ભક્તિસ્વરૂપ જણાવેરે;
પરબ્રહ્મ મહાવીર વિભુની, ભક્તિ કરો જન ભાવેરે. પ્રિ. ૧
ભક્તિ છે સાકાર પ્રભુની, નિરાકારની પ્રેમેરે;
પ્રથમ ભક્તિ સાકાર પ્રભુની, ગુરૂવરની ગુણનેમેરે. પ્રિ. ૨
પ્રથમ વીર સાકાર મળંતાં, નિરાકાર વીર મળતારે;
ભક્તિનો અનુક્રમ છે એવો, પ્રભુમાં ભક્તો ભળતારે. પ્રિ. ૩
પરમ પ્રેમ આનંદ સ્વરૂપા, ભક્તિ મહાવીર રાણીરે;
તેહની લગની વીર વિભુમાં, અનંત ગુણની ખાણીરે. પ્રિ. ૪
પરબ્રહ્મ મહાવીરમાં લીનજ, કાંઇ ન બીજું ઇચ્છેરે;
વીર વીર વિભુ દેખે સઘળે, બીજું શૂન્ય તે દિસેરે. પ્રિ. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શોક કરે નહીં ભય નહીં પામે, શસ્ત્રાદિકથી મારેરે;
પંચભૂતપર રાગ ન દ્વેષજ, વીરમહીં મન વાળેરે. પ્રિ. ૬
આત્મવીરનું જ્ઞાન લહીને, દિલ ઉન્મત્ત થઇ જાવેરે;
પડે ન રસ દુનિયાની વાટે, વીર વીર દિલ ધ્યાવેરે. પ્રિ. ૭
વીર વિભુ આતમને દેખી, હૈયામાંહિ હર્ષેરે;
ચકિત બને સ્તબ્ધ બનીને, પ્રાપ્તિમાટે તરસેરે. પ્રિ. ૮
સત્તાએ સઘળે આતમના, છતાપણાને ભાવેરે;
હર્ષે નાચે કૂદે ખેલે, ધ્યાવે ને ખૂબ ગાવેરે. પ્રિ. ૯
કામાદિક વૃત્તિયો રોધે, વિષયો વિષસમ ધારેરે;
ચર્ચા વાદવિવાદને ટાળે, નિંદા વિકથા વારેરે. પ્રિ. ૧૦
નિંદા સ્તુતિ સુણે ન કાને, લોકવિષે નહીં મુંઝેરે;
હુંમાંહિ હુંપણું સમાવે, તેને સત્ય જ સૂઝેરે. પ્રિ. ૧૧
શાસ્ત્રોના દઢ મોહનો ત્યાગી, આતમનો દઢ રાગીરે;
જડ સુખનો પૂરો વૈરાગી, રહેતો વીરમાં જાગીરે. પ્રિ. ૧૨
આત્મવીરપર પૂર્ણ પ્રતીતિ, એકાંતિક દઢ પ્રીતિરે;
વીર પ્રભુ ભક્તિની રીતિ, હોય ન સ્વપ્ને અનીતિરે. પ્રિ. ૧૩
પોતાના પર દુનિયા રીઝે, ખીજે મન નહીં ધારેરે;
દુનિયાના અપવાદે નિર્ભય, હિંમત લેશ ન હારેરે. પ્રિ. ૧૪
અન્યાશ્રયનો ત્યાગ કરે ને, દૈન્યપણું નહીં ધારેરે;
સુખ દુ:ખ આવે હર્ષ ન ચિંતા, રહે પ્રભુના પ્યારેરે. પ્રિ. ૧૫
શાસ્ત્રોમાં લોકોમાં વિવેકે, તટસ્થ મનથી વર્તેરે;
પ્રેમ વિરોધીનો નહીં સંગી, વર્તે અનુભવ શર્તેરે. પ્રિ. ૧૬
સુરતા વીર પ્રભુમાં લગાડી, કરે નીતિથી પ્રવૃત્તિરે;
રસ પડતો ત્યાં રહેતો રાજી, રોધે મનની વૃત્તિરે. પ્રિ. ૧૭
મનને આતમમાંહિ રમાડે, પ્રેમરસે જ જમાડેરે;
મનને ભ્રમણામાં ન ભમાડે, ભમે ન મતના વાડેરે. પ્રિ. ૧૮
જ્યાંસુધી તનુ છે ત્યાંસુધી, કર્મો યોગ્ય કરંતોરે;
નિન્દા ભય ખેદાદિક વારી, દિલમાં વીર સ્મરંતોરે. પ્રિ. ૧૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેવ ગુરૂની પૂજા સેવા, ભક્તિમાં મન રાખેરે;
શુદ્ધ પ્રેમ વધતાં નિશદિન તે, આત્મામૃતને ચાખેરે. પ્રિ. ૨૦
દેવ ગુરૂની કથામાં પ્રીતિ, આત્મરતિ છે ભક્તિરે;
આત્માર્પણથી જીવન સઘળું, ધરવું સત્ય પ્રતીતિરે. પ્રિ. ૨૧
આત્મમહાવીર પ્રભુને મળવા, અતિ આકુલ મન થાવેરે;
અંતર્દાહને મૂર્ચ્છા પ્રગટે, ભોજનમાં રસ નાવેરે. પ્રિ. ૨૨
મૈથુન ભોગાદિકમાં રસ નહીં, કરે ન યાચ્ના બીજીરે;
મુક્તિ સ્વર્ગ ન ઇચ્છે મનમાં, રહે આતમમાં રીજીરે. પ્રિ. ૨૩
પ્રભુ સ્વરૂપ ન ભૂલે ક્યારે. સર્વે કાર્ય કરંતારે;
પ્રામાણિક જીવનથી રહેતો, કરે ન પાપ મરંતારે. પ્રિ. ૨૪
જ્ઞાન ભક્તિ વણ જારપણું છે, સર્વાત્માઓ સાથેરે;
ગુણ કર્મોને આતમ સામ્યે, ભક્તિ થતી શુભ હાથેરે. પ્રિ.. ૨૫
કર્મમાં પ્રીતિ જ્ઞાનમાં પ્રીતિ, યોગમાં પ્રીતિ જ ભક્તિરે;
અભેદભાવે એકપણામાં, ભક્તિ ફલ છે મુક્તિરે. પ્રિ. ૨૬
જ્ઞાન ને ભક્તિ અંતે એકજ, રૂપે થૈ વિશ્રામેરે;
શુદ્ધ પ્રેમસાગરમાં ડૂબે, અનુભવ ભક્તિ પામેરે. પ્રિ. ૨૭
ભક્તિનો સ્વામી છે આતમ, આનંદ રસે રસીલોરે;
પ્રેમદૃષ્ટિએ દોષ ન પ્રગટે, આતમ થાય ગુણીલોરે. પ્રિ. ૨૮
વિષય નાગનાં વિષ ચઢે નહીં, ભક્તિ અમૃત પામેરે;
પ્રગટેલો આધિ દાવાનલ, શીતલ થૈ વિશ્રામેરે. પ્રિ. ૨૯
વીર પ્રભુમાં લગની લાગે, ગુરૂ કૃપા જો થાવેરે;
સંતજનોની કૃપા મળે નેં, નાસ્તિકતા દૂર જાવેરે. પ્રિ. ૩૦
શુદ્ધ પ્રેમિભક્તો સંગે, નિશદિન રહેતાં ભાવેરે,
પરબ્રહ્મ મહાવીરમાં લગની, લાગે અનુભવ આવેરે. પ્રિ. ૩૧
તમોગુણી ને રજોગુણી ને, સાત્વિક ભક્તિ ભાખીરે;
જેને જેવી યોગ્યતા તેણું, ભક્તિ ઘટમાં રાખીરે. પ્રિ. ૩૨
ભેદ ન પ્રભુની સાથે રહેતો, જીવો એક સ્વરૂપેરે;
અનેકને જ સમાવે નિજમાં, પ્રગટ્યો પ્રેમ ન છૂપેરે. પ્રિ. ૩૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાસ્તિક દુર્જન મૂઢ જનોનો, સંગ કરે નહીં ક્યારેરે;
ઈંડા સમ અપક્વ દશામાં, ગુરૂઆજ્ઞા ધરી ચાલેરે. પ્રિ. ૩૪
કામ ક્રોધ ને મોહ નિવારે, વિષય સંગને ભૂલેરે;
વિષય સંગ સ્મરતાં પતનો છે, ભક્તો કદિ ન ફૂલેરે. પ્રિ. ૩૫
વિષય વૃત્તિનો સંગ ત્યજે તે, અંનત બ્રહ્મમાં મ્હાલેરે;
માયાને અનુકૂલ કરીને, અનુક્રમે પંથે ચાલેરે. પ્રિ. ૩૬
નિર્જન સ્થાનોને સેવે જે, નિર્મમ નિરહંકારીરે;
નભપેઠે નિર્લેપ જે રહેતો, અપ્રતિબદ્ધ વિચારીરે. પ્રિ. ૩૭
જડથી રાગ ન દ્વેષ ન ધારે, સોઽહંભાવ વિચારેરે;
હું તું વૃત્તિથી થૈ ન્યારો, એકપણું દિલ ધારેરે. પ્રિ. ૩૮
સાગરમાં નદીઓજ સમાતી, નામ રૂપને ત્યાગીરે;
આત્મામાંહિ ચિત્ત સમાવે, તે ભક્તિ વડભાગીરે. પ્રિ. ૩૯
કર્મ કરે પણ ફલ ઇચ્છા નહીં, ઇચ્છા પ્રભુને સોંપેરે;
આત્માર્પણથી અખંડ થાતો, કામ પશુને કાપેરે. પ્રિ. ૪૦
બાહિર અંતર પરમ રૂપ ત્રણ, પ્રેમનાં જાણ વિવેકેરે;
ઉત્તરોત્તર વિશુદ્ધ લહીને, વર્તો અભેદ એકેરે. પ્રિ. ૪૧
પરબ્રહ્મ મહાવીર પ્રભુની, એકાંતિક મહાભક્તિરે;
નામ રૂપના વ્યક્તિપણાને, ભૂલવતી મહાશક્તિરે. પ્રિ. ૪૨
પ્રેમસ્વરૂપે સહુને દેખે, સર્વ વિકલ્પ સમાવેરે;
સત્તાએ એકજ આતમને, ભાવે ધ્યાવે ગાવેરે. પ્રિ. ૪૩
આંખોમાં અશ્રુનો સાગર, ગદગદ વાણી બોલેરે;
હર્ષ થકી નભને ઉભરાવે, પ્રભુ પ્રેમથી ડોલેરે. પ્રિ. ૪૪
આવિર્ભાવ પ્રભુનો પામે, સત્ય પ્રેમ પ્રભાવેરે;
સર્વ વિશ્વને પૂજ્યપણું દે, ભક્તિના ખૂબ ભાવેરે. પ્રિ. ૪૫
પ્રેમ સમાધિમાં નહીં આધિ, ઉપાધિ વા વ્યાધિરે;
પ્રભુપ્રેમનું દર્દ મઝાનું, મન રહેતું ઉન્માદીરે. પ્રિ. ૪૬
ભક્તિપ્રતાપે પૃથ્વી રહે સ્થિર; ચાંદો ભાનુ ચાલેરે;
મર્યાદા મૂકે નહીં સાગર, વનસ્પતિયો ફાલેરે. પ્રિ. ૪૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાયુ વહેતો રહેતો નિશદિન, નભ સ્થિરતા નહીં છંડેરે;
વહ્નિ ઉષ્ણપણું નહિ છંડે, શીતલ જલ બ્રહ્માંડેરે. પ્રિ. ૪૮
દેવ દેવીઓ ભક્તિ રસથી, વિવિધ પ્રકારે નાચેરે;
ભક્તિ રસેજ રસીલા ઇન્દ્રો, તન્મય થૈ ને રાચેરે. પ્રિ. ૪૯
પૂર્ણપણે જ્યાં ભક્તિ નહિ ત્યાં, વર્તે લૌકિક રીતિરે;
નાત જાત ધર્માદિ ભેદો, થાય નહીં નિવૃત્તિરે. પ્રિ. ૫૦

કામાદિક દોષો પ્રકટાવે, સંગ વાત તે વારોરે;
આત્મશક્તિ પ્રગટાવી પ્રેમે, નિજ આતમને તારોરે. પ્રિ. ૫૧
પ્રેમની વાતો શાસ્ત્રો વાંચે, સુણતાં પાર ન આવેરે;
પ્રેમી થૈને સહુને ન્હાવો, પ્રેમાચારના દાવેરે. પ્રિ. ૫૨
પ્રથમ પ્રેમમાંહે હોમાતો, કરીને સ્વાર્પણ સર્વેરે;
અન્ય જનોને ભક્ત બનાવે, સર્વ સહે અગર્વેરે. પ્રિ. ૫૩
વીરને વીર બનીને ભજતો, પ્રેમનો ભાવ વધારીરે;
જન્મ મૃત્યુ બે વીરને સોંપી, વર્તે વાસના વારીરે. પ્રિ. ૫૪

અરસ્પરસ નરનારી રૂપને, કંચન વાત નિવારીરે;
પ્રભુપ્રેમી નર નારી સંતો, મરે મોહને મારીરે. પ્રિ. ૫૫
વર્ણ ને વિદ્યા કર્માચારે, ભેદ ધરે નહીં ભક્તોરે;
ભેદે ખેદ વધે છે ભારે, ભક્તિ લહે ન અશક્તોરે. પ્રિ. ૫૬
ભિન્ન ભિન્ન દર્શન મત પંથે, ભિન્નાચાર વિચારેરે;
મુંઝાતા નહીં ભક્તો ક્યારે, અભેદ પ્રીતિ ધારેરે. પ્રિ. ૫૭
સર્વાતમથી જગ સહુ ભરીયું, આતમથી જે ન્યારૂંરે;
તેમાં ભ્રાન્ત ન થાતા ભક્તો, બ્રહ્મ ગણીલે પ્યારૂંરે. પ્રિ. ૫૮

પ્રભુ પ્રેમથી બંધ ટળે ને, રહે નહીં પરવશતારે;
સ્વતંત્રતા માટે સ્વાર્પણ સહુ, ભક્તો શિવપુર વસતારે. પ્રિ. ૫૯
ગ્રહણ ત્યાગ બે મનના ધર્મો, તેથી પ્રેમ છે ન્યારોરે;
ગ્રહણ ત્યાગ બે છે જડ ભાવે, સંતો સત્ય વિચારોરે. પ્રિ. ૬૦
ઘાયલનું દિલ ઘાયલ જાણે, ભક્તો ભક્તિ પિછાનેરે;
શૂરાનું દિલ શૂરો જાણે, સાર ન તાણુંતાણેરે. પ્રિ. ૬૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દાસ્યભક્તિમાં ક્ષમા પ્રાર્થના, સેવક ભાવ પ્રવૃતિરે;
પશ્ચાત્તાપ થતો પાપોનો, વધતી નીતિ રીતિરે. પ્રિ. ૬૨
સખા ભક્તિમાં પ્રભુથી મૈત્રી, મનમાં ભેદ ન રહેતોરે;
એક સરીખો આતમ લાગે, ભાવે લેતો દેતોરે. પ્રિ. ૬૩
એક ભાવની ભક્તિ જ્યાંત્યાં, આપોઆપ પ્રભુ છેરે;
પૂર્ણાનન્દ અનુભવ સ્વાદે, શુદ્ધાત્મા જ વિભુ છેરે. પ્રિ. ૬૪
ભક્તિ શરૂછે દાસ્યભાવથી, પ્રભુ ભાવમાં નહીં છેરે;
વેશ ક્રિયા તપ જપ સાધનની, નહીં જરૂરી વહીછેરે. પ્રિ. ૬૫
આતમ આતમનો વિશ્વાસી, સત્ય પ્રતીતિ પામેરે;
આત્માનુભવ ભક્તિ એ છે, વર્તે છે નિષ્કામેરે. પ્રિ. ૬૬
વીર મહાવીર મુખથી જપતાં, મનથી મનમાં જાપેરે;
જપ ભક્તિ થાતી સુખકારી, વીર યજ્ઞ મન થાપેરે. પ્રિ. ૬૭
પિંડ વિષે આતમ મહાવીર જ, વ્યષ્ટિથી એ ભક્તિરે;
સર્વે વિશ્વ જીવો મહાવીરજ, સમષ્ટિ ભક્તિ શક્તિરે. પ્રિ. ૬૮
એક દેશથી વ્યાપ્ય છે ભક્તિ, વ્યાપક વિશ્વની ભક્તિરે;
આતમ પ્રકૃતિ બન્ને ભજતાં, મિશ્ર ભક્તિની વ્યક્તિરે. પ્રિ. ૬૯
દ્રવ્ય ભાવ મહાવીર વિભુનું, અનુકરણ જે કરવું રે;
અનુકરણ ભક્તિ સાચી, સદ્ગુરૂને અનુસરવું રે. પ્રિ. ૭૦
દર્શન ભક્તિ જે દર્શનથી, શ્રવણ ભક્તિ સાંભળતાંરે;
મિલનભક્તિ છે પ્રભુને મળતાં, ભેદભાવ સહુ ટળતાંરે. પ્રિ. ૭૧
પ્રભુ સ્વરૂપની ભક્તિ મોટી, પ્રભુ સ્વરૂપે થાતાંરે;
વિકલ્પ ભક્તિ પ્રભુ વિકલ્પે, મહાવીર સન્મુખ જાતાંરે. પ્રિ ૭૨
રાગાદિકના સંકલ્પો ને, સર્વ વિકલ્પો શમતાંરે;
ભક્તિ નિર્વિકલ્પા પ્રગટે, શુદ્ધ બ્રહ્મમાં રમતાંરે. પ્રિ. ૭૩
અનંત જ્યોતિ રૂપ પ્રભુને, માશુક માની ભજતાંરે;
આશક ભક્તિ પામે રાગી, કામ વાસના ત્યજતાંરે. પ્રિ. ૭૪
જીવોનાં સહુ તનુઓ મંદિર, જીવો પ્રભુ સત્તાએરે;
જાણી સૌમાં પ્રભુને પૂજે, પ્રભુરૂપ તે થાવેરે. પ્રિ. ૭૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્મ પ્રકૃતિ અનેકરૂપે, જીવો સાથ રહેછેરે;
તેને દેખ્યા વણુ જે આતમ, ભજતો તે શિવ લેછેરે. પ્રિ. ૭૬
પ્રકૃતિમાં ગુણુ દોષોની, સર્વ કલ્પના ત્યાગેરે;
ત્યાગભક્તિ તે કોઇ પામી, કર્માતીત્વથી જાગેરે. પ્રિ. ૭૭
જડ પ્રકૃતિમાં સુખ દુઃખની, હોય ન ભ્રાંતી જેનેરે;
પૂર્ણાનન્દ પ્રદાયક ભક્તિ, દિલમાં જાગે તેનેરે. પ્રિ. ૭૮
દેહાધ્યાસ મટાડે ભક્તિ, મૃત્યુ ભીતિ ત્યજાવેરે;
આત્માડ મરતા અનુભવાવે, દુઃખનું ભાન ભૂલાવેરે. પ્રિ. ૭૯
સાધુ સંત સમાગમ વહાલો, સ્વર્ગથકી પણ અધિકોરે;
આત્મ રંગ પણ દુનિયાનો રંગ, લાગે જૂઠો ફીકોરે. પ્રિ. ૮૦
ન્હાના નિર્દોષી બાલકવત્, કહેણી રહેણી જેનીરે;
માત ઉપર લઘુબાલક પ્રીતિ, ભકિત સાચી તેનીરે. પ્રિ. ૮૧
આશકની માશુકપર પ્રીતિ, કંજુસની ધન પ્રીતિરે;
પ્રભુ પર તેવી પ્રીતિ થાતાં, પ્રગટે સાચી ભક્તિરે. પ્રિ. ૮૨
તન મન ધનની યાદ રહે નહીં, ગુરૂદેવની યાદીરે;
દુનિયામાં પાગલ દિલ ડાહ્યો, સેવામાં ન પ્રમાદીરે. પ્રિ. ૮૩
પ્રભુ પ્રેમમાં માયા મમતા, ત્યાગી નિશ્ચય રહેવુંરે;
ત્યાગીઓનો ત્યાગ ખરો એ, પ્રેમથી વસમું સહેવુંરે. પ્રિ. ૮૪
તન ધન સત્તાના યજ્ઞોને, કરવા પ્રભુ પ્રીતિથીરે;
વીરાગ્નિમાં બની પતંગને, બળીજવું રીતિથીરે. પ્રિ. ૮૫
ભક્તિમાં ભય કામનો ભારે, કાચાને ઝટ મારેરે;
કામાદિકની ભસ્મ બનાવી, ભક્તો પુષ્ટિ વધારેરે. પ્રિ. ૮૬
પ્રેમભક્તિમાં ભય નહિ કિંચિત્, આત્માનંદ આસ્વાદેરે;
સર્વ ધર્મ સ્વરૂપ છે ભકિત, પડો ન વાદ વિવાદેરે. પ્રિ. ૮૭
આત્માનુભવ રસ આસ્વાદી, ભક્તો નહીં મુંઝાતારે;
દર્શન મત શાસ્ત્રોના ઝગડા, કરવા નહીં ઉજમાતારે. પ્રિ. ૮૮
ભક્તિથી કદિ થાય ન પડવું, વિષય વને ન રઝળવુંરે;
જીવતાં મરીને જીવીને, બ્રહ્મમાં બ્રહ્મથી ભળવુંરે. પ્રિ. ૮૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભક્તિ વિના નહિ ચિત્તની શુદ્ધિ, વળે શું શાસ્ત્ર ઉકેલેરે;
મન શુદ્ધિથી જ્ઞાન પ્રગટતું, આતમ રસથી રેલેરે. પ્રિ. ૯૦
જ્ઞાનીને અભિમાનની ભીતિ, પ્રેમ વિના તે સૂકોરે;
કર્મ કરંતાં નિન્દક થતો, દોષો પડતા મૂકોરે. પ્રિ. ૯૧
દેવ ગુરૂને એક જ માની, ભક્તિ કરતા ભક્તોરે;
ભક્તો વિનય કરીને સેવે, પ્રેમથી સાચા સંતોરે. પ્રિ. ૯૨
ભક્તોને નહિ પરવા કોની, જીવનની નહિ પરવારે;
પ્રેમી ભક્તો પ્રગટયા જગમાં, પરમાર્થોમાં મરવારે. પ્રિ. ૯૩
પ્રેમભક્તિમાં મરેલ માનવ, દિવ્ય દેવ થૈ જીવેરે;
દ્વંદ્વાતીત બની નિઃસંગી, આનંદ અમૃત પીવેરે. પ્રિ. ૯૪
પ્રેમની આંખો મનડાં જૂદાં, અનંત નૂર ભરેલાંરે;
પ્રેમનો સાકી ખાખી સાચી, પ્રભુનાં ચિત્ત હરેલાંરે. પ્રિ. ૯૫
ભક્તિનું કંઈ જૂદુ જાદુ, ભક્તિ કામણગારીરે;
ભક્તિથી પ્રભુ દ્વારો ખુલ્લાં, સમજો નર ને નારીરે. પ્રિ. ૯૬
વાછરડા પર ગાયની સુરતા, તેવી પ્રભુપર સુરતારે;
રણમાં યોદ્ધાઓની સુરતા, ભક્તો પ્રભુમાં મરતારે. પ્રિ. ૯૭
મનનું કહ્યું કર્યાવણ આતમ, ઇચ્છાએ જે રહેવુંરે;
આત્મભક્તિ તે પામે વિરલા, જ્યાં સહેવું ને દેવુંરે. પ્રિ. ૯૮
ભક્તિ કરતાં પ્રભુ મળેછે, નિશ્ચય એવો ધારોરે
પ્રાણીઓમાં પ્રભુને જૂવો, કૂડ કપટને વારોરે. પ્રિ. ૯૯
ભુખ્યાંઓને ભોજન આપો, તરસ્યાંને જલ પાવોરે;
રોગીઓને ઔષધ આપો, દયા દુઃખીની લાવોરે. પ્રિ. ૧૦૦
જીવંતાને પૂજો પ્રેમે, દિલમાં પ્રભુ નિર્ધારીરે;
વૈર શમાવો ભક્તિ કરીને, મિષ્ટ વદો નરનારીરે પ્રિ. ૧૦૧
માટી દેહોમાં નહીં મુંઝો, ચામડી રંગ છે કાચોરે;
રૂપવિષે સ્પર્શે નહીં મુંઝો, ભક્ત ન ભૂલે સાચોરો. પ્રિ. ૧૦૨
દેવ ગુરૂપર ફુલ કરો સૌ, આત્મ મહાવીર રાચોરે;
ભણ્યા ગણ્યા બહુ ભૂલા ભમતા, સમજી પ્રભુમાં રાચોરે. પ્રિ. ૧૦૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાની ભક્તો મનને તાબે, કરીને રહેતા જગમાંરે;
જ્ઞાનભક્તિ ત્યાં કામ રહે નહીં, પ્રેમજ જ્યાં રગરગમાંરે. પ્રિ. ૧૦૪
ભક્તોનું મનડું છે વૈકુંઠ, જ્ઞાનીઘરમાં મુક્તિરે;
જ્ઞાનવિષે બ્રહ્માંડો સઘળાં, ભાસે અનુભવ યુક્તિરે. પ્રિ. ૧૦૫
મ્હારૂં ત્હારૂં ભેદ નિવારી, વ્યાપક પ્રેમને ધારોરે;
વિશ્વપતિ મહાવીરને માની, પતિભક્તિ અવધારોરે. પ્રિ. ૧૦૬
સદ્ગુરૂ સેવા ભક્તિ કરતાં, આત્મ મહાવીર વિલસેરે,
કલિયુગમાં મહાવીર જપંતાં, સર્વ શક્તિયો ઉલ્લસેરે. પ્રિ. ૧૦૭
પરાભક્તિમાં પરમ પ્રભુજી, ખેલે નવ નવ રંગેરે;
ઐક્ય લીનતા સમતા પામી, બનો પ્રભુજ ઉમંગેરે. પ્રિ. ૧૦૮
પ્રેમજ્યોતિમાં સર્વ સમર્પો, હું તું ભેદ ગુમાવોરે;
વીર પ્રભુનું કીર્તન કરવા, માટે વ્યસની થાવોરે. પ્રિ. ૧૦૯
વીર પ્રભુમાં મન લય થાતાં, અંતર શ્રુતિયો પ્રગટેરે;
વીર પ્રભુ બોલે પ્રગટીને, આવરણો સહુ વિઘટેરે. પ્રિ. ૧૧૦
વીર પ્રભુમય જીવન ધરવું, વીર બની નર નારીરે;
જૈનધર્મ છે જ્ઞાનને ભક્તિ, રહસ્ય સમજો ભારીરે. પ્રિ. ૧૧૧
ભગવતી દેવી સતી યશોદા, દેવી આંતર માતારે;
દિલમાં પ્રગટી ભક્તિ બતાવી, મ્હને થઈ સુખ શાતારે. પ્રિ. ૧૧૨
આધ્યાત્મિક સૃતિ પ્રિયદર્શના, આત્મ વીરની બાલારે;
તેણે ભક્તિ યોગ જણાવ્યો, ગણ્યા મહાવીર વ્હાલારે. પ્રિ. ૧૧૩
પ્રભુ પ્રેમની ચઢી ખુમારી, ઉતરે નહીં ઉતારીરે;
બુદ્ધિસાગર આનંદ મંગળ, પ્રભુ મળ્યા નિર્ધારીરે. પ્રિ. ૧૧૪

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રભુ મહાવીર સ્વામી દેવનો સ્વબેન સુદર્શનાને પ્રબોધ.

## " सुदर्शनासुबोध. "

પ્રભુ મહાવીરજી વર્ધમાન, પ્રિયબંધુ સાચા ગુણવાન;
વિભુ સ્વયંભૂ ઇશ્વર દેવ, સર્વ વિશ્વ કરતું તુજ સેવ. ૧
પરમેશ્વરનો મહાવતાર, પૃથ્વીનો કરવા ઉદ્ધાર;
પ્રગટયા પુરૂષોત્તમ ભગવંત, સર્વ સંતમાં પૂર્ણ મહંત. ૨
તુમ સંગતથી સાચુ જ્ઞાન, પ્રગટયું ભક્તિનું શુભતાન;
ત્રણ જગત્‌ના પાલક ધીર, જય જય જગમાં શ્રીમહાવીર. ૩
જૈનધર્મ કરવા પરકાશ, તીર્થંકર પ્રગટયા ગુણવાસ;
ગૃહાવાસ દીપાવ્યો ખરો, ભારતનો ભાનુ અવતર્યો. ૪
ચંદ્ર સૂર્ય તવ આજ્ઞાવડે, અહો સકલ જીવો સંચરે;
તુજ આજ્ઞાની કોઇ ન બહાર, સર્વ વિશ્વનો તું આધાર. ૫
અધ્યાત્મિક દૃષ્ટિએ વડો, સર્વ વિશ્વ લેતું તુજ ધડો;
તુજ નામે સંકટ સહુ ટળે, તુજ ભજતાં વેળા સહુ વળે. ૬
મહાવીર વીર જપતાં જાપ, કાલ અનાદિ ટળતાં પાપ;
સુદર્શના હું ત્હારી બેન, તુજ બોધે પ્રગટયું દિલ ચેન. ૭
જન્મકાલથી પ્રભુ શ્રીવીર, સર્વ વિશ્વમાં મોટો ધીર;
અંગુઠે મેરૂને અડયો, મેરૂ કંપ્યો ને ધડહડયો. ૮
ઇન્દ્રે જાણ્યો શક્તિ અનંત, સ્વામી પરમેશ્વર જયવંત;
ઇન્દ્રાદિક તુજ સેવા કરે, સર્વ વિશ્વ દેવો તુજ સ્મરે. ૯
વીર વીર તુજ નામનો જાપ, જપતાં ભક્તપણાની છાપ;
મહા પાપીઓ પામે સ્વર્ગ, તુજ ભક્તો નહીં પામે નર્ક ૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરબ્રહ્મ તું છે સાકાર, દેહ ધરી કરતો ઉપકાર;
ત્યાગાવસ્થા પૂર્વે પ્રભો, મુજને શિક્ષા આપો વિભો. ૧૧
તુજ વચનામૃત પીતાં સુખ, પ્રગટે નાસે સર્વે દુઃખ;
વીર વિભુ આપો ઉપદેશ, જેથી નાસે સઘળા ક્લેશ. ૧૨
વીર પ્રભુ ભાખે ભગવંત, સુદર્શના સાંભળ ગુણવંત;
જૈનધર્મ જગમાં છે સાર, તેના રૂડા છે આચાર. ૧૩
જૈનધર્મ સમ કોઇ ન ધર્મ, સેવંતાં નાસે સહુ કર્મ;
સત્યજ્ઞાન ને સત્યાચાર, પાળો ટાળો મિથ્યાચાર. ૧૪
જૈનધર્મ જગમાં જયકાર, સમજે નાસે દુષ્ટાચાર;
જૈનધર્મની બાહિર ધર્મ, રહ્યો ન બીજો સમજો મર્મ. ૧૫
મન વાણી કાયા શુભ કર્મ, આત્મ ગુણો જાણો જૈનધર્મ;
મારાપર પ્રીતિ વિશ્વાસ, ધારે તે જૈનો છે ખાસ. ૧૬
કુતર્કોથી જે નહીં ભમે, મન ઇન્દ્રિયોને જે દમે;
ગુણ કર્મોથી વર્ણ વિભાગ, જાણે તે ધારે મુજ રાગ. ૧૭
ગુણ કર્મોથી જાતિ ખરી, જન્મથકી નહિ જાતિ જરી;
ગુણ કર્મોથી સર્વે વર્ણ, પામે છે સાચું મુજ શર્ણ. ૧૮
નિજ નિજ ગુણ કર્માનુસાર, મુજને ભજતી વર્ણો ચાર;
જૈનધર્મ પાળી શિવ વરે, યથાશક્તિ સુખડાં તે વરે. ૧૯
સર્વ મનુષ્યો સરખા જાણ, ગુણ કર્મોથી જાતિ પ્રમાણ;
ઉચ્ચ નીચનો જે વ્યવહાર, નિશ્ચયથી તેમાં નહિ સાર. ૨૦
વર્ણ ધર્મમાં લેશ ન ફૂલ, દેહ રૂપમાં કર નહીં ભૂલ;
સહુને સરખા મનમાં માન, કર નહીં કોનું જગ અપમાન. ૨૧
ગુણ કર્મોથી જૈનો જેહ, વ્યવહારે વર્તે છે એહ;
અંતરમાં નહીં લિંગ ન જાત, જૈનધર્મની એવી વાત. ૨૨
જૈનધર્મ પાળંતાં મરો, તેથી ભવપાથોધિ તરો;
નાસ્તિકો દુષ્ટો નર નાર, તે નહીં મુજને જાણે સાર. ૨૩
માને નહીં મુજને નર નાર, તે નાસ્તિકો છે નિર્ધાર;
જૈનધર્મ માને નહીં જેહ, નાસ્તિકો દુર્બુદ્ધિ તેહ. ૨૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરશો નહીં નાસ્તિક વિશ્વાસ, દુષ્ટબુદ્ધિ અવળા જે ખાસ;
મુજ ભક્તિમાં પાડે ભંગ, તેનો કદિ ન કરવો સંગ. ૨૫
દુષ્ટોની સંગે ગુણ જાય, સંશય બુદ્ધિ ઘટમાં થાય;
તપ જપ કીધું ચાલ્યું જાય, દુર્ગુણબીજો દિલ પ્રગટાય. ૨૬
મારાપર જેનો બહુ રાગ, તેનામાં પ્રગટેછે ત્યાગ;
અનન્યપ્રેમે મુજને ભજે, તે મુક્તિને ઘટમાં સજે. ૨૭
મુજપર જેનો છે વિશ્વાસ, ધરે ન બીજાની મન આશ;
જીવંતા તે જૈનો ખાસ, બને ન મનથી કોના દાસ. ૨૮
જૈનધર્મ મુજમાટે મરે, મરી મહાસ્વર્ગે અવતરે;
ધર્મયુદ્ધ કરવામાં ભીતિ, જેને તેને ન જૈનની નીતિ. ૨૯
યાવત્ વર્તે દેહાધ્યાસ, તાવજ્જીવો જગના દાસ;
વજ્ર સરીખી કાયા ગણે, સત્ય નીતિથી જૈનો બને. ૩૦
મારા વચનોમાં વિશ્વાસ, જેઓને તે જૈનો ખાસ;
આતમ માને તે છે જૈન, ધરે ન ક્યારે મનમાં દૈન્ય. ૩૧
સર્વ કર્મ કરતાં જે સદા, મારૂં નામ ભજે જે મુદા;
રાખી મારાપર વિશ્વાસ, કર્મ કરે તે થાય ન દાસ. ૩૨
મુજ ભક્તિ માટે જે ઘટે, તે તે કરતો શિરને સટે;
મુજ માટે દુઃખો સહુ સહે, કર્યાકર્મ ભોગવતો વહે. ૩૩
દુર્ગુણ જીતે તે છે જૈન, ધરે ન જડ વસ્તુનું દૈન્ય;
દુશ્મન જીતે જૈન ગણાય, સમકિત શ્રદ્ધાએ વર્તાય. ૩૪
જૈનધર્મના સહુ વ્યવહાર, પાળે સર્વ વિચારાચાર;
યથાશક્તિ કાલાનુસાર, પાળે તે જૈનો નર નાર. ૩૫
મુજ ભક્તિ કરતાં નર નાર, જૈનો છે સહુ કાલ મઝાર;
વેષ ક્રિયાના મિથ્યા ભેદ, તેમાં પામે નહિ જે ખેદ. ૩૬
વેષ ક્રિયા બહુલા આચાર, જેને જેહ રૂચે તે સાર;
અન્યક્રિયા કરનારા સાથ, આત્મભાવથી વર્તે નાથ. ૩૭
મતભેદે નહીં નિંદા કરે, મુજને નીતિથી જે સ્મરે;
તેઓ જૈનો પામે મુક્તિ, મુજમાં પ્રીતિ ત્યાં સહુ યુક્તિ. ૩૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈનધર્મનો સાંભળ સાર, મુજમાં મન રાખી નિર્ધાર;
સંસારે વર્તે નર નાર, તે જૈનો નિર્બંધ વિચાર. ૩૯
સર્વ ખંડમાં માનવ જાત, મુજને ભજતી જે દિનરાત;
સ્વતંત્રતા સુખ શાંતિ લહે, શુદ્ધપ્રેમથી જીવન વહે. ૪૦
આદિઅંત ન મારો ક્યાંય, દર્શનથી દેખો જ્યાં ત્યાંય;
પૂર્ણ પ્રેમી મારો થાય, જૈનધર્મ તે પૂરણ પાય. ૪૧
જૈનધર્મ છે જ્ઞાન ને પ્રેમ, સર્વ જીવોપર સાચી રહેમ;
મુજ પ્રીતિમાં તપ જપ સર્વ, રહે ન મિથ્યા બુદ્ધિગર્વ. ૪૨
સંતોને જાણે મુજ રૂપ, તેને રહે ન દિલમાં ધૂપ;
સંતોની જે સેવા કરે, અભેદભાવે મુજમાં ઠરે. ૪૩
જૈનધર્મનો સાચો સાર, સંતોની સેવા જયકાર;
સુખ દુઃખમાં મારો વિશ્વાસ, રાખે તે નહિ હોય ઉદાસ. ૪૪
ઉપસર્ગો વેઠી મુજ ચાહ, રાખે સહીને દુઃખનો દાહ;
મુજવણ કાંઈ ઇચ્છે ન અન્ય, ભક્તો મુજસરખા કૃતપુણ્ય. ૪૫
મુજ પ્રીત્યર્થે સહુ અપમાન, નિન્દા ગાળો સહે અમાન;
પરીષહો આદિ સહુ સહે, મુજવણ બીજું કાંઇ ન ચહે. ૪૬
ઝેરને અમૃત માની ગળે, મુજ વિયોગે મનડું બળે;
મુજ વાટે સ્વાર્પણથી વળે, મુજસમ થૈ તે મુજને મળે. ૪૭
મારામાંહી રાખે ચિત્ત, તેવા જૈનો સદા પવિત્ર;
મુજવણ અન્ય ઉપર નહીં રાગ, ભોગીપણ જેના મન ત્યાગ. ૪૮
મૂર્છાવણ જડ સંચય કરે, ઉપયોગે લીધું વાપરે;
બાહ્યપરિગ્રહ મનમાં ત્યાગ, જડ વસ્તુમાં છે વૈરાગ્ય. ૪૯
શુભાશુભ નહિ જડમાં બુદ્ધિ, કર્મ કરંતો રાખે શુદ્ધિ;
નિષ્કામે સહુ કાર્યો કરે, જૈનો એવા મુજ પદ વરે. ૫૦
લક્ષ્મી વધંતાં થાય ન હર્ષ, લક્ષ્મી ઘટંતાં નહીં અપકર્ષ;
લક્ષ્મીમાં નહીં લક્ષ્મીભાવ, હર્ષ શોકનો કરે ન રાવ. ૫૧
એવા જૈનો જગની સેવ, કરતા બનતા નિશ્ચય દેવ;
સર્વવિષે પણ સર્વથી ભિન્ન, વીતરાગ બનતા તે જિન. ૫૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમભાવે વર્તે સંસાર, તે મુજ સરખા નર ને નાર;
જૈનધર્મ નિશ્ચય સમભાવ, સુદર્શના તે મનમાં લાવ. ૫૩
સદ્વર્તનથી જીવન ગાળ, જૈનધર્મ નિશ્ચય સમ ભાળ;
પવિત્ર જીવન ગાળે જેહ, મુજથી ભેદ ન પામે તેહ. ૫૪
સર્વ વર્ણના નર ને નાર, ત્યાગ દશાનો છે અધિકાર;
સર્વ વાસના ત્યાગે ત્યાગ, દશા પ્રગટતાં ગુણ નિર્ધાર. ૫૫
આંતર ત્યાગથકી સ્વાતંત્ર્ય, જડરાગે જીવો પરતંત્ર;.
ત્યાગીઓ નૃપતિથી શ્રેષ્ઠ, સઘળાં જીવન તેના હેઠ. ૫૬
જેજે અંશે પ્રગટે ત્યાગ, તે તે અંશે છે વૈરાગ્ય;
વૈરાગે છે આતમ રાગ, સુદર્શના અંતરમાં જાગ. ૫૭
કામાશા બંધનથી દુઃખ, કામાશા ટાળ્યાથી સુખ;
કામાશાના ત્યાગે ત્યાગ, સંસ્કારી સમજે મહાભાગ. ૫૮
ત્યાગી નિર્ગ્રન્થો અનગાર, સંન્યાસી સુખિયા નિર્ધાર;
દેશાદિકનો નહીં પ્રતિબંધ, તેને નહીં મમતાની ગંધ. ૫૯
શુભ અશુભ નહીં જડપર રાગ, તેનો આંતર સાચો ત્યાગ;
આત્મસ્વભાવે જાગે જેહ, સુદર્શના યોગી છે તેહ. ૬૦
શુભ અશુભ નહીં જડપર દ્વેષ, તેના અંતરમાં નહીં ક્લેશ;
જડપ્રવૃત્તિ કરતો તેહ, ક્લેશ લહે નહિ મનમાં રેહ. ૬૧
સ્પર્શેન્દ્રિથી સ્પર્શો ગ્રહે, સમભાવે પ્રારબ્ધે વહે;
ધર્મ્ય સ્પર્શને ધરતો રહે, સમભાવે પ્રારબ્ધે વહે. ૬૨
રસનાથી સહુ રસને ગ્રહે, પ્રારબ્ધે સમભાવે રહે;
ખપ પડતા રસ વેદે સહી, ત્યાગપણું અંતરમાં વહી. ૬૩
રસની આસક્તિવણ જમે, જમતો પણ મોહે નહિ ભમે;
આસક્તિવણ ભોજન ભોગ, કરતાં પ્રારબ્ધે છે યોગ; ૬૪
નાસાથી દુર્ગંધ સુગંધ, આવે તેમાં થાય ન અન્ધ;
સમભાવે ગંધોને ગ્રહે, પ્રારબ્ધે જીવનને વહે. ૬૫
સુગંધે નહીં મન હર્ષાય, દુર્ગંધે નહીં શોક જ પાય;
નાકને ગંધથકી નહીં બંધ, જ્ઞાનીને પુદ્ગલ સંબંધ. ૬૬



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આંખથકી દેખી રૂપરંગ, જ્ઞાની પામે નહિ અભિષ્વંગ;
આંખથકી દેખે સહુ દશ્ય, પણ નહિ થાતો તેના વશ્ય. ૬૭
વિના વાસના આંખોવડે, દેખતાં પરમાર્થો જડે;
આંખને રૂપો સાધન જાણ, આંખોથી છે ધર્મ પ્રમાણ. ૬૮
ચક્ષુઓ છે સુખના હેત, દેવગુરૂ દર્શન સંકેત;
ચક્ષુથી ધર્મો પ્રગટાય, જ્ઞાની બંધપણું નહિ પાય. ૬૯
સમજાવે દેખો સહુ દશ્ય, મોહાદિકના થાઓ ન વશ્ય;
અનંત પુણ્યે ચક્ષુ મળે, જ્ઞાનીને સુખમાં સહુ ભળે. ૭૦
સુણો ન શબ્દો બૂરા કદિ, આત્મદશાનું હિત જો યદિ;
અધર્મ્ય શબ્દોથી સંસાર, ધાર્મિક શબ્દોથી સુખસાર. ૭૧
અધર્મવર્ધક શબ્દો ત્યજો, સારા શબ્દોને દિલ ભજો;
અશુભ સુણી નહિ પામો દ્વેષ, શબ્દ સહીને ટાળો ક્લેશ. ૭૨
શુભ શબ્દો સાંભળતાં રાગ, પ્રથમ દશામાં પછીથી ત્યાગ;
સુણીને માન અને અપમાન, હર્ષ શોક નહીં મનમાં આણ. ૭૩
શબ્દ સૃષ્ટિનો નહીંછે પાર, આસક્તિ નહીં તેમાં ધાર;
દેવ ગુરૂના ગુણને સુણો, સારૂં સુણવા કર્ણો ગુણો. ૭૪
ઈન્દ્રયોથી મુક્તિ થાય, શુભમાટે ઉપયોગ કરાય;
વાણીથી સાચું શુભભાખ, સુદર્શના નિજ ધર્મને રાખ. ૭૫
ઇન્દ્રિયોને વશમાં રાખ, સુદર્શના આતમ સુખ ચાખ.
ઇન્દ્રિયો જીતેછે સુખ, ઇન્દ્રિયોના વશથી દુઃખ. ૭૬
ઈન્દ્રિયોનો શુભ ઉપયોગ, કરવો એ છે ધર્મનો યોગ;
કરો નહીં બૂરામાં યોગ, પ્રારબ્ધે ધર્માર્થે ભોગ. ૭૭
ઇન્દ્રિયોને વિષયો સહુ, મુજ ભક્તોને સવળા લહુ;
જ્ઞાનાર્થે ઇન્દ્રિયો મળી, ધર્માર્થે ભોગાર્થે વળી. ૭૮
ઇન્દ્રિયોનો સદુપયોગ, જૈનધર્મ એ છે ગુણયોગ;
મનનો આતમ સાથે યોગ, કરતાં નાસે સઘળા રોગ. ૭૯
અનંત પુણ્યે મનડું મળ્યું, મોટું સાધન ભાગ્યે ફળ્યું;
મનવિના નહીં આતમમુક્તિ, મન મંત્રીસમ સમજો યુક્તિ. ૮૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આતમરાજા મન:પ્રધાન, ઇન્દ્રિયો કાયારથ માન;
આતમના ઉપયોગે ધર્મ, સર્વે કાર્યો કરંતાં શર્મ. ૮૧
આતમના અનુસારે મન, વર્તે આતમ થાય પ્રસન્ન;
મનનો પૂરણ થાય વિકાસ, ત્યારે આતમ પૂર્ણ પ્રકાશ. ૮૨
મનોવિકાસાર્થેજ પ્રમાણ, ઇન્દ્રિયોની પ્રાપ્તિ જાણ;
દયા દાન દમ આદર કરો, આતમશક્તિયો વેગે વરો ૮૩
મન ઇન્દ્રિયો કાયાવડે, આતમ પૂર્ણપ્રકાશ જ ફળે;
મન વાણી કાયા ત્રણ યોગ. તેના બળથી આતમયોગ. ૮૪
બ્રહ્મચર્યથી કાયાવીર્ય, રક્ષીને પ્રગટાવો ધૈર્ય;
કાયાની શક્તિ છે ઘણી, તેનો કર્તા આતમ ધણી. ૮૫
કાયાનું રક્ષો આરોગ્ય, તેથી થાશો યોગિયોગ્ય;
કરવો સાત્વિક યોગ્યાહાર, હવા દવાથી રક્ષો સાર. ૮૬
કસરત પ્રાણયામે દેહ, નિરોગી થાતી ગુણગેહ;
ધર્માર્થે કાયા સંભાળ, સુદર્શના કર સાચો ખ્યાલ. ૮૭
દેહની કિંમત જેણે કરી, ધર્માર્થે કાયા સંવરી;
વાણીની તે કિંમત કરે, આત્માની શક્તિયો વરે. ૮૮
વચન વિચારી મીઠા બોલ, સાચાનો કરજે મન તોલ;
સત્યસમો નહીં જગમાં ધર્મ, જૂઠસમો નહીં વિશ્વ અધર્મ. ૮૯
સત્યને જાણી સાચું બોલ, પૂર્ણ કરી લે કીધા કોલ;
જ્ઞાતકુલ જ એ હેત પ્રસિદ્ધ, સત્યવચનમાં માને રૂદ્ધિ. ૯૦
સત્ય વદે તે થાય મહાન, સત્ય સુણંતાં સફલા કાન;
આચારે મૂકોને સત્ય, તેથી સારાં થાશે કૃત્ય. ૯૧
અલ્પ દોષ ને લાભ મહાન. ઘણો ધર્મ જેમાં તે જાણ;
દેશકાલ અનુસારે સત્ય, સંઘાદિકનાં જાણો કૃત્ય. ૯૨
સત્ય વસે ત્યાં મારો ધર્મ, સત્ય ઘટે ત્યાં થાય અધર્મ;
ધર્મે સુખડાં પાપે દુઃખ, અન્યાયે ભાગે નહીં ભૂખ ૯૩
અસત્ય વદતાં શક્તિ જાય, વિશ્વાસી નહીં કો જગ થાય;
વચનસિદ્ધિ પ્રગટી પણ ટળે, દુઃખ સંકટ વહેલાં સાંપડે. ૯૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અસત્ય જીતે તે છે જૈન, સત્ય વદંતાં ધરો ન દૈન્ય;
યશકીર્તિ લક્ષ્મી જો જાય, તોપણ સાચ રહો નિર્માય. ૯૫
સત્ય વદંતાં પાપ ન થાય, સત્ય સમો નહીં કોઇ ન્યાય;
સમજ્યાવણુ નહીં સત્ય પમાય, જ્ઞાની પામે સત્ય સદાય. ૯૬
મન વાણી કાયાને હેત, સત્યપણાનો છે સંકેત;
ચોરીને અન્યાયનો ત્યાગ, કરતાં મુજપર થાશે રાગ. ૯૭
કાયા કરતાં મન આહાર, મન કરતાં આતમ આહાર;
ઉત્તરોત્તર જે સમજે સત્ય, તેનાં સાત્વિક થાતાં કૃત્ય. ૯૮
ઇન્દ્રિયોની રક્ષા કરે, મારામાં મનડું જે ધરે;
નિજસરખા અન્યોને ગણે, તે મુજભક્તિ ભાવો ભણે. ૯૯
ધર્માર્થે મન કાયા પોષ, ધર્માર્થે કર રાગ ને રોષ;
મળે તેહમાં ધર સંતોષ, ખુલ્લા કરે નહિ કોના દોષ. ૧૦૦
કોનાં ખોટાં મર્મ ન ખોલ, વાણી મીઠી તોલી બોલ;
નિંદા કરતાં વધે અશક્તિ, સારી નહીં થાવે મુજભક્તિ. ૧૦૧
દેવ ગુરૂની નિંદા ત્યાગ, સુદર્શના સદ્ગુણથી જાગ;
સાવધ રહે શત્રુથી નિત્ય, દ્રવ્યભાવથી થાય પવિત્ર. ૧૦૨
ગુસ્સાથી નહીં મૂકો આળ, ક્રોધથકી નહીં દેવો ગાળ;
સ્વજન વર્ગની કર સંભાળ, પશુ પંખીને પ્રેમે પાળ. ૧૦૩
ગાયોના રક્ષણમાં ધર્મ, આર્ય જનોનું સારૂં કર્મ;
ગૌઆદિનું રક્ષણ કરો, ઘરમાં રાખી પ્રીતિ ધરો. ૧૦૪
ગૌઆદિ પશુપંખી વર્ગ, રક્ષણપાલન યોગે સ્વર્ગ;
ગૌઆદિની હિંસા થાય, ત્યાં યજ્ઞો કીધા નહીં જાય. ૧૦૫
જ્યાં હરણાં સસલાંનો વાસ, હરે ફરે ખાવે જ્યાં ઘાસ;
આર્યદેશ તે યજ્ઞનું સ્થાન, ત્યાં પ્રગટે છે મારૂં જ્ઞાન. ૧૦૬
ગાયોનું જે પાલન કરે, આયુષ્ય અંતે સ્વર્ગ જ વરે;
યજ્ઞોમાં જ્યાં ગાય કપાય, યજ્ઞપણું ત્યાં નહીં જરાય. ૧૦૭
યજ્ઞોમાં પશુઓનો નાશ, કરતાં દુઃખ સંકટમાં વાસ;
જ્યાં હિંસા ત્યાં યજ્ઞો નહીં, શિક્ષા મારી માનો સહી. ૧૦૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્યના ઘેર, ગાયો પાળે વર્તે લ્હેર;
આર્ય જનોની એવી રીતિ; વર્તે ત્યાં નહીં પાપની ભીતિ. ૧૦૯
દેશ કોમનું ધન છે ગાય, મહીષી આદિ રક્ષા થાય;
ઉત્પાતો ત્યાં ટળતા રહે, માનવ વર્ગો સુખને વહે. ૧૧૦
જે દેશોમાં ઘર ઘર ગાય, જૈનધર્મ ત્યાં જીવ્યો જાય;
મારી આજ્ઞા જ્યાં વર્તાય, ઉત્પાતો ત્યાં વિણસી જાય ૧૧૧
ઘર ઘર સાધુ સંતનું માન, પ્રેમથકી જ્યાં મળતું દાન;
અતિથિની સેવામાં પ્રાણ, અર્પાતા ત્યાં મારૂં સ્થાન. ૧૧૨
ભૂખ્યાઓને મળતું અન્ન, ગરીબ લોકો રહે પ્રસન્ન;
તરસ્યાને જ્યાં પાણી મળે, ત્યાં મારી ભક્તિ ઝટ ફળે. ૧૧૩
ગુરૂજનોની પૂજા થાય, વૃદ્ધજનો જ્યાં નહિ દુઃખાય;
ભક્તો ગાવે મારૂં ગાન, ત્યાં નિશ્ચય છે મારૂં સ્થાન. ૧૧૪
સાધુઓનો બહુ સત્કાર, અરસ્પરસ જ્યાં બહુ ઉપકાર;
બાલક નારી રક્ષણ થાય, પુણ્યકર્મ જન શાંતિ પાય. ૧૧૫
અન્યાયે જ્યાં થાય ન યુદ્ધ, બને ન અન્યાયે જન ક્રુદ્ધ;
વૈર ઝેરનો ઉપશમ થાય, દેશ કોમ જન સુખને પાય. ૧૧૬
ઘર ઘર મારી ભક્તિ થાય, ક્રોધાદિક જ્યાં નહીં પ્રગટાય;
ત્યાં સુખ શાંતિ તુષ્ટિ લ્હેર, વર્તે નહિ જ્યાં કાળા કેર. ૧૧૭
અરસ્પરસ સહતા અપરાધ, અપરાધીઓ પામે માફ;
ન્યાય નીતિથી જ્યાં વ્યવહાર, ત્યાં મારી ભક્તિ છે સાર. ૧૧૮
ન્યાય નીતિથી ચાલે રાજ્ય, ત્યાં વર્તે શાંતિસામ્રાજ્ય;
દુષ્ટ પાપીઓ પામે દંડ, ત્યાં પ્રગટે છે પુણ્ય પ્રચંડ. ૧૧૯
મારી આજ્ઞા વર્તે જ્યાંય, ઇતિ ઉત્પાતો નહિ ત્યાંય;
મારી આજ્ઞા ધરે ન ચિત્ત, તેની ઉત્તમ થાય ન નીતિ. ૧૨૦
વ્યભિચારીનાં બૂરાં કર્મ, જ્યાં થાતાં ત્યાં હોય ન શર્મ;
દેશ કોમની પડતી થાય, ચડતી વેળા દૂર પલાય. ૧૨૧
વ્યભિચાર ત્યાં પ્રેમ ન હોય, દેશાદિક પર આફત જોય;
પાપથકી જ્યાં દેશ ભરાય, ત્યાં દુઃખો પ્રગટી ઉભરાય. ૧૨૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યાં હિંસા ઘરઘરમાં થાય, માનવ માનવને જ્યાં ખાય,
ઉગ્ર પાપ ત્યાં બહુ ઉભરાય, દેશ પ્રજાનું નામ જ જાય. ૧૨૩
દેશપાપથી દેશનો નાશ, ખંડપાપથી ખંડવિનાશ;
દેશપુણ્યથી દેશ વિલાસ, ખંડપુણ્યથી ખંડપ્રકાશ. ૧૨૪
પુણ્યવિચારો પુણ્યપ્રવૃત્તિ, જ્યાં પ્રગટે છે પુણ્યની નીતિ;
દેશ પ્રજા સંઘાદિક શાંતિ, સુખ સંપદની વિલસે રીતિ. ૧૨૫
દુષ્ટ બુદ્ધિથી ભૂંડું થાય, આભવ પરભવ દુઃખ સદાય;
ભલું કરંતાં સારૂં થાય, પુણ્યે જય અંતે છે ન્યાય. ૧૨૬
પાપકર્મ આભવમાં કર્યું, અહીં ઉદયમાં આવે ખરૂં;
ધર્મ કર્યું આ ભવમાં ફળે, મનની ઇચ્છી વેળા વળે. ૧૨૭
ન્યાય નીતિથી ચડતી થાય, દેશ રાજ્ય સંઘાદિક ન્યાય;
દગો કરો નહીં કોની સાથ સારાં કર્મ કરી લો હાથ. ૧૨૮
વચન આપીને કરો ન ભંગ, કરો ન દુષ્ટ જનોનો સંગ;
રાખો નહીં દુર્જન વિશ્વાસ, બનો ન ક્યારે વ્યસની દાસ. ૧૨૯
વ્યસન અને દુર્ગુણથી દૂર, રહેનારાની પાસ હજૂર;
અન્યાયે નહીં ધર્મજ થાય, પક્ષપાતથી શ્રેય ન થાય. ૧૩૦
આત્મસમો જ્યાં પરને ન્યાય, ત્યાં મારી શક્તિ ઉભરાય;
જ્યાં નહીં વિશ્વાસીનો ઘાત, ત્યાં પ્રગટેછે પુણ્ય પ્રભાત. ૧૩૧
ફાટફૂટ જ્યાં લેશ ન થાય, ઐક્યપણું સાચું વર્તાય;
દેશ રાજ્યની ચડતી થાય, ઘરઘર આનંદ બહુ પ્રગટાય. ૧૩૨
વર્તે જ્યાં ઘર રાજ્યમાં સંપ, ત્યા વર્તે છે શાંતિ જંપ;
પ્રામાણિક જૈનો જ્યાં હોય, સર્વ પ્રકારે ચડતી જોય. ૧૩૩
કરે ન ઈર્ષ્યા બીજાતણી, શુભ કરવાની વૃત્તિ ઘણી;
સરલપણે આર્યો સમજાય, આર્યભૂમિ ધર્મેજ સુહાય. ૧૩૪
મુંજપર જેનો છે વિશ્વાસ, પામે તે આનંદોલ્લાસ,
સંશયી જન પામે નાશ, શક્તિયો પ્રગટે નહીં ખાસ. ૧૩૫
નાસ્તિક જનનો કરતાં સંગ, શ્રદ્ધાનો નાસે સહુ રંગ;
શ્રદ્ધા ટળતાં ગુણ નહીં થાય, ગુણ પ્રકટેલા સહુ વિણસાય. ૧૩૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રદ્ધાવણ નહીં મંત્રો ફળે, શ્રદ્ધાવણ નહીં કારજ સરે;
મુજપર શ્રદ્ધા રાખે જેહ, સર્વ ગુણોને પામે તેહ. ૧૩૭
તર્કાદિકનાં જેહ પ્રમાણ, અશ્રદ્ધાળુ માટે જાણ;
શ્રદ્ધાપ્રેમજ પૂર્ણ પ્રમાણ, અનંત ગુણ શક્તિની ખાણ. ૧૩૮
શ્રદ્ધાપ્રેમ ત્યાં મારો વાસ, શંકા થાતાં નહીં નિવાસ;
શ્રદ્ધાપ્રેમથી મારી દૃષ્ટિ, તેથી પ્રગટે દૈવી સૃષ્ટિ. ૧૩૯
શ્રદ્ધાપ્રેમ છે ભક્તિમૂલ, એવણ તપ જપ સર્વે ધૂલ;
શ્રદ્ધાપ્રેમી નર ને નાર, તેમાં મારી શક્તિ અપાર. ૧૪૦
શ્રદ્ધાપ્રેમ એ મારૂં રૂપ, તેવણ મનમાં પ્રગટે ધૂપ;
શ્રદ્ધાળુ જે નર ને નાર, મંત્ર ફલે તેને નિર્ધાર. ૧૪૧
મુજ નામે જે મુજને ભજે, સર્વ શક્તિયો સહેજે સજે;
મુજ નામે જ્યાં ચઢતો રંગ, સર્વ કાર્યમાં તેહ અભંગ. ૧૪૨
મુજપર શ્રદ્ધા પૂરણ રાગ, તેને જાણો જગ મહાભાગ;
મુજ પ્રેમીજન જૈનો જેહ, સર્વત્ર જય પામે તેહ. ૧૪૩
બુદ્ધિવાદોને પરિહરી, સત્કાર્યો કરવા મન ધરી;
મુજ આજ્ઞાએ નિશ્ચય ચાલ, સુદર્શના આતમને ભાળ. ૧૪૪
બાહિર અંતર વર્તન એક, એવી મુજ ભક્તોની ટેક;
સર્વ કાર્યમાં સત્ય વિવેક, રાખીને વર્તે છે છેક. ૧૪૫
વિષયાસક્તિ ધરે ન ચિત્ત, કર્તવ્યો કરતા શુભ નિત્ય;
હદ બાહિર જ્યાં ભોગવે ભોગ, ત્યાં પ્રગટે છે નિશ્ચય રોગ. ૧૪૬
ધર્મ્ય ભોગથી સાધે યોગ, મુજ ભક્તોને હોય ન ઢોંગ;
વિશાળ દૃષ્ટિ ધારે લોક, પામે નહીં અંતરૂમાં શોક. ૧૪૭
ગંભીરતા અબ્ધિથી ઘણી, ઇચ્છા નહીં દુર્વ્યસનોતણી;
જૂઠ પ્રતિષ્ઠા ચહે ન માન, આય પ્રમાણે કરતા દાન. ૧૪૮
એવા ભક્તો ભક્તિ લહે, મુજ વણ બીજું કાંઈ ન ચહે;
નામ રૂપનો છંડે મોહ, કરે ન ઉપકારીનો દ્રોહ. ૧૪૯
પોતાનું વ્યક્તિ સ્વાતંત્ર્ય, રક્ષે થાય નહિ પરતંત્ર;
દુનિયાનું જે માન અમાન, તેમાં રાખે લેશ ન ધ્યાન. ૧૫૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બંધાવામાં ક્યાંય ન ધર્મ, પ્રતિબંધ ત્યાં હોય અધર્મ;
વિષયોમાં નહીં જે બંધાય, સ્વતંત્ર મુક્ત જ અહિંયાં થાય. ૧૫૧
ઇચ્છાઓ છે ભવનું મૂલ, આશા તૃષ્ણા દુઃખ સમૂલ;
આશાઓને વશ જે કરે, ભક્ત બની મુજ શાંતિ વરે. ૧૫૨
અભિપ્રાયમાં મૂંઝે નહીં, નિંદા સ્તુતિમાં સમ સહી;
તે યોગી કર્મો કરનાર, મુજ લીલાનો પામે પાર. ૧૫૩
મુજ ભક્તો પર મુજસમ રાગ, તેવા મુજ ભક્તો મહાભાગ;
દોષી પણ તે છે નિર્દોષ, રોષ ઉપર જે ધરતા રોષ. ૧૫૪
ક્રોધ ઉપર જે ક્રોધી થાય, માન ઉપર જે માની થાય;
કપટ ઊપર જે કપટી બને, લોભી થૈ જે લોભને હણે. ૧૫૫
શત્રુઓ પર શત્રુભાવ, સ્વતંત્ર થાવામાં છે લ્હાવ;
એવી ભક્તિ એવાં કર્મ. કરતા જૈનો પામે શર્મ. ૧૫૬
અનંત શક્તિ આતમ દેવ, મનથી કરતા આતમ સેવ;
સર્વ કરે જે આતમ કાજ, જૈનધર્મ પામે સામ્રાજ્ય. ૧૫૭
શુભ કર્મો જાણે તે કરે, પ્રતિબંધ જૂઠા પરિહરે;
વર્તમાન જે સારાં કર્મ, કરે ન ધારે દુનિયા શર્મ (લજ્જા). ૧૫૮
દુર્જન નિન્દાથી નહીં ડરો, સારાં કર્મો ભાવે કરો;
સત્ય તે મારૂં માનો ચિત્ત, મહાજનોની ધારો રીતિ. ૧૫૯
દીર્ઘ દૃષ્ટિથી કરવાં કૃત્ય, જૂઠાને નહીં માનો સત્ય;
જૈનધર્મમાં સત્ય સમાય, અસત્યથી નહીં શાંતિ થાય. ૧૬૦
નિર્દોષીને પીડો નહીં, જૈનધર્મ એ જાણો સહી;
અશક્તને દૂભવશો નહીં, ઉદ્ધત બની નહિ જાઓ વહી. ૧૬૧
નિરપરાધી દંડો નહીં, મારી આજ્ઞા શિરપર વહીં;
જુલ્મ ઘણા જે દેશમાં થાય, અનેક આફત ત્યાં પ્રગટાય. ૧૬૨
છેતરશો નહીં કોને જરા, દેવું કરી નહીં કરશો વરા;
અન્યાયીના સામા લડો, સત્ય ન્યાયથી બળથી ભડો. ૧૬૩
નિજ પ્રાણોના રક્ષણ કાજ, નિર્બલ બની ન ખોશો લાજ;
મરતું પણ ડરતું નહીં જરા, એવા જૈનો નિશ્ચય ખરા. ૧૬૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવો નહીં કોનો અપરાધ, ભરવી નહીં મોટાથી બાથ;
બનવું નહીં દુષ્ટોના દાસ, કરવો નહીં શત્રુ વિશ્વાસ. ૧૬૫
સાચી શિક્ષા ધરવી કાન, ત્યાગી દ્વેષ અને અપમાન;
દેવગુરૂ માટે સહુ સહો, સંઘાર્થે જીવનને વહો. ૧૬૬
વિનય કરો વૃદ્ધોનો ભલો, રાખો નહી પેઠેલો સડો;
સાધુ સંતને કરો પ્રણામ, સાથે દો મારૂં મુખ નામ. ૧૬૭
જ્ઞાનાદિકથી જેહ મહાન્, વિનય કરો તેનો ગુણખાણ;
જૈનધર્મનું મૂલ જ જાણ, યથાયોગ્ય વિનયે મન આણ. ૧૬૮
વિનયથકી વિદ્યાઓ ગ્રહો. વિનયથકી શક્તિયો લહો;
વિનયે અંતરથી શુભ મળે, અભિમાન અજ્ઞાન જ ટળે. ૧૬૯
માતપિતાદિક વિનયે રાગ, જેનો તે માનવ મહાભાગ;
ગુરૂ વિનયે જ્ઞાનાદિક મળે, ચઢતી વેળા વેગે વળે. ૧૭૦
વિનય વિનાનું માનવ ઢોર, જ્યાં ત્યાં જીવે ટંટા ખોર;
વિનયે પાપો સર્વે જાય, મુજ પ્રીતિ વિનયી ઝટ પાય. ૧૭૧
વિનય વિના શોભે નહી જન, વિનય વિના નિર્મલ નહીં મન;
વિનય કર્યાથી મળતું જેહ, કોટિ ઉપાયે મળે ન તેહ. ૧૭૨
જીવન માત્રની સેવા કરો, વિનય કર્મમાં હર્ષ જ ધરો;
મોટાઓના પાયે પડો, ગુણ લેવાનો લેજો ધડો. ૧૭૩
નર નારી આદર સત્કાર, સુખશાતા પુછો બહુ પ્યાર;
સ્વાર્થ વિના ઉપકારો કરો, પરમાર્થે જીવનને ધરો. ૧૭૪
સ્વાર્થ વિના કરતાં ઉપકાર, શોક ન પામે નર ને નાર;
પ્રતિ બદલો લેવાનો સ્વાર્થ, પહેલાંથી ત્યાં નહિ પરમાર્થ. ૧૭૫
સ્વાર્થાદિક જો સિદ્ધ ન થાય, પશ્ચાત્તાપાદિ પ્રગટાય;
પરમાર્થોનું ફળ નહીં થાય, ઉલટું જીવન નિષ્ફળ જાય. ૧૭૬
સ્વાર્થાદિક વણુ જે ઉપકાર, કરતાં ધન્ય તે નરને નાર.
મુજ સ્વરૂપને પામે તેહ, એમાં નહિ કિંચિત્ સંદેહ. ૧૭૭
મારી આજ્ઞાએ ઉપકાર, કરજો સર્વે નર ને નાર;
મુક્તિને પામો નિર્ધાર, વિશ્વાસી થૈ વર્તે સાર. ૧૭૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિઃસ્વાર્થે પુત્રાદિક સેવ, કરતાં નાસે આશા ટેવ;
નિઃસ્વાર્થે સેવા ને ભક્તિ, કરતાં પ્રગટે આતમ શક્તિ. ૧૭૯
કીર્તિમાનથી ઇચ્છા વિના, પરોપકારો કરતા જના;
અપમાનો સહીને નરનાર, ઉપકારો કરવા તૈયાર. ૧૮૦
ઉપકારી જે એવાં થાય, માયામાં તે નહિ બંધાય;
ભવસાગરને સહેજે તરે, મુક્તિ પદને સહેજે વરે. ૧૮૧
સામા નહી ઇચ્છે ઉપકાર, ધન્ય ધન્ય તે નરને નાર;
ઉપકારો શત્રુ પર કરે. ભેદભાવ નહીં દિલમાં ધરે. ૧૮૨
ઉપકારો કરવામાં પ્રાણ, તન મન ધનનું હોય ન ભાન;
સર્વ સ્વાર્પણ કરતા જેહ. સહેજે મુજપદ પામે તેહ ૧૮૩
જૈનધર્મ ઉપકારો સર્વ, કરી ઉપકારો કરો ન ગર્વ;
ઉપકારો કરી કહેતા ફરે, તે માયા બંધનમાં ખરે. ૧૮૪
ગુપ્ત દાન દેતાં નરનાર. નામ રૂપનિર્મોહ વિચાર;
જ્ઞાન દાન સમ નહિ ઉપકાર, આત્મદાન કરવું સુખકાર. ૧૮૫
ઉપકારો કરતાં અપમાન, સંકટ દુઃખ ને જાય જ જાન;
અપકીર્તિ વધ બંધન થાય, તોપણ જ્ઞાની શોક ન પાય. ૧૮૬
ઉપકારીને કરો પ્રણામ, છૂપાવો નહીં તેનું નામ;
કરો ન ઉપકારીનો ઘાત, કરો ન તેની બૂરી વાત. ૧૮૭
દેવ ગુરૂના જે ઉપકાર. થયા હૃદયમાં તે સંભાર.
સંભારી જગપર ઉપકાર, સુદર્શના કર થૈ ઉજમાળ. ૧૮૮
જે કાલે જે જે ઉપકાર, કરવા તે કરશો નરનાર;
ઉપકારો લીધા વણ કોઈ, જીવે નહીં એ જોશો જોઇ. ૧૮૯
ઉપકારો કરતાં ફલ ઘણું, ભાવપ્રમાણે ફલને ભણું;
નિષ્કામીને ફલે અનંત, કામીને નિજ કામ ફલંત. ૧૯૦
નિષ્કામે વા ભાવ સકામ, ઉપકારો કરવામાં દામ;
પ્રાણાદિકનું કરવું દાન, તેથી પ્રગટે મારૂં જ્ઞાન. ૧૯૧
પરોપકારે રાખ ન ભીતિ, પરોપકારે છંડ ન નીતિ;
ઉપકારી કર્મોમાં ભેદ, લજ્જા ક્લેશ કરો નહીં ખેદ. ૧૯૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપકારો ઉપર અપકાર, કરે કોઇ જો નર ને નાર;
તો પણ તે ઉપર ઉપકાર, કરતાં મુક્તિ છે નિર્ધાર. ૧૯૩
તમોગુણી જાણો ઉપકાર, રજોગુણી બહુ છે ઉપકાર;
સત્વ ગુણી ઉપકારો જાણ, કરવામાં શુભ ભાવને આણ. ૧૯૪
ઉપકારોમાં વ્રત તપ ભાવ, આદિ સર્વ સમાતા ભાવ;
ઉપકારોમાં સર્વે ધર્મ, ઉપકારોમાં સર્વે કર્મ. ૧૯૫
અનેક જાતના છે ઉપકાર, યથાશક્તિ કરતાં સુખસાર;
ઉપકારો સ્વાભાવિક જેહ, સહેજે થાતા જાણો તેહ. ૧૯૬
અપકારોના જે કરનાર, જીવંતા તે મર્યા જ ધાર;
મારા ઉપર શ્રદ્ધા પ્રેમ, રાખે તેને યોગ ને ક્ષેમ. ૧૯૭
ઉપકારે જેમ વધતો ભાવ, મુજ ભક્તિનો વધતો દાવ;
વૈર શમે ઉપકારોવડે, ધર્મ વધે ઉપકારો કરે. ૧૯૮
દુ:ખી રોગીનો ઉદ્ધાર, કરવાને રહેશો તૈયાર;
વીરોનું કર્મ જ ઉપકાર, સર્વ વર્ણનો ધર્મ એ સાર. ૧૯૯
બાંધો વિશ્રાંતિનાં સ્થાન, અભયાદિક દેવાં સહુ દાન;
માનવ ને પશુ પંખી દુ:ખ, ટાળો તેથી પામો સુખ. ૨૦૦
મારૂં નામ ભજે નરનાર, તેનાં દિલ પ્રગટે ઉપકાર;
મુજ ભક્તો કરતા પરમાર્થ; પરમાર્થોમાં જાણે સ્વાર્થ. ૨૦૧
જૈનધર્મ જ્યાં જ્યાં પ્રકટાય, ત્યાં સુખ શાંતિ પ્રગતિ થાય;
હિંસા આદિ ટળતા દોષ, સર્વજનોમાં પ્રગટે તોષ. ૨૦૨
બળ બુદ્ધિ સત્ત્વાદિક વધે, શાંતિ કારણ સર્વે સધે;
જૈનધર્મ ફેલાવો થતાં, પાપો સર્વે નાસી જતાં. ૨૦૩
દેશ કોમની ચડતી થાય, જૈન ધર્મ સેવ્યાં શિવ ન્યાય;
જૈનધર્મમાં સર્વે ધર્મ, છે નિશ્ચયથી કરજો કર્મ ૨૦૪
પાળે મારો જે ઉપદેશ, દેશ કોમ તે લહે ન કલેશ;
જૈનધર્મ આચાર વિચાર, પ્રગટે ત્યાં છે સુખ નિર્ધાર. ૨૦૫
આચારે જ્યાં મુજ ઉપદેશ, વર્તે ત્યાં છે ચડતી બેશ.
વર્તે મુજ ઉપદેશો જેહ, નિશ્ચયસુખને પામે તેહ. ૨૦૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈનધર્મ આચાર વિચાર, ઘટતાં પૃથ્વીમાં નરનાર;
શાંતિ સુખથી દૂરે જાય, લડી પરસ્પર દુઃખી થાય. ૨૦૭
જૈનધર્મનો આદિ ન અંત, જૈનધર્મમય સર્વે સંત;
જૈનધર્મ છે મારૂં રૂપ, અનંત જીવન બ્રહ્મસ્વરૂપ. ૨૦૮
સત્ય સનાતન આતમ જ્ઞાન, આનંદ એ જૈનધર્મ પિછાણ;
સર્વ વર્ણ ગુણ કર્મ વિચાર, જૈનધર્મ એ બાહ્યોપચાર. ૨૦૯
મુજને ભજતાં જપતાં ધર્મ, જૈનો જાણે છે એ મર્મ;
મુજમાંહિ જૈનધર્મ સમાય, મુજ જાપે સહુ ધર્મ ભજાય. ૨૧૦
મુજ જાપે સદ્ગુણ પ્રગટાય, અહંમમત્વજ દૂરે જાય;
મુજ ભજવામાં જે ગુલતાન, તે ભૂલે સહુ દુઃખનું ભાન. ૨૧૧
મુજમાં પ્રગટે જેને રંગ, તેને છૂટે વિષય પ્રસંગ;
મૈથુન કામાદિ સહુ દોષ, નાસે પ્રગટે ગુણ સંતોષ. ૨૧૨
મુજમાં જેનો લાગ્યો પ્યાર, નહિ છે તેના મન વ્યભિચાર;
અંગ રૂપમાં સુખની આશ, જેને તે છે જડના દાસ. ૨૧૩
જેના દિલમાં મારો પ્યાર, ત્યાં નહીં રહેતો કામવિકાર;
વ્યભિચારી હડકાયું શ્વાન, બૂરામાં બૂરો નાદાન. ૨૧૪
વ્યભિચારી દુનિયામાં દુષ્ટ, બલ શક્તિથી થાય ન પુષ્ટ;
વ્યભિચારીનું મન નહિ સ્થિર, રોગી પાપી નિર્બલ અધીર. ૨૧૫
વેશ્યા પરલલના આસક્ત, તેતો દેખે ચામડી રક્ત;
મોહી પડયા ચામડીમાં જેહ, ચામડિયા જન જાણો તેહ. ૨૧૬
ચામડીયા મુજથી છે દૂર, દેખે નહીં તે મારૂં નૂર;
મારામાં રંગાયા જેહ, અનંત જીવન પામે તેહ. ૨૧૭
મારા રસમાં રસીયા જેહ, બ્રહ્મચર્યને પામે તેહ;
બ્રહ્મરૂપ મારામાં ચરે, વ્યભિચારને તે સંહરે. ૨૧૮
વ્યભિચારી જે નર ને નાર, મુજમાં તેનો સત્ય ન પ્યાર;
સર્વ શક્તિથી થાતાં ભ્રષ્ટ, સર્વ ગુણોને કરતાં નષ્ટ. ૨૧૯
દેશ કોમનો કરે વિનાશ, દુઃખ કાલના થાતાં દાસ;
અનેક બૂરા રોગોવડે, દેશ પ્રજાને પાપે ભરે. ૨૨૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રોગોનું ઘર છે વ્યભિચાર, પડતીનું તે દ્વાર વિચાર;
પરંપરા દુઃખને દેનાર, વ્યભિચાર છે દુષ્ટ વિકાર. ૨૨૧
વ્યભિચારનો એક વિચાર, પ્રગટયાથી છે દુઃખ અપાર,
વ્યભિચારનો સત્ય ન પ્રેમ, વ્યભિચારીમાં યોગ ન ક્ષેમ. ૨૨૨
દેશ કોમની ઉન્નતિ થાય, બ્રહ્મચર્યથી વિશ્વ સહાય;
વ્યભિચારથી પડતી નાશ, મુજમાં તેનો નહીં વિશ્વાસ ૨૨૩
વ્યભિચાર સમ કોઇ ન પાપ, વ્યભિચાર સમ કોઇ ન શાપ;
વ્યભિચારી ઠામે નહીં ઠરે, અંતે બૂરા હાલે મરે. ૨૨૪
બ્રહ્મચર્ય એ મારી શક્તિ, ધારે ને પ્રગટાવે વ્યક્તિ;
બ્રહ્મચર્ય સમ કોઇ ન ધર્મ, ઉપકારો સમ કોઇ ન કર્મ. ૨૨૫
દેહવીર્યનું રક્ષણ કરો, આત્મવીર્ય પ્રગટાવો ઝરો.
મારાપર જેનો વિશ્વાસ, બ્રહ્મચર્ય તે પામે ખાસ. ૨૨૬
બ્રહ્મચર્યથી સુંદર દેહ, બ્રહ્મચર્યથી રૂડાં ગેહ;
બ્રહ્મચર્યથી સત્તા રાજ્ય, વિદ્યા દેશાદિક સામ્રાજ્ય. ૨૨૭
રૂપરંગનો કામ ન થાય, દેહવીર્યની રક્ષા થાય;
મુજને ભૂલે ભૂલે સર્વ, દેહ રૂપનો પ્રગટે ગર્વ. ૨૨૮
મુજને ભૂલે પ્રગટે કામ, રહે નહીં મનડું સ્થિર ઠામ;
ભૂતની પેઠે મનડું ભમે, જડની માયા મનમાં ગમે ૨૨૯
વ્યભિચારીનાં જે સંતાન, શક્તિહીન પ્રગટે નાદાન;
બને ગુલામો જગ પરતંત્ર, રહે ન કયારે તે સ્વતંત્ર. ૨૩૦
વ્યભિચારી જ્યાં બહુ નરનાર, ત્યાં નહિ દેવોનો અવતાર;
દેશ કોમ સંઘાદિક નાશ, અનંત સુખની ત્યાં શું! આશ. ૨૩૧
મારાપર પ્રીતિ વિશ્વાસ, પૂરો નહીં ત્યાં કામવિલાસ;
આતમના મન તાબે રહે, દેશ કોમ સુખ શાંતિ લહે. ૨૩૨
મન વચકાયાથી વ્યભિચાર, છંડે તે સુખિયાં નરનાર;
લગ્નાદિકમાં જે વ્યભિચાર, છંડે સુખિયાં નર ને નાર. ૨૩૩
વ્યભિચારી જે નર ને નાર, મુજ ભજતાં શ્રદ્ધાથી અપાર;
નિર્દોષી ઉત્તમ થૈ જાય, શુદ્ધ પ્રેમથી સુખિયાં થાય. ૨૩૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શીયલ માટે પ્રાણ વિનાશ, કરવામાં છે સુખની આશ;
નિરાસક્ત જે મુજ આસક્ત, જેવો તેવો મારો ભક્ત. ૨૩૫
પાપી જનનો કરૂં ઉદ્ધાર. મુજ ભજતાં પ્રેમે નિર્ધાર;
સહાય મારી ભાવ પ્રમાણ, સહુને મળતી નિશ્ચય માન. ૨૩૬
નામ રૂપ ઉપાધિ વિના, મારામાં રમતાં જે જના:
બ્રહ્મચર્યથી બ્રહ્મ જ લહે, નિરાકાર શિવપદને વહે. ૨૩૭
નાસ્તિક સંગે શીલ વિનાશ, ભક્તો થાઓ નહીં હતાશ;
મારામાં મન રાખી રહો. અંતરમાંહિ બંધ ન વહો. ૨૩૮
વ્યભિચારી બનશો નહીં કદિ, કોડી લાલચ દેખો યદિ;
બ્રહ્મચર્યથી જીવો જના, ભક્તો થૈ મારા એકમના. ૨૩૯
સહુમાં મારા સરખો ભાવ, ધરીને વર્તો ઐક્ય સુહાવ;
સંઘાદિકમાં સંપ જ ધરો, આત્મભોગથી ભેદો હરો. ૨૪૦
મુજ શાસન છે સંપ પ્રધાન, અભેદભાવે ઐક્ય નિદાન;
સ્વાર્થતણો આપીને ભોગ, વર્તો સાધો સઘળા યોગ. ૨૪૧
સંકુચિત મત ભેદો તજો, અભેદભાવે મુજને ભજો;
આચારો વિચારો ઉદાર, રાખી વર્તો નર ને નાર. ૨૪૨
દેશ પ્રજાના સુખમાં સુખ, પ્રજા સંઘના દુઃખમાં દુઃખ;
માની સંપી વર્તો સર્વ, કરો ન કયારે મિથ્યા ગર્વ. ૨૪૩
સંઘાદિકની એકતાકાજ, છંડો તન ધન સત્તા રાજ્ય;
ભેદ પડે તે મત ને કર્મ, છોડી આરાધો જૈનધર્મ. ૨૪૪
મુજમાં પ્રીતિ ને વિશ્વાસ, જૈનપણાનું લક્ષણ ખાસ;
મત ક્રિયાના ભેદો જેહ, સંઘ પ્રેમથી છંડો તેહ. ૨૪૫
સમય વિચારી વર્તે સંઘ, એવી મુજ આજ્ઞા ગુણ રંગ;
સમય પ્રમાણે ચાલે જેહ મુજ આજ્ઞા આરાધક તેહ. ૨૪૬
પર્વ ક્રિયા વેષાદિક રાગ, સંઘ સંપમાં કરતો ત્યાગ;
ધર્માચાર વિચારે રાગ, મહાસંઘ પામે સૌભાગ્ય. ૨૪૭
સંઘાદિનો જ્યાં છે સંપ, શાંતિ સુખ ને ત્યાં છે જંપ;
વિક્ષેપો જે આવે તેહ, વારી સંઘ બને ગુણ ગેહ. ૨૪૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિક્ષેપોનો કરતાં નાશ, આત્મભોગ આપ્યાથી ખાસ;
ભક્તો ભક્તિ પામે બેશ, નાસે સંઘાદિકના ક્લેશ. ૨૪૯
તન મન ધન કીર્ત્યાદિક ભોગ, આપે તેથી પ્રગટે યોગ;
સંઘસંપમાંહે હિતકાર, સંપીને ચાલો નરનાર. ૨૫૦
સંપ વિના નહીં સુખ લગાર, સંપ એજ મુજ ભક્તિ ધાર;
અનેક સ્વાર્થો દૂરે કરો, માન તજીને ઐક્ય જ વરો. ૨૫૧
સંઘ એજ પોતે છો જાણુ, સંઘાર્થે મરવું ગુણ ખાણુ;
સંઘ સંપમાં દેખો મુજ અનંત બલનું એ છે ગુજ. ૨૫૨
પ્રેમ સંપ ત્યાં પ્રગટે સ્વર્ગ, સંપ નહીં ત્યાં વર્તે નર્ક;
સંપ રહે ત્યાં શક્તિ અપાર, ભેદ ભાવ ત્યાં ખેદ અપાર. ૨૫૩
સંઘ સંપથી વધતો ધર્મ, ફાટફૂટથી વધે અધર્મ;
અભેદભાવે સંપની વૃદ્ધિ, બલ બુદ્ધિ વિદ્યા ને ઋદ્ધિ. ૨૫૪
સર્વ પ્રજામાં વર્તે ઐક્ય. ત્યાં વૈરાટે હું છું એક;
હાનિકારક ભેદો તજો; સંપ ગુણુ મુજ પ્રેમે ભજો. ૨૫૫
માનવ જાતમાં લિંગ ન ભેદ, વર્ણુ ઉચ્ચ ન નીચ ન વેદ;
નિશ્ચયનયથી આતમ ભાવ, લાવી સંપનો લેજો લ્હાવ. ૨૫૬
નામ રૂપ મોહે નહીં મૂંઝ, સંઘસંપનું એ છે ગુજ;
નામ રૂપનો મોહ નિવાર, સુદર્શના શિક્ષા દિલ ધાર. ૨૫૭
નામ રૂપ ઉપાધિ ભેદ, ટાળી આતમ સત્તા વેદ;
આતમ સત્તાએ સહુ એક, વ્યાપક ભાવે ધારો ઐક્ય. ૨૫૮
નામ રૂપનું કરો ન માન, સઘળા માનવ સરખા જાણુ;
દેશ ભેદથી કરો ન ખેદ, ઐક્યે વર્તી ટાળો ખેદ. ૨૫૯
મોહને ભૂલી મુજમાં ભળો, એક ભાવથી મુજને મળો.
એક ભાવમાં ધર્મ અભેદ, સુદર્શના આતમમાં વેદ. ૨૬૦
સહુના આતમ એક સમાન, ભેદભાવ ત્યાં લેશ ન જાણુ;
આત્મ દૃષ્ટિથી ઐક્યે રહો, દુનિયા લોકો સુખને લહો. ૨૬૧
સંઘ સંપથી કર શુભ કામ, અન્તમાં વર્તી નિષ્કામ;
સંઘ સંપનો દુરૂપયોગ, કરશો નહીં સમજીને લોક. ૨૬૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંઘ સંપથી રહો સ્વતંત્ર, સંપ વિના બનશો પરતંત્ર;
મહાજનની એવી છે નીતિ, રાખે સઘળે સંપની રીતિ. ૨૬૩
અનેક મત આચાર વિચાર, સ્વેચ્છાએ વર્તે નર નાર;
જેને જે ઇચ્છા તે કરે, પડો ન વચ્ચે સ્વેચ્છાબળે. ૨૬૪
સ્વતંત્ર રીતે વર્તે લોક, મુજ અભેદે ત્યાં નહીં શોક;
જે કાળે જે કરવું ઘટે, કરવું સંપે શિરના સાટે. ૨૬૫
મુજ પ્રેમે દુર્ભેદા તજો, સંઘ સંપથી મુજને ભજો;
સંઘ સંપથી જીવ્યું જાય, રાજ્યાદિકની રક્ષા થાય. ૨૬૬
કરો ન રાગે દ્વેષે પક્ષ, મારા ભક્તો સમજો દક્ષ;
પક્ષાપક્ષી કરતાં નાશ, માટે સંપ કરો સહુ ખાસ. ૨૬૭
સંઘનો દ્રોહ કરો નહિ કદા, મુજ પર પ્રીતિ દિલમાં યદા;
એક બીજાની કરતા સ્હાય, ત્યારે ભક્તો મુજ કહેવાય. ૨૬૮
એક બીજાની વ્હારે ચડો, દુષ્ટ શત્રુના સામા લડો;
કલિયુગમાં સંપે સ્વાતંત્ર્ય, કુસંપથી જીવન પરતંત્ર. ૨૬૯
જૈનધર્મનો એ છે સાર, દુર્ગુણનો કરવો સંહાર;
સંઘ સંપની રક્ષા કરો, આત્મપ્રેમ જૈનોપર ધરો. ૨૭૦
આત્મ સમા સહુ જીવો ગણો, ભેદ ભાવની વૃત્તિ હણો;
મુજ ભક્તોને સ્વાર્પણ કરો, ન્યાયથકી નહિ પાછા ફરો. ૨૭૧
સંઘ જમાડો લાવી ભાવ, સેવા કરીને લેજો લ્હાવ;
સંઘ સૂરિ સાધુ બહુમાન, કરશો મુજ પ્રેમે એકતાન. ૨૭૨
સાધર્મી પર પૂરણ પ્રેમ, ગરીબ ઉપર પૂરણ રહેમ;
સાધર્મીની સેવા કરો, ઈર્ષ્યા દ્વેષ ન મનમાં ધરો. ૨૭૩
ક્રોડગણું થાતાં અપમાન, સાધર્મીથી મળે ન માન;
તોપણ સંઘે મનમાં સહો, સંઘ ભક્તિમાં મનને વહો. ૨૭૪
સંઘને મારા સરખો જાણ, દેશ કાલથી સર્વ પિછાણ;
સંઘને પૂજો સેવા કરો, અનંત કર્મો ક્ષણમાં હરો. ૨૭૫
સંઘની રક્ષા વૃદ્ધિ કાજ, સ્વાર્પણ કરવું સહુ સામ્રાજ્ય;
સંઘની સેવા મારી સેવ, કરતાં પુણ્ય ફળે તતખેવ. ૨૭૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેશ કાલ અનુસારે સંઘ, નીતિયો રચવી ગુણુ રંગ;
રાજ્યનીતિ સમ સંઘની નીતિ, વહે કલ અનુસારે રીતિ. ૨૭૭
ત્યાગીનાં આચરણો ફરે, દેશ કાલ અનુસારે ખરે;
ગુણુ નીતિયો સરખી વહે, ક્રિયા કાંડ પરિવર્તન લહે. ૨૭૮
ફેરફાર સહુ સંઘાધીન, સમયોચિત જાણેજ પ્રવીણુ;
સંસ્કારો આપે મહાસંઘ, જૈનોનો વાધે ગુણુ રંગ. ૨૭૯
બળ બુદ્ધિ શક્તિયો વધે, સ્વતંત્રતા જૈનોની સધે;
નિશ્ચય વ્યવહારે બળવંત, સંઘ વધે સહુમાં ગુણુવંત. ૨૮૦
મારી શ્રદ્ધાવણુ નહીં ગતિ, મારી શ્રદ્ધાવણુ નહીં મતિ;
મારી શ્રદ્ધાવણુ નહીં યોગ, મળે ન સુખના રૂડા ભોગ. ૨૮૧
મુજને દિલમાં ધરી જે વહે, સંઘ ભક્તિથી સુખડાં લહે;
સંઘતણું કરતાં અપમાન, મારૂં છે અપમાન નિદાન. ૨૮૨
સંઘતણો જે દ્રોહજ કરે, દુર્ગતિમાં અવતારે ફરે;
ગૃહસ્થ ત્યાગી વર્ગની ભક્તિ, પ્રગટાવે છે સંઘની શક્તિ. ૨૮૩
સર્વ વર્ણના ભક્તો જેહ, મારા પ્યારા માનો તેહ;
સર્વ વર્ણના ભક્તો ખરા, તેમાં ભેદ ન રાખો જરા. ૨૮૪
સર્વ વર્ણનો સંઘ મહાન, તેની ભક્તિ કરો એક તાન;
ખાન પાન આદિ વ્યવહાર, પ્રેમ વડે નિર્ભેદ વિચાર. ૨૮૫
સર્વ સંઘના આગેવાન, મુજ સમ તેઓનું સન્માન;
ગુણુથી કરવા આગેવાન, નેતા કરવા નહિ નાદાન. ૨૮૬
સર્વથકી ગુણુવંત મહાન, જેમાં સર્વકલાનું જ્ઞાન;
આગેવાનો તેવા કરો, પક્ષાપક્ષીભાવ ન ધરો. ૨૮૭
સર્વ ખંડ દેશોના સંઘ, મળીને ઘડવા નીતિ રંગ;
રાજ્ય વ્યાપારાદિ વ્યવહાર, વર્તાવો જગમાં સુખકાર. ૨૮૮
એક સરીખી માનવ જાત, મુજ ભક્તિમાં ભેદ ન ભાત;
સર્વ વિશ્વ સંઘોનું ઐક્ય, ત્યાં હું સત્તાએ છું એક. ૨૮૯
કરશો જેવું તેવું લહો, સમજી સારૂં મનમાં વહો;
સંઘની સેવા કરતાં સુખ, થાશે ટળશે સર્વે દુઃખ. ૨૯૦

૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવતાની સેવા કરો, ગુણને દેખો ગુણને ધરો;
દોષો દેખો નહીં લવ લેશ, ટાળો મનના સઘળા ક્લેશ. ૨૯૧
અલ્પ કરો પણ નિંદા તજો, ગુણને જ્યાં ત્યાં દેખી ભજો;
ગુણરાગી છે મારો ભક્ત, મુજ ગાવામાં જે આસક્ત. ૨૯૨
મહાસંઘ સહુ ગુણની ખાણ, જે પાળે છે મારી આણ;
મહાસંઘનાં દર્શન કરો, તીર્થો સેવા માટે ફરો. ૨૯૩
મહાસંઘની યાત્રા કરો, અન્નાદિકથી સેવા કરો;
સાધુઓની સંગત કરો, ભવસાગરને સહેજે તરો. ૨૯૪
જૈનધર્મનો કરવા નાશ, અન્યધર્મીઓ કરે પ્રયાસ;
ધર્મયુદ્ધ ત્યારે સહુ કરો, શસ્ત્રાદિક બળથી સંચરો. ૨૯૫
વિના પ્રયોજન કરો ન યુદ્ધ, કારણ વણ થાશો નહીં ક્રુદ્ધ;
સહન કરીને સંપી રહો, સર્વ જાતનું શિક્ષણ લહો. ૨૯૬
સર્વ વર્ણના સંઘની વ્હાર, કરવામાં રહેવું તૈયાર;
આત્મભોગ આપો નરનાર, કરો ન સંશય મોહ વિચાર. ૨૯૭
જે સંકીર્ણ વિચારાચાર, સંઘની પડતીના કરનાર;
સ્વતંત્રતાના જે હરનાર, તેથી દૂર રહો નરનાર. ૨૯૮
નવીન જીવન રસ વહનાર, બહોળા જે આચાર વિચાર;
વ્યાપક વિશ્વવિષે સુખકાર, તેને વહજો નર ને નાર. ૨૯૯
જે સંકીર્ણજ જીર્ણાચાર, ગંદા શક્તિના હરનાર;
અધર્મ્યને પડતી કરનાર, તજો રૂઢિયો નર ને નાર. ૩૦૦
જૈનધર્મનું શિક્ષણ સાર પામો પ્રેમે નર ને નાર;
જે સંઘોમાં મારી ભક્તિ, ત્યાં પ્રગટંતી નીતિ શક્તિ. ૩૦૧
જે સંઘોમાં મારી આણ, ત્યાં વર્તે છે સહુ કલ્યાણ;
જે સંઘોમાં મારું ગાન, ત્યાં અનુભવને સુખનું તાન. ૩૦૨
જે સંઘોનો મુજપર પ્રેમ, ત્યાં નિશ્ચય છે યોગ ને ક્ષેમ;
કલ્યાણક ઉત્સવ જ્યાં થાય, ત્યાંથી દુઃખો દૂરે જાય. ૩૦૩
જ્યાં પ્રગટે છે ઇર્ષ્યા વેર, ત્યાં પ્રગટે છે કાળો કેર;
મારા સંઘો તેથી દૂર, રહીને પામે સુખ ભરપૂર. ૩૦૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાહેરમાં કરવાનાં કામ, જાહેર કરવાં તે નિષ્કામ;
ગુપ્તપણે કરવાનાં કાજ, ગુપ્તપણે કરતાં સુખ સાજ. ૩૦૫
પ્રામાણિકપણે સહુ કૃત્ય, કરતાં જગમાં વાધે સત્ય;
કદાપિ ધર્મી પામે દુઃખ, અંતે પરભવ સુખનું સુખ. ૩૦૬
બાળકને કેળવવાં ખાસ, રૂજ શિક્ષણમાંહિ વિશ્વાસ;
દેહ મંદિરે જીવો દેવ, શિક્ષણ યોગે કરવી સેવ. ૩૦૭
બાળકને દો વિદ્યાદાન, આપો રૂજ શિખામણ જ્ઞાન;
નાસ્તિકતાને કરવી દૂર, કરો બાળકો સર્વે શૂર. ૩૦૮
બાળકને શિક્ષા સંસ્કાર, આપો ઘરમાં નર ને નાર;
ઘર ઘર ગુરૂકુલ મા ને બાપ, શિક્ષકની રૂડી છે છાપ. ૩૦૯
ધાર્મિક માતાનાં સંતાન, સારૂં પામે છે શુભ જ્ઞાન;
ભક્ત પિતા ને માતા હોય, સંતાનો ત્યાં સારાં જોય. ૩૧૦
નીતિવાળાં મા ને બાપ, સંતાનોમાં નીતિ છાપ;
માતપિતાને અનુસરનાર, સંતાનો ઘરઘરમાં ધાર. ૩૧૧
માતપિતાના જે સંસ્કાર, બાળકમાં તે ઉતરે સાર;
માતપિતા સમ બાળક થાય, ધર્મી અધર્મી જાણો ન્યાય. ૩૧૨
બાળકનાં ગુરૂ માતને તાત, બાળક અનુકરણ પ્રખ્યાત;
ઘર ઘર બાળક કેળવનાર, માતા સો શિક્ષકસમ ધાર. ૩૧૩
બાલ્યાવસ્થામાં સંસ્કાર, આપ્યા તેવા પ્રગટે સાર;
બાળક ભાવિ માતને તાત, બાળક ધન મોટું પ્રખ્યાત. ૩૧૪
બાળક રાજા બાળક દેવ, બાળકની શિક્ષણથી સેવ;
અનેક ભાષા શિખવો સાર, દેશોદય બાળક ધન સાર. ૩૧૫
તન મન ધન શક્તિનું જોર, બાળકમાં વ્યાપે સુખતોર;
દેશની દોલત બાળક વર્ગ, જ્યાં ગુણિયલ ત્યાં પ્રગટે સ્વર્ગ. ૩૧૬
બાલસંઘનો ઉદયજ થતાં, દુષ્કૃત્યો સહુ દૂરે જતાં;
સર્વે બાલક વીરો કરો, સ્વતંત્ર શાંતિ સુખને વરો. ૩૧૭
ઉદયોમાં ઉત્સર્ગે ધર્મ, સંકટમાં આપત્તિ ધર્મ;
પ્રગતિનાં કર્મો સહુ ધર્મ, કરતાં પ્રગટે સઘળાં શર્મ. ૩૧૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાળકને સહુ નીતિજ્ઞાન, શિખવવું નિજ કર્મનું ભાન;
સર્વ ધર્મનું દેવું જ્ઞાન, તેથી પ્રગટે રૂડી સાન. ૩૧૯
જેની શક્તિ તેનું રાજ્ય, શિખવવું પર દેવી પ્રાજ;
જૈનધર્મ રક્ષામાં પ્રાણ, આપે એવું દેવું જ્ઞાન. ૩૨૦
થાય નહીં ભયથી પરતંત્ર, વિચારાચારે સ્વતંત્ર;
સ્વદેશ વતનાં પાલક થાય, પ્રાણ પડે છંડે નહિ ન્યાય. ૩૨૧
અસુરોથી પામે નહિ હાર, બાળક એવાં જ્યાં તૈયાર;
ધર્મ રાજ્ય વિદ્યા ત્યાં રહે, સ્વતંત્ર સુખ સંપત્ ત્યાં વહે. ૩૨૨
દેવો સમ બાળકને કરો, નિર્ભય સ્વતંત્રતાને વરો;
બુદ્ધિ બળ વિદ્યા સામ્રાજ્ય, જૈનધર્મનું પ્રગટે રાજ્ય. ૩૨૩
બાળક સંઘમાં શક્તિ ભોગ, દયા દાન તનનું આરોગ્ય;
દુર્ગુણ વ્યસનો રોગથી દૂર, ત્યા શક્તિ પ્રગટે ભરપૂર. ૩૨૪
બાલકમાં સ્વાતંત્ર્ય ને પ્રેમ, વિદ્યા બલ આરોગ્ય ને ક્ષેમ;
સર્વ કલા નીતિયો સર્વ; પ્રગટતાં નહિં મિથ્યા ગર્વ. ૩૨૫
ગુરૂપાસે વિદ્યાર્થી જાય, ગુરૂકુળમાં રહી વિદ્યા પાય;
ધર્મગુરૂના વિનયે રહે, જૂઠી વાત ન મરતાં કહે. ૩૨૬
ધર્મગુરૂની સેવા કરે, વિનય પ્રેમથી વિદ્યા વરે;
ગુરૂદેવ સમજાવે સત્ય, માનવનાં સમજાવે કૃત્ય. ૩૨૭
જૈનધર્મના સઘળા વેદ, તેના સત્ય જણાવે ભેદ;
બાલિકાને આપે જ્ઞાન, વિનય પ્રેમ સેવાનું ભાન. ૩૨૮
લિપિ ભાષા કર્મનું જ્ઞાન, આપે સર્વપ્રકારે સાન;
પચે તેટલું આપે જ્ઞાન, વિદ્યાર્થિયો થાય મહાન. ૩૨૯
ધર્મગુરૂ વિદ્યાર્થી સહાય, કરતાં સાચી ઉન્નતિ થાય;
ધર્મગુરૂ છે શીર્ષસમાન. પૂજ્યને ઉપકારી ભગવાન. ૩૩૦
હસ્તજોડી બે વંદન કરો, ધર્મગુરૂનું ધ્યાનજ ધરો;
સર્વ કલાઓ શીખો સહી, ગુરૂગમ સર્વ અનુભવ લહી. ૩૩૧
સહુ બાલકને ગુરૂકુલવાસ, આઠ વર્ષથી જાણો ખાસ;
બાળાઓને ગુરૂણીપાસ, રહેવું બ્રહ્મચર્ય ગુણવાસ. ૩૩૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લગ્નજ યોગ્ય વયે છે ખાસ, સત્ય પ્રેમ પ્રગટે વિશ્વાસ;
ગુણકર્મે આતમ જ્યાં એક, લગ્નયોગ્યતા ત્યાં છે ટેક. ૩૩૩
બન્નેનું જ્યાં થાતું ઐક્ય, પ્રણયલગ્નનો ત્યાંજ વિવેક;
દેહરૂપ કામે જ્યાં લગ્ન, ગુણવણુ ત્યાં બહુલાં છે વિઘ્ન. ૩૩૪
કામાવેશે લગ્નજ નહીં, આત્મૈક્યે લગ્નજ છે સહી;
શુદ્ધ પ્રેમ પ્રગટે સંસ્કાર, ત્યાં લગ્નો સાચાં અવધાર. ૩૩૫
ગુણવણુ લગ્નો કરવાં નહીં સમાનસખ્યે લગ્નજ સહી;
મેળ મળે નહીં મનડું બળે, ઇચ્છા નહીં ત્યાં લગ્ન ન ખરે. ૩૩૬
પત્ની દાસી વા જ્યાં પતિ દાસ, દેખે બન્ને હોય ઉદાસ;
મારાપર જ્યાં નહિ વિશ્વાસ, સાચી નહિ ત્યાં લગ્નની આશ. ૩૩૭
પશુસમ દેહનાં લગ્નજ થાય, ગુણકર્મોનો મેળ ન પાય;
પશુલગ્ને નહીં ઉન્નતિ હોય, શુદ્ધ પ્રેમ લગ્ને સુખ જોય. ૩૩૮
એકબીજાના જૂદા સ્વાર્થ, જ્યાં નહીં કરવો છે પરમાર્થ;
દેહભોગ વિષયાશા ઘણી, ત્યાં નહીં ધણિયાણી વા ધણી. ૩૩૯
જૂદી કીર્તિ ઇચ્છા માન, સહ્યાં ન જાવે જ્યાં અપમાન;
એકબીજાની નિંદા થાય, ત્યાં નહીં લગ્નપણું સોહાય. ૩૪૦
અરસ્પરસ મનમાંહે ભેદ, કલેશ શોક ને વર્તે ખેદ;
અરસ્પરસ મળતાં નહિ મન, ત્યાં શું લગ્ને સાંધો તન. ૩૪૧
જ્યાં લગ્ને વર્તે વ્યભિચાર, ત્યાં નહિ સુખિયાં નર ને નાર;
સંતાનો ગુણકર્મથી હીન, ગુલામ પ્રગટે દુઃખી દીન. ૩૪૨
દેહો બન્નેનાં ન નીરોગ, જ્યાં નહિ બળબુદ્ધિ આરોગ્ય;
ધર્મપ્રેમ નીતિ જ્યાં નહીં, લગ્ન યોગ્યતા દૂરે રહી. ૩૪૩
પતિના ધર્મો પતિમાં હોય, પત્નીમાં ગુણકર્મો જોય;
સહજે સંસ્કારે જ્યાં ઐક્ય, પ્રણયયોગ્યતા ત્યાંજ વિવેક. ૩૪૪
પતિવ્રતાના ધર્મો ઘણા, શુદ્ધ પ્રેમમાં હોય ન મણા;
પતિમનઅનુસારે છે કર્મ, પતિસેવામાં માને ધર્મ. ૩૪૫
અન્ય પુરૂષથી ચહે ન ભોગ, પતિસહચારે સાધે યોગ;
પતિમાં પ્રેમ પ્રભુતાદૃષ્ટિ, ધર્માર્થે વ્યક્તિની સૃષ્ટિ. ૩૪૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હું મૂકી તું થૈને રહે, પતિમાં ગુણુ સુન્દરતા લહે;
આર્ય સ્ત્રીઓની શુભ મર્યાદ, કરે ન પાતની કંઈ ફરિયાદ. ૩૪૭
પતિની નિન્દા કરે ન ક્યાંય, વાળે મનને પતિની માંહ્ય;
પતિસાથે સુખદુઃખે રહે, સંકટ અપમાનાદિ સહે. ૩૪૮
પત્નીનું ઘર દેવી બેશ. પતિની સાથે કરે ન કલેશ;
પતિનો કરતી બહુ સત્કાર, પતિને છેતરતી નહિ નાર. ૩૪૯
આય પ્રમાણે વ્યયને કરે, સંતોષી રહી મુજને સ્મરે;
મન વાણી કાયાથી દુઃખ, આપે નહિ ટાળે છે ભૂખ. ૩૫૦
પરપુરૂષથી નહિ લલચાય, શીયલ મૂકે નહિ સુખદાય;
ચામડીરંગે મુંઝે નહીં, મારી શિક્ષા માને સહી. ૩૫૧
કર્મે મળિયો જે ભરથાર, પત્ની તેમાં રાખે પ્યાર;
ધર્મ્યકામથી પતિનો રાગ, કરતી ધર્મ વધારે ત્યાગ. ૩૫૨
કામવેદનો ઉપશમ કરે, આત્મરમણુતામાં મન ધરે;
ઠપકા મ્હેણાં સર્વે સહે, જૂઠું કડવું વેણ ન કહે. ૩૫૩
પતિની ચિંતા પરખી જાય, સમજાવે આપે બહુ સહાય;
પતિના આત્મથી ધારે પ્રેમ, પતિ સુખ ઇચ્છે યોગ ને ક્ષેમ. ૩૫૪
પતિની ગોપવે છૂપી વાત, કરે ન પતિ વિશ્વાસનો ઘાત;
સાસુ સસરા આદે માન, કરે ગુરૂ સાધુ ગુણુગાન. ૩૫૫
જૂઠા આગ્રહ સર્વે તજે, ગંભીર થૈ મુજને બહુ ભજે;
સુખદુઃખમાં વિસરે નહીં મ્હને, સમતાભાવે શાસ્ત્રો ભણે. ૩૫૬
સત્યાસત્યનો કરે વિવેક, છોડે નહિ જૈનધર્મની ટેક;
પ્રાણાંતે પણ તજે ન ધર્મ, ઘરનાં સર્વે કરતી કર્મ. ૩૫૭
પાડોશીથી રાખે રાગ, કરતી પર નિંદાનો ત્યાગ;
કોમલતા સુંદરતા પ્યાર, ભક્તિનો થાતી અવતાર. ૩૫૮
બાળકને પાળે શુભરીતિ, વિદ્યા શિક્ષા આપી નીતિ;
પતિવ્રતાધર્મે રળિયાત, કરતી સાચી મીઠી વાત. ૩૫૯
વૈદક જાણે ઔષધ કરે, ઘરમાં સારી વસ્તુ ભરે;
ઘરની સ્થિતિ જાણે સર્વ, દુઃખે સુખે શોક ન ગર્વ. ૩૬૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મન મોટું રાખીને રહે, પતિ સંતોષે શાંતિ લહે;
મનવાણીનો સંયમ કરે, ઉદ્ધત સ્વચ્છંદે નહિ ફરે. ૩૬૧
દીર્ઘદૃષ્ટિથી કાર્યો કરે, આત્મિક સુંદરતાને વરે;
ગુણની શોભા ધારે બેશ, રીસ કરીને કરે ન ક્લેશ. ૩૬૨
પશુપંખીની લે સંભાળ, પોતે ધવરાવંતી બાળ;
બાલવૃદ્ધ રોગી સંભાળ, કરતી શક્તિ અશક્તિ ખ્યાલ. ૩૬૩
ક્રોધી પતિ જો ક્યારે થાય, ત્યારે બોલે નહિ તે કાંય;
ઉચિત અવસર પામી કહે, સર્વ ખુલાસા કરીને રહે. ૩૬૪
પતિ મનના સંશયનો છેદ, કરતી મનમાં લહે ન ખેદ;
અતિથિ પ્રાઘૂર્ણક સન્માન, પ્રેમે કરતી ખર્ચ પ્રમાણ. ૩૬૫
સમયોચિત વર્તે વિવેક, મૂકે નહીં પતિવ્રતની ટેક;
દુઃખ પડતાં મુજ વિશ્વાસ, રાખે થાતી નહિ ઉદાસ. ૩૬૬
ઉચિત સુપાત્રે આપે દાન, બને ન દુષ્ટા વા નાદાન;
બ્રહ્મચર્ય પાળે બહુ માસ, ભોગે મુંઝે નહિ મન ખાસ. ૩૬૭
પ્રજોત્પત્તિ હેતુએ ભોગ, ધર્મ્ય નિયમ કાયાએ યોગ;
જૈનધર્મથી થાય ન ભ્રષ્ટ, યદિ થાવે તનધન સહુ નષ્ટ. ૩૬૮
પાખંડીથી નહિ ભરમાય, મુજભક્તિથી ભ્રષ્ટ ન થાય;
જૈનધર્મી સંતાનો કરે, શિક્ષાઓ સહુ આપી ખરે. ૩૬૯
મારાપર શ્રદ્ધા ને પ્રેમ, દુઃખીઓપર રાખે રહેમ;
નવરાશે ગાતી મુજગાન, સર્વ પ્રવૃત્તિમાં મુજ ભાન. ૩૭૦
ગુરૂની પૂજા સેવા કરે, કુટુંબ સંઘનું રક્ષણ કરે;
જૈનોની વૃદ્ધિમાં ધન, ખર્ચે વિદ્યા તન ને મન. ૩૭૧
પ્રામાણિક વર્તે જે સતી, તેને પ્રગટે મારી મતિ;
તેની થાવે ઉત્તમ ગતિ, મુજ આજ્ઞાએ વાધે રતિ. ૩૭૨
પતિ થાવું સહેલું નહિ કદિ, સાચું સમજાતું જો યદિ;
ગુણકર્મોથી થાતાં યોગ્ય, નિર્દોષીને તનુ આરોગ્ય. ૩૭૩
આત્મભોગને મન નિષ્કામ, ધૃતિ સત્ય મનમાં મુજ નામ;
લગ્ન યોગ્યતા સર્વ પ્રકાર, જાણે તે પરણે છે નાર. ૩૭૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેહરૂપમાં થાય ન અન્ધ, બોલ્યું પાળ્યાના જ્યાં બંધ;
અંતરમાં વર્તે શુભરાગ, સેવા ભક્તિ નિર્મલ ત્યાગ. ૩૭૫
જૈનોની સેવામાં પ્રાણ, આપે ધારે મારી આણ;
સર્વકલા શિક્ષણનો જાણ, સાત્વિક બુદ્ધિ પ્રીતિ માન. ૩૭૬
સમયોચિત કર્તવ્ય સુજાણ, કર્મયોગી આપે શુભદાન;
ધીરવીર ગંભીર મહાન, પુરૂષ ગુણોથી જે બળવાન. ૩૭૭
વજ્રસમી કાયા નિર્લેપ, નહિ જ્યાં ક્ષયઆદિનો ચેપ;
મનવાણી કાયાગુણવંત, લગ્ન યોગ્ય તે થાયજ કંત. ૩૭૮
કોમસંઘની સેવા બેશ, આનંદે વર્ત્તે નહીં ક્લેશ;
ઉદ્યોગી સાહસ બહુ ખંત, જેના મનમાં વસતા સંત. ૩૭૯
કોટિ દુઃખો સંકટ સહે, અંતરમાં મુજ શ્રદ્ધા વહે;
જ્ઞાની પ્રેમી ને ઉદાર, સાત્વિક જે કરતો આહાર. ૩૮૦
પત્નીને નહીં શૂદ્રી ગણે, સર્વશાસ્ત્ર વિવેકે ભણે;
જૈનધર્મથી ચળે ન લેશ, મૂકે નહીં નિજ દેશ ને વેશ. ૩૮૧
દેશ વેષનું રાખે માન, ખર્ચ કરે નિજ આયપ્રમાણ;
આવશ્યક કાર્યો સહુ કરે, સત્યાચારે મનને ધરે. ૩૮૨
માતપિતા ગુરૂજનની ભક્તિ, કરતો પ્રગટાવે શુભ શક્તિ;
પત્ની ઉપર કરે ન ક્રોધ, પત્નીઆદિને આપે બોધ. ૩૮૩
પરલલનાથી ચહે ન ભોગ, ભોગે વસતા જાણે રોગ;
બ્રહ્મચર્ય બે ભેદે ધરે, તનુ વીર્યાદિક રક્ષા કરે. ૩૮૪
દેવ ગુરૂપર બહુ વિશ્વાસ, મર્દ ગુણોથી વર્તે ખાસ;
એવા પતિ ને પત્ની જ્યાંય, જૈનધર્મની ચઢતી ત્યાંય. ૩૮૫
મારામાટે સ્વાર્પણ કરે, જૈનધર્મપ્રચારક ખરે;
દેહથકી આત્માજ મહાન્, માને તે પતિગુણની ખાણ. ૩૮૬
દેહાદિક સહુ સાધન સાર, સાધક આત્મા છે નિર્ધાર;
એવું માની વર્તે પતિ, અંતે તેને સારી ગતિ. ૩૮૭
પત્ની આદિ રક્ષાકાર, પાલનપોષણનો કરનાર;
લેવાદેવામાં સહનાર, કરે પરાક્રમ યુદ્ધે સાર. ૩૮૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શત્રુઓ પર કરતો જીત, જૈનપણાની રાખે રીત;
સર્વ લિપિ ભાષાનો જાણ, ગૃહાવાસ નિર્લેપ પ્રમાણ. ૩૮૯
ગૃહાવાસ આચારાહાર, સર્વ પ્રવૃત્તિ યોગ્ય વિચાર;
ગર્ભાધાનાદિ સંસ્કાર, કરે કરાવે ધર્મ વિહાર. ૩૯૦
ધર્મયુદ્ધમાં આગળ ચલે, ભીતિ મોહથકી નહીં સ્ખલે;
સર્વ યુક્તિથી શત્રે લડે, પાછો નહીં ક્યારે જે પડે. ૩૯૧
ભરમાવ્યો નહીં છંડે ધર્મ, ગૃહસ્થ યોગ્ય કરે સહુ કર્મ;
ગુણ કર્મે કો ઉચ્ચ ન નીચ, સંયમમાં મન રાખે નિત્ય. ૩૯૨
સત્પાત્રોમાં દેતો દાન, ગુરૂની વાણી સુણતો કાન;
ગુરૂગમથી કરતો સહુ જ્ઞાન, સાધુ સંતનું કરતો માન. ૩૯૩
સ્વાર્થોમાં જે થાય ન અંધ, દુર્ગુણ વ્યસનોની નહીં ગંધ;
ઘરમાં કલેશ જરા ના કરે, અતિ લોભ તૃષ્ણા નહીં ધરે. ૩૯૪
રાગી દ્વેષી જાણે ભેદ, ધરે ન સંકટમાં મન ખેદ;
સજ્જનનો કરતો નિત્ય સંગ, જાણે યોગ્યાયોગ્ય પ્રસંગ. ૩૯૫
પ્રજા સંઘ રાજ્યાદિક કાજ, કરતો પરની પ્રેમે સાજ;
વિદ્યા વ્યાપારાદિક કર્મ, કરતો સ્વાધિકારે ધર્મ. ૩૯૬
સર્વ જગતની નીતિ જાણ, પાળે પ્રેમે મારી આણ;
દેશ રાજ્ય રક્ષણમાં ભાગ, કરતો જે ગુણિજનનો રાગ. ૩૯૭
જંગમ સ્થાવર તીર્થની સેવ, કરતો થાતો પોતે દેવ;
દાન શીયલ તપ ભાવે ભાવ, માનવ ભવનો લેતો લ્હાવ. ૩૯૮
કરતો નિષ્કામે ઉપકાર, ફળો સમર્પે મુજને સાર;
નિરાકાર મુજને સાકાર, જાણે ભક્તિ કરે બહુ પ્યાર. ૩૯૯
દ્રવ્ય ક્ષેત્ર ને કાલ સ્વભાવ, શુભાશુભ સહુ જાણે દાવ;
સંતાનોને સબળાં કરે, વિનયાદિ સદ્ગુણથી ભરે. ૪૦૦
પતિ પત્નીનું ગૃહ જ્યાં સ્વર્ગ, મારા સદ્ગુણગણનું ભર્ગ;
ગૃહાવાસમાં રાગને ત્યાગ, અંતે સત્ય થતો વૈરાગ્ય. ૪૦૧
સત્ત્વરજસ્તમ લગ્ન પ્રકાર, પ્રકૃતિસામ્ય પરસ્પર ધાર;
દંપતી જીવન સુખમાં જાય, સત્યપ્રેમવણ સુખ ન ક્યાંય. ૪૦૨

૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગૃહાવાસમાં જ્ઞાન જો હોય, ભક્તિ પ્રગટે તો સુખ જોય;
ગૃહાવાસ વસવું મુશ્કેલ, આત્મભોગ ભક્તિએ સહેલ. ૪૦૩
ગૃહાવાસમાં અતિથિદાન, સેવા આત્મભોગ ને માન;
પ્રકૃતિ મેળ પરસ્પર હોય, તો અણુવ્રત ભક્તિ ગુણ જોય. ૪૦૪
કર્મયોગી ઘરબારી થાય, તો તે નિર્લેપી ગુણ પાય;
આજીવિકાવૃત્તિ યોગ, પ્રામાણિક પામે છે ભોગ. ૪૦૫
નિર્ભય સ્વતંત્રતા પ્રગટાય, કામાદિકનો ઉપશમ થાય;
વર્તે નહીં મન દેહાધ્યાસ, ગૃહાવાસમાં ગુણવિશ્વાસ. ૪૦૬
નામરૂપનો મોહવિનાશ, ચાર વર્ણ ગુણ કર્મો ખાસ;
ભયલાલચવણ સત્ય જમાવ, વ્યવહારે મનમાં શુભ ભાવ. ૪૦૭
એવું દંપતી જીવન થાય, સત્ય વધે વૈરાગ્ય પમાય;
શુદ્ધ થતો અંતરમાં રાગ, દિલમાં પ્રગટે અંતર રાગ. ૪૦૮
વ્યાવહારિક નિશ્ચય સહુ કર્મ, તેમાં શ્વાસોચ્છ્વાસે ધર્મ;
માની પ્રવૃત્તિમાં ધર્મ, નિવૃત્તિમાં નિશ્ચય શર્મ. ૪૦૯
દંપતી જીવન ધર્મે વહે, સુખ દુઃખમાં સમભાવે રહે;
પ્રાપ્ત દશામાં રાગ ન રોષ, બાહિર અંતરમાં સંતોષ. ૪૧૦
ચલવે દંપતી ગૃહસ્થ ધર્મ, સમજે સર્વે ધર્મ અધર્મ;
ત્યજે અધર્મો ધર્મો કરે, ગૃહસ્થ જીવન સફલું ધરે. ૪૧૧
સહુ કૃત્યોમાં મુજને સ્મરે, મારાં દર્શન સહુમાં કરે;
છેવટ સહુની અંતે મુજ, દેખે પામે આંતર ગુજ. ૪૧૨
મુજ ભક્તો જે નર ને નાર, દંપતી જીવનમાં સુખ સાર;
પામે મુજ ભક્તિના બળે, અનંત મુજ જીવનમાં ભળે. ૪૧૩
ગૃહાવાસ વસતાં વૈરાગ્ય, પ્રગટે ત્યારે આવે ત્યાગ;
રાગ અપેક્ષાએ છે ત્યાગ, પામે મુજ ભક્તો મહાભાગ. ૪૧૪
મનથી રાગ અને છે ત્યાગ, સુદર્શના સમજીને જાગ;
આત્મામાં નહીં રાગ ને ત્યાગ, કલ્પિત ઔપચારિક છે ત્યાગ. ૪૧૫
શુભાશુભ છે મનના ભાવ, આતમ તેથી ભિન્નસ્વભાવ;
શુભાશુભ ધર્મોથી ભિન્ન, આત્મધર્મમાં થાવો લીન. ૪૧૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનને રાખી મારી પાસ, ગુણ કર્મોથી વર્તે ખાસ;
નિરાસક્તિથી થાવે શુદ્ધ, અર્હન્ વિષ્ણુ ને મહાબુદ્ધ. ૪૧૭
નીતિથી ચલવો ઘરસૂત્ર, પકવો ઉત્તમ પુત્રી પુત્ર;
સંતાનો જો ગુણિફલ થાય, દેશ સંઘ સામ્રાજ્ય સુહાય. ૪૧૮
સંતાનોપર બહુ ઉપકાર, માતપિતાનો છે સંસાર;
માતપિતા તીર્થોસમ જાણ, સેવા વિનય કરો બહુમાન. ૪૧૯
માતપિતા ઉપકારનો જાણ, મારો ભક્તજ થાય પ્રમાણ;
માતપિતા ઉપકારો હણે, ગુરુનો ભક્ત ન ધર્મી બને. ૪૨૦
માતપિતાનો આશીર્વાદ, પામે તે નહીં પામે ખાદ;
માતપિતા ઠારે તે ઠરે; કરે દુઃખી તે દુઃખને વરે. ૪૨૧
માતપિતા ઉપકાર મહાન્, સમજે નહીં દુષ્ટો નાદાન;
માતપિતાનો કરે વિનાશ, દુર્ગતિ દુર્મતિનો છે વાસ. ૪૨૨
પૂજે સેવે મા ને બાપ, તેને ભક્તાપણાની છાપ;
પૂજો વંદો ઉઠી સવાર, બુદ્ધિ સુખ પ્રગટે નિર્ધાર. ૪૨૩
માતપિતાદિકમાં મુજ દેખ, દુર્ગુણ દોષો સર્વ ઉવેખ;
માતપિતા શિખામણ ગ્રહો, તેમાં મત્સમ બુદ્ધિ વહો. ૪૨૪
માતપિતા ઉપકાર મહાન, જાણે તે ગુરૂ પામે જ્ઞાન;
વિશ્વ પરસ્પર છે ઉપકાર, સમજી વર્તો નર ને નાર. ૪૨૫
ઉપકારો પર જે અપકાર, કરતો પામે દુઃખ અપાર;
નામ રૂપ ઉપાધિ સર્વ, ભૂલે તે નહિ પામે ગર્વ. ૪૨૬
સર્વ દિવસ તેને છે પર્વ, પામે તે કલ્યાણો ખર્વ;
નિત્ય અને નૈમિત્તિક કર્મ, આવશ્યક આકસ્મિક કર્મ. ૪૨૭
ગૌણ મુખ્યથી કરતો કાજ, અંતે પામે આત્મિક રાજ્ય;
ઇન્દ્રિયો અશ્વોસમ દમે, નરનારી તે કયાંય ન ભમે. ૪૨૮
મનને વશમાં રાખી રહે, રોગાદિક ઉપજે તે સહે;
ઘરમાં સંપી રહે સદાય, એક બીજાના ગુણને ગાય. ૪૨૯
દુઃખ સહે નહીં રહે ઉદાસ, મારાપર રાખે વિશ્વાસ;
મુજપર પ્રીતિથી આનંદ, ધારે ટાળે મોહનો ફંદ. ૪૩૦
થાતું સહુ આત્મોન્નતિ માટ, એવા વિશ્વાસે શિર સાટ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વાવસ્થામાં સમભાવ, આનન્દે વર્તે સુખ દાવ; ૪૩૧
શિક્ષણમાટે દુઃખનાં દશ્ય, સમજી થાય ન મનના વશ્ય.
જડ ચેતન જગ શિક્ષાહેત; સમજી દોષ ન કોપર દેત; ૪૩૨
એક બીજાપર રાખો પ્રેમ, એક બીજાનું ઇચ્છો ક્ષેમ;
ધર્મ ભેદથી બનો ન દુષ્ટ, ગુણના રાગે થાઓ પુષ્ટ. ૪૩૩
મનના ભેદે ધર્મનો ભેદ, આત્મ અભેદે ટાળો ખેદ;
આત્માવણ જડ બીજું જાણ, ધર્મ સત્ય ત્યાં લેશ ન આણ. ૪૩૪
આત્મ.ઓ જ્યાં ત્યાં દેખાય, ત્યાં મુજ સરખી પ્રીતિ થાય;
આત્માવણ રસ બીજે નહીં, સમજે તે શિવ પામે સહી. ૪૩૫
ઘરમાં રહેતાં નહિં છે ભ્રમ; જ્યાં ત્યાં ભાવે પરમબ્રહ્મ;
એવો મારો ભક્ત જ જ્યાંય; ત્યાં મુક્તિને સ્વર્ગની છાય. ૪૩૬
બળબુદ્ધિ આતમ વિશ્વાસ, નિર્ભયતા ત્યાં સુખ છે ખાસ;
સત્તાલક્ષ્મીથી સુખ નહીં, દેશભૂમિ મોહે સુખ નહીં. ૪૩૭
અસંતોષી દુઃખ ભરપૂર, જેના મનમાં ભાવ છે ક્રૂર;
લક્ષ્મી સત્તા હોય, ન હોય, તો પણ સંતોષી સુખ જોય. ૪૩૮
ઘરબારીનો એ અધિકાર, દેશાદિક રક્ષણ તૈયાર;
લક્ષ્મી સત્તા રક્ષે ખરે, વ્યવહારે વર્તે સુખ સરે. ૪૩૯
દુષ્ટ જનોથી નહીં દંડાય, ભ્રમણાઓથી નહિ ભરમાય;
ધૂર્ત જનોથી નહિં વંચાય; નિર્માયી સાથે નિર્માય. ૪૪૦
દેશ સંઘ કોમાદિક કૃત્ય, કરતો બોલે જે શુભ સત્ય;
અભેદ ભાવે સહુની સાથ, વર્તે ભરે ન પાપથી બાથ. ૪૪૧
એવાં જ્યાં ઘર નર ને નાર, વૃદ્ધ લઘુ બાલક અવતાર;
ત્યાં વર્તે છે મંગલમાલ, સ્વતંત્રતા નિર્ભયતા સાર. ૪૪૨
આત્મભોગનાં વર્તે લ્હાણ, સ્વચ્છંદતા નહિ તાણાતાણ;
ખર્ચ ઘણાં નહિ સાંકડી દૃષ્ટિ, ઉદારભાવે ઘરની સૃષ્ટિ. ૪૪૩
ઘરમાં વૃદ્ધની વર્તે આણ, સંપથકી સહુ આપે પ્રાણ;
ભેદભાવ સ્વાર્થો જ્યાં શમે, ઘર કુટુંબ તે સુખમાં રમે. ૪૪૪
ન્હાના મોટાની મર્યાદ, ઉપશમતી પ્રગટી ફર્યાદ;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મળતી સહુને ન્યાયની દાદ, ઘર કુટુંબમાં નહીં છે વાદ. ૪૪૫
ખમે પરસ્પરના અપરાધ, થાય નહીં વૈરે ઉન્માદ;
તનધન સત્તા ભોગે સંપ, વર્તે ઘરમાં શાંતિ જંપ. ૪૪૬
અધિકું ઓછું જ્યાં નહીં થાય, એકબીજાપર પ્રેમ સુહાય;
ઘરમાં દેશમાં સંઘમાં સુખ, ગુણોવડે નાસે છે દુઃખ. ૪૪૭
એકબીજાના હિતમાં પ્રાણ, આત્મભાવનાં વર્તે લ્હાણ;
પ્રકૃતિ સાથે જ્યાં યોગ, ત્યાં વર્તે છે સુખ ને ભોગ. ૪૪૮
પ્રકૃતિસાથે જ્યાં ધર્મ, પ્રકૃતિસાથે છે કર્મ;
પ્રકૃતિસાથે રહી ખેલ, નિર્લેપે કર આતમ સહેલ. ૪૪૯
પ્રકૃતિયોગે ઘરબાર, યાવત્ પ્રકૃતિ છે સંસાર;
પ્રકૃતિ ને આતમ હોય, અરસપરસ અવલંબન જોય. ૪૫૦
પ્રકૃતિ આલંબનવડે, સઘળા ભાવે શુક્તિ ચઢે;
પોતાને અનુકુલ પ્રકૃતિ, વર્તે ત્યાં આતમગુણવ્યક્તિ. ૪૫૧
પ્રકૃતિમાં રાગ ન રોષ, પ્રકૃતિ અવલંબે પોષ;
પ્રકૃતિથી કોઇ ન દોષ, જ્યાં આતમ વર્તે નિર્દોષ. ૪૫૨
પ્રકૃતિમાં બંધ ન મોક્ષ, આતમમાંહિ બંધ ન મોક્ષ;
અનુભવ અંતરૂમાં અપરોક્ષ, આવે ભ્રાંતિ ટળતા દોષ. ૪૫૩
જેના મનમાં કહું છું એક, ત્યાં પ્રગટે છે સર્વ વિવેક;
ઘરબારી ભક્તોમા ટેક, પ્રગટે શ્રદ્ધા પ્રેમે નેક. ૪૫૪
અતિકષાયો ત્યાં સહુ નાશ, દુષ્ટ રીતિના મોજ વિલાસ;
અતિ અનીતિ ત્યાં છે ભીતિ, દેશ કોમમાં અવળી રીતિ. ૪૫૫
પરસ્પરનો કરવા નાશ, પ્રજા સંઘ ઉદ્યમ જ્યાં ખાસ;
સર્વનાશનો વાયુ વાય, રોગોત્પાદો યુદ્ધ જ થાય. ૪૫૬
મારી શિક્ષાનું જ્યાં હાસ્ય, દેશ પ્રજાનો થાય વિનાશ;
ચાલે મુજ શિક્ષાથી વિરૂદ્ધ, દેશ કોમ ઘરમાં નહીં શુદ્ધ. ૪૫૭
મારી શિખથી વર્તે જેહ, શાંતિ લક્ષ્મી પામે તેહ;
મુજ આજ્ઞાએ વર્તે શક્તિ, સર્વ વિશ્વમાં પ્રગટે ભક્તિ. ૪૫૮
ધર્મભેદથી લડો ન લેશ, કરો ન વિશ્વજનો કંઈ કલેશ;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વ વિશ્વ માનવ સંતાન, મારાં પ્યારાં આત્મ સમાન. ૪૫૯
ભેદભાવથી લડો ન કોઈ, સહુમાં રહેશો મુજને જોઈ;
મુજ અભેદે જગને દેખ, ઐક્યે વીર વિભુને પેખ. ૪૬૦
મુજ પ્રીતિ શ્રદ્ધામાં ધર્મ, મુજમાં રહી કરજો સહુ કર્મ;
સુદર્શના શિક્ષા કર ખ્યાલ, અનંત આનંદમાંહો મ્હાલ. ૪૬૧
મન ભાવે વર્તે સંસાર, આત્મભાવથી મુક્ત વિચાર;
આત્મભાવમાં રહીને કરો, કર્તવ્યો મુજમાં મન ધરો. ૪૬૨
નામ રૂપ ને વર્ણાચાર, તેથી ન્યારો મુજને સાર;
માની નિજને જ્યોતે ભળે, અનંત સુખ શાંતિમાં મળે. ૪૬૩
સર્વાવસ્થામાં મુજનામ, ભજતો જે ભાવે નિષ્કામ;
તે મુજભક્તિ યોગે જ્ઞાન, પામે આપે જગને દાન. ૪૬૪
શુદ્ધ ભક્તિ ને શુદ્ધજ જ્ઞાન, અંતે એક સ્વરૂપે જાણ;
શોધંતાં જે છેવટ રહે, તે હું નિશ્ચય ભક્તો લહે. ૪૬૫
નામરૂપ ઉપાધિમાંહ્ય, વ્યાપ્યો દુગ્ધવિષે ઘૃતન્યાય;
સત્તાએ સહુ વિધમઝાર, જાણી મુજ સેવો નરનાર. ૪૬૬
નામરૂપ ઉપાધિહીન, ચિદાનંદ મહાવીર છું જિન;
એવો આતમ માને નિજ, તે સુખશાંતિ પામે રીઝ. ૪૬૭
ભ્રાંતિથી ભમતાં ચઉપાસ, અનેક રીતની ધારી આશ;
ઠરે ન ઠામે નર ને નાર, મુજ શ્રદ્ધાએ આવે પ્યાર. ૪૬૮
મુજ શ્રદ્ધા પ્રેમે જે ઠર્યા, દેહભાવથી તેઓ મર્યા;
આત્મભાવથી જીવ્યા તેહ, મજીવ થૈને ગુણ ગેહ ૪૬૯
મારા જૈનો મરે ન ક્યાંય, નિત્ય આતમ છે જ્યાં ત્યાંય;
દેહ પ્રાણનો થાય વિયોગ, મરે ન આતમ નિશ્ચય યોગ. ૪૭૦
મરે ન આતમ નિશ્ચય સત્ય, જાણે તેના સાચાં કૃત્ય;
સર્વ ગતિમાં ફરતો ફરે, આતમ નિશ્ચયતઃ નહિ મરે. ૪૭૧
આતમ ત્રણ્યે કાલ અવિનાશ, અનંત જ્ઞાનાનંદ વિલાસ;
પંચ ભૂતથી નહીં હણાય, જાણે તે નિર્ભય થૈ જાય. ૪૭૨
આતમનો કો ઘાત ન કરે, આતમને કોઇ નહીં હરે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આતમનો નહીં જન્મ વિનાશ; કર્તા હર્તા આતમ ખાસ. ૪૭૩
આતમ જૈન ને આતમ જિન, બ્રહ્મા વિષ્ણુ હરને દીન;
જૈનધર્મ આતમ પર્યાય, સર્વધર્મ એમાંહી સમાય. ૪૭૪
સર્વ દેવ ગુરૂ ધર્મ સ્વરૂપ; આતમ છે એ રૂપારૂપ;
દેખો દિલમાં આતમ ખેલ; જેનો રૂડો કાયા મહેલ. ૪૭૫
આજીવિકા કર્મો કરી, અન્નાદિક પ્રાપ્તિને વરી;
કાર્યાદિકથી જીવો ભવ્ય, વ્યવહારે ધાર્મિક કર્તવ્ય. ૪૭૬
સહુથી ઉત્તમ ખેતી જાણ, ખેતીથી સ્વાતંત્ર્ય પ્રમાણ;
ખેતી કરતાં થાય ન પાપ, વર્તે દિલ નીતિની છાપ. ૪૭૭
ખેતીથી મધ્યમ વ્યાપાર, યંત્રાદિક હુન્નરને ધાર;
વિદ્યા આદિથી જીવાય, ધંધાવણ જીવ્યું નહિ જાય. ૪૭૮
નીતિથી ધંધો કરનાર; નિર્દોષી છે નર ને નાર;
ગૃહાવાસમાં ધંધો કરી, મુજ ભક્તો સહુ જાતા તરી. ૪૭૯
ગુણ કર્માનુસારે ધંધ, કરતા દિલડામહિ અબંધ;
ઉંચનીચ નહિ કો મુજ ભક્ત, ઉત્તમ જડમાં નહીં આસક્ત. ૪૮૦
વર્તે ભક્તો જે ઘરવાસ, પામે સ્વર્ગ ને મુક્તિ વાસ;
ગૃહસ્થ લિંગે મુક્તિ થાય, ભક્તોની આતમ સુખ પાય. ૪૮૧
ગૃહસ્થ ત્યાગીને છે મુક્તિ, મુક્તિહેતુ જ્ઞાન ને ભક્તિ;
શૂરામાં પ્રગટે છે ભક્તિ, પ્રેમ ને શ્રદ્ધા ભક્તિ રીતિ. ૪૮૨
બળસત્તા વિદ્યાધનવડે, જનો જીવતા જગમાં ખરે;
તેમાંથી જે પાછા પડે, વંશપરંપર હીન જ અરે. ૪૮૩
બળ બુદ્ધિ સત્તા ત્યાં ન્યાય, સત્ય ન્યાય ત્યાં મારી સ્હાય;
આતમભોગ જ્યાં શક્તિ સ્ફુરે, અશક્ત લોકો રોતા મરે. ૪૮૪
વિષયાસક્તો થાય અશક્ત, મૃત્યુથી બીવે પરતંત્ર;
વીર બને તે જીવે સર્વ, જૂઠા મોહ નહીં જ્યાં ગર્વ. ૪૮૫
ગર્વથકી પ્રગટે અન્યાય, અન્યાયે પાપો બહુ થાય;
પાપથકી શક્તિયો ટળે, વાવ્યું તેવું લણવું પડે. ૪૮૬
ધન સત્તાથી ફુલે જેહ, પડતી અંતે પામે તેહ;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અન્યાયે જશ ઇચ્છે જેહ, અપકીર્તિને પામે તેહ. ૪૮૭
પોતાના શુભ શક્તિ હેત, પરના બૂરામાં સંકેત;
કરતા અંતે બહુ પસ્તાય, મન દેહે કરતાં અન્યાય. ૪૮૮
બૂરૂં કરતાં બૂરૂં થાય, ચાલે નહીં ઈન્દ્રોનું કાંય;
કરો કર્મ તેવાં ફળ મળે; પુણ્યકર્મથી વેળા વળે. ૪૮૯
અનીતિથી ધન રહે ન સ્થિર, અનીતિ પામે ક્ષયવીર;
અનીતિથી ચઢતી નહિ થાય, થઈ હોય તે અંતે જાય; ૪૯૦
અનીતિ ત્યાં પ્રગટે ભીતિ, મન વાણી તનુમાંહિ અશાંતિ;
માટે નીતિ રાખો રીતિ, અતિલોભ ત્યાં હોય ન હિત. ૪૯૧
સ્વાશ્રય ખંતથી ચઢતી થાય, વિશ્રાંતિ જે થાક જ ખાય;
પ્રવૃત્તિને સાથ નિવૃત્તિ, આર્યોની એવી છે નીતિ. ૪૯૨
જગમાં દોષો જે પ્રગટાય, નાશાર્થે તીર્થંકર થાય;
ભક્તોનો કરવા ઉદ્ધાર, તીર્થંકર પ્રગટે નિરધાર. ૪૯૩
ત્યાગબળે છે ધર્મ પ્રકાશ, વૈરાગ્યે જગમાં ગુણવાસ;
શુદ્ધરાગ ત્યાં ભક્તિ સુહાય, તીર્થંકર પ્રગટે સહુ થાય. ૪૯૪
જે કાલે છે જેની જરૂર, ભવ્યો ઇચ્છે જે ભરપૂર;
તે કાલે તે કરે પ્રકાશ, તીર્થંકર જન્મીને ખાસ. ૪૯૫
દુષ્ટ શત્રુ કરવા સંહાર, અરિહંતનો છે અવતાર;
પરબ્રહ્મ તીર્થંકર જાણ, અર્હન્ તીર્થંકર ગુણખાણ. ૪૯૬
દુષ્ટ રીવાજોનો સંહાર, કરવા અર્હન્નો અવતાર;
દુર્વ્યસનો દુર્ગુણનો નાશ, કરતા ધાર્મિક તીર્થ પ્રકાશ. ૪૯૭
દુર્વેદોનો કરતા નાશ. કરતા આર્ય વેદ પ્રકાશ;
ભેદભાવ દોષો સહુ હણે, અકલકલાઓ સર્વે ગણે. ૪૯૮
અર્હન્ તીર્થંકર છે બુદ્ધ, શુદ્ધ નિશ્ચયથી જે છે શુદ્ધ;
ચોવીશમો તીર્થંકર જાણ, કલિયુગમાં મુજ આણ પ્રમાણ. ૪૯૯
સુદર્શના એવો મુજ ધાર, સર્વ વિશ્વ કરવા ઉદ્ધાર;
મારો નિશ્ચય છે અવતાર, સાત્વિક પ્રકૃતિ ધરનાર. ૫૦૦
મારાપર રાખો વિશ્વાસ, બીજું સર્વે મૂકી ખાસ;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારી આજ્ઞાએ સહુ કરો, ધર્મ કર્મથી શિવપદ વરો. ૫૦૧
સર્વ વિશ્વનો ધર્મ જરૂર, જૈનધર્મ છે ગુણ ભરપૂર;
મુજ ભક્તિથી લોકો જૈન, વેદે નહિ જે જડનું દૈન્ય. ૫૦૨
અનન્ય જેઓનો વિશ્વાસ, મારાપર વર્તેછે ખાસ;
આચારે મૂકે ઉપદેશ, જૈનો તે જાણો જગ બેશ. ૫૦૩
મારો ત્હારો ભેદ ન મુજ, ભક્તિ કરે તે ભક્ત જ ગુજ;
શ્રદ્ધા ચારિત્રે છે જૈન, મોહરાજનું જીતે સૈન્ય. ૫૦૪
કર્મોનો ઉપશમ જેમ થાય, લોકો જૈનપણું તેમ પાય;
એકાદિક સદ્ગુણ પ્રકટાય, મારા ભક્તો જૈનો થાય. ૫૦૫
ગુણથી જૈનપણું છે સત્ય, પરમાર્થિક કરતાં શુભ કૃત્ય;
મુજ ઉપદેશો સુણતો રહે, શ્રાવક પદવી તે જન વહે. ૫૦૬
બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય શુદ્ર, મુજ પ્રીતિથી થાય સમુદ્ર;
સર્વ ખંડમાં લીલ વિલાસ, દુઃખ ટળે પ્રગટે સુખ આશ. ૫૦૭
મુજ ભક્તો મન ઈચ્છ્યું લહે, સુખિઆ થઈ જીવનને વહે;
ધન સત્તામાં નહિ મુંઝાય, ઉપકારો કરતાં હર્ષાય. ૫૦૮
જડ લક્ષ્મીનો શુભ ઉપયોગ, કરતા સાધે આતમ યોગ;
ક્ષણિક જડનો નહિ અહંકાર, શોક ન લક્ષ્મી ટળતાં લગાર. ૫૦૯
જડ વસ્તુ તેનો સંયોગ, સંયોગે તો હોય વિયોગ;
સંયોગો વિયોગોવિષે, હર્ષ શોક ન કાંઈ દિસે. ૫૧૦
એવી રીત ગૃહસ્થાવાસ, વસતાં મોહ ટળે છે ખાસ;
સંઘ પ્રજા ગુરૂજનની સેવ, કરતાં આપો આપજ દેવ. ૫૧૧
અનેક પર અપરાધો સહો, અપરાધીનું સારૂં ચહો;
અપરાધી ઉપર ગુણ કરો, સમ્યગ્દર્શન સ્હેજે વરો. ૫૧૨
ગ્રન્થો વાંચે કાંઈ ન વળે, સદ્વર્તન ધરતાં સુખ મળે;
વિચારો કરતાં નહીં પાર, કરો કાર્ય સારૂં નરનાર. ૫૧૩
સાંભળતાં નહિ કાર્યની સિદ્ધિ, કરો કાર્ય પામો ઝટ ઋદ્ધિ;
દુઃખ પડે પણ સાધો કાજ, આત્મભોગથી આતમ રાજ્ય. ૫૧૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુણની શોભા અપરંપાર, ચામડી રંગે મોહ ન ધાર;
વેષ ક્રિયાથી અનંત શ્રેષ્ઠ, ગુણની આગળ સર્વે હેઠ. ૫૧૫
અરસ્પરસ આપો ઉત્સાહ, ધરો ન ઇર્ષા દુર્ગુણ દાહ;
ઉપકારો કરી મુંઝ! ન લેશ, સ્વાન્યહિતાર્થે સ્હેવા કલેશ. ૫૧૬
ઘરમાં ઉત્તમ નરને નાર, અલ્પ ખર્ચથી જીવે સાર;
ખર્ચ નકામાં લેશ ન કરે, પરમાર્થે સ્વાર્પણતા ધરે. ૫૧૭
વિદ્યા બળ ગુણથી ઝગહળે, નરનારી જીવન સુખ ધરે;
વિશ્વોન્નતિમાં આપેભાગ, તનમન ધન વિદ્યાબળ ત્યાગ. ૫૧૮
બૂરો એક ન કરે વિચાર, વિશ્વાસે વર્તે નરનાર;
ભૂલો સહતો આપી ભોગ, બન્ને સાથે સાધે યોગ. ૫૧૯
ગૃહાવાસે પકવે વૈરાગ્ય, અધિકારી ધરવાને ત્યાગ;
નરનારી એવાં ગુણવંત, પામે મુજ ભક્તિ ગુણવંત. ૫૨૦
રૂષભાદિ તીર્થંકર થયા, મુજ પૂર્વે જલપ્રલયો થયા;
ફેરફાર થાતા નિર્ધાર, અનેક ખંડોમાં એમ ધાર. ૫૨૧
પાંચે વર્ણની માનવ જાત, પંચવર્ણી અર્હન્તો ખ્યાત;
આરક ચક્રો ફરે અનંત, ચડતા પડતા યુગ અનંત. ૫૨૨
આતમ પ્રકૃતિ સાથ વિકાસ, અનુક્રમે કરતો જ વિકાસ;
અનંત અનુભવ પામે જ્ઞાન, સ્વયં બને છેવટ ભગવાન્. ૫૨૩
એવું ઉન્નતિ કર્મનું જ્ઞાન, સત્તાએ છેવટ ભગવાન્;
વ્યક્તિથી પરમાતમ થાય, સર્વાવરણો વિણસી જાય. ૫૨૪
સુદર્શના!અંતરમાં જાગ, ગૃહાવાસથી ઉત્તમ ત્યાગ;
સર્વવાસના ટળતાં ત્યાગ, પ્રગટે જડમાંહિ વૈરાગ્ય. ૫૨૫
ત્યાગી થાવું મહા મુશ્કેલ, ગૃહાવાસ તે તો છે સહેલ;
મરીને પાછું જીવવું જેમ, ત્યાગદશા જાણો જગ એમ. ૫૨૬
મરતાં પહેલાં મરીયો જેહ, ત્યાગદશા અધિકારી એહ;
સર્વવાસનાનો સન્યાસ, જાણે નહીં આતમ તે દાસ. ૫૨૭
સર્વ કરે પણ સર્વથી ભિન્ન, વેષાક્રિયાદિકમાં નહિ લીન;
દેશકાલનો નહિ પ્રતિબંધ, સ્વતંત્રને બનતો નહિ અંધ. ૫૨૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વેષક્રિયામાં નહિ પરતંત્ર, ભૂલ્યો જે જગનુ સહુતંત્ર;
પ્રકૃતિ તાબે નહીં થાય, મનથી જે નહીં જગ બંધાય. ૫૨૯
પ્રકૃતિનો સ્વામી બને, અરિહંત થઇ દુશ્મન હણે;
ઈશ્વર સાત્વિક પ્રકૃતિ દેવ, ત્યાગીની જગ સારે સેવ. ૫૩૦
ત્યાગાવસ્થા સુખનું ધામ, મુંઝ !! નહીં જ્યાં રૂપને નામ;
ત્યાગી થૈને વિશ્વોદ્ધાર–, કરવા માટે છું ઉજમાળ. ૫૩૧
ગૃહાવાસ પછીથી ત્યાગ, લેઇ વિશ્વ ભરૂં વૈરાગ્ય;
વૈરાગ્યે મનદોષો જાય, વિશ્વવિષે શાંતિ પ્રગટાય. ૫૩૨
આ દુનિયામાં કાંઈ ન સાર, ચેત્યા તે પામ્યા ભવ પાર;
અનેક ભોગે થાય ન શાંતિ, વૈરાગ્યે સાચી વિશ્રાન્તિ. ૫૩૩
વૈરાગ્યે મનની વિશ્રાંતિ, ટળતી કામેચ્છા સુખ ભ્રાન્તિ;
સુદર્શના ! સમજીને બોધ, આતમમાં શાંતિને શોધ. ૫૩૪
વૈરાગ્યે નિર્ભયતા ખાસ, વૈરાગ્યે આતમ વિશ્વાસ;
વૈરાગ્યે સમતાને મુક્તિ, વૈરાગ્યે છે ત્યાગની યુક્તિ. ૫૩૫
ભોગે રોગની ભીતિવાસ, ચર્ચામાં અપકીર્તિ આશ;
લક્ષ્મીથી ચંચલતા ખાસ, વૈરાગ્યે મુક્તિની આશ. ૫૩૬
ત્યાગે સ્વતંત્રતા સુખથાય, મનની કોટિ ચિંતા જાય;
પગપગ સ્વતંત્રતા સામ્રાજ્ય, આત્મામાંહી સર્વ રાજ્ય. ૫૩૭
ત્યાગે ખોટા નાસે રાગ, જૂઠાં પ્રતિબંધનનો ત્યાગ;
કીર્તિ અપકીર્તિ નહિ વાસ, વ્યક્તિમોહનો ગંધ ન ખાસ. ૫૩૮
નામ રૂપનો મોહવિનાશ, કર્તવ્યોમાં હોય ઉલ્લાસ;
અયોગ્ય સર્વેચ્છાનો ત્યાગ, કરતાં આતમનું સૌભાગ્ય. ૫૩૯
વૈરતણો ઉપશમ જ્યાં થાય, સત્ય બોલતાં ભીતિ જાય;
પ્રગટે આચારોમાં સત્ય, નિઃસ્પૃહભાવે થાતાં કૃત્ય. ૫૪૦
મેરૂથી પણ આતમ ધીર, અધિકો સાગરથી ગંભીર;
જમાટે જે જે અભિપ્રાય, લોકો બાંધે ન્યાયાન્યાય. ૫૪૧
તોપણ તેમાં નહિ મુંઝાય, સત્ય, ન છંડે સમજી ન્યાય;
અસત્ય કર્મોનો જ્યાં ત્યાગ, અસત્યપર વર્તે વૈરાગ્ય. ૫૪૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રતિબંધ નહિ વર્તે ક્યાંય, સર્વાચારવિચારોમાંહ્ય. ૫૪૩
વિધિનિષેધે નહિ પ્રતિબંધ, સ્વતંત્ર સર્વે કર્મ અબંધ;
તૃણમણિમાં વર્તે સમભાવ, બાહ્ય ત્યાગમાં હઠ નહિ દાવ. ૫૪૪

ત્યાગ રાગથી આગળ જાય, ત્યાં આનંદ નિર્મલ ઉભરાય;
અસંખ્ય ત્યાગતણા છે ભેદ, સમજે તો નહિ વર્તે ખેદ. ૫૪૫

ત્યાગી એવો મોહ ન પાય, ત્યાં શક્તિયો સર્વ સુહાય;
ક્ષમા સરલતામાર્દવ મુક્તિ, તપ સંયમને શૌચની રીતિ. ૫૪૬

લોભ વિના કર્તવ્યો થાય, બ્રહ્મચર્યથી ત્યાગ સુહાય;
મારા રૂપમાં કરો ન વાદ, વાદ કરંતાં આવે બાધ. ૫૪૭

મુજ શ્રદ્ધાપ્રીતિએ રહો, તેથી મારૂં રૂપ જ લહો;
પ્રભુ આવો કે ! પ્રભુછે એમ, વ્યાપક એ છે વ્યાપ્ય જ કેમ. ૫૪૮

એવા તર્કો હમણાં તજો, વિશ્વાસે મુજને સહુ ભજો;
જેમ જેમ આવરણો ટળે, તેમ તેમ મુજ અનુભવ મળે. ૫૪૯

આત્માનુભવ દર્શન થાય, નિરાકારમાં એવો ન્યાય;
સર્વત્યાગથી આતમ સિદ્ધ, જ્ઞાનવિષે સહુ જ્ઞેય પ્રસિદ્ધ. ૫૫૦

આત્મામાં આત્મા જ સમાય, આત્મા મુક્ત પ્રભુ થઈ જાય;
યાવજ્જીવનમુક્ત દશાય; તાવત્ શુભ કર્મો જ કરાય. ૫૫૧

દેશકોમસંઘાદિક હિત, કરવામાં વાપરવું ચિત્ત;
સર્વયોગથી પરોપકાર, ત્યાગીનો એવો અવતાર. ૫૫૨

ત્યાગીને લાગે નહિ દોષ, બંધાતો નહિ રાગને રોષ;
ત્યાગીને અંતે નિર્વાણ, ત્યાગીનો અનુભવ પ્રમાણ. ૫૫૩

ત્યાગીઓ છે મુજસમ શ્રેષ્ઠ, તેની આગળ બીજા હેઠ;
ત્યાગીઓ પરતંત્ર ન થાય, થાવે ત્યાં નહિ ત્યાગ સુહાય. ૫૫૪

ત્યાગીને મુક્તિ છે હાથ, જેઓને છે મારો હાથ;
જડમાં સુખની ધરે ન આશ, વિષયોમાંહિ જેહ નિરાશ. ૫૫૫

આતમ સુખ રસથી ભરપૂર, અનંત શકિતયોથી શૂર;
વૈરાગી ત્યાગી છે સંત, શાંતદાંત ને જેહ મહંત. ૫૫૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચડતાઓને આપે સ્હાય, જ્યાંત્યાં સ્હાય કરંતા જાય;
સર્વ દેશ ખંડોમાં જાય, મારૂં ધ્યાન ધરે નિર્માય. ૫૫૭
આત્મશુદ્ધિમાં કરે પ્રયાસ, અનુભવે આતમ ઉજાસ;
દોષીઓના ટાળે દોષ, ગુણુ રાગે ધરતા ગુણુ પોષ. ૫૫૮
જગને માને આત્મસમાન, મારા તારાનું નહિ ભાન;
જેને જગ આતમ સમ થયું, તેથી બંધન નાશી ગયું. ૫૫૯
આત્માનંદે જીવે જેહ, સર્વ કરે અકર્તા એહ;
સિદ્ધ બુદ્ધ પરમાતમ થાય, સર્વ કર્મની પાર જ જાય. ૫૬૦
ત્યાગીઓની એવી ગતિ, ત્યાં મુક્તિ છે પલપલ છતી;
સર્વ વિશ્વમાં સત્યપ્રકાશ, કરવા માટે છે સંન્યાસ. ૫૬૧
સુદર્શના ! ! ! સાધુપદ સાર, તેથી જગનો છે ઉદ્ધાર;
સત્ય ગૃહાસ્થાશ્રમપ્રકાશ, કરવાને ત્યાગી પદ ખાસ. ૫૬૨
અંગીકાર કરીશ શુભ ભાવ, તીર્થેશ્વર કર્મોનો દાવ;
કરવાનું મારે એ કામ, વિશ્વ લહે શાંતિ વિશ્રામ. ૫૬૩
ભક્તોને તુજ આગળ એમ, ઉપદેશો કરતાં સુખક્ષેમ;
સુદર્શના !!! તું સમ્યક્દૃષ્ટિ; આધ્યાત્મિક વ્યષ્ટિને સમષ્ટિ. ૫૬૪
માટે તું છે મારી બેન, તુજ ઉપદેશે સહુને ચેન;
આત્મ મહાવીર મુજને જાણુ, કુંટુંબ મોટું વિશ્વ પ્રમાણુ. ૫૬૫
આત્માને વશ રાખે મન, તેના ઉપર થઉં પ્રસન્ન;
મારૂં શરણું કરતા જેહ, ભય દુઃખો પામે નહિ તેહ. ૫૬૬
જન્મ મરણુથી થાતા દૂર, અનંત આનંદે ભરપૂર;
પામે નહીં મરવાથી ભીતિ, મારાસમ ધરતા ગુણુ નીતિ. ૫૬૭
મૃત્યુ ભેટી પામે હર્ષ, જેથી ભાવી છે ઉત્કર્ષ;
મૃત્યુ પડદાપેલી પાર, આત્મોન્નતિ પ્રગટે નિર્ધાર. ૫૬૮
મૃત્યુથી બીજો પર્યાય, આત્માનો પ્રગટે સુખદાય;
જ્ઞાની મૃત્યુમાં સમભાવ, રાખી પામે શુદ્ધસ્વભાવ. ૫૬૯
મૃત્યુકાલે મુજમાં ચિત્ત, રાખે ભક્તો થાય પવિત્ર;
મૃત્યુ સમયે પશ્ચાત્તાપ, કરતાં ટળતાં સર્વે પાપ. ૫૭૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેહ ખમાવે કીધા દોષ, તેના ટળતા રાગને રોષ;
શુભાશુભાકર્માનુસાર, શુભાશુભ થાતા અવતાર. ૫૭૧
અવતારોનું કારણ મન, જ્ઞાને ટાળી થાવ પ્રસન્ન.
શુભાશુભપરિણામો ત્યાગ, કરવાથી નહિ કર્મનો ડાઘ. ૫૭૨
મરતાં પૂર્વે જ્ઞાની મુક્ત, થાતો પછીથી સ્થાને યુક્ત;
મરવા કાળે ધારો ધૈર્ય, પ્રગટાવો અંતરૂમાં વીર્ય. ૫૭૩
આત્મોપયોગે થાતી મુક્તિ, અનંત આનંદની છે ભુક્તિ;
આત્માનું તો મૃત્યુ નહીં, અમર આત્મા નિશ્ચય સહી. ૫૭૪
આત્મામાં થાવો લયલીન, જરા ન બનશો મનમાંદીન;
શુભ પરિણામે સ્વર્ગ પમાય, આત્મ ભાવથી મુક્તિ જ થાય. ૫૭૫
આત્મોપયોગે ક્ષણ જે જાય, મુજ શ્રદ્ધા રાખી શિવ પાય;
મૃત્યુમાં નહીં જેનું મન, મુજમાં ધ્યાને રહે પ્રસન્ન. ૫૭૬
આત્મસ્વરૂપે આપોઆપ, બને રહે નહિ કર્મની છાપ;
દયા સમો નહિ જગમાં ધર્મ, દયા કર્મ સમ કોઈ ન કર્મ. ૫૭૭
દુ:ખીઓની દયા સમાન, ધર્મ ન કોઇ વિશ્વે માન;
હિંસા સરખું કોઈ ન પાપ. દયા ધર્મથી ભક્તિ છાપ. ૫૭૮
દયા વિના દિલ શુદ્ધ ન થાય, દયાથકી નહિ મોટો ન્યાય;
દયાથકી શોભે ઘરબાર, દયાળુના શોભે અવતાર. ૫૭૯
પીવો નહિ પશુઓનું રક્ત, બનો નહીં પશુ ખાવા સક્ત;
ભારતનું ધન પશુઓ ધાર, દુગ્ધાદિથી કરે ઉપકાર. ૫૮૦
*ખેતીમાં પશુઓની સહાય, ગોઆદિ રક્ષા સુખદાય;*
પશુઓનો સારો ઉપયોગ, કરવો પણ નહિ કરવો ભોગ. ૫૮૧
પંખીઓથી ટળતા રોગ, વાધે કુદ્રત લીલા યોગ;
સર્વદેશમાં પશુ સંભાળ, કરતાં પ્રગટે મંગળ માલ. ૫૮૨
પશુપાલન ઘરઘર જ્યાં થાય, મુજ કરૂણા ત્યાં તો સુખદાય;
દુ:ખી અશકત રોગી જેહ, દયા કરો પ્રેમે ગુણગેહ. ૫૮૩
ગર્ભવંતીની જ્યાં બરદાસ, ત્યાં ઋદ્ધિઓ પ્રગટે ખાસ;
રોગીઓની સેવા થાય, ઔષધમાં ધન ખર્ચું જાય. ૫૮૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુવાવડ જ્યાં થાતી બેશ, ત્યાં નહિ પ્રગટે સંકટ લેશ;
જીવોની સેવા મુજ સેવ, સેવા કરતાં થાય જ દેવ. ૫૮૫
જે કાલે જેની જ જરૂર, કરતો કાર્ય બની મશ્ગુલ
ક્ષેત્ર કાલ વય શક્તિ જાણ, દયા દાન દમ સાધે જ્ઞાન. ૫૮૬
સાધુ સાધ્વી સતીની હાય, લેવી નહિ ભારે દુઃખ દાય;
ગરીબની આંતરડી બળે, યોગી તપસી મુનિ ઉકળે ૫૮૭
જડમૂલથી નિષ્કંદન થાય, કદિ ન લેવી કોની હાય;
સતીયતિના લો નહિ શાપ, કરશો નહિ જગમાં મહાપાપ ૫૮૮
ગરીબ દુઃખી જન નહિ માર, નિરપરાધી હણતાં વાર;
ભૂલથકી કીધા અપરાધ, તેઓની માગો મન માફ. ૫૮૯
કરનહિ જીવોનો સંહાર, કુમારીનાં વ્રત સંભાળ;
જૂઠી સાક્ષી જૂઠા લેખ, જૂઠી વાતો સર્વ ઉવેખ. ૫૯૦
કોઇ ઉપર મૂક ન આળ, પરધન વિષ્ટા જેવું ભાળ;
અન્યજીવોને દુઃખ ન આપ; સંબંધીનાં સંકટ કાપ. ૫૯૧
સંતાપો નહીં ગાયને સંત, તેથી ચઢતીનો છે અંત;
મુજ ભક્તોની લો નહિ હાય, મારો નહિ ભક્તોને ક્યાંય. ૫૯૨
ભક્તોના જે લેતા પ્રાણ, આ ભવ પરભવ તેની હાણ;
સત્તા લક્ષ્મી મદ ઉન્મત્ત, તેનો જલ્દી આવે અંત. ૫૯૩
કંજુસ જે દેતો નહીં દાન, તે અંતે પામે નુકશાન;
પરના દિલડાંને સુખ આપ, ક્રોધ કરીને દે નહીં શાપ. ૫૯૪
પરદિલ દુઃખવવામાં પાપ, અન્યાયે નહિ ધર્મની છાપ;
પરની નિંદા હાંસી વાર, મન પ્રગટયા ક્રોધાદિક વાર. ૫૯૫
દુર્વચનોને કદિ ન બોલ, સત્યવાતનો કરજે તોલ;
સર્વ બાજુનો કરી વિચાર, ન્યાય કરી ચાલો નરનાર. ૫૯૬
ભૂલ્યાને ભમવાનું થાય, તનમન શકિત શર્મ હણાય;
પાપ કરીને ચહો ન માન, અસત્ય બોલી કરો ન દાન ૫૯૭
જૂઠા આડંબર કર દૂર, ક્ષમા ધરીને થાવું શૂર;
ઉપકારીના જે અપકાર; તે ઉપર કરવા ઉપકાર. ૫૯૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સહન કરેતે થાય મહાન્, ભલું કરનારો છે ભગવાન્;
દેહ ટળે પણ મરે ન સંત, દેહ ટળે પણ અમર મહંત. ૫૯૯
ધિક્કારો નહિ માનવ જાત, સાંભળશો નહિ નિંદા વાત;
પૂંઠની પાછળ નિંદા ત્યાગ, ગુણ ઉપર ધરજે બહુ રાગ. ૬૦૦
શત્રુના ગુણની પરશંસ, તેથી પામો નહિ ગુણ ધ્વંસ,
સત્યથી પાછાં પડતાં શસ્ત્ર, સત્યનો નાશ કરે નહિ અસ્ત્ર. ૬૦૧
સત્યને આગળ કરીને ચાલ, તેથી પગપગ મંગલ માલ;
અસત્ય ચોરીથી જગ દુઃખ, સત્યાસ્તેયથી જગને સુખ ૬૦૨
જગનો સત્યથકી ઉદ્ધાર, સમજી વર્તો નરને નાર;
સર્વે ભાષાલિપીવડે, તનધનસત્તાવિદ્યાબળે. ૬૦૩
સત્ય વદો ને કરવું સત્ય, સત્યજીવનનું એ છે કૃત્ય;
સત્યસમો નહીં વિશ્વ પ્રકાશ, સત્ય વિષે મરતાં સુખઆશ. ૬૦૪
જૈનધર્મ છે સત્યસ્વરૂપ, સમજી સર્વે સત્ય પ્રરૂપ;
દોષીઓના દોષો ટાળ. આત્માઓ નિર્દોષ નિહાલ. ૬૦૫
સર્વજીવો ઉપયોગી ભાળ, સર્વજીવોથી કરજે વ્હાલ;
આતમ સમ સહુ જીવો દેખ, પ્રકૃતિ પરભાવ ઉવેખ; ૬૦૬
સહુના સારામાં લે ભાગ, ઉપકારાર્થે કરજે ત્યાગ;
ટુંકી દૃષ્ટિયો સહુ ટળે, મનડું વિશ્વહિતાર્થે વળે. ૬૦૭
સત્યધર્મ જીવનને ધાર, નિર્દોષી શુભ કરજે પ્યાર;
વિષયોમાંથી પ્રેમ નિવાર, કામમોહનાં બીજો બાળ. ૬૦૮
અવળા માર્ગથકી મન ખાળ, સંત જનોની થાજે ઢાલ;
પહેલાં મોટા દોષો ટાળ, નાના દોષો પછીથી વાર. ૬૦૯
દુર્ગુણો છે શત્રુ ખાસ, તેઓનો કર નહિ વિશ્વાસ;
વિશ્વવિષે મારો ઉપદેશ, પ્રગટે ત્યાં સુખ શાંતિ એશ; ૬૧૦
જીવે જ્યાં મારા ઉપદેશ, પ્રગટે ત્યાં સુખ શાંતિ એશ;
જેઓનો મુજમાં વિશ્વાસ, તેઓમાં સુખ શાંતિ આશ. ૬૧૧
આધિ વ્યાધિ ઉપાધિ નાશ, બળબુદ્ધિ વિદ્યા સુખવાસ;
મુજમાં ભૂલે જે મન ભાન, તેનામાં પ્રગટે છે જ્ઞાન, ૬૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુજથી માને ધર્મ અભિન્ન, તે થાવે શક્તિથી પીન;
સર્વ વિશ્વમાં ધર્મ પ્રચાર, કરશો ભક્તો નરને નાર. ૬૧૩
દેવ ગુરૂનું કરજો માન, મારામાં થાઓ ગુલતાન;
મ્હને ન માને જે નરનાર, તો પણ તેપર કરવો પ્યાર. ૬૧૪
મૈત્રી લાવી કર ઉપકાર, રાગી તે થાશે નિર્ધાર;
આજીવિકા આદિ સ્હાય, અન્ય ધર્મીઓ ઉપર ન્યાય. ૬૧૫
ભક્તો તે થાશે નિર્ધાર, તેથી પામો ધર્મ અપાર;
ગુણ કર્મોથી વર્ણ જ થાય, ભક્તિથી ભક્તો સોહાય. ૬૧૬
આત્મસ્વભાવે વિશ્વ અભેદ, માની ટાળો બરા ખેદ;
મુજથી કોઇ ન ઈશ્વર દેવ, માની મુજ આજ્ઞાઓ સેવ. ૬૧૭
તર્ક બુદ્ધિને કરીને દૂર, થા શ્રદ્ધા પ્રીતિ ભરપૂર;
મુજમાં સમાતા સર્વે ધર્મ, એવું માની કરવાં કર્મ. ૬૧૮
મુજસમ ગુરૂઓની છે ભક્તિ, કલિયુગમાં ગુરૂથી છે શક્તિ;
કલિયુગમાં ગુરૂથી મુજ ભક્તિ, કલિયુગમાં ગુરૂથી મુજ શક્તિ. ૬૧૯
ગૃહસ્થ ત્યાગી ગુરૂ બે ભેદ સેવંતાં નાસે સહુ ખેદ;
ગુરૂસેવાથી પ્રગટે જ્ઞાન, પુસ્તક વાંચે વાચિક જ્ઞાન. ૬૨૦
ગુરૂસેવાથી અનુભવ થાય, મિથ્યાબુદ્ધિ દૂરે જાય;
સદ્ગુરૂનું કરતાં અપમાન, ભૂલાતું આતમનું ભાન. ૬૨૧
ગુરૂ નિંદાથી કુલક્ષય થાય, ચાલે નહિ ત્યાં કો ઉપાય;
ગુરૂવિના ચાલે નહીં ઘડી, મતિ પ્રગટેલી જાવે સડી. ૬૨૨
ગુરૂનાં દૂષણ જે જોનાર, કહેનારા અંતે રડનાર;
માટે ગુરૂના રાગી બનો, ગુરૂસેવાથી કર્મો હણો. ૬૨૩
ગુરૂ ઉપર નહીં કરશો ક્રોધ, ગુરૂ પાસે સાંભળવો બોધ;
ગુરૂનો ઠપકો અમૃત સમો, જાણી મારા ભાવે રમો. ૬૨૪
ગુરૂમાં પ્રીતિને વિશ્વાસ, રાખી શૂરા બનશો ખાસ,
કલિયુગમાં ગુરૂભક્તા જેહ, મારા ભક્તો જાણો તેહ. ૬૨૫
ગુરૂ સેવાથી મંગલમાલ, ખોટા સર્વે નાસે ખ્યાલ;
મુજ જેવો ગુરૂમાં વિશ્વાસ, જેને તેને સમકિત ખાસ. ૬૨૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે કાલે જે ગુરૂઓ હોય, તે કાલે તે મુજસમ જોય;
જ્ઞાની ગુરૂને રાખો શીર, તેથી થાશો ધીરને વીર. ૬૨૭
જ્ઞાની ગુરૂ આજ્ઞાએ વહો, ગુરૂભક્તિમાં રાચી રહો;
જૈનધર્મનું મંડન કરો, ભક્તોનો એ ધર્મ જ ખરો. ૬૨૮
જૈનધર્મનો જગ વિસ્તાર, કરવા પ્રાણ ત્યજો નરનાર;
જૈનધર્મના દુશ્મન જેહ, જૈનોના દુશ્મન છે એહ. ૬૨૯
દુશ્મન સાથે કરવું યુદ્ધ, બળકળ ધારી થૈને બુદ્ધ;
જૈનધમ જગમાં સુખ શાંતિ, આપે ટાળે મિથ્યા ભ્રાંતિ. ૬૩૦
જૈનો જીવાડો જૈનધર્મ, સમય પ્રમાણે કરીને કર્મ;
પ્રતિવાદિયો સામા લડો, જૈનધર્મ રક્ષાર્થે મરો. ૬૩૧
બુદ્ધિબળ ધન સત્તા લહો, જૈનધર્મમાટે સહુ વહો;
જૈનો માટે જીવ્યું જાય, ત્યાં મુજભક્તિ શુભ પ્રગટાય. ૬૩૨
જૈનોમાટે સ્વાર્પણ સર્વ, કરતાં સર્વે દિવસો પર્વ;
શરણાગતની રક્ષા કરો, ન્યાયે મરતાં હર્ષ જ ધરો. ૬૩૩
રાજાઓ ન્યાયે શોભાય, પક્ષપાત વણ રાજ્ય કરાય;
મારી શીખ અનુસારે રાજ્ય, કરતાં સુખ વાધે સામ્રાજ્ય. ૬૩૪
બૂરી દાનત રાજા કરે, રસકસ શાંતિ સુખડાં ટળે;
દુર્ગુણ વ્યસને રાજા હીન, પરંપરાએ સંતતિ ક્ષીણ. ૬૩૫
આત્મભોગથી રાજ્ય કરાય, જ્ઞાનવિના અંધારૂં થાય,
પ્રજાસુખાર્થે રાજા હોય, પ્રજા દુઃખી ત્યાં રાજા ન્હોય. ૬૩૬
અન્યાયે દંડે સહુ લોક, તે રાજાની પડતી પોક;
પ્રજાગણે જે પુત્રસમાન, ધરે ન નૃપતિનું અભિમાન, ૬૩૭
પ્રજા સલાહે વર્તે જેહ, રાજા કીર્તિ પામે તેહ;
દેખે પર લલના નિજ માત, કરે ન કોનો ક્રોધે ઘાત. ૬૩
પ્રજા હિતાર્થે દે જે પ્રાણ, તે રાજા પામે ગુણમાન;
પ્રજા સંબંધી કરે ન દ્વેષ, સર્વપ્રજાના ટાળે કલેશ. ૬૩૯
કરે પ્રજાને નહીં ગુલામ, મનમાં ભજતો મારૂં નામ;
રાજા થાવું છે નહીં સહેલ, ગુણો વિના જગમાં મુશ્કેલ. ૬૪૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મસમાં જેને નરનાર, તે રાજા શોભે જયકાર;
સર્વ પ્રજાનો સેવક જેહ, સર્વપ્રજાનો રક્ષક જેહ. ૬૪૧
પ્રજા સમો ગણે નિજને જેહ, રાજા તે થાતો ગુણગેહ;
પ્રજાથકી નહીં ગણે મહાન્, પ્રજોન્નતિમ તનધન પ્રાણ. ૬૪૨
એવો રાજા કરો કબૂલ, જે જાણે નિજ ગુણને ભૂલ;
વંશ પરંપર ગુણવણ ભૂપ, થાતાં સર્વ પ્રજાને ધૂપ. ૬૪૩
દેશ સંઘની પડતી થાય, માટે ગુણવંત રાજા ન્યાય;
અલ્પ દોષને લાભ મહાન્, જાણે તે રાજા ગુણવાન્. ૬૪૪
જેનું બળ તેનું છે રાજ્ય, શક્તિથી પદવી છે ગ્રાહ્ય;
રાજ્ય ભૂમિના આગેવાન, અનેક ગુણથી જેહ મહાન્. ૬૪૫
ગુણવંતો કરતા પરમાર્થ, હદ બાહિર નહિ વર્તે સાથ;
સર્વપ્રજાને ગમે ન જેહ, કરવો નહીં રાજાને તેહ. ૬૪૬
અનેક ગુણયુત કરો પ્રધાન, સેનાપતિ શક્તિ ગુણ ખાણ;
મારા ભક્તો આગેવાન, શૌર્યાદિક ગુણગણની ખાણ. ૬૪૭
તેવા રાજાદિક જ્યાં હોય, મુજ કૃપા વર્તે ત્યાં સોય;
મુજ ભક્તોએ આગેવાન, રાજ્યાદિકમાં થાવું જાણ. ૬૪૮
જૈનધર્મનો વિશ્વ પ્રચાર, કરવામાં સેવા સુખકાર;
ગૃહસ્થભક્તોએ નિજદેશ, રક્ષણ કરવો સહી જ કલેશ. ૬૪૯
જન્મભૂમિ રક્ષણથી ધર્મ, રક્ષણ લાયક કરવાં કર્મ;
ગૃહસ્થ જૈનોએ સહુ શક્તિ, સંરક્ષી વ્યવહરવી ભક્તિ. ૬૫૦
ગૃહસ્થજૈનોના આચાર, કાલાનુસારે જ વિચાર;
બળકળથી જીતે અરિવર્ગ, પ્રેમાદિએ મનડાં સ્વર્ગ. ૬૫૧
એવા જૈનો જગ જીવંત, અશક્ત જે તે નક્કે મરંત;
સુદર્શના શક્તિ પ્રગટાવ, સંયમમાંહિ લક્ષ્ય લગાવ. ૬૫૨
સંયમથી આતમ છે સિદ્ધ, અર્હન્ પરમાતમ મહાબુદ્ધ;
સુદર્શના તારો અવતાર, સંયમથી આતમ સુખકાર. ૬૫૩
સ્ત્રીત્વથી સ્ત્રી શોભેછે સાર, પુરૂષ પુરૂષના ધર્મે ધાર;
સ્ત્રીધર્મોથી સ્ત્રીની ગતિ, શોભે સંયમથી સંયતિ. ૬૫૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુદર્શના એવો ઉપદેશ, આચરતાં નાસે સહુ કલેશ;
સ્વાધિકારે સમજો ધર્મ, સ્વાધિકારે કરવાં કર્મ. ૬૫૫
સ્વાધિકારે પ્રગટે શક્તિ, સ્વાધિકારે જાણો વ્યક્તિ;
સ્વાધિકાર વિના નહિ ગતિ, સ્વાધિકાર વિના નહિ મતિ. ૬૫૬
સ્વાધિકાર પરત્વે જાણુ, અનંત ધાર્મિક ભેદ પ્રમાણુ;
સર્વ વિચારાચારો–ધર્મ, અધિકારી યોગે ગુણકર્મ. ૬૫૭

હણે વ્યસન દુર્ગુણ દુર્મતિ, એવા ધર્મે છે ઉન્નતિ;
આત્માદિકનો શુભ ઉદ્ધાર, જેથી તે છે ધર્મ મહાન્. ૫૮
દેશસંઘની ઉન્નતિ થાય, એવા કર્તો–ધર્મ સુહાય;
દેશકાલ અનુસારે નીતિ, સર્વ સંઘની સુધરે રીતિ. ૬૬૯

દુષ્ટ રીવાજો દુષ્ટ અનીતિ, ટાળ્યાથી છે ધર્મની નીતિ;
નિર્ભય રહીને કર સત્કર્મ, આત્મ વિના જડમાં સુખ ભર્મ. ૬૬૦
શુભાશુભ બુદ્ધિવણુ વર્ત, મુક્તદશાની એ છે શર્ત;
સમભાવે વર્તો સંસાર, શુભકર્મોથી કર ઉપકાર. ૬૬૧

આલસ્યાદિક તમને વાર, સાત્વિક કર્મો બુદ્ધિ ધાર;
કરે ન અન્ય મનુષ્યો સહાય, તો પણ કર ના ચિત્તકષાય. ૬૬૨
સ્વાશ્રયી થઇ સંસારે ચાલ, આતમમાં મનડાને વાળ;
ગુણકર્મોથી જાતિ પ્રમાણુ, જન્મથકી નહીં જાતિ માન. ૬૬૩

ગુણકર્મોથી જાતિ થાય, મારી આજ્ઞા એવી સદાય;
આત્માની નહિ નાતનેજાત, ગુણસંસ્કારોથી છે ભાત. ૬૬૪
ગુણકર્મો સારાં તે શ્રેષ્ઠ, ગુણીની આગળ બીજા હેઠ;
સદ્ગુણી માનવ માનો ઉચ્ચ, દુર્ગુણી માનવ માનો નીચ. ૬૬૫
વર્તે ઉચ્ચ વિચારાચાર, ઉચ્ચ જાતિ તે છે નિર્ધાર;
જ્ઞાનાદિ ગુણુથી સહુ જાત, એક સરીખી ઉત્તમ ખ્યાત. ૬૬૬
એવું શાસન મારૂં સત્ય, માને તેનાં સફલાં કૃત્ય;
સંક્ષેપે આ કીધો બોધ, દુષ્ટ વિચારોથી મન રોધ. ૬૬૭
આત્માજ્ઞાએ મનને રાખ, વાણીની સાચું જગ ભાખ;
આત્માજ્ઞાએ તનુને રાખ, આત્માનુભવ રસને ચાખ. ૬૬૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શુદ્ધાત્મા થૈ કર ઉપકાર, સુદર્શના પામો જયસાર;
સુદર્શના મુજ ભગિની બેશ; પામો આનંદ પૂર્ણ હમેશ. ૬૬૯
તુજ આશ્રે ભક્તોને શીખ, આપી દીધી ઉત્તમ દીક્ષ;
જયજય શ્રીદેવાધિદેવ, સુરાસુરાદિ સારે સેવ. ૬૭૦
જયજય પ્રભુ શ્રી વીર મહાન્, ઉપદેશો આપ્યા ગુણખાણ;
મુજસાથે ભક્તોનો સાથ, તેને તેં પ્રતિબોધ્યા નાથ. ૬૭૧
ચેદો તુજને કરે પ્રણામ; જયજય મહાવીર વિશ્રામ;
ત્હારા ગુણ જ્ઞાનોથી મુક્તિ, તુજપર પ્રીતિ તે છે ભક્તિ. ૬૭૨
તુજપર રાગથી છે વૈરાગ્ય, તુજમાં લીન થતાં છે ત્યાગ;
મ્હારે તારૂં શરણુ સદાય, ત્હારાં દર્શનથી શિવથાય. ૬૭૩
પ્રકૃતિયોગે સાકાર, તેથી તારે નરને નાર,
તનુવણ ઉપકારો નહિ થાય, જીભ્હાથી ઉપદેશ સુહાય. ૬૭૪
તેથી ઉપકારી સાકાર, વીર પ્રભુ છો જગદાધાર;
જીભ્હાથી ઉપદેશ પ્રકાશ, અગ્નિ ઉપમા તેથી વિલાસ. ૬૭૫
દ્રવ્ય શ્રુતિના કર્તા દેવ, ભાવશ્રુતિકર્તા જ વિવેક;
અનેકનયથી ગંભીર જ્ઞાન, ત્હેં આપ્યું હે મહાભગવાનન્ ૬૭૬
તુજ વચનામૃત પીતાં સુખ, અનંતકાલનાં નાસે દુ:ખ;
પ્રભુ મહાવીર પ્રગટ્યા દેવ, ત્હારી આજ્ઞામાં છે સેવ. ૬૭૭
સત્ય યોગ વર્તાવ્યા સાર, ધન્યધન્ય તારો અવતાર;
ગૃહાવાસ કલ્યાણક મૂર્તિ, પૂજાશે વધશે ગુણસ્ફૂર્તિ; ૬૭૮
તુજ જન્માદિ ભૂમિસ્થાન, પૂજાશે કલિયુગ ગુણદાન,
ગંગાદિથી તારૂં સ્નાન, થયું તેથી તે તીર્થ સમાન. ૬૭૯
કલિયુગમાં લોકોથી માન, થાશે તવ ભક્તિનું ભાન;
વડ આંબો પીંપલને સાલ, વૃક્ષો તારી ક્રીડા સ્થાન. ૬૮૦
રાયણ આદિનો સત્કાર, કલિયુગમાં થાશે નિર્ધાર;
ચાંદા સૂરજનાં દર્શન, કરશે, લોકો બની પ્રસન્ન. ૬૮૧
રવિ શશિએ ત્હારી ભક્તિ, કીધી તેથી દર્શન વ્યક્તિ;
રવિ શશિમાં તુજને જે સ્થાપી; ભક્તિ કરતાં ભાવે વ્યાપી. ૬૮૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભક્તો થાશે પૂર્ણ મહાન્, તુજ કૃપાએ પામી જ્ઞાન;
સર્વ વિશ્વમાં સ્થાપી તુજ, ભજશે તે પામે તુજ સુઝ. ૬૮૩

કલિયુગમાં વીર થાવા હેત, તુજ ભક્તિનો છે સંકેત,
વીર ભજંતાં વીરો થાય, ભક્તો અનંત જીવન પાય. ૬૮૪

વીર પ્રભુ જ્યાં ત્હારી દૃષ્ટિ, ત્યાં વ્યક્ત જ છે વ્યષ્ઠિ સમષ્ટિ;
તુજમૂર્તિને સ્થાપે ઘેર, ભક્તિ કરતાં લીલા લ્હેર. ૬૮૫

ધન સત્તા ઇચ્છયું સહુ મળે, તવ સ્વરૂપે આતમ ભળે;
ધન્યધન્ય જગમાં મહાવીર, અસંખ્યધીરોનો તું ધીર. ૬૮૬

તુજ ધ્યાને પ્રગટે જ સમાધિ, તેથી ઉપશમે સહુ આધિ;
સદસત્ ધર્મો તુજમાં રહ્યા, વસ્તુતઃ અવિરોધી રહ્યા. ૬૮૭

જાણ્યા કરતાં અનંત તુજ, પાર ન પામે મનડું મુજ;
સત્ય તીર્થનો કરો પ્રકાશ, સહુને જગબંધો ! તુજ આશ, ૬૮૮

વિશ્વોદ્ધારક તારી ગતિ, ત્યાં પહોંચે નહિ મારી મતિ;
દુષ્ટ રીવાજોનો કર નાશ, દુષ્ટ વિચારોનો કર હ્રાસ. ૬૮૯

અજ્ઞાને અંધુ જગ સર્વ, દેખંતુ કર બને અગર્વ;
પાખંડોથી વિશ્વ બચાવ, જ્ઞાતકુલે ભાનુ તું સુહાવ. ૬૯૦

ક્ષાત્ર તેજથી અરિવિનાશ, સામ્યભાવનો કર પ્રકાશ;
ઉંચા નીચા ખોટા ભેદ, કુરૂઢિયો સર્વે છેદ. ૬૯૧

સર્વે હિંસા યજ્ઞ નિવાર, ઋષિયોના થાઓ આધાર;
આર્યોને આપી દે જ્ઞાન, આર્યો તે જૈનો ગુણવાન્. ૬૯૨

બ્રાહ્મણ સંઘનો કર ઉદ્ધાર, જ્ઞાન અને ત્યાગે સુખકાર;
સર્વ વિશ્વમાં શાંતિ પ્રચાર, વૈર ઝેર ઇર્ષ્યાને વાર; ૬૯૩

વિશ્વજીવોમાં દયા વધાર, સર્વ સત્યનો કર વિસ્તાર;
ચોરીને વ્યભિચાર નિવાર, પક્ષપાતનું બીજ જ બાળ. ૬૯૪

આધ્યાત્મિક બળનું દે દાન, આર્ય દેશમાં ભરી દે જ્ઞાન;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રોગોપદ્રવ ઇતિને વાર, દે જીવંતી શક્તિ સાર. ૬૯૫
દુકાલાદિ દુઃખ વિનાશ, કર તારો પૂરો વિશ્વાસ;
જે ચાલે શિક્ષા અનુસાર, તે ચઢતી પામે નિર્ધાર. ૬૯૬
અનાદિકાલીન સર્વે સત્ય, તુજ ઉપદેશોમાં સહુ કૃત્ય;
ચૈત્ર શુકલત્રયોદશી બેશ, ઉત્સવ કરતાં નાસે કલેશ. ૬૯૭
શ્રાવણ સુદિ પુનમ દિનભલા, ત્હેં ઉપદેશો આપ્યા ભલા;
તેથીતે દિન પર્વ ગણાય, ઉત્સવ કરતાં પાપ પલાય. ૬૯૮
માઘવદિ ત્રયોદશી બેશ, ઋષિયોના, ટાળ્યા સહુ કલેશ;
કૈલાસે આરોહ્યા વિભુ,, પર્વ દિવસ ઉત્સવ તુજ પ્રભુ. ૬૯૯
અષાડ પૂર્ણિમા ગુરૂ પર્વ, ઉત્સવ ગુરૂ તું જગનો સર્વ;
જગદ્ ગુરૂ પુનમ દિન થયો, નિશાળ ગરણામિષે વહ્યો. ૭૦૦
ઇન્દ્રે જગગુરૂ સ્થાપન કર્યા, આઠ વર્ષ વયમાં ચિત્ત ભર્યા;
શ્રાવણ માસમાં રમિયા ઘણું, પર્વમાસ તેથી શુભ ગણું. ૭૦૧
શ્રાવણ ધર્મનો માસ જ બેશ, થાશે આનંદકારી હમેશ;
નાગોએ પ્રણમ્યા તુજ પાય, નાગપંચમી પર્વ ગણાય. ૭૦૨
ઉત્સવ વ્રત તપ કરતાં ભાવ, વધતાં પૂરણ થાશે લ્હાવ;
દીક્ષા કલ્યાણાદિક પર્વ, ઉત્સવ કરતાં ટળશે ગર્વ. ૭૦૩
દીક્ષાપર્વ દિને મહાત્યાગ, સ્મરતાં જન થાશે વીતરાગ;
કાર્તિક પૂર્ણિમા દિનયાત્ર, કીધી ભક્તાએ ગુણગાત્ર. ૭૦૪
તે દિનથી યાત્રાનું પર્વ, કરતાં ફલસુખ હોય અખર્વ;
ફાલ્ગુન પૂર્ણિમા સુખકાર, ઉત્તર દેશોમાં નરનાર. ૭૦૫
તુજને માન્યો પ્રભુ મહાન, પર્વ બન્યું તેથી ગુણખાણ;
અગ્નિ ભડકા કીધા બેશ, શીત નિવારણ કાજ મહેશ. ૭૦૬
તેથી લોકો ગાશે ગાન, તુજ ભક્તિથી થૈ ગુલતાન;
દેવે પાડયું મહાવીર નામ, માગશર પૂનમ દિન ગુણ ધામ. ૭૦૭
ચૈત્રવદિ આઠમ વર્ધમાન, નામપર્વ ઉત્સવ ગુણખાણ;
માઘ સુદિ પંચમી મહાપર્વ, ઇન્દ્રજ હાર્યો મૂક્યો ગર્વ. ૭૦૮
માતાએ દોહલાએ જીત, કીધી તેથી પર્વ પવિત્ર;
લગ્ન દિવસનું મોટું પર્વ, વરવધૂ સુખમાટે સ્વર્ગ. ૭૦૯
વસંત પંચમી થાશે ખ્યાત, સર્વવિશ્વ થાશે રળિયાત;
આસો સુદિ દશમી જયકાર, મહાવીર પૂજા જગમાં સાર. ૭૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિજયોત્સવ તુજનામે થશે, તુજ જાપે પાતક સહુ જશે;
આસો સુદિ આઠમ સુખકાર, ત્રિશલા દેવી જન્મ્યાં સાર. ૭૧૧
દેવીપૂજા ઉત્સવ થશે, સતિયો પૂજાશે જગવિષે;
થયાં અને થાશે જે પર્વ, તુજ નિમિત્તે પુણ્ય અગર્વ. ૭૧૨
પર્વ મહોત્સવ કરતાં સુખ, ભક્તોના નાસે સહુ દુઃખ;
કર્યું યશોદાએ તુજધ્યાન, વ્રતતપજપથી થૈ ગુલતાન. ૭૧૩
આષાડ માસ જ વર વ્રત ખાસ, બાળાઓ કરશે ઉલ્લાસ;
જયજય મહાવીર દેવ દયાલ, પગલે પગલે મંગલમાલ. ૭૧૪
કર રૂદ્ધિ સિદ્ધિ સુખ એશ, તુજ નામે હો સિદ્ધિ હમેશ;
તુજનામે જગમાં નરનાર, પામે શાંતિ તુષ્ટિ અપાર. ૭૧૫
લક્ષ્મી લીલા નિશ્ચય થાય, ભણે સુણે તુજને જે ગાય;
શાંતિ તુષ્ટિ પુષ્ટિ પાય, જૈનો જગમાં સુખિયા થાય. ૭૧૬

## इति श्री परमेश्वर महावीर देव कथित सुदर्शना सुबोध समाप्त.

---

## प्रभु महावीर देवनो जीवक बोध.

---

જય પ્રભુ જગમાં મહાવીર, સર્વજ્ઞ પરમેશ્વર ધીર;
નમું નમું વંદુ ગુરૂ દેવ, ચાહું તારી નિશદિન સેવ. ૧
ભારત ભૂપતિ હું છું નાથ, કૃપા કરીને કરો સનાથ;
આપો મુજ લાયક ઉપદેશ, જેથી નાસે સઘળા ક્લેશ. ૨
ભારત આદિ સર્વે દેશ, તેઓમાં ત્હારો ઉપદેશ;
પ્રસર્યો નરનારી હિતકાર, ધન્યધન્ય ત્હારો અવતાર. ૩
મુજને શિક્ષા આપો સાર, થાવે તેથી મુજ ઉદ્ધાર;
કૃપા કરો મુજ ઉપર પ્રભુ, તુજ આધાર જ મ્હારે વિભુ. ૪
તુજ વચનોથી અન્ય ન વેદ, ટાળો જીવોનો સહુ ખેદ;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાંભળ જીવક મહારાજન, ભક્ત બન્યો સાચો કૃત પુણ્ય;
આર્ય દેશમાં ભૂપતિ બેશ, પ્રભુ ભક્તિમાં ચિત્ત હમેશ. ૬
પ્રેમે સાંભળ મુજ ઉપદેશ, તેથી નાસે સઘળા કલેશ;
આતુરને શિક્ષા સુખકાર, કહેતાં ગુણ પ્રગટે છે સાર. ૭
ભક્તોને સવળું પરિણમે, દુષ્ટોને અવળું મન ગમે;
ભક્તોના આધીન ભગવાન્, ઉપદેશે પ્રગટે છે જ્ઞાન. ૮
પ્રભુની પ્રાપ્તિ માટે રાજ્ય, કર તું આતમનું સામ્રાજ્ય;
સર્વ જીવોના રક્ષણકાજ, વસ્તુતઃ વ્યવહારે રાજ્ય. ૯
અન્યાયી દુષ્ટો દંડાય, પ્રજા ઉપર વર્તે છે ન્યાય;
પ્રજાજનોમાં વર્તે શાંન્તિ, નાસે ભીતિ દુઃખ અશાંતિ. ૧૦
સર્વ પ્રજાપર સરખો પ્રેમ, દુઃખી ગરીબ ઉપર રહેમ;
પ્રજાથકી નહિ મનડું ભિન્ન, સ્વાર્થાંધે નહિ મનડુ ખિન્ન. ૧૧
જીવન પ્રજાહિતાર્થે બેશ, નીતિથી સુધારે દેશ;
પ્રજોપકારી સર્વે કામ, કર તું અંતરમાં નિષ્કામ. ૧૨
સાત્વિકાહારે તનુપોષ, કર નહીં ધર્મીઓપર રોષ;
સાત્વિક બુદ્ધિથી કર કૃત્ય, પ્રાણ જતાં નહિ ધાર અસત્ય. ૧૩
સાક્ષીભાવે રાજ્યનો ભાર, કરતાં આતમ પાર ઉતાર;
સહુને સરખો મળતાં ન્યાય, પાપ અશાંતિ દૂરે જાય. ૧૪
અન્યાયે લોકો દંડાય, જુલ્મથકી લોકો ગભરાય;
ધર્મી લોકો માર્યા જાય, દેશ રાજ્ય ત્યાં સુખ ન પાય. ૧૫
પાપી અધર્મી ભૂપતિ જ્યાંય, મળે ન લોકોને સુખ ક્યાંય;
દુષ્ટભૂપથી થાય ન શાંતિ, વધે ન લોકોની ઉત્ક્રાન્તિ. ૧૬
સર્વપ્રજા સ્થાપે તે ભૂપ, પ્રજા અનુકુલ રાજ્ય સ્વરૂપ;
રાજા બદલે માનવ સંઘ, જેના નબળા ખોટા ઢંગ. ૧૭
સર્વ લોક જ્યાં સુખિયા થાય, કરે કાયદા એવા ન્યાય;
પ્રજા સંઘના આગેવાન, એવા સેનાપતિ પ્રધાન. ૧૮
રાજ્ય યોગ્ય ગુણગણ જ્યાં હોય. તેને રાજા કરવો સોય;
ગુણ કર્મો વણ રાજા નહીં, પ્રજા સલાહે રાજા સહી; ૧૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુત્ર સમા સહુ લોકો જ્યાંય, અન્યાયે નહીં મુંઝે કયાંય.
સ્વાર્થે અંધ બને નહી કુત્ર, પ્રજા પ્રેમ જેવો નિજ પુત્ર. ૨૦
ભૂલે તેની માગે માફ, સત્ય પ્રજાને કહેતો સાફ;
કરે ન મદ, સત્તાના યોગ, મુંઝે નહિ ભોગવતાં ભોગ. ૨૧
એવા રાજાઓ જ્યાં હોય, વધે ધર્મ ત્યાં નિશ્ચય સોય;
પુણ્ય વધે ને થાવે વૃષ્ટિ, રસકસ ગુણથી શોભે સૃષ્ટિ. ૨૨
વધે ન ખોટા કર અન્યાય, ત્યાં રાજાની શોભા થાય;
સત્ત્વગુણી રાજા ગુણવાન, ત્યાં વર્તે શાંતિ ગુણ ખાણ. ૨૩
દુર્ગુણ વ્યસનોથી જે દૂર. જેમાં સત્ય દયાનું નૂર;
સર્વ પ્રજાનું પાલન થાય, ધર્મ વધે ત્યાં ગુણ સમુદાય. ૨૪
સર્વ નીતિયો જ્યાં વર્તાય, પ્રજા ભૂપના સરખા ન્યાય;
પ્રજા ભૂપમાં હોય અભેદ, ત્યાં પ્રગટે નહિ સઘળા ખેદ. ૨૫
અરસપરસ હિત ચાહે સર્વ, વિદ્યા લક્ષ્મીનો નહિ ગર્વ;
સ્વાર્પણ રાજ પ્રજામાં હોય, ત્યાં ચઢતી સહુ ભાવે જોય. ૨૬
એક બીજાના ભિન્ન ન સ્વાર્થ, જીવન વર્તે જ્યાં પરમાર્થ;
મર્યાદા મૂકે નહિ કોય. પ્રજા ભૂપની ચઢતી જોય. ૨૭
ન્યાય નીતિનું જ્યાં નહિ નામ, ત્યાં રાજાનું છે બદનામ;
મારી આજ્ઞા માની ચાલ, કર! પ્રજાથી મુજસમ વ્હાલ. ૨૮
દુઃસ્વાર્થીને કરવા દૂર. એવું છે રાજાનું નૂર;
દુષ્ટબુદ્ધિને દૂરે કાઢ, દુષ્ટકામને વેગે વાઢય! ૨૯
દુષ્ટોના વશ થા નહિ લેશ, અન્યાયોથી કર નહિ કલેશ;
જૈન ધર્મમાં શ્રદ્ધા રાખ, મુખથી સાચાં વચનો ભાખ. ૩૦
પુણ્ય કર્મથી સુખડાં થાય, પાપ કર્મથી દુઃખ જણાય;
સર્વ પ્રજાને પુણ્યે વાળ, પાપ કર્મને વેગે ખાળ. ૩૧
દેશ પુણ્યથી દેશમાં સુખ, પાપ કર્મથી દેશમાં દુઃખ;
સર્વ વર્ણમાં પુણ્ય પ્રચાર, સર્વ દેશથી હિંસાવાર. ૩૨
પશુ પંખી વૃક્ષોને રક્ષ, થા માનવ રક્ષામાં દક્ષ;
જાતે કર સહુ ન્યાયનાં કર્મ, જાતે કર આવશ્યક ધર્મ. ૩૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુઃખી જનની લે સંભાળ, સાધુ ગાયોને બહુ પાળ;
વ્યસનો દેશથકી સહુવાર, સુખી કર સહુ નરને નાર. ૩૪
દુર્જન દુષ્ટોને દે દંડ, પ્રજાવર્ગે રક્ષામાં મંડ;
સાધુઓની સેવા સાધ્ય, પરબ્રહ્મ મુજને આરાધ્ય. ૩૫
રાજ્ય વ્યવસ્થા સારી રાખ, પોતાની કર ઉત્તમ સાખ;
સર્વ લોકને સરખા માન, બનીશ નહિ કયારે નાદાન. ૩૬
ગંભીરતા ધારીને ચાલ, દુષ્ટ વાસના વેગે બાળ;
જૈન ધર્મને જગ ફેલાવ, માનવ ભવના લે શુભ લ્હાવ. ૩૭
મોજશોખની વૃત્તિ ત્યાગ, અંતરમાં ધરજે વૈરાગ્ય;
સર્વજીવોપર ધર શુભ રાગ, જીવક રાજન્ ધર્મે જાગ. ૩૮
પક્ષપાતને દૂરે છંડ, કદિ ન કરજે જૂઠ ઘમંડ;
શત્રુઓથી ચેતી ચાલ, યથાયોગ્ય શિક્ષાને આલ. ૩૯
સર્વ પ્રજાને દેઈ સહાય, ભૂપતિ સર્વે મુજને પાય;
ભૂપ થવું જગમાં નહિ સ્હેલ, સર્વથકી તે પદ મુશ્કેલ. ૪૦
પ્રજોપયોગી સર્વે કર્મ, કરવામાં રાજાનો ધર્મ;
જૈન સંઘની ઉન્નતિ કાજ, જૈનભૂપની સઘળી દાઝ. ૪૧
જૈન સંઘમાં જૈની ભૂપ, પ્રવર્તાવે રાજ્ય અનુપ;
જૈન સંઘમાં પ્રમુખ એક, મુજ પાછળ તે પાળે ટેક. ૪૨
ગૃહસ્થને ત્યાગી મહા સંઘ, તેના નાયક સૂરિવરચંગ;
જૈન ધર્મ પ્રવર્તક ભૂપ, જૈન સંઘ થાપે સુખરૂપ. ૪૩
જૈનોનું સામ્રાજ્ય વર્ધંત, એવા ઉપાયો લે સંત;
જૈન સંઘ રક્ષણ કરનાર, સંઘ પ્રમુખ વગેરે સાર. ૪૪
ઉત્સર્ગે ઉત્સર્ગને જાણ, અપવાદે અપવાદને માન;
દ્રવ્ય ક્ષેત્રને કાલ સ્વભાવ, રાજ્ય કાર્યના કરજે દાવ. ૪૫
દુઃખ પડે તે સહેવાં સર્વ, સત્તાનો નહિ કરવો ગર્વ;
વિપત્તિમાં હાર ન ધીર, સંકટમાં પ્રગટાવો વીર્ય. ૪૬
સાંભળ સહુની જાતે વાત, મુજને સ્મરજે દિનને રાત;
મુજને સ્તવીને કર શુભ કર્મ, પરભવ સાથે આવે ધર્મ. ૪૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પક્ષપાત કરવો નહિ કદિ, પ્રાણાદિક પણ વિણશે યદિ;
પક્ષપાતથી ધર્મ વિનાશ, રાજ્યાદિક પણ વિણસે ખાસ. ૪૮
સર્વ પ્રજાની ગ્રહી સલાહ, કરો કાયદા અવ્યાબાહ;
સર્વ પ્રજામાં જ્ઞાન પ્રચાર, સદા રહે સ્હાયે તૈયાર. ૪૯
સર્વપ્રજાપર કર ઉપકાર, શિક્ષિત કર સહુ નરનેનાર;
રોગાદિકનાશાર્થે ભવ્ય, ઉપચારો છે તુજ કર્તવ્ય. ૫૦

દુષ્કાલાદિ વખતે સ્હાય, કરવા ઘટતા સર્વ ઉપાય;
વ્યભિચારાદિ દોષ નિવાર, ધર્મી કર સહુ નરને નાર. ૫૧
રાજ્ય કર્મના સર્વ પ્રબન્ધ, તપાસ કર તું થા નહિ અન્ધ;
સર્વ શક્તિયો મેળવ ભવ્ય, શક્તિપણાનાં કર કર્તવ્ય. ૫૨
દુર્બલથી નહિ રાજ્ય કરાય, બળિયાનું છે રાજ્ય સદાય,
જેની શક્તિ તેનું રાજ્ય, વિદ્યાદિકથી છે સામ્રાજ્ય. ૫૩

સર્વ પ્રકારે થા હુશિયાર, કર પ્રગતિકારકવ્યવહાર;
હિમ્મત રાખી કર સહુ કાજ, તેથી વધશે શુભ સામ્રાજ્ય ૫૪
જૂઠાં બૂરાં જે પાખંડ, તેના સર્વે ટાળ ઘમંડ;
સર્વ પ્રજાને સરખી રાખ, ભયવણ સાચું જ્યાં ત્યાં ભાખ. ૫૫
સર્વ પ્રજોન્નતિ માટે જેહ, સ્વાર્પણ કરીને વર્તે જેહ;
તે રાજા છે રાજ્યને યોગ્ય, દયાદાનદમથીજ પ્રયોગ. ૫૬

સર્વ જીવોમાં દેખે મુજ, આત્મસમું વર્તન શુભ ગુજ;
સર્વ જીવોનો સેવક થાય, સેવાથી રાજા જ ગણાય. ૫૭
સર્વ પ્રજા સમ દેખે નિજ, પ્રજોન્નતિથી પામે રીઝ;
સાધુ સંતનું કરતો માન, શિક્ષા સાચી સુણતો કાન. ૫૮
સાચાનો સંગી જે થાય, જૂઠવિષે જે નહિ મુંઝાય;
મધ્યસ્થે દેખે સહુ વર્ગ, તે રાજા પામે છે સ્વર્ગ. ૫૯

સર્વ પ્રજાની કરે તપાસ, ગુપ્તપણે કરીને ઘરવાસ;
ગરીબની નહિ લેતો હાય, તે રાજા સાચો કહેવાય. ૬૦
ઇચ્છે સર્વ પ્રજા સ્વાતંત્ર્ય, નહીં ગુલામીનું જ્યાં તંત્ર;
નહીં ગુલામો જેના દેશ, ત્યાં નહિ વર્તે પાપને કલેશ. ૬૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યાં નહીં શૂદ્રોને ધિક્કાર, ઉચ્ચ નીચ નહિ ભેદ લગાર;
સ્ત્રીઓની વર્તે મર્યાદ, ખોટા નહિ જ્યાં વાદવિવાદ. ૬૨
સત્યને ઇચ્છે સર્વે લોક, કોઇ ન જૂઠી પાડે પોક;
પ્રજા ભૂપમાં ઐક્ય સુહાય, રાજ્ય દેશમાં શાંતિ થાય. ૬૩
નહીં ચોરીને જ્યાં વ્યભિચાર, દ્રોહી નહિ જ્યાં નરને નાર;
જૂઠી સાખ ન પૂરે કોય, સત્યરાજ્ય તે જગમાં જોય. ૬૪
ન્યાય કરંતાં પડે ન દામ, જૂઠા નહિ વર્તેજ દમામ;
સર્વ પ્રજાહિત કાર્યો થાય, સત્ય રાજ્ય ત્યાં ભૂપ સુહાય. ૬૫
જૈન ધર્મનું વર્તન રાજ્ય, તેમાં સર્વે છે સામ્રાજ્ય;
જેથી સહુ રાજ્યો પ્રકટાય, જૈન ધર્મ તે વિશ્વ સુહાય. ૬૬
જૈન ધર્મમાં સર્વે રાજ્ય, માને તેનાં સરતાં કાજ;
દયા સત્ય તપદાન છે રાજ્ય, સદ્ગુણ સર્વે જ્યાં ત્યાં ગ્રાહ્ય. ૬૭
એક બીજામાં દેખે જ્યોત, આત્મરાજ્ય ત્યાં છે ઉદ્યોત;
આત્મજ્ઞાનમાં રાજ્ય સમાય, પૂર્ણાનન્દ તેથી પ્રગટાય. ૬૮
પ્રામાણિક સર્વેજન નૃપ, તેથી નાસે સર્વે ધૂપ;
આત્માધીન મન રાજ્ય મહાન્, પ્રગટાવો દિલમા ગુણવાન્. ૬૯
ઇન્દ્રિયો જીતે જે જન, ચાલે જે વશ કરીને મન;
સુખ દુઃખમાં સમ રહેતો જેહ, સર્વ વિશ્વનો સ્વામી તેહ. ૭૦
વપુ ઈન્દ્રિ મન વશ કરનાર, વ્યક્તિ રાજ્યને તે ધરનાર;
જેના વશ નહિ ઇન્દ્રિ કાય, રાજ્ય યોગ નહિ તેહ કહાય. ૭૧
આત્માનો જ્યાં નહિ વિશ્વાસ, વિષયોપર વર્તે બહુ પ્યાસ;
જડનો મોહી જે પરતંત્ર, બને ન રાજા તે ગુણવંત. ૭૨
કાયા માયા ભય ધરનાર, જડની આશાને વહનાર;
રાજાઓ તે નહીં ગણાય, દેહગુલામો લહે અપાય. ૭૩
જૈનધર્મ વિચારાચાર, વ્યાપકદષ્ટિને ધરનાર;
સર્વધર્મનું જાણે સત્ય, રાજાનાં તે કરતો કૃત્ય. ૭૪
મોટા મનને રાખે જેહ, સહેતો દુઃખડાં રાજા તેહ;
ધન સત્તાથી મોહ ન પાય, પરાક્રમે રાજા કહેવાય.. ૭૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુણે સર્વનું કરતો તોલ, જેનો સાચો મીઠો બોલ;
નીતિથી સત્તા ધરનાર, સર્વ પ્રજાનું હિત કરનાર. ૭૬
દુષ્ટોને દંડે સુખ હેત, જેના શુભ ઉત્તમ સંકેત;
જેના આશયમાં પરમાર્થ, પરમાર્થે જે ત્યાગે સ્વાર્થ. ૭૭
એવા રાજા મારા ભક્ત, અંતરમાં જે નહિ આસકત;
સત્ય રાજ્ય કરવું મુજ ભક્તિ, તેથી પ્રગટે સઘળી શક્તિ. ૭૮
આપમતિએ કરે ન ન્યાય, પક્ષપાતમાં નહિ મુંઝાય;
સરખો રાજ પ્રજાનો ન્યાય, જીવંતું તે રાજ્ય ગણાય. ૭૯
પ્રજાજનોનું સુણતો સર્વ, કરે ન મનમાં સત્તા ગર્વ.
મારા હુકમે પાળે ફર્જ, જેને નહીં અન્યાયી ગર્જ. ૮૦
એવા રાજા મારા ભક્ત, નિર્લેપી મારામાં રકત;
એવા ભૂપતિ થાવે મુકત, જગમાં સત્ય પ્રચારે સૂકત ૮૧
ખપ પડતું સહુ ધરે વિવેક, સત્યપણાની જેની ટેક;
શત્રુઓ સ્હામો રહેનાર, બળકળ બુદ્ધિથી વહનાર. ૮૨
સમજાવે સહુ લોકને ધર્મ, રાજ્ય યોગ સહુ કરતો કર્મ;
ટાળે પ્રજા જનોના ભર્મ, આપે સર્વ પ્રજાને શર્મ. ૮૩
એવા રાજા આર્ય સુહાય, લેતા નહિં અન્યાયે હાય;
સ્વાશ્રય શક્તિના ધરનાર, સર્વ કલામાં જે હુશિયાર. ૮૪
રાજાઓ એવા જે જૈન, રાજ પ્રજામાં હોય ન દૈન્ય;
કર્મયોગીના ગુણને કર્મ, ધરતા આતમ પામે શર્મ. ૮૫
દયા વિના નહિ રાજા કોય, દયાવંત રાજા શુભ હોય;
રાજા શોભે બહુદાતાર, સાધુ બ્રાહ્મણરક્ષાકાર. ૮૬
રાજા વિવેકી શોભંત, નિશદિન સેવે સાધુસંત;
શ્રદ્ધાવંત સમયનો જાણ, પાળે મારી સાચી આણ. ૮૭
કાલતણો પણ રાજા કાલ, મારાપર જેનું બહુ વ્હાલ.
જાણ્યું આચારે ધરનાર, સતીઓનું રક્ષણ કરનાર. ૮૮
કન્યાઓનું રક્ષણ બેશ, કરતો ફર્જ જ ધરે હમેશ;
નિષ્કામે કર્મો કરનાર, ગુરૂપદેશો સાંભળનાર. ૯૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મ શાસ્ત્ર સાચાં સુણનાર, આત્મજ્ઞાનનો અનુભવ સાર;
દેશ કાલ આદિ સહુ જાણ, રાજા તે પામે સન્માન. ૯૧
અન્ય દેશનો કરે ન નાશ, કરે ન પાપી સુદ્ધો ખાસ;
અધર્મથી પાછો ફરનાર, સાત્વિકવૃત્તિનો ધરનાર. ૯૨
જૂઠી ખૂશામતનો ત્યાગ, સદાચાર નીતિપર રાગ;
અન્યાયે નહિ કર લેનાર, પીડે નહિ પ્રજાય લગાર. ૯૩
વિદ્યાપીઠ ઘણાં કરનાર, વિદ્યા હુન્નર કેલવનાર;
સર્વ પ્રજા સેના જ્યાં થાય, તે શુભ રાજ્ય સ્વતંત્ર સદાય. ૯૪
પ્રજાહિતાર્થે આપે ભોગ, સાધે જ્ઞાનાદિક સહુ યોગ;
કાલ નિયમ કૃત્યો કરનાર, ગમખાઇ ગમ જે ધરનાર. ૯૫
પ્રપંચીઓના દાવનો જાણ. પ્રતિક્રિયામાં જેહ મહાન;
ગપ્પાંમાં નહિ કાઢે કાળ, લેતો સર્વ પ્રજા સંભાળ. ૯૬
શત્રુ મિત્રો પારખનાર, કાચા કાન નહીં ધરનાર;
દીર્ઘ દૃષ્ટિ પરિણામનો જાણ, પ્રજ્ઞ ધરે જ અમાત્ય પ્રધાન. ૯૭
ફાટફૂટને કાઢે દૂર, ધર્મ્યયુદ્ધમાં જે છે શૂર;
નીતિયો કાલાનુસાર, પ્રવર્તાવે વર્તે સાર ૯૮
બુદ્ધિબળ ધરનારા જન, પાસે રાખે જેહ પ્રસન્ન;
સર્વ યુક્તિથી કરતો કામ, દામ ન લેતો જેહ હરામ. ૯૯
એવા રાજાઓ જે થાય, શાંતિ તુષ્ટિ પુષ્ટિ પાય.
મારા ભક્તો તેહ ગણાય, અલ્પ દોષ મહા ધર્મને પાય. ૧૦૦
અલ્પ દોષ મહા ધર્મનાં કર્મ, કરવામાં રાજાનો ધર્મ;
સર્વ પ્રજાનાં એવાં કર્મ, સત્ય વિવેકે કરતાં શર્મ. ૧૦૧
શુદ્ધ બુદ્ધિથી કરતાં કાજ, મારી સર્વજીવોને સાજ;
શુદ્ધબુદ્ધિથી દોષ ન થાય, સર્વ કાર્યમાં ધર્મ સુહાય. ૧૦૨
સાક્ષી થૈ મુજ પ્રેમે જેહ, કાર્ય કરે નિર્દોષી તેહ;
મુજ પ્રાપ્તિ માટે જે રાજ્ય, કરતો તે પામે મુજ સાજ. ૧૦૩
રાજા ઉપર સાચો પ્રેમ, પ્રજા તેહ પામે સુખ ક્ષેમ;
રાજા માટે સ્વાર્પણ જ્યાંય, તેહ પ્રજાને દુઃખ ન ક્યાંય. ૧૦૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજ્યદ્રોહે થાય વિનાશ, રાજદ્રોહ ત્યાં દુઃખ વિલાસ;
પ્રજારાજ બે રાજ્ય ગણાય, બેના નાશે રાજ્ય વિલાય. ૧૦૫
પ્રજા સલાહે રાજા થાય, પ્રજા પ્રેમથી ભૂપ ગણાય;
વંશપરંપર ભૂપ ન હોય, ગુણ કર્મે નૃપતિપદ જોય. ૧૦૬
યુગે યુગે નીતિયો ભિન્ન, જેથી થાય ન રાજ્ય જ છિન્ન.
કલિયુગમાં કલિના અનુસાર, પ્રજા રાજ આચાર વિચાર. ૧૦૭
જે યુગમાં જેથી જીવાય, તેવી નીતિયો વર્તાય.
રાજ પ્રજા બન્ને થૈ એક, કરે રાજ્યનાં કર્મ વિવેક. ૧૦૮
પરતંત્રતા જ્યાં ત્યાં થાય, સ્વતંત્રતા વણ રાજ્ય હણાય;
મુજ ઉપદેશો વર્તે જ્યાંય, જૈન ધર્મ સામ્રાજ્ય જ ત્યાંય. ૧૦૯
જૈન ધર્મથી રાજ્ય ન ભિન્ન, ત્યાં નહિ રાજ પ્રજા કો દિન;
દેશકાલ અનુસારી નીતિ, જૈન ધર્મ સામ્રાજ્યની રીતિ. ૧૧૦
સત્તાઓના યોગ્ય વિભાગ, વહેંચાતા ગુણ સ્વાર્પણ ત્યાગ;
જેના લાયક જે જન હોય, તેના લાયક તે પદ સોય. ૧૧૧
લાયકને લાયક જ્યાં માન, રાજ્ય કર્મમાં થાય ન હાનિ;
દુષ્ટ જનોનું જોર ન થાય, સજ્જનની શક્તિ વર્તાય. ૧૧૨
રૂશ્વત લેવે દેવે ન કોય, પક્ષપાતની ખેંચ ન હોય.
રાજાદિકનું તરતમમાન, સર્વલોકમાં સાચું જ્ઞાન. ૧૧૩
હોય પરસ્પર સ્વાર્પણ સ્હાય, ઉલ્લંઘે નહિ લોકો ન્યાય;
એવું રાજ્ય પ્રવર્તે જ્યાંય, જીવક રાજન્ સુખડાં ત્યાંય. ૧૧૪
જન પશુ પંખી હિંસા ત્યાગ, પુણ્યકર્મ પ્રવૃત્તિરાગ;
કજીયાકારક લોક ન જ્યાંય, સંપ વધે ત્યાં રાજ્ય સુહાય. ૧૧૫
અધિકારી જ્યાં ભૂપતિ થાય, સર્વ પ્રજાથી જે ઈચ્છાય;
તે રાજા થાવાને યોગ્ય, બીજાને નહિ રાજ્ય જ ભોગ્ય. ૧૧૬
અધિકાર વણ ભૂપતિ થાય, ગુણ કર્મોવણ હાંસી થાય;
મનમાં થાવું રાજા સહેલ, પણ ગુણ કર્મોથી મુશ્કેલ. ૧૧૭
દુષ્ટ પ્રજાનો ભૂપ જે થાય, અંતે તે રનમાં પરતાય;
પ્રજા ભલી નહિ રાજા દુષ્ટ, બન્ને અંતે થાય ન પુષ્ટ. ૧૧૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાસન કર્મોથી જે શક્ત, થાય ન રાજ્યવિષે આસક્ત;
રાજ્ય પ્રવર્તક ભૂપ તે જાણ, જીવકરાજન્ !!! ધર્મ પ્રમાણ. ૧૧૯
સર્વ કલામાં જેહ પ્રવીણ, આપત્તિમાં થાય ન દીન.
પુરૂષાર્થ આત્મા ગુણવાન્, સમય જાણ તે ભૂપ પ્રમાણ. ૧૨૦
સર્વ વર્ણને પોષે જેહ, સાધુ સંતથી સાચો સ્નેહ;
જૈનધર્મીરક્ષાર્થે પ્રાણ, દેવામાં નિર્ભય મસ્તાન. ૧૨૧
દુરાચારનાશાર્થે કાલ, ગરીબઉપર પૂર્ણ દયાલ;
આર્યોની નીતિ ધરનાર, જીવક તે છે નૃપ અવતાર. ૧૨૨
વિના પ્રયોજન જન સંહાર, કરે નહીં અન્યાય લગાર;
દુષ્ટ નૃપતિ આદિ નાશ, કરે પ્રજા સંઘ છેવટ ખાસ. ૧૨૩
પ્રજા સંઘ હિત માટે ભૂપ, ગુણ કર્મોથી જેહ અનુપ;
કરે પ્રજાનો જે સંહાર, અન્યાયે તે ભૂપ ન ધાર. ૧૨૪
પ્રજાહિતસ્વી નૃપતિ કાજ, સર્વ પ્રજા સ્વાર્પણ સામ્રાજ્ય;
પ્રજા પ્રાણ છંડે ભૂપ હેત, જ્યાં રાજાના શુભ સંકેત. ૧૨૫
રાજ્યાદિકનો મોહ ન હોય, અદા કરે નિજ ફર્જને સોય;
પ્રજાસંઘનીમેલો ભૂપ, પામે અંતે મારૂં રૂપ. ૧૨૬
સર્વ લોકની સરખી ભૂમિ, વસ્તુતઃ સહુ માટે ભૂમિ;
પૃથ્વી જલવાયુ આકાશ, વહ્નિ છે સહુ માટે ખાસ. ૧૨૭
સાગર શશીભાનુ સહુ હેત, એકના માટે નહિ સંકેત;
નદી વૃક્ષ આદિ સહુ કાજ, નહિ એકની મમતા રાજ. ૧૨૮
અરસપરસ ઉપગ્રહદાન, લેઈ દેઇ પોષો જાન;
અરસપરસમાં રાખો પ્રેમ, સહુનું સારૂં ઈચ્છો ક્ષેમ. ૧૨૯
એવા ભાવે જીવક રાજ, જીવે તે પામે સુખસાજ;
રાજ પ્રજા ત્યાગી સહુ સંત, યોગ ક્ષેમ લહે ગુણવંત. ૧૩૦
અન્ય ધર્મીનો કરે ન નાશ, કદિ ન છંડે મુજ વિશ્વાસ;
એવો ભૂપતિ ચિત્ત ઉદાર, સર્વ પ્રજાનો પામે પ્યાર. ૧૩૧
અન્યાયે ધારે નહિ વૈર, કરે ન વૈરે કાળો કેર;
દુષ્ટોને નીતિએ દંડ, દેઈ રૂપ ધરે જ પ્રચંડ. ૧૩૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમભાવે વર્તે સંસાર, દિલમાં ધારે મુજપર પ્યાર;
સર્વ જીવોનું ઈચ્છે સુખ, ટાળે સર્વ જીવોનાં દુઃખ. ૧૩૩
અલ્પ પાપને, પુણ્ય અનંત, થાવે કર્મો કરે ભદંત;
સાત્વિક ગુણ કર્મોથી ભૂપ, ટાળે સર્વ પ્રજાની ધૂપ. ૧૩૪
નોકર ઉપર કરે ન ક્રોધ, અજ્ઞજનોને આપે બોધ;
મિથ્યાદુષ્કૃત પશ્ચાત્તાપ, કરતાં ટાળે કીધાં પાપ. ૧૩૫
મમતાવણ કાર્યો કરનાર, મુજમાં ધ્યાન લગાડે સાર;
આવશ્યક ષટ્ કર્તા જેહ, ગૃહસ્થ વ્રત ધારક ગુણગેહ. ૧૩૬
સમ્યક્ત્વાદિક ગુણ ધરનાર, એવો રાજા શિવ વરનાર;
જીવક રાજન્ સમજો ચિત્ત, આતમ મનને ધાર પવિત્ર. ૧૩૭
આવક વ્યયનો સત્ય વિવેક, કરીને ધારો નીતિ ટેક;
સર્વ પ્રમાદો કરીને દૂર, કર્મો કર આતમ ગુણપૂર. ૧૩૮
અતિ સાવધ થૈ કર્મો સર્વ, કર અંતરમાં ધાર ન ગર્વ.
આતમભાવે જાગી ઉઠ, પરધનને તું કદિ ન લૂંટ. ૧૩૯
પરધનને વિષ્ઠાસમ જાણ, પર લલના સહુ માત પ્રમાણ;
અન્ય ધર્મને કદિ ન પાળ, સ્વધર્મને મરતાં પણ પાળ. ૧૪૦
ઈન્દ્રાદિક પદ મળતાં હોય, રાજ્યાદિકની પ્રાપ્તિ જોય;
તેમાં માન ન કાંઈ સાર, જૈન ધર્મને પ્રેમે પાળ. ૧૪૧
જૈન ધર્મથી અધિક ન કોય, ધર્મે મળતું સર્વે સોય;
સર્વ સત્યનો સાગર ધર્મ, પામી કર તું રાજ્યનાં કર્મ. ૪૨
જૈન ધર્મ જગમાં વર્તાવ, મૈત્ર્યાદિ શુભ ભાવના ભાવ;
જૈનોને સ્વાર્પણથી સ્હાય, કરતાં મારૂં પદ તું પાય. ૧૪૩
જૈન ધર્મ માટે તું જીવ, ધર્મ તજીને થા ના ક્લીબ;
સ્વાધિકારે ધર્મને ધાર, તેમાં દોષ ન હોય લગાર. ૧૪૪
ધર્મ્ય યુદ્ધથી ધર્મ બચાવ, બગકલ બુદ્ધિના કરી દાવ;
ધર્મ રક્ષતાં દેશમાં શાંતિ, સર્વ પ્રજાની ચડતી કાંતિ. ૧૪૫
જૈનોની રક્ષામાં ધર્મ, નાસે તેથી સર્વ અધર્મ;
અલ્પ દોષને લાભ મહાન્, જૈનોની સેવામાં જાણ. ૧૪૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારા સરખા જાણી ભક્ત, તેમાં થાજે તું આસક્ત;
તેઓને તારૂં સહુ આપ, મમત્વ તેઓમાંહિ થાપ. ૧૪૭
તે જીવે તું જીવ્યો જાણ, મારા જ્ઞાનને સત્ય જ માન;
જ્ઞાનની આગળ લક્ષ્મી ભ્રાંતિ, માની પામીલે શુભ શાંતિ. ૧૪૮
મારા ભકતો સહુથી શ્રેષ્ઠ, તેઓની પ્રેમે કર વેઠ;
મારા ભકતોમાં મુજ દેખ, બીજી માયા જૂઠ ઉવેખ. ૧૪૯
આત્મજ્ઞાનમાં પ્રીતિ ધાર, ક્ષણિક વસ્તુનો તજ પ્યાર;
જડ વસ્તુમાં મોહ ન રાખ, આત્માનુભવ અમૃત ચાખ. ૧૫૦
આત્મ સમો કોઇ જાણુ ન દેવ, આતમ તે પરમાતમ સેવ.
જૈન ધર્મ તે આત્મસ્વરૂપ, જિન ધર્મ જ તે શુદ્ધ સ્વરૂપ. ૧૫૧
સદસદાદિ આતમ ધર્મ, જાણુંતાં બંધાય ન કર્મ.
આત્મોપયોગે વર્તે ધર્મ, અનંત શાશ્વત પ્રગટે શર્મ. ૧૫૨
આત્મ સ્વભાવે સાચો ધર્મ, એમાં સત્ય સમાતાં મર્મ;
આત્માનું છે રાજ્ય મહાન્, સર્વ વિશ્વમાં જેની આણ. ૧૫૩
આત્માની આગળ નહિ અન્ય, રાજા એવું સમજો મન્ન;
આતમ પ્રેમથી આતમ પામ, પૂર્ણાનન્દે શિવમાં જામ. ૧૫૪
સર્વજીવો આતમ સમ લેખ, દુષ્ટ વૃત્તિયો સર્વ ઉવેખ;
સર્વ સંગમાં થા નિઃસંગ, આતમ રંગે રહે તું ચંગ. ૧૫૫
સર્વે શક્તિયોનું ધામ, સર્વ દેવ નામો તુજ નામ;
સર્વ દેવરૂપો તુજ રૂપ, તુજથી જૂદી દુઃખની ધૂપ. ૧૫૬
નામ રૂપથી તું છે ભિન્ન, આત્મરૂપમાં થા તું લીન;
જૈનધર્મ તે આતમ ધર્મ, પ્રકૃતિનાં સારાં કર્મ. ૧૫૭
તુજ આશ્રિત લોકોને પોષ, કર નહિ બૂરા રાગને રોષ.
ધર્મ ભેદમાં દેખ અભેદ, આતમ સઘળા વેદનો વેદ. ૧૫૮
જૂદા જૂદા ધર્મો જેહ, સાપેક્ષાએ સાચા તેહ;
આત્મ ધર્મમાં સર્વે ધર્મ, સમાઈ જાતા જાણ એ મર્મ. ૧૫૯
આત્મજ્ઞાનમાં સર્વે જ્ઞાન, આત્મદાનમાં સર્વે દાન;
આત્મસ્વરૂપજ સર્વે દેવ, જાણી મનથી આતમ સેવ. ૧૬૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મ શુદ્ધતા કર તું વ્યકત, આત્મ શુદ્ધતા થાતાં શકત;
મનને આતમમાંહિ રમાવ, ચિદાનંદ પૂરણ પ્રગટાવ. ૧૬૧
જીવકરાજન્ તું છે જીવ, પ્રકૃતિ સહુ જાણુ અજીવ;
પ્રકૃતિ આશ્રયથી ચઢ, બ્રહ્મરંધ્રનો લઇ લે ગઢ. ૧૬૨
પ્રકૃતિની પહેલી સહાય, લીધાવણુ કો સિદ્ધ ન થાય.
પ્રકૃતિ અનુકુલ બનાવ, ઉત્ક્રાંતિપંથે ઝટ જાવ. ૧૬૩
પ્રકૃતિ જડ તું છે બ્રહ્મ, ચિદાનંદ ચેતન તું રમ્ય;
તારો તું કરજે વિશ્વાસ, સ્વાશ્રયતા ધારીને ખાસ. ૧૬૪
ગુરૂ કૃપાથી પ્રગટે જ્ઞાન, ગુરૂ વણુ કોઈ નહીં ભગવાન્.
ગુરૂવણુ લોકોને નહિ ભાન, અંધારે અથડાતા જાણુ. ૧૬૫
ગુરૂ પ્રેમ શ્રદ્ધાથી ભક્તિ, તેથી પ્રગટે સર્વે શક્તિ;
પ્રેમે બનીને ગુરૂનો ભકત, બને પ્રભુ નહિ રહે અશકત. ૧૬૬
આત્માનો સાચો વિશ્વાસ, ભકતોના મન પ્રગટે ખાસ;
આત્મા આત્મસ્વરૂપે થાય, કર્મો આઠે દૂરે જાય. ૧૬૭
આત્મા આત્મસ્વરૂપે થાય, સિદ્ધ બુદ્ધ ત્યારે કહેવાય;
પ્રકૃતિ માયા દૂર જાય, અનુભવી અનુભવને પાય. ૧૬૮
જીવકરાજન્ આતમ જ્ઞાન, પામી રાજ્ય વહો ગુણખાણુ;
તેથી અંતરમાં નિષ્કામ, રહેશો લેશો સુખ આરામ. ૧૬૯
મારા ઉપર પૂરણુ રાગ, ત્હારો છે સાચો નિષ્કામ;
તેથી થાશો પૂર્ણ સ્વતંત્ર, કુંકો જગમાં સાચા મંત્ર. ૧૭૦
મારામાં મન રાખી ચાલ, વિષમબુદ્ધિને દૂરે ટાળ;
સમબુદ્ધિથી વિશ્વ પ્રવર્ત, પ્રભુ લહ્યાની એ છે શર્ત. ૧૭૧
દુષ્ટ વાસના બાળીનાખ, સમત્વ સહુ જગમાંહિ રાખ;
દુષ્ટવિચારોપર દે દાબ, આત્મશક્તિથી રમજે દાવ. ૧૭૨
વિષયવાસના ટાળે દૈન્ય, તેતે અંશે માનત્ર જૈન;
મારામાં જેનો વિશ્વાસ, જૈન જિનત્વજ પામે ખાસ. ૧૭૩
મારામાં જેનો છે રાગ, મુજસમ તે થાતો વડભાગ;
દેખું જાણું સર્વે પદાર્થ, વિશ્વાસી થૈ કરો પરાર્થ ૧૭૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારી શ્રદ્ધાથી બગશક્તિ, સર્વ જાતની પ્રગટે ભક્તિ;
મુજ શ્રદ્ધાવણુ હોય ન ધર્મ, મુજશ્રદ્ધાથી પ્રગટે શર્મ. ૧૭૫
ઉત્સાહી જીવનને ગાળ, સન્તજનોપર કર તું વ્હાલ;
ખંત ધરીને કર સહુ કાજ, ધર્મવિના બીજું નહિ રાજ્ય. ૧૭૬
ઉદ્યમથી નહિ પાછો હઠ, કર્તવ્યોથી થા નહિ ભ્રષ્ટ;
વિશ્વોપયોગી જીવન ધાર, સાચા ધર આચારવિચાર. ૧૭૭
તામસ રાજસબુદ્ધિ કર્મ, તેથી વ્યક્ત ન આતમધર્મ;
સાત્વિક બુદ્ધિ સાત્વિક કર્મ, કરતાં પ્રગટે આતમધર્મ. ૧૭૮
સાપેક્ષાએ સર્વ વિચાર, એકાંતે મિથ્યાત્વ જ ધાર;
સાપેક્ષાએ સઘળું સત્ય, નિરપેક્ષાએ સર્વ અસત્ય. ૧૭૯
સાપેક્ષાએ નયની દૃષ્ટિ, ધારતાં પ્રગટે ગુણસૃષ્ટિ;
જૈનધર્મ સાપેક્ષા જાણ, મારી વાણી માન પ્રમાણ. ૧૮૦
કુતર્કોને દૂરે છંડ, મોટાઈનું ત્યાગ ઘમંડ;
શ્રદ્ધા પ્રીતિ એ છે ભક્તિ, આત્મધર્મ તેથી છે વ્યક્ત. ૧૮૧
નિશ્ચય ને વ્યવહારે સ્થિર, થાજે સહુ વાતે ગંભીર;
મેરૂ સમ ધરજે દિલ ધૈર્ય, રાખ નહિ કો સાથે વૈર. ૧૮૨
ત્યજવો નહિ ધાર્મિક વ્યવહાર. ત્યજવો નહીં ધાર્મિક આચાર;
જે અંશે માયા જીતાય, જૈનધર્મ અંશે પ્રગટાય. ૧૮૩
આત્માના ગુણને પર્યાય, જેથી તે સર્વે પ્રગટાય.
એવા જે આચાર વિચાર, જૈન ધર્મ સાચો વ્યવહાર. ૧૮૪
શક્તિ કારક સર્વ વિચાર, પ્રવૃત્તિના સહુ વ્યવહાર;
જૈન ધર્મ એ જગજીવંત, સત્ય સનાતન શક્તિમંત. ૧૮૫
જૈન ધર્મ આત્મિક બળ જાણ, જડ શક્તિ નિમિત્ત પ્રમાણ;
આત્મિક બળથી જીતે જૈન, પશુબલ આગળ થાય ન દીન. ૧૮૬
મારો જે વિશ્વાસી ખાસ, હોય ન તેનો ક્યારે નાશ;
બને નહીં તે જગ પરતંત્ર, પ્રગટાવે સાચું સ્વાતંત્ર્ય. ૧૮૭
આત્માનું અસ્તિત્વ પ્રમાણ, પુનર્જન્માદિક સહુ જાણ;
તેના વિશ્વાસી તે જૈન, આત્મશક્તિથી ધરે ન દૈન્ય. ૧૮૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુજ ભક્તો જૈનો જે હોય, આત્મિકબળ વિશ્વાસી જોય;
કાયાદિ શક્તિ સાપેક્ષ, રહે નહિં ક્યારે નિરપેક્ષ. ૧૮૯
આત્મ શક્તિથી થાતી જીત, તેની દિલમાં ધાર પ્રતીત;
આત્મશક્તિયો સહુ પ્રગટાવ, અર્હત્પદને વેગે પાવ. ૧૯૦
આત્મજ્ઞાન જનોને આપ, મારા અંતરમાં તું વ્યાપ;
ગૃહસ્થ ધર્માચાર વિચાર, જૈન ધર્મ તુજ માટે સાર. ૧૯૧
સત્ય અહિંસાચારને ધાર, સ્વાધિકારે ધર્મ વિચાર;
સ્વાધિકારે ધર્મને સાધ્ય, દેવગુરૂ પ્રેમે આરાધ્ય. ૧૯૨
અભયદાન છે આતમદાન, જ્ઞાનાદિક દાનો શુભ જાણ;
અભય દાનથી નિર્ભય થાવ, સ્વાધિકારે જીવ બચાવ. ૧૯૩
મુજ વચનોમાં સર્વે સત્ય, ધર્મ વિજયનાં સર્વે કૃત્ય;
મુજ વચનો આચારે મૂક, જીવક રાજન્ ધર્મ ન ચૂક. ૧૯૪
જૈન ધર્મનો થાય ન નાશ, અનંતકાલના જૈનો ખાસ;
સત્યાદિક ગુણથી છે જીત, કદાગ્રહોની બૂરી રીત ૧૯૫
કદાગ્રહોથી થાય ન શાંતિ, જગમાં વધતી મિથ્યા ભ્રાંતિ;
કદાગ્રહોથી થૈને દૂર, જૈનધર્મમાં થા મગરૂર. ૧૯૬
ક્ષુદ્રવિષયના ક્લેશો છંડ, શમાવ દુષ્ટોનાં સહુ બંડ;
સૂક્ષ્મ તત્ત્વનો આગળ ભાસ, થાશે આત્મદશાએ ખાસ. ૧૯૭
આત્મજ્ઞાનથી આગળ ચાલ, સૂક્ષ્મ તત્ત્વનો થાશે ખ્યાલ;
આત્મજ્ઞાનથી મરે ન કોય, મરેજ તે નહીં આતમ હોય. ૧૯૮
મરતાં બીવે મોહી લોક, પાડે અજ્ઞાનીઓ પોક;
ધર્માર્થે મરતાં નહિ ભીતિ, જ્ઞાનીઓની એવી રીતિ. ૧૯૯
લક્ષ્મી આદિ બાહ્ય પદાર્થ, તેમાં માને નહિ નિજ સ્વાર્થ;
જીવિકાએ માને સ્વાર્થ, તોપણ અંતરમાં પરમાર્થ; ૨૦૦
ધર્મવિનાનું જીવન ફોક, દુષ્ટવૃત્તિને વેગે રોક;
ધર્મે આત્મિક બલની વૃદ્ધિ, આત્મ ઋદ્ધિવણ અન્ય ન ઋદ્ધિ. ૨૦૧
જડની ઋદ્ધિ થાયવિનાશ, સંધ્યા રાગ સમી તે ખાસ;
જડ ઋદ્ધિયો મિથ્યા જાણ, આત્મઋદ્ધિમાં મનડું આણ. ૨૦૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાસ્તિક માને જડમાં ઋદ્ધિ, આસ્તિક માને આતમ ઋદ્ધિ;
નાસ્તિક રાક્ષસ જેવા હોય, ધર્મે આસ્તિક જૈનો જોય. ૨૦૩
જેહ દયાળુ તે મુજ ભક્ત, હિંસામાં નહિ થાયે રક્ત;
દયા વિના નહિ પ્રગટે ધર્મ, દયા વૃત્તિનાં કર સહુ કર્મ ૨૦૪
દયા વિના નહિ પ્રગટે સત્ય, દયા વિના નહિ સાચાં કૃત્ય;
દયા હોય ત્યાં ધર્મ પ્રકાશ, દયાવિષે સહુ ધર્મનો વાસ. ૨૦૫
કામ ભોગ વૃત્તિના દાસ, શમે ન તેના મનની પ્યાસ;
કામ ભોગ છે ઝેર સમાન, મૃતક સમા આસક્ત જ જાણ. ૨૦૬
કામ ભોગમાં સુખની આશ, જેને છે તે જગના દાસ;
આત્મિક બળથી રહેતા દૂર, પામે નહીં આતમનું નૂર, ૨૦૭
કામ ભોગ વૃત્તિને જીત, તેથી થાશે સત્ય પ્રતીતિ;
આત્મિક સુખનો ધર વિશ્વાસ, આર્યોનું જીવન એ ખાસ. ૨૦૮
દુષ્ટ કામ સમ કોઈ ન પાપ, સર્વ દોષનો કામ જ બાપ;
કામને જીત્યાં જીત્યું સર્વ, તે વણ કરવો વ્યર્થ જ ગર્વ. ૨૦૯
કામ વૃત્તિને મારો લાત, કરો ન બૂરા કામની વાત.
મનને રાખો આતમ સાથ, તેથી થાશો જગના નાથ; ૨૧૦
આર્યોનું વર્તન નિષ્કામ, તેમાં મુક્તિનું છે ધામ;
આર્યોનું જીવન છે ધર્મ, અનાર્યના મનનાં નહિ શર્મ. ૨૧૧
અધર્મવેત્તા લોક અનાર્ય, આર્યોનો ધર્મ જ શુભ કાર્ય;
ધર્મ કરે તે આર્ય જ જાણુ, પાપીઓ અનાર્ય પ્રમાણ. ૨૧૨
આર્યો તે જૈનો સહુ જાણ, તેઓનાપર ભક્તિ આણ;
મુજમાં તેઓમાં નહિ ભેદ, આતમ સત્તાએ જ અભેદ. ૨૧૩
સર્વ જીવો છે કર્માધીન, રાગદ્વેષે કર્મ નવીનઃ
ભાવકર્મ છે રાગને દ્વેષ, દ્રવ્ય કર્મ જડ આઠ અશેષ. ૨૧૪
આતમ સાથે કર્મનો બંધ, કાલ અનાદિથી એ ધંધ;
કર્મથકી જન્માદિક થાય, પુણ્ય પાપ કર્મ જ છે ભાય ૨૧૫
પુણ્ય પાપ કર્મો બે જાણ, તેના ભેદ અનેક પ્રમાણ;
કર્મથકી જીવો સંસાર, ભમતા સર્વે યોનિમઝાર. ૨૧૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્મથકી સારા અવતાર, પાપથકી બૂરા અવતાર.
પુણ્યે ઉત્તમ ગતિ સુખ હોય, પાપે દુર્ગતિ દુઃખો જોય. ૨૧૭
કર્મે ગમનાગમનો હોય, કર્મે યશને અપયશ હોય;
શુભકર્મોદય સારૂ થાય, અશુભ કર્મે બૂરૂ થાય. ૨૧૮
ઉદયે આવ્યાં કર્મો જેહ, ભોગવતાં છૂટે છે તેહ;
સમભાવે ભોગવતાં કર્મ, અબંધ આતમ પામે શર્મ. ૨૧૯
સમભાવે કર્મોદય જેહ, કરે નિર્જરા મુક્તિ તેહ.
ઘાતી અઘાતી કર્મો જાણ, ઘાતી વિનાશી થા ભગવાન. ૨૨૦
આત્મ જ્ઞાનથી કર્મ હણાય–ઉપયોગે ગુણ સહુ પ્રગટાય;
આત્મોપયોગી થાય અબંધ, બને ન કર્મ ઉદયથી અંધ. ૨૨૧
શુભાશુભ અવતારો થાય, તેનું કારણ કર્મ સુહાય;
કર્મ વિયોગે આતમ મુક્ત, જ્ઞાની થાય ન વિષયાસક્ત. ૨૨૨
કર્મથી નાચે જીવો સર્વ, કર્મ વિદારે સહુનો ગર્વ;
કર્મ બલી જડ પુદ્ગલ શક્ત, શુભાશુભ કર્મો છે વ્યક્ત. ૨૨૩
જે જે અંશે કર્મનો નાશ, તે તે અંશે આત્મપ્રકાશ;
કર્મ ક્રિયા ગુણવાળું હોય, ક્રિયા વિનાનો આતમ જોય. ૨૨૪
કર્મથકી આતમ જગ ફેર, સમજે નહિ તો છે અંધેર;
કર્યાં કર્મ ભોગવવાં ન્યાય, તેમાં ચાલે નહિ અન્યાય. ૨૨૫
કર્મતણો સિદ્ધાંત મહાન, જાણો સર્વે સહુ પ્રમાણ;
ઇન્દ્રાદિક પણ કર્માધીન, ઉચ્ચ નીચ સારા ને હીન. ૨૨૬
પુદ્ગલ પર્યાયો છે કર્મ, તે રોકે છે આતમ શર્મ.
ભાવ કર્મ ઉપશમ ક્ષય થાય, ક્ષયોપશમથી ગુણ પ્રગટાય. ૨૨૭
કર્મને આતમનો વિશ્વાસ, આવે ત્યારે સમકિત ખાસ;
અવળું પણ સહુ સવળું થાય, આતમ સન્મુખ ચિત્ત સુહાય. ૨૨૮
આતમનો આતમ પરીણામ, કાર્યોમાં આતમ નિષ્કામ;
કર્મની શ્રદ્ધા સમ્યક્ થાય, સમભાવે નિરીક્ષણ ન્યાય. ૨૨૯
દુઃખદાયકપર થાય ન દ્વેષ, કર્મથકી ભજવાતા વેષ.
આતમનો નહિ દોષ જણાય, કર્મતણા દોષો સમજાય. ૨૩૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેથી રાગને દ્વેષ શમાય, આત્મક્ષમા સાચી પ્રગટાય;
આતમના દેખાય ન દોષ, સમભાવે પ્રગટે સંતોષ ૨૩૧
કર્મવા માયાનો સહુ ખેલ, જાણંતાં નહિ મોહની વેલ;
અરૂપ આતમ ધર્મ સ્વભાવ, તેમાં લય લાગે સુખદાવ. ૨૩૨
પુણ્ય ધર્મથી આતમ ધર્મ, ન્યારો ન્યારૂં આતમ શર્મ;
કર્મે સર્વ ક્રિયાઓ થાય, અકર્મભાવે કર્મ ન થાય. ૨૩૩

કર્મતણો એવો સિદ્ધાંત, જાણે તે જૈનો નિર્ભાન્ત;
કર્મને આતમ કહેતા જેહ, નાસ્તિક વાચિકજ્ઞાની તેહ. ૨૩૪
કર્મતણો જાણી સિદ્ધાંત, જીવક રાજન્ !!! થા નિર્ભ્રાન્ત;
અશુભ કર્મો કરવાં છોડ, અશુભ કષાયો વેગે તોડ. ૨૩૫
શુભકાર્યોને પ્રશસ્ય કષાય, સેવા ભક્તિ આદિ ઉપાય;
કરીને આતમમાંહિ પ્રવેશ, જેના નિર્મલ સર્વપ્રદેશ. ૨૩૬

સર્વ સંગમાં નિસંગભાવ, ધારી આતમ શુદ્ધ બનાવ;
પ્રગટે તેથી કેવળજ્ઞાન, આપોઆપ બનો ભગવાન. ૨૩૭
આતમ ને કર્મો છે ભિન્ન, કર્મભાવમાં થા નહિ લીન;
કર્મમાં આતમભાવે વર્ત, નિર્લેપી થાવા એ શર્ત. ૨૩૮
કર્મવશે જે જે પર્યાય, તેમાં આત્મપણું નહિ લાવ્ય;
આત્મરૂપમાં લય ને લાવ, કર્યાં કર્મ સહુ શીઘ્ર હઠાવ. ૨૩૯
કર્મને કર્મ સ્વભાવે દેખ, આતમ આતમ ભાવે દેખ;
આતમમાં સાચો છે ધર્મ, પુદ્ગલમાં પુદ્ગલનો ધર્મ. ૨ ૦
એવો નિશ્ચય કરીને ચાલ, કુપંથ મતને દૂરે ટાળ;
જૈનધર્મ સિદ્ધાંત પ્રમાણ; કરી પ્રવર્તો પામો જ્ઞાન. ૨૪૧
સત્તાએ આતમ છે શુદ્ધ, શુદ્ધનયે છે પૂર્ણ પ્રબુદ્ધ;
કર્મથકી પર્યાય અશુદ્ધ, કર્મ ટળ્યાથી પૂર્ણ વિશુદ્ધ. ૨૪૨
કર્મથકી નહિ ભીતિ પામ, તેથી બળવંત આતમરામ;
આતમ ક્ષણમાં કર્મ વિનાશ, કરતો ઉપયોગી થૈ ખાસ. ૨૪૩
અનંત ભવનાં ક્ષણમાં કર્મ, હણી લહે નિજ શાશ્વત શર્મ;
એવો બળિયો આતમરાય, જાગી થાતો ઘટ નિર્માય ૨૪૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉદય આવિયાં જે જે કર્મ, સમભાવે ભોગવતાં ધર્મ;
ઉદય કર્મ ભોગવતાં ભોગ, જ્ઞાનીને વર્તે છે યોગ. ૨૪૫
રાજ્યાદિક પ્રવૃત્તિ કરાય, સેવાભક્તિ આદિ થાય;
જ્ઞાનીને ત્યાં આતમ શુદ્ધિ, પ્રગટે કર્મ ખર્યાથી ઋદ્ધિ. ૨૪૬
અજ્ઞાનીઓ જ્યાં બંધાય, ત્યાં જ્ઞાનીઓ બંધ ન પાય;
સુખ દુઃખ માન અને અપમાન, ભોગવતાં ભક્તોને જ્ઞાન. ૨૪૭
જીવક ! ! ! ન્યાયે રાજ્ય જો થાય, સ્વાધિકારે કર્મ કરાય.
આતમને નહિ લાગે લેપ, આસક્તિથી કર્મનો ચેપ. ૨૪૮
મુજ ભક્તોને દુઃખ પડંત, તેમ તેમ તે ઉર્ધ્વ ચઢંત;
કર્મ ભોગવે લહે ન બંધ, કર્મબંધને પામે અંધ. ૨૪૯
ગૃહસ્થ ત્યાગી ભેદે ધર્મ; બન્નેનાં જૂદાં ગુણ કર્મ;
સ્વાધિકારે વર્તે હોય, બન્ને આતમ પામે સોય. ૨૫૦
ગૃહસ્થ ભકતોને ઘરબાર, ગુણ કર્મે કરવા અધિકાર.
ભક્તિ સેવા કર્મને જ્ઞાન, પામે થાય પ્રભુ ગુણવાન્. ૨૫૧
અપરાધીઓ સામા થાય, જૈનોથી કરતા અન્યાય;
તેઓ સ્હામા જૈનો થાય, ત્યારે યુદ્ધ કરે જય પાય. ૨૫૨
ધર્મ્યયુદ્ધમાં હોય ન દોષ, આતમ ગુણનો થાવે પોષ.
કર્મ નિર્જરા બહુલી થાય, વિશુદ્ધ આતમ સત્ય સુહાય. ૨૫૩
ગૃહસ્થનો છે એવો ધર્મ, સ્વાધિકારે કરતો કર્મ;
દેશ કોમને સંઘ સમાજ, સ્વાર્પણથી રાખે સામ્રાજ્ય. ૨૫૪
દ્રવ્ય ભાવ શત્રુને જીત, આર્યોની રાખી શુભ રીત;
શત્રુઓથી કદિ ન હાર, દયાથકી સહુ જીવ ઉગાર. ૨૫૫
કર્મ કરંતાં આતમબુદ્ધિ, રાખંતાં આતમની શુદ્ધિ;
જ્ઞાનાવરણાદિ સહુ કર્મ, નાસે આતમ પ્રગટે ધર્મ. ૨૫૬
અનંત જ્યોતિ પૂર્ણાનંદ, મુજને જાણે નાસે ફંદ;
ભાવ કર્મનો ટાળી ભાવ, રહેતાં પ્રગટે આત્મસ્વભાવ, ૨૫૭
આર્યોનું જગમાં શુભ રાજ્ય, ન્યાયે સત્ય દયાથી પ્રાજ્ય;
આર્યોનો તું છે શિરદાર, સમકિત આદિ ગુણ ધરનાર. ૨૫૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આર્યોસમ નહિ કોની રીત, આર્યોસમ નહિ કોની નીતિ.
પૂર્વથકી એવા વ્યવહાર, અદ્યુના પણ વર્તે જયકાર. ૨૫૯
એવા આર્યો તે છે જૈન, મરતાં પણ જે ધરે ન દૈન્ય;
પરમાર્થે જે દેહ ત્યજંત, સર્વજીવોને સ્હાય કરંત. ૨૬૦
દુષ્ટ શત્રુના થાય ન દાસ, મૃત્યુ પર્યંત લડતા ખાસ;
પરાધીન નહિ થાવે જૈન, આસક્તિનું ધરે ન ઘેન. ૨૬૧
ન્યાયથકી નહિ અળગા જાય, સહે ન જૂલ્મો કાળા ન્યાય;
એ માટે જે કાર્યો થાય, તેથી આતમ શુદ્ધ સુહાય. ૨૬૨
શુભ કાર્યોથી કર્મ હણાય, અશુભ કાર્યે કર્મ ગ્રહાય;
સાત્વિકકર્માચાર વિચાર, આત્મજ્ઞાનનાહેતુ સાર. ૨૬૩
કર્મને આતમ પૂર્ણ સ્વરૂપ, જાણે તેને રહે ન ધૂપ;
કર્મને આતમ બન્ને તત્ત્વ, જાણે પ્રગટે આતમ સત્ત્વ. ૨૬૪
કર્મ જાણીને થાવ અકર્મ, અક્રિય જ આતમમાં શર્મ;
કર્મની શ્રદ્ધાથી સમભાવ, પ્રગટે જ્ઞાનાદિ ગુણ દાવ. ૨૬૫
કર્મને આતમનો સંયોગ, તેથી પ્રગટે સુખ દુઃખ ભોગ;
ભાવ કર્મ જો મનથી જાય, આતમ તે અંશે વેદાય. ૨૬૬
દ્રવ્યભાવ બે કર્મ વિનાશ, થાતાં મુક્ત જ આતમ ખાસ.
કર્મથકી મૂકાવું મુક્તિ, ઉપશમ આદિ ભાવે યુક્તિ. ૨૬૭
મોહાદિકનો ઉપશમ થાય, ક્ષયોપશમ ભાવ જ પ્રગટાય.
ક્ષાયિકભાવે આત્મવિશુદ્ધિ, ચિદાનંદની પ્રગટે ઋદ્ધિ ૨૬૮
મુજ ભક્તો અંતરમાં એમ, જ્ઞાનયોગને પામે ક્ષેમ;
આતમ તે પરમાતમ થાય, પ્રત્યક્ષ મુજ સમ સોહાય. ૨૬૯
સર્વજીવોની જુદી બુદ્ધિ, કર્મથકી જાણી કર શુદ્ધિ;
ભિન્ન ભિન્ન કર્મે અવતાર, મેળ મળે નહિ તેથી ધાર. ૨૭૦
જ્ઞાનાવરણાદિનો નાશ, સેવા આદિ યોગે ખાસ;
આત્મામાં મન રાખો સ્થિર, તેથી જ્ઞાને થાઓ ધીર. ૨૭૨
પોતાને પોતે ઉદ્ધાર, કર તેથી આવે ભવપાર;
આતમ આતમવડે પ્રકાશ, પોતાનો કર સ્વયંવિકાસ. ૨૭૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વાશ્રયધારી કર પ્રયાસ, આતમનો ધરવો વિશ્વાસ;
ઇશ્વર પોતે તનુમાં વાસ, આત્માનંદે પૂર્ણ વિલાસ. ૨૭૪
મન બુદ્ધિના ફેર અનંત, તેનો કદિ ન આવે અંત;
જીવે જીવ મનબુદ્ધિ ભેદ, તેથી આતમ જૂદો વેદ. ૨૭૫
મનબુદ્ધિના મત છે ક્રોડ, મળે ન માંહોમાંહે જોડ;
આતમ સન્મુખ મનને બુદ્ધિ, થાતાં થાતી આતમ શુદ્ધિ. ૨૭૬
આતમમાં આતમ રંગાય, ત્યારે મનબુદ્ધિ જ વિલાય;
મત પંથ કલેશાદિક નાશ, થાવે આત્માનંદ પ્રકાશ. ૨૭૭
આતમ આતમરૂપે થાય, કર્માદિક સહુ દૂરે થાય;
ત્રણ્ય ગુણની પ્રકૃતિપાર, સિદ્ધ બુદ્ધ આતમ અવધાર. ૨૭૮
જીવક રાજન્ ! ! ! આતમજ્ઞાન, કર પોતાનું પોતે ધ્યાન;
પોતાને પોતે તું તાર, સફલ કરીલે નર અવતાર. ૨૭૯
દુષ્ટ પ્રમાદો દૂરે ટાળ, આતમમાંહી મનને વાળ;
મન છૂટું રાખે સંસાર, મન મારે મુક્તિ નિર્ધાર. ૨૮૦
યાવત્ રાગદ્વેષ વિચાર, તાવત્ મનનો હોય પ્રચાર;
આત્મરૂપમાં પ્રેમ લગાવ, આતમ શક્તિ સર્વ જગાવ. ૨૮૧
સત્ય ભાવના પ્રેમે ભાવ, મનમાં સારા ભાવો લાવ;
કર્મતણું ઉપચારે સર્વ, તેમાં કર નહિ મિથ્યા ગર્વ. ૨૮૨
કર્મતણું સહુ કર્મને આપ, આતમનું આતમમાં વ્યાપ;
ઉપશમાદિ ભાવે જાગ, આતમમાં ધારણ કર રાગ; ૨૮૩
આત્મશક્તિથી જીવક જીવ, મનમાં મુઝી થા નહિ કલીબ;
ચિદાનંદ પોતે તે તું દેવ, ત્યજી દે મિથ્યાભ્રાંતિ ટેવ. ૨૮૪
સર્વજીવોમાં કર્મે ભેદ, સર્વ જીવોને કર્મે ખેદ;
ધર્મ ભેદ પણ કર્મે થાય, કર્માતીત જ્ઞાની થૈ જાય. ૨૮૫
પ્રકૃતિ આધીન સંસાર, કાલ અનાદિ અનંત ધાર;
પ્રકૃતિ ભજવે નિજ ભાવ, કર્મ ન ચૂકે નિજનો દાવ. ૨૮૬
પ્રકૃતિની શક્તિ સાથ, આતમ થાવે જગનો નાથ;
પ્રકૃતિ શુભ ઉન્નતિ હેત, અવલંબે જ્ઞાની સંકેત. ૨૮૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગૃહાવાસમાં કર્મ સહાય, ત્યાગીને પણ એમ કહાય;
સાપેક્ષાએ જાણે એમ, આતમયોગે પામે ક્ષેમ. ૨૮૮
કર્માતીત સહુ જીવ ન થાય, સર્વ જીવો ભક્તો ન સુહાય;
ટળે ન સર્વે ધાર્મિક ભેદ, ભેદ ખેદ કર્મે સહુ વેદ. ૨૮૯
રાજ્યે શાસન કર નરનાર, શિક્ષા દેઇ લોક સુધાર;
સામાદિક સહુ નીતિ પ્રચાર, તેથી ધર્મ વધે જયકાર. ૨૯૦
જૈનધર્મ સામ્રાજ્ય વધાર, જૈનોપર પૂરણ કર પ્યાર;
જૈનોની વ્હારે ઝટ ધાવ, પાપી શત્રુ લોક હઠાવ. ૨૯૧
યાવત્ રાજ્યાદિક વ્યવહાર, ફર્જ અદા કર તાવત્ સાર;
તેથી આતમશુદ્ધિ થાય, આસક્તિ વણ મુક્ત થવાય. ૨૯૨
ઉત્સર્ગે અપવાદે કર્મ, યોગ્ય કર્મ તે સર્વે ધર્મ;
જે કાલે જે યોગ્ય જણાય, તે કરવામાં ધર્મ સુહાય. ૨૯૩
સર્વ પ્રકારે સમજી કર્મ, કરવામાં સુખ લાભે ધર્મ;
એવું સમજી જીવક રાજ, કર શકત્યા સારૂં સામ્રાજ્ય. ૨૯૪
રાજા સર્વ પ્રજાદિ સંઘ, તેનો નિશદિન વાધે રંગ;
જૈનો વંશપરંપર થાય, રાજ્ય કરો એવં હિત લાય. ૨૯૫
રાજ પ્રજા જ્યાં શક્તિહીન, પદચ્યુત થાવે તે દીન;
કામાદિક વિલાસો જ્યાંય, અંતે પડતી હોવે ત્યાંય. ૨૯૬
વિષય સ્વાર્થની મારામાર, જૂલ્મ અનીતિ વધે પ્રચાર;
રાજ પ્રજાસંઘ પડતી થાય, રાજ્ય વ્યવસ્થા પલટી જાય. ૨૯૭
જીવક રાજન્!!! ચેતી ચાલ, મુજ શિક્ષાનો કર મન ખ્યાલ;
રાજ પ્રજામાં સદ્‌ગુણ જ્યાંય, મુજ શક્તિયો પ્રગટે ત્યાંય. ૨૯૮
આર્ય પ્રજાનો વાધે ચાહ, એવા સર્વે લેજે રાહ;
આર્ય પ્રજાની ચઢતી થાય; એવા સર્વે લે ઉપાય. ૨૯૯
ધાવ રમાડે જેવાં બાલ, ધરે ઉપરથી બહુલું વ્હાલ;
અંતરૂમાં નહિ સાચો રાગ, એવી રીતે વર્તે લાગ. ૩૦૦
મારામાં મન રાખી વર્ત, ગુણો પ્રગટશે સર્વે તુર્ત;
આત્મામાં કર સ્વાર્પણ સર્વ, તેથી નાસે મિથ્યા ગર્વ. ૩૦૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુણુ કર્મોથી જૈનો જ્યાંય, જૈનધર્મ જીવંતો ત્યાંય;
મુજ શક્તિયો ત્યાં ઉભરાય, દેશ પ્રજાજન શાંતિ પાય. ૩૦૨

મુજ ગુણુના અનુયાયી જૈન, કદિ ન જગમાં પામે દૈન્ય;
સર્વ જાતિ શક્તિ આધાર, જૈનો તે જાણો નિર્ધાર. ૩૦૩
જીવક રાજન્ !!! ચઢતે વાન, આત્માથી થાવો ભગવાન્;
મુજ ઉપદેશો પ્રેમે પાળ, પામો સર્વે મંગલ માલ. ૩૦૪

તુજ હિતમાટે એ ઉપદેશ, કહ્યો ઉન્નતિ માટે લેશ;
તેથી તું સિદ્ધિ પદ પાય, આતમ આપ સ્વરૂપે થાય. ૩૦૫
ધન્ય ધન્ય પરમેશ્વર ધીર; પરબ્રહ્મ તેજોમય વીર;
મુજને આપ્યો ત્હેં ઉપદેશ, તેથી વિણસ્યો ભ્રાંતિ ક્લેશ. ૩૦૬
ત્હારાં વચનો સર્વે સત્ય, સર્વજ્ઞ જ થયો કૃતકૃત્ય;
મુજને છે ત્હારો આધાર, તુજપર મારો પૂરણ પ્યાર. ૩૦૭

તુજ ઉપદેશો બહુ સાપેક્ષ, અજ્ઞાનીને છે નિરપેક્ષ;
ચાલીશ તવ વચનાનુસાર, કર્મ કરીને નિજ અધિકાર. ૩૦૮
એકાત્મા સત્તા સાપેક્ષ, અનંત આતમ વ્યકિત દેખ;
આત્મ તત્ત્વની સવે દૃષ્ટિ, તેની બનિયો છું હું સૃષ્ટિ. ૩૦૯
જૈન ધર્મમાં સર્વે ધર્મ, સમાઈ જાતા જાણ્યું મર્મ;
જૈન ધર્મ છે કાલ અનાદિ, નહિ અંતને તેની આદિ. ૩૧૦

જૈન ધર્મપરકાશી દેવ, ત્હારી ધારી સાચી સેવ;
ભવસાગરથી પાર ઉતાર, વીર વિભો કર મુજ ઉદ્ધાર. ૩૧૧
સ્વાર્પણ કીધું તુજને સર્વ, મિથ્યા બુદ્ધિ નાઠો ગર્વ;
કૃપા તાહારી પામ્યો સત્ય, ના હો દુઃખકર મોહ અસત્ય. ૩૧૨
જૈન ધર્મ સહુ વિશ્વ મઝાર, સર્વ જીવોમાં છે નિરધાર;
નામે હો જગ જય જયકાર, પ્રગટો શાંતિ મંગલ માલ. ૩૧૩

શુદ્ધ બ્રહ્મ મહાવીર જિનેશ, જેનો રૂડો છે ઉપદેશ;
જીવ તે જીવક રાજન્ બેશ, અન્તરૂ આતમભાવ વિશેષ. ૩૧૪
ભારત દેશ તે આતમક્ષેત્ર, સમકિત યુક્તજ જીવ પવિત્ર;
આત્મા જિન ને તે છે જૈન, જાણે રહે ન મનમાં દૈન્ય. ૩૧૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અધ્યાત્મ મહાવીર વિચાર, જીવક રાજન્ ઉપયોગ ધાર.
સમજતાં છે મંગલ માલ, પ્રગટે પૂર્ણાનંદવિશાલ. ૩૧૬
ચોવીશમા તીર્થંકર વીર, આત્મભાવથી આતમ વીર;
એ રીતે સમજે જે વીર, તે જન થાતો મોટો ધીર. ૩૧૭

પત્ની યશોદા મોટી સતી, શુદ્ધ ચેતના જાણો છતી;
સુદર્શના પ્રજ્ઞા શુભ જાણ, એ આધ્યાત્મિક ભાવ પિછાણ. ૩૧૮
અન્તર્વૃત્તિ પુત્રી જાણ, પ્રિયદર્શના સમજી માન;
નંદિવર્ધન સત્યવિવેક, સમકિત શકિત ત્રિશલા ટેક. ૩૧૯

સિદ્ધાર્થ જ છે અનુભવજ્ઞાન, કાયા ક્ષત્રીકુંડ પ્રમાણ;
આર્યક્ષેત્ર તે આતમ દેશ, જેમાં પૂર્ણાનન્દ હમેશ. ૩૨૦
અધ્યાત્મ મહાવીર જિનેશ, કુટુંબ ગુણ પર્યાય વિશેષ;
જાણે દ્રવ્ય અને જે ભાવ, તે જન પામે આનંદ લ્હાવ. ૩૨૧

આધ્યાત્મિક રૂપકથી એમ, જાણે પ્રગટે યોગ ને ક્ષેમ;
આત્મામાંહિ ઘટતું સર્વ, કરો ન ભવ્યો મિથ્યા ગર્વ. ૩૨૨
આતમને આતમ ઉપદેશ, આપે નાસે સઘળા કલેશ;
આતમમાં સહુ પાત્રો દેખ, સમજી ભ્રાંતિ મોહ ઉવેખ. ૩૨૩

અનંત અનાદિ કાલ પિછાણ, આત્મ મહાવીર સત્તા જાણ;
વ્યકિતભાવ પર્યાયે સાદિ, મહાવીર થાતાં ટળે ઉપાધિ. ૩૨૪
ચોવીશમા તીર્થંકર દેવ, તેના શાસનની શુભ સેવ;
કરતાં આતમ થાવે શુદ્ધ, કેવલજ્ઞાને થાવે બુદ્ધ. ૩૨૫

જીવકરાજ પ્રબોધક શીખ, સમજંતાં પ્રગટે શુભ દીખ;
સર્વ વિશ્વમાં શાંતિ થાય, તુષ્ટિ પુષ્ટિ પૂર્ણ સુહાય. ૩૨૬
મહાવીર નામે મંગલ માલ, અનંત આનંદ પૂર્ણ વિશાલ;
જૈન ધર્મ જગમાં જયવંત, વર્તો થાઓ સઘળે શાંતિ. ૩૨૭

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# " श्रेणिक सुबोध "

સર્વજ્ઞ શ્રી જય મહાવીર, પરમેશ્વર જગદીશ્વર ધીર;
ત્હારા ગુણ છે અપરંપાર, કૃપા કરીને મુજને તાર. ૧
મુજને સાચો દે ઉપદેશ, નિશ્ચય ને વ્યવહારથી બેશ;
ભારત દેશનો શ્રેણિકરાજ, હું છું માગું આતમ રાજ્ય. ૨
તુજ પર છે મારો વિશ્વાસ, સર્વ સત્યનો કર પ્રકાશ;
ત્હારા સમ નહિ કોઇ દેવ, તુજ ભક્તિને ઇચ્છું સેવ. ૩
સાંભળ શ્રેણિક સાચા ભૂપ, સમજ સમજ તું આત્મસ્વરૂપ;
આત્મજ્ઞાનથી થાવે મોક્ષ. રહે ન જગમાં કો અપરોક્ષ ૪
આત્મશક્તિ છે અપરંપાર, આત્મા છે મહા સત્યાધાર;
આતમ જાણે જાણ્યું સર્વ, રહે ન તેથી દુઃખડાં ગર્વ. ૫
આત્મામાં જેનો વિશ્વાસ, જૈન ભક્ત તે મારો ખાસ;
આત્મામાં છે નિર્મલ સુખ, બાકી જડ વિષયોથી દુઃખ. ૬
આત્માધીન મનડું છે સ્વર્ગ, આત્માધીન મનડું અપવર્ગ;
મન મરતાં સંપૂરણ મુકિત, મન આધીન આતમભવયુકિત. ૭
યાવત્ મનની મારામાર, તાવત્ ભમવું છે સંસાર;
રાગદ્વેષાધીન મન જ્યાંય, તાવત્ સ્વપ્ને સુખ ન ક્યાંય. ૮
સકલ વિશ્વનો રાજા થાય, તો પણ કોઇ શાંતિ ન પાય;
યાવત્ માનવ આશા દાસ, તાવત્ તે નહિ સુખિયો ખાસ. ૯
મન જીતે જીત્યો સંસાર, મન જીત્યા વણ દુઃખ અપાર;
મન વશવર્તી માનવ કોય, જગમાં શાંતિ ન પામે કોય. ૧૦
મોહાધીન મન યાવત્ હોય, તાવત્ ઇન્દ્ર ન સુખીયા જોય;
તમો રજોગુણ સત્વાધીન, તાવત્ કોઇ ન થાવે જિન. ૧૧
કર્મ પ્રકૃતિ વશમાં જેહ, બ્રહ્માદિક પરાધીન તેહ;
માટે આતમ પામો ભવ્ય, કરો ધર્મનાં શુભ કર્તવ્ય. ૧૨
પરતંત્રતા મોહે થાય, ચતુર્ગતિમાં જીવો જાય;
રાજા ઇન્દ્રાદિક પરતંત્ર, કર્માધીનો નહિ સ્વતન્ત્ર. ૧૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અજ્ઞાને સાચું ન જણાય, મોહે ભૂલ્યો જીવ તણાય;
અજ્ઞાની નહિ દેખે દેવ, ટાળે નહિ મનમોહની ટેવ. ૧૪
માટે શ્રેણિક રાજન્! જ્ઞાન, પામી આતમધર્મને માન;
આત્મજ્ઞાનથી નાસે ભ્રાન્તિ, નિરૂપાધિક વર્તે સુખ શાંતિ. ૧૫
જડમાં મમતા લેશ ન રાખ, મુખથી સાચું નિશદિન ભાખ;
જડના મોહે કદિ ન મુંઝ, તેથી પડશે આતમ સૂઝ. ૧૬
ક્ષણિક પુદ્ગલ સહુ પર્યાય, પોતાના નહિ કયારે થાય;
પુદ્ગલ મમતા દૂરે નિવાર, જડમાં ભોગની બુદ્ધિ વાર. ૧૭
ન્યારો રહી વ્યવહારે ચાલ, નિર્લેપે આતમમાં મ્હાલ;
આતમમાં છે સાચો ધર્મ, નિર્લેપી થૈ કરવાં કર્મ. ૧૮
જડપર્યાયોમાં નહિ ભૂલ, તન ધનસત્તાથી નહિ ફૂલ;
આત્મવિના નહિ જડથી શાંતિ, છોડી દે મિથ્યા સહુ ભ્રાંતિ ૧૯
સ્વજન સંબંધી સહુ પરિવાર, આંખે દેખે જે નરનાર;
પર્યાયે તે સહુ બદલાય, તેમાં જ્ઞાની મોહ ન પાય. ૨૦
ચેત ચેત શ્રેણિક ! ઝટ દેત, કાલ ઝપાટા શિરપર દેત;
આત્માને મહાકાલ ન ખાય, આતમમાં રમતાં સુખ થાય. ૨૧
આતમ તે પરમાતમ જિન, માન નહીં પોતાને દીન;
આતમ ત્રણભુવન સુલ્તાન, દિલમાં દેખોને ભગવાન્. ૨૨
રાગદ્વેષ ટળ્યાથી બુદ્ધ, આતમ થાવે સાચો શુદ્ધ;
આત્મા વણ બીજો તું નહીં, પ્રેમે એવું માનો સહી. ૨૩
રાગદ્વેષ ટળે છે જેમ, આત્મબોધ પ્રગટે છે તેમ;
આત્મરૂપમાં વર્તે ક્ષેમ, સર્વજીવોપર પ્રગટે રૂહેમ. ૨૪
જે અંશે ટળતા જ કષાય, તે અંશે પ્રગટે સમતા ય;
પ્રકૃતિયો ટળતાં સર્વ, આતમ પોતે છે અપવર્ગ. ૨૫
પ્રગટે જે અંશે સમભાવ, તે અંશે છે ઉપશમ ભાવ;
સર્વકર્મનો ક્ષાયિકભાવ, થાતાં મુક્તિ બને બનાવ. ૨૬
બાહ્યદૃષ્ટિએ કર્મો હોય, આત્મદૃષ્ટિએ આતમ જોય;
આત્મદૃષ્ટિથી હોય ન કર્મ, આત્મદૃષ્ટિથી આતમ ધર્મ. ૨૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાગંતાં જેમ સ્વપ્ન વિનાશ, આતમ જાગે મોહ ન આશ;
આત્મદષ્ટિ ત્યાં મોહ ન હોય, જીવન્મુક્તિ ઘટમાં જોય. ૨૮
શ્રેણિક! આતમ ભાવે જાગ, જાગંતાં સઘળું સૌભાગ્ય;
આતમભાવે જાગી ઉઠ, મોહ કરે નહિ મનમાં લૂંટ. ૨૯
આતમમાં સાચું છે રાજ્ય, સત્ય ન્યાયથી કર શુભ કાજ;
પરમાણુની સ્પૃહા ન રાખ, આત્માનુભવ સુખને ચાખ. ૩૦
આતમથી આતમ ઉદ્ધાર, આતમમાં કરવો બહુ પ્યાર;
અહંવૃત્તિથી આતમ નાશ, નિર્મોહે આતમ અવિનાશ. ૩૧
ત્રણુકાલમાં આતમ નિત્ય, ચિદાનંદરૂપે જ પવિત્ર;
એવો તું પોતાને ધાર, પોતે પોતાને ઉદ્ધાર. ૩૨
ચિદાનંદ તું પૂર્ણ પવિત્ર, ઝભ્ભા પેઠે દેહ અનિત્ય;
કર્મરૂપ નિજને નહિ દેખ, કર્માદિક ભ્રાંતિથી પેખ. ૩૩
ભ્રાંતિ ટળતાં સ્વયં અબંધ, કર્માદિકનો હોય ન બંધ;
મોહ ભ્રાંતિ છે કર્મનું મૂળ, ભ્રાંતિ ટળતાં થાય ન ભૂલ. ૩૪
ભ્રાંતિ ટળતાં આતમશુદ્ધ, સ્વયં પ્રભુ અર્હન્ જિન બુદ્ધ;
લિંગ ન જાતિ ત્હારાં માન, સર્વવિશ્વનો તું ભગવાન્. ૩૫
શુભાશુભ કીર્ત્યાદિક સર્વ, સ્વપ્ન સમું ત્યાં થાય ન ગર્વ;
પ્રકૃતિના સહુ આરોપ, આત્માપર નહીં માનો ઓપ. ૩૬
મનથી કલ્પ્યો જે વ્યવહાર, તે આતમનો ધર્મ ન સાર;
મનના સર્વ શુભાશુભ ભાવ, તેથી આતમ ભિન્ન સ્વભાવ. ૩૭
મનનું આરોપેલું ફોક, પાડે નહીં ત્યાં જ્ઞાની પોક;
મનનું કલ્પ્યું સુખ દુઃખ જેહ, જ્ઞાની માને મિથ્યા તેહ. ૩૮
શુભ અશુભ દુનિયા અભિપ્રાય, જ્ઞાની તેમાં નહિ મુંઝાય;
મનને ગણુતો સ્વપ્ન સમાન, આતમમાંહિ લગાવે તાન. ૩૯
સાત્વિકબુદ્ધિ આગળ જાય, સર્વ વિકલ્પાતીત જ થાય;
તે જ્ઞાની શુદ્ધાતમ થાય, સમજો શ્રેણિક! આતમ ન્યાય. ૪૦
રાગદ્વેષવિચારો જેહ, ભવહેતુવિકલ્પો તેહ;
રાગદ્વેષની બુદ્ધિ ભિન્ન, આતમજ્ઞાની જાણો જિન. ૪૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાગદ્વેષ ટળે સુખ થાય, રાગદ્વેષ ત્યાં સુખ ન ક્યાંય;
રાગદ્વેષીજીવો જેહ, ઈન્દ્રાદિક પણ પામર તેહ. ૪૨
આત્મરૂપમાં હોય ન રાગ, આત્મધર્મમાં હોય ન ત્યાગ;
રાગત્યાગને જે વૈરાગ્ય, મન ઉઠેલા જાણી જાગ. ૪૩
આતમ ધર્મ જ્યાં શુદ્ધ જ હોય, વ્રત અવ્રત તપ ત્યાં નહિ જોય.
મન ઉઠર્યું મન મરતાં જાય, આત્મરૂપ તો નિત્ય સુહાય. ૪૪
વ્રત તપ જપથી આતમ ભિન્ન, નિમિત્ત સાધન ધર્મ છે ભિન્ન;
આતમ ચિદ્ઘન પૂર્ણ અરૂપ, વર્ણાદિક નાહે એનું રૂપ. ૪૫
અહંભાવ યાવત્ જડમાંહ્ય, તાવત્ શાંતિ પૂર્ણ ન ક્યાંય;
અહંભાવ નહિ જડમાં થાય, ત્યારે આતમ મુક્ત સુહાય. ૪૬
અહંકારથી ભ્રાંતિ થાય, નિરહંભાવે ધર્મ જણાય;
જડમાં આતમ ધર્મ ન હોય, આત્મજ્ઞાનથી દુઃખ ન જોય. ૪૭
પુણ્યપાપ ફલ સુખ દુઃખ જેહ, મનની સાથે વર્તે તેહ,
આત્મિક સુખ છે તેથી ભિન્ન, તેમાં થાવો શ્રેણિક!!! લીન. ૪૮
પાંચે ઈન્દ્રિયોના ભોગ, જ્ઞાનીને ત્યાં છે જ અભોગ;
અનાસક્તિથી ભોગોમાંહ્ય, અબંધ આતમ લેપ ન ક્યાંય. ૪૯
પંચવર્ણી માટીને ખાય, ત્હોંયે શંખ જ શ્વેત સુહાય;
કર્મોદય ભોગવતાં ભોગ, આતમ વર્તે આતમયોગ. ૫૦
આત્મજ્ઞાનથી કર્મ ઝરંત, જડ તે જડ ભાવે પ્રણમંત;
આતમ આત્મ સ્વભાવે થાય, આસક્તિવણ બંધ ન થાય. ૫૧
તારૂ તરતો જલપર જેમ, જ્ઞાનીઓ ભોગોપર તેમ;
પૂર્વ કર્મ ઉદયે જ્યાં ભોગ, ત્યાં મળતા તેવા સંયોગ. ૫૨
અફીણ વિષવ્યાપારે જેમ, મરે ન લોકો જ્ઞાની તેમ;
ભોગો ભોગવતો નિર્લેપ, લેપ વિના નહીં લાગે ચેપ. ૫૩
આત્મજ્ઞાનની શક્તિ અનંત, તે આગળ નહિ કર્મ ટકંત;
સુખ દુઃખમાં વર્તે સમભાવ, ચાલે નહિ ત્યાં ભોગના દાવ. ૫૪
આતમ સન્મુખ મનડું થાય, ભોગવિષે નહિ રસલેવાય;
પરિણામે જ્યાં આતમશુદ્ધ, ત્યાં વેદાતો પૂરણ બુદ્ધ. ૫૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાનીને નહીં છૂટે ભોગ, પૂર્વ કર્મ એવા સંયોગ;
ભોગ ઉપર નહિ રાગને દ્વેષ, અબંધ આતમ વર્તે એશ. ૫૬
મન ઈન્દ્રિમાં સાથી થાય, આતમ આત્મવિષે વર્તાય;
સર્વ કરે પણ આતમ લક્ષ, આત્માનંદ વર્તે પ્રત્યક્ષ. ૫૭
આતમ અનંત શક્તિધામ, ઉપયોગે વર્તે નિષ્કામ,
ત્યાં આગળ શું મોહનું જોર, જ્ઞાની દિલમાં વર્તે ઓર. ૫૮
કર્મ કરે પણ કર્મ ન હોય, ભોગી પણ ભોગી નહિ જોય;
જ્ઞાની જડથી નહિ બંધાય, રવિ આગળ તમ રહે ન ક્યાંય ૫૯
જ્ઞાની સહુ કરવા સ્વાધીન, વિપત્તિમાં થાય ન દીન;
જ્ઞાની આગળ જડ શું ? કર્મ, સમર્થ હોવે સમજો મર્મ. ૬૦
સમકિતવંતા નરને નાર, અપુનરૂબંધક નિર્ધાર;
અહિના દંતમાં વિષ ન હોય, ઝેર ચઢે નહિ દંશે જોય. ૬૧
આસક્તિનું રહે ન ઝેર, જ્ઞાનીને વર્તે છે લ્હેર;
સર્વ કરે પણ સર્વમાં નાંહ્ય, જ્ઞાની દૃષ્ટિ આતમમાંહ્ય. ૬૨
વર્ણ ધર્મનાં કરતો કર્મ, લેપાતો નહિ જ્ઞાનનું મર્મ;
સ્વાધિકારે વર્તે સોય, કર્મ કરે પણ અકર્મ હોય. ૬૩
કર્મ કરે હિત માટે થાય, મન સવળું જ્યાં ત્યાં વર્તાય;
જ્ઞાનીને સહુ સારા હેત, દુઃખ વિપાકો ઉન્નતિ દેત. ૬૪
કર્મ પ્રકૃતિ સવળી થાય, અંતરૂમાં સાચું પ્રણમાય;
બાહિર અવળી પ્રકૃતિ ભોગ, તોપણ અંતર હોય અયોગ. ૬૫
કર્મ પ્રકૃતિ કરતી સ્હાય, ઉર્ધ્વ ચઢંતાં પાત ન થાય;
પાછા પડીને આગળ જાય, બની એકડો સિદ્ધિ પાય. ૬૬
આતમજ્ઞાની જગ વર્તંત, તોપણ ક્યાંયે નહિ ફસંત;
સમ્યગ્જ્ઞાની શ્રેણિકરાય, તુજને સમ્યગ્ સઘળું થાય. ૬૭
આસ્રવ પણ સંવર થૈ જાય, જ્ઞાનીને સવળું પ્રણમાય;
જ્ઞાનીની છે એવી શક્તિ, મનમાં પ્રગટે નહીં આસક્તિ. ૬૮
મિથ્યાશાસ્રો જે જે હોય, સમ્યગ્જ્ઞાને સવળાં જોય.
મિથ્યાત્વીને સાચા ગ્રંથ, પણ મિથ્યાત્વપણે પ્રણમંત. ૬૯

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મિથ્યાત્વી અજ્ઞાની જેહ, તેને સંવર આસ્રવગેહ;
મુક્તિના જે હેતુ હોય, બંધપણામાટે તે જોય. ૭૦
આતમજ્ઞાન વિના સહુ ફોક, નિર્જરણમાં જેવી પોક;
આતમજ્ઞાને મનને દેહ, કર્મો થાવે ગુણહિત તેહ. ૭૧
જ્યારથી પ્રગટે આતમજ્ઞાન, ત્યારથી રહેતું આતમભાન;
ત્યારથી કર્મનું નાસે જોર, બંધથી બહુલી નિર્જરાતોર. ૭૨
અનંત નિર્જર ત્યારથી થાય, કર્મ બંધ પણ અલ્પ જ થાય;
કર્મ પ્રકૃતિ સઘળી જાય, આતમશુદ્ધિ પૂર્ણ સુહાય. ૭૩
જ્યારથી પ્રગટે આતમજ્ઞાન, ત્યારથી લાગે આતમતાન;
ભકિતજ્ઞાનમાં મન મસ્તાન, દેહ છતાં હોવે નિર્વાણ. ૭૪
તનુ દેવળમાં આતમ દેવ, સર્વ તીર્થ શિરોમણિ સેવ;
શ્રેણિક રાજન્ ! કર સહુ કામ, પણ અંતરૂમાં રહે નિષ્કામ. ૭૫
ચૂસે હાડકું કૂતરૂં જેમ, મન ચૂસે વિષયોને તેમ;
હાડકું ચુસતાં મળે ન રક્ત, તથા જીવ મોહે આસક્ત. ૭૬
કામવાસના પશુબળ જાણ, તેથી મારંમારા માન;
કામે મુંઝયો જીવ ભમંત, પામે નહિ દુઃખોનો અંત. ૭૭
કામાદિક સહુ દુઃખનું મૂળ, તેમાં ભ્રાંતિથી નહિ ભૂલ;
કામવાસના વણ જ્યાં ભોગ, ત્યાં નહિ આતમનો સંયોગ. ૭૮
એવી રીતે સહુ વ્યવહાર, નિષ્કામે કરતાં નરનાર;
ત્યાં છે જીવન્મુકિત સત્ય, ઉપયોગે થાતાં સહુ કૃત્ય. ૭૯
આતમમાં મનડું લયલીન, વર્તે આતમ છે ઘટ જિન;
લાગંતાં આતમનું તાન, પ્રગટે નિશ્ચય મુક્તિ માન. ૮૦
જ્ઞાની મનમાં સર્વે ધર્મ, કરે યોગ્ય લાગે તે કર્મ;
જે કાલે જે યોગ્ય જણાય, કરતો પામી યોગ્ય ઉપાય. ૮૧
જ્ઞાનીની પાસે છે ધર્મ, જ્ઞાનીની પાસે છે શર્મ;
સર્વ કર્મનાં જાણે મર્મ, પડે ન પાછો જાણે ભર્મ. ૮૨
સ્વતંત્ર વર્તે સહુ વ્યવહાર, આત્માધીન મન વાણી કાય;
એવો જૈન ચતુર્વિધ સંઘ, સર્વોન્નતિ પામે સુખ રંગ. ૮૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સત્યેચ્છાનો કરે ન ઘાત, કરે ન કર્મગુલામી વાત;
સત્યાર્થે છંડે નિજ પ્રાણ, મુજ વાણીને કરી પ્રમાણ. ૮૪
સ્વાધીનતાનાં ગુણ ને કર્મ, કરવામાં નહિ રાખે શર્મ;
રાજ્યાદિક સર્વે વ્યવહાર, સ્વાધિકારે સેવે સાર. ૮૫
શ્રેણિક !!! સ્વાધિકારે રાજ્ય, કર ! નીતિ ન્યાયે સામ્રાજ્ય;
સ્વાધિકાર ન ક્યારે ચૂક, સ્વાધિકારે કર્મ ન મૂક. ૮૬
સ્વાધિકારે સહુ વ્યવહાર, કરતાં મન શુદ્ધિ નિર્ધાર;
પ્રવૃત્તિ નિવૃત્તિ ધર્મ, સમજી અનુક્રમે કર કર્મ. ૮૭
ગૃહાશ્રમી પ્રવૃત્તિ કર્મ, કરવામાં વ્યવહારે ધર્મ;
તેથી થા નહિ સમજી ભ્રષ્ટ, પ્રગટે તેથી ધર્મની સૃષ્ટિ. ૮૮
અંતરૂમાં ઉપયોગને ધાર, બાહ્યકર્મ કરશો વ્યવહાર;
વ્યવહારે ધર્મો રક્ષાય, સર્વવિશ્વનું પાલન થાય. ૮૯
આત્મધર્મ આતમમાં ધાર, રાજ્યનીતિયો સર્વ સુધાર;
સર્વ પ્રજાનાં દુઃખ નિવાર, પ્રજોન્નતિ ત્યાં ધર્મ જ ધાર. ૯૦
સર્વપ્રજાને આતમ માન, ન્યાયે રાજ્ય કરો ગુણવાન્;
દુષ્ટશત્રુઓને દે દંડ, સમાવી દેવાં ખોટાં બંડ. ૯૧
સર્વ પ્રજાની કર સંભાળ, પ્રેમે સેવાધર્મને ધાર;
સર્વ પ્રજામાં જ્ઞાન પ્રચાર, દુર્વ્યસનોનો કર સંહાર. ૯૨
શત્રુઓને વશમાં રાખ, મુખથી મીઠી વાણી ભાખ;
રાજ્યાદિક મોટાઈ ન ધાર, કર નહિ સ્વપ્ને પણ અહંકાર. ૯૩
સર્વ વર્ણને સરખી માન, કર નહિ સંતોનું અપમાન;
મુજ ભાષિત નીતિ વર્તાવ, નીતિયોના સમજી દાવ. ૯૪
પક્ષપાત નહિ સ્વપ્ને ધાર, લોભાદિક પ્રગટંતાં વાર;
મારૂં સ્મરણ કરીને ચાલ, ગુણીજીવોપર ધરજે વ્હાલ. ૯૫
કદિ ન કર મોહે અન્યાય, દુઃખીઓને કરજે સ્હાય;
સત્ય પરાક્રમથી કર કાજ, દ્રવ્યભાવથી કર સામ્રાજ્ય. ૯૬
સર્વ લોકને સરખો ન્યાય, કરતાં જૈન સામ્રાજ્ય સુહાય;
દેવ ગુરૂધર્માર્થે ત્યાગ, દેહાદિકનો કર ધર રાગ. ૯૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મ્ય યુદ્ધ કરવાં ધર્માર્થ, જેથી જીવે સહુ પરમાર્થ;
અલ્પદોષ ને ધર્મ મહાન્, એવાં કર્મો કર ગુણવાન્. ૯૮
ધર્માર્થે કર સર્વે કાજ, ધર્મી લોકને દેજે સાજ;
સર્વ વ્યવસ્થાથી કર રાજ્ય, અયોગ્ય કો પર ધાર ન દાઝ. ૯૯
દયાભાવ ને સત્યને ધાર, ચોરોને ઝટ દૂર નિવાર;
વ્યભિચારને દૂર નિવાર, સર્વપ્રજામાં ગુણો પ્રચાર. ૧૦૦
દયા સત્યથી ચાલે રાજ્ય, પ્રામાણ્યે પ્રગટે સામ્રાજ્ય;
પ્રજાવર્ગ સુખ માટે રાજ્ય, રાજ્યાદિક તેમાટે કાજ. ૧૦૧
જૈન રાજ્યમાં સર્વ સમાન, આર્ય રાજ્ય તે છે ગુણવાન્;
વર્ણાદિધર્મોને પોષ, અન્યાયે કરવો નહિ રોષ. ૧૦૨
સહુ દેશે સુખિયાં નરનાર, જૈન ધર્મ સેવે નિર્ધાર;
મુજ ભક્તિ જે દેશે હોય, મેઘવૃષ્ટિ આદિ સુખ જોય. ૧૦૩
અનીતિ દુર્ગુણ છે જે દેશ, અધર્મ યુદ્ધોથી ત્યાં ક્લેશ;
હિંસા પાપ ઘણાં જ્યાં થાય, દેશો તેવા વિણશી જાય. ૧૦૪
મુજ વચનોનો જ્યાં ધિક્કાર, ત્યાં છે દુઃખી નરને નાર;
મુજ ભક્તિ ત્યાં શાંતિ શર્મ, પ્રગટે યોગતણા સહુ મર્મ. ૧૦૫
જૈન ધર્મસમ કોઈ ન શ્રેષ્ઠ, તેની આગળ બીજા હેઠ;
જૈન ધર્મ છે આતમ ધર્મ, તેથી સઘળાં પ્રગટે શર્મ. ૧૦૬
તમો રજોગુણ વૃત્તિ ટાળ, સાત્ત્વિકવૃત્તિકર્મને પાળ;
જૈન ધર્મ વ્યવહારે એહ, સર્વ લોકમાં સુખનું ગેહ. ૧૦૭
ચિદાનંદ છે આતમધર્મ, જ્યાં નહિ પ્રકૃતિવૃત્તિકર્મ;
શુદ્ધાતમ નિશ્ચય એ ધર્મ, ઉપાદાનથી સમજો મર્મ. ૧૦૮
સર્વસંઘની સેવા ધાર, શ્રેણિક રાજન્!!! પ્રેમે ચાલ;
સર્વ સંઘ પરમેશ્વર જાણ, તેમાં ધર્મો સર્વે માન. ૧૦૯
સર્વ સંઘપર ધરતાં રાગ, સમકિતને પ્રગટે છે ત્યાગ;
તમ મન વચ શક્તિ પ્રગટાવ, આતમશુદ્ધતા મનમાં ભાવ. ૧૧૦
બાહિર આંતર શકિત સર્વ, પામી કરો નહિ કયારે ગર્વ;
ગર્વ કરે તે શકિતહીન, થાવે આત્મગુણોથી દીન. ૧૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાભ હાનિનો કરી વિચાર, કર્મો કરવા નિશ્ચય ધાર;
મારી આજ્ઞાઓને પાળ, શુદ્ધાતમને ભાવે ભાળ. ૧૨૨
દ્રવ્ય ભાવ નિશ્ચય વ્યવહાર, ઉપદેશો દીધા સુખકાર;
આચારે મૂકો ઉપદેશ, જેથી આનંદ પૂર્ણ હમેશ. ૧૧૩
મોહપરિણુતિ પ્રગટી વાર, મન પ્રગટ્યા દોષોસંહાર;
કુટેવ દુર્વ્યસનો આધીન, પરતંત્ર ઇન્દ્રાદિક હીન. ૧૧૪
શ્રેણિક સ્વાધીનતા છે રાજ્ય, વ્યસન દોષ છે સર્વે ત્યાજ્ય;
એવા દઢ નિશ્ચયથી વર્ત, સ્વતંત્ર મુક્ત થવાની શર્ત. ૧૧૫
આતમ આતમના ઉપયોગ. વર્તે ત્યાં છે સર્વે યોગ;
આતમ આધીન મન વર્તાય, સર્વ ધર્મ સહેજે પ્રગટાય. ૧૧૬
સર્વપ્રકાશોપરિપ્રકાશ, નિશ્ચય જાણો આત્મપ્રકાશ;
સર્વપ્રકાશો કરે પ્રકાશ, શુદ્ધાતમ છે જ્ઞાન વિલાસ. ૧૧૭
એવા શુદ્ધાતમને પામ, સર્વ શક્તિથી નિશ્ચય જામ;
શ્રેણિક!! રાજન્ શિક્ષા ધાર, સફલ કરી લે મનુ અવતાર. ૧૧૮
શિક્ષા ભયથી નરનેનાર, નીતિ ધર્મથી વર્તેસાર;
રાજા શિક્ષા કરતો રહે, અધમજનો ઝટ ધર્મે વહે. ૧૧૯
પ્રભુ ભયથી મધ્યમ નરનાર, ધર્મ કર્મ કરતાં જયકાર;
કર્મ શુભાશુભ જાણી ભેદ, પુણ્ય ધર્મ કરતાં જગ વેદ. ૧૨૦
જ્ઞાની ઉત્તમ નરનેનાર, આતમ ધર્મ ધરે જયકાર;
પાપ કર્મનો કરવા ત્યાગ, રાજાની નીતિ વૈરાગ્ય. ૧૨૧
ધર્મનું રક્ષણ કરતાં ધર્મ, ધર્મી જીવોને આપે શર્મ;
માટે ધર્મનું રક્ષણ ધાર, રાજાની એ ફર્જ વિચાર. ૧૨૨
જેમ જેમ ઘટ પ્રગટે, જ્ઞાન, બાહ્યનિયમ ત્યાં ઘટે નિદાન;
આતમમાં મનડું વર્તાય, બાહ્યનિયમ તેમ ઘટતા જાય. ૧૨૩
સર્વ વર્ણને શિક્ષા હેત, રાજાદિક પદવી સંકેત.
આતમશુદ્ધિ ધારી લક્ષ, પ્રજા વર્ગને પ્રેમે રક્ષ. ૧૨૪
શ્રવણુ કરી શ્રેણિક રાજન્, આતમ માને તો ધન્ય ધન્ય;
પ્રદક્ષણાએ પ્રભુ પ્રણમંત, રોમ રોમ પૂરણુ વિકસંત. ૧૨૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધન્ય ધન્ય મહાવીર જિનેશ, સત્ય તમારો છે ઉપદેશ;
તુજ આજ્ઞાએ વર્તીશ સાર, સફલ કરીશ મારો અવતાર. ૧૨૬
વિવેકે સહુ કર્મ કરીશ, નિર્લેપે વર્તીશ જગદીશ;
જૈનધર્મનો વિશ્વપ્રચાર, કરીશ સંઘની સેવા સાર. ૧૨૭
તુજ શિક્ષામાં સર્વે ધર્મ, તુજ શિક્ષામાં સહુ સત્કર્મ;
તુજ શિક્ષામાં સર્વે યોગ, જાણ્યા નાઠા સર્વે શોક. ૧૨૮
સાચું સમકિત પામ્યો ખાસ, તુજ પર ધાર્યો છે વિશ્વાસ;
પરબ્રહ્મ તું સાચો દેવ, ત્હારી સાચી ધારી સેવ. ૧૨૯
પરબ્રહ્મ મહાવીર જિનેશ, તુજ પ્રગટે નાઠા જગ ક્લેશ;
શરણુ કર્યું ત્હારૂં જયકાર, વર્ધમાન તું વિશ્વાધાર. ૧૩૦
તું મતિ તું ગતિ આશ્રય મુજ, તુજ પ્રેમે છે સાચી સૂઝ;
ભારત દેશપતિ શ્રેણિક, ગાઉં હું તુજને નિર્ભીક. ૧૩૧
તુજ નામે છે મંગલ માલ, પગ પગ ઋદ્ધિ શક્તિ વિશાલ;
સર્વવિશ્વમાં શાંતિ થાવ, નર નારી પામો શુભ લ્હાવ. ૧૩૨
ૐ અર્હં મહાવીર પ્રકાશ, પરમાનંદ મહાવિશ્વાસ;
શાંતિ તુષ્ટિ પુષ્ટિ ખાસ, પામો નર નારી ઉલ્લાસ. ૧૩૩
સુણશે જે શ્રેણિક સુબોધ, જ્ઞાની ભકત થશે મહાયોધ,
જૈન ધર્મ જગમાં જયવંત, વર્તો વીર પ્રભુ ભગવંત. ૧૩૪

ॐ अर्हँ शांतिः ३

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# महाप्रभु महावीर देवनो वैराग्योपदेश.

( સિદ્ધ જગત શિર શોભતા—એ રાગ )

પ્રભુ મહાવીર જિન ઉપદિશે, સાંભળશો નરનાર;
સંસારમાં નહિં સાર છે, જૂઠા વિષય વિકાર. પ્રભુ ૧
જેવી સંધ્યાને વિજલી, જેવું સરિતાનું પૂર;
તન ધન જોબન તેહવું, રૂપ છે ધૂળની ધૂળ. પ્રભુ ૨
પ્યારા વિષયો જે લાગતા, ક્ષણમાં પામે વિનાશ;
કાયા માયાનો ગર્વ શ્યો ? સ્વપ્નની બાજી વિલાસ. પ્રભુ ૩
ચામડી રૂપમાં મોહ શ્યો?, પાણી પરપોટો દેહ;
દેહના મોહે શું ? મુંઝવું, જૂઠાં જમીન ગેહ. પ્રભુ ૪
જેના માટેરે જીવડા, કરતા ક્રોધ કષાય;
કાપંકાપારે બહુ કરે, તેને મૂકીને જાય. પ્રભુ ૫
હિંસા જૂઠને ચોરીથી, પાપો બહુલાંરે થાય;
વ્યભિચારે દુઃખ મોટકાં, શાંતિ આરોગ્ય જાય. પ્રભુ ૬
માને ફૂલો શું માનવો, તેથી પામો ન જ્ઞાન;
કપટ ક્રિયાથી ન શાંતિ છે, થાશો નહીંરે નાદાન. પ્રભુ ૭
લોભે દુઃખનો થોક છે, લોભે ગુણ સહુ જાય;
દોષો પ્રગટેરે લખગુણા, બૂરૂં પોતાનું થાય. પ્રભુ ૮
ખોદે પાપનો ખાડો જે, તેમાં તેહ પડંત;
પાપ જ છાનુંરે ક્યાં રહે, પાપે આવેરે અંત. પ્રભુ ૯
તાહરૂં તાહરી પાસ છે, આતમમાં સુખ સત્ય;
જડથી શાંતિ ન શર્મ છે, છંડી દેને અસત્ય. પ્રભુ ૧૦
કોટી ઉપાયે ન પામશો, પુદ્ગલ ભોગવતાં સુખ;
મિથ્યા જડમાંરે મોહ શ્યો, ભ્રાંતિ તેટલું દુઃખ. પ્રભુ ૧૧
નિરૂપાધિક સુખ સત્ય છે, ઉપાધિ એ છેરે દુઃખ;
સમજી ઉપાધિ છંડતાં, પામો આત્મિક સુખ. પ્રભુ ૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મવિષે સુખ જાણવું, પરવશતા દુઃખ ખાણ;
સ્વપ્ન સરીખા છે વૈભવો, નિશ્ચય મનમાંરે જાણ. પ્રભુ. ૧૩
મ્હારૂં ત્હારૂં સહુ ભેદથી, શુદ્ધાતમ છેરે ભિન્ન;
એવું જાણી શુદ્ધાત્મમાં, કરશો મનડાંને લીન. પ્રભુ. ૧૪
પ્રભુ મહાવીરના બોધથી, જાગ્યો આતમરાજ;
બુદ્ધિસાગર પ્રભુ મળ્યા, સિદ્ધયાં સઘળાંરે કાજ. પ્રભુ ૧૫

---

# प्रभु महावीर देवनो जैनोने उपदेश.

સવયા.

મારા જૈનો દુર્ગુણ જીતે, સુજને પામી ધરે ન દૈન્ય;
સાત્વિક ભક્તિ નીતિવાળા, તપ સંયમ ગુણવંતા જૈન. ૧
જૈન ધર્મમાં શ્રદ્ધા પ્રીતિ, સત્યયોગ ને ધારે ક્ષેમ;
મારામાં મન વાળી ભક્તે, સર્વજીવોપર ધરતા રહેમ. ૨
આજીવિકા આદિ કર્મો, કરતા નીતિથી ગુણવંત;
ભેદભાવ નહિ ધરે પરસ્પર, અભેદભાવે વર્તે સંત. ૩
મન જીતે તે જૈનો મારા, દુનિયામાં સહુ નરને નાર;
અભેદભાવે વર્તો જૈનો, થાઓ શુભ કરવા તૈયાર. ૪
આવરણો ટળવાથી આતમ, તે પરમાતમ પોતે થાય;
કાલ અનાદિ કર્મબંધની, મુક્તિ થાતાં સિદ્ધિ સુહાય. ૫
જાગો જૈનો તજી પ્રમાદો, દયા દાન દમ ધારી ખાસ;
સબલ બ્રહ્મને નિર્મલ કરવા, મારા પર રાખો વિશ્વાસ. ૬
જૈનધર્મ ફેલાવો જગમાં, તદર્થ સ્વાર્પણ કરશો સર્વ;
સાધુ સંતની કરશો સેવા, ત્યાગી જૂઠું મિથ્યાગર્વ. ૭
સર્વજીવોમાં જૈન જિનત્વ જ, છે તેને પ્રગટાવો બેશ;
સહાય આપો સર્વ જીવોને, ત્યાગો હિંસા અસત્ય ક્લેશ ૮
ઉઠો જૈનો જિનત્વભાવે, સર્વલોકને બોધો ખાસ;
સહો દુઃખ આગળ વધવાચાં, કદિ ન થાવો જરા ઉદાસ. ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાનીને નહિ કર્મબંધ છે, નિષ્કામે કરશો વ્યવહાર;
દાન શીયલ તપ ભાવથી મુક્તિ, થાતી માનો મન નિર્ધાર. ૧૦
સંપીને સહુ જૈનો ચાલો, સમભાવે છે સૌની મુક્તિ;
વ્યવહારી ધાર્મિક શક્તિયો, પામો ધારી શિક્ષણયુક્તિ. ૧૧
પરોપકારો કરવા માટે, તન મન ધનનો કરશો ત્યાગ;
દોષદૃષ્ટિને ટાળી જ્ઞાને, જૈનોપર ધારો શુભ રાગ. ૧૨
યથાશક્તિ સહુનું શુભ કરશો, ટાળો દુષ્ટ કષાયો દૂર;
ગૃહસ્થ ત્યાગી જૈનો સર્વે, આતમ્ અનુભવો સુખ પૂર. ૧૩
સ્વાધિકારે ધર્મ કરો સહુ, દેવ ગુરૂપર ધરશો પ્યાર;
બુદ્ધિસાગર પ્રભુ મહાવીર, બોધે વર્તે મંગલ માલ. ૧૪

---

# परब्रह्म महावीर प्रभुनो विश्वने उपदेश.

## जैन धर्मनो संपूर्ण सार.

જૈન ધર્મનો સાર કહું છું, સાંભળશો ભાવે નરનાર;
આત્માની શુદ્ધિ કરવામાં, અસંખ્યયોગો છે જયકાર. ૧
દર્શન જ્ઞાન ચરણ એ ત્રણ છે, સર્વ યોગમાં મહાપ્રધાન;
ત્યાગીઓ ને ગૃહસ્થી લોકો, સેવી પામે મુક્તિસ્થાન. ૨
દેવ ગુરૂ ને ધર્મની શ્રદ્ધા, મતિ આદિ છે પાંચે જ્ઞાન;
ચારિત્રે છે બાહ્યાભ્યંતર, પામી થાવો જિન ભગવાન્. ૩
આતમ તે પરમાતમ પોતે, થાવે મોહ વિનાશે બેશ;
આધિ વ્યાધિ ટળે ઉપાધિ, પૂર્ણાનંદી બ્રહ્મ હમેશ. ૪
ચિદાનંદ આદિ ગુણપર્યવ, જૈન ધર્મ એ આતમધર્મ;
આત્મધર્મથી મુક્તિ સહુની, મિથ્યાત્વાદિક નાસે કર્મ. ૫
આત્મસ્વરૂપી જૈનધર્મમાં, સર્વે ધર્મો પૂર્ણ સમાય;
અનંત અનાદિ જૈનધર્મ છે, નિશ્ચય વ્યવહારે સોહાય. ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુર્ગુણ હરવા સદ્ગુણ લેવા, જૈનધર્મનો એ છે ધર્મ;
તમો રજોગુણ વૃત્તિ ટાળી, સાત્વિકવૃત્તિ કરવાં કર્મ. ૭
જૈનોની સેવા ભક્તિમાં, મારી સેવા ભક્તિ હોય;
કર્મયોગીઓ જ્ઞાનયોગીઓ, સંતભક્તિથી મુક્તિ જોય. ૮
આસક્તિ વણ કર્મો કરવાં, જીવો પામી આતમજ્ઞાન;
દુર્ગુણ દોષો જેઓ જીતે, તે છે જૈનો મારા પ્રાણ. ૯
દયા સત્ય તપ સંયમ નીતિ, પ્રામાણ્ય જ શુભ દમ ને દાન;
નીતિમયસ્વાર્થો પરમાર્થો, સુકૃત્ય સમતા ધર્મ પ્રમાણ. ૧૦
વ્યભિચાર ચોરી હિંસાદિક, દોષો ટળતાં આતમશુદ્ધિ;
જૈનધર્મનું સાર તત્ત્વ એ, એવી શ્રદ્ધા ધારો બુદ્ધિ. ૧૧
જૈન ધર્મ એવો આરાધે, નરનારીની થાતી મુક્તિ,
સર્વ ખંડ દેશોમાં સ્વાધીન, સત્યપણાની સાચી યુક્તિ. ૧૨
મારા ઉપર થૈ વિશ્વાસી, જૈન ધર્મ પાળો નરનાર;
બુદ્ધિસાગર મહાવીર વાણી, એવી જગ જયવંતી સાર. ૧૩

---

# देव अने राक्षस.

( સંતો સત્ બતલાનારે, એ રાગ. )

સંતો સજ્જન દેવોરે; દુર્જન રાક્ષસ કહેવોરે—
આત્માનું બળ દેવો પાસે, પશુબળ રાક્ષસ પાસેરે;
ન્યાય નીતિયુત માનવદેવો, રહે પ્રભુ વિશ્વાસે. સંતો ૧
સદ્ગુણગણવાળા છે દેવો, રાક્ષસ દુર્ગુણ દરિયારે;
સત્વગુણી કર્મી છે દેવો, રાક્ષસ તમથી ભરિયા. સંતો ૨
પશુબળવાળા હિંસક જૂઠા, કપટકલા કરનારારે;
વ્યસનોમાંહિ શૂરા પૂરા, રાક્ષસદુષ્ટાચારા. સંતો ૩
દયા સત્ય ક્ષમા તપ સંયમ, સરલપણું ધરનારારે;
બ્રહ્મચર્ય પરમાર્થી પૂરા, દેવો સમતાવાળા. સંતો ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુણ્યકર્મ સંવરથી દેવો, રાક્ષસ પાપાચરણેરે;
ન્યાય નીતિ નહિ રાક્ષસ પાસે, જાય ન સંતના શરણે. સંતો ૫
શયતાની રાક્ષસ લોકો છે, નિર્મોહી જન દેવોરે;
રાક્ષસવર્ગનો ત્યાગ કરીને, દેવજનોને સેવો. સંતો ૬
પશુ પંખી માનવને મારે, રાક્ષસજન અન્યાયેરે;
દેવો રક્ષણ કરતા પ્રેમે, વર્તે ધાર્મિક ન્યાયે. સંતો ૭
રાક્ષસની મન વાણી કાયા, સ્વાર્થ ને હિંસાવાળીરે;
દેવોની મન વાણી કાયા, ઉપકારોથી ભરેલી. સંતો ૮
દેવો સહુનું સારૂં ઇચ્છે, રાક્ષસ બૂરૂં ઇચ્છેરે;
રાક્ષસ જ્યાં ત્યાં દોષો દેખે, દેવો ગુણને પ્રીચ્છે. સંતો ૯
દયા દાન દમવાળા દેવો, રાક્ષસ ઘાતક દુષ્ટારે;
યોગાષ્ટક આરાધક દેવો, રાક્ષસ યોગથી ભ્રષ્ટા. સંતો ૧૦
સાધુ સંતના વૈરી રાક્ષસ, ધર્મમતિના વૈરીરે;
આત્મધર્મના પૂર્ણ વિરોધી, સર્પની પેઠે ઝેરી. સંતો ૧૧
દેવ ગુરૂ ને ધર્મના રાગી, ધર્મમતિના ધારીરે;
આત્મતત્ત્વના રાગી પૂરા, ને સાત્વિક આહારી. સંતો ૧૨
સત્ય પ્રમાણિક લોકો દેવો, અમૃતવાણી ભાખેરે;
અપ્રમાણિક રાક્ષસ દુષ્ટો, રગોરગ જૂઠું દાખે. સંતો ૧૩
સાત્વિક ભક્તિ જ્ઞાન કર્મથી, માનવ દેવો રાજેરે;
ભક્તિ જ્ઞાનને કર્મથી ભ્રષ્ટા, રાક્ષસ લોકો છાજે. સંતો. ૧૪
દગા ફિસાદી ખૂની રાક્ષસ, માનવ રકતને ચૂસેરે;
દેવો છે સાચાના સાક્ષી, પરનાં આંસુ લૂસે. સંતો. ૧૫
વિશ્વાસીનો ઘાત કરેને, ગુણ ઉપર અપકારીરે;
પરના પ્રાણો હણતા રાક્ષસ, પ્રપંચી નરને નારી. સંતો. ૧૬
મનવાણી કાયા વ્યભિચારી, બૂરી જેની યારીરે;
એવા રાક્ષસ સર્વ ખંડમાં, લક્ષણથી લ્યો ધારી. સંતો. ૧૭
પાપનો પશ્ચાત્તાપ કરે નહીં, દેવોને સંહારેરે;
ધર્મ્યયુદ્ધથી મહાધર્મ છે, એથી રાક્ષસ હારે. સંતો. ૧૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુર્ગુણ વૃત્તિયો છે રાક્ષસ, ધર્મગુણો છે દેવોરે;
પ્રગટ કરીને સદ્‌ગુણ સર્વે, દેવનો રસ્તો લેવો. સંતો. ૧૯
ધર્મનાશ કરનારા રાક્ષસ, દેવો ધર્મને રક્ષેરે;
અધર્મમાં રાક્ષસ છે રંગી, દેવો આતમ લક્ષ્યે. સંતો. ૨૦
ઉદાર આશય સદાચારથી, દેવો શુભ વ્યવહારીરે;
બૂરા આશય દુરાચારથી, રાક્ષસ જગ અવતારી. સંતો. ૨૧
પાપી લેશ્યાવાળા રાક્ષસ, દેહચામરસરસિયારે;
શુભ લેશ્યાવાળા છે દેવો, ચિદાનંદ ઉલ્લસિયા. સંતો. ૨૨
રાગ દ્વેષાદિક છે રાક્ષસ, પ્રકૃતિના જાયારે;
મન છે રાક્ષસ મોહ ભરેલું. તેના જગ પડછાયા. સંતો. ૨૩
દુષ્ટ કામ રાક્ષસની સંગે, પળ પણ સુખ નહિ શાંતિરે;
જડમાં મુંઝે જીવો ભારે, દેવોને નહિ ભ્રાન્તિ. સંતો. ૨૪
આતમ દેવને મોહ તે રાક્ષસ, એનાં લક્ષણ જાણોરે;
એના તાબે રહે છે મનડું, ગુણ અવગુણ પ્રમાણો સંતો. ૨૫
આતમ તાબે મન તે સ્વર્ગને, મુક્તિ દેવતા થાવુંરે;
મોહના તાબે મન તે નર્ક જ, સમજુને સમજાવું. સંતો. ૨૬
મન કુરૂક્ષેત્રજ દેવો પાંડવ, રાક્ષસ કૌરવ લડતારે;
કૌરવને સંહારી પાંડવ, આત્મરાજ્યને વરતા. સંતો. ૨૭
આતમ રામને મોહ તે રાવણ, બન્ને મનમાં લડતારે;
રાવણને સંહારી રામ જ, સમતા સીતા વરતા. સંતો. ૨૮
મોહ દૈત્યને જીતે તે જિન, આત્મવીર જયકારીરે;
મોહ જીતવા જે અભ્યાસી, જૈનો તે નરનારી. સંતો ૨૯
દેવને રાક્ષસભેદ વિચારી, આત્મગુણોને વરશોરે;
બુદ્ધિસાગર પ્રભુ મહાવીર, આવિર્ભાવને ધરશો. સંતો. ૩૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# स्वदेश.

( સંતો સત્ બતલાનારે મેંને મુજે ન જાનાજી એ રાગ. )

સંતો સ્વદેશ પ્યારોરે, તેમાં પ્રેમે મ્હાલોરે,
સ્વદેશ આતમ અસંખ્યપ્રદેશી, અનંત ગુણ આધારોરે;
અનંત જ્યોતિ ઝળહળતી જ્યાં, અનુભવ આંખે ભાળો. સંતો. ૧
આધિ વ્યાધિ નહીં ઉપાધિ, જન્મ મૃત્યુ નહીં ક્યારેરે;
મોહ મારીને મરજીવા થૈ, સંત સ્વદેશ પધારે. સંતો. ૨
સત્વ રજસ્ તમથી તે ન્યારો, અવિનાશી અકલંકીરે;
પ્રતિપ્રદેશે અનંત આનંદ, નવીન રસથી રંગી. સંતો. ૩
કેવલ જ્ઞાનનો ભાનુ સદા જ્યાં, અનંત જ્યોતિ પ્રકાશેરે;
કેવલ દર્શન શશી સદા જ્યાં, ગગને પૂર્ણ વિકાસે. સંતો. ૪
જડવાદી મોહી લોકોને, સ્વદેશ નહીં સમજાતોરે;
બાહિર દૃષ્ટિ ભૂલેલાને, છતી આંખે ન જણાતો. સંતો. ૫
જડ દેશોમાં મોહેલાઓ, પરદેશી કહેવાતારે;
પરદેશીઓ સર્વ ગુલામો, મરી મરી દુઃખ પાતા. સંતો. ૬
સત્ત્વ રજસ્ને તમઃપ્રદેશો, પ્રકૃતિથી બનેલારે;
તેમાં મમતા માયા યોગે, બન્યા જીવ સહુ ઘહેલા. સંતો. ૭
પરદેશોમાં જન્મ જરાને, મૃત્યુથી અવતારારે;
આધિ વ્યાધિ ઘણી ઉપાધિ, અનંત દુઃખના ભારા. સંતો. ૮
પરદેશોમાં ખૂના મરકી, મોહે કાપંકાપારે;
નામ રૂપના મોહ નિશામાં, અનેક દુઃખ બળાપા. સંતો. ૯
ઇન્દ્રિયોને મનના તાબે, જીવો તે પરદેશીરે;
જડમાં સુખની ભ્રાંતિ યાવત્, તાવત્ લોકો કલેશી. સંતો. ૧૦
વિષયોના આધીન જે લોકો, પરાધીન અનાથોરે;
બ્રહ્મરૂપને સ્વદેશ જેઓ, માને તેહ સનાથો. સંતો. ૧૧
દેહાધ્યાસ ટળે નહીં યાવત્, તાવત્ નહીં સ્વદેશીરે;
સ્વદેશમાંહિ પોતે રાજા. જોશો માંહી પ્રવેશી. સંતો. ૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જડદેશોને સ્વદેશમાની, લોકો સ્વદેશ ભૂલ્યારે;
ક્રોધમાન માયાને લોભે, અનંત દુઃખમાં ઝૂલ્યા. સંતો. ૧૩
હિંસા જૂઠને ચોરી જારી, વૈરઝેર પરદેશોરે;
તેમાં જાતાં દુઃખને પાશો, અંતે બહુ પસ્તાશો. સંતો. ૧૪
અહંવૃત્તિ પરદેશી માનો, તેમાં નહીં પ્રવેશોરે;
આત્મદેશમાં મનને રાખી, સત્યાનંદને લેશો. સંતો. ૧૫
મન વાણી કાયા પરદેશી, રાખો નહિ ત્યાં મમતારે;
નિરાસક્તિએ કર્મયોગી થૈ, પામો સ્વદેશ સમતા. સંતો. ૧૬
જ્ઞાનયોગી થૈ સ્વદેશ વરશો, પછી ન કયારે મરશોરે;
આત્માનંદે સદા વિહરશો, દેહે નહીં અવતરશો. સંતો. ૧૭
બ્રાહ્મણ ક્ષત્રી વૈશ્યને શૂદ્ર જ, જાતિ લિંગ નહીં ભાતિરે;
આતમ પૂર્ણાનંદે ખેલે, માયાની નહીં કાતી. સંતો. ૧૮
સંતો ગાવો સ્વદેશ ગાનો, ધરો સ્વદેશે પ્રીતિરે;
ધર્મ્યયુદ્ધથી સ્વદેશ પામો, રાખો સ્વદેશનીતિ. સંતો. ૧૯
અલખ અરૂપી સ્વદેશ નિર્મલ, અખંડ શાશ્વત જ્યોતિરે;
ધર્મભેદને ખેદ જરા નહીં, અનંત સુખ વિષ્ણોતિ. સંતો. ૨૦
સ્વદેશમાંહી આવો સંતો, પામો આતમમોતિરે;
સ્વદેશ દેખે મારાપરથી, ઉતરી મોહ પનોતી. સંતો. ૨૧
દેહ ચામડી રાગ ટળ્યાથી, સ્વદેશ સત્ય પમાતોરે;
પરબ્રહ્મરસ સ્વાદ લહ્યાથી; ચામડીરસવિસરાતો. સંતો. ૨૨
સ્વદેશ સુખની ઝાંખી પ્રગટી, સ્વદેશ અનુભવ આવ્યોરે;
ગુરૂકૃપાથી સ્વદેશ ભાળ્યો, અનુભવ જ્ઞાને ભાળ્યો. સંતો ૨૩
સ્વદેશ આતમ ચિદાનંદમય, આપોઆપ પ્રકાશીરે.
સર્વવાસના છંડે ઘટમાં, પ્રગટે સ્વયંવિલાસી. સંતો. ૨૪
મતામતીને વાદંવાદા, છડી આતમ શોધોરે;
ધ્યાન સમાધિ યોગે સાચો, પ્રગટે અનુભવ બોધો. સંતો. ૨૫
પરોક્ષમાં મત દર્શન પન્થો, આદિ સહુ તકરારોરે;
તેમાં રાગદ્વેષ વિના સહુ, કરો સ્વદેશ વિહારો. સંતો. ૨૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિર્વિકલ્પી સ્વદેશ આવો, સર્વવિકલ્પો ટાળોરે;
વિકલ્પ તાવત્ પરદેશી સહુ, સ્વદેશ સુખમાં મ્હાલો. સંતો. ૨૭
અનંત પૂર્ણાનન્દ મહોદય, અલખ દેશમાં વાસોરે;
બુદ્ધિસાગર બ્રહ્મ સનાતન, આપોઆપ પ્રકાશ્યો. સંતો. ૨૮

---

# चतुर्वर्ण स्वरूप आत्मा.

આતમ પોતે વર્ણ છે ચાર, જાણો નિશ્ચય ને વ્યવહાર;
આતમ ગુણ કર્મે છે વર્ણ, પોતાનું પોતાને શર્ણ. ટેક.
આતમ બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય જ, શૂદ્ર સ્વયં કહેવાય;
પ્રકૃતિના ગુણ કર્મોથી, ઉપચારે સોહાય. આતમ ૧
સત્ત્વ રજસ્ ને તમોવૃત્તિથી, આતમ ભિન્ન સુહાય;
કર્મથકી આતમ છે ન્યારો, કર્માતીત ગણાય. આતમ ૨
પ્રકૃતિ ગુણ કર્મથી વર્ણ જ, કલ્પેલી નહિ નિત્ય.
આત્મગુણોથી વર્ણજ ચારે, અરૂપ સત્ય પવિત્ર. આતમ ૩
ચારે વર્ણો સ્વાધિકારે, વર્તે વર્ણનો ધર્મ,
આત્મધર્મ છે ચિદાનંદમય, રહે ન સમજે કર્મ. આતમ ૪
ચાર વર્ણમાં અલિપ્ત આતમ, કદિ નહિ અભડાય;
નિશ્ચય એવું જાણી વર્તો, પ્રભુ હૃદિ પરખાય. આતમ ૫
વ્યવહારે જે વર્ણ ધર્મ તે, આતમનો ન ગણાય;
નિશ્ચયથી જ્ઞાનાનંદ સદ્ગુણ, સત્ય વર્ણ સમજાય. આતમ ૬
વર્ણ કલ્પનામાં જે મુંઝયા, સકામ નરને નાર;
આત્મપ્રભુને તે શું ? પામે, પામે બહુ અવતાર. આતમ ૭
જ્ઞાન તે બ્રાહ્મણ, ચરણ તે ક્ષત્રિ, આનંદ વૈશ્યસ્વરૂપ;
સેવા ગુણ તે શૂદ્ર કહીજે, સમજો વર્ણ અરૂપ. આતમ ૮
નિશ્ચય ગુણ જે જ્ઞાનાદિક તે, ચારે વર્ણ પમાય;
પિંડ અને બ્રહ્માંડવિષે તે, આત્મસ્વરૂપ સદાય. આતમ ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વેદાગમમાં ચાર વર્ણ છે, બાહ્યાંતર નિર્ધાર;
આત્માને પ્રકૃતિભેદે, સમજો નર ને નાર. આતમ ૧૦
નિશ્ચયને વ્યવહારે જાણો, જન્મથકી નહિ જાતિ;
ગાડરિયા પ્રવાહે વર્તે, મળે નહિ સુખ શાત. આતમ ૧૧
લોક મળે ત્યાં લોકાચાર છે, સન્ત ત્યાં સન્તાચાર;
આત્મજ્ઞાનમાં એકાકાર જ, જ્ઞાનથી સુખ અપાર. આતમ ૧૨
અનંત જ્ઞાનાદિગુણવર્ણો, આતમની છે જાણ;
બુદ્ધિસાગર આત્મવર્ણમાં, અનંત આનંદ માન. આતમ ૧૩

## असंख्यप्रदेश खंडरूपआत्मविश्व.

અમારૂં આતમવિશ્વ અખંડ, જેમાં અસંખ્ય પ્રદેશો ખંડ;
જેમાં થાય કદિ નહિ ભંડ, જેમાં ક્લેશ ન ભીતિ દંડ. ટેક.
આત્મવિશ્વના અસંખ્ય પ્રદેશી, ખંડો નહિ વિણસાય;
પ્રતિપ્રદેશે જ્ઞાનાનન્દ છે, શાશ્વત પૂર્ણ સુહાય. અમારૂં ૧
આત્મવિશ્વમાં લોકાલોક જ, સહુ બ્રહ્માંડ સમાય;
અસ્તિ નાસ્તિ સહુ ધર્મ અનંતા, ગુણપર્યવ ઉલ્લસાય. અમારૂં ૨
આત્મવિશ્વમાં જૈન ધર્મ છે, જૈન ને જિન તે સર્વ;
સર્વનયોથી આત્મવિશ્વને, જાણંતાં નહિ ગર્વ. અમારૂં ૩
આત્મવિશ્વમાં જન્મ મરણ નહિ, સર્વ કર્મ નહિ હોય;
અનંત નૂરથી શોભે સારૂં, સ્વયં સ્વયંને જોય. અમારૂં ૪
અસંખ્ય પ્રદેશો ખંડો નિર્મળ, અનંત ગુણ આધાર;
સત્ત્વ રજસ્ ને તમથી જૂદા, નહિ પુદ્ગલ આકાર. અમારૂં ૫
ઔદારિક કાર્મણ ને તૈજસ, વૈક્રિયદેહથી ભિન્ન;
આહારકથી ભિન્ન અરૂપી, સ્વયં સ્વયંમાં લીન. અમારૂં ૬
પરબ્રહ્મ મહાવીર પ્રભુજી, શુદ્ધાતમ મહારાજ;
આત્મવિશ્વ તીર્થંકર જિનવર, પરમેશ્વર સામ્રાજ્ય. અમારૂં ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મવિશ્વમાં સર્વે સરખા, ઉચ્ચ નીચ નહિ ભેદ;
કર્મપ્રકૃત્તિ હોય નહિં જ્યાં, દુઃખ ન ભીતિ ખેદ. અમારૂં ૮
અનેક સ્વર્ગથી મોટું નિત્ય જ, આત્મવિશ્વ સુખધામ;
ચિદાનંદમય નિરાકાર સત્, જ્યાં નહિ રૂપ ને નામ. અમારૂં ૯
આત્મવિશ્વમાં રહેવું સંતો, સ્વતંત્રતા જ્યાં બેશ;
નામરૂપ જડ વિશ્વમાં મુંઝે, પગ પગ ક્ષણુ ક્ષણુ કલેશ. અમારૂં ૧૦
બાહ્યવિશ્વમાં કદિ ન શાંતિ, સર્વ જીવો દુઃખ પાય;
સ્વપ્નસમું આ બાહ્યવિશ્વ છે, ભ્રાંતિથી દુઃખ થાય. અમારૂં ૧૧
આત્મવિશ્વ છે દિલમાં દેખો, આત્મ પ્રભુ મહારાજ;
આત્મવિશ્વમાં પેઠા તેનાં, સિદ્ધયાં સઘળાં કાજ. અમારૂં ૧૨
આત્મવિશ્વમાં અનંત જ્યોતિ, દષ્ટા આપોઆપ;
બુદ્ધિસાગર આત્મરાજ્યમાં, કો નહિ બેટો બાપ. અમારૂં ૧૩

---

# भारतदेश.

અમારો આતમ ભારત દેશ, તેમાં પૂર્ણાનન્દ હમેશ;
જ્ઞાનની ગંગા સમતા યમુના, નિર્મલ વહે સદાય.
બ્રહ્મજ્ઞાનની બ્રહ્મપુત્રા શુભ, શાંતિ સિન્ધુ વહાય. અમારો ૧
શુદ્ધોપયોગી સરસ્વતી શુભ, વહેતી આર્યપ્રદેશ;
શુભ વૃત્તિરૂપ અનેક નદીઓ, ટાળે તન મનકલેશ. અમારો ૨
સેવારૂપ છે દક્ષિણ નીચે, પગ લંકા સુખકાર;
શીર્ષ વિચારોનો હિમાલય, શિવ કૈલાસ છે ધાર. અમારો ૩
તુર્યાવસ્થા તિબેટ શોભે, કાશ્મીર સામ્ય સ્વભાવ;
શુદ્ધભાવ સિદ્ધાચલ પર્વત, ઉચ્ચતા આબુ ભાવ. અમારો ૪
સત્ય પરાક્રમ છે પંજાબ જ, સિન્ધુ શૌર્ય સ્વભાવ;
કઠિન તપ તે કચ્છ દેશ છે, સૌરાષ્ટ્ર જ શુભ દાવ. અમારો ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહિંસક ગુણ ગુર્જર દેશ જ, મારવાડ શુભ માન;
માલવ મૃદુતા વિદ્યાવેદી, અંગ પ્રભુ ગુણગાન. અમારો ૬
કાશી અયોધ્યા ભક્તિ ઉપાસન, પ્રભુવિવેક વિહાર;
સત્ય વિચાર જ વરાડ જાણો, દક્ષિણ ધર્માચાર. અમારો ૭
ધર્મ કુશલતા કર્ણાટક છે, દ્રાવિડ ઉત્તમ જ્ઞાન;
મહારાષ્ટ્ર છે આત્મમહત્તા, ધારવાડ પ્રભુતાન. અમારો ૮
સંતો વૃક્ષો ડગલે ડગલે, અસંખ્ય દિવ્ય પ્રદેશ;
ત્રણ દિશાએ વિદ્યાસાગર, જલ સ્થલ શુભ પ્રવેશ. અમારો ૯
પુણ્યકર્મ છે અનેક તીર્થો, પિંડે તે બ્રહ્માંડ;
પરબ્રહ્મ મહાવીર પ્રભુ રવિ, ઉગે નૂર અસમાન. અમારો ૧૦
શ્રદ્ધા આરબ દેશ મઝાનો, પ્રીતિ તેજ ઈરાન;
તુર્કસ્થાન છે તત્ત્વ પ્રતીતિ, બળ અફઘાનીસ્તાન. અમારો ૧૧
એવા અસંખ્ય પ્રદેશે રૂડો, સર્વ દેશ શિરદાર;
આત્મદેશ ભારતમાં જન્મે, ધન્ય ધન્ય અવતાર. અમારો ૧૨
ક્ષમા પૃથ્વી શાંતિ જલ મનડું, વાયુ અગ્નિ જ જ્ઞાન;
આનંદ નભ એ પંચભૂતનું, વિલસે રૂડું તાન. અમારો ૧૩
આતમ ભારત આર્યદેશમાં, દેશો સર્વે સમાય;
ગુણ પર્યાયો સર્વે ધર્મો, ઉત્પત્તિ વ્યય પાય. અમારો ૧૪
નામ રૂપનો મોહ તજીને, ઐક્ય ધરો ગુણ તાન;
બુદ્ધિસાગર ચિદાનંદમય, આર્ય દેશ મસ્તાન. અમારો ૧૫

---

# परतंत्रता.

જેઓ ગુરૂઆજ્ઞા પરતંત્ર, તેઓ બને ખરા સ્વતંત્ર.
માતપિતા ગુરૂ જ્ઞાની સંતો, તેઓની શુભ શીખ;
માનંતાં આજ્ઞાએ રહેતાં, સ્વાધીનતાની દીખ. જેઓ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અજ્ઞાનીને જ્ઞાની આજ્ઞા, માનંતાં સુખ થાય;
સ્વચ્છંદતાથી છોકરવાદી, સત્યથી દૂર જવાય. જેઓ. ૨
આત્મરાજ્ય આદિ રાજ્યની, પ્રાપ્તિ માટે સત્ય;
પરતંત્રતા પ્રથમ ભલી છે, સાપેક્ષા ગુણકૃત્ય. જેઓ. ૩
પ્રભુ ગુરૂની આજ્ઞા વહેતાં, પરતંત્રતા નાશ;
મોહતણી જે સ્વતંત્રતા ત્યાં, પરતંત્રતા ખાસ. જેઓ. ૪
પરતંત્રતા સહુથી સારી, આત્મશક્તિયો હેત;
પરતંત્રતામાંહી વસે છે, સ્વતંત્રતા સંકેત. જેઓ. ૫
પરતંત્રતા સારી ખોટી, સાપેક્ષાએ જોય;
પ્રકૃતિની પરતંત્રતા જ્યાં, ત્યાં દુઃખકર સોય. જેઓ. ૬
પ્રકૃતિ અવલમ્બી લોકો, સ્વતંત્રતાને પાય;
જ્ઞાનીઓને પ્રકૃતિ પણ, સ્વતંત્રતા હિત થાય. જેઓ. ૭
પ્રકૃતિમાં રચ્યા પચેલા, ઇન્દ્રચક્રી અવતાર;
પરતંત્ર ને મડદા જેવા, જાણો નર ને નાર. જેઓ. ૮
પરાધીનતા દુઃખની ક્યારી, જીવંતાં છે નર્ક;
સ્વાધીનતા છે સુખની ક્યારી, જીવંતાં છે સ્વર્ગ. જેઓ. ૯
વિષયવાસના આદિથી જ્યાં, પરાધીનતા હોય;
આશા તૃષ્ણા યોગે સ્વપ્ને, શાંતિ સુખ ન જોય. જેઓ. ૧૦
નામ રૂપના મોહી લોકો, પરતંત્ર જગદાસ;
હોય શહેનશાહ તો પણ દુઃખી, આશા પ્યાસ ઉદાસ. જેઓ. ૧૧
સ્વતંત્ર સંતો આત્મજ્ઞાનીઓ, નિર્મોહી નરનાર;
સ્વાધીનતાના નામે મોહી, સ્વચ્છંદતા ધરનાર. જેઓ. ૧૨
સ્વતંત્ર મુક્ત જ આત્મજ્ઞાનીઓ, આત્માનંદી થાય;
બુદ્ધિસાગર મહાવીર ભક્તો, સ્વાધીન સત્ય સુહાય. જેઓ. ૧૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# स्वतंत्रता.

જેઓ સ્વતંત્ર નહિ નરનાર, તેઓ મૂવાં જીવતાં ધાર,
સ્વતંત્રતા વણુ જનો ગુલામો, થાય દાસના દાસ;
પશુના કરતાં હલકું જીવન, પામે છે ધિક્કાર. જેઓ ૧
પશુની પેઠે સંજ્ઞાઓથી, જેઓનો અવતાર;
દેશ કોમને સંઘાદિકમાં, સ્વાધીનતા જયકાર. જેઓ ૨
રાજ્ય થકી જ્યાં સ્વતંત્રતા નહિ, ત્યાં નહિ સુખ સંચાર;
પડે કાયદા ઘણા જ્યાં બૂરા, વધે અશક્તિભાર. જેઓ ૩
લોકોને મરવામાં ભીતિ, વિષય ભોગની પ્યાસ;
શૂરાતનને આત્મભોગ નહિ, ત્યાં પ્રગટે છે દાસ. જેઓ ૪
ઇન્દ્રિયોપર કાબૂ નહીંને, કુસંપી નરનાર;
સ્વાધીનતા માટે નહિ જીવે, તે નિર્બલ મરનાર. જેઓ ૫
સ્વાધીનતા માટે જે મરતા, ત્યાગી દેહનો રાગ;
સ્વાધીનતા તે જગમાં પામે, આસક્તિનો ત્યાગ. જેઓ ૬
દ્રવ્યભાવથી સ્વતંત્ર લોકો, કરતા આત્મિકરાજ્ય;
સર્વવિશ્વમાં રાજ્ય કરેતે, પામે સુખ સામ્રાજ્ય. જેઓ ૭
જૂઠું સ્વાર્થી જીવન ત્યાગે, પરમાર્થે જીવંત;
આત્મજ્ઞાનથી આતમમાં સુખ, પામી જીવે સંત. જેઓ ૮
ન્યાયનીતિનો આત્મભોગથી, પરાધીનતા નાશ;
પર આશાએ જીવન ત્યાં દુઃખ, ધરો આત્મ વિશ્વાસ. જેઓ ૯
સત્ય પ્રમાણિક જીવન યોગે, સ્વાધીનતા પ્રગટાય;
અનેક લોકોના ભોગોથી, સ્વતંત્રતા સોહાય. જેઓ ૧૦
કરી ગુલામી હાજી હાજી, જેઓ જગ જીવંત;
વંશપરંપર પરાધીનતા, બેડીમાંહિ પડંત. જેઓ ૧૧
રસ પડે નહિ થાય ન ધાર્યું, અન્યેચ્છાથી જીવાય;
સ્વાધીનતાનો નાશ ત્યાં નક્કી, મરવું સુખકર થાય. જેઓ ૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્માદિક શક્તિયો પામે, પરાધીનતા જાય;
દુષ્ટાસુરનો કરે પરાભવ, સ્વતંત્રતા સોહાય. જેઓ ૧૩
સ્વતંત્ર નહિ આચાર વિચારો, ધર્મ કર્મ પરતંત્ર;
બને ગુલામી કારમી નીતિ, ત્યાં નહિ પ્રગટે સંત. જેઓ ૧૪
સ્વતંત્રતાથી સ્વર્ગ મુક્તિ છે, પરાધીનતા નર્ક;
જડથી સુખની આશાયોગે, લોકો દુઃખે ગર્ક. જેઓ ૧૫
દુષ્ટ જનોના રહો ન તાબે, કરશો દુષ્ટો દૂર;
મોહાદિ શત્રુ ક્ષય કરતાં, સ્વતંત્રતા સુખ પૂર. જેઓ ૧૬
ચિદાનંદ પામ્યા વણુ ઈન્દ્રો, ચક્રવર્તી પરતંત્ર;
આત્મજ્ઞાન પામેલા સંતો, સદા સુખી સ્વતંત્ર. જેઓ ૧૭
પરમાતમમાં મગ્ન થએલાં, સ્વતંત્ર નરને નાર;
સર્વવિશ્વપર તેઓ સુખિયા, સત્ય રાજ્ય કરનાર. જેઓ ૧૮
બાહ્ય લક્ષ્મી સત્તાદિ યોગે, સુખિયાં નહિ નરનાર;
જડ વસ્તુ સંબંધે સુખ તે, દુઃખ જ નિશ્ચય ધાર. જેઓ ૧૯
દયાદાન દમથી સ્વાધીનતા, પવિત્ર વર્તન યોગ;
અરસપરસમાં સહાય અપાતી, સ્વતંત્ર સુખ આલોક. જેઓ ૨૦
પરવશતાએ દુઃખ સદા છે, આત્મવશે સુખ હોય;
જડની મમતા ત્યાગ કર્યાથી, દુઃખ ન સ્વર્ગે જોય. જેઓ ૨૧
સાત્વિક સ્વતંત્રતા પ્રગટાવો, બ્રહ્મચર્ય ધરી બેશ;
જડ મમતાએ મારામારી, યુદ્ધો પ્રગટે ક્લેશ. જેઓ ૨૨
હિંસા જૂઠને ચોરી જ્યાં નહિ, વ્યભિચારને દ્વેષ;
ક્રોધ કપટને માન ન લાલચ, ત્યાં સ્વાધીનતા બેશ. જેઓ ૨૩
આત્મિક બલ ત્યાં સ્વાધીનતા છે, ટળતા કામ વિકાર;
આત્મરાજ્ય પ્રગટે ત્યાં પૂરૂ, પ્રભુ પ્રાપ્તિ જયકાર. જેઓ ૨૪
કરે ગુલામો અન્યજનોને, તેહ ગુલામો થાય;
જેવી કરણી તેવું પામો, એવો ઈશ્વર ન્યાય. જેઓ ૨૫
વિષય ભોગના સ્વાર્થીઓ જ્યાં, પાપો ખૂબ કરાય;
દેશકોમ સંઘાદિકમાં ત્યાં, ભીતિ દુઃખ ઉભરાય. જેઓ ૨૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વતંત્રતા સહુ જીવો ઇચ્છે, સહુને સુખની ચાહ;
સ્વાધીનતા સહુને છે વ્હાલી, પરાધીનતા દાહ. જેઓ ૨૭
જ્ઞાન ભક્તિથી જ્ઞાની ભક્તો, સ્વતંત્રતા વરનાર;
આત્મજ્ઞાન વણુ બાહિર રાજ્યે, શાંતિ નહીં તલભાર. જેઓ ૨૮
મનવશ કરતાં આત્મરાજ્ય છે, આનંદ અપરંપાર;
સર્વ કષાયો હણુતાં શાંતિ, પ્રભુતા છે નિર્ધાર. જેઓ ૨૯
કર્મપ્રકૃતિયોગે સુખ દુઃખ, તેમાં જો સમભાવ;
પ્રગટે ત્યારે આત્મરાજ્ય છે, ધ્યાન સમાધિ દાવ. જેઓ ૩૦
વિષયવાસના નામવાસના, લોકવાસના દૂર;
શાસ્ત્રવાસના ટળતાં સાચું, પ્રગટે આનંદપૂર. જેઓ ૩૧
સ્વતંત્રતા બત્રીશી ગાઈ, વિદ્યાપુરમાં બેશ;
બુદ્ધિસાગર સ્વતંત્ર પોતે, પામ્યો આતમદેશ,
જેઓ સ્વતંત્ર છે નરનાર, તેઓ ધન્ય ધન્ય જયકાર. જેઓ ૩૨

---

## स्वराज्य.

સંતો સ્વરાજ્ય પામોરે, પૂર્ણાનન્દે જામોરે;
કામ ક્રોધ મત્સરને જીતો, માન લોભને મારોરે;
માયા જીતો આત્મજ્ઞાનથી, શત્રુથી નહિ હારો.—સંતો. ૧
મોહાદિક શત્રુઓ મારો, દુષ્ટાસક્તિવારોરે;
પ્રત્યાહારથી પ્રેમ લગાવો, સ્વાશ્રયભાવને ધારો.—સંતો. ૨
ષટ્ચક્રોમાં ધરી ધારણા, ધ્યાન સમાધિ પાવોરે;
આતમ તે પરમાતમ પોતે, ગગન ગઢે ચઢી જાવો.—સંતો. ૩
ઇન્દ્રિયોને જીતો જ્ઞાને, મનને વશમાં રાખોરે;
વિષયોના નહિ બનો ગુલામો, શુદ્ધાતમ રસ ચાખો.—સંતો. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મવશી નહિ જેનું મનડું, સ્વરાજ્ય તે શું પામેરે;
કરે ન કામતણી કુર્બાની, ઠરે ન તે નિજ ઠામે.—સંતો. ૫
કરો ન હિંસા પ્રાણીઓની, નિશદિન સાચું ભાખોરે;
વ્યભિચારની વૃત્તિ સઘળી, જ્ઞાને મારી નાખો.—સંતો, ૬
શત્રુનો વિશ્વાસ કરો નહિ, જેણે દુઃખો દીધાંરે;
વિષયાનંદની લાલચ કરતાં, આત્મરાજ્ય નહિ સિદ્ધયાં.—સંતો. ૭
આત્મખુદામાં પૂર્ણ મસ્ત થૈ, મન શયતાનને મારોરે;
મનમાં પ્રગટ્યા શત્રુઓને, ગુણ શસ્ત્રે સંહારો.—સંતો. ૮
નામરૂપની મહામોહિની, પ્રકૃતિ મહામાયારે;
અજબ ખેલ છે સમજી તેના, કદિ ન લયો પડછાયા.—સંતો. ૯
સર્વ દૃશ્યમાં શુભ અશુભની, બુદ્ધિ કરો ન કયારેરે;
મોહરાજનું સૈન્ય ભગાડો, સ્વદેશ લેશો ત્યારે.—સંતો. ૧૦
સ્વદેશ આતમ જીતો સંતો, જીતી જૈનો થાશોરે;
દુર્બલ કાયરનું નહિ કામજ, ભૂલ પડે પસ્તાશો.—સંતો. ૧૧
પ્રભુ પ્રાર્થના પશ્ચાત્તાપે, નવીન બળ પ્રગટાવોરે;
ઐકયશક્તિ ઉત્સાહે લડતાં, અમર બની સુખ પાવો.—સંતો. ૧૨
દુષ્ટ શત્રુની દયા ન કરશો, મોજશોખને ત્યાગોરે;
આત્મપ્રદેશોમાં મન રાખી, આત્મોપયોગે જાગો.—સંતો. ૧૩
આત્મદેશથી ન્યારા દુર્ગુણ, શત્રુઓ સંહારોરે;
ભક્તિયોગના ચઢી શિખરપર, વિજયી વાદ્ય વગાડો.—સંતો. ૧૪
બ્રહ્મ અમીરસ પીવો પ્રેમે, અનહદ ભેરી વગાડોરે;
આત્મસૈન્યને સંતો ઘટમાં, સાવધ થૈને જગાડો.—સંતો. ૧૫
બની મરણિયા મર્દો સંતો, પ્રભુનાં ગીતો ગાવોરે;
મરજીવા થૈ મુક્તિ પામો, પગ પાછા ન હઠાવો.—સંતો. ૧૬
શત્રુના દાવો સહુ જાણો, ફરો ન યુદ્ધથી પાછારે;
દેહભાવથી મર્યા સંત જે, દેખે જ્ઞાન તમાસા.—સંતો. ૧૭
દેહભાવથી મરીને જેઓ, આત્મજ્ઞાનથી જીવેરે;
તેવા સંતો શૂરા પૂરા, આનંદરસને પીવે.—સંતો. ૧૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દાવપેચથી દુશ્મન મારો, લેશ ન વાર લગાડોરે;
ગાફલ થૈને ગર્વ કરો નહિ, રૂડો દેખો દહાડો.—સંતો. ૧૯
સર્વ જીવોને આતમસરખા, માની સ્વોન્નતિ કરશોરે;
આત્મરાજ્ય સામ્રાજ્ય લહીને, ફક્કડ થૈને ફરશો.—સંતો. ૨૦
આત્મરાજ્યમાં સુખ નિર્ભયતા, જન્મમરણ નહિ ક્યારેરે;
સમયે સમયે સુખ અનંતું, મરે ન કો નિજ મારે.—સંતો. ૨૧
આધિઉપાધિ વ્યાધિ નહિ જ્યાં, અનંતઆતમજ્યોતિરે;
સર્વ સરીખા શુદ્ધાત્માઓ, જેવાં નિર્મળ મોતિ.—સંતો ૨૨
લાખ ચોરાશી જીવ યોનિના, ફેરાનું નહિ ફરવુંરે;
ચિદાનંદરૂપે નિત્ય રહેવું, કોને નહિ કરગરવું.—સંતો. ૨૩
બાહિર્ વિશ્વરાજ્ય ક્ષણિક છે, સ્વાર્થ અશાંતિવાળાંરે;
પગલે પગલે ભીતિ દુઃખડાં, ખુનામરકીથી કાળાં.—સંતો. ૨૪
અવિશ્વાસી બાહ્યરાજ્ય છે, દેહ ઈંદ્રિયે સુંઝેરે;
નામ રૂપનો મોહ ટળ્યાથી, આત્મરાજ્ય ઘટ સૂજે.—સંતો. ૨૫
જેનો તન મન ઉપર કાબુ, વૃત્તિયો વશ જેનેરે;
સાત્વિક ભક્તિ જ્ઞાનને પામ્યો, આત્મરાજ્ય છે તેને.—સંતો. ૨૬
સાત્વિકવિકલ્પ રાજ્યથી મોટો, શુદ્ધાતમસામ્રાજ્યેરે;
રહીયા તે પરબ્રહ્મ બનીને, સર્વ લોકપર ગાજે.—સંતો. ૨૭
આત્મદેશનું રાજ્ય મઝાનું; જ્ઞાનીને નહિ છાનુંરે;
જડનું રાજ્ય તો છે જ ટકાનું, ભ્રાંતિમય મમતાનું.—સંતો. ૨૮
આત્મરાજ્યને પામો સંતો, અજર અમર સુખકારીરે;
બુદ્ધિસાગર આત્મરાજ્યનો, થયો પ્રભુ જયકારી.—સંતો. ૨૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# आस्तिक.

આસ્તિક તેહ ગણાતારે, પ્રભુના જેઓ જ્ઞાતારે;
આતમ કર્મની શ્રદ્ધા ધારે, પુનર્જન્મ વિશ્વાસીરે,
નવતત્ત્વોની શ્રદ્ધા રાખે, વર્તે ગુણ પ્રકાશી. આસ્તિક ૧
સત્યાચાર વિચારે વર્તે, રાગદ્વેષ હઠાવેરે;
સાધુસંત સેવામાં પૂરા, દુર્ગુણપંથ ન જાવે. આસ્તિક ૨
અતિથિની સેવા શુભ ધારે, કામ ક્રોધને વારેરે;
માતા પિતા ગુરૂ સેવા ભક્તિ, કરતા જન્મ સુધારે. આસ્તિક ૩
પાપકર્મથી દૂર રહંતા, પુણ્ય કર્મને કરતારે,
પરોપકારી કર્મો કરતા, નિષ્કામે ગુણ ધરતા. આસ્તિક ૪
ઉપકારીના ઉપકારોને, પ્રાણ જતાં નહીં ભૂલેરે;
લક્ષ્મી સત્તા વિદ્યા બળથી, ફોગટ મન નહિ ફૂલે. આસ્તિક ૫
આતમ કર્મને બેનો સંયોગ, કર્મ કરે વ્યવહારેરે;
કર્મ નાશના ઉપાયો છે, મોક્ષ ખરે ગુણ ધારે. આસ્તિક ૬
આત્મા ષટ્કારકમય જાણે, નિશ્ચયને વ્યવહારેરે;
ધરે ન આસક્તિ વિષયોમાં, જીવે પરઉપકારે. આસ્તિક ૭
સત્ય વદે ને સત્ય કરે જે, પ્રામાણિકતા ધારેરે;
સ્વાધિકારે કર્તવ્યોને, કરતો ફર્જ ન હારે. આસ્તિક. ૮
ગુરૂની સેવા ભક્તિમાટે, સર્વસમર્પણ કરતોરે;
દયા ક્ષમા આર્જવ નીતિએ, આર્યપણાને વરતો. આસ્તિક ૯
સર્વનયોની સાપેક્ષાએ ધર્મ ભેદને ટાળેરે;
યોગ જ્ઞાનને ભક્તિ યોગથી, આતમને અજુવાળે. આસ્તિક ૧૦
પરબ્રહ્મ મહાવીર પ્રભુમાં, પૂર્ણ પ્રેમને ધારેરે;
ગુરૂ આજ્ઞાએ જીવન ગાળે, આતમમાં મન વાળે. આસ્તિક ૧૧
દેશ સંઘ રાજ્યાદિક સેવા, કરતો સ્વાધિકારેરે;
ગૃહી ત્યાગીનો ધર્મ બજાવે, બોલ્યાં વચનો પાળે આસ્તિક ૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નામ રૂપના મોહને મારે, સંતોષે મન વાળેરે;
દયા દાન દમ ધારે સંયમ, દુષ્ટ વાસના ટાળે. આસ્તિક ૧૩
સત્સંગતનો વ્યસની પૂરો, દુષ્ટની સંગ નીવારેરે;
મન વાણી કાયા કેળવતો, ધ્યાન સમાધિ ધારે. આસ્તિક ૧૪
બ્રહ્મચર્યને પાળે પ્રેમે, પવિત્ર મન તન રાખેરે;
આત્માનુભવ યોગે સાચા, આનંદ રસને ચાખે. આસ્તિક. ૧૫
સર્વ કષાયો હણતો જ્ઞાને, સમ્યક્ત્વાદિક ધારીરે;
બુદ્ધિસાગરગુરૂદેવના, ભક્તોની બલિહારી. આસ્તિક ૧૬

---

# नास्तिक.

---

*નાસ્તિક તેહ ગણાતારે, પ્રભુને ભૂલી જાતારે;*
આભવ પરભવ ધર્મ ન માને,આતમ તત્ત્વ ન જાણેરે;
આતમનું અસ્તિત્વ ન માને, રહ્યો પ્રથમ ગુણ સ્થાને.—નાસ્તિક. ૧
પરમાતમની ધરે ન શ્રદ્ધા, મિથ્યાગ્રહેમો ધારેરે;
નવતત્ત્વોની ધરે ન શ્રદ્ધા, તેહ તરે શું ? તારે.—નાસ્તિક. ૨
હિંસા કરતો જૂઠું બોલે, કરે ચોરી વ્યભિચારીરે;
જૂઠી સાક્ષીઓને પૂરે, લોભ પાપ દિલ ભારી.—નાસ્તિક. ૩
ધર્મ નીતિની ધરે ન શ્રદ્ધા, જડ ભોગે સુખ માનેરે;
પુણ્ય પાપને હંબક સમજે, ચઢે ન શિવ સોપાને.—નાસ્તિક. ૪
વિશ્વાસીનું ગળુ રેંસતો, શરણાગતને મારેરે;
વિષય સુખોમાં રાચ્યા માચ્યા, બની ગુલામો ભારે.—નાસ્તિક. ૫
જડમાં સુખવાદિયો પૂરા, ઈન્દ્રિયોના દાસોરે;
નામરૂપ મોહે મુંઝાણા, મુક્તિ જ ગણે તમાસો—નાસ્તિક. ૬
પંચભૂતને આતમ માને, દેહાદિકને માનેરે;
સત્ય પ્રભુનું રૂપ ન જાણે, રહે પાપતોફાને.—નાસ્તિક. ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુર્ગુણોમાં ફસી રહ્યા જે, સદ્દગુણથી જે આઘારે;
દારૂ આદિ વ્યસનીઓ જે, જેવા વરૂને ડાઘા.—નાસ્તિક. ૮
હરામનું ખાવામાં પૂરા, દેવગુરૂને નિંદેરે;
રાગને દ્વેષે રહેતા રાચી, પડતા મિથ્યા ફંદે.—નાસ્તિક. ૯
ધર્મશાસ્ત્રની ધરે ન શ્રદ્ધા, ગુરૂથી આઘા નાસેરે;
આત્મિક સુખની હોય ન શ્રદ્ધા, રહે ન પ્રભુ વિશ્વાસે.—નાસ્તિક. ૧૦
ધર્મને ઘાલે પાતાળે જે, પાપને આગળ કરતારે;
સત્યને હણતા અસત્ય પોષે, દુષ્ટ બુદ્ધિને ધરતા.—નાસ્તિક. ૧૧
સાધુ સંતને ધિક્કારે જે, દુષ્ટાચારને ધારેરે;
ખાવું પીવું મોજ મઝામાં, માનવ ભવને હારે.—નાસ્તિક. ૧૨
પાપીયજ્ઞે પશુઓ મારે, ક્રોધે જીવો મારેરે,
દુષ્ટ વિચારો દુષ્ટાચારો, ધરતો પાપ પ્રચારે.—નાસ્તિક. ૧૩
નાસ્તિક લોકો જડવાદીઓ, મિથ્યાત્વી સંગવારોરે;
બુદ્ધિસાગર આસ્તિક સંગત, કરતાં સુખ નિર્ધારો.—નાસ્તિક. ૧૪

---

# खरा ए संत भक्तो छे.

દયા ને સત્યમય જીવન, વિવેકી જ્ઞાની ને પ્રેમી;
પ્રભુમયજીવને જીવે, ખરા એ સંત ભક્તો છે. ૧
અહંતા નહિ નથી મમતા, જીવોને આત્મવત્ દેખે;
કર્યું સ્વાર્પણ પ્રભુને સહુ, ખરા એ સંત ભક્તો છે. ૨
કરે ઉપકારનાં કર્મો, ગણે ઉપયોગી સહુ ધર્મો;
અહંતાધ્યાસ નહિ જગમાં, ખરા એ સંત ભક્તો છે. ૩
વિકારીવૃત્તિયો બાળી, પ્રભુતાને રહે જ્ઞાને;
જણાવે સત્યને સાને, ખરા એ સંત ભક્તો છે. ૪
જીવોને સત્ય સમજાવે, પ્રભુરૂપ આત્મને ભાવે;
હઠાવે મોહને દાવે, ખરા એ સંત ભક્તો છે. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુમય દેખતા સર્વે, જીવોને બ્રહ્મસત્તાથી;
અહો એવા સકલખંડે, ખરા એ સંત ભક્તો છે. ૬
નિડર ન્યાયી ખરા ટેકી, ખરી સાદાઇમાં રહેતા;
સરલ સ્વાતંત્ર્યતાધારક, ખરા એ સંત ભક્તો છે. ૭
હઠે ના સત્યથી પાછા, ગણે નહિ મૃત્યુભય ક્યારે;
મરે પણ સત્ય ના ચૂકે, ખરા એ સંત ભક્તો છે, ૮
કરે પરમાર્થમાટે સહુ, કદી ના મુંઝતા મોહે;
શુભાશુભભાવથી ન્યારા, ખરા એ સંત ભક્તો છે. ૯
રહે મધ્યસ્થ મરજીવા, પ્રભુ સમ સંતને પૂજે;
બન્યા જે સંતના પ્રેમી, ખરા એ સંત ભક્તો છે. ૧૦
પ્રભુ જેના દિલે વસિયા, પ્રભુ કીધો પ્રકટ આતમ;
બહિર્ અંતર પ્રભુમય જે, ખરા એ સંત ભક્તો છે. ૧૧
રહે છાના નહિ ભક્તો, મર્યા જે મોહવૃત્તિથી;
જીવંતા બ્રહ્મમયભાવે, ખરા એ સંત ભક્તો છે. ૧૨
બન્યા જે સંત ભક્તો તે, પરીક્ષે સંત ભક્તોને;
થયા અલમસ્ત આનંદી, ખરા એ સંત ભક્તો છે. ૧૩
અભિપ્રાયે ન જે મુંઝે, શુભાશુભ નહિ રહ્યું જગમાં;
બુદ્ધયબ્ધિ સંત સાચા છે, પ્રભુ પ્રગટ્યા રગોરગમાં. ૧૪

---

## पवित्र.

( કવ્વાલી. )

હૃદય તેનું પવિત્ર જ છે, પવિત્ર જ તે ખરેખર છે;
પવિત્ર જ સંત સાધુઓ, જલે નહિ ન્હાય ત્હોંયે તે. ૧
વદે જૂઠું કરે હિંસા, કરે જલ સ્નાન ત્હોંયે શું ?
પડે ગંગાવિષે તો શું ? ટળે નહીં પાણીથી પાપો. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અરે જે લોભથી ઘાતો, કરે વિશ્વાસીઓની તે,
ઠગે જે લોકને સ્વાર્થે, કરે જલસ્નાન ક્યાં ? ચોખા. ૩
ટળ્યા વણ દોષની દૃષ્ટિ, પવિત્ર જ કો નથી થાતો;
પ્રમાણિક જન પવિત્ર જ છે, કથે વેદાગમો ગ્રન્થો. ૪
શુચિ બ્રહ્મચારિયો સંતો, હૃદયમાં જે પ્રભુ ધારે;
કરે નિષ્કામથી કર્મો, પ્રતિજ્ઞાઓ નહીં હારે. ૫
નદી સરમાં વસે મત્સ્યો, પરંતુ મુક્ત નહિ થાતાં;
પવિત્રાઈ થતી જ્ઞાને, તથા સમતા સમાધિથી. ૬
પવિત્ર જ વીર જપનારા, કપટ ત્યાગી ખરા રાગી;
દયાગંગા વહે જેના, હૃદયમાં તે શુચિ સંતો. ૭
નહીં અભડાય સજ્જૈનો, ખરેખર અગ્નિના જેવા;
સરલતા વાયુ ધરનારા, અનુભવ સ્નાન કરનારા. ૮
અરે તાકાદ શી ? જડની, અહો જે દીલ અભડાવે;
અનંતી આત્મની શક્તિ, નહીં અભડાય કોથી તે. ૯
કદી અભડાય નહિ આતમ, પવિત્ર જ દેહ ના થાવે;
સ્વભાવો બેઉના જૂદા, નહીં ત્યાં મુંઝતા જ્ઞાની. ૧૦
અરે જે દુર્ગુણો ધરતા, પવિત્ર જ નહિં અહો તેઓ;
ગુણોને જે ધરે તેઓ, પવિત્ર જ છે વિના સ્નાને. ૧૧
નહીં જે આત્મજ્ઞાનીઓ, જનોઇને ધરે તો શું ?
બન્યા જે આત્મજ્ઞાનીઓ, જનોઈ ના ધરે તો શું ? ૧૨
વ્યભિચાર જ અને ચોરી, તજી જે નીતિથી વર્તે.
અહો તેવા પ્રભુ ભક્તો, પવિત્રાત્મા સદા જ્યાં ત્યાં. ૧૩
સકલ તીર્થોતણાં સ્નાનો, સમાતાં ચિત્તશુદ્ધિમાં;
સમાત્માદેહના સ્પર્શે, પવિત્રાઈ થતી સહુની. ૧૪
અરે જે દેહ પાવિત્ર્યે. અહંકારી બન્યા ભૂલ્યા;
બુદ્ધચબ્ધિ આત્મપાવિત્ર્યે, પવિત્ર જ સર્વ લોકો છે. ૧૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્નાન.

જેથી વધે શક્તિ ગુણજ્ઞાન, તેતે પવિત્ર જાણો સ્નાન;
દેહ સ્નાનથી દેહમલ ક્ષય; દેહ પવિત્ર સુહાવે;
નદી કુંડ સરવર આદિ જલ, ન્હાતાં સ્ફૂર્તિ આવે.—જેથી. ૧
અનેક પ્રકારે રાખ સ્નાનથી, અનેક રોગો જાવે;
સૂર્યતાપના સ્નાનપ્રતાપે, પાછી શક્તિ આવે.—જેથી. ૨
અનેક ચૂર્ણ સુગંધી દ્રવ્યે, સ્નાન કરે તનુકાન્તિ;
તૈલાદિક મર્દનથી શક્તિ, રહે તનુમાં શાન્તિ.—જેથી. ૩
પવિત્ર વદવું વાચા સ્નાન જ, જૂઠમલ ક્ષય થાવે,
સાચા સર્વ પવિત્ર વિચારે, મનનું સ્નાન સુહાવે.—જેથી ૪
આત્મ જ્ઞાન ઉપયોગે રમવું, ચિદાનંદની વ્યક્તિ;
આત્મસ્નાન સહુ સ્નામાં મોટુ, ટાળે સર્વ અશક્તિ.—જેથી. ૫
બાહુબળની વૃદ્ધિ કરવી, દાન સુપાત્રે દેવું;
બાહુનું તે ભાવસ્નાન છે, જ્ઞાને સમજી લેવું.—જેથી. ૬
શુભમાં વાપરવા બે હસ્તો, ધર્મના રક્ષણમાટે;
કાયાદિનું રક્ષણ હસ્તે, કરવું વાટે ઘાટે.—જેથી. ૭
કાનથકી સાચું સાંભળવું, નિંદા નહિ સાંભળવી;
શ્રવણ સ્નાન તે સાચું જાણો, સદ્ગુણ વૃત્તિ ધરવી..—જેથી. ૮
ધર્મ શાસ્ત્ર ગુરૂ મુખથી સુણવાં, કર્ણસ્નાન ભલેરૂં;
દેવ ગુરૂસંતોનાં દર્શન, ચક્ષુસ્નાન અનેરૂં.—જેથી. ૯
પવિત્ર શાસ્રોનું શુભ વાંચન, શુભ નિરિક્ષણ કરવું;
કામાદિક વધે જેનાથી, દર્શન તે પરિહરવું.—જેથી. ૦૧
કામાદિકકારક દશ્યોથી, નેત્રો પાછાં હઠાવો;
એવું ચક્ષુઃ સ્નાન કરીને, ચક્ષુઃસંયમ પાવો.—જેથી. ૧૧
અશુભ શુભ ગંધોમાં નાસા, સમભાવે વાપરવી;
શુભાશુભ વૃત્તિને ત્યજવી, સત્ય દશા આચરવી.—જેથી. ૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શુભાશુભવૃત્તિ ષટ્ રસમાં, ષડ્રસ ભોજન કરતાં;
સામ્યભાવનું સ્નાન કરીને, ચઢીએ જ્યોતિ જોતાં.—જેથી. ૧૩
પ્રભુ ભક્તિમાં જીભ વાપરવી, ગુરૂગુણગાવામાટે;
જીહ્વાથી ઉપદેશો દેવા, તથા ધર્મની વાતે.—જેથી. ૧૪
ભાષા સમિતિ સ્નાન મઝાનું, વચન ગુપ્તિ ગુણકારી;
અસત્ય સાવદ્ય મલને હરવા, વચઃ સ્નાન સુખકારી.—જેથી. ૧૫
અસત્ય પાપ વિચારો તજવા, સદ્ગુણ સર્વે ભરવા;
શુદ્ધ હૃદય તે હૃદય સ્નાન છે, વીર પ્રભુપદ વરવા.—જેથી. ૧૬
શુભાશુભવૃત્તિ પરિહરવી, મનઃ સ્નાન આદરવું;
સ્વતંત્ર સત્ય દયાદમદાને, આત્મ ધ્યાનને ધરવું.—જેથી. ૧૭
ઉપકારો કરવા બે પગને, વાપરવા શુભ ભાવે;
દેવગુરૂ સેવા આદિમાં, વાપરવા શુભ દાવે.—જેથી. ૧૮
તીર્થ સ્નાન એવાં કરવામાં, પાદસ્નાન પ્રમાણો;
અશુભમાં પગ નહિ વાપરવા, વિવેક મનમાં આણો.—જેથી. ૧૯
અધર્મ્ય કામથી દૂરે રહેવું, ઉપ સ્નાનવિચારો;
દેહવીર્યની રક્ષા કરવી, સર્વસ્નાનાધારો.—જેથી. ૨૦
પવિત્ર વર્તન નીતિ રીતિ, ઉત્તમ સ્નાન એ જાણો;
દુષ્ટાચારને દુર્ગુણ હરવા, નિશ્ચય સ્નાન પ્રમાણો.—જેથી. ૨૧
કાય સ્નાનથી કાયની શુદ્ધિ, પણ નહીં પાપો જાવે;
હૃદયસ્નાનથી પાપો જાવે, પ્રભુ વિશ્વાસ પ્રભાવે.—જેથી. ૨૨
દ્રવ્ય ભાવ તીર્થોમાં ન્હાતા, સર્વ જાતિના સ્નાને;
તેવા જન ભક્તો છે પૂરા, રહેતા આનંદતાને.—જેથી. ૨૩
ગંગાદિક નદી જલનાં તીર્થો, બાહ્ય તીર્થ સહુ સમજો;
દેહને વાચા મન છે તીર્થો, આત્મતીર્થમાં રમજો.—જેથી. ૨૪
આત્મતીર્થમાં સ્નાન કર્યાથી, સકલ કર્મ ઝટ નાસે;
આત્મજ્ઞાન સમું નહિ સ્નાન જ, સર્વ તીર્થ પ્રકાશે.—જેથી. ૨૫
સમતા ગંગા ઘટમાં વહેતી, તેમાં સ્નાન જે કરતા;
મનના સર્વવિકલ્પો છંડી, જીવન્મુક્તિપદ વરતા.—જેથી. ૨૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમો રજોગુણી સ્નાન ત્યજીને, સાત્વિક સ્નાનને કરવું;
અભેદજ્ઞાને ધ્યાન સમાધિ; લહી મુક્તિપદ વરવું.—જેથી. ૨૭
સંત જનોની સંગતિ સ્નાન જ. ગુરૂઉપદેશે ન્હાવું;
ગુરૂ આજ્ઞાએ કાર્યો કરવાં, ગુરૂ આજ્ઞાએ ખાવું.—જેથી. ૨૮
સંત ચરણ ધૂલીથી ન્હાવું, ગોરજથી શુભ ન્હાવું;
પ્રભુ ગુણ ગાવા એ છે સ્નાન જ, ગુરૂ કહે ત્યાં જાવું.—જેથી. ૨૯
ગુરૂની સેવાભક્તિ સ્નાન જ, ગુરૂની શ્રદ્ધા પ્રીતિ;
ગુરૂ કૃપામાં સર્વ તીર્થને, સત્યસ્નાન પ્રતીતિ.—જેથી. ૩૦
જૈન ધર્મની શ્રદ્ધા પ્રીતિ. સ્નાન મઝાનું સુવાચુ;
શ્વાસોચ્છ્વાસે મહાવીર જપતાં, વહેશો સર્વે આયુ.—જેથી. ૩૧
મહાવીર જાપ સમું નહીં સ્નાન જ, મન શુદ્ધિ કરનારૂં;
પરાપાર જ પામે આતમ, સૂક્ષ્મ ધર્મ ધરનારૂં.—જેથી. ૩૨
મોહાદિ મલને હરનારૂં, ભાવસ્નાન તે જાણો;
ભાવસ્નાનમાં નિમિત્તે જે તે, દ્રવ્ય સ્નાન પ્રમાણો.—જેથી. ૩૩
ઉપશમ ક્ષયોપશમને ક્ષાયિક, ભાવ સ્નાન સવાચું.
આત્મશુદ્ધ સ્વરૂપી થાવે, જ્ઞાની મનમાં ભાવ્યું.—જેથી. ૩૪
આવશ્યક ષટ્ કરવાં ભાવે, કર્મમલો હરનારાં;
પશ્ચાત્તાપથી આતમશુદ્ધિ, નરનારી કરનારાં.—જેથી. ૩૫
પશ્ચાત્તાપ ક્ષમાથી ન્હાવું, સંતજનોને પ્યારૂં;
જે કાલે જે કરવું ઘટે તે, કરવું દુઃખ હરનારૂં.—જેથી. ૩૬
દ્રવ્ય કર્મને ભાવ કર્મરજ, જે છે ખેરવનારૂં;
આત્મરમણતા તે છે સ્નાન જ, ગુણો પ્રકટ કરનારૂં.—જેથી. ૩૭
અશુદ્ધબુદ્ધિ જેથી નાસે, શુદ્ધબુદ્ધિ પ્રગટાવે;
સ્નાન તે એવી રહેણી કહેણી, તપ સંયમ ગુણ દાવે.—જેથી. ૩૮
સમકિતવંતોને છે સવળાં, સહુ સ્નાનો ઉપયોગી;
સર્વ કર્મમાં નિર્લેપી જન, સ્નાનવંત ગુણ યોગી.—જેથી ૩૯
અજ્ઞાની મિથ્યાત્વીઓને, થાય સ્નાન જે અવળાં;
સમકિતવંતાજીવોને તે, પરીણમે છે સવળાં.—જેથી. ૪૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જલ સ્નાનમાં દુનિયા ભૂલી, આત્મજ્ઞાન વણુ જાણો;
સ્વાધિકારે યોગ્ય ઘટે તે, સ્નાન કર્મ મન આણો.—જેથી. ૪૧
આધ્યાત્મિક સ્નાનો જે કરતા, ભવોદધિ તે તરતા;
મહાવીરદેવે સત્ય પ્રકાશ્યું, અનુભવ સંતો વરતા.—જેથી. ૪૨
જલસ્નાનમાં ધર્મ જે માને, એકાંતે તે ભૂલે
સાપેક્ષિક સ્નાનો છે સર્વે, સમજ્યાથી દિલ ખૂલે.—જેથી ૪૩
સર્વ સ્નાનથી સંતો ન્હાતા, આત્મશુદ્ધતા હેતે;
આત્મશુદ્ધતા પછી ન સ્નાન જ, સમજો એ સંકેતે.—જેથી. ૪૪
સર્વ પ્રકારે સ્નાનો જાણે, જૈનો તે જયવંતા;
સર્વસંતની સેવા સ્નાન જ, જાણે સંત મહંતા.—જેથી. ૪૫
આત્મસ્નાનમાં સર્વસ્નાનો, સાપેક્ષાએ સમાયાં;
દ્રવ્યભાવ વ્યવહારને નિશ્ચય, જ્ઞાનીએ ઘટ પાયાં.—જેથી. ૪૬
સ્નાતક ભાવે ન્હાયા જેઓ, તેઓ મુકિત પાયા;
ગુણ સ્થાન આરોહી છેવટ, જ્યોતિ જ્યોત સમાયા.—જેથી ૪૭
ઉત્સર્ગ અપવાદે જીવો, આત્મતીર્થમાં ન્હાતા;
કર્તવ્યોમાં અડગ રહીને, કર્મયોગી પદ પાતા.—જેથી. ૪૮
આત્મામાં રસ પડીયો જેને, બાકી સ્નાન ન તેને;
ન્હાયા સંતો સ્વયં પ્રભુથૈ, અખંડ આનંદ ઘેને.—જેથી. ૪૯
સંત સમાગમમાં શિવ મુકિત, પૂર્ણાનંદ સવાયો;
સમજેલાને રહી ન શંકા, સ્નાન કરી હરખાયો.—જેથી ૫૦
આત્મજ્ઞાનથી સર્વ શકિતયો, પામી દોષ મલ વારો;
આત્મજ્ઞાનથી નિશ્ચય મુક્તિ, થાય સફલ અવતારો.—જેથી. ૫૧
સંવત્ ઓગણિશછોતેર સાલે, આશોવદિ શનિવારે;
એકાદશીએ વિજાપુરમાં, કર્યું ભકિતગુણભારે.—જેથી. ૫૨
આત્મગુણોની પ્રાપ્તિયોગે, કરવા દોષો દૂરે;
બુદ્ધિસાગર ગુરૂકૃપાથી, જ્ઞાનઅનુભવ સ્ફૂરે.—જેથી. ૫૩

ॐ अर्हं महावीर शांतिः ३

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# तीर्थ--यात्रा.

---

તરીએ દુઃખને જેથારે, તેને તીર્થ જ જાણોરે;
દુર્ગુણ ટળતા વધતા સદ્ગુણ, જેથી તે જયકારી;
માતપિતા ગુરૂ તીર્થસ્વરૂપી, સાધુસંત ઉપકારી. તરીએ ૧
જ્ઞાન વધે વીર્યાદિક શક્તિ, જેથી તીર્થ તે સાચું;
દુષ્ટવિકારો ટળે હૃદયથી, તેથી તેમાં રાચું. તરીએ ૨
મહાતીર્થ છે જ્ઞાની સદ્ગુરૂ, દ્રવ્યભાવઉપકારી;
શાંતિતુષ્ટિપુષ્ટિકારક, સંતોની બલિહારી. તરીએ ૩
ધાર્મિક શાસ્ત્રો તીર્થો સાચાં, શક્તિના દાતારો;
ઉપાદાન નિમિત્ત છે તીર્થો, સંઘ સકલ આધારો. તરીએ ૪
મહાવીર પ્રભુના ભક્તો તીર્થો, જંગમ પરઉપકારી;
તેઓની સેવાભક્તિથી, પ્રગટે સુખની કયારી. તરીએ. ૫
દ્રવ્યભાવથી તીર્થો જાણો, આતમ તીર્થ પ્રમાણો;
આત્મતીર્થ માટે સહુ તીર્થો, સમજી દિલમાં આણો. તરીએ ૬
લૌકિક શક્તિયોની રક્ષા, જેથી કાયમ રહેવે;
વર્ણ સમાજાદિક છે તીર્થો, લૌકિક ગુણને દેવે. તરીએ ૭
દેશ કોમ જાતિનું રક્ષણ, પશુરક્ષાદિક કરવું;
લૌકિક તીર્થો એવાં જાણી, સ્વાધિકાર અનુસરવું. તરીએ ૮
રાજ્યાદિક નીતિયો પ્રવૃત્તિ, ગુણ કર્માદિક સર્વે;
લૌકિક તીર્થોની છે યાત્રા, કરવી રહી ન ગર્વે. તરીએ ૯
જૈનોની સેવામાં સ્વાર્પણ, કરવું યાત્રા સારી;
એવી યાત્રા કરતાં જગમાં, તરતાં નર ને નારી. તરીએ ૧૦
દુઃખીઓનાં દુઃખો હરવાં, રોગીઓના રોગો;
અશક્તને આશ્રયનું દેવું, વરવા સર્વે યોગો. તરીએ ૧૧
*આત્મજ્ઞાનની પ્રાપ્તિ કરતાં, યાત્રા સર્વે કીધી;*
સર્વે તીર્થો જેમાં સમાતાં, સમતા તીર્થ પ્રસિદ્ધિ. તરીએ ૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભૂખ્યા જનને ભોજન દેવું, તરસ્યાઓને પાણી;
પશુ પંખીની રક્ષા કરવી, યાત્રા તેહ પ્રમાણી. તરીએ ૧૩
ગુરૂકુલોનું સ્થાપન કરવું, યાત્રા સહુથી મોટી;
સ્વાર્થ વિના વિદ્યાઓ દેવી, યાત્રાની નહિ જોટી. તરીએ ૧૪
ઉપકારો કરવા એ યાત્રા, નિષ્કામે સુખકારી;
સત્ય વિચારાચારની પ્રાપ્તિ, કરવી યાત્રા સારી. તરીએ ૧૫

સૂરિવાચકસાધુસેવા, યાત્રા સહુથી ભારી;
વ્યાખ્યાનો દેવાં એ યાત્રા, પઠનાદિક ઉપકારી. તરીએ ૧૬
ઉપર ઉપરનાં ગુણનાં સ્થાનક, ચઢવાં યાત્રા સાચી;
રાગ દ્વેષને હણવા યાત્રા, રહેશો તેમાં માચી. તરીએ ૧૭
જે કાળે જે ચોગ્ય કર્મ તે, કરવું તીર્થની યાત્રા;
કર્મયોગીઓ જ્ઞાની તીર્થો, સેવો સદ્ગુણ માત્રા. તરીએ ૧૮

આતમસંમુખ મનને કરવું, યાત્રા ધ્યાન સમાધિ;
તીર્થોની યાત્રાઓ તે છે, જેથી ટળે ઉપાધિ. તરીએ ૧૯
આતમના નવરસને વરવું, યાત્રા તેહ મઝાની;
વ્યભિચાર હિંસાને તજવી, યાત્રા મનમાં માની. તરીએ ૨૦

જૂઠી સાક્ષી ચોરી તજવી, દારૂ માંસને તજવું;
યાત્રા સાચી પૂર્ણ પ્રેમથી, વીર પ્રભુને ભજવું. તરીએ ૨૧
દેવગુરૂ ને ધર્મની શ્રદ્ધા, પ્રીતિ ભક્તિ વરવી;
ધર્મ પ્રચારક ત્યાગીઓની, યાત્રા જ્યાં ત્યાં કરવી. તરીએ ૨૨
મરજીવા સંતોની સેવા, નિશ્ચય ને વ્યવહારે;
જૈનધર્મ આરાધન યાત્રા, તીર્થો તરે ને તારે. તરીએ ૨૩

તુર્ત ફળે છે તીર્થો જંગમ, યાત્રા ગુણની હેલી;
સર્વ પ્રમાદો દૂર કરીને, યાત્રા કરજો પહેલી. તરીએ ૨૪
ચિત્ત ઠરે ચંચલતા વિઘટે, કામવાસના નાસે;
સર્વકષાયો ટળે જેહથી, તીર્થો સત્ય પ્રકાશે. તરીએ ૨૫

વીર પ્રભુ આદિ તીર્થંકર, મુનિ જન્માદિક સ્થાનો;
સ્થાવર તીર્થોની યાત્રાને, પ્રભુ યાદી ગુણ માનો. તરીએ ૨૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોહ ટળે જેથી તે તીર્થ જ, આતમગુણ પર્યાયો;
મૈત્રી આદિ ભાવનાતીર્થ જ, વ્રતતપજપ સમુદાયો. તરીએ ૨૭
પરમાનંદની પ્રાપ્તિ તીર્થ જ, ક્ષમા દયા દમ માનો;
તત્ત્વોનુ વાચન છે તીર્થજ, શ્રવણ મનન ગુણદાનો; તરીએ ૨૮
સત્યને જાણી સત્યને વદવું, સત્ય કર્મને કરવું;
સત્ય તીર્થની યાત્રા મોટી, પ્રમાણિક થૈ ફરવું. તરીએ ૨૯
દોષો ત્યાગી સદ્ગુણ લેવા, નિન્દા પરની ત્યજવી;
દુર્જનવૃત્તિ ટાળવી યાત્રા, સજ્જનવૃત્તિ ભજવી. તરીએ ૩૦
ઉપકારીને પૂજ્ય ગણીને, સહાય સેવા કરવી;
અપકારી ઉપર ઉપકારો, કરવા સમતા વરવી. તરીએ ૩૧
જૈનોમાં શકિતયો પ્રગટે, એવાં કર્મો કરવાં;
યાત્રાઓ પગલે પગલે છે, સારાં પગલાં ભરવાં. તરીએ ૩૨
ધાર્મિક મતમતાંતર ઝઘડા, ત્યજવા યાત્રા સાચી;
સર્વજીવોમાં મહાવીર જોવા, રહેશો જગ સહુ રાજી. તરીએ ૩૩
ગુરૂભકતોને પગલે પગલે, તીર્થભજન ફલ થાતું;
આસ્રવ પણ સંવરરૂપે થૈ, અનુકુલ થૈ પ્રણમાતું. તરીએ ૩૪
બ્રહ્મચર્યનું ધારણતીર્થજ, ગ્રહી ત્યાગીવ્રત જાણો;
સમયોચિત કર્ત્તવ્યો કરવાં, સ્વાધિકાર પ્રમાણો. તરીએ ૩૫
ભકિત ઉપાસન જ્ઞાનકર્મનું, આરાધન યાત્રાઓ;
જ્ઞાનાદિક સર્વે શકિતયો, પ્રેમથકી પ્રગટાઓ. તરીએ ૩૬
ઉચ્ચનીચનો ભેદ ગણ્યાવણ, સર્વે લોક સુધારો;
જ્ઞાનાદિક કેળવણી જગમાં, જ્યાં ત્યાં બહુ પ્રચારો. તરીએ ૩૭
શુદ્ધપ્રેમથી સર્વ જીવોને, આતમ સરીખા પરખો;
ધર્મ કર્મના જૂઠા ભેદો, ટાળી મનમાં હરખો. તરીએ ૩૮
અભેદભાવે સર્વ લોકને, જાણી ધર્મને ધારો;
આત્માના સહુ ધર્મો જાણી, વર્તી જન્મ સુધારો. તરીએ ૩૯
જે જે તીર્થો ગુણપ્રદાતા, તે સેવો નર નારી;
બુદ્ધિસાગરધાર્મિકતીર્થો, ફળતાં બહુ ઉપકારી. તરીએ ૪૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ब्राह्मण

બ્રાહ્મણ તેહ કથાતારે, ભ્રમમાં પડી ન જાતારે;
બ્રહ્મને જાણે તે છે બ્રાહ્મણ, બ્રહ્મચર્ય ગુણધારી;
પ્રાણ પડે પણ બોલે સાચું, હોય નહિ વ્યભિચારી. બ્રાહ્મણ. ૧
ભણે ભણાવે સહુ વિદ્યાઓ; ભિક્ષાવ્રતથી જીવે;
ક્ષત્રિય વૈશ્યના કરે ન ધંધા, પાણી ગાળી પીવે. બ્રાહ્મણ. ૨
જન્મથકી બ્રાહ્મણ નહિ કોઇ, જન્મથકી નહિ જાતિ;
બ્રાહ્મણનાં ગુણ કર્મો જેમાં, તે બ્રાહ્મણ પ્રખ્યાતિ. બ્રાહ્મણ ૩
ક્ષમા દયા સંતોષ મહાશય, સરલ તપસ્વી યોગી;
નિરહંકારી સામ્યદષ્ટિને, આસકિત વણ ભોગી. બ્રાહ્મણ. ૪
દગા પ્રપંચો પાખંડ ત્યાગે, સત્ય તે મારૂં જાણે;
આત્મસમર્પણ યજ્ઞ કરે જે, જૂઠો પક્ષ ન તાણે. બ્રાહ્મણ ૫
ઇર્ષા લોભને નિંદા ત્યાગી, ત્યાગીનો બહુ રાગી;
ભકતોને જે નહિ ભરમાવે, અંતરૂમાં વૈરાગી. બ્રાહ્મણ. ૬
કરે ન ચોરી કરે ન હિંસા. કરે ન નોકરી કયારે;
જૂઠાં સ્વાર્થી શાસ્ત્ર રચે નહીં, પંખી પશુ નહીં મારે. બ્રાહ્મણ. ૭
દારૂ ન પીવે કેફ કરે નહીં, માંસ કદાપિ ન ખાવે;
ઈશ્વરની શ્રદ્ધા મન રાખે, ઉન્માર્ગે નહિ જાવે. બ્રાહ્મણ. ૮
અન્યાયોને કરે ન કયારે, જૂઠી સાક્ષી ન પૂરે;
ગુરૂ આદિનો દ્રોહ કરે નહિ, દુર્ગુણથી રહે દૂરે. બ્રાહ્મણ. ૯
અન્ય ધર્મની કરે ન નિન્દા, કપટ કલાનો ત્યાગી;
અન્યાયે કદિ પેટ ભરે નહીં, ગુણ કર્મે સોભાગી. બ્રાહ્મણ. ૧૦
દુષ્ટાચારે અને દુષ્કર્મો, તેને દૂર નિવારે;;
પરમાર્થી સત્ કૃત્યો કરતો; પવિત્ર જીવન ગાળે. બ્રાહ્મણ. ૧૧
સર્વ ખંડમાં બ્રાહ્મણ એવા, ગુણ કર્મોથી જાણો;
બુદ્ધિસાગર આતમજ્ઞાની, જાણી પૂજો માનો. બ્રાહ્મણ. ૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# बाह्मण.

બ્રાહ્મણ તેહ ગણાતારે, જૂઠમાં નહિ તણાતારે
બ્રહ્મજ્ઞાન પામ્યા તે બ્રાહ્મણ, બીજીવાર જે જાયા;
આત્મજ્ઞાનથી પુનઃ જનમીયા, દ્વિજ ઉપાધિ પાયા. બ્રાહ્મણ. ૧
સર્વ દેશમાં સર્વ કોમમાં, બ્રહ્મજ્ઞાન ફેલાવે;
ઉચ્ચ નીચનો મોહ ધરે નહીં, સામ્યોદધિ રેલાવે. બ્રાહ્મણ ૨
સર્વ ધર્મની ચડતી કરતા, જૂઠા સ્વાર્થ નિવારે;
સ્વાર્થે સત્યની ઘાત કરે નહીં, મમતાને સંહારે. બ્રાહ્મણ ૩
દેહને બ્રાહ્મણ કદિ ન માને, મનને પણ નહીં માને;
આત્મરૂપને બ્રાહ્મણ જાણે, દયાધર્મ પ્રમાણે. બ્રાહ્મણ ૪
વ્યવહારે બ્રાહ્મણ તે જાણો, નિજ ગુણ કર્મે વર્તે;
ઉદાર આશય પવિત્ર વર્તન, છોડે નહિ ગુણ શર્તે. બ્રાહ્મણ ૫
બ્રહ્મરાજ્ય પ્રગટ્યું જેનામાં, આતમ બ્રાહ્મણ જાણો;
મોહને મારે ક્ષત્રિય સાચો, ગુણથી વૈશ્ય પ્રમાણો. બ્રાહ્મણ ૬
આત્મજ્ઞાન પામીને સેવા, કરતાં શૂદ્ર વિચારો;
લિંગાચાર ન ખપમાં આવે, આત્મજ્ઞાન ઘટ ધારો. બ્રાહ્મણ ૭
આત્મજ્ઞાન પામી ગુણ કર્મે, વર્તે સત્ય વિવેકે;
આત્મસમા સહુ જીવો દેખે, વર્તે સત્યની ટેકે. બ્રાહ્મણ ૮
જૂઠા વાદવિવાદ ન કરતા, રજસ્ તમસ્ ગુણ વારે;
સાત્વિક કર્મો સત્ય વિચારો, શોભે સત્યાચારે. બ્રાહ્મણ. ૯
સર્વ પ્રજાને શિક્ષણ આપે, જીવે શિક્ષણ ધર્મે;
ધનનો લોભ ધરે નહીં મનમાં, જીવે ન બીજા કર્મે. બ્રાહ્મણ. ૧૦
દેશકાલનો પૂર્ણ વિચારક, જગમાં જ્ઞાન પ્રચારે;
જગમાં જીવંતાં સહુ શાસ્ત્રો, જાણી સત્યને ધારે. બ્રાહ્મણ. ૧૧
પરબ્રહ્મ મહાવીરપ્રભુના, ભક્ત ગુણોના રાગી;
સર્વ ધર્મમાં સત્યને દેખે, દુર્ગુણ વ્યસનના ત્યાગી. બ્રાહ્મણ. ૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સત્ય દયા સમતા તપ યોગે, બ્રાહ્મણ જે નરનારી;
તેઓની સેવા ભક્તિથી, ચઢતી પૂર્ણ થનારી. બ્રાહ્મણ. ૧૩
દુષ્ટ રીવાજો પડતી હેતુ, સાંકડી વૃત્તિવારે;
બુદ્ધિસાગર બ્રાહ્મણ એવા, સ્વયં તરે જગતારે. બ્રાહ્મણ. ૧૪

---

## महावीरनो जाप.

પ્રભુ પ્રતિમા પૂજીને પોસહ કરીએરે એ રાગ.

---

અરિહંત મહાવીર નામ ભજન રઢ લાગીરે,
મહાવીર વીર વીર વિભુ દિલમાં વસ્યો;
પ્રભુના તાને થયો મસ્તાનો રાગીરે,
આતમના રંગે રે અનુભવ ઉલ્લસ્યો;
મોહની બ્રાન્તિરે સહુ દૂરે ખસો,
મહાવીર પ્રેમમદ્ય તણો ચઢિયો નશો,
આનંદનો સાગર દિલમાં ઉલ્લસ્યો;
વીર જાપને જપતાં પાપ અનંતાંરે;
ટળતાંરે ક્ષણમાં પ્રભુ તન્મય થતાં.
વીર વીર જપતાં શ્રદ્ધાને પ્રેમેરે,
વિસરાતાં મતદર્શનનાં સહુ મતાં. મહાવીર. ૧
સુખમાં દુઃખમાં ખાતાં પીતાં ફરતાંરે,
શ્વાસના તારે રે વીર વિભુ સ્મરૂં;
આત્મમહાવીર દિલમાંહિ પ્રગટાવીરે;
બ્રહ્મગુફા મહેલે રે દર્શનને કરૂં. મહાવીર. ૨
આંખો વિનવું તમને સાચા રાગેરે,
મહાવીર દેવ વિનારે અન્ય ન દેખશો;
મનડા વિનવું તુજને વિનય વિવેકેરે,
મહાવીર રે વણુ બીજું નહીં લેખશો. મહાવીર. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારા કાનો તુજ નામોને ચરિત્રોરે,
સાંભળીને સફલપણું પામો સહી;
જીભલડી મુજ વીર વીર ગુણ ગાશોરે,
મહાવીર વણ બીજું રે હું ઇચ્છું નહીં. મહાવીર. ૪

પ્યારા ત્હારા વણ બીજું નહીં પ્યારૂંરે,
વ્હાલારે તુજ રસનો રસિયો થયો;
દુનિયાના જડ આનંદ રસ નહિ રૂચ્યારે,
મિથ્યા રે મોહ હવે દૂરે ગયો. મહાવીર. ૫

નિશ્ચયથી વ્હાલા નહીં જડનો સંગીરે.
ત્હારીરે સંગે અનુભવ એ થયો;
ત્હારૂં નામ ભજંતાં ત્હારી યાદી રે.
ક્ષણ ક્ષણમાં આવેરે અનુભવ એ લહ્યો; મહાવીર. ૬

ત્હારા વણ જડની યાદી શા અપનીરે;
સુરતાને સાંધીરે તારી સાથમાં.
તુજ પ્રેમે મસ્તાનો વીર જપંતોરે;
તુજનેરે લીધા અનુભવ બાથમાં. મહાવીર. ૭

વીર વીર ભજતાં મનની વૃત્તિયોરે;
પ્રેમેરે મહાવીરરૂપમયી બની.
બાહિર અંતર ઉંચે નીચે તિર્છારે,
મહાવીરરે દેખાતા ત્રિભુવન ધણી. મહાવીર. ૮

વીર વીર મહાવીરજી ઓં છે સાચારે,
કાચારે ક્ષણિક પદાર્થો જાણવા;
મનમાન્યું ત્યાં બીજાનો શો લાગોરે;
જાગ્યોરે અંતરૂમાં પ્રભુ મ્હાણવા. મહાવીર. ૯

દુનિયાની દૃષ્ટિએ ગાંડો બનીયોરે,
આનંદ રે તેમાં મુજને આવિયો;
પ્રભુ તુજ દૃષ્ટિએ અંતરૂમાં ડાહ્યોરે,
મુંઝુંરે હવે નહીં કોથી ભમાવિયો મહાવીર. ૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘા વાગ્યા વણુ ઘાયલ કો નહીં થાતુંરે,
ઘાયલ રે ભજતો ત્હારા નામને;
સર્વ નામમાં મહાવીર નામ છે મોટુંરે,
ભક્તોરે પામે તુજ વિશ્રામને. મહાવીર. ૧૧

મહાવીર ત્હારૂં નામ ભજ્યું ને રીઝું રે;
બીજું રે નહીં કર્મોદય આવતાં;
દેવા કરતાં સહેવું ચઢ્ઢ મઝાનોરે,
દેહાધ્યાસ ભૂલીરે પ્રભુમય થાવતાં. મહાવીર. ૧૨

આત્મમહાવીર ભજતાં ભગવંત થાશુંરે;
આપોઆપ ભેટે ભજવાનું નહીં.
બુદ્ધિસાગર જીવંતાં શિવ સુખડાંરે;
આવ્યોરે મુક્તિ અનુભવ ઘટ સહી. મહાવીર. ૧૩

---

## महावीर शरण.

( પ્રભુ પ્રતિમા પૂજીને.—એ રાગ. )

---

અરિહંત મહાવીર શરણુ તમારૂં સ્વીકાર્યુંરે,
થાવાનું થાજોરે તુજ રંગે રહ્યો.
સર્વયોગ પ્રવૃત્તિએ તુજ સેવારે,
થાશોરે નિષ્કામે ઘટમાં લહ્યો;
ત્હારીરે કરૂણાએ આગળ વહ્યો;

પૂરોરે વિશ્વાસી તારો થયો,
અંતરૂમાં આવીને ત્હેં અનુભવ કહ્યો.
લાખો લાલચથી પણ પડું નહીં પાછોરે,
વિઘ્નોરે ભયથી પાછો નહીં વળું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જડની ઋદ્ધિયો તુજ પર સહુ વારૂરે,
અમૃતરે સ્વાદી ઝેરો શીદ ગળું. થાવાનું. ૧
કર્મ શુભાશુભ ઉદયો જે જે આવેરે;
ત્યારે મન મારૂં તુજમાંહીં રહે,
જગ સન્મુખ નહિ મનને ક્યારે કરતોરે;
મનડુંરે ત્હારી ઇચ્છાએ વહે. થાવાનું. ૨
કરવું હોય તે કર આતમ તુજ સોંપ્યોરે,
થાશેરે જે જે હવે તે તાહ્યરૂં.
મારૂં જે જે તે સહુ તાહ્યરૂં કીધુંરે,
દુનિયામાં કો ન રહ્યું હવે માહ્યરૂં. થાવાનું. ૩
થશે હવે શું ? થાય ન તેની ચિંતારે;
મારે તો તુજમાં એકપણે થવું.
કરવું હોય તે કરજે વા નહીં કરજેરે,
કથવાનું નહીંરે બીજું શું ? કવું. થાવાનું. ૪
કરે કરાવે તે તું હું નહીં બીજોરે;
દિલમાંરે પ્રેરણા સર્વે તું કરે,
પૂતલીપેઠે મુજને તુંજ નચાવેરે;
કર્તારે ભોક્તા મન નહિ તું ખરે, થાવાનું. ૫
તુજમાં ભળીને નામ રૂપ જે જૂદાં રે;
તેની રે મમતા ભૂલ્યો તુજ મળે,
તુજ આજ્ઞા એજ ઇચ્છા મેં દિલ માનીરે.
તેથી રે ઘટમાં જ્યોતિ ઝળહળે. થાવાનું. ૬
વીતરાગ તું પૂર્ણબ્રહ્મ જયકારીરે;
રાગને દ્વેષ રહિત તું જગજયો;
પરમેશ્વર પરમાતમ અનંત જ્યોતિરે.
અકલકલા ત્હારી હું સમજી ગયો. થાવાનું. ૭
ત્હારી આજ્ઞાએ પૃથ્વીને પાણીરે;
વાયુરે અગ્નિ નભ વર્તે સદા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તુજ આજ્ઞાએ રવિ શશી સાગર વર્તેરે.
ચાલુંરે હું તુજ આણાએ મુદા. થાવાનું ૮
તુજ આજ્ઞાએ જીવવું મરવું મુક્તિરે;
તુજમાંરે સુરતા ધરવી મોક્ષ છે,
તુજ અનુભવ વણુ શાસ્ત્રો ભણતાં ગણતાંરે;
વાદને વિવાદેરે મોક્ષ પરોક્ષ છે. થાવાનું. ૯
તુજમાં રસ લાગ્યાથી મૃત્યુ ન ભાસેરે;
ભયનીરે વૃત્તિયો દૂરે થતી,
ત્હારૂં રાજ્ય ત્યાં બીજાં જૂઠાં રાજ્યોરે.
મારે તો ત્હારા રાજ્યની છે ગતિ; થાવાનું. ૧૦
જગનું રાજ્ય તજે તે જગનો રાજારે,
બંધાતો નહીં રે જગમાં જે કદી;
પરવશતા તે દુઃખ જ મન આસક્તિરે;
આત્મ વશે રહેવું સુખ છે તે હૃદિ. થાવાનું ૧૧
જીવન મરણમાં રાગ ન દ્વેષજ મ્હારેરે;
મરવુંરે જીવવું તુજ અર્થે રહ્યું;
દુનિયા પાછળ હું તુજ આગળ આવ્યોરે,
મનનુંરે માન્યું મિથ્યા થૈ ગયું. થાવાનું. ૧૨
અનેક ભવ સંસ્કારે તુજને પામ્યોરે;
મનનારે જગ પડછાયા ટળી ગયા,
મળ્યા પછી શી ? માળાને શાચાળારે.
પ્રત્યક્ષે મળતાં સંશય નહીં રહ્યા. થાવાનું. ૧૩
પંચમ આરે ભક્તિથી તું મળતોરે;
શ્રદ્ધાને પ્રેમેરે પ્રભુ તું પાસ છે,
બુદ્ધિસાગર મહાવીર પ્રભુજી મળિયારે;
ત્હારોરે પૂર્ણાનંદ પ્રકાશ છે. થાવાનું. ૧૪

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ॥ आत्म महावीर. ॥

પ્રભુ પ્રતિમા પૂજીને પોસહ કરીએરે એ રાગ.

આત્મમહાવીર નામ કરોડો તારાંરે
પ્રેમના તારેરે પ્રભુ છો પાસમાં
મહાવીર નામમાં અસંખ્ય નામ સમાયાંરે,
રૂપો રે જેમ સમાયાં આકાશમાં;
સુરતાને સાધીરે રહ્યો તુજ વાસમાં
અમૃતને ચાખ્યુંરે રૂચિ નહીં છાશમાં
આપો આપ દીઠારે બ્રહ્મવિલાસમાં ૧

માયાથી દૂર રહેતાં તવ રૂપ દીઠું રે.
દીઠું ને લાગ્યુંરે મીઠું શું કહું; પ્રેમ
સર્વરસો તુજ રસમાંહીં જ સમાયારે,
ચાખ્યોરે તુજ રસ અન્ય ના મન ચહું. પ્રેમ ૨

મનડું કહે તે કરતો નહીં તુજ રંગેરે;
રંગાયો વ્હાલારે ત્હારી સાથમાં,
લૂણ પૂતળી ઉદધિ જઇને સમાણીરે;
એવીરે આત્મદશા તુજ હાથમાં. પ્રેમ ૩

લોક વાસના વિષય વાસના ઝેરીરે;
તેનાંરે ઝેર ઉતાર્યાં નામથી,
શાસ્ત્ર વાસના ભણી ગણી સહુ ભૂલ્યોરે;
આસક્તિ ઉતારીરે સઘળાં કામથી. પ્રેમ ૪

દુનિયાદારીનાં બંધન સહુ ત્યાગ્યાંરે;
જાગ્યાંરે ભાગ્ય અમારાં તું મળ્યો,
શીર્ષ ઉતારી ધર્યું મેં તારી આગેરે;
દેહાધ્યાસ ટાળીરે તુજમાંહી ભળ્યો. પ્રેમ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુઃખ પડે તેમ તુજમાં બહુ રંગાતેરે;
સંકટમાં સહેવાનું સઘળું થતું,
તુજ વણ અન્યવિષે વૈરાગ્ય પ્રકાશ્યોરે;
ત્હારા વણ મનડું બીજે ના જતું. પ્રેમ ૬

તુજ ઈચ્છાએ વર્તન ભકિત અમારીરે;
વ્હાલારે જૂદો ક્ષણ નહીં રાખશો,
પાપ કરેલાં અનંત ભવનાં સઘળાંરે;
ત્રિશલાના જાયારે બાળી નાખશો. પ્રેમ ૭

ક્ષણ ક્ષણ ત્હારી રહું છું હજરા હજુરીરે;
બોલું ને કરૂં તે તે સહુ તુજ છે વિભુ,
એકાંતે મળતાં આનંદ ઘટ જાગ્યોરે;
ભાગ્યોરે મોહ રિપુ તુજથી પ્રભો. પ્રેમ ૮

દુનિયા દિવાનો કહે કેવા કહે ડાહ્યોરે,
પરવા નહિ તેનીરે તુજથી રાગીયો;
બહિરાતમની ભ્રમણા સઘળી ભાગીરે,
શુદ્ધાતમ ઉપયોગે હું જાગિયો. પ્રેમ ૯

તું તે હું ને હું તે તું એ ભાવેરે,
ભીતિને ખેદ સકલ દૂરે ગયો;
અભેદ જ્ઞાને અનંત નૂરનો દરિયોરે,
તેજથકી પોતેરે ઝળ હળતો થયો. પ્રેમ ૧૦

વ્રત નિયમ મત પન્થમાં શું હું દેખુંરે,
લુખુંરે શાસ્ત્રોમાં તુજ વણ પ્રભો;
મન આવે આડે ત્યાં ભેદ ભરેલોરે,
ભેદોને ભેદીરે એક થયો વિભો. પ્રેમ ૧૧

શો છે ? કર્મનો ભાર હવે શું કરશેરે,
જીવંતાં અહીંરે મુકિત અનુભવી;
મુકતાનંદ પ્રકટ આતમ પરખાતોરે,
દેખાતું સર્વરે જ્યાં પ્રકટ્યો રવિ. પ્રેમ ૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મળ્યા ન તુજને તેની અહીં શું સાક્ષીરે,
પામ્યાની સાક્ષીરે બીજા શું કહે;
પામ્યા તેને સાક્ષીની શી ઈચ્છારે,
પામેલ હોય જાણેરે અનુભવને લહે. પ્રેમ ૧૩

તનનું મંદિર મનનું મંદિર ત્હારૂંરે,
અજપાના જાપેરે વેદ પ્રકાશતા,
મનમાં લાગ્યા મીઠા જ્ઞાને દીઠારે,
જ્ઞાનની જ્યોતિરે વિશ્વ વિલાસતા. પ્રેમ ૧૪

શક્તિ અનંતી સતી યશોદા સ્વામિરે,
પૂરણુરે બ્રહ્મ સ્વરૂપી છો તમે;
બુદ્ધિસાગર પૂર્ણાનંદ સ્વરૂપેરે,
અનુભવીએ સઘળે વ્યાપક તું ગમે. પ્રેમ ૧૫

---

## આત્મ મહાવીર લગની.

( પ્રભુ પ્રતિમા પૂજીને પોસહ કરીએરે.—એ રાગ )

---

આત્મ મહાવીર પ્રભુ અનાદિ અનંતારે;
તારોતાર પ્રેમનો તુજથી સાંધિયો,
રૂપ તમારૂં અનંત અપરંપારરે,
આતમના ઉપયોગે દિલ આરાધિયો.
ભક્તિથી તુજને મુજદિલ બાંધિયો.
અધ્યવસાયસાગર લ્હેરે વાધિયો;
લગની લાગી તુજ સાથે લટકાળારે;
જગનીરે માયા સહુ ભૂલી ગયો,
કર્મની માયા તેમાં સહુ ભરમાયારે,
ભ્રમણાને ભાગીરે તુજ રંગી થયો. તારો. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તનમન વિદ્યા સત્તા રાગ નિવારીરે,
રંગાયો રંગેરે ઉપયોગે રહ્યો;
મુજ તુજ વચ્ચે કર્મનો પડદો મોટોરે,
છોટોરે સ્વપ્ન સમો તે થઈ ગયો. તારો. ૨
સત્ય પ્રેમ ત્યાં કામ ન ભેદ ન ખેદરે,
યાચ્યાને પ્રાર્થના, ભેદ રહે છતે;
વિશુદ્ધ પ્રેમે પરગટ દિલમાં પેખ્યારે,
સમકિતરે પ્રગટ્યું ભિન્નપણું જતે. તારો. ૩
જૂઠું બોલે તે છે તરણા તોલેરે,
દંભથકી દૂરરે પ્રભુજી તું રહ્યો;
કાયા માટી લોહી ચામડી ચુંથેરે,
કોનીરે આગળ પરગટ ના થયો. તારો. ૪
આસક્તિ વણુ કર્મો સર્વે કરતાંરે,
ભક્તોના હૃદયોમાં પ્રગટી રહ્યો;
ધ્યાનાગ્નિમાં મન પતંગા બળતાંરે,
ત્હારારે પ્રેમે અનુભવ એ લહ્યો. તારો. ૫
જ્યાં છે કામ ત્યાં આત્મમહાવીર છૂપારે,
લોભના વેગોરે ત્યાં પ્રગટો નહીં;
લોભતણું શું ? જોર પ્રભુ તુજ રાગેરે,
એકાન્તે મળતોરે તન્મયતા લહી. તારો. ૬
સર્વપ્રકાશપ્રકાશી અન્તર્યામીરે,
પ્રેમનાતાનેરે અભેદપણે તમે;
લય લાગી હવે દૂર કદિ નહીં જાવોરે,
સઘળારે જગમાં એક તું દિલ ગમે. તારો. ૭
ओऽहं सोऽहंतत्त्वमसि શું ધ્યાવુંરે,
મળતાંરે પેખંતાં શું ધ્યાવવું;
વ્રત નિયમ સંયમ તપ શા ? આદરવારે,
આપોઆપ ભેટયારે દિલમાં અનુભવું. તારો. ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દર્શનમતની એકદેશીદષ્ટિયોરે,
તેથીરે સર્વદેશી તું શું? દિસે;
દર્શન મતના ઝઘડા રગડા કરતાંરે,
મનનીરે માયા ત્યાં શું? ઉલ્લસે. તારો. ૯

પરોક્ષવાદવિવાદે રાગને દ્વેષેરે,
લોકોરે અંધા તુજને નહીં જુવે;
મનના મોહે છપાતો તું તનમાંરે,
દેખે રે તુજને હુંતુંપણું ખુવે. તારો. ૧૦

મનના ભાવે મરી જાતાં તનમાંહીંરે,
દુનિયા ભાન ભૂલેરે પ્રભુ જલ્દી મળે;
અનુભવ આવ્યો રહે ન નિજથી છાનોરે,
સુખનીરે વેળા અંતરૂમાં વળે. તારો. ૧૧

હું તું પેલી પારે એકસ્વરૂપીરે,
થઈનેરે જ્યોતિજ્યોત મિલાવવી;
સાગરમાં નદી મળતાં નામને રૂપ જ રે,
જૂદાં રે નહિ એ દશા દિલ અનુભવી. તારો. ૧૨

વાદવિવાદો શાસ્ત્રો આઘાં મૂકીરે,
પ્રભુથીરે રઢ મંડી સુરતા બળે;
વીર વીર ઉપયોગે દિલમાં રહિયો રે,
દિલમાંરે આનંદોદધિ ઉછળે. તારો. ૧૩

અનંત જ્યોતિ ઝળહળ ઝગમગ ઝળકેરે,
તેમાંરે જગ સહુ અણુ સમ ભાસતું;
નામ રૂપથી મરીને તુજમાં મળતાં રે,
આપોઆપ જ્યોતિરે રૂપ વિલાસતું. તારો. ૧૪

હવે ન મળવું બીજાથી રહ્યું મારે રે,
પડતું રે મૂક્યું તુજ નૂરસાગરે;
આતમ સાગરમાંહિ મનની ગાગરરે,
ફૂટીરે કોણ કહે શું? આગળે. તારો. ૧૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તુજમાં ભળતાં આતમ સત્ય પ્રકાશ્યોરે
રવિનીરે આગળ મૂકયાં તમ ક્યાં છે અરે;
બુદ્ધિસાગર પૂર્ણસનાતન વીરારે,
પામ્યારે આનંદે જે નીતરે. તારો. ૧૬

---

## कर्ममाया.

પ્રીતલડી બંધાણીરે અજીત જીણંદશું એ રાગ.

---

કર્મ ઓ માયા તારીરે હું જાણી ગયો;
આવું ન વશમાં હું ત્હારા તલભારજો,
કાલ અનાદિ તુજ સંગે સુખ ના મળ્યું;
ભ્રાંતિથી મેં લીધા બહુ અવતારજો. કર્મ. ૧

વાર અનંતી લાખ ચોરાશીમાં ભમ્યો,
બહિરાતમભાવે નિજ ભૂલી ભાનજો;
આ ભવમાં મેં આત્મરૂપ નિશ્ચય કર્યો,
મારી સોબત છોડ હવે શયતાન જો. કર્મ. ૨

વર્તમાનમાં કરૂં રે નહીં તુજ પરિણુતિ,
ભૂતકાલનાં પ્રારબ્ધકર્મનો ભોગજો;
નવ નવરૂપેરે પેસવા શોધે લાગને,
પણ દિલમાં ધારૂં છું બહુ ઉપયોગજો. કર્મ. ૩

રોગો ઉદયમાં લાવેરે દુઃખને આપવા,
ભોગવતાં નહીં બાંધું બીજાં કર્મજો;
જડ તુંજ સંગે શાતાવેદની આવતાં,
મુંઝાતો નથી ધારૂં આતમ ધર્મજો. કર્મ. ૪

લાભાલાભને સુખ દુઃખ યશ અપયશ સહુ,
રોગદ્વેષને હુંતુંના સહુ ભેદજો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ સહુ માયારે ત્હારી નામના મોહની,
કામવાસના ભીતિને સહુ ખેદજો. કર્મ. ૫
નામરૂપના મોહેરે હવે મુંઝું નહીં,
નિંદો વંદો ભલે સકલ સંસાર જો;
ત્હારા હિંચોળે ઉંચે નીચે જતાં,
ઉંચ નીચ નહીં સારો ખોટો સારજો. કર્મ. ૬
નાચ નચાવેરે તે તે શુભાશુભ નાચતો,
પણ તુજમાં હવે લેશ નહીં લેપાઉજો;
તાહ્મરા જે જે ભાવોરે તદ્રૂપ હું નહીં,
ઉપચારે હું કર્તા તુજ કહેવાઉ જો. કર્મ. ૭
જેવું શુભાશુભ કીધુંરે તેવું તું આવતું,
તેમાં ત્હારો દોષ નહીં લવલેશ જો;
કરોળીયો કરી જાળાંરે પોતે ફસી પડે,
પોતે બાંધ્યું ભોગવતાં શ્યો ? કલેશજો. કર્મ. ૮
મારી અશુદ્ધતાયોગેરે તમે ઘેર આવિયાં,
પરિણમ્યાં મુજ આતમને પરિણામજો;
માહ્મરી ભૂલેરે ભૂલ્યો હું અજ્ઞાનથી,
ફર્જ બજાવી તું કરે કરાવ્યું કામજો. કર્મ. ૯
કર્મ પ્રકૃતિ માયારે તુજ પર દ્વેષ નહીં,
તેમ હવે નહીં તાહ્મરી ઉપર રાગજો;
આહ્મના રાગે ત્યાગેરે બહુપરિણામથી,
બંધાતું એમ જાણ્યો તાહ્મરો લાગજો. કર્મ. ૧૦
મનમાં તું છે આતમભાવે તું નહીં,
મનથી મરવું અવતરવું છે ખાસજો;
આતમના ઉપયોગેરે ત્હારૂં કંઈ ગજુ,
શ્વાસોશ્વાસમાં ત્હારો થાય વિનાશજો. કર્મ. ૧૧
આતમ નિશ્ચય ભાવેરે તું નહીં મન છતું,
છતું ખરૂં પણ અસત્ ક્ષણિક નિર્ધારજો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારાવણુ હું બીજું દેખું નહીં કશું,
નિશ્ચયથી નિર્લેપીને ન વિકારજો. કર્મ. ૧૨
અનંત ભવનું સ્વપ્નુંરે તુજ માયા ટળી,
કર્મો-પ્રારબ્ધો જે રહ્યાં અવશેષ જો;
તેમાં શુભાશુભ ભાવ વિના દેખી રહ્યો,
કર્મો કરતાં પ્રગટે તું લવલેશ જો. કર્મ. ૧૩

સમભાવે તુજ સંગેરે રહેતો વિશ્વમાં,
સમભાવીને થાતું તું અનુકૂળ જો;
થાય છે થાશેરે તુજ ઉદયો ત્યાં શુદ્ધતા,
જરા માત્ર હવે કાઢું નહી તુજ ભૂલજો. કર્મ. ૧૪

કર્મ એ લેણાં ત્હારાંરે આપું સમપણે,
પરમાનંદસ્વરૂપે દિલ ઉભરાઉજો;
બુદ્ધિસાગર ભાવેરે तत्त्वमसि स्वयं,
ચિદાનંદ પરબ્રહ્મ સ્વયં હું ધ્યાઉ જો;
આતમ તાહરી લીલારે ત્હારામાં રહી. કર્મ ૧૫

---

## कर्मभोग.

અરણિક મુનિવર ચાલ્યા ગોચરી એ સાગ.

---

કર્મ કરેલાં જે ઉદયે આવીયાં, એક સમયની જે પહેલાંજી;
સમતા ભાવેરે ભોગવ આતમા, સહેવાં તે નહીં સહેલાંજી,
જ્ઞાન વૈરાગ્યેરે કર્મ ટળે સહુ. ૧
દ્રવ્યભાવ નોકર્મ કર્યાં થયાં, આતમ કર્તા પ્રમાણજી;
ભોક્તા હર્તા રે આતમ છે પ્રભુ, કિસ્મત્ પ્રકૃતિ જાણજી. જ્ઞાન. ૨
ચાર પ્રકારે રે કર્મનો બંધ છે, શુભાશુભ પરીણામેજી;
આઠ પ્રકારેરે કર્મ વિચારતાં, રાગદ્વેષ ન જામેજી; જ્ઞાન. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્કૃષ્ટા પરીણામે જે બાંધિયાં, નિકાચિત પ્રારબ્ધજી;
શુદ્ધ ઉપયોગેરે ઘનઘાતી ટળે, કર્મના જેહ સંબંધજી. જ્ઞાન. ૪
હાસ્ય કરંતાંરે કર્મ જે બાંધિયાં, ઉદયે રોતાં ન છૂટેજી;
કર્મનો કુદરત્ વસમો કાયદો, શસ્ત્રોથી નહીં ત્રુટેજી. જ્ઞાન. ૫
મનથી કીધાંને મનથી ભોગ છે, આત્મસ્વભાવે ન કર્મજી;
કર્મનો કર્તારે નિશ્ચય કર્મ છે, આતમ ઉપયોગ ધર્મજી. જ્ઞાન. ૬
કર્મને ભોગવ ! ધીરજ ધારીને, છૂટે કર્મવિપાકજી;
આકુલ વ્યાકુલ મન નહીં કીજીએ, શ્રદ્ધા સાચીરે રાખજી. જ્ઞાન. ૭
કર્મ સહંતાંરે થાતી નિર્જરા, સ્વતંત્ર આતમ થાયજી;
આતમભાવેરે આતમશુદ્ધતા, જીવન્મુક્તિ પમાયજી. જ્ઞાન. ૮
યદ્યપિ કર્મ અનંતાં ત્હોંયે તે, ટળતાં ઘડીની ન વારજી;
જ્ઞાનાગ્નિથીરે કર્મેન્ધન બળે, મેરૂ સરખોરે ભારજી. જ્ઞાન. ૯
વાવવું તેવુંરે લણવું ન્યાય છે, આપ્યું તેવુંરે લેવુંજી;
હર્ષને દુઃખ ધર્યાવણ આતમા, ચૂકવ કર્મનું દેવુંજી. જ્ઞાન. ૧૦
ત્હેં સહુ કીધાંને તુજથીરે નાશ છે, નાસે કર્મ અનંતજી;
અનંત ભવનાંરે આ ભવમાં ટળે, ભાખે વીર ભદંતજી. જ્ઞાન. ૧૦
જ્ઞાનીને નહીં કર્મનો બંધ છે, કર્મ કરંતાં અકર્મજી;
અજ્ઞાનીને અકર્મમાં કર્મ છે, આત્મામાં સત્ય શર્મજી. જ્ઞાન. ૧૧
મહાવીર પ્રભુમાંરે તન્મય થૈ જતાં, ક્ષણમાં કર્મ વિનાશજી;
વિશુદ્ધપ્રેમેરે આત્મ પ્રભુ મળે, આનંદ પૂર્ણોલ્લાસજી. જ્ઞાન. ૧૨
અનંત જ્યોતિરે આતમવીર છે. સહુમાં તેનો પ્રકાશજી;
શુદ્ધ ઉપયોગેરે મન નહીં કર્મ છે, પૂર્ણાનંદ વિલાસજી, જ્ઞાન. ૧૩
કર્મની ફાંસીરે મન ટળતાં ટળે, ધર એવો વિશ્વાસજી;
કર્મ અરિનેરે હણીએ આતમા, તું નહીં કર્મનો દાસજી. જ્ઞાન. ૧૪
ઉદયે કર્મોરે આવે તાહરે, જ્ઞાની થા રણશૂરજી;
બુદ્ધિસાગર શૂરના હાથમાં, શક્તિયો ભરપૂરજી. જ્ઞાન. ૧૫

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# बेपरवा.

અમોને નહીં જરા પરવા, શુભાશુભ સ્તુતિ નિંદાની;
ભલે ભાંડો જગત્ સઘળું, ફકીરી વીર બંદાની. ૧

કહો ડાહ્યો ભલે ગાંડો, પ્રમાણિક વા કહો બાંડો;
ગમે તે બોલવા માંડો, મગર મર્દાઈ છે કોની.
પ્રભુથી પ્રેમ કરવાની. અમો. ૧

કહો સાક્ષર નિરક્ષર વા, કહો હલકો અગર ગરવા;
નથી જન્મ્યા જરા ડરવા, અગર તાકાદ જો દિલમાં.
પધારો ભક્તિમાં મરવા. અમો. ૨

નથી મતપંથની મમતા, પ્રભુએ આપી છે સમતા;
અમો મહાવીરમાં રમતા, પછી દુનિયા પડે સામી.
ભલે ત્હોયેજ મારે શું? અમો. ૩

કર્યું ને જે લખ્યું મનથી, પ્રવૃત્તિ જે કરી તનથી;
નથી અહંકાર યૌવનથી, રૂચે તે માનો ના માનો.
બધી ભ્રાંતિથકી ન્યારો. અમો. ૪

શુભાશુભ કર્મનું દેવું, સહીને આત્મમાં રહેવું,
કશું ના અન્યને કહેવું, કર્યાં કર્મો જ નિર્જરતા.
બની અલમસ્ત ને ફરતા. અમો. ૫

નથી કંઈ ઠામ ઠેકાણું, મળે તે દેહ લેં ખાણું.
પ્રભુરસનું ભર્યું ભાણું, જમીને મોંઝને માણું;
નથી પરબ્રહ્મથી છાનું. અમો. ૬

કબર કાયાતણી કીધી, સકલ દુનિયા ત્યજી દીધી;
સનમની રાહને લીધી, પછી પાછળ શું જોવાનું.
રહ્યું ના કોઈ રોવાનું. અમો. ૭

મર્યા પહેલાં મરી લીધું, જડોને દાન જડ દીધું.
જીવન અમૃત ઘણું પીધું, નહીં અભડાઓ મુર્દાને;
જીવંતાં નાંહી આભડશો. અમો. ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમે સ્વતંત્ર મસ્તીલા, સહ્યા અપવાદના ખીલા;
સહ્યા બહુ ઘા જ ઝેરીલા, અનુભવસાગરે ઝીલ્યા.
કમાયું કર્મનું ભૂલ્યા. અમો. ૯
અમારાથી જગત્ આઘું, જશો અમ રૂપ છે નાગું;
નથી કોથી રહ્યું લાગું, તનુ ઉંઘે દિલે જાગું.
કર્યું માયાતણું તાગું. અમો. ૧૦
જિનેશ્વર વીર છે દરિયા, અનંતાનંદ રસ ભરિયા;
બનીને વીર દેશરિયા, પડયા ત્યાં કૈક સાગરિયા;
બુદ્ધયબ્ધિપ્રેમરસ ભરિયા, જીવીને પૂર્ણ ઉગરિયા. અમો. ૧૧

---

## प्रेम त्यां प्रभु दर्शन.

---

જ્યાં પ્રેમ લાગ્યો ત્યાં પ્રભુ તું, મસ્જીદે કે મન્દિરે;
શત્રુંજયે વા કાશીમાં, ગંગા યમુનાના તીરે. ૧
જ્યાં પ્રેમ ત્યાં પ્રભુ છે પ્રગટ, જેરૂસલમ મક્કાવિષે;
શમસાન ઘરમાં વનવિષે, એકાંતમાં આતમ દિસે. ૨
જ્યાં પ્રેમથી આશક અને, માશૂકનું એકતાન છે;
ત્યાં પાસમાં પ્રભુજી પ્રગટ, મહાવીર જિન ભગવાન્ છે. ૩
જ્યાં શુદ્ધ પ્રેમ પ્રકાશ ત્યાં, આતમ પ્રભુજી ઝળહળે;
વ્યભિચાર નિંદા આળનાં, મડદાં ભડોભડ ત્યાં બળે. ૪
છે પ્રેમથી પ્રભુ મૂર્તિમાં, ને પ્રેમીમાં નરનારીમાં;
આનંદમાં પ્રભુ ઉછળે છે, નિર્વિકારી યારીમાં. ૫
હાયો અરે બહુ ઉછળે, કામાગ્નિના ભડકા થતા;
ત્યાં પ્રેમવણ પ્રભુજી નહિ, જ્યાં સ્વાર્થ દિલમાં સળગતા. ૬
જે છે પ્રભુના પ્રેમીઓ, જે પ્રેમથી પ્રભુને જુવે;
તેની નજર જ્યાં જ્યાં પડે, ત્યાં ત્યાં પ્રભુ છે મનસુખે. ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ પ્રેમની છે ઉલટી–, આંખો પ્રભુને નિરખવા;
એ પ્રેમ પગલાં ઉલટાં, પ્યારા પ્રભુ પાસે જવા. ૮

નહિ ચામડીના રૂપમાં વા, સ્પર્શમાં પ્રભુજી મળે;
લોહિયાળ મુખપર મોહિયા, દુઃખાગ્નિમાં પડીને બળે. ૯

જે દેહમાટીમોહિયા ને, ચામડાં ચૂંથે મળી;
આત્મપ્રભુથી દૂર છે, ને દેહના દાસો વળી. ૧૦

પ્રભુપ્રેમ વણ પૃથ્વી અને, આકાશ શોધો બહુ ફરી;
તીર્થો નદીઓ સાગરો, શોધીને જાશો રે મરી. ૧૧

પણ પ્રેમ વણ શ્રદ્ધા વિના, આતમપ્રભુ નહિ જાણશો;
જો પ્રેમ શ્રદ્ધા પૂર્ણ તો, પાસે પ્રભુ પહિચાનશો. ૧૨

મત પંથ કુંડાળાં કરી, વાડા ન કરશો માનવો;
ખુલ્લાં કરો દિલદ્વારને, લેશો અનુભવ નવનવો. ૧૩

ગુરૂદેવના પ્રેમે બનો, મસ્તો પ્રભુ દિલ શોધશો;
બુદ્ધયબ્ધિ વ્યાપક વીરની, ચિદ્રૂપ સત્તા બોધશો. ૧૫

---

# લાલન

અમે લાલન બન્યા છૈયે, પ્રભુ મહાવીરના નક્કી;
અમે સાગ્રી ખરા ખાખી, ખુદા મહાવીર છે સાકી. ૧

શરીઅતથી ગયા આઘા, તરીકતના કર્યા વાઘા;
હકીકતના થયા લાગા, રહ્યા નહીં દીલમાં ડાઘા;
મળી તાકાત મારફતની, રહી ના ભક્તિમાં બાકી. અમે. ૨

પ્રભુએ પ્રેમની પ્યાલી, અમારા હોઠે અડકાળી,
ચઢી લાલી મઝા ભાળી, પ્રભુરૂપે રહ્યો મ્હાલી;
નથી મગદૂર બીજાની, ઉતારે શીર શરવાહી. અમે. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુ મહાવીરથી મસ્તી, કરીને કાળથી કુસ્તી;
ઉડાડી મોહની સુસ્તી, કરી પરબ્રહ્મમાં વસ્તી;
કરીને ઉન્મુની મુદ્રા, મહાવીરમાં નજર તાકી. અમે. ૪
બની બેભાન દિલ ભાળ્યા, કષાયો ઉઠતાં બાળ્યા;
વિકારો આવતાં ખાળ્યા, થયા ત્યારે તમે વ્હાલા;
મગર તોંયે રીઝવવામાં, જરા ના બાકી કંઇ રાખી. અમે. ૫
મળી લાલી પ્રભુ વ્હાલી, અનંતાનંદમતવાલી;
મળી દિલ મુક્તિની પ્હાલી, નૂરેનૂર ભેળવી ભાળી;
મર્યાવણુ નહીં મળે યારી, સમાધિયોગથી પાકી. અમે. ૬
પ્રભુએ પ્રેમરસ બોળ્યા, તપાવી તાપથી તોળ્યા;
કરીને આત્મરસ ઘોળ્યા, ઘણા નિરહંપણે ચોળ્યા;
બનાવી મસ્ત હિંચોળ્યા, જણાતા નહિં ગયા થાકી. અમે. ૭
હતું તે સહુ છતું દેખ્યું, નહોતું સર્વ ઉવેખ્યું;
ગણ્યું એક સત્યનું લેખું, કશું ના અન્ય દિલ પેખું;
રહ્યું જે કર્મ તે છેકું, ફિકરની ફાકિયો ફાકી. અમે. ૮
અભેદે એકથૈ જાવું, પ્રભુરસ પીવું ને પાવું,
રહ્યું ના આવવું જાવું, નુરેનુર એકરસ પાવું;
બુદ્ધયબ્ધિ વીર મસ્તાનો, થયો અલમસ્ત દિલ ખાકી. અમે. ૯

---

## मनवशकर.

---

મનવશકર ઉપયોગેરે આતમ, મનવશકર ઉપયોગે;
લલચાતો નહીં ભોગેરે.................................આતમ. ૧
મન શેતાનને માયા પ્રકૃતિ, સ્વર્ગનર્ક મનલીલા;
વિશ્વજીત ઈન્દ્રાદિક સર્વે, મનની આગળ ઢીલારે. આતમ. ૨
જ્ઞાન વૈરાગ્યે મનડું મરતું, વિષયોથી ચળવળતું;
આતમમાં શુદ્ધપ્રેમે વળતું, અભ્યાસે થાય ઠરતુંરે. આતમ. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનડું જન્મ મરણુ કરનારૂં, સર્વ જગતમાં જનારૂં;
રોગ શોક ચિંતા વહનારૂં, કલ્પે સારૂં નઠારૂંરે. આતમ. ૪
વાયુની પેઠે વશ નહીં આવે, અભ્યાસે સ્થિર થાવે;
રાગને દ્વેષપણે વહે ભાવે, હઠ કરી છટકી જાવેરે. આતમ. ૫
દુનિયાના જીવો મનવશમાં, લાખચોરાશી ભટકે;
મન જીતે જીત્યું જગ સઘળું, સમજાવ્યું પણ છટકેરે. આતમ. ૬
કાયાવાણી ધન મનમાયા, મનના સહુ પડછાયા;
મનનું કહ્યું કરતા નહીં ડાહ્યા, અંતે સાર ન પાયારે. આતમ. ૭
મનના વેષ ક્રિયાદિક ઝઘડા, મતપંથ દર્શન ભેદો;
મન મમતાને અહંતારૂપી, મનડું કરાવે ખેદોરે. આતમ. ૮
મન છે બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર, મનડું છે સહુ સૃષ્ટિ;
મનની હારાહાર જીતાજીત, મન છે વ્યષ્ટિ સમષ્ટિરે. આતમ. ૯
તપ જપ પૂજા સેવાભક્તિ, મનવશ કરવામાટે;
દાબતાં જોર ઘણું કરી ઉછળે, ભટકે ઘાટોઘાટેરે. આતમ. ૧૦
હઠયોગીને વેગે હઠાવે, બ્રાહ્મણને ભટકાવે;
તપસીઓને ખૂબ તપાવે, દંડીઓને દબાવેરે. આતમ. ૧૧
મનવશ કરવું સહેલ નહીં છે, કાલ અનાદિ હઠીલું;
અનુક્રમ અભ્યાસે વશ આવે, પ્રકૃતિ જોર જટીલુંરે. આતમ. ૧૨
મનનું કહ્યું કરતા તે મૂઢા, ઇશ્વર સમ મનશક્તિ;
મનપર રાગને દ્વેષ તે મન છે, ભાવ શુભાશુભ વ્યક્તિરે. આતમ. ૧૩
મન છે મંત્રો યંત્રોને તંત્રો, મનડું ગુરૂ અને ચેલો;
મનનો જે વિશ્વાસ કરે તે, જ્ઞાની બને પણ ઘહેલોરે. આતમ. ૧૪
મનના તાબે રહેલ ગુલામો, ઈન્દ્ર ચંદ્રને રાયા;
મોહ ભેદો સહુ મનની માયા, જીત્યા તે સુખ પાયારે. આતમ, ૧૫
મનની સ્હામા પડેલા જનને, મન પાતાળે જ ઘાલે;
દેવગુરૂના ભક્ત થયા પછી, મનવશ થાતું ચાલેરે. આતમ. ૧૬
અશુભથકી મન પાછું હઠાવી, શુભમાં વેગથીવાળો;
શુભમાંથી મન પાછું હઠાવી, આત્મામાં રમી મ્હાલોરે. આતમ. ૧૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યદ્યપિ મન એવું છે તથાપિ, હળવે આતમવશ થાવે;
આતમ આગળ મન છે અણુસમ, આતમમાં લય પાવેરે. આતમ. ૧૮

આતમ ઉદ્યમ કર ગુરૂગમથી, મનવશ કરવા કાજે;
અનેક ભવ સંસ્કારના બળથી, આતમવશ મન છાજેરે. આતમ. ૧૯

પરમબ્રહ્મ મહાવીર ભજ્યાથી, મનવશ થાય વિવેકે;
મનવશ કરવું જૈનધર્મ એ, ઉત્સાહ ખંતને ટેકેરે આતમ. ૨૦

શક્તિ અનંતી આતમની છે, જ્ઞાન વૈરાગ્યે પ્રગટે;
શ્વાસોચ્છ્વાસમાં મનડું મરતું, મોહની શક્તિ વિઘટેરે. આતમ. ૨૧

વીર પ્રભુના શરણે રહીને, વીર વિભુ ઝટ થાવું;
આત્માર્થે મનોયોગ કરીને, શિવપુરમાંહિ જાવુંરે. આતમ. ૨૨

આતમ જાગ્રત્! થા ઉપયોગે, શક્તિ અનંતી સ્ફુરાવી;
મનનો ઉપયોગ કરજે સારો, મહાવીરમાં લય લાવીરે. આતમ. ૨૩

મન જીત્યાથી મહાવીર પોતે, કયાં તું જડમાં ગોતે;
મન આતમમાંહિ રહેતાં ઉદ્યોતે, ઝળહળતો પૂર્ણજ્યોતેરે. આતમ. ૨૪

મનવશ કરવા માટે યોગો, અસંખ્ય જાતના જાણો;
બુદ્ધિસાગર આતમપ્રેમે, નિશ્ચય સત્ય પ્રમાણોરે. આતમ. ૨૫

---

## त्यागपणुं.

ત્યાગપણું તે ધરવુંરે, આતમ !! ત્યાગપણું તે ધરવું;
મન મારીને મરવુંરે, આતમ !! ત્યાગપણું તે ધરવું. ટેક.

ઇન્દ્રિય વાણી કાયા મન નહિ, જડથકી આતમ ન્યારો;
લિંગ ન જાતિ બાહ્ય ક્રતો નહિ, દૃશ્યની મમતા વારોરે. આતમ ૧

મન વાણી કાયાની ઉન્નતિ, ત્યાંલગી બાહ્ય સુધારો,
ભૌતિક પૂજક બાહ્ય સુધારક, પામે ન સુખનો આરોરે. આતમ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મોન્નતિ એ ત્યાગપણું છે, સ્વાતંત્ર્યે સહુ કરવું;
પારતંત્ર્યે ત્યાગપણું નહિ, ઇચ્છા વણુ અનુસરવુંરે. આતમ ૩

પરવશતા ત્યાગે તે ત્યાગી, બાહ્યાંતર સામ્રાજ્યે;
પરની આશા પરતાબામાં, રહેતાં ત્યાગ ન છાજેરે. આતમ ૪

આત્મ વિનાની પરવસ્તુના, તાબે શાંતિ ન મળતી;
મન વાણી કાયાપર કાબૂ, ત્યાં સુખ વેળા ન વળતીરે. આતમ ૫

આતમ વશમાં મનડું વર્તે, તાબો ન અન્યનો રહેતો;
પરવશતાનું ત્યાગપણું જ્યાં, આતમભાવે વહેતોરે. આતમ ૬

દેશકોમ રાજ્યાદિકમાંહી, સ્વેચ્છાએ જ્યાં રહેવું;
મૃત્યુભીતિના ત્યાગપણાથી, ન્યાયથી લેવું દેવુંરે. આતમ ૭

આતમવશતામાટે સ્વાર્પણ, કરવું ત્યાગ તે સાચો;
શાસ્ત્રવિષય લોકસંજ્ઞા ત્યાગી, સત્યેચ્છાએ રાચોરે. આતમ ૮

દેહાધ્યાસનો ત્યાગ નહિં જ્યાં, ત્યાં બંધન સહુ વાતે;
વેષ ક્રિયા મત બંધન મોટું, ત્યાગથી ઉન્નતિ જાતેરે. આતમ ૯

નિંદા સ્તુતિ ને પર અભિપ્રાયે, બદ્ધપણું ત્યાં ગુલામી;
નાત જાત રૂઢિ વશમાં રહેવું, ત્યાગપણાની ખામીરે. આતમ ૧૦

ઇચ્છાવણુ હાજી હા ને ખુશામત, મન કેદી સમ કરવું;
દેશ રાજ્ય પ્રજાદિક કેદી, ત્યાં નિશ્ચય હોય મરવુંરે. આતમ ૧૧

હું ને તું તે ત્યાગે ત્યાગ જ, તૃણવત્ જગને ગણવું;
માયાકારે વૃત્તિ રહે નહિ, હોય ન કયારે ડરવુંરે. આતમ ૧૨

શ કોમ રાજ્ય સંઘ પ્રજામાં, ત્યાગીઓ સત્ય જણાવે;
નિસ્પૃહ નિર્ભયથી છે ઉન્નતિ, સ્વતંત્રતાને શિખાવેરે. આતમ૦ ૧૨

ચક્રવર્તિ શહેનશાહથી મોટા, ચારિત્રવંત મહંતા;
કંચન કામની ત્યાગી સંતો, જ્ઞાનયોગી ગુણવંતારે. આતમ૦ ૧૩

ગુરૂઆજ્ઞાએ શિષ્યાદિકને, સ્વચ્છંદત્યાગથી મુક્તિ;
ત્યાગ ને મુક્તિ સ્વાતંત્ર્ય એક જ, એક ભાવાર્થની યુક્તિરે. આતમ૦ ૧૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આંતરત્યાગપણું તે સાચું, મમતા અહંતાત્યાગે;
આત્મેચ્છાએ બાહ્યમાં વર્તવું, બાહ્યત્યાગ ગુણરાગેરે. આતમ૦ ૧૫
મોહના તાબે રહેવું તે નર્ક જ, પગ પગ દુઃખની શ્રેણિ;
દુર્ગુણ વ્યસનો ત્યાગે ત્યાગ જ, કહેણી સમ જ્યાં રહેણીરે. આતમ૦ ૧૬
પરતંત્રતામાં ત્યાગપણું નહિં, ઘરમાં વા જંગલમાં;
શુભ અશુભની વૃત્તિ નહિ જ્યાં, ત્યાગપણું વન ઘરમાંરે. આતમ૦ ૧૭
બૂરી ઇચ્છાઓના ત્યાગે, દુષ્ટકામના ત્યાગે;
આત્મગુણો સર્વે ઝટ જાગે, મન રહેતું વૈરાગ્યેરે. આતમ૦ ૧૮
પરમાર્થે મન વાણી કાયા, વર્તે ત્યાગ મઝાનો;
દેહ પ્રાણનો ત્યાગ જ ધર્મે, ત્યાગ રહે નહિ છાનોરે. આતમ૦ ૧૯
સ્વાર્થ તજીને સર્વજીવોના, સુખ માટેજ પ્રવૃત્તિ;
અલ્પ દોષને બહુ લાભાર્થે, વર્તે નીતિની રીતિરે. આતમ૦ ૨૦
ગ્રહણ કરી જડવસ્તુઓ જે જે, પરિગ્રહ કીધો ઝાઝો;
તેનો ત્યાગ જ પરમાર્થે છે, મૂર્છા વણ હોય માઝોરે. આતમ૦ ૨૧
અશુભરાગાદિકના ત્યાગે, આતમ વેગે જાગે;
ધર્માર્થે પરમાર્થે રાગે, રહેતાં ત્યાગ વૈરાગ્યેરે. આતમ૦ ૨૨
નભવત્ નિર્લેપી છે આતમ, નિશ્ચય કરીને વર્તે;
સર્વાવસ્થામાં તે ત્યાગી, આતમજ્ઞાનની શર્તેરે. આતમ૦ ૨૩
આંતર ત્યાગની આગળ બાહિર, ત્યાગની કિમ્મત કોડી;
મનના ત્યાગે ત્યાગ સહુ છે, તેની નહિ કોઈ જોડીરે. આતમ૦ ૨૪
નિર્ભયતાદેહાદિસમર્પણ, ત્યાં છે ત્યાગ સવાયો;
સત્ય ગ્રહણમાં જૂઠના ત્યાગે, સાચો ત્યાગ સુહાયોરે. આતમ૦ ૨૫
ત્યાગી સત્ય પ્રકાશી શકે છે, નિસ્પૃહ ભાવના દાવે;
ત્યાગીઓ એવા જ્યાં પ્રગટે, ત્યાં સુખ શાંતિ થાવેરે. આતમ૦ ૨૬
બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય ને શૂદ્રો, બૂરા સ્વાર્થના ત્યાગે;
પ્રમાણિક ને શૂર બને છે, શક્તિ ગુણોના રાગેરે. આતમ૦ ૨૭
આતમ રાગી તે છે ત્યાગી, સ્વાશ્રય ને ઉત્સાહે;
આતમમાંહી લગની લગાવી, અનુભવને અવગાહેરે. આતમ૦ ૨૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાગથકી છે સેવાભક્તિ, ત્યાગથી નિર્બંધ કર્મે;
દાન દયા ને દમમાં ત્યાગ જ, ત્યાગી રહે છે શર્મેરે. આતમ૦ ૨૯
દેશ રાજ્ય ધર્માદિક ઉન્નતિ, ક્ષુદ્રકદાગ્રહત્યાગે;
સાંકડી વૃત્તિયો ને પ્રવૃત્તિયો, ત્યાગે ઉન્નતિ જાગેરે. આતમ૦ ૩૦
ત્યાગપણામાં યજ્ઞ સકલ છે, ત્યાગીને પ્રભુ પાસે;
ત્યાગી તે મહાવીર બને છે, આતમના વિશ્વાસેરે. આતમ૦ ૩૧
નામ રૂપાદિક મોહના ત્યાગે, કર્મો સ્વવશથી કરવાં;
મુક્તિજનોના ઘટમાં પ્રગટે, પરમાર્થે જીવન ધરવાંરે. આતમ૦ ૩૨
પ્રકૃતિમાં હરવું ફરવું, પ્રકૃતિની રહી સાથે;
સાત્વિક ત્યાગ ગ્રહીને જ્ઞાને, કર્મ કરો નિજ હાથેરે. આતમ૦ ૩૩
ત્યાગી પ્રથમ થા પોતે પૂરો, પછી બીજાને જોશો;
કહેણી વિના રહેણીમાં રહીને, પરતંત્રતાને ખોશોરે. આતમ૦ ૩૪
ગ્રહણ છે ત્યાગને ત્યાગ ગ્રહણ છે, સાપેક્ષાએ વિચારો;
પ્રકૃતિ આતમ ત્યાગ ગ્રહણ બે, બાહ્યાંતર અવધારોરે. આતમ૦ ૩૫
ત્યાગી જન દાની છે પૂરો, શુદ્ધ પ્રેમી તે ત્યાગી;
ત્યાગી તે જ્ઞાની છે પૂરો, જ્ઞાની તે વૈરાગીરે. આતમ૦ ૩૬
મિથ્યાચારવિચારના ત્યાગે, તરતમ ત્યાગી થાવું;
અનંત બ્રહ્મ મહાવીરમાં, વૃત્તિયોથી સમાવુંરે. આતમ૦ ૩૭
રાગને ત્યાગ છે મનની આધિ, બાહિર ત્યાગ ઉપાધિ;
ગ્રહણ ને ત્યાગ વિકલ્પ ન જ્યાં છે, ત્યાં છે રાજ સમાધિરે. આતમ૦ ૩૮
ગ્રહણ ને ત્યાગની વૃત્તિ રહે ત્યાં, ત્યાગપણું ન સ્વભાવે;
આપોઆપ સ્વભાવે રહેવું, પૂર્ણાનંદ સુહાવેરે. આતમ૦ ૩૯
બાહિર આંતર ત્યાગ છે સહેજે, મનના મોહના ત્યાગે;
બુદ્ધિસાગર આતમ ઉજાગર, પૂર્ણાનંદે જાગેરે. આતમ૦ ૪૦
રાગ અને ત્યાગ મનની છે બાજી, ગ્રહણ ને ત્યાગ હરાજી;
કરીને આતમભાવે રાજી, થા ત્યાગી ગુણ ગાજીરે. આતમ૦ ૪૧

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# मुक्तिमहेलनां चउद पगथियां.

ભક્તોને શીખામણ સાચી એશ છે;
મુક્તિ મહેલમાં જાવાની સુખકારજો,
ચઉદ પગથિયાં મુક્તમહેલનાં જાણીને;
ચઢો પગથીએ વેગે નરને નારજો. ભક્તોને. ૧

પહેલું પગથિયું સાધુસંતની ચાકરી;
સન્તની સંગત કરતાં થાય વિવેકજો,
મિથ્યાભ્રાંતિ ભાગે સન્ત સમાગમે;
પ્રભુ મહાવીર ભજતાં પ્રગટે ટેકજો. ભક્તોને. ૨

બીજું પગથિયું દયા ધર્મનું જાણીને;
તેપર ચઢશો દયા કરી નિર્ધારજો,
સર્વધર્મનું મૂલ દયા દિલ લાવશો;
દયાપ્રવૃત્તિ આચરશો સુખકારજો. ભક્તોને. ૩

ત્રીજું પગથીયું સત્યને ચોથું છે ક્ષમા;
પાચમું ધીરજ છઠું સાચો પ્રેમજો,
સાતમું તપને આઠમું સાચી ભાવના;
બ્રહ્મચર્ય નવમું જેની શુભ નેમજો. ભક્તોને. ૪

દશમું ગુણનો રાગને નિન્દા નહીં કદિ;
એકાદશમું આત્મવીરનું ધ્યાનજો,
બારમું ભક્તિ તેરમી સત્ય સમાધિ છે;
શુભાશુભ બુદ્ધિ નહીં માનામાનજો. ભક્તોનો ૫

આત્મબ્રહ્મમાં પૂર્ણ રમણતા ચોદમું,
ચઢતાં સ્હામા વીરપ્રભુ દેખાય જો,
જેની જ્યોતિ અનંત ઝળહળ ઝગમગે;
નિરખંતાં નહીં આનંદ દિલમાં માયજો. ભક્તોને. ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરબ્રહ્મમહાવીરને ભેટો એક થૈ;
દેખાઓ ત્યાં સ્વયં પ્રભુ ભગવાન્ જો,
બુદ્ધિસાગરજીવંતા જોયા પ્રભુ;
અંતરૂમાં બાહિર શ્યાં હોય નિશાન જો. ભકતોને. ૭

---

# પ્રભુપ્રેમીનાં લક્ષણ.

---

પ્રભુ પ્રેમીનાં લક્ષણ સાચાં સાંભળો;
અંતરૂમાં પ્રગટાવો નરને નાર જો,
સાચું ભાષણ સાચી સન્તની સેવના;
દેહાધ્યાસ રહે નહીં મન નિર્ધારજો. પ્રભુ. ૧
અવગુણ નહીં દેખાતા કોના સ્વપ્નમાં;
પ્રાણાંતે પણ નિંદા કોની ન થાય જો,
જ્યાં ત્યાં ગુણ દેખાતા ગુણપર રાગથી;
જીભલડી સહુ જીવોના ગુણ ગાયજો. પ્રભુ. ૨
પ્રભુ પ્રભુ મહાવીર રટન પળપળ થતું;
મનડું પ્રભુમાં ડૂબી થાતું લીન જો,
ચેન પડે નહીં પ્રભુવણ બીજું દેખતાં,
જલવણ અન્ય ન ઇચ્છે જેવું મીન જો. પ્રભુ. ૩
પ્રભુભજનમાં મન રંગાઇને રહે;
પ્રભુ વિરહથી આવે મૂર્છા વેગજો,
જડ જગભાસે મિથ્યા રાગ ન ઉપજે;
આતમ પ્રભુપર પ્રેમતણો અતિરેકજો. પ્રભુ. ૪
પ્રભુથી સુરતા લાગી તૂટે નહીં કદિ;
જ્યાં ત્યાં ભાવે પ્રભુનું રૂપ જણાયજો,
પ્રભુ દર્શનની પ્યાસ દયામાં લખગુણી;
પ્રભુ મળ્યાવણ જીવ્યું નહીં જીવાયજો. પ્રભુ. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુકથા સાંભળવા રૂચિ દિલ બહુ;
જિંહ્વા જપતી વીરપ્રભુનો જાપજો,
પાપ બુદ્ધિને પાપ પ્રવૃત્તિ નહિં જરા;
પ્રભુવિરહનો દિલમાં લાગે તાપજો. પ્રભુ. ૬

દયા દાન દમ સંયમ શીયલ સેવના;
સર્વજીવોપર પ્રભુના સરખો પ્રેમજો,
વિષસમ વિષયો લાગે ભક્તિભાવથી;
નીતિ નિયમને સર્વજીવોપર રહેમજો. પ્રભુ. ૭

સમભાવે વર્તે આતમઉપયોગમાં;
પ્રામાણિકને મહાવીર પ્રભુજી પાસજો,
બુદ્ધિસાગર ભક્તોને નહીં ભેદ છે;
સહુદર્શનમાં સમથી મુક્તિ ખાસજો. પ્રભુ. ૮

---

# महावीर प्रभुनी भक्ति.

[ મન મંદિર આવોરે કહું એક વાતલડી.—એ રાગ ]

પ્રેમથી નર નારીરે, પ્રભુ મહાવીર ભજો,
ગુણ સમકિત ધારીરે, વિરક્તિભાવ સજો. પ્રભુ ૧
નિંદા વિકથાની ટેવેરે, મહાવીર છે દૂરે;
પ્રેમ ભકિત ઉમળકેરે, પ્રભુ સહુ આશ પૂરે. પ્રભુ ૨
પ્રભુમાં રંગ લાગ્યોરે, કદી નહીં છાનો રહે;
રહે ભક્તો ન છાનારે, પ્રભુનું રૂપ લહે. પ્રભુ ૩
પાંચ ઇંદ્રિયો પ્રભુથીરે, હળીમળી શાંત બને;
મન મસ્ત બનીનેરે, રહે મહાવીર કને પ્રભુ ૪
તાર સાંધ્યા ન તૂટેરે, હૃદય મહાવીર સ્મરે;
જાપ અજપા ચાલેરે, અનહદ નાદ સ્ફુરે. પ્રભુ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વ કાજ કરંતાંરે, પ્રભુ મહાવીર જપો;
અનાસક્તિએ કર્મોરે, કરી સત્ય તપને તપો. પ્રભુ ૬
રહી સંસારમાંહીરે, કરો સ્વાધિકારે સહુ;
વીરમાં મન રાખીરે, રહો મન રાજી બહુ. પ્રભુ ૭
ભવમાં ન બંધાશોરે, મહાવીર શરણુ કરી,
મળી મહાવીર નૌકારે, ભવાબ્ધિને જાઓ તરી. પ્રભુ ૮
આળપંપાળ છંડીરે, મહાવીર જાપ જપો,
જાપ સમ તપ નહીં કો રે, બીજું ન મન વિલપો. પ્રભુ ૯
મહાવીરમાં સુરતારે, ધરી સહુ કાજ કરો;
મળે નિશ્ચય મુક્તિ રે, ઠરી એક ઠામ ઠરો. પ્રભુ ૧૦
પડે દુઃખ કરોડો રે, તથાપિ ન વીર ત્યજો;
કસોટીએ કસાઇ રે, પ્રભુ વીર વીર ભજો. પ્રભુ ૧૧
વીર નામ ભજંતાંરે, ટળે સહુ પાપ કર્યાં;
થાય ચિત્તની શુદ્ધિ રે, મળે પ્રભુ ચિત્ત ઠર્યાં. પ્રભુ ૧૨
ખાતાં પીતાં ને ફરતાંરે, જપો જાપ વીરવિભુ,
બુદ્ધિસાગરભક્તેરે, સાક્ષાત્ વીર પ્રભુ. પ્રભુ ૧૩

---

# यशोदानी प्रभु महावीर भक्ति.

---

વહેલાં વહેલાં દર્શન દેજો મુનિવર શાતામાં રહેજો એ રાગ.

વહેલાં વહેલાં દર્શન દેજો વ્હાલમવીર દર્શન દેશો;
વીનતિ ધ્યાનમાં લેશો .... .... .... .... વ્હાલમ.
ત્યાગી બની ભલે વનમાં સિધાવો, પણ મુજ દિલથી ન દૂરે ન થાવો;
પ્રેમથી પાસે સુહાવો .... .... .... .... .... વ્હાલમ. ૧
ષટ્ ચક્રોમાં પ્રેમે પ્રભુ પરખ્યા, બીજા કોઇ નહીં તવ સરખા
આનંદ મેહુલા વરસ્યા .... .... .... .... વ્હાલમ. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રીતલડી તત્ર સાથે કીધી, પાસે જણાઇ સઘળી ઋદ્ધિ;
તવવણ અન્ય ન સિદ્ધિ .... .... ... .... વ્હાલમ. ૩
સર્વથકી તમે મોટામાં મોટા, અણુ અણુથી પણ છોટામાં છોટા;
પુદ્ગલભાવ છે ખોટા .... .... .... .... વ્હાલમ. ૪
ત્રણ્યકાલમાં એકસ્વરૂપી, સાપેક્ષાએ રૂપી અરૂપી;
પ્રભુ તમે વાત પ્રરૂપી .... .... .... .... વ્હાલમ. ૫
ત્યાગ ગ્રહણ વ્યવહારની માયા, બંધાદિક, મનના પડછાયા;
આતમવીર સુહાયા .... .... .... .... .... વ્હાલમ. ૬
તુજમાં હું અને મુજમાં તમોછો. હું તું ભેદ વિના જ રમોછો;
આનંદરૂપે ગમોછો .... .... .... .... .... વ્હાલમ. ૭
પતિપત્ની એકરૂપે મઝાનાં, દિલડાં રહે નહીં જૂદાં છાનાં;
પૂર્ણરસે મસ્તાનાં ... .... .... .... .... વ્હાલમ. ૮
તવમાં સમાઈ રહી પ્રભુ પ્યારા, એક પ્રભુ મુજ છો આધારા;
ક્યારે થશો નહીં ન્યારા .... .... .... .... વ્હાલમ. ૯
પુદ્ગલ રહેતું પુદ્ગલ સંગે, આતમ આતમની રહે રંગે;
નિશ્ચય પ્રેમ અભંગે .... .... .... .... .... વ્હાલમ. ૧૦
ભક્તિથકી દિલ લાવીશ વ્હાલા, એક સ્વરૂપે રહો રઢિયાલા;
બુદ્ધિસાગર પ્યારા .... .... .... .... ... વ્હાલમ. ૧૧

---

# मोहनी कुरबानी ग्रन्थ.

---

પરબ્રહ્મ મહાવીર અલ્લા એ જણાવેરે;
કુરબાની કરે મોહની તે મ્હને પાવેરે. પરબ્રહ્મ. ૧
મનવાસના પશુની કતલ કરંતાં રાજીરે;
પરમાર્થમાટે પ્રાણની કુરબાની સાચીરે. પરબ્રહ્મ. ૨
અરસ્પરસ દેદાર મેળવવાને ચાહોરે;
કુરબાની માયાની કરો એ સત્ય લ્હાવોરે. પરબ્રહ્મ. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પશુઓને આત્મસમ ગણી રહેમ જ વધારોરે,
દુર્ગુણતણી સહુ વૃત્તિયો, તેઓને મારોરે. પરબ્રહ્મ. ૪
દુર્બુદ્ધિને અન્યાય બેવફાઇ મારોરે;
દુ:ખી અબોલા જીવને મરતાં ઉગારોરે. પરબ્રહ્મ. ૫
સહુ પાપકર્મોની કરો કુર્બાની સાચીરે;
સમજી સાચી વાત તેમાં રહેશો રાચીરે. પરબ્રહ્મ. ૬
પ્યારૂં ગણ્યું જે જે સકલ સમર્પો મ્હનેરે;
પરમાર્થ યજ્ઞે હોમીને આવોજ કનેરે. પરબ્રહ્મ. ૭
અસત્ય વ્યભિચારની કુર્બાની કરોરે;
કુર્બાની સાચી, ધર્મની માટે જ મરોરે. પરબ્રહ્મ. ૮
મુજને મળતાં આડા આવે જે જે દોષોરે;
કુર્બાની કરી તેહની આતમ પોષોરે. પરબ્રહ્મ. ૯
અહં અને મમતા સહુ કુરબાન કરોરે
બેભાન બની બહાદુરો મનભાવે મરોરે. પરબ્રહ્મ ૧૦
કુર્બાની કે યજ્ઞો નહીં અભેદભાવેરે;
મુજ મસ્તને કશુએ નહીં કરવાનું દાવેરે. પરબ્રહ્મ. ૧૧
જેની ન આદિ અંત એવા નૂરવાળોરે;
લાલચની કુરબાની કરી મુજને નિહાળોરે. પર૦ ૧૨
જે હોમ કરે જાતનો તે થાય મારોરે;
મારે જીવનને મૃત્યુને તે થાય પ્યારોરે. પર૦ ૧૩
પોતાની કુર્બાની કરી મરીને જીવોરે;
મારા અનંતા નૂરનું અમૃત પીવોરે. પર૦ ૧૪
મારી અને ત્હારી વચ્ચે જે ભેદ રહ્યોરે;
કુરબાની કરી તેહની આનંદ લહોરે; પર૦ ૧૫
જૂદો પડીને દેહથી જીવે તે સાચોરે;
કામાદિ પશુજીવનથી જીવે તે કાચોરે. પર૦ ૧૬
કુર્બાની કરે એહવી તે ભકત મારારે,
બુદ્ધયબ્ધિ ખુદા વીર તે થાયજ પ્યારારે. પર૦ ૧૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# यज्ञस्वरूप ग्रन्थ.

[ ઓધવજી સંદેશો કહેજો સ્યામને.—એ રાગ. ]

પરબ્રહ્મ મહાવીર પ્રભુ ભગવાનજી,
સેવું પૂજું ધ્યાવું ગુણગણ ખાણજો;
યજ્ઞસ્વરૂપ જણાવો મુજને પ્રેમથી,
નંદિવર્ધન બોલે એવી વાણજો. પરબ્રહ્મ૦ ૧

પરબ્રહ્મ મહાવીર પ્રભુ એમ ભાખતા,
સર્વ જાતના યજ્ઞોને હિતકારજો;
જ્ઞાનયજ્ઞ સમ કોઈ ન મોટો જાણવો,
સર્વ યજ્ઞનો આત્મયજ્ઞ આધારજો.
નંદિવર્ધન સાંભળ રૂડા રાજવી. નંદિ૦ ૨

ભૂખ્યાને ભોજન તરસ્યાને પાણીથી,
સંતોષ્યાથી ભોજનયજ્ઞ ગણાયજો;
અતિથિને ભોજન આદિ સત્કારથી,
કરતાં અતિથિયજ્ઞ ભલો શોભાયજો. નંદિ૦ ૩

માતપિતાની પૂજા સેવા ભાવથી,
માતાપિતાનો યજ્ઞ ભલો ગુણકારજો;
ગાયોની સેવા રક્ષા ગોયજ્ઞ છે,
પશુનું રક્ષણ પશુયજ્ઞ જ નિર્ધારજો. નંદિ૦ ૪

પંખીઓનું રક્ષણ પંખીયજ્ઞ છે,
વનસ્પતિનું રક્ષણ ઔષધિયાગજો;
દેશનું રક્ષણ દેશયજ્ઞ છે લોકનો,
ત્યાગી સેવાયજ્ઞ તે જાણો ત્યાગજો. નંદિ૦ ૫

ગુરૂઓની સેવા પૂજા ગુરૂયજ્ઞ છે,
દેવની પૂજા દેવયજ્ઞ જયકારજો;
પરમાર્થે સ્વાર્પણ કરવું તે યજ્ઞ છે,
નિષ્કામે યજ્ઞો મુક્તિદાતારજો. નંદિ૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સત્યનું જીવન કહેણી સમ રહેણી થતાં,
સત્ય યજ્ઞને કરતા નર ને નારજો;
વિદ્યામાટે સર્વ સમર્પણ આદરે,
વિદ્યાયજ્ઞ અને પ્રગતિ કરનારજો. નંદિ૦ ૭

સંઘની સેવાભક્તિ પ્રભુમય ભાવથી,
સંઘયજ્ઞ તે જાણો સહુમાં શ્રેષ્ઠજો;
નિષ્કામે કર્મો કરવાં અધિકારથી,
કર્મયજ્ઞ શિવપુર પહોંચાડે ઠેઠજો. નંદિ૦ ૮

જ્ઞાનાગ્નિમાં કામપશુને હોમતાં,
અંતરમાં પ્રગટે આતમ ઉજાસજો;
વિષયેચ્છાને રોધે તે તપયજ્ઞ છે,
વિનયયજ્ઞથી પ્રગટે સત્યપ્રકાશજો. નંદિ૦ ૯

સર્વજીવોની સેવા રક્ષા યજ્ઞ છે,
વિશ્વયજ્ઞથી આતમ વિશ્વ સમાનજો;
દેવ ગુરૂ ને ધર્મની શ્રદ્ધા નિર્મળી,
જૈનધર્મ આરાધન યજ્ઞ પ્રમાણજો. નંદિ૦ ૧૦

ધર્મ્ય યુદ્ધ તે આંતર બાહિર દેશમાં,
ધર્મ્ય યુદ્ધ યજ્ઞે હોમો નિજ દેહજો;
ધર્મ વીરોના ભાગ્યે યજ્ઞજ જાણવો,
સ્વર્ગ મુક્તિને પામે લોક વિદેહજો. નંદિ૦ ૧૧

પરમ પ્રભુમયજીવન આંતર બાહ્યથી,
પ્રભુયજ્ઞને પામે કોઇક વીરજો;
નામ રૂપના મોહ વિના જે મુક્ત છે,
દેહાધ્યાસ વિના વર્તે જગ ધીરજો. નંદિ૦ ૧૨

દ્રવ્ય ભાવથી શત્રુઓને જીતતા,
જૈનોનો જિનયજ્ઞ જગત આધાર જો;
જીવંતાં મરીને જીવે તે જૈન છે,
જૈનયજ્ઞને સેવો નરને નારજો. નંદિ૦ ૧૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિગમાગમની ભક્તિ આગમ યજ્ઞ છે,
શુદ્ધ હૃદય તે હૃદય યજ્ઞ અવધારજો;
લૌકિક યજ્ઞો લૌકિક સર્વ પ્રવૃત્તિથી,
લોકોત્તર યજ્ઞો મુક્તિ દાતારજો. નંદિ૦ ૧૪

ધ્યાનાગ્નિમાં કામ પશુને હોમતા,
દશવિધ ધર્મના ધારક યાજક લોકજો;
દ્રવ્ય યજ્ઞથી ભાવયજ્ઞ છે મોટકો,
જેથી ટળતા ભય ભેદને શોકજો. નંદિ૦ ૧૫

ચાર વર્ણના ગુણ કર્મો તે યજ્ઞ છે,
ત્યાગીનો સન્યાસ ધર્મ તે યાગજો;
વિશ્વવ્યવસ્થાકારકકર્મો યજ્ઞ છે,
ધર્મીઓનું પાલન યજ્ઞ જ રાગજો. નંદિ૦ ૧૬

અલ્પ દોષ બહુ ધર્મ કરે તે કર્મ સહુ,
સ્વાધિકારે કરતાં યજ્ઞો થાયજો;
ઉપકારે શ્વાસોચ્છ્વાસે યજ્ઞો થતાં,
અનંત યજ્ઞો મુજ ધ્યાને પ્રગટાયજો. નંદિ૦ ૧૭

જીવંતાં જીવાડે આપે શક્તિયો,
યંત્રો તંત્રો મંત્રો યજ્ઞ પ્રમાણુજો;
આજીવિકા કર્મો ગુણ સહુ યજ્ઞ છે,
જીવો જીવોથી જીવે છે જાણુજો. નંદિ૦ ૧૮

જીવો જીવે જીવ અજીવને આશ્રયી,
આજીવિકા યજ્ઞો તરતમ સર્વ જો;
સ્વાધિકારે મદ્ભક્તો યજ્ઞો કરી,
જીવે નિર્લેપી નહીં કરતાં ગર્વજો. નંદિ૦ ૧૯

નરનારીને ડગલે ડગલે યજ્ઞ છે,
મદ્ ભક્તોની સેવા કરતાં બેશજો;
સ્વાર્પણ કરીને સંઘની સેવા સારતાં,
સંઘ યજ્ઞથી આનંદ હોય હમેશજો. નંદિ૦ ૨૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાની અસંખ્ય યજ્ઞો જાણે આચરે,
સ્વતંત્રતા કરનારા સાચા યજ્ઞ જો;
મન વાણી કાયાના યજ્ઞો સર્વદા,
આચરતાં મુજમાંહી રહેતો મગ્નજો. નંદિ૦ ૨૧

દેશરાજ્યસંઘાદિકરક્ષાકારણે,
જૈન ધર્મની વૃદ્ધિમાટે પ્રાણજો;
તન મન ધન સત્તા અર્પણ તે યજ્ઞ છે,
એવા યજ્ઞો કરતા જૈનો જાણજો. નંદિ૦ ૨૨

નિજ જાતિ કીર્તિ સહુ સુખડાં હોમતો,
મુજભક્તોની સેવામાટે જેહજો;
સત્યયજ્ઞ તે કરનારો શિવ પામતો,
કાલ જીતીને થાતો જિનવર એહજો. નંદિ૦ ૨૩

ભાન જગત્‌નું ભૂલી આતમ ભાનમાં,
રહેતાં સંયમ યજ્ઞો ઘટ પ્રગટાયજો;
આઠ પ્રકારે મદજીતે તે યજ્ઞથી,
અરિહંત પરમાતમ દેવ સુહાયજો. નંદિ૦ ૨૪

આંતર મારૂં અસંખ્ય પ્રદેશ સ્વરૂપ છે,
નિરાકાર વ્યાપકને પૂર્ણ અરૂપજો;
તેમાં ધ્યાન સમાધિ પામી યોગીઓ,
ત્રણ ભુવનના બનતા સાચા ભૂપજો. નંદિ૦ ૨૫

દેહાદિકયોગે સાકાર સ્વરૂપ છે,
રૂપારૂપનો ધ્યાન યજ્ઞ કરનારજો;
સર્વ યજ્ઞ ફલ પામે ક્ષણમાં નિશ્ચયે,
ક્ષણમાં મુક્તિ પામે નરને નારજો. નંદિ૦ ૨૬

મુજ ભક્તો સંતો ત્યાગીઓ યોગીઓ,
મુજને પામે અનેકયજ્ઞે જાણજો;
ગૃહસ્થ ચારે વર્ણો સેવા ભક્તિથી,
સર્વ યજ્ઞનું ફલ પામે ગુણ ખાણજો. નંદિ૦ ૨૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનેક માર્ગોમાંહિ સ્વેચ્છાએ રહી,
જૈનધર્મ સિદ્ધાંતો સત્ય અનેક જો;
રૂચે તે માનીને ખંડન નહીં કરે,
સત્ય યજ્ઞ તે કરતા ધારી ટેક જો. નંદિ૦ ૨૮
માનવ પશુ પંખીપર ઉપકારો કરો,
નામ કીર્તિને સુખ સહુ છંડી ભવ્યજો;
મુજને મળીને મુજસમ થાતાં યજ્ઞ છે,
સૌના સારાનાં કરવાં કર્તવ્યજો. નંદિ૦ ૨૯

દૈવીજીવનથી નિઃસંગે જીવવું,
સુખ દુઃખ ભોગવી સમભાવે નિર્ધારજો;
સમયજ્ઞે કર્મો કરતાં મુજ મેળ છે,
પવિત્ર યજ્ઞો શુભ આચાર વિચારજો. નંદિ૦ ૩૦

આતમ યજ્ઞમાં જ્ઞાનાગ્નિ જળતો રૂડો,
કર્મકાષ્ઠને બાળે નરને નારજો;
વિવેકસ્તંભે મનપશુ બાંધી હોમતાં,
આતમ પરમાતમ થાવે નિર્ધારજો. નંદિ૦ ૩૧
પાપયજ્ઞમાં પશુઓ મારી હોમતાં,
યજમાનો પામે નહીં સુખને સ્વર્ગજો;
જઠરાગ્નિમાં રક્તમાંસ હોમ્યાથકી,
નરને નારી પામે દુર્ગતિ નર્કજો. નંદિ૦ ૩૨

તમોગુણી ને રજોગુણી જે યજ્ઞ છે,
તેથી આતમ બહુ પામે અવતારજો;
સત્ત્વગુણીયજ્ઞો કરનારા માનવો,
સ્વર્ગ અને પામે ઉત્તમ અવતારજો. નંદિ૦ ૩૩
શુભવિચારો શુભકાર્યો તે યજ્ઞ છે,
સંતજનોની સેવા યજ્ઞ ઉદારજો;
શુદ્ધપ્રેમ તે પ્રેમ યજ્ઞ કરવો ભલો,
આત્મસરીખો સહુ જીવોપર પ્યારજો. નંદિ૦ ૩૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહંવૃત્તિને મમતાનો જે હોમછે,
કરતા તેને ત્યાગીઓ ધરી ધ્યાનજો;
વીતરાગપદ પામે ઉત્તમ સાધુઓ,
મારા જેવું પામે નિર્મલ જ્ઞાનજો. નંદિ૦ ૩૫
અંતરૂમાંહી સમતા લીનતા એકતા,
આધ્યાત્મિક યજ્ઞો પ્રગટાવો બેશજો;
આધ્યાત્મિક યજ્ઞોએ સત્ય અભેદતા,
નાસે સઘળા હૃદયભાવથી કલેશજો. નંદિ૦ ૩૬
નિર્લેપી આત્માઓ યજ્ઞોના પ્રભુ,
નિત્યયજ્ઞ તે જ્ઞાનાદિક સામ્રાજ્યજો;
પૂર્ણ થયેલાને બાહિર યજ્ઞો નહીં,
જીવન્મુકતોનું સાચું છે રાજ્યજો. નંદિ૦ ૩૭
પુણ્યયજ્ઞ તે વિવિધ પ્રકારે જાણજો,
સંવરયજ્ઞો વિવિધ ભેદથી જાણજો;
સર્વનયોના યજ્ઞો મુજ આરાધતાં,
પામે નિશ્ચય અનન્ય ભક્તિ પ્રમાણજો. નંદિ૦ ૩૮
હિંસાયજ્ઞે લક્ષ ચોરાશી જન્મ છે,
દાનયજ્ઞને કરવો થૈ નિષ્કામજો;
સર્વે યજ્ઞો સમર્પે મુજને ભકિતથી,
અનંત ફલ પામો તેથી સુખ ધામજો. નંદિ૦ ૩૯
જાપયજ્ઞ મુજનામ સમો નહિં કોઇ છે,
બ્રહ્મચર્યથી વીર્યનું રક્ષણ બેશજો;
કરજો નર નારી જીવનકરયજ્ઞ એ,
બ્રહ્મચર્યથી શોભે સઘળા દેશજો નંદિ૦ ૪૦
બ્રહ્મચર્યથી સર્વશકિતયો ઉલ્લસે,
રોગો નાસે આયુષ્ય વૃદ્ધિ થાયજો,
બ્રહ્મચર્યથી સ્વતંત્રતા સુખ સંપજે,
સર્વયોગનું બીજ ભલું વખણાયજો. નંદિ૦ ૪૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગૃહસ્થ ત્યાગી રૂડાં જીવન યજ્ઞ છે,
યજ્ઞો જાણો નિશ્ચયને વ્યવહારજો.
સાતનયે યજ્ઞો જાણીને આદરે,
સર્વયજ્ઞનો હું છું સત્યાધારજો. નંદિ૦ ૪૨

નિદ્રા સમ જાગૃત્‌ને સ્વપ્નજ જાણીને,
જ્ઞાન યજ્ઞથી કર આતમ પ્રકાશજો,
વિદેહભાવે મુક્ત બની પરમાતમા,
પામીશ મુક્તિનો સાચો આવાસજો. નંદિ૦ ૪૩

અસત્‌થકી સત્‌ આતમભાવના રાજ્યમાં,
આવીને કર નિર્લેપી થૈ રાજ્યજો;
બુદ્ધિસાગર સત્યયજ્ઞ કરવા થકી,
બાહિર અંતર પ્રગટે પ્રભુ સામ્રાજ્યજો. નંદિ૦ ૪૪

---

# प्रियदर्शनाप्रबोध ग्रन्थ.

પ્રિયદર્શના સાંભળ પુત્રી લાડકી,
પ્રિય પ્રભુ મહાવીરના સાચા બોલજો;
સતી યશોદા કહેતી ઉપદેશો સુણ્યા,
સાંભળી મનમાં કર તું સાચો તોલજો. પ્રિય ૧

સઘળા જીવો હેતે જીવન જાણવું,
સર્વજીવોપર યથાશક્તિ ઉપકારજો;
મૂર્ખ કહે દુનિયા પણ ધર્મ ન છંડવો,
બની શકે તે કરવાનો હક્ક સારજો. પ્રિય ૨

વિદ્યા વસ્રને અન્નાદિકના દાનથી,
જીવન ધરવું જૈનધર્મ એ જાણજો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મોન્નતિ કરવામાં દુઃખો સહુ સહો,
કૂડ કલંકને નિંદા સહી અપમાનજો. પ્રિય ૩

મૃત્યુ પહેલાં સર્વશક્તિયો વાપરી,
દુઃખી અજ્ઞાનીનો કર ઉદ્ધારજો;
કામાદિકના પાશવબળને જીતવું,
ઉપકારો કરવાને થા તૈયારજો. પ્રિય ૪

નીતિની રીતિથી રહેવું નેમથી,
કહેણી સમ રહેણીના ધર આચારજો;
દુર્ગુણોને જીતી સદ્‌ગુણ મેળવો,
સત્ય વદોને સત્ય કરો વ્યવહારજો. પ્રિય ૫

તપ સંયમને દયા દાન દમ આચરો,
વીર વીર મહાવીર પ્રભુ જપ જાપજો;
ન્યાયથી વર્તો સ્હાય કરો નિજશક્તિથી,
વિશ્વથકી દૂરે કાઢો સહુ પાપજો. પ્રિય. ૬

સત્યપ્રેમને ધરવો પ્રાણાર્પણ કરી,
વિશુદ્ધપ્રેમે આતમ ચઢતી થાયજો;
સંત સમાગમ કરીએ વરીએ શાંતિને,
દુષ્ટબુદ્ધિને છંડો સહુ અન્યાયજો. પ્રિય. ૭

સારૂં કરતાં સારૂં થાશે સત્ય એ,
બૂરૂં કરતાં બૂરૂં થાશે જાણજો;
સહુના સારામાં જીવનને ગાળવું,
વીર વિભુની એવી નિશ્ચય વાણજો. પ્રિય. ૮

માતપિતાની સેવા સારો ભાવથી,
વૃદ્ધજનોની મનમાં માનો શીખજો;
સુખમાં હર્ષને દુઃખમાં શોક ન કીજીએ,
અશકત દુઃખીજનને આપો ભીખજો. પ્રિય. ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પતિની સેવા પૂર્ણપ્રેમથી કીજીએ,
સાસુ સસરાની સેવાને માનજો.
પ્રાણ પડે પણ સતીપણું નહીં છંડજે,
વીરપ્રભુનું ક્ષણ ક્ષણ કરજે ગાનજો. પ્રિય. ૧૦
સંકટ પડતાં દીન બનીશ નહીં વિશ્વમાં,
ધન સત્તાનો કરવો નહિ અભિમાનજો;
પાડોશીનું સારૂં ઈચ્છો રહેણીથી,
સગાં સંબંધી લોકોનું શુભ માનજો. પ્રિય. ૧૧
કૂડાં આળ કલંક ન કોને દીજીએ,
દાન સુપાત્રે દેવું ધરીને પ્યારજો;
ઘરનાં કામો યતના ખંતથી કીજીએ,
જૈનધર્મને સેવો નર ને નારજો. પ્રિય. ૧૨
દૈવીબળબુદ્ધિને પામો પ્રેમથી,
બૂરામાં લેવો નહીં કયારે ભાગજો;
દેવગુરૂને ધર્મના રાગે રીઝીએ,
કર્મો કરવાં કરી આસકિત ત્યાગજો. પ્રિય. ૧૩
સાત્વિક મન બુદ્ધિને ભોજન પાનથી,
સાત્વિક ભકિત સેવાના કરનારજો;
પરમ પ્રભુ મહાવીર જિનેશ્વર પામતા,
સર્વ દુઃખનો અંત કરે નિર્ધારજો. પ્રિય. ૧૪
જ્ઞાની જૈનો યોગ્ય કર્મ કરતા રહે,
પ્રિય પ્રભુ મહાવીર વિભુ ઉપદેશજો;
મન માર્યાથી મુકિત સૌની થાય છે,
કામાદિકદોષોના ટાળો કલેશજો. પ્રિય. ૧૫
પ્રભુનાં બાલક બાલિકાઓ જાણીને,
જ્ઞાનદિકથી કરવાં દેવ સમાનજો;
બાલોનાં દેહોને રૂડી શકિતએ,
કરવાં દેવળ પ્રભુના રમ્ય વિમાનજો. પ્રિય. ૧૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્નેહ અને સ્વાતંત્ર્યે બાલક શિક્ષણો,
આપો ઘરમાં ગુરૂકુલમાં નિર્ધારજો;
પ્રમાણિક ને શક્તિમંત બનાવીએ,
બાળો તે ભાવીતીર્થો અવતારજો. પ્રિય. ૧૭

ગુણકર્મોથી જાતિ માની વર્તીએ,
સત્ય રાજ્યને સત્ય લક્ષ્મી છે ધર્મજો;
દેશ રાજ્યનું ધન છે બાલક બાલિકા,
સત્યયજ્ઞ તે સાચાં સઘળાં કર્મજો. પ્રિય. ૧૮

સંતાનો પાછળ સારાં ઉછેરવાં,
પરંપરાએ ધર્મકર્મવહનારજો;
સત્તા ધન વિદ્યાથી અધિકાં બાળકો,
કેળવવાથી ચડતી છે નિર્ધારજો. પ્રિય. ૧૯

જનનીના ઉદરમાં બાળક શિક્ષણો,
સંસ્કારો બીજો પ્રગટે અવધારજો;
માતપિતાના ગુણ કર્મોથી જાણવું,
દંપતી જાણો કેળવણી આધારજો. પ્રિય. ૨૦

દુનિયાની આંખો તે જ્ઞાનીલોક છે,
દુનિયાનો છે જ્ઞાની પર આધારજો;
જ્ઞાનીના આચારોમાં ઉપદેશ છે
જ્ઞાનીઓના મૌનપણે શિખ સારજો. પ્રિય. ૨૧

જ્ઞાનીઓની છાયા શાસ્ત્રો જાણવાં,
જ્ઞાની સેવા કરતાં પ્રગટે શર્મજો;
જ્ઞાનીજન આકાશપરે નિર્લેપ છે,
વાયુપેઠે કયાંય નહીં પ્રતિબંધજો. પ્રિય. ૨૨

સ્વતંત્ર વર્તન તેનું ધર્મસ્વરૂપ છે,
વ્રત તપ કર્મો કરે નહીં જ કરાયજો;
સાથે આવે નહીં તેનાપર પ્રેમ શ્યો ?
ક્ષણિક જડવસ્તુપર મોહ શો ? થાયજો. પ્રિય. ૨૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહંવૃત્તિને મમતા ઇચ્છા ત્યાગવણુ,
બાહ્યવસ્તુના ત્યાગે શાનો ? ત્યાગજો;
દેહરૂપના મોહે જેઓ મુંઝીઆ,
નામ કીર્તિમાં મુંઝાતાં છે રાગજો. પ્રિય. ૨૪
જીવંતાં જે મર્યા નહીં તે બાયલા,
મોહીજનથી કરવા શાના ખેલજો;
મોહત્યાગથી વિષયોથી બંધન નથી;–
વિષયોવણુ પણ મોહ છે મનમાં–મેલજો. પ્રિય. ૨૫
મોહે મરિયાં મડદાંને જીવાડતાં,
ઉઠાડે તે પરબ્રહ્મ ભગવાનજો.
તેના પ્રેમે રહેશો જીવંતાં મરી,
અનંત આનંદ જ્ઞાનના પ્રગટે પ્રાણુજો. પ્રિય ૨૬
ગુરૂદેવને સેવો પૂરણુપ્રીતિથી,
બેમાં અભેદબુદ્ધિ એકતા રાખજો;
ઉપકારીસાકારપ્રભુને સેવતાં,
નિરાકાર આનંદ અમૃતને ચાખજો. પ્રિય. ૨૭
શક્તિ છતાં સહવું એ સાચો ધર્મ છે,
નિર્બલને શું ? સહવાનો અધિકારજો;
દુષ્ટોને દંડાદિકથી વશ રાખવા,
આપત્કાલે આપદ્ધર્મો સારજો. પ્રિય. ૨૮
પતિતણું ઘર પત્ની ઘરની દેવતા,
પત્નીના શિર છે સહુ ઘરનો ભારજો;
વૃદ્ધ બાલ આદિ ખવરાવી ખાવવું,
ઘર માંડી રાખે સહુની સંભાળજો. પ્રિય. ૨૯
મૃત્યુઆદિ ભયથી નિર્બલ નહીં બને,
પુરૂષાર્થને ખંતે કરતી કામજો;
પ્રભુ મહાવીર દિલમાંહી સ્મરતી રહે,
મુખે જપે શ્રીવીરપ્રભુનું નામજો. પ્રિય. ૩૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધીર ધરીને વીર કરો નિજ આતમા,
શક્તિયોવણ જગમાં નહીં જીવાયજો;
કમખાઓ ને ગમખાઓ શિવ પામવા,
બનો પ્રથમ સારા પોતે જગમાંહ્યજો. પ્રિય. ૩૧
કથની કરતાં રહેણીમાં રહેવું ભલું,
ગંભીરતા ધારંતાં સુખડાં થાયજો;
વૈર વિરોધો ટાળી પ્રેમે વર્તવું,
ચડતીનું લક્ષણ છે સંપ સદાયજો. પ્રિય. ૩૨
બળ કળ ઐક્ય થકી છે ચડતી સંઘની,
અભિમાનથી પડતી વહેલી થાયજો;
ઈર્ષ્યાગ્નિથી ઊગરતો પોતે નહીં,
ગુણના રાગે જ્યાં ત્યાં સત્ય જણાયજો. પ્રિય. ૩૩
બાહ્યજીવન જગજીવોના ભોગે વહે,
ઘણા કાયદા પડતા ત્યાં બળ નાશજો,
રૂઢિ બંધનશક્તિવિનાશક કાયદા,
જ્યાં છે ત્યાં નહીં સ્વતંત્ર જીવનઆશજો. પ્રિય. ૩૪
વેષક્રિયાચારે જીવોને બાંધવા,
ઇચ્છા વણ જ્યાં એક સરીખાં ત્યાંયજો;
ધર્મરાજ્ય સંઘાદિકની પડતી થતી,
સ્વતંત્ર ઇચ્છા વર્તનથી જીવાયજો. પ્રિય. ૩૫
નારીવર્ગને શૂદ્રથકી હલકી ગણે,
તેવા લોકોનાં રાજ્યાદિક નાશજો,
સતી યતિની હાય પડે ત્યાં દુઃખડાં,
વિપત્તિમાં રહેવું નહિ ઉદાસ જો. પ્રિય. ૩૬
નવરાં બેઠાં આલસ નિંદા સંપજે,
નવરાંને છેતરતો મૃત્યુ કાલજો.;
પુરૂષાર્થને સેવો સર્વે કાર્યમાં,
મરતાં પણ ઉદ્યમથી રાખો વ્હાલજો. પ્રિય. ૩૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે કાલે જે ક્ષેત્રે જે કરવું ઘટે,
જે ભાવે તે કરવું એ છે ધર્મ જો;
વર્તમાનથી વર્તો ભૂતને ભૂલીને,
વર્તમાનમાં કરવાં સારાં કર્મજો. પ્રિય. ૩૮

જ્ઞાન વિનાના અંધાં છે નર નારીયો,
નરનારી બાલકને આપો જ્ઞાનજો;
જ્ઞાન દાન સમ દાન ન બીજું શ્રેષ્ઠ છે,
જ્ઞાનથકી બનતો આતમ ભગવાન્જો. પ્રિય. ૩૯

જ્ઞાનવિના લોકો અંધારામાં રહે,
જ્ઞાન સદા છે જૈનધર્મ આધારજો;
જ્ઞાનવિના જીવ્યું નહીં જગમાં જાણવું,
જ્ઞાન વિના દુઃખ પામે નરને નારજો. પ્રિય. ૪૦

મનથકી છે બંધન મુક્તિ જાણવી,
આત્મદૃષ્ટિએ બંધ ન મુક્તિ હોયજો;
મન એ સ્વર્ગ નરકને સહુ સંસાર છે,
શુદ્ધાતમ છે શુદ્ધબુદ્ધ ઘટ જોયજો. પ્રિય. ૪૧

આત્મોપયોગે ધર્મ, જીવોનો એક છે,
મનોદૃષ્ટિએ અસંખ્યાત છે ધર્મજો;
આત્મોપયોગે અભેદ સર્વે ધર્મ છે,
મનોદૃષ્ટિએ ધર્મભેદનાં કર્મજો. પ્રિય. ૪૨

મનોદૃષ્ટિથી બાહિરજીવન જાણવું,
આત્મદૃષ્ટિથી અન્તર જીવન જાણજો;
દાનશીયલ તપભાવ ધરીને વર્તવું,
સર્વ જીવોના રક્ષણ કરવા પ્રાણજો. પ્રિય. ૪૩

જીવદયાના સિદ્ધાંતોને રક્ષવા,
સ્વાશ્રય આત્માર્પણ ધારી વ્યવહારજો;
ઉચ્ચ નીચનો ભેદ ધરો નહિ ચિત્તમાં,
પરમાર્થે મરતાં મુક્તિ નિર્ધારજો. પ્રિય. ૪૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્નેહરસે સગપણને રસવાં ઐક્યથી,
જીવો ! એક બીજાના ઝાલી હાથજો;
પ્રેમ વિનાનું સૂકું જીવન જાણવું,
પૂર્ણપ્રેમથી ભજો મહાવીર નાથજો. પ્રિય. ૪૫

વીરપણું પામ્યા વણ વીર તો નહીં મળે,
સર્વભયોથી વીરપણું છે દૂરજો;
મરતો જે સ્વાર્પણથી વૈદેહીપણે,
આત્મવીર છે તેના હજરાહજૂરજો. પ્રિય. ૪૬

સ્વાર્થત્યાગ પણ આતમશકિત ન ખીલતી,
દેહની મૂર્છા નષ્ટ થયાથી ત્યાગજો;
આત્મ સમા સહુ આત્માઓને માનતાં,
અશુદ્ધ ટળતો સત્ય ખીલે છે રાગજો. પ્રિય. ૪૭

કલિકાલમાં સંઘ શક્તિથી યુક્તિથી,
આસુરીલોકો સામે જીવાયજો;
સંઘતણા આગેવાનો છે જ્ઞાનીઓ,
મૂર્ખાઓથી સંઘ શક્તિ વિણશાયજો. પ્રિય. ૪૮

સત્ય વિનાનું જીવન પશુથી હીન છે,
સત્ય વિના ચડતીની પડતી થાયજો;
કલિકાલમાં અપવાદે ધર્મો સહુ,
જ્ઞાનીઓ સમજીને સુખડાં પાયજો. પ્રિય. ૪૯

હિંમતથી જે મર્દ કર્મને આચરે,
ધન્ય વીર ! ! ! આપે પરમાર્થે પ્રાણજો;
પરોક્ષ તત્ત્વો ત્યાં શું ? વાદવિવાદ છે,
જ્ઞાની લોકો કરે ન તાણાતાણજો. પ્રિય. ૫૦

અસંખ્ય જ્ઞાનીઓની દષ્ટિ એક છે,
જ્ઞાન વિના નહિ જૈનપણું પ્રગટાયજો;
જ્ઞાનીઓની પાછળ વહેવું શ્રેષ્ઠ છે,
અજ્ઞાનીની આજ્ઞા છે દુ:ખદાયજો. પ્રિય. ૫૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોટિ ઉપાયે જડથી સુખ નહિં સંપજે,
આતમમાં સુખ સાચું છે નિર્ધારજો;
ભૌતિક વસ્તુઓ નહિ સુખને આપતી,
મનઃ કલ્પના સુખ દુઃખની કરનારજો. પ્રિય. ૫૨

લાલચ વા ભીતિથી ધર્મ ન છંડવો,
પ્રકૃતિ અનુકુલ કરીને ચાલજો;
આત્માનુસારે પ્રકૃતિ જો વહે,
ક્ષણે ક્ષણે છે ઉત્તમતાનો ખ્યાલજો. પ્રિય. ૫૩

પ્રકૃતિથી જીવે જીવો વિશ્વમાં,
પ્રકૃતિથી જીવો ઉન્નત થાયજો;
પરમાતમરૂપે થાવામાં પ્રકૃતિ,
સહાયક છે સમજુને સમજાયજો. પ્રિય. ૫૪

પરમાતમ મહાવીરને જેવી રીતથી,
સ્વીકારે તેવા તે રૂપે થાયજો;
સર્વમાર્ગથી વીરપ્રભુની પ્રાપ્તિ છે;
રસ પડતો તે રસ્તે જીવો જાયજો. પ્રિય. ૫૫

સર્વ નદીઓ સાગરને મળતી યથા.
સર્વ ધર્મીઓ પામે વીરને તેમજો,
વીર પ્રભુનો આશ્રય કરનારા જનો,
સર્વયોગને પામે નિર્મલ ક્ષેમજો. પ્રિય. ૫૬

જેવા ભાવે વીર પ્રભુને સેવીએ,
તેવા ભાવે મળે પ્રભુ પર્યાયજો;
ભકતોની વ્હારે આવે મહાવીરના,
દેવોનો દેવીઓનો સમુદાયજો. પ્રિય. ૫૭

વીરપ્રભુપરવિશ્વાસી થૈ વર્તતાં,
અણુધારી જ્યાં ત્યાંથી મળતી સ્હાયજો;
કલિકાલમાં વીર થયાથી માનવો,
દયા સત્યને શકિતયો સહુ પાયજો. પ્રિય. ૫૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુર્જન શઠ ધૂર્તોથી ચેતી ચાલવું,
જૂઠા જનનો કરો નહીં વિશ્વાસજો;
અપ્રમાણિકની શ્રદ્ધા નહીં રાખીએ,
શઠને દાબો પ્રતિયુક્તિથી ખાસજો. પ્રિય. ૫૯

રકતને રેડો સ્વાસ્તિત્વાદિક કારણે,
પ્રભુમાટે મરવામાં માનો હર્ષજો;
જૈનોમાટે જીવન સઘળું આપવું,
તેથી જન્મોમાં પામો ઉત્કર્ષજો. પ્રિય. ૬૦

કલિકાલમાં પ્રશસ્ય રાગને દ્વેષથી,
સંઘ ચતુર્વિધ શક્તિ ઉન્નતિ કાજજો;
સર્વકર્મ કરવામાં ધર્મો જાણવા,
વધે જેહથી જૈનધર્મ સામ્રાજ્યજો. પ્રિય. ૬૧

દેવગુરૂસંઘાદિકરક્ષાકારણે,
કુટુંબ આદિ રક્ષણહેત કષાયજો;
પ્રશસ્ય તે સહુ ધર્માદિક પ્રગતિ ભણી,
અપવાદે તેમાંહી ધર્મ ગણાયજો. પ્રિય. ૬૨

શાસ્ત્રો શસ્ત્રો દેશકાલ અનુસાર છે,
બાહ્યાંતર જીવન, પ્રગતિ દાતારજો;
અતિ દયાળુ અતિ સરલ શઠ આગળે,
સાવધ થૈ વર્તતાં શાંતિ અપારજો પ્રિય. ૬૩

સર્વ કલાઓની કેળવણી પામીએ,
નરનારીની સર્વકલા જયકારજો;
સર્વ કલાઓ શિખી શકિતયો વરો,
કલાવંત માનવ જગમાં જયકારજો. પ્રિય. ૬૪

મનને વશ કરનારા યોદ્ધા જાણવા,
મન જીત્યાથી જીત્યો સહુ સંસારજો;
મનની જીત્યાજીતને હારાહાર છે,
મન મરતાં મુકિત છે નિશ્ચય ધારજો. પ્રિય. ૬૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાંચ ઈન્દ્રિના વિષયોમાં જે મોહિયા,
ઈન્દ્રાદિક જાણો વિષયોના દાસજો;
વિષયોના દાસો મડદાં સમ જાણવા,
જેને નહિં આતમ શાંતિ વિશ્વાસજો. પ્રિય. ૬૬

આતમને નહીં જન્મમૃત્યુ નિશ્ચયથકી,
આતમ સરખું કોઈ ન વિશ્વમહાનજો;
વિશ્વ નિયંતા આતમવીર વિચારીને,
આત્મપ્રભુમાં થાશો બહુ ગુલ્તાનજો. પ્રિય. ૬૭

દેહ વિણસતાં આતમ નહિ વિણસાય છે,
નિત્ય અરૂપી આતમ જ્ઞાનાધારજો;
વસ્ત્રપરે દેહો બદલાતાં શોક શ્યો ?
દેહ ટળે ભય પામો નહીં નરનારજો. પ્રિય. ૬૮

મન વાણી કાયાની શકિતયો ઘટે,
જેહથકી તે ચિંતા શોક વિચારજો;
ચિંતા શોક ન કરવો જગમાં કોઈને,
મૃત્યુ આવે મોહ તજો નરનારજો. પ્રિય. ૬૯

શાંતિથકી મન પુષ્ટ બને છે જાણવું,
સત્યવિચારો, તુષ્ટિના કરનારજો;
મનમાંથી બદબોઇ, ખરાબ વિચારોની,
કાઢી નાખી કરો વિચારી સારજો. પ્રિય. ૭૦

લાંચની લાલચતૃષ્ણાથી શાંતિ નહીં,
કામાંધો દેખે નહીં આંખે સત્યજો;
પાપ રહે નહિ છાનું ઉદયે આવતું,
પાપ કરો નહીં કરજો સારાં કૃત્યજો. પ્રિય .૭૧

ધર્મે જયને પાપે ક્ષય છે છેવટે,
ભભકામાં નહીં ભૂલો અંતે ધૂળજો;
ચાર દિવસનું ચાંદરણું અન્યાયથી,
રહે ન અન્યાયે ઋદ્ધિનું મૂળ જો. પ્રિય. ૭૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હાર અસત્યે જય છે સત્યે છેવટે,
પાપો દાબ્યાં જોરથકી પ્રગટાયજો;
અસત્ય વદતાં પરંપરા દોષો વધે,
રહે ન છાનું પાપ કદિ જગમાંહ્યજો. પ્રિય ૭૩

સદ્‍ગુણુરૂપની આગળ દેહનું રૂપ શ્યું ?
ગુણો પુજાતા વય વા લિંગ ન કર્મ જો;
અસત્ થકી સત્‌માં જાઓ આત્માર્થિઓ !
અનુભવાશે આતમજ્ઞાને શર્મ જો. પ્રિય. ૭૪

વ્યક્તિની કિંમત ત્યાં ઉન્નતિ થાય છે,
જાતને હલકી પાડો નહીં તલભારજો;
કરે ખુશામત બને ગુલામો બેવડા,
સત્ય વદો ને પાળો સત્યાચાર જો. પ્રિય. ૭૫

સહુ બાબતની ઉપયોગિતા જાણુતાં,
બને પ્રજાઓ અન્યથકી જ મહાન્‌જો;
હોય વિરોધી સંતોના પણ દુર્જનો,
ભંડાતા દુર્જનથી પણ ભગવાન્‌જો. પ્રિય ૭૬

અડચણુને વિરૂદ્ધતા વચ્ચે ચાલવું,
માર્ગ પડયા કંટકને કરવા દૂરજો;
દુનિયા ? શું કહેશે તે મન શું ? માનશે ?
અભિપ્રાય વણુ કાર્યો કરતા શૂરજો. પ્રિય. ૭૭

મૃત્યુને જે ભેટે પૂરણુપ્રેમથી,
જ્ઞાની તે જન પામે છે નિર્વાણુજો;
પોતાનો ઈશ્વર છે આતમ, જ્ઞાનથી,
અગ્નિને ઉધેહી ન લાગે માનજો. પ્રિય. ૭૮

સમજીને આદરવાં સાચાં કર્મને,
પ્રારંભી પડતાં નહીં મૂકો કર્મજો;
કિંમત કરશે દુનિયા પાછળથી સહી,
શુભ પ્રવૃત્તિપરમાર્થે છે ધર્મજો. પ્રિય. ૭૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રોનારાં દુઃખીનાં અશ્રુ લુંછવાં,
દુઃખીના દુઃખોમાં લેવો ભાગજો;
પોતાનું અન્યોને સારૂં આપવું,
નિષ્કામે સાચો છે એવો ત્યાગજો. પ્રિય. ૮૦

રોનારાના દિલમાં પેસી રોવવું,
હસનારામાં પેસી કરવું હાસ્યજો;
ધ્યાનારાના દિલમાં પેસી ધ્યાવવું,
જોનારના દિલમાં કર પ્રકાશજો. પ્રિય. ૮૧

રમનારના મનમાં રમવું રંગથી,
ગાનારાના મન પેસી કર ગાનજો;
ચ્હાનારાના મનમાં પેસી ચાહવું,
બેભાનોના ભાનનું કરજે ગાનજો. પ્રિય. ૮૨

ભલાકામમાં આગેવાની ધારવી,
મંગલ શકુનો મન ઉત્સાહે જાણજો;
વ્હેમી બનવું નહીં સમજાવણ કોઈપર,
સ્વાર્થથકી જૂઠા પક્ષો નહીં તાણજો. પ્રિય. ૮૩

જેને ઇચ્છો તેમાટે દો પ્રાણને,
ત્યારે તે પોતાનું નક્કી થાય જો;
પ્રાણ પરાયા કીધાથી શુભપ્યાર છે,
સાચું તે મારૂં પ્યારૂં છે ન્યાયજો. પ્રિય. ૮૪

ખુલ્લા આકાશે વસતા યોગીજનો,
મહેલે વસતાં શક્તિહીન નરનારજો;
પ્રકાશ મોટો ખુલ્લા આકાશે થતો,
ખુલ્લામાં દેવો વસતા નિર્ધારજો. પ્રિય. ૮૫

ચારે વર્ણ પ્રકારે આતમ પિંડમાં,
ચારે વર્ણી આતમ આશ્રમકારજો;
પક્ષપાતથી સત્ય તણાતું જાય છે,
અસત્યથી પડતી છે નિશ્ચય ધારજો. પ્રિય. ૮૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મન વાણી કાયામાં ભરિયું સહુ ભલું,
તેથી અધિકું બાહિર કાંઇ ન માનજો;
પિંડે તે બ્રહ્માંડે સરખું છે સદા,
અભેદભાવે વર્તે તે ભગવાન્જો. પ્રિય. ૮૭

કોઇ જાતિની કિંમત સારાથી થતી,
દુષ્ટોથી નહીં જાતિ કિંમત થાયજો;
આત્માની કિંમતને કો પહોંચે નહીં,
સત્ ચારિત્રે પવિત્રતા પરખાયજો. પ્રિય. ૮૮

મોટા ભોગોવણ નહીં સત્કાર્યોથતાં,
ઉત્તમ ભોગોથી આતમ કર દેવજો;
ઉત્તમ ભોગો આપે યોગો સંપજે,
ઉત્તમભોગો દાયકની કર સેવજો. પ્રિય. ૮૯

આતમશાંતિ માટે અંતર્ જાગવું,
આરામોનું શાશ્વત આતમ સ્થાનજો;
આતમ જાણે સર્વ વિશ્વ જાણ્યું ખરૂં,
સત્યને જાણી મુંઝે તે નાદાનજો. પ્રિય. ૯૦

મન છે યાવત્ તાવત્ પ્રવૃત્તિ થતી,
મનડું મરતાં નિવૃત્તિ નિર્ધારજો;
જૂઠાણાને તાબે થાવું નહિ કદિ,
પ્રિય બનો નહીં જૂઠ વદી નરનારજો. પ્રિય. ૯૧

પ્રિય બનાવો સહુથી પહેલાં આતમા,
આતમમાટે પ્રિય બને છે સર્વજો;
વિશ્વવિષે છે પ્રેય સ્વરૂપી આતમા,
શક્તિ વધંતાં કરો ન મનમાં ગર્વજો. પ્રિય. ૯૨

જડમાં પ્રિયપણું છે આરોપે સહી,
પ્રિય પ્રભુ શુદ્ધાતમ શ્રી મહાવીરજો;
તેમાં મસ્ત બનો ભક્તો નરનારીઓ,
પ્રાણ પડંતાં તજો ન પ્રજ્ઞા ધીરજો. પ્રિય. ૯૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રિય ગણીને ભેટો સુખદુ:ખ સર્વને,
સર્વદશામાં આનંદે રહો મગ્નજો;
અનંત અનાદિ નભવત્ નિ:સંગ આતમા,
ઢાંકયા ને વળી અંતર રહેજો નગ્નજો. પ્રિય. ૯૪
આતમભાવે ઉપયોગે છે સુખડાં,
નામરૂપમોહાદિભાવે દુ:ખજો;
બાહિર સુખ:દુ:ખ મિથ્યા ભ્રાંતિ જાણવી,
જન્મીને લજવીશ નહિ જનની કૂખજો. પ્રિય. ૯૫
બીજાનો વિશ્વાસ ધરો અનુભવ કરી,
આપ બળે સ્વાશ્રયથી કાર્યો થાયજો;
જાતે સહુ બાબતનો અનુભવ મેળવી,
ધૈર્ય ખંતથી કાર્ય સિદ્ધિ પ્રગટાયજો. પ્રિય. ૯૬
ગરબડ ભડભડ ધડધડ ચંચલતાવિના,
ચતુરાઇ ધરી કરો કળાથી કામજો;
ગુસ્સાને ગભરાટથી મગજ ન ખોઇએ,
ઉશ્કેરાઇ જાશો નહીં ધરશો હામજો. પ્રિય. ૯૭
આત્માર્થે સહુને ત્યજવું આપત્તિમાં,
અલ્પહાનિને બહુ વિચારી લાભજો;
દેશકાલઅનુસારે બહુલા લાભથી,
વર્તન કરવું સંઘાદિક સુખકાજજો. પ્રિય. ૯૮
અણુધાર્યું જે બને પ્રયત્નો દાબીને,
ત્યારે રાખો કર્મ ઉપર આધારજો;
તોપણ ઉદ્યમ કરીને આગળ ચાલવું,
વિઘ્નો જીતી કાર્ય કરો નરનારજો. પ્રિય. ૯૯
મોટાને આફત આળો સહુ મોટકાં,
વિઘ્નોને વિરોધી મોટા હોયજો;
તોપણ મોટા, મોટા સર્વ વિચારથી,
ચાલે મનમાં રતિભાર નહિં રોયજો પ્રિય. ૧૦૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુરૂ નિશ્રાવણુ ભક્તિ જ્ઞાન ન સંપજે,
ગુરૂ કૃપાવણુ ભક્ત ન થાતો કોયજો;
ધર્મીના બ્હાને ખાવું નહીં પારકું,
ગુરૂને ઠગનારાનું ભલું ન જોયજો. પ્રિય. ૧૦૧
યોગજ્ઞાનને આતમજ્ઞાન ન વેચવું,
સેવા કરનારાને દેવું જ્ઞાનજો;
ભોજનને વેચ્યાથી આર્યપણું નહીં,
માનવને વેચ્યાથી અંતે હાનજો. પ્રિય. ૧૦૨
કન્યાને વરવિક્રયકરનારા જનો,
પ્રેમ, પ્રભુતા કરે મહત્તા નાશજો;
પોતાની જાતિની રાજ્યાદિકની,
પડતી કરીને પામે દુઃખડાં ખાસ જો પ્રિય. ૧૦૩
ઉપકારીને હણનારા નર્કે જતા,
વિશ્વાસીનો કરતા જેઓ ઘાતજો;
તેઓની પડતી થાતી અંતે ખરી,
પાપવિચારો કરવાથી જ નિપાતજો. પ્રિય. ૧૦૪
મોટાં કાર્યો હૃદયબળે સઘળાં થતાં,
ઐક્ય સંઘબળ સમું ન બળ કો જાણજો;
સુખોપભોગી જીવન અંતે દુર્બલું,
ભોગવિલાસે ઘટે શક્તિયો માનજો. પ્રિય. ૧૦૫
સર્વકાર્યમાં દોષો તો પ્રગટે ખરે,
દોષ વિનાનાં કાર્ય થતાં નહીં કોયજો;
અલ્પદોષને લાભ ઘણો જે કાર્યમાં,
તેવાં કાર્યો કરવાં સુખડાં હોયજો. પ્રિય. ૧૦૬
દોષને ભૂલ વિનાનું માનવ કો નહીં,
દોષથકી જ્યાં અધિકા સદ્ગુણ હોયજો;
તેવા એ ઉત્તમ નિર્દોષી જાણવા,
શિક્ષણ સાથે ભૂલો જ્યાં ત્યાં જોયજો. પ્રિય. ૧૦૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૌના સદ્ગુણુ લેવા દુર્ગુણુ ઢાંકવા,
નિંદા કરતાં કોઇને લાભ ન થાયજો;
અપકીર્તિ નિંદાથી દુભાવું નહીં,
જીવનસાથે વનમાં પણુ વર્તાયજો. પ્રિય. ૧૦૮
તીર્થંકર જેવાના દુશ્મન હોય છે,
પ્રભુને નિંદે દુર્જન નરને નારજો;
સારાં કાર્યો કરતાં નિન્દા હેલના,
થાતાં પાછા હઠો નહીં તલભારજો. પ્રિય. ૧૦૯
સત્ય કરંતાં નિંદાભય ગણુવો નહીં;
અસત્ય કરતાં કીર્તિ ન ઇચ્છો લેશજો.
સત્યાસત્ય તે સાપેક્ષાએ જાણુવું,
સત્ય સુણુંતાં ધરો ન મનમાં દ્વેષજો. પ્રિય. ૧૧૦
જોઈ શકો તો નિજમાં છે સંપૂર્ણુતા,
પરપંચાતો કરતાં પડતી થાયજો;
વ્યવહારી ચતુરાઈથી જગ ચાલવું,
બહુ બોલે તે બાંડો જૂઠ ગણુાયજો. પ્રિય. ૧૧૧
નિવૃત્તિજીવનમાં પરમાનંદ છે,
પરમયોગીઓ પામે ઠરતા ઠામજો;
ગુણુ લેવામાં સંતોષી બનવું નહીં,
સંતોષી પામે છે આનંદધામજો. પ્રિય. ૧૧૨
પ્રેમથકી જીતોને દુશ્મનવર્ગને,
શત્રુસાથે બોલો મીઠા બોલજો;
આત્માના આશય મોટા કરતાં થકાં,
ઉછળતા અંતરમાં શાંતિ કલ્લોલજો. પ્રિય. ૧૧૩
જેણે કંચન કામિની બન્ને જીતીયાં,
તેનો ધરવો સાચો મન વિશ્વાસજો;
સત્યસ્વરૂપી આતમ પોતે છે પ્રભુ,
જૂઠ ત્યજંતાં કરવી હિંમત ખાસજો. પ્રિય. ૧૧૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિરાકાર પ્રભુ દિલમાં છે ત્યાં શોધવો,
અનુભવાતો જ્ઞાન પ્રેમથી સત્યજો;
જ્ઞાની સંતજનોની સેવા સારતાં,
પરખાતાં જગમાંહિ કૃત્યાકૃત્યજો. પ્રિય. ૧૧૫
નિરાકારને દૃશ્યવિષય કરવા તણી,
માથાકૂટ તજોને નરને નારજો;
કાલ બુદ્ધિનો દુર્વ્યય કરવો નહિ ઘટે,
આત્મા આત્મથકી પરખાતો સારજો. પ્રિય. ૧૧૬
આત્મપ્રેમથી સર્વવાસના જય થતો,
આત્મદ્વેષથી થાવે સર્વ વિનાશજો;
આત્મવિના પુદ્ગલમાં સુખડાં શોધતાં,
અનંતકાલે પણ નહિં સુખની આશજો. પ્રિય. ૧૧૭
જે જે સત્યો તે સહુ આતમરૂપ છે,
અસત્યમાં ચાલે નહીં આવે પારજો;
અસત્ય તમમાં બ્રાંતિને દુઃખ રાશિયો,
આત્મજ્ઞાનથી પામો આતમ સારજો. પ્રિય. ૧૧૮
આતમસામે જડવિરોધો આવતાં,
આત્મશક્તિયો ઉછળતી બહુવેગજો;
આત્મજ્ઞાનની આગળ કામ વિકારનું,
ટકે ન બળ કંઇ આત્માનંદની ટેકજો. પ્રિય. ૧૧૯
દેહ રહો વા નહીં રહો એ નિશ્ચયે,
લગની પ્રભુની સાથે ભક્ત લગાડજો;
સર્વવૃત્તિની પેલીપારે જાઇને,
શુદ્ધાતમને વ્હેલા વેગે ઉઠાડજો. પ્રિય. ૧૨૦
દુનિયાને ખુશ કરવાની વૃત્તિથકી,
જરૂર થાતું દુનિયાને નુકશાનજો;
દુનિયાને સાચું કહેવાની બુદ્ધિથી,
દુનિયાની ચડતી થાતી મન માનજો. પ્રિય. ૧૨૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વજીવો મારી પૂજાનાં પાત્ર છે,
એવું જાણી પૂજક જે જન થાયજો;
પૂજક તે ભગવાન્ અને નિશ્ચય બળે,
પૂજાથી પૂજક તે પૂજ્ય સુહાયજો. પ્રિય. ૧૨૨

પોતાના નિઃસ્વાર્થપણાથી અન્યને,
સ્વાર્થી પ્રગટાવો નહીં શિક્ષા સત્યજો;
દુશ્મનના સહુ કાવાદાવા જાણીને,
પ્રેમ ધર્મ સ્હામાં કરવાં શુભ કૃત્યજો. પ્રિય. ૧૨૩

મન અને જ્યાં લાગણી આતમભોગ છે,
અશક્ય કાર્યો ત્યાં નહીં કોઇ જણાયજો;
અનંતશક્તિ મહાસાગર મહાવીરમાં,
મન ઝબોલી પ્રભુ બનો સુખદાયજો. પ્રિય. ૧૨૪

મૂવેલાંને મુડદાંઓનું દાટવું,
જીવંતાં વહેવું શ્રી મહાવીર વાટજો;
રોનારાંને રોવાં હસનારાં પ્રતિ,
હસવું આતમ પામી મહાવીર ઘાટજો. પ્રિય. ૧૨૫

થાય મરણિયા તે જૈનો જગ જીતતા,
દુઃખ ભયોથી બ્હીનારા મરનારજો;
આપપણું ખોઇને કો નહીં જીવતા,
દુર્બલને નહીં સત્ય શક્તિ મળનારજો. પ્રિય. ૧૨૬

પરમાર્થે મરનારાઓ પ્રભુને મળે,
સ્વાર્થે મરનારાઓ પામે સ્વાર્થજો;
જન્મ્યાને મરવાનું ભય ત્યાં શું, અરે,
અમર આતમા મર્યા પછી ભાવાર્થજો; પ્રિય. ૧૨૭

જન્મ મરણ બે પટની પાછળ આતમા,
મરે નહીંને કો નહીં મારણહારજો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જન્મ મરણની છાયા કર્મે થાય છે,
આતમદૃષ્ટિએ નહીં બીજું ધારજો. પ્રિય. ૧૨૮

આતમની મરજીથી સહુ કાર્યો કરો,
મનની મરજી જૂદી પાડો સર્વજો;
આત્મપ્રભુની મરજીમાં મરવું ભલું,
મનની સત્તાનો કરવો નહિ ગર્વજો. પ્રિય. ૧૨૯

આત્માની આગળ નિર્વાણ રહ્યું સદા,
મનની સાથે રહ્યું નરકને સ્વર્ગજો;
જન્મ અને મૃત્યુને વધાવી ચાલજો,
નિજમાં એક વિના નહીં બીજો વર્ગજો. પ્રિય. ૧૩૦

પોતાનાં કલ્યાણો કરતાં સાથમાં,
અન્ય જીવોનાં કરો જનો કલ્યાણજો;
અંશ માત્ર કલ્યાણ કર્યાથી દુર્ગતિ,
થાતી નહીં નિશ્ચય એ સાચો જાણજો. પ્રિય. ૧૩૧

સૌના સેવક બને તે થાતા સ્વામીઓ,
ન્હાવું ઇચ્છો તો થાવો ન્હાનારજો;
જેવું આપો તેવું પાછું પામશો,
વાવો તેવું લણશો નરને નારજો. પ્રિય. ૧૩૨

અસત્યરીતે દુનિયાને વ્હાલા બની,
જીવન ધરતાં મરવામાં કલ્યાણજો;
અસત્ય રીતે પ્રિય બનવામાં દુઃખ છે,
જૂઠાની શી ? કરવી તાણાતાણજો પ્રિય. ૧૩૩

કોટિવાર મરવું સંતોને શ્રેષ્ઠ છે,
સારામાટે સર્વજીવોના હેતજો;
પણ જૂઠાથી જીવવું પળ સારૂં નહીં.
સંતો તે સમજે પ્રભુના સંકેતજો. પ્રિય. ૧૩૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુક્તિતણા વિરોધીથી લઢવું ખરૂં,
સ્વતંત્ર આતમ એ છે જગમાં સર્વજો;
એવો નિશ્ચય જેનો તે જૈનો ખરા,
બને જિનેશ્વર ટાળી દુઃખો ખર્વજો. પ્રિય. ૧૩૫

અનુકુલ સંયોગોથી માર્ગ કમળ સમો,
પ્રતિકુલથી કંટકમય થાવે પન્થજો;
સ્પષ્ટ વદોને સ્પષ્ટ આચરો માર્ગમાં,
સત્ય વિનાના નાખી દેજો ગ્રન્થજો. પ્રિય. ૧૩૬

જૂઠ વધે તેવું નહીં મધુરૂં બોલીએ,
દયા સમી નહીં ગંગા બીજી જાણજો;
નમ્ર બનોને કઠીન બનો અવસર લહી,
સત્યબળે દરિયામાં તરતા વ્હાણજો. પ્રિય. ૧૩૭

ભવસાગરમાં નાવિકપ્રભુ મહાવીર છે,
અપરંપારદયાના છે અવતારજો;
તેમની પાછળ અનુયાયી થૈ ચાલતાં,
ભવસાગરનો સહેજે પામો પારજો. પ્રિય. ૧૩૮

દુઃખોની સામા રહીને યુદ્ધો કરો,
શત્રુઓની પૂંઠ ન છોડો લેશજો;
ઉંઘો નહીં રસ્તામાં ગાફલ મૂઢ થૈ,
દ્વિધાભાવ છંડ્યાથી નાસે ક્લેશજો. પ્રિય. ૧૩૯

સ્નેહ રાગથી બંધાઓ નહીં પંથમાં,
કરો નહીં રસ્તામાં મોહનો સંગજો;
જોઈ જોઈ આગળ પગલું મૂકવું,
રાગદ્વેષ કીચડમય ભરિયા પંથજો. પ્રિય. ૧૪૦

વિશ્વોદ્ધારક અવતારી પ્રભુ આવતાં,
સ્હામા થાતા દુર્જન લોક અનેકજો;
હાથી પાછળ ભસતાં શ્વાનો કરાંજીને,
રવિ ઉગંતાં કાક શબ્દ અતિરેકજો. પ્રિય. ૧૪૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાવતારી મહાવીર દેવની પાછળે,
પાખંડીઓ બહુ કરે પોકારજો;
તેથી જાગ્યા જોયા લોકોએ પ્રભુ,
મોટાના વિરોધી દુર્જન ધારજો. પ્રિય ૧૪૨

સર્વકામના ત્યાગો પ્રભુ પાસે જતાં,
પ્રભુ ઈચ્છા અનુસરવામાંહિ ધર્મજો;
પ્રભુવીરની આજ્ઞામાં સહુ ધર્મ છે,
તેથી નાસે મોહાદિક સહુ કર્મજો. પ્રિય. ૧૪૩

વિશ્વ પ્રભુ મહાવીરને સહુ અર્પણ કર્યું,
હું તું વૃત્તિથી પ્રભુ મહાવીર દૂરજો;
હું તું વિકલ્પ સર્વે છંડી આગળે,
જાતાં વીરનું દેખો અનંત નૂરજો. પ્રિય. ૧૪૪

ત્રણ ભુવનનો આતમ મહાવીર બાદશાહ,
ખોટ ખજાને નહિં કિંચિત્ તલભારજો;
સત્તાએ વ્યક્તિભાવે પણ તેહ છે,
પરબ્રહ્મ પુરૂષોત્તમ જગદાધારજો. પ્રિય, ૧૪૫

આત્મવીરની લીલા અપરંપાર છે,
નવનવરસિયા અનંત ગુણપર્યાયજો;
આત્મ મહાસાગરમાં મન ડુબ્યા પછી,
આત્મરૂપથૈ કરે શુદ્ધપર્યાયજો. પ્રિય. ૧૪૬

અનંત બ્રહ્મા વિષ્ણુહરને શક્તિયો,
અનંત જ્યોતિ મહાવીરમાંહિ સમાયજો;
તેના આગળ કોનું કંઇ ચાલે નહીં,
તેહ કરે તે જગમાં નિશ્ચય થાયજો. પ્રિય. ૧૪૭

અનંત મહાવીર આગળ જગ પરમાણુ સમ,
અનંત જ્ઞેયોનું સમયે છે જ્ઞાનજો;
અનંત અસ્તિનાસ્તિમય મહાવીર છે,
શરણુ સદા હો સર્વ દેવ ભગવાનજો. પ્રિય. ૧૪૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શુદ્ધજ્ઞાનને શુદ્ધપ્રેમ જો બે મળે,
અનંત આનંદ પ્રગટે ઘટ નિર્ધારજો;
જન્મ મરણના ફેરા પળમાંહી ટળે,
જીવંતાં જીવન્મુક્તિ અવતારજો. પ્રિય. ૧૪૯

અનેકભવના પ્રેમે વીર પ્રભુ મળ્યા,
અનેક ભવના ધ્યેય વિભુ અવતારજો;
તપ જપ કીધાં ફળીયાં મહાવીર સ્વામિજી,
મળ્યા બની હું પ્રભુ રાજી જયકારજો. પ્રિય. ૧૫૦

અનંત નામ સ્વરૂપે મહાવીર દેવ છે,
ઇચ્છે તેવા રૂપે દિલ દેખાયજો.
સર્વ મનોરથ ફળ્યા ન બાકી કંઇ રહ્યું,
શ્રદ્ધાપ્રીતિથી ઘટમાં પરખાયજો; પ્રિય. ૧૫૧

સર્વવિશ્વ મહાવીર પ્રભુમય દેખવું,
સર્વજીવોની કરવી ભાવે સેવજો;
જ્ઞાન પ્રેમને ઐક્ય બળે સ્વાસ્તિત્વને,
સંરક્ષીને પામો મહાવીરદેવજો. પ્રિય. ૧૫૨

દિલમાં મહાવીર દેવ વિભુજી જગાડવા,
અનુભવવાને તદ્રૂપ થાવું બેશજો;
ક્ષણ પણ પ્રભુને ભજે બને ભગવાન્ તે,
અનંત કાળના ટળતા સર્વે કલેશજો. પ્રિય. ૧૫૩

પ્રભુએ હિતવચનો મુજને સંભળાવીયાં,
કહેતાં તેનો ક્યારે નાવે પારજો;
પ્રિયદર્શના તારી આગળ લેશ કંઇ,
આજે પ્રભુની શિક્ષા કહી સુખકારજો. પ્રિય. ૧૫૪

બીજી વખતે વીરવચન સંભળાવશું,
આત્મોન્નતિ વિશ્વોન્નતિનાં કરનારજો;
રૂચે પચે તે પછીથી બીજું આપીયે,
પ્રિયદર્શના તું પરબ્રહ્મ થાનારજો. પ્રિય૦ ૧૫૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વીરપ્રભુજી મળશે અહિંયાં આવીને,
વીરપ્રભુમાં સુરતા પૂર્ણ લગાવજો;
ભક્તિ આધીન વીર પ્રભુ જ્હારે ચઢે,
જેવા જેના વર્તે દિલમાં ભાવજો. પ્રિય. ૧૫૬

પ્રિયદર્શના આગળ યશોદાએ કહ્યાં,
વીરવિભુનાં વચનામૃત હિતકારજો;
અંતરૂમાં ઉપયોગતણી સ્ફુરણા બળે,
યાદ કરીને પ્રગટાવ્યાં સુખકારજો. પ્રિય. ૧૫૭

જ્ઞાનીને સાપેક્ષપણે સહુ પરિણમે,
અજ્ઞાનીને વિષમપણે પરિણામજો;
પ્રભુનાં વચનો સાપેક્ષાએ જાણતાં,
આત્મબને અંતરૂમાંહિં નિષ્કામજો. પ્રિય. ૧૫૮

સંવત ઓગણીશ છોતેર શ્રાવણ પૂર્ણિમા,
બલિપર્વદિન પૂર્ણ કરી હિત શીખજો;
ભણશે ગણશે સુણશે તે શિવ પામશે,
વીરપ્રભુની પાસે અંતરદીખજો. પ્રિય. ૧૫૯

ચોમાસું વિજાપુરમાં ભાવે રહી,
વિદ્યાશાળામાં રચના જયકારજો;
બુદ્ધિસાગરસદ્ગુરૂની કરૂણા લહી,
મહાવીર પ્રભુને ગાયા હર્ષ અપારજો. પ્રિય. ૧૬૦

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# श्री यशोदानी प्रियदर्शनापुत्रीने हित शिक्षा ग्रन्थ.

પતિવ્રતા સતીના ગુણ કર્મો.

---

પતિવ્રતા પત્ની દેવી છે સદ્ગુણે,
પતિવ્રતાની શોભા અપરંપારજો;
પતિની નિંદા કરે ન બીજા આગળે,
પતિ ઉપર નહીં દોષ ચઢાવે નારજો. પતિ. ૧

પતિની સાથે ધર્મકર્મસહચારિણી,
પતિ દિલ દુઃખે કરે ન એવું કર્મજો;
સતીપ્રેમથી પતિની સાથે વર્તતી,
પરપુરૂષથી ભોગ ન ઇચ્છે અધર્મજો. પતિ. ૨

દેહરૂપના મોહે મુંઝાતી નહીં,
લાલચથી લપટાતી નહીં તલભારજો;
પરપુરૂષથી ભરમાતી નહીં ભર્મથી,
શીયલવ્રતથી શોભે સ્ત્રી સંસારજો. પતિ. ૩

ગંભીર છાની વાતો મનમાં રાખતી,
સાસુ સસરાનો કરતી સત્કારજો;
ક્રોધ સમાવી દઈને જીવન ગાળતી,
સંતાનોને શિક્ષાઓ દે સારજો. પતિ. ૪

સંતાનોની સર્વશક્તિયો ખીલવે,
ઘરનાં કામ કરંતી નહિ અકળાયજો;
પતિને સત્ય સલાહો આપે પ્રેમથી,
પતિ આદિ ખવરાવી પોતે ખાયજો. પતિ ૫

હોય કદાપિ વ્યસની પતિ તો તેહને,
પ્રેમ જ્ઞાનથી વાળે સવળે પન્થજો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગૃહિણીને ઘર કહેતા મોટા યોગીઓ,
નવરી થાતાં વાંચે ધાર્મિકગ્રંથજો. પતિ. ૬

સાધુ-સંત અતિથિને સત્કારતી,
સંતોષે ભોજન આદિથી બેશજો;
સગાં સંબંધીને સંતોષે ભાવથી,
ગૃહ કુટુંબના ટાળે સઘળા ક્લેશજો. પતિ. ૭

આય પ્રમાણે વ્યય કરતી જ વિવેકથી,
પ્રમાણિકપણે વર્તે સહુ સાથજો;
વીરવીર મહાવીર જપતી કાર્યો કરે,
સ્હાય કરે તેની શ્રી મહાવીર નાથજો. પતિ. ૮

બાળો ભાંડે નહીં ક્રોધે કોને કદા,
પુત્રપુત્રીને સમજણનો દે મારજો;
બાલલગ્નને દુષ્ટરૂઢિયો છંડતી,
વ્હાલ કરીને પતિની કરતી વ્હારજો. પતિ. ૯

ભૌતિક ચઢતી સાથે આત્મિક ઉન્નતિ,
કરવામાં કાઢે જીવનનો કાળજો;
દેવગુરૂને ધર્મની શ્રદ્ધા ધારતી,
સંતાનો બળવાન કરે જીવપાલજો. પતિ. ૧૦

વિદ્યાધનસત્તાશારીરિકશક્તિથી,
ગર્વ ધરે નહીં કરે નહીં અન્યાયજો;
સુખ દુઃખમાં સમભાવે જીવન ગાળતી,
દેવગુરૂને પતિના ગુણને ગાયજો. પતિ. ૧૧

સંકટમાં પતિની સાથે વર્તે સદા,
દેહલગ્ન તે દેહથી આંતર પ્રેમજો;
શાસ્ત્રાધારે બ્રહ્મચર્યને પાળતી,
વીર્યની રક્ષાથી વર્તે છે ક્ષેમજો. પતિ. ૧૨

સર્વ અપેક્ષાઓ સમજીને ચાલતી,
સંઘાદિકનાં કાર્યોમાં લે ભાગજો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહેણી સરખી રહેણી રાખે નિશ્ચયે,
ગુણીજનોપર ધરતી ગુણનો રાગજો. પતિ. ૧૩
પતિનું મન પરખીને ચાલે પતિવ્રતા,
દેવી માતા બની જગત પૂજાયજો;
બુદ્ધિસાગર આધ્યાત્મિક શક્તિબળે,
આર્યા દેવી સતી જગત્ પંકાયજો. પતિ. ૧૪

---

# त्रिशलाअे आपेल पतिलक्षण बोध ग्रन्थ.

---

પત્નીવ્રત ધારી પતિ, સાચો પ્રેમથી,
પતિ, ગુણ કર્મોથી તરતો સંસારજો;
જ્ઞાનોદ્યમ શક્તિથી ઘરને પોષતો,
શ્રદ્ધાથી કર્મો કરતો હુશિયારજો. પતિ. ૧

માતા પિતાદિ વૃદ્ધોની સેવા કરી,
ધન્ય ગણે જે પોતાનો અવતારજો.
વીરવીર જપતોને સારાં કાર્ય સહુ,
કરતો રહેતો ઉત્સાહી અવતારજો. પતિ. ૨

પ્રમાણિક પૂરો ટેકી ને શૂર જે,
પરોપકારો કરવામાં તૈયારજો;
કુટુંબ પોષણ કરવામાં જે ધીરને,
પ્રાણપડે પણ વ્યસની નહીં થાનારજો. પતિ. ૩

પત્નીને સંતોષે ગુણને વૃત્તિથી,
પત્નીને છેતરતો નહીં તલભારજો;
ગણે ન હલકી પત્નીને નિજ આત્મથી,
નીતિથી ધરતો જીવન વ્યવહારજો. પતિ. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈનધર્મપાલનમાં નિશદિન ઉદ્યમી,
સર્વસમર્પણ કરતો ધર્મને કાજ જો;
દેશ કોમ રાજ્યાદિક રક્ષણ કાર્યમાં,
સંઘની સેવા સારૂ આપી સાજજો. પતિ. ૫

સત્યસલાહો આપે પત્નીને સદા,
જ્ઞાનાદિકનું સ્થાપે ઘર સામ્રાજ્યજો.
ઉદાર ગંભીર ન્યાય પરાયણ દક્ષજે,
ગુણથી મોટો થાવા ધરતો દાઝજો. પતિ. ૬

પત્નીનું રક્ષણ કરવા જે ધીર છે,
યોગ્યજનોનું કરતો સહુ સન્માનજો;
ધર્મ કર્મમાં પત્ની સાથે રાખતો,
વાતો સુણતાં કરે ન કાચા કાનજો. પતિ. ૭

પત્નીગુણકર્મોમાં નિહાળતો,
પરનારીના રૂપે નહિં મુંઝાયજો;
વ્યભિચારી પ્રીતિ ધરતો નહીં જે કદિ,
કર્તવ્યો કરવામાં જે હરખાયજો. પતિ. ૮

સર્વસ્વાર્પણ કરીને સાધુ સેવતો;
ગુરૂદેવની ભક્તિ કરે નિશદીનજો;
સત્તાએ પરબ્રહ્મને જોતો સર્વમાં,
વીરપ્રભુમાં કરતો મનને લીનજો. પતિ. ૯

સત્કર્મો કરવામાં મૌની જે બને,
સુખમાં હર્ષ ન સંકટમાં દુઃખ પાયજો;
દાન કરેને વિષયોના વશ નહિ થતો,
સત્યથી જીવે અસત્યને નહિ ચ્હાયજો. પતિ. ૧૦

પ્રાણ પડે પણ જૈનધર્મ નહિ છંડતો,
જૂઠા મત પંથોમાં જે ન ફસાયજો;
શુદ્ધપ્રેમ ને જ્ઞાનવડે જે જીવતો,
પત્નીને ગુણવંતી કરી હરખાયજો. પતિ. ૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પત્નીની નિંદા ન કરે પર આગળે,
સ્રીથી ક્રોધ કરીને નહીં અકળાયજો;
સહન કરે કર્મોદયથી જે જે બન્યું,
વિપત્તિમાં જરા નહીં ગભરાયજો. પતિ. ૧૨

કરે પ્રાર્થના વીરતણી વિશ્વાસથી,
ઐક્ય શક્તિથી થાય સુખી ગૃહવાસજો;
નિર્લેપી થૈ આત્મમહાવીરભક્તિથી,
મરજીવો થૈ પામે પ્રભુને ખાસજો પતિ. ૧૩

શુદ્ધ પરિણતિ પત્નીવ્રત અધ્યાત્મથી,
પામીને પરમાતમ પોતે થાયજો;
બુદ્ધિસાગર દ્રવ્ય ભાવન યદષ્ટિથી,
બાહિરાંતર પત્નીવ્રત સુખદાયજો પતિ. ૧૪

---

દંપતી મોક્ષ.

---

પતિ પત્નીમાં પ્રેમ પરસ્પર હોય તો,
દંપતીજીવન ગાળે સુખમાં દોયજો;
શુદ્ધપ્રેમ બન્નેમાં પ્રગટયાથી ખરાં,
દેવ દેવીઓ સૂરખાં જગમાં જોયજો. પતિ. ૧

સત્ય પ્રેમ વણ દંપતી જીવન નર્ક છે,
કાયલગ્નમાં દુઃખ હોળી પ્રગટાયજો;
અરસ્પરસ વિશ્વાસ પ્રમાણિકતા વડે,
નિર્ધનતા વિપત્તિમાં સુખ થાયજો. પતિ. ૨

આત્મજ્ઞાનથી દંપતી જીવન શોભતું,
ધર્મ કર્મમાં બન્નેનો સહચારજો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુણ કર્મોમાં બન્નેની જ્યાં સામ્યતા,
આત્મજીવન ત્યાં પ્રગટાતું નિર્ધારજો. પતિ. ૩
અરસ્પરસ આત્માર્પણુ છે ત્યાં એકતા,
દિલનાછૂપા ભેદ રહે નહીં લેશજો;
અસત્ય નહીં મનવાણી કાયામાં જરા,
દયા ક્ષમા સમતાથી ટાળે કલેશજો. પતિ. ૪
આત્મરૂપની આગળ વપુના રૂપની,
લેશ મહત્તા ભાસે નહીં નિર્ધારજો,
સાત્વિકપ્રીતિનીતિ રીતે વર્તતાં,
વીરવીર જપતાં ધ્યાતાં નરનારજો. પતિ. ૫
જડના લોભે મુંઝાતાં નહિ જ્ઞાનથી,
સંતોષે જીવન ગાળે સંસારજો;
ભરમાતાં નહીં દુર્જન દાવ પ્રપંચથી,
સંતાનોને શિક્ષણુ દેતાં સારજો. પતિ. ૬
ગૃહાવાસમાં ઉપકારો કરતાં રહે,
સંતસમાગમ કરતાં ધારી રાગજો;
એક બીજાને માટે મરતાં અવસરે,
સુખમાટે બન્નેમાં વર્તે ત્યાગજો. પતિ. ૭
દિલ જૂદાં નહીં આત્માની છે એકતા;
એક બીજાને આત્મસ્વરૂપે ચ્હાયજો;
મીઠાં વચનો મીઠી વૃત્તિ જ્યાં સદા,
સત્કાર્યોમાં સાહચર્યને સ્હાયજો. પતિ. ૮
સ્વાર્થતણી જ્યાં પડે ન કિંચિત્ ભિન્નતા,
એક બીજાના માટે આતમભોગજો;
બાહ્યયોગને આત્મયોગની સાધના,
ભોગો માટે માત્ર ન જ્યાં સંયોગજો. પતિ. ૯
પશુ જીવન જ્યાં કામતણું ટળતું રહે,
ધર્મ્યકામથી પાપ કામનો નાશજો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આર્યપણાનું દંપતીજીવન જાગતા,
તપ જપ સંયમ વર્તે હર્ષોલ્લાસજો. પતિ. ૧૦

કામાદિકના સંસ્કારોને ટાળતાં,
કર્મ કરે નિષ્કામપણે વ્યવહારજો;
સ્વાધિકારે વર્તે ગૃહસંસારમાં,
લગની લાગે વીરવિષે એકતારજો. પતિ. ૧૧

માતા પિતાદિ ગુરૂ જનની સેવા કરે,
દુઃખ પડે જે લેશ નહીં ગભરાયજો,
બુદ્ધિસાગર સાત્વિકલગ્ને દંપતી,
સુખિયાં થાતાં પ્રભુને નક્કી પાયજો. પતિ. ૧૨

---

## શ્રી મહાવીર પ્રભુનો નંદિવર્ધનને આત્મબોધ.

---

નંદિવર્ધનરાજન્ સાંભળ,
આત્મજ્ઞાન સુખકારી;
આતમ જાણે જગસહુ જાણ્યું,
મોહટળે દુઃખ કારીરે પ્રેમે, નંદિવર્ધન સુણશો ૧

મનવાણી કાયા નહીં આતમ,
ઇન્દ્રિય જડ આકારો;
બાહિર અંતર પ્રકૃતિ સર્વે,
તેહથકી ભિન્ન ધારોરે. પ્રેમ. ૨

આકાશવત્ નિર્લેપી વ્યાપક,
જ્ઞાનને આનંદરૂપી,
સ્વપરપ્રકાશક બ્રહ્મસનાતન;
સાપેક્ષે રૂપારૂપીરે પ્રેમે. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્રત અવ્રત તમો ગુણ રજોગુણને,
સત્વથકી છે ન્યારો.
પુણ્યને પાપ થકી છે જૂદો;
એછે પ્યારામાં પ્યારોરે. પ્રેમે. ૪

આતમા મહાવીર વિશ્વેશ્વર છે;
સર્વ વિશ્વ આધારો,
સર્વમાંહીને સર્વથી ન્યારો,
કર્તા અકર્તા સારોરે. પ્રેમે. ૫

ઉત્પત્તિવ્યય ધ્રૌવ્ય સ્વરૂપી;
શબ્દબ્રહ્મથકી ન્યારો,
વેષ ન લિંગ ન કૂલન જાતિ;
સર્વમાંહીને સર્વથી જૂદો,
કાલ અનાદિ હયાતીરે. પ્રેમે ૬

ઉંચો ન નીચો ન હલકો ન ભારે,
રૂપરસશબ્દથી ન્યારો;
શાતા અશાતાકોષથી જૂદો,
સઘળે છે ઉજિયારોરે. પ્રેમે. ૭

લોકોલોકથી મોટો મહાવિભુ;
જ્ઞાનાનન્દરસરેલે,
નવનવરસથી રસિયો ચેતન;
ગુણપર્યાયથીખેલેરે. પ્રેમે. ૮

મોહ ઉદયથી આઘેનો આઘો,
મોહ મર્યા પછી પાસે;
બાહિર અંતર ઉંચે નીચે,
સઘળે પૂર્ણ પ્રકાશેરે. પ્રેમે ૯

ખાતો પીતો ઉંઘતો નહીં તે,
ઝળહળતો નિજજ્યોતે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મન મરતાં એકરૂપે પ્રકાશે,
અનંત બ્રહ્મો દ્યોતેરે. પ્રેમે. ૧
સહુમાંહિ ખેલે સહુમાંહિ રેલે
એકાનેક સ્વરૂપી;
એકવિષે જે અનેક સમાવે,
નિશ્ચયદૃષ્ટિઅરૂપીરે. પ્રેમે. ૧૧

સત્તાએ ત્રણ્યકાલમાં આતમ,
એકસ્વરૂપી સુહાયો;
નામી અનામી રૂપી અરૂપી,
સદસદ્રૂપ કહાયોરે. પ્રેમે. ૧૨

જડચેતનમય જગતનો સ્વામી,
ભિન્નાભિન્ન છે જગથી;
રગોરગમાંહી વ્યાપી ખેલે,
ભિન્ન દિસે રગોરગથીરે. પ્રેમે. ૧૩

આત્મમહાવીર હું છું પોતે,
સર્વજીવો નિજજ્યોતે;
દિલમાંહિ દિલ પ્યારો ગોતે,
વિશ્વપ્રકાશે ઉદ્યોતેરે. પ્રેમે. ૧૪

જન્મ નહીં ને જરા ન મૃત્યુ,
નર નપુંસક નહીં નારી;
ધર્મી અધર્મી રોગી ન ભોગી,
મુક્ત નહીં સંસારીરે. પ્રેમે. ૧૫
અનંતનૂરનો દરિયો સઘળે,
પોતે પોતાને દેખે;
સર્વપ્રકાશક નિત્યાનિત્ય જે,
સર્વરૂપે નિજ પેખેરે. પ્રેમે. ૧૬
જડ નહીં પણ જડપર સત્તા,
જેની પૂર્ણ પ્રકાશે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનંત બ્રહ્માંડોમાં સત્તા,
એકપણે છે વિલાસેરે. પ્રેમે. ૧૭

પંચમહાભૂતથી છે ન્યારો,
ભૂતનો ઉપયોગ ભાવે;
સત્તા વિશ્વમાં નિત્ય છે જેની,
તેને જુવો હિતદાવેરે. પ્રેમે. ૧૮

શુદ્ધપ્રેમને જ્ઞાને પ્રતીતિ,
અનુભવ દિલમાં આવે;
દેહાધ્યાસ મટે મન મરતાં,
જીવન્મુક્તિ સુહાવેરે. પ્રેમે. ૧૯

શ્રવણ મનન નિદિધ્યાસન કરવું;
નિર્લેપી રહી મનમાં,
દેહદેવળમાં બ્રહ્મમહાવીર,
શોધો આતમ દિલમાંરે. પ્રેમે. ૨૦

દેખ્યા વણ આનંદ લહાવણ,
જીવો મરી અવતરતા;
અજ્ઞાને પુદ્ગલમાં રમતા,
આનંદ વણ ટળવળતારે. પ્રેમે. ૨૧

આતમ દેખવો પામવો એ છે,
જૈનધર્મ જયકારી;
દ્રવ્યથી બાહિર નિશ્ચય આંતર,
હ્યો સાપેક્ષે વિચારીરે. પ્રેમે. ૨૨

મનથી ભેદ અને જે અભેદે,
આતમ અમૃત પામે;
જૈનપણું, મન મોહને જીતે,
ઠરતો નિર્ભય ઠામેરે. પ્રેમે. ૨૩

આતમ આપોઆપ છો પોતે,
નિશ્ચય દિલ અવધારો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આતમદષ્ટિએ દેખોને વર્તો,
અવિનાશીનિરાકારેરે. પ્રેમે. ૨૪
મનથી મૃત્યુને આત્મથી જીવન,
જાણી ભ્રાંતિ નિવારો,
બુદ્ધિસાગરમહાવીરબોધે,
સર્વજગત્ અજવાળોરે. પ્રેમે. ૨૫

---

## आत्मप्रकाश.

आतम! तुं है सब उजियारा, घट घट व्यापक आनन्दरूपी.
तेरा सब है पसारा .... .... .... .... .... आतम १
सदसद्धर्मों समाया तुजमें, अनंतब्रह्म अपारा,
सबमें है तु सबमें नाहि, आपहि आप निहारा. आतम २
जलधिमें पडी जल क्या शोधुं, शोधे है सो गमारा;
आपहि आपकुं देखुं ध्यावुं, अलख है रूप अमारा. आतम ३
नाम रूपमें तुहि छुपाया, दिलमें है दिलदारा;
आशक और माशुक तुंहि है, गेय तुंहि गानारा. आतम ४
लिंग न जाति है कछु तुजमें, दुलहनने तुं दुलहारा;
लोकालोकमें तुज उजियारा, तुं प्यारी ओर प्यारा. आतम ५
पाया सो तुजमेंहि समाया, उसकुं नाहि अवतारा;
आपहि बंधत आपहि छूटत, मनसें तुं है न्यारा. आतम ६
सूफी है हम दिलदार साफी, साकी खाकी न्यारा;
बुद्धिसागर अनलहक्क तुं, वीर खुदा निर्धारा. आतम ७

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# अनन्तब्रह्म वर्तुल.

आतम आपोआप समर ले, करना होय सो कर ले. आतम०
वेषाचारमतादिक वर्तुल, उनसें आगे विचर लें;
अनंत वर्तुल शुद्धब्रह्म है, निश्चय ऐंसा कर लें. आतम० १
लिंगनात मन वर्तुल हद है, अंधेरा वहां पर है;
आत्मवर्तुल बेहद है घटघट, ज्ञानप्रकाशसें तर है. आतम० २
अनंतवर्तुल सर्ग व्यय जहीं, परब्रह्म महावीर है;
आपोआप स्वयं हि ऐंसा, ज्ञान तो ज्ञानी घर है. आतम० ३
दर्शन मत पंथ धर्मादिक सब, क्षुद्र लघु वर्तुल है;
मनकी ऐंसी सब लीला है, आतम वीर अकल है. आतम० ४
आत्ममहावीरमें मन लीनता, होतां सुख भरपूर है;
अनंतमहावीर अनुभव आता, साकी स्वयं चकचूर है. आतम० ५
अनंत ब्रह्म महावीर वर्तुल, ऐंसी जिसकी नजर है;
सोहि आतम अल्ला अर्हं, बाहिर ओर अंदर है. आतम० ६
मनकी उपाधि भवबन्धन है, ब्रह्मनूर सागर है;
नामरूपवृत्ति लय होते, दूजाकी न खबर है. आतम० ७
अनंतनभसें ब्रह्म अनंत है, नारी वा नहि नर है;
उसकी सत्ता एक समर है, सबमायासें पर है. आतम० ८
अज्ञानीकुं ज्ञानीयोंका, दिलकी कहांसें खबर है;
बुद्धिसागर सुफी सनूरा, सब आलममें अमर है. आतम० ९

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# मनदृष्टि अने आत्मदृष्टि.

आतम आपोआप विचारा, तेरा सब है पसारा. आतम०
मनदृष्टिसें बन्धन सब है, मन है सब संसारा;
आत्मदृष्टिसे बन्ध न मुक्ति, पुण्य न पापप्रचारा. आतम० १
मनदृष्टिसें जन्म मरण है, सुखदुःख काम विकारा;
आत्मदृष्टिसें जन्म न मृत्यु, आनंद अपरंपारा. आतम० २
मन सेतान है आतम अल्ला, मन है सब अंधियारा;
मन है माया कर्मकी जड है, मनका सब व्यवहारा. आतम० ३
सत्त्व रजस् तमसे है न्यारा, आतम सब आधारा;
ज्ञानसें व्यापक पूर्ण निरञ्जन, ज्ञानीयोंकुं प्यारा. आतम० ४
तीन भुवनका शहेनशाह है, खेले खेल अपारा;
आतम अव्वल आतम आखर, अनंत नूर उजारा. आतम० ५
आतमराज्यमें सब राज्योंका, होत समावेश सारा;
आतमराज्यका नाश न कबहु, ज्यां नाहि मनका मारा. आतम० ६
मनसें होत गुलामी जीवोंकी, आतमप्रभु निर्धारा;
बुद्धिसागर आत्ममहावीर, जिनवर है जयकारा. आतम० ७

# आत्मकमाणी.

आतम ऐसी कमाणी कमाना, आना नाहि फिर जाना. आतम०
ब्रह्ममहावीरमांहि फिरना, ब्रह्मामृतकुं खाना;
ब्रह्ममहावीरमांहि सोना, ब्रह्मकुं पीना पाना. आतम० १

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ब्रह्ममहावीर सुनना स्नेहे, उसमें लगा दे नेना;
ब्रह्ममें उठना हसना रोना, ब्रह्मका लेना देना. आतम० २
ब्रह्मवीर है कुटुंब कबीला, नातजात समशाना;
ब्रह्ममें मरना ब्रह्ममें जीना, आपकुं आप पिछाना. आतम० ३
बाहिर अंतर ब्रह्मकुं जोना, ब्रह्ममें हुंपद खोना;
ब्रह्मरूपमें कर्मको धोना, अस्तिपनेसें होना. आतम० ४
वीर वीर मन वचसें जपना, वीरमें लगनी लगाना;
शुद्धातम उपयोगे बाबु, अनहद तान जगाना. आतम० ५
जैनधर्म आतमगुण पाना, आतमरूपकुं गाना;
आतममांहि मनकुं डुबाना, आतममें गुलताना- आतम० ६
नामरूप जड पुद्गल न्यारा, भ्रान्तिमें न भूलाना,
बुद्धिसागर आत्ममहावीर, आनन्दरूपकुं ध्याना. आतम० ७

---

## आत्मोपयोग.

---

आतम तुं हे पूर्ण अनामी, मनकामी तुं अकामी.—आतम०
नहि हिन्दु नहि मुसल्मान तुं, तुं नहि जैन गुसाइ;
पारसी बौद्ध नहि याहुदी, उंच न नीच इसाइ. आतम० १
ब्राह्मण क्षत्रिय वैश्य न शूद्र, वर्ण न लिंग न जाति;
पृथ्वी जल अग्नि नहि वायु, काया वाणी न भाति. आतम० २
वर्ण गंध रस स्पर्श न शब्दा, ए सब मनका पसारा;
अन्धकार प्रतिबिंब न छाया, आदि न अंत तुम्हारा. आतम० ३

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



*बाप न बेटा गुरु नहि चेला, आपही आप अकेला;*
मन सें न्यारा हो तुम निर्भय, मान न मनका खेला. आतम० ४
कर्म प्रकृति मनसें जूदा, भूल जा दुनिया बाजी;
मन हे मृत्यु आतम जीवन, निश्चयकर हो राजी. आतम० ५
राग त्याग दो मनकी भ्रमणा, मन परतंत्र गुलामी;
मन बंधाता ज्यां त्यां भ्रमसें, ए सब मनकी खामी. आतम० ६
तुं नहि खाता पीता सोता, दुनियाकी नहि यारी;
वृत्ति अध्यासो नहि तुं है, नहि तुं नर वा नारी. आतम० ७
रवि शशी ज्योतकुं तुंहि प्रकाशे, नामरूपसे न्यारा;
बावनसें बाहिर घट खेले, महावीर जगदाधारा. आतम० ८
निराकार साकार सनूरा, तुज प्रेमे गुल्ताना;
बुद्धिसागर तुजमें लीना, पूर्ण हुवा मस्ताना. आतम० ९

---

## म्हने.

સંતોસત્ બતલાનારે. એ રાગ.

---

મ્હને નહીં કોઇની મમતારે,
રહી સહુ જગપર સમતારે.
શુભાશુભ સહુ મનની ભ્રાન્તિ,
શુભાશુભ નહિ કોઇરે;
સુખદુઃખ બાહિર સંયોગે છે,
સમપણે રહિયો જોઇ. મ્હને. ૧

અનંતનામો અનંતરૂપો,
નિર્ધાર્યાં જે મારાંરે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહંપણું તેમાં નહિ રહિયું,
વૃત્તિ બીજો બાળ્યાં. મ્હને ૨

પૃથ્વી જલ વાયુ અગ્નિ નહિ,
નહિ આકાશને કાયારે;
આત્મરૂપ વણ અન્ય ન હું છું,
ભૂલ તણી જગમાયા; મ્હને. ૩

નહિ હું લાંબો પહોળો ટુંકો,
જે છું તે હું જાણું રે;
હું હું ટળતાં થયો અનુભવ,
આનંદરૂપ પિછાણું. મ્હને. ૪

કોઈ ધર્મપર રાગ ન દ્વેષ જ,
કોઇ ન દ્વેષી લાગેરે;
શત્રુ ઉપર દ્વેષ ન પ્રગટે,
મન વર્તે વૈરાગ્યે. મ્હને. ૫

હું નહિ જ્ઞાની હું નહિ ધ્યાની,
હું નહિ ત્યાગી રાગીરે;
હું નહિ ગુરૂ વા ચેલો યોગી,
કવિ નહિં વૈરાગી. મ્હને. ૬

હું નહિ વ્રતી યતિ સંન્યાસી,
ભોગી વા ઘરબારીરે;
ભક્ત તપસ્વી લેખક નહિ હું,
નહિ અવધૂત અવતારી. મ્હને. ૭

સર્વમાંહીંનેસર્વથી ન્યારો,
નહીં લિંગ મુજ જાતિરે;
કોઈ નહીં ઠેકાણું મારૂં,
નહીં નામ પ્રખ્યાતિ. મ્હને. ૮

નિંદા સ્તુતિ મ્હને ન લાગે,
માન અને અપમાનારે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુનિયાદારીની નહિ ચારી,
પ્રભુપ્રેમ મસ્તાના, મ્હને. ૯
દુનિયાના અભિપ્રાયો જે જે
જીવંતાં તે ભૂલ્યોરે;
મ્હને ન પરવા રહી જગ કોની,
પ્રભુપ્રેમમાં ડૂબ્યો. મ્હને. ૧૦
ગાંડો ડાહ્યો જેવો તેવો,
પ્રભુનો હું પ્રભુ મ્હારોરે.
પ્રભુમહાવીરમાં રંગાયો,
માન્યો મ્હારો તારો. મ્હને. ૧૧
વ્રત તપ સંયમ કશું ન જાણું,
આંતરલય પ્રભુ લાગીરે;
બુદ્ધિસાગર આત્મઉજાગર,
દશા હૃદયમાં જાગી. મ્હને. ૧૨

---

## अनादि अनंतात्मा.

---

હું છું અનંત અનાદિરે,
નહિ હું સાંતને સાદિરે.
અનંત નામો અનંત રૂપો,
પર્યાયો વ્યવહારોરે;
અસત્ ભૂલ્યો ભાળીને સઘળું,
હું નહિ જડ આચારો. હું. ૧
નહીં શીખ હિંદુને પારસી,
મુસલ્માનને ખ્રીસ્તિરે;
નહિ બૌદ્ધ મતપંથી કોઈ,
નહિ શૂન્ય વા વસતિ. હું. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનની જે જે ઉઠે કલ્પના,
ઉઠશે તે હું નહિ પોતેરે;
સર્વવિકલ્પાતીત નિરંજન,
નિર્મલ અનંત જ્યોતે. હું. ૩

શહેનશાહ હું ત્રણ્ય ભુવનનો,
અબંધ નહિ બંધાઉરે;
મન મર્યાવણ જાણે ન કો મુજ,
બ્રહ્મની સત્તા ધ્યાઉ. હું. ૪

અનંત પ્રભુનાં નામ ને રૂપો,
અનંત ધર્મસ્વભાવારે;
અસ્તિ નાસ્તિ સ્વરૂપે હું છું,
અનંત મુજ પર્યાવા. હું. ૫

અનેકવર્ણીશબ્દબ્રહ્મથી,
પરબ્રહ્મ છું ન્યારોરે,
શબ્દોના ઝઘડા સહુ ટળિયા;
ચિદાનંદ આધારો. હું છું. ૬

જગ સહુ નિંદો કરોડરીતે,
સ્તવો ગમે તેમ માનોરે;
તેમાં સમભાવે હું આતમ,
રહ્યો ન જગમાં છાનો. હું છું. ૭

પરબ્રહ્મમહાવીરપ્રભુમાં
લય લાવી રંગાયોરે;
જડમાં દેહાદિ જડ મળતું,
બ્રહ્મમાં બ્રહ્મ સમાયો. હું છું. ૮

આતમ સત્તાએ પ્રભુ મહાવીર,
સર્વ વિશ્વ છું વ્યાપીરે;
સત્તાએ સહુ આતમ એક જ,
એવાભાવે જાપી. હું છું. ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનથી ઉઠયાં મત મતાંતર,
સંપ્રદાયને ગ્રન્થોરે;
તે નહિ હું ને તેમાં હું નહીં,
હું નહિ પન્થી પન્થો. હું છું. ૧૦

અનંતજ્ઞાનાદિશક્તિમય,
અનંતવિશ્વપ્રકાશીરે,
જ્યાં ત્યાં દેખું ત્યાં હું પોતે,
નહિ હું મક્કા કાશી. હું છું. ૧૧

ચર્ચને દેવલ મસ્જીદ મઠ સહુ,
સ્થાનક સઘળે દેખોરે;
બુદ્ધિસાગર આતમસત્તા,
ભણિયો એકડે એકો. હું છું. ૧૨

---

# सत्संगति.

---

સાધુઓની સંગતિ શ્રેષ્ઠ,
મુક્તિપુરી પહોંચાડે ઠેઠ;
ગુરૂઓના જે દેખે દોષ,
તેઓનાપર કાલનો રોષ. ૧

સ્વર્ગથી મોટો સાધુસંગ
સાધુસંગે જ્ઞાન તરંગ.
સાધુસંગે નાસે દુઃખ,
આત્મિક સાચું પ્રગટે સુખ. ૨

સંતોની સંગતથકી,
દુર્ગુણ સઘળા જાય;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સદ્‌ગુણ સઘળા પ્રગટતા,
મુક્તિ પલકમાં થાય. ૩

સત્સંગે નહિ સુધર્યો,
માનવ નહિ હેવાન;
સાધુસંગતિ પલકમાં,
ટાળે દોષ નિદાન. ૪

પ્રભુમાં જેની પ્રીતડી,
પામ્યા આતમ જ્ઞાન;
સદ્‌ગુણ પામ્યા સંતને,
નિશ્ચયભાવે માન. ૫

સંતો દેખી રાચજે;
સંત બતાવે સત્ય,
પત્થરનો પારસમણિ,
કરતા સંત સુકૃત્ય. ૬

ઈશ્વરના પ્રતિનિધિઓ,
સંતો સાચાદેવ;
સંત હૃદયમાં છે પ્રભુ,
ભાવે કરજે સેવ. ૭

સંત મળે પ્રભુજી મળ્યા,
માની આનંદ પામ;
અજ્ઞાનાદિદોષના,
નાશક તેનુંજ ધામ. ૮

સંતાત્માને દેખજે,
પ્રકૃતિ નહિ દેખ;
જેવું દેખીશ તેહવો,
બનીશ ફર્ક ન રેખ. ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંતોની દૃષ્ટિથકી,
સંતો જો દેખાય;
સંત સ્વયં આતમ બને,
દુર્ગુણ દૂરે જાય. ૧૦

સંત હૃદય વૈકુંઠ છે,
જ્યાં છે આતમ વાસ;
દોષ દૃષ્ટિ દૂરે કરી,
સંતો સેવો ખાસ ૧૧

સંતને પારખનારા સંત,
સંતો સઘળે ઠામ વસંત;
સંતની સાથે કરો ન વાદ,
દુષ્ટો જ્યાં ત્યાં નારક ઠામ. ૧૨

સંતની સાથે કરો ન વાદ,
તર્કબુદ્ધિથી આવે ખાદ.
બુદ્ધિ કરતાં છે વિશ્વાસ.
પ્રીતિ મુક્તિ કારણ ખાસ. ૧૩

ગુરૂ સેવાથી જ્ઞાન જે થાય,
તેથી આતમ નિશ્ચય થાય;
ગ્રન્થો વાંચે બોધ જે થાય,
મનની પેલી પાર ન જાય. ૧૪

શિરપર કરીને સદ્ગુરૂ એક.
ધર્મ સુણંતાં થાય વિવેક;
અરસ્પરસવિરોધી ગ્રંથ,
વાંચે શ્રદ્ધા ટળે ન પન્થ. ૧૫

ગુરૂ થયા વણ ગુરૂ નહિ મૂક,
ગુરૂ શ્રદ્ધા પ્રીતિ નહિ ચૂક;
ગુરૂ વિરોધી દુર્જનસંગ,
કરો ન નાસ્તિક જનનો સંગ. ૧૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંતો દેતા આતમ રંગ,
ચઢે ન તેપર મોહનો રંગ;
બુદ્ધિસાગરસંતનો સાથ,
કરતાં પોતે પ્રભુસનાથ. ૧૭

---

# मारी पाछळ आवो नहि.

---

મારી પૂંઠ ન પકડો કોઇ,
નહીં તો દિલમાં રહેશો રોઇ.
પહેલાં મરતો નામરૂપથી,
ભણ્યું ગણ્યું સહુ ભૂલેરે;
હું તું ભૂલે પાછળ આવે,
દિવ્યચક્ષુ દિલ ખીલે. મારી. ૧

મારી પાછળ પડો ન લોકો,
પડશો તો સહુ ખોશોરે;
દુ:ખનાદરિયામાંહી પડશો,
મરી પછી નિજ જોશો. મારી. ૨

મારગ ઉલટો સૌથી ન્યારો,
ડગ ભરતાં મુંઝાશોરે;
કાયરનું નહિ કામ કશું અહીં,
દુનિયામાં નિંદાશો. મારી. ૩

તમે તમારા મારગ જાઓ,
અમને નહીં સતાવોરે;
ચેલા ભક્તોની નહિં મમતા,
અહીં ન કોનો દાવો. મારી. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નામવાસના વિષયવાસના,
લોકવાસના ભારીરે;
શાસ્ત્રવાસના ટળતાં પાછળ,
આવો થૈ અધિકારી. મારી. ૫
જેવી દૃષ્ટિ તેવો મુજને,
દેખી ફલ લ્યો તેવુંરે;
આપ ગુરૂને આપ હિ ચેલો,
ઘટમાં જોયા જેવું. મારી. ૬
શીર્ષ ઉતારી ધરવું પહેલું,
કામ ન જાણો સહેલું રે;
નભથી બાથો ભરીને ચઢવું,
થાવું પહેલાં ઘેલું. મારી. ૭
રક્ત અશ્રુની ધારા કાઢી,
તેમાં દિલડું ધોવું રે;
આડું અવળું જરા ન જાવું,
અનંતનૂરને જોવું. મારી. ૮
અનંત જ્યોતિ મહાવીર મળવું,
નથી બાલના ખેલોરે;
અગમ પંથમાં સાહિબ સાથે,
થશે ખરેખર મેળો. મારી. ૯
ભૂલી જાશો અમને દુનિયા,
નામ ન મુખથી લેશોરે;
મુજ જેવા લાખો સાગરિયા,
ફ્રહી જાશે સંદેશો. મારી. ૧
જેવી જેની હોય યોગ્યતા,
તેવું તેને ગમતુંરે;
અમને આત્મસ્વરૂપે રહેવું,
નિશ્ચય એવું ગમતું. મારી. ૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આતમમાં જે જ્ઞાન પ્રગટતું,
તેની ઓર ખુમારીરે;
દુનિયાના લોકો શું જાણે;
ભૂલ્યા મોહે ભારી. મારી. ૧૨
પૂંઠે પડિયા કૈક રખડિયા,
શંકા કંખા લાઈરે;
શ્રદ્ધા પ્રીતિથી જે ચાલ્યા,
તેણે ચાવી પાઇ. મારી. ૧૩
અમે અમારા મારગ વહીએ,
ચિદાનંદમસ્તાનારે;
બુદ્ધિસાગરશુદ્ધાતમમાં,
આનંદથીગુલ્તાના. મારી. ૧૪

---

# महावीर मेळ

---

મળિયા મહાવીર અનંત નૂર, શાશ્વત અનંત આનંદપૂર;
મનથી મરતાં અનુભવ આવે, સર્વ ભ્રાંતિયો જાવેરે;
ચર્મચક્ષુથી આતમચક્ષુ, અનંતવિષયી થાવે. મળિયા. ૧
ક્ષેત્રકાલ અવધિથી ન્યારા, મહાવીર અનંતજ્યોતિરે;
મહાવીર આપોઆપ જ દિલમાં, સર્વ જ્યોતિ વિધ્યોતિ. મળિયા. ૨
દિલમાં મહાવીર પરબ્રહ્મ છે, દેખો અનંત અનાદિરે;
આતમમહાવીર ઘટ ઘટ વ્યાપક, ન્યારી કર્મ ઉપાધિ. મળિયા. ૩
અનંત જ્ઞાનાદિ પર્યાયો, મહાવીરમાંહિ સમાયારે;
સ્વયં મહાવીર અનુભવ આવ્યો, સર્વભાવ સમજાયા. મળિયા. ૪
બ્રહ્મજ્ઞાન વિદ્યા છે બ્રાહ્મણી, તેહથકી પ્રગટાયારે;
ધર્મ શક્તિનું ધામજ એવી, જાયા. મળિયા. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મજ્ઞાન સિદ્ધારથ રાજન્, વિવેક નંદિભાઈરે;
ક્ષત્રિકુંડ અનુભવ ધામ જ, શક્તિ યશોદાબાઈ. મળિયા. ૬
અસંખ્ય પ્રદેશી આતમ તે છે, આર્યદેશ જગ મોટોરે;
ત્રિશલા સમ્યગ્દૃષ્ટિ સનૂરી, જાણે થાય ન ગોટો. મળિયા. ૭
દેવાનંદા ભક્તિદૃષ્ટિ, ઋષભદત્ત શ્રુતબોધ જ રે;
અંતર દૃષ્ટિ સુદર્શના છે, ભાવ કુટુંબની શોધ જ. મળિયા. ૮
પ્રિયદર્શના અનુભવદૃષ્ટિ, તીર્થંકરપદ સૃષ્ટિરે;
આત્મજ્ઞાનથી દેખો દિલમાં, વ્યષ્ટિ તેમ સમષ્ટિ. મળિયા. ૯
પિંડેમહાવીર આતમ એક જ, બ્રહ્માંડે જ અનંતારે;
શક્તિ વ્યક્તિથી જાણ્યા નિશ્ચય, ગુણપર્યાય દ્રવંતા. મળિયા. ૧૦
પિંડવિષે તે બ્રહ્માંડે છે, સત્ય અનુભવ પાયારે;
પ્રતિ સમય પર્યાય પલટતા, દ્રવ્ય જ નિત્ય સુહાયા. મળિયા. ૧૧
પર્યાયોનો ઉત્પત્તિ વ્યય, જન્મ મરણ ક્રમયોગેરે;
દ્રવ્યપણે નહીં જન્મને મૃત્યુ, આતમ ગુણને ભોગે. મળિયા. ૧૨
શરીર પ્રગટી જૂનાં થાતાં, વિણસે બીજાં આવેરે;
જ્ઞાનીને આત્મોન્નતિ ક્રમમાં, હેતુરૂપે થાવે. મળિયા. ૧૩
સમકિત દૃષ્ટિને સહુ સવળુ, સારામાટે થાવેરે;
દેહમૃત્યુ પણ સારા માટે, સ્વોન્નતિ ક્રમે સ્વભાવે. મળિયા. ૧૪
આત્મશુદ્ધિનાં ગુપ્ત રહસ્યો, કર્મથકીજ છુપેલાંરે;
બુદ્ધિસાગર આત્મમહાવીર, દ્રવ્યભાવ પ્રગટેલા. મળિયા. ૧૫

---

## मृत्यु पाछळ.

---

આ વિશ્વમાં નરભવ લહી આત્મોન્નતિ પંથે વહ્યો,
જાણ્યું અને દેખ્યું ઘણું પરમાત્મ મહાવીરઘટ લહ્યો;
પરબ્રહ્મ મહાવીર દેવનું શરણું ગ્રહ્યું ત્યાગી બની,
તપ જપ સમાધિ ધ્યાનવ્રતની સાધના કીધી ઘણી. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગ્રન્થો લખ્યા વ્યાખ્યાનથી ઉપકાર કીધા ભાવથી,
લાખોજનો ઉપદેશિયા સુધારિયા નિષ્કામથી.;
જૈનો અને જૈનેતરોને સત્યતત્ત્વ જણાવિયાં,
મહાવીર ઉપદેશો ઘણા અધ્યાત્મભાવ ભણાવિયા. ૨

મનવાણી કાયાનું કર્યું સ્વાર્પણ જનોના હેતમાં,
રોગાદિ સહુ જ્ઞાને સહ્યા પરમાર્થના સંકેતમાં;
રાખી ન નામને રૂપની મોહાદિવૃત્તિયો હિલે,
જ્યોતિ મિલાવી જ્યોતથી જેથી પ્રભુના ઝટ ખિલે. ૩

રોગાદિના હુમલાવડે ક્ષીણતા ઘણી વધતી જતી,
શુદ્ધાત્મના ઉપયોગની ધારા પ્રગટ થાતી છતી;
સમભાવ જીવન મૃત્યુપર આ દેહમાં મમતા નથી,
ઉપયોગ તેનો શુભ કર્યો મનથી અનુભવ જ્ઞાનથી. ૪

દિવ્યપ્રદેશે જાવવું આ દેહને છોડયા પછી,
નિર્લેપભાવે આત્મમાં આનંદધારા ઉલ્લસી;
શુદ્ધાત્મમાં વાસો ભલો તનુથી અહો દૂરે થતાં,
નિર્મલ અનંતુનૂર એવા બ્રહ્મરૂપે થઇ જતાં. ૫

આ દેહ ઉપર કાલ પણ નહિ આત્મ ઉપર કાલ છે,
દેહાદિથી આગળ જતાં પર્યાયથી ઉપકાર છે,
પર્યાય પોતાનો અહો પર્યાયવર્તન કાલ છે,
પરબ્રહ્મ પોતે આતમા આનંદ જ્યોતિ સુકાલ છે. ૬

જાશું અમો આગળ અમારા શુદ્ધ દિવ્યપ્રદેશમાં,
ત્યાં સર્વ જ્યોતિરૂપ છે આનંદ સત્યપ્રવેશમાં;
દુનિયાજનો ત્યાં આવશો નહિ કોઇ મારી પાછળે,
પાછળ અમારી આવશે જે મોહ મારીને મરે. ૭

રોશો નહીં અમપાછળે દિલગીર થાશો નહિ જરા,
પાછળ અમારી આવશે જે જીવતાં ગુણથી ભર્યા;
ભૂલી જશો ભકતો તમે પરમાત્મમાં મનલય કરી,
તેથી અમારી પાછળે ઝટ આવશો જ્ઞાને મરી. ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે જે મરે તે હું નથી હું નહિ મરૂં કોનાવડે,
હું કાલનો પણ કાલ છું આનંદ જ્યોતિ ઝળહળે;
જે જે મરે બદલાય તે છે પ્રાણ દેહો કર્મ જે,
જે જે મરે તેને રૂવો ત્યાં મોહમાયા ભર્મ છે. ૯

હું જ્ઞાનજ્યોતે જીવતો આનંદમાં લયલીન છું,
આત્મસ્વરૂપે દેખશો મસ્તાન નિર્ભય પીનછું;
ભૂતો મળે ભૂતોવિષે આતમ મળે નિજ જ્યોતમાં,
એવી અમારી માન્યતા સમજે ન મૂઢો મોતમાં. ૧૦

અમ પાછળે નહિ આવશો, દેહાદિને સાથે ગ્રહી;
મરીને પછી જીવ્યા વિના પાછળ ન આવે કો વહી;
જે જે કથ્યું વિચાર્યું જે મન ખેલ સહુ ભૂલી ગયા,
અંતે અમે આ વિશ્વને વંદન કરી આગળ વહ્યા. ૧૧
માફી સકલ જીવોતણી માગી લઉં છું આપશો.
માફી દઉં છું સર્વને દિલને નહિ સંતાપજો,
સમભાવથી પ્રારબ્ધને આવ્યું ઉદયમાં ભોગવ્યું;
ઉપયોગ રાખ્યો આત્મમાં બંધાય ના જેથી નવું. ૧૨
તું ભેટ ફર્જે મૃત્યુ ઓ! મુજ દેહને કર કાજને,
દિવ્યપ્રદેશે જાવતાં ધન્યવાદ તારી સાજને,
આનંદ સત્ય પ્રદેશમાં જાવા બનાવો સહુ બને;
જાણું અનુભવ જ્ઞાનથી તેથી જ આનંદ છે મ્હને. ૧૩

આગળ જતાં પાછળ તણું સહુ પાછળે રહી જાય છે,
પાછળ તણાં સહુ સાધનો આગળ જતાં ભૂલાય છે;
ઓ શિષ્ય સઘળા પાછળે ઝટ આવશો ભેગા થશો,
જેમ જેમ પાછળ આવશો તેમ પાછલું ભૂલી જશો. ૧૪
ભૂલો પરસ્પર માફીથી અળપાઇ જાતી આગળે,
આત્માનુભવને પામશો દોષો સકલ તેથી ટળે;
આત્મ પ્રદેશે મિલન છે વિશ્વાસી થૈને આવશો,
વ્હાલાં તમારાં પ્રેમીઓ તે સાથમાંહિ લાવશો. ૧૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# मृत्यु पाछळ,

દેહ પ્રાણુના મૃત્યુ પાછળ પ્રેમીઓ,
રૂવો તો ખુબ રોઇને રોજો ખૂબજો;
ક્રોધ કરો તો ખૂબ કરો પ્રતિ પક્ષીઓ,
આનંદની પ્રગટે દિલમાંહિ લુંબજો;
અમર છે આતમ મર્યો મરીશ નહિ હું કદા. ૧૬
બાહ્યજીવનમાં મરવું ક્ષણુ ક્ષણુ સંપજે,
પણુ એ મરવું દેહાદિકનું હોયજો;
આત્મદ્રવ્ય સત્તાએ મરવું નહિ ખરે,
નિશ્ચય પ્રગટયો દિવ્યપ્રકાશે જોયજો. અમર. ૧૭
ચાલો હંસા દિવ્યપ્રકાશ પ્રદેશમાં,
જ્યાં નહિ જન્મમરણુનાં દુઃખડાં લેશજો.
સ્વતંત્રતા પૂર્ણાનંદ પૂરણુ જ્ઞાનથી,
રહે ન આધિ વ્યાધિ ઉપાધિ કલેશ જો. અમર. ૧૮
દૃશ્યાદૃશ્યમાં આસક્તિ નહિ રહી જરા,
કોઇ ઉપર રાગ રહ્યો નહીં રોષજો.
દુનિયાની સહુ બાબત મૂકી વેગળી,
રહી ન વૃત્તિ પરના જોવા દોષજો. અમર. ૧૯
જીવ્યો જીવું જીવીશ આતમ હું સદા,
કોઇ થકી હું નહીં કદી મરનારજો;
જેવા ભાવે ભજશે સ્મરશે માનવો,
તેવું ફલ તે પામે જગ નિર્ધારજો. અમર. ૨૦
બાહ્ય ચરિત્ર શું લખશે મારૂ લેખકો,
આતમ અનુભવ પામ્યા વણુ જયકારજો;
મારી દશા જે પામે તેવુંજ ઓળખે,
આશયો પામે તે મુજ પામે સારજો. અમર. ૨૧
લખ્યું અને ઉપદેશ્યું કર્યું જે આશયે,
તેથી આગળ વહિયો અનંત અપારજો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંતરમાંહી આવ્યું ન પ્રગટે શબ્દથી,
દશા લહ્યા વણ શું જાણો નરનારજો. અમર. ૨૨
આડી કર્મની ભીંતો આવી તેહને,
મૃત્યુ આવી તોડી કરતું પ્રકાશજો;
વહેવું આગળ દિવ્ય પ્રકાશમાં વેગથી,
આત્માનુભવ એવો પ્રગટ્યો ખાસજો. અમર. ૨૩

જે જે બન્યું તે સારા માટે સહુ બન્યું,
નિંદાસ્તુતિવૃત્તિ નાઠી દૂરજો;
અનંત સત્ય પ્રકાશ સ્વરૂપી આતમા,
અનુભવ આવ્યો પ્રગટ્યું આનંદપૂરજો. અમર. ૨૪

ગાયો આતમ ધ્યાયો ધ્યાન સમાધિથી,
ઉપચારે જસ નામને રૂપ અનંતજો;
આત્માનંદમાં વિષયાનંદ શમી ગયો,
આવ્યો કામનો શુદ્ધાનંદથી અંતજો. અમર. ૨૫

મહાવીર ધ્યાતાં મહાવીર આતમ અનુભવ્યો,
પોતે મહાવીર જ્ઞાતાજ્ઞેય સ્વભાવજો;
જિનાગમો શાસ્ત્રો સહુ ઉપકારી થયાં,
સંતો પાસે બેસી લીધા લ્હાવજો. અમર. ૨૬

દેખે મારી દૃષ્ટિયોથી જે મ્હને,
આત્મજ્ઞાનમાં ઉંડો ઉતરી ખાસજો;
મુજ સ્વરૂપે થૈ આવે તે મુજ પાછળે,
અનુભવે તે પૂર્ણાનંદ વિલાસજો. અમર. ૨૭

જીવંતાં મન મૃત્યુને મેં અનુભવ્યું,
પરાપાર જૈ નિર્વિકલ્પે ખાસજો;
નામ રૂપાદિ મોહે મરી થયો જીવતો,
આત્મ જીવનનો પૂર્ણ થયો વિશ્વાસજો. અમર. ૨૮
મરજીવાના ઘટમાંજીવન્મુક્તિ છે,
મરવાથી ભય પામે તે મરનારજો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બહિરાતમવૃત્તિની કુર્બાની કરી,
બીજ બળ્યા પછી અવતારો ન થનારજો. અમર. ૨૯
સત્ય કહ્યું છે ભાસ્યું તેવું જ્ઞાનથી,
આત્મજ્ઞાનથી સમજો નરનારજો.
જેના માટે જન્મ્યા તેને પામશો,
અનુભવ કહેવાનો સહુને અધિકારજો. અમર. ૩૦
નહીં જૂઠાણું નહીં મનાવાનું રહ્યું;
માનો વા ના માનો નહીં દરકારજો,
જડપ્રકાશો જેથી પ્રકાશે વેગથી,
અનંત જ્યોતિ આતમ તે આધારજો;
આતમ આતમ સ્વરૂપે પ્રકાશ્યો અનુભવ્યો. ૩૧
આત્માનુભવવાણીથી ન કહાય છે,
બીજાઓને દેખાડયો નહી જાયજો;
આપોઆપ જ અનુભવ આવે તાહરે,
પૂર્ણાનન્દ પ્રગટતાં નિશ્ચય થાય જો. આતમ. ૩૨
આત્માનુભવી જીવતો હૈયાત છે,
મનવાણીને દેહની પેલી પારજો;
તનમન વાણી ચારિત્ર જ બિંદુસમું,
આત્મ મહોદધિ આગળ નિશ્ચય ધારજો. આતમ. ૩૩
દેહચરિત્રને આત્મચરિત્ર ન માનવું,
મન ચરિત્રથી આત્મચરિત્ર છે ભિન્નજો;
કાયચરિત્ર તો શુભાશુભ પ્રારબ્ધથી,
એવું જાણી આતમમાં થઉ લીનજો. આતમ. ૩૪
મર્યા પછી હવે જીવ્યો આત્મ પ્રકાશથી,
તનું છતાં વા નહીં છતાં નિર્ધારજો;
રાગદ્વેષનાં બીજ બળ્યાં સમતા વડે,
ઉપશમ આદિભાવે અનુભવ સારજો. આતમ. ૩૫
શ્વાસોચ્છ્વાસે બાહ્ય જીવન નિષ્કામથી,
આંતરજીવન ભાસ્યું પૂર્ણ અનંતજો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનનું બાહિર સહુ ભૂલાતું ભૂલાય છે,
આત્મધર્મનો આદિ ન આવે અંતજો. આતમ. ૩૬
જૈનધર્મને સાચો જાણ્યો અનુભવ્યો,
જૈનધર્મમાં સર્વે ધર્મ સમાયજો;
મહાવીર પ્રભુનું શરણુ કર્યું સ્વાર્પણુ કરી,
માફ કરો પ્રભુ દોષો સહુ અન્યાયજો. આતમ. ૩૭
જાણે અજાણે ભૂલદોષ જે જે થયા,
પશ્ચાત્તાપ કરૂં છું દીન દયાળજો;
ખમું ખમાવું સર્વજીવોને સમત્વથી,
માગું કરૂણા ત્હારી પૂર્ણ કૃપાલજો. આતમ. ૩૮
જેવો તેવો ત્હારો મુજને જાણીને,
પરમેશ્વર જગદીશ્વર કર ઉદ્ધારજો;
ઉંચો ચઢું છું આત્મપ્રદેશોમાં પ્રભુ,
સમયે સમયે ત્હારો છે આધારજો. આતમ. ૩૯
મારી ફર્જ કરંતાં અધિકું નહિ કર્યું,
ભૂલ ચૂકની માગું છું પ્રભો માફજો,
આત્મોપયોગે રહેવા નિર્લેપભાવથી,
સત્યભાવના ભાવી દિલ દરિયાવજો. આતમ. ૪૦
સમભાવે આ વિશ્વ નિરખિયું અનુભવે,
વિષમભાવ રહ્યો નહીં જગમાં ક્યાંયજો;
એવો નિશ્ચય દિલમાં પ્રગટ્યો છે પ્રભો !
મુક્તિનું સુખ અનુભવાતું આંહિજો. આતમ. ૪૧
હજી પણ પ્રારબ્ધે દુઃખ રોગાદિ વડે,
પ્રગટે તેનો ભોગવી કરવો નાશજો;
નાશવંત નહિ હું જે તે જડપર્યવો,
ત્રણ કાલમાં આતમ છે અવિનાશજો. આતમ. ૪૨
ગુરૂભક્તિએ આતમ આતમ અનુભવે,
ગુરૂકૃપાથી આતમ દિવ્ય પ્રકાશજો;
નિર્ભયતા આનંદ પ્રકાશ્યો અનુભવ્યો,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્ષણિક સુખની રહી ન કિંચિત્ આશજો. આતમ. ૪૩
નમી નમીને વિનવું દુનિયા લોકને,
ધર્મ મતાંતર ભેદે કરો ન ખેદજો;
મનોવૃત્તિ ભેદે છે ધર્મની ભેદતા,
આત્મધર્મમાં જરા ન ભેદાભેદજો. આતમ. ૪૪
આત્મધર્મ પામ્યાને ભેદ ન ભાસતો.
આત્મપ્રદેશોમાંહિ આપોઆપજો;
સ્વયં મહાવીર પ્રભુ અનુભવ આવતાં,
બાહ્યધર્મમાં થાય નહીં ઉત્થાપજો. આતમ. ૪૫
સ્વતંત્ર નિર્ભય આત્મદેશમાં મ્હાલવું,
આધિ વ્યાધિ નહીં ઉપાધિ લેશજો;
મુક્તિ આતમમાંહિ ત્યાં ભાસે ખરી,
દેહ છતાં વેદાતો નહીં મન ક્લેશજો. આતમ. ૪૬
દેહ છતાં મુક્તિ સુખ સાચું અનુભવ્યું,
જડરસ છૂટયો આત્મરસે નિરધારજો;
અનુભવશો મુજ પાછળ આવી માનવો!!!
કહેવાની સાક્ષીની શી દરકારજો. આતમ. ૪૭
ઇચ્છા યોગને શાસ્ત્ર યોગથી આગળે,
સામર્થ્યે આતમ અનુભવ વેદાયજો;
એવો અનુભવ પામ્યો દિવ્યપ્રદેશમાં,
સ્થિરતા યોગે જવું ન આવવું ક્યાંયજો. આતમ. ૪૮
દિલમાં આત્મપ્રભુની દોલત છે ઘણી,
દિલમાં છે સહુ વિશ્વતણો સરકારજો;
અનંત બ્રહ્માંડોને જેહ પ્રકાશતો,
તેમાં સઘળો લાગ્યો સાચો પ્યારજો. આતમ ૪૯
બોલે ચાલે આતમ કર્ત્તા કર્મ છે,
આતમ કરણને સંપ્રદાન જગરાજજો;
અપાદાનને અધિકરણ છે આતમા,
ગાયો ધ્યાયો પોતપોતાને કાજજો. આતમ. ૫૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાવન બાહીર અંતરમાં જે ખેલતો,
તે હું પોતે કરતો સ્વયંપ્રકાશજો;
અમર થયો હું આત્માનુભવ યોગથી,
અનુભવયોગે આવ્યો છે વિશ્વાસજો. આતમ. ૫૧

આતમભાવે આતમમાંહી પરિણમ્યો,
ધન્ય ધન્ય આતમ તુજને લખવારજો;
નમો નમો આતમને નિશ્ચય દેવ જે,
પોતાને પોતે નમવું ઉપચારજો. આતમ. ૫૨

જેની જેવી દૃષ્ટિ તેને તેહવું,
ભાસે લાગે ફલ પ્રગટે નિર્ધારજો;
પૂર્વભવોના સંસ્કારી જ્ઞાની જનો,
આતમને પામી વર્તે વ્યવહારજો. આતમ. ૫૩

સર્વ જાતની નયદૃષ્ટિયો પંથ સહુ,
આત્મરૂપમાં સાપેક્ષાએ સમાયજો;
માટે લોકો આત્માનું શરણું કરો,
આતમ તે પરમાતમ પૂર્ણ સુહાયજો. આતમ. ૫૪

નિજ આમ સતમ સર્વ વિશ્વને દેખલો,
એવો નિશ્ચય પામી વર્તો ખાસજો;
સર્વકષાયો ઉપશમાવો ભાવથી,
આત્મરાજ્ય પામ્યાથી દુઃખનો નાશજો. આતમ. ૫૫

પ્રતિબદ્ધ થાશો નહીં દુનિયામાં કહીં,
નભવત્ નિર્લેપી થાશો નરનારજો;
મ્હારૂં ત્હારૂં વૈરવિરોધ શમાવશો,
સત્ય શાંતિનો તેથી વિશ્વ પ્રચારજો. આતમ. ૫૬

દુનિયાનાં મતપંથો ઝઘડા સહુ શમ્યા,
વીર પ્રભુનાં વચનોથી નિર્ધારજો;
વીર પ્રભો તું સર્વ વિશ્વનો દેવ છે,
તુજ આશ્રયથી સફલ થયો અવતારજો. આતમ. ૫૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓ ॐ અર્હં મહાવીર પ્રભુ શુદ્ધાતમા,
સમયે સમયે એહ રહો ઉપયોગજો;
બુદ્ધિસાગર અનંત મંગલ પામિયો,
અનંત જીવનથી જીવ્યો ગુણયોગજો. આતમ. ૫૮

# नित्य दिवाळी.

અમારે નિત્ય દિવાળી થાય, આનંદમાં દિન જાય; અમારે.
ષટ્ચક્રોમાં મહાવીર મહાવીર, અનંત જ્યોતિ સુહાય. અમારે.
વેદાય દેખાય સહુ સમભાવે, પ્રભુ, પરામાં ગવાય. અમારે. ૧
ધ્યાન સમાધિમાં મહાવીર જ્યોતિ, નિર્વિકલ્પ જણાય; અમારે.
નય નિક્ષેપા ભંગ ન ભાસે, પ્રકૃતિભાન ન થાય. અમારે. ૨
ધ્યાતાધ્યેયને ધ્યાનની એકતા, પૂર્ણાનન્દ પમાય; અમારે.
આતમ આપોઆપ મહાવીર, જ્ઞેયજ્ઞાનૈક્ય સદાય. અમારે. ૩
મહાવીરભક્તિ મહાવીર જ્ઞાનજ, એનો છે આધાર; અમારે.
તીર્થંકર મહાવીર રંગોરંગ, તે પર પૂરો પ્યાર. અમારે. ૪
સાકારને નિરાકાર મહાવીર, પ્રભુતુંજ દર્શન થાય; અમારે.
જ્ઞાનમાં જ્ઞેય સ્વરૂપે મળો મુજ, અનંતગુણ મહિમાય. અમારે. ૫
અસ્તિ નાસ્તિમય વિશ્વછે તુજમાં, મહાવીર તું છે અનંત. અમારે.
શાતા અશાતા યશ અપ યશમાં, સમભાવે સુખવંત. અમારે. ૬
સર્વ ધર્મો ને સર્વ દેવો પણ, તુજમાંહે પ્રણમંત; અમારે.
સર્વ વેદાન્તાદિક દૃષ્ટિયો, તુજ ભક્તિમાં શમંત. અમારે. ૭
તુજને ગાતાં તુજને ધ્યાતાં, આવે અમીરસ સ્વાદ; અમારે.
મહાવીર તુજને દેખ્યા હૃદયમાં, ટળિયા વાદવિવાદ. અમારે. ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શુદ્ધોપયોગે આત્મમહાવીર, જ્યોતિ અપરંપાર; અમારે.
જડજ્યોતિથી ન્યારા નિશ્ચય, અનંત સુખ આધાર. અમારે. ૧૦
તુજવણુ અન્ય ન મનમાં ગમતું, જોઇને જોયું તમામ; અમારે.
બુદ્ધિસાગર મહાવીર પ્યારા, તું છે મારો હામ. અમારે. ૧૧

---

# યાદી.

---

વિશ્વ મનુષ્યો તમને યાદી આપું છું,
ચિદાનંદમય પ્રભુ તમે છો ખાસજો;
શુદ્ધાતમ વ્યાપકદૃષ્ટિએ દેખશો,
ધરો હૃદયમાં આતમનો વિશ્વાસજો. વિ૦ ૧

વિશ્વ જીવોના સમષ્ટિના અંગી તમો,
અથવા માનો વિશ્વ તમારૂં અંગજો;
એવા ભાવે વર્તી કર્તવ્યો કરો,
કર્મયોગીઓ થાશો થશો નિઃસંગજો. વિ૦ ૨

સર્વે વિશ્વજીવો છે મારા માનશો,
અભેદભાવે વર્તો સર્વે સાથજો;
વિશ્વજીવોને સોડહંભાવે ભાવશો,
તેથી થાશો વ્યકત ત્રિભુવન નાથજો. વિ૦ ૩

સાકારી સહુ વિશ્વજીવો પ્રભુઓ ગણો,
સમષ્ટિભાવે તત્ત્વમસિ ત્યાં ભાવજો;
સર્વજીવોના સ્વાર્થોના શુભકૃત્યમાં,
પરાર્થતા માની લેશો શુભ લ્હાવજો. વિ૦ ૪

આત્મભાવથી વ્યાપક બનશો માનવો,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેશકોમ રાજ્યાદિક કરશો કૃત્યજો;
દયાદાન દમ સંતોષે મન રીઝીએ,
સ્વાર્થને ભીતિ ત્યાગી બોલો સત્યજો. વિ૦ ૫

દોષગુણો સહુ સાપેક્ષાએ માનશો,
મનના મોહે મુંઝો નહીં નરનારજો;
પ્રમાણિક રહેશો દુનિયા વ્યવહારમાં,
કરશો સઘળી દુષ્ટવૃત્તિ સંહારજો. વિ૦ ૬

શારીરિક વાચિક શક્તિયો જાળવો,
આધ્યાત્મિક શક્તિ પ્રગટાવો બેશજો;
સુખ દુઃખ આવે સમભાવે વર્તો જનો,
ઘણું સહીને ટાળો પ્રગટયા કલેશજો. વિ૦ ૭

સત્ય સહનતાથી પ્રભુતા પ્રગટે ઘણી,
વિનય કર્યાથી વૈરીઓ વશ થાયજો;
સેવા ભક્તિ જ્ઞાનને કર્મોપાસના,
યોગે મુક્તિ પામો દુઃખ ન કયાંયજો. વિ૦ ૮

જ્યાંથી ત્યાંથી સદ્‌ગુણ લેશો માનવો,
સ્વતંત્રતા નિર્ભયતા એ છે રાજ્યજો;
આતમના વશ મનવચ કાયા વર્તતાં,
પ્રગટે મહાવીર પ્રભુધર્મ સામ્રાજ્યજો. વિ૦ ૯

જૈનધર્મ સામ્રાજ્ય તે આતમ રાજ્ય છે,
ઘટોઘટ વ્યાપ્યું પ્રગટાવો નરનારજો;
આસુરીવૃત્તિયો જીતો માનવો,
સાત્વિક ગુણ કર્મોથી શ્રેય થનારજો. વિ૦ ૧૦

અન્ય જીવોનું શુભ કરતાં નિજશુભ છે,
વૈરબુદ્ધિથી વૈર નહીં શમનારજો;
પ્રેમને સમતાદાને વૈરો સહુ શમે,
ઉપકારોથી વૈરો શાંત થનારજો. વિ૦ ૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કામભોગથી કામ વધે નહી ઉપશમે,
વૈરાગ્યે ઉપશમતો કામવિકારજો;
ક્રોધ શમે છે ક્ષમાથકી લઘુતાવડે,
માર્દવભાવે ઉપશમતો અહંકારજો. વિ૦ ૧૨

સરલ સ્વભાવે કપટો ઉપશમતાં સહુ,
સંતોષે સહુ લોભો થાવે શાન્તજો;
જ્ઞાન વધે તેમ દુષ્ટકદાગ્રહ લય થતો,
પૂર્ણ જ્ઞાને આતમ છે નિર્ભ્રાન્તજો. વિ૦ ૧૩

ધર્મપ્રવૃત્તિ કરશો સાવધતા ગ્રહી,
સંપી ચાલો સહુ સાથે નરનારજો;
દુષ્ટશત્રુના વિશ્વાસે રહેશો નહીં,
સ્હામા થાનારાને ન દેશો મારજો. વિ૦ ૧૪

શત્રુઓ તાબે થાતાજ પરાક્રમે,
આત્મભોગ વણ પરમાર્થો ન કરાયજો;
સ્વ ફરજોને અદા કરીએ નેમથી,
સ્વાત્મ પરાર્થે કદિ ન ભૂલો ન્યાયજો. વિ૦ ૧૫

જૈનધર્મને પ્રાણાંતે મૂકો નહીં,
પ્રભુ મહાવીર ભાષિત સત્યાચારજો;
પ્રભુ મહાવીર પર શ્રદ્ધા પ્રીતિ ધરો,
પ્રભુ મહાવીર નામે જગ જયકારજો. વિ૦ ૧૬

શુદ્ધાતમ પોતે એ યાદી ન ભૂલશો,
લોકરીતિ ત્યાં રાખો લોકાચારજો;
સન્ત મળે ત્યાં એકાકારે વર્તશો,
ધર્માર્થે મરશો સર્વે નરનારજો............ વિ૦ ૧૭

જીવંતાં મન મારી જેઓ જીવતા,
તેવા સંતો મર્યા નહીં મરનારજો;
અન્ય ધર્મીપર દ્વેષ ન ધરશો માનવો,
દુષ્ટ અધર્મનો કરશો ઝટ સંહારજો. વિ૦ ૧૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સદ્દગુરુની રીતિ રાખીને ચાલશો,
રાગ રોષ ત્યજી ધરશો દિલ સમભાવજો;
જૈનધર્મ એવો જાણી નર નારીઓ,
વર્તનમાં મૂક્યાનો રાખો ભાવજો. વિ૦ ૧૯
પ્રત્યાહારને ધારણા ધ્યાન સમાધિથી,
પૂર્ણાનંદી મુક્ત થશો સ્વતંત્રજો;
બુદ્ધિસાગર આપોઆપ પ્રકાશશો,
સત્યાતમથી વેદાગમ સહુ મંત્રજો. વિ૦ ૨૦

---

# दारु.

---

### કવ્વાલિ.

બદી હા દારૂની બૂરી, જીવંતાં શીર્ષપર શૂલી;
જશો ના માનથી ફૂલી, પડંતી લક્ષ્મીપર ધૂલી. ૧
અહો જ્યાં દારૂ ત્યાં કાળું, પડે ના જ્ઞાન અજવાળું;
રહે ના ચિત્ત રૂપાળું, જીવંતાં નર્કનું બારૂં. ૨
ગયાં રાજ્યો થઇ પડતી, થઈ ના કોઈની ચડતી!
જીવંતાં જીંદગી સડતી, અને દોષાગ્નિથી બળતી. ૩
અરે જે દારૂ પીનારા, કમોતે દુ:ખી મરનારા;
કદા નહિં મુક્તિ વરનારા, ફના સહુ જીવ્યું કરનારા. ૪
અહો જે પાપી શયતાનો, અહો, જે દુષ્ટ હયવાનો;
જીવે નહીં ધર્મ નાદાનો, કરે છે ખૂબ તોફાનો. ૫
જનો !! દૂરે કરો દારૂ, ગણી જીવન અતિપ્યારૂં;
નઠારૂં દુ:ખ દેનારૂં, વ્યસન દારૂતણું કારૂં. ૬
શિખામણ માનજો સારી, વિચારી ધર્મ નરનારી;
બુદ્ધયબ્ધિ શીખ દિલધારી, ત્યજો દારૂ અનાચારી. ૭

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# खादी.

સ્વદેશી વસ્તુ વાપરશો, ભલું નિજ દેશનું કરશો;
સ્વદેશી વસ્ત્ર વાપરશો, સ્વદેશી વેષને ધરશો. ૧
સ્વદેશી રૂડી છે ખાદી, ઘણી સસ્તી અને સાદી;
કરી નિજ દેશની યાદી, બનો નહિ ચિત્ત ઉન્માદી. ૨
ટકંતી બહુ વખત ખાદી, થતી નહિ દેશ બરબાદી;
બનો નિજ દેશહિતવાદી, બનો શૂરા વખત સાધી. ૩
સ્વદેશીથીજ આબાદી, ટળે છે આધિને વ્યાધિ;
ટળે છે ખૂબ ઉપાધિ, સમજ લેજો જનો સાધી. ૪
સ્વદેશી ચીજ વાપરતાં, સ્વદેશીઓ થતા તરતા;
તજી ફિશિયારી ફેશનની, તજી પરતંત્રતા મનની. ૫
સ્વદેશી હો ગમે તેવું, સ્વદેશી પ્રેમથી લેવું;
સહાયક દેશના બનવું, ભલું એવું સદા ભણવું. ૬
ઘણાં ખર્ચો ટળી જાશે, ઘણા શોખો ફના થાશે;
સ્વદેશી ખાદીથી ચડતી, થશે ક્યારે નહીં પડતી. ૭
ટળો હિંસા દયા વાધો, જનો નિજધર્મને સાધો;
બુદ્ધચબ્ધિ ધર્મ આરાધો, ધરો નિજવેષને સાદો. ૮

# संप,

અરે હિંદુ મુસલમાનો, ભલેરી શીખ દિલ માનો;
કરો નહીં કલેશ તોફાનો, જમાનો સંપનો જાણો. ૧
લડો નહિ ધર્મના બ્હાને, કરી પડતીજ શયતાને;
રહ્યા ભૂખ્યા ભરે ભાણે ગુલામીમાં રહો શ્યાને ? ૨
ધરીને ધર્મના ઝઘડા, લહી પડતી ઘણા બગડયા;
કરો દૂરે સકલ રગડા, બનોને સંપથી તગડા. ૩
સ્વદેશીની ધરી પ્રીતિ, સ્વદેશી રીતિને નીતિ;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટળે સંકટ સકલ ભીતિ, સ્વદેશી ઐકય છે યુકિત. ૪
રહી છે સંઘમાં શકિત, કલિયુગમાં બળે વ્યકિત;
વહો સર્વે સમય વર્તી, કરી નિજ દેશની ચડતી. ૫
જનો નિજભોગને આપો, સ્વદેશી પ્રેમથી વ્યાપો;
બુદ્ધયબ્ધિ ધર્મને છાપો, કુસંપી મૂળને કાપો. ૬

---

# ગાય.

---

પાળો ઘર ઘર ગાય, માનવો પાળો ઘર ગાય;
દેશની દોલત ગાય. માનવો.
ગાયમાતા સમ માત ન બીજી, જગ પોષણ કરનાર;
ગોવધ જેવું પાપ ન બીજું, ગાય જગત આધાર. માનવો. ૧
જેનું દુધ પીવો તે માતા, તેનો વધ નહીં થાય;
ઋષિ મહંતો સર્વે ગાવે, ગાય છે સર્વની માય. માનવો. ૨
સર્વે હિંદુઓ જૈનો શીખો, પારસીઓ ધરો શીખ;
મુસલમાન ખ્રીસ્તીઓ સમજો, ગોપાલન ધરો દીખ. માનવો. ૩
જીવોની સહુ દુનિયાં વાડી, ઉપયોગી સહુ જાણ;
જીવો પરસ્પર આશરે જીવે, જીવવું સહુને પ્રમાણ. માનવો. ૪
ગોમાતાની રક્ષા કરવી, સર્વ લોકોનો ધર્મ;
ગોચર દાનથી પુણ્ય ઘણું છે, સમજો ધર્મનું મર્મ. માનવો. ૫
રામ કૃષ્ણ મહાવીર બુદ્ધને, ગાયોપર બહુ વ્હાલ;
મહમદ ઇશુ જરથોસ્થને ગાયો. વ્હાલી કર સંભાળ. માનવો. ૬
મહાવીર પ્રભુએ દયા ધર્મનો, દીધો જગ ઉપદેશ;
વેદો પુરાણો આગમો ગાવે, જીવદયા સંદેશ. માનવો. ૭
ભારત ગૌમાતાની સેવા, મીઠા મેવા માન;
દયા ધર્મ સમ ધર્મ ન બીજો, વીર કહે ભગવાન. માનવો.
હિંદુસ્તાનમાં ઘર ઘર ગાયો, રહેશે તબ તે સ્વર્ગ;
બુદ્ધિસાગર દેશ કોમની, ચડતીનો, એ ધર્મ. માનવો. ૯

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# दारु

દારૂ સર્વ દુઃખનું મૂલ, તેથી અંતે ધૂલંધૂલ;
દારૂથી વ્યસનો સહુ બીજાં, પ્રગટે મસ્તક રોગ.
આપઘાતને મારંમારા, પ્રગટે શોક વિયોગ. દારૂ. ૧

દેશ કોમને રાજ્યની પડતી, આયુ હોય વિનાશ;
મગજ બિમારી વાયુ રોગને, પ્રગટે દમ બહુ શ્વાસ. દારૂ. ૨

બુદ્ધિબલ લક્ષ્મીનો નાશ જ, સગાં કુટુંબી વૈર;
પડતી દુશ્મનકારણ દારૂ, જ્યાં ત્યાં સળગે ઝેર. દારૂ. ૩

દારૂથી કદિ થાય ન સારૂં, દારૂ ત્યાં નહિ દેવ;
દારૂપાનથી ધર્મ રહે નહીં, વધતી સર્વ કુટેવ. દારૂ. ૪

પ્રભુ વાસ નહિ દિલમાં રહેતો, ચિત્ત રહે નહીં ઠામ;
સર્વગુલામોનાજ ગુલામો, દારૂપાની તમામ. દારૂ. ૫

દારૂનો જ્યાં છાંટ પડે ત્યાં, દેવો અગ્નિ ડામ;
સર્વપાપનું કારણ દારૂ, બગડે સારાં કામ. દારૂ. ૬

દારૂથી જે દૂર રહે છે, કોમ સંઘને રાજ;
ત્યાં ચડતી છે સર્વ પ્રકારે, સુધરે સઘળાં કાજ. દારૂ. ૭

પરતંત્ર છે દારૂપાની, ગાંડો અક્કલ હીન;
અમાણિક ટેકી નહિ રહેતો, અંતે દીનનો દીન. દારૂ. ૮

સેવા ભકિત જ્ઞાનવિનાનો, દારૂ વ્યસની થાય;
દારૂપાનીનાં સંતાનો, સંસ્કારે જ છવાય. દારૂ. ૯

દવાવિષે પણ દારૂ ન સારો, ધર્મ ભ્રષ્ટ કરનાર;
નરનારી ચેતીને ચાલો, દ્યો દારૂ ધિક્કાર. દારૂ. ૧૦

દુષ્ટ દારૂથી દૂર રહીને, કરો આત્મ કલ્યાણ;
બુદ્ધિસાગર શિક્ષા સાચી, વર્તે તેહ સુજાણ. દારૂ ૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# हरणोनी स्वतंत्रता.

સાનંદ ગામની પશ્ચિમ દિશાએ, મોટા સરવર પાસે,
ખેતરમાં હરણોનું ટોળું, મળિયું બહુ વિશ્વાસે;
કીધી મનથી સારી વાત, બાહિર તેનો છે સાક્ષાત્. ૧
હરણાંએ મુજ સાથે જે જે, વાતો મનથી કીધી,
ઉત્તર પ્રત્યુત્તર જે આપ્યા, તેની કરૂં પ્રસિદ્ધિ;
મનથી અંતર પ્રગટે વાત, બાહિર તેનો છે સાક્ષાત્. ૨
હરણાં બોલ્યાં સ્વતંત્રતાથી, ફરવું ચરવું ભાવે,
સ્વેચ્છાએ વર્તન સ્વરાજ્ય જ, સ્વતંત્રતા સહુ ચ્હાવે 'મનથી' ૩
તાબે અમને કરીને લોકો, ભલે ખૂબ ખવરાવે,
તો પણ અમને ચિત્ત ન રૂચે, સ્વતંત્રતા જ્યાં જાવે;
રૂડો વાયુ વગડો વાસ, મળતું સ્વેચ્છાએ જ્યાં ઘાસ. ૪
પ્રેમ ધરીને લોકો પાળે, અમને ત્યાં નહીં ફાવે,
નિજ ટોળામાં રમત ગમતનો, આનંદ લેશ ન આવે;
ગમે નહિ પરબંધનમાં લેશ, અવસ્થા કેદીની બહુ ક્લેશ. ૫
સર્વજીવોને કર્મપ્રભુએ, ખાવાપીવા આપ્યું,
મેઘ વર્ષતો સહુને માટે, નથી કોઈનું દાપું;
અમારા કર્મ પ્રમાણે ન્યાય, ખાવું પીવું સઘળું થાય. ૬
ખેતરમાંહિ કર્મ પ્રમાણે, ભાગ અમારો ખાવો,
કર્મપ્રભુને પુચ્છો લોકો, નથી એકનો દાવો;
એવો કર્મપ્રભુનો ન્યાય, બૂરો કરો નહીં અન્યાય. ૭
સ્વતંત્રતા વણ ખાવું પીવું, તેથી મરવું સારૂં,
પણ નહીં પરના તાબે થાવું, ઇશ્વર શિક્ષણ પ્યારૂં;
આપ્યું પ્રભુએ એવું ભાન, મનથી કરીએ પ્રભુનુ ગાન. ૮
ટોળુ બાંધી વનમાં ફરતાં, લખ્યું લલાટે ખાતાં,
બીકણ પણ નિર્દોષી જીવન, પામીને હરખાતાં;
ફરતા પાપ નહીં તલભાર, કરતાં વનસ્પતિ આહાર. ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમો અમારા રક્ષણુ માટે, સાવચેતીથી ફરીએ,
લોકોનો અપરાધ ન કરીએ, તો પણ લોકથી મરીએ;
સમજશે ક્યારે માનવજાત, દયાસમ ધર્મ નહીં પ્રખ્યાત. ૧૦
વગડામાંહી જલ મળ્યા વણ, સરવર કાંઠે આવ્યાં,
ગુરૂ તમારા દર્શન માટે, એકાંતે બહુ ફાવ્યાં;
કીધી તમને મનથી વાત, જાણો અંતર્ગત સાક્ષાત્. ૧૧
ઋષિયો પેઠે વનસ્પતિના, આહારે અમ માતાં,
લોકો હિંસા કરતાં કિંચિત્, હૃદય નહીં ખચકાતાં;
તેથી પાપ વધ્યું દુષ્કાલ, અશાંતિ દુઃખે હાહાકાર. ૧૨
ગુરૂવર ઉપદેશો લોકોને, અમને કોઈ ન મારે,
નહીં બગાડયું કોનું જરીએ, માનવભવ નહીં હારે,
એવો દયા ધર્મ ઉપદેશ, દેજો પાપીઓને બેશ. ૧૩
માંસ ખાય તે માનવ નહીં છે, માનવ અન્નાહારી.
પ્રભુ કુદ્રત્નો ન્યાય છે એવો, સમજો નરને નારી;
એવો પ્રભુનો છે ઉપદેશ, પાળે રહે ન દુઃખડાં કલેશ. ૧૪
હરણાંએ મુજમનની સાથે, એવું મનથી જણાવ્યું,
સ્વતંત્રતા લુંટો નહીં કોની, સ્વરાજ્ય એ સમજાયું;
એવો સર્વવિશ્વમાં ન્યાય, ઉલટું ચાલ્યાથી અન્યાય. ૧૫
ગુલામ કરતાં અન્યલોકને, ગુલામ પોતે થાવું,
સ્વતંત્રતા છે સર્વ જીવોને, ઇશ્વરી ન્યાયને ગાવું;
બુદ્ધિસાગર સમજો સત્ય, કરશો ક્યારે નહીં અપકૃત્ય. ૧૬

## स्वदेशभक्त

સ્વદેશ ભકત ગણાય, અહો તે સ્વદેશ ભકત ગણાય;
દુઃખી જનોની સેવા સારે, દયા દિલ ઉભરાય. અહો. ૧
સ્વદેશી ચીજ વાપરતો સહુ, કરે ગરીબને સ્હાય;
ઉંચ નીચનો ભેદ ગણે નહીં, સરખા સહુને ચ્હાય. અહો. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુષ્ટવ્યસનથી દૂરે રહેતો, બોલે સત્ય વચન;
પ્રમાણિક પૂરોને ગંભીર, નિર્મલ જેનું મન. અહો. ૩
પરમાર્થે જીવન સહુ ગાળે, મૃત્યુ જીવન સમભાવ;
કર્મયોગી થૈ કર્મો કરતો, લેતો જીવન લ્હાવ. અહો. ૪
દેશજનોના દુઃખે દુઃખી, દેશીજનોપર પ્રેમ;
પરદેશીપર દ્વેષ નહીં દિલ, પશુ પંખીપર રહેમ. અહો. ૫
લક્ષ્મી લાલચથી નહિ લલચાતો, માનનો મોહ ન લેશ;
સર્વકોમમાં સંપ વધારે, ટાળે ઝઘડા કલેશ. અહો. ૬
સત્ય ન્યાયને સંપ ન ચૂકે, સર્વજીવોપર વ્હાલ;
બાળકસમ નિર્દોષી મનડું, ડરે ન આવે કાલ. અહો. ૭
પૃથ્વીસમ ક્ષમતાને ધારે, મેરૂસમો જે ધીર;
પરાક્રમી ખંતીલો ટેકી, કાર્ય કરી બને વીર. અહો. ૮
દેશ સેવામાં અન્યદેશોનો, દ્વેષ ન રાખે ભેદ.
અન્ય દેશીઓ સાથે અભેદે, વર્તે લેશ ન ખેદ. અહો. ૯
અન્યદેશસાથે સહકારી, સારામાટે જેહ;
બુદ્ધિસાગર સ્વદેશ ભક્તો, રવિ શશી જેવો મેહ. અહો. ૧૦

---

## " आत्मारूप भारत देश. "

---

આત્મ ભારત શુભ દેશ, અમારો આત્મ ભારત શુભ દેશ,
શિર હિમાદ્રિ મહેશ..............................અમારો.
ઇડા ગંગા પિંગલા યમુના, સુષુમણા સરસ્વતી બેશ;
સિન્ધુ નર્મદા અન્ય નાડિયો, નદિયો વહેતી હમેશ. અ૦ ૧
જ્ઞાનની કાશી કર્મ કાલિકટ, ભકિત વ્રજ છે વિશેષ;
સેવા મુંબાઇ અસંખ્ય યોગો, નેતા પ્રેમ ગણેશ. અ૦ ૨
સદ્વિચારો ગામ નગરપુર, જાણે રહે નહીં કલેશ.
શુદ્ધપરિણામ શત્રુંજય છે, દેહ ધણી છે વીરેશ. અ૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાશ્મીર સમતા પંજાબ શૌર્યજ, દયારૂપી ગુજરાત,
સૌરાષ્ટ્ર સત્યને કચ્છ છે શક્તિ, મારવાડ તપ ખ્યાત. અ૦ ૪
કર્મયોગ મહારાષ્ટ્ર દેશ છે, જ્ઞાન તે કાશીદેશ;
ઉપાસના તે બંગ અંગ છે, વિદ્યા બ્રહ્મ જિનેશ. અ૦ ૫
વિંધ્યાચલ વૈરાગ્ય જ પર્વત, આબુ ધીરજ ગુણ જાણ;
સંયમ કર્ણાટક શુભ દેશજ, શૌચ તે સિંહલ માન. અ૦ ૬
સમપરિણામ જ સિન્ધુ દેશ છે, મધ્યપ્રાંત મર્યાદ;
એમ સદ્ગુણરૂપી સહુ દેશો, શોભે છે આબાદ. અ૦ ૭
રજો બ્રહ્મા, તમો મહાદેવ, સત્વ તે વિષ્ણુ પ્રમાણ;
નિર્ગુણ આતમ જિનવર જાણો, દેવો એવા જાણ. અ૦ ૮
વપુ ભારતમાં આતમ રાજા, રાજ્ય કરે રંગરેલ;
પ્રકૃતિ માયા ખેલો ખેલે, કરતો આનંદ સહેલ. અ૦ ૯
બ્રહ્મરન્ધ્ર કૈલાસની ઉપર, પૂર્ણાનન્દ સુહાય;
હૃદય કાશીમાં ધારણા ધ્યાન જ, જ્યોતિ દર્શન થાય. અ૦ ૧૦
વપુ ભારતનો આત્મ પ્રભુ છે, કરતો આત્મ સ્વરાજ્ય;
મન ઈન્દ્રિયોને વશ રાખે, ત્યારે સ્વદેશોન્નતિ કાજ. અ૦ ૧૧
વપુ ભારત સ્થિત સર્વ દેશની, સાથે વિશ્વ સંબંધ;
સમજે તે પરબ્રહ્મને પામે, અજ્ઞાની છે અંધ. અ૦ ૧૨
દેહભારતનો ઈશ્વર આતમ, નિત્ય પ્રભુ ભગવંત;
સમજે તેને મોહ રહે નહીં, સમજે જ્ઞાની સંત. અ૦ ૧૩
વપુ ભારતમાં રહીને સંતો, રહેશો નહીં પરતંત્ર;
મોહને જીતો ત્યારે સ્વતંત્ર જ, સાધો સ્વરાજ્યનો મંત્ર. અ૦ ૧૪
આત્મ રાજ્ય સાધે તે લોકો, સ્વદેશ ભક્ત ગણાય;
આત્મ રાજ્ય વણ મોહ રાજ્યથી, અનંત દુ:ખ લહાય. અ૦ ૧૫
ક્રોધાદિક પરદેશીલોકો, પરદેશી મોહરાજ;
યાવત્ રાજ્ય કરે તાવત્ દુ:ખ, રહે ન કોઈની લાજ. અ૦ ૧૬
આત્મિકબળ પ્રગટાવો સંતો, મોહરાજ કરો દૂર;
વપુ ભારતમાં આતમ રાજા, થાતાં સુખ ભરપૂર. અ૦ ૧૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આતમ તે પરમાતમ થાતાં, સર્વવિશ્વનો દેવ;
સમજી સાચું મહાવીર થાવો, કરજો આતમ સેવ. અ૦ ૧૮
વપુ ભારતમાં આતમ બ્રાહ્મણ, જ્ઞાન પ્રગટતાં થાય;
શક્તિ સ્ફુરાવે આતમ ક્ષત્રિય, ગુણુથી વૈશ્ય સુહાય. અ૦ ૧૯
સેવા ભકિત યોગે શૂદ્રજ, સ્વાર્પણે ત્યાગી ગણાય;
આતમ મનથી વપુ ભારતમાં, ચારે વર્ણ જણાય. અ૦ ૨૦
એક અનેક સ્વરૂપી આતમ, વપુભારત વિલસંત;
જડવાદીઓ જાણે ન નાસ્તિક, જાણે યોગી મહંત. અ૦ ૨૧
વપુભારતમાં રહો જ્યાં સુધી, ત્યાં સુધી કરો રાજ્ય;
બુદ્ધિસાગર પ્રભુ મહાવીર, રાખો દેશની લાજ. અ૦ ૨૨

---

# साणंद गोधावी.

---

સાણંદ ગોધાવી શુભ ગામ, દયાવંત લોકોનું ધામ;
જૈન મહાજનનું છે જોર, ઘર ઘર ચૌટે રમતાં મોર. ૧
મૂઠીમાંથી દાણા ખાય, મોરો રહેતાં ઘરનીમાંહ્ય;
કરે ન હિંસા પાપી વર્ગ, દયામયી લોકોનું સ્વર્ગ. ૨
દયાવંત હિંદુ સહુ જાત, કરે ન પશુ પંખીની ઘાત;
સર્પોની પણ કરે ન ઘાત, એવી અહિંયા હિંદુ જાત. ૩
જૈનોમાં હિંદુમાં શકિત, રહેતાં એવી રહેશે રીતિ;
ઘટશે જો મહાજનનું જોર, રમશે નહીં ઘર ચૌટે મોર. ૪
સંપ જ્ઞાન હિંમતને પ્રેમ, મહાજનમાં વર્તે તો ક્ષેમ;
અજ્ઞદોષી જો આગેવાન, ત્યાં પડતી મહાજનની જાણ. ૫
મહાજન છે સહુમાંહી શ્રેષ્ઠ, રાજાદિક પણ તેના હેઠ;
પહોંચે નહિં મહાજનને કોય, મહાજનમાં જો શકિત હોય. ૬
મહાજનમાં જ્યાં પડે કુસંપ, ત્યાં પડતી વળતો ના જંપ;
ભેદભાવથી મહાજન નાશ, દુષ્ટલોકનું જોર જ ખાસ. ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેળવણી ધન બળ જ્યાં હોય, ધર્મ ન્યાય સત્તા જ્યાં જોય;
ત્યાં મહાજનની ચડતી થાય, દયાવંત લોકો પ્રગટાય. ૮
સાણુંદ ગોધાવીને શીખ, ધર્મ કરતાં ધરો ન બીક;
પરોપકારે આપો પ્રાણ, ઇર્ષ્યા દ્વેષને છંડો માન. ૯
સ્વાર્પણ કરીને રાખો ધર્મ, નિર્લેપી થૈ કરજો કર્મ.
ગુરૂવર્ગની યાવત્ભક્તિ, તાવત્ મહાજનમાં છે શક્તિ. ૧૦
ઉદ્યમને ઉત્સાહ વિવેક, બહાદુરીથી રાખો ટેક.
બુદ્ધિસાગર અંતર જાણ, મહાજનની ચડતી છે માન. ૧૧

---

# जीवतां ते मरेला.

---

જીવંતાં તે મરેલ, અહાહા જીવંતાં તે મરેલ,
દેશ દાઝ નહીં ધર્મ દાઝ નહીં, વ્યભિચારી સટકેલ. જી૦
ભક્ત દાતા કે શૂરપણ નહીં, પવૈયાના ખેલ;
મૃત્યુભયથી નાસે આઘો, ઇર્ષ્યાગ્નિથી બળેલ. જી૦ ૧
પુરૂષ છતાં પણ પુરૂષાર્થ નહીં, રહે ન બુદ્ધિ ઠરેલ;
શ્રદ્ધા પ્રેમને ઉત્સાહ નહિ દિલ, ગાંડાઇના ખેલ. જી૦ ૨
સ્વાશ્રય સ્વાતંત્ર્યે નહીં જીવે, ગુલામ કર્મે જીવેલ;
હિંમત સાહસ પરાક્રમ નહીં, જંગલનો જેમ બેલ. જી૦ ૩
તન ધન સત્તા દુરૂપયોગી, વિષયી મોજની સહેલ.
પરોપકારે પ્રેમ ન જરીએ, કરતો કુકર્મો ફેલ. જી૦ ૪
સર્વપ્રકારે વ્યસની પૂરો, દેશદ્રોહી સડેલ;
દેવગુરૂ અને ધર્મ ન માને, પાપના પન્થ વહેલ. જી૦ ૫
સાધુ સંત ઉપર નહીં પ્રીતિ, બોલ્યાનો નહીં મેળ; જી૦
દારૂપાની અને હરામી, શ્યાને એ જન્મેલ. જી૦ ૬
હિંસક જૂઠા ચોરને લંપટ, બેસી રહે ઘર મહેલ; જી૦
અન્ય જીવોનું લોહી ચૂસે, દુર્જનસંગે ચડેલ. જી૦ ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુણ્ય પાપને માને ન નાસ્તિક, ધર્મી જીવોને નડેલ; અ૦
પાપનો પશ્ચાત્તાપ કરે નહીં, કપટી દિલમાં મેલ. અ૦ ૮
નામરૂપમાં મોહી રહેલો, સત્કાર્યો ન કરેલ; અ૦
પાપ કાર્યમાં રહેતો પહેલો, ભણતર પાપી ભણેલ. અ૦ ૯
દુર્ગુણથી જીતાઇ જીવે, નીતિથી જ પડેલ; અ૦
દેશ સમાજનું શ્રય કરે નહીં, દુષ્ટપણાનાં ગેલ. અ૦ ૧૦
માતપિતા ગુરૂ ઇશ્વિર ભક્તો, શૂરા ધર્મી ઠરેલ; અ૦
બુદ્ધિસાગરજીવંતશકિત, યોગે સત્ય જીવેલ. અ૦ ૧૧

---

# मरेला पण जीवता.

---

જીવંતા તે જાણ, મરેલા જીવંતા તે જાણ;
સદ્‌ગુણની જે ખાણ. મરેલા.
દયાદાનને દમગુણવાળા, આપે પરાર્થે પ્રાણ; મ.
ધર્મદેશની દાઝ ઘણી મન, ધરે ન જૂઠું માન. મ. ૧
ભક્તિ ઉપાસના કર્મને કરતા, સાધે યોગ પ્રમાણ; મ.
જ્ઞાની ધ્યાની પ્રમાણિકને, કરતા ગુરૂ પ્રભુ ગાન. મ. ૨
સર્વજીવોને આતમ સરખા, દેખે ન કાચા કાન; મ.
માતપિતા ગુરૂ વર્ગના ભક્તો, સત્ પાત્રે દે દાન. મ. ૩
જન્મ ભૂમિને ધર્મના માટે, આપી દે નિજ જાન; મ.
દેહાધ્યાસ ન સ્વપ્ને પ્રગટે, કરતા ધર્મી માન. મ. ૪
ગરીબ રોગી જનની સેવા, કરવામાં ગુલ્તાન; મ.
પરબ્રહ્મ મહાવીર પ્રભુમાં, લીન બન્યા મસ્તાન. મ. ૫
ઉદ્યમી પ્રમાણિક ખંતીલા, ઉત્સાહે જે જુવાન; મ.
સત્કાર્યો કરવામાં શૂરા, સાચી મધુરી વાણ. મ. ૬
હિંસા જૂઠને ચોરી ત્યાગી, આપે વિદ્યા જ્ઞાન; મ.
ચિત્તથકી પણ વ્યભિચારી નહિ, બને નહીં નાદાન. મ. ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સહાયકને સત્યના સંગી, કરતા જગ કલ્યાણ; મ.
સંતો સતીઓ જ્ઞાની ભક્તો, કરે ન જીવની હાણ. મ. ૮
ક્ષમા લઘુતા આર્જવ નિર્મલ, મનડું આતમ ભાન; મ.
મનવાણી કાયાપર કાબુ, રાખંતાં ભગવાન; મ. ૯
ધર્મભેદના બ્હાને ન લડતા, રાખે પ્રભુમાં ધ્યાન. મ.
સ્વાધિકારે કર્મ કરે સહુ, ત્યાગી ગૃહસ્થ નિશાન. મ. ૧૦
ધન્ય ધન્ય એવાં નરનારી, નિર્વ્યસની ગુણવાન; મ.
બુદ્ધિસાગર જીવંતા તે, અમર આતમ જાણ. મ. ૧૧

# हिन्दुस्तान.

( કાનુડો ન જાણે મારી પ્રીત એ રાગ. )

હવે તો કૃપા કરી ભગવન્, હિંદની વ્હારે આવોરે;
હવે તો દુઃખની હદ થૈ દેવ, હિંદમાં હૈયું લાવોરે. હવે. ૧
હવે નહીં એકે આરો, એકજ છે તુજ આધારો;
ટાળી કુસંપ ઇર્ષ્યા દ્વેષ, હિંદને તુર્ત સુધારોરે. હવે. ૨
શક્તિયો સહુ પ્રગટાવો, આગળનો માર્ગ જણાવો;
પૂર્વે હતું મઝાનું હિંદ, તેહવું હાલ બનાવોરે. હવે. ૩
ભણતર પોતાનું ભૂલ્યું, વિપત્તિદરિયે ડૂલ્યું;
ટાળો ફાટફૂટનો દાટ; આંખમાં અમૃત લાવોરે. હવે. ૪
હિંદ હિંમત વણ હાર્યું, સાચું ના દિલ ગણકાર્યું;
પરાશ્રય વૃત્તિ ટાળી દેવ!!! સ્વાશ્રયી ભાવ ભણાવોરે. હવે. ૫
થાતી નિજ હાથે ચડતી, થાતી નિજ હાથે પડતી;
ચડતી પડતી સર્વ ઉપાય, હિંદને તુર્ત બચાવોરે. હવે. ૬
પોતે પોતાની હાથે, સંપીને વર્તો સાથે;
એવો હિન્દીઓને મંત્ર, ભાવથી પ્રભુ ભણાવોરે. હવે. ૭
પૂર્વે જે પાપો કીધાં, ભોગવી ફળ તો લીધાં;
પ્રાયશ્ચિત્તો કીધાં સર્વ, હિંદને બહુ ન તપાવોરે. હવે. ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હિંદને હૃદયે ધારો, દયા લાવી ઉગારો;
કરશો ભારતનો ઉદ્ધાર, ઘણું શું ? હવે કહાવોરે. હવે. ૯
હિંદ રગોરગ વ્યાપો, ઉત્સાહ શકિત આપો;
છાપો સર્વ ખંડ શિરતાજ, ટાળો દુષ્ટ બળાપોરે. હવે. ૧૦
સર્વ જાતિયો સંપી, રહે સ્વરાજ્યે જંપી;
બુદ્ધિસાગર સઘળું વિશ્વ, પ્રભુજી પ્રેમે જગાવોરે. હવે. ૧૧

---

# प्रभुना हिन्दने उपदेश.

---

પ્રભુ દે હિંદ પ્રતિ ઉપદેશ, કર્મફલ કીધાં પાવોરે. પ્રભુ.
હિંદમાં વસતી જાતિ, સર્વ સંપીને વર્તે;
આપે એક બીજાને સહાય, તદા છે સ્વોન્નતિ દાવોરે. પ્રભુ. ૧
ન્યાયને સત્યથી ચડતી, સ્વાર્થ કુસંપે પડતી;
સહુનો એકાંત્મા જો હોય, ઉન્નતિનો ત્યાં લ્હાવોરે. પ્રભુ. ૨
બ્રિટીશો જેવા થાવો, દોષોને દૂર હઠાવો;
પરસ્પર એક બીજાને ચ્હાવ !!! ફરી નિજ કામે આવોરે. પ્રભુ. ૩
બ્રિટીશો ઉપર પ્રીતિ, રાખો લેશો શીખ નીતિ;
છંડો સ્વાર્થ પ્રગટતો મોહ, વિશ્વથી હળીમળી જાવોરે. પ્રભુ. ૪
વિપત્તિ સાગર તરવું, મૃત્યુથી લેશ ન ડરવું;
કરશો સ્વાર્પણ હિંદને હેત, ફૂટને દૂર હઠાવોરે. પ્રભુ. ૫
ચડતી થાવે છે હાથે, સદ્દગુણ નીતિ સાથે;
ઉદ્યમ કરનારાને સ્હાય, મળે છે લક્ષ્યમાં લાવોરે. પ્રભુ. ૬
પોતે પોતાની મેળે, સ્વાશ્રય શકિતભેળે;
થાવે પ્રગતિ આપો આપ, શકિતયો સર્વ સ્ફુરાવોરે. પ્રભુ. ૭
ઉત્સાહ આશા ધારી, જાગી જા શિખ દિલ ધારી;
વિશ્વમાં જ્યાં ત્યાંથી ગુણ શીખ, ગુણીના ગુણને ગાવોરે. પ્રભુ. ૮
રાજ્યદ્રોહથી ત્હારાં, સંતાનો રહેશે ન્યારાં;
ત્હારો દ્રોહ ન થાશે લેશ, ઉન્નતિ થાય વધાવોરે. પ્રભુ. ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૃત્યુ ન દેખે જ્યારે, ઉન્નતિ ત્હારી ત્યારે;
રગોરગ જાગે એવો ભાવ, તદા શુભ બને બનાવોરે. પ્રભુ. ૧૦
હિંદ !!! શિખામણ માનો, વર્તતાં ચઢતી જાણો;
બુદ્ધિસાગર પ્રભુ વિશ્વાસ, પ્રેમથી ઐક્ય સુહાવોરે પ્રભુ. ૧૧

## हिंद जाग,

હિંદ !! હવે ઝટ જાગ, રસીલા હિંદ હવે ઝટ જાગ,
ધોઈ દે નિજ ડાઘ. રસીલા. ૧
સર્વ દેશથી સહકારી થૈ, કર સહુ વિશ્વથી રાગ; રસીલા.
સર્વવિશ્વમાં સત્યાદર્શને, દેખી થા વડભાગ. રસીલા. ૨
આર્ય ગુણોથી જાગ્રત થા ઉઠ, સ્વાર્પણને ધર ત્યાગ; રસીલા.
કર્તવ્યો કર ત્હારાં સઘળાં, દયા સત્ય ધર ત્યાગ. રસીલા ૩
અન્ય દેશના દુઃખમાં ભાગી, થા કર નિજ ઉદ્ધાર; રસીલા.
ત્હારૂં દેખી અન્યો શીખે, એવો ધર આચાર. રસીલા. ૪
વિપત્તિ દુઃખ સહવું તપ એ, તપવું સત્યને હેત; રસીલા,
વિશ્વ સેવામાં પ્રભુની ભક્તિ, સત્ય એવો સંકેત. રસીલા ૫
દુઃખીઓનાં દુઃખડાં ટાળી, રાખ રૂડું નિજ નામ; રસીલા.
મતસહનતાને સમભાવે, કરજે સઘળાં કામ. રસીલા. ૬
વિદેશી નિજબાળકવત્ ગણ, ભાવ ધરીને ઉદાર; રસીલા.
વ્યસન મોજથી દૂરે રહીને, ધર ઉત્તમ વ્યવહાર. રસીલા. ૭
સમાનતા પ્રેમ સહાયપણાથી, રાખજે ત્હારી ટેક; રસીલા.
બ્રિટીશ રાજ્યના સત્યગુણો લે, રાખજે સત્ય વિવેક. રસીલા. ૮
આગળ વધ તું સાહસ ધારી, ધરી પ્રભુ વિશ્વાસ; રસીલા.
સર્વ ખંડમાં દાસપણાની, વૃત્તિ હરજે ખાસ. રસીલા. ૯
સર્વે ખંડ એકઘરસમ જોવે, એવો ધરને સ્વભાવ; રસીલા,
દયા સત્યને બ્રહ્મચર્યથી, લેજે સારા લ્હાવ. રસીલા. ૧૦
સદ્‌ગુણ સર્વે તુર્ત સ્ફુરાવી, પરિહર દુર્ગુણ નિંદ. રસીલા.
બુદ્ધિસાગર આત્મજ્ઞાનથી, જાગ જાગ ઉઠ હિન્દ. રસીલા. ૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# भारतमहावीर.

ભારત મહાવીર દેવ, ભવિ ભજો ભારત મહાવીર દેવ;
કરશો ભાવે સેવ............ ભવી.
ભારત મહાવીર દેવનું મસ્તક, ઋષિ મુનિ સંત જાણ;
મુખતે બ્રાહ્મણ જ્ઞાની લોકો, ધર્માચાર્ય પ્રમાણ. ભ. ૧
હૃદય તે ઇશ્વરાવતારો, સમજે શિવ સુખ થાય; ભ.
બાહુ ક્ષત્રિય ત્યાગી દાની, રક્ષક જાણો સદાય. ભ. ૨
બુદ્ધિ તત્ત્વ તે બુદ્ધ ને બ્રહ્મા, ઉત્પત્તિ બીજરૂપ; ભ.
રક્ષક શકિત વિષ્ણુ' અશુભનું, નાશક રૂદ્ર સ્વરૂપ. ભ. ૩
વાત પિત્ત કફ રૂદ્ર હરિહર, તમ સત્વજ રજ જાણ; ભ.
મન તે શંકર ચિત્ત ગણેશ જ, એવાં દેવનાં સ્થાન. ભ. ૪
પેટ તે વૈશ્યસમૂહ પિછાનો, સર્વકલાની ખાણ; ભ.
પાદ તે શૂદ્ર સમૂહ કહીજે, ગુણ કર્મે ઘટ જાણ. ભ. ૫
પિંડે મહાવીર ભારત મહાવીર, સાપેક્ષાએ પ્રમાણ; ભ.
પ્રાણ તે વિદ્યા શ્વાસોચ્છવાસ તે, જીવનશક્તિ માન. ભ. ૬
દિલડું કાશી સન્મતિ ગંગા, ત્રિવિષ્ટપ સંન્યાસ; ભ.
યમુના પ્રજ્ઞા સિન્ધુ શ્રુતિ છે, ચારે બુદ્ધિ પ્રકાશ ભ. ૭
કાલ અનાદિ અનંત છે ભારત, મહાવીર સત્તા ખાસ; ભ.
સર્વ નાડીયો નદી વૃત્તિયો, એવો ધરી વિશ્વાસ. ભ. ૮
મસ્તર ઉર કર પાદછે પૂજ્ય જ, અંગ વિવેકે સત્ય; ભ.
પાંચદેવ પાંચજ્ઞાન ઇન્દ્રિયો, નવ ગ્રહો કરે કૃત્ય ભ. ૯
પંચભૂત ક્ષમા શાંતિને સત્ય જ, ધ્યાન સમાધિ બેશ; ભ.
આધ્યાત્મિક રૂપક પ્રતીકો, જાણે રહે નહીં ક્લેશ. ભ. ૧૦
મોહ શત્રુનો નાશ કર્યાથી, મહાવીર શકિત પ્રકાશ, ભ.
પ્રકૃતિરૂપી' વીર અરૂપી, બેનો ભેગો વાસ. ભ. ૧૧
બ્રહ્માંડ ભારત પિંડ મહાવીર, સમજ્યા સુખ થાય; ભ.
બુદ્ધિસાગર ભારત મહાવીર. પરમબ્રહ્મ સુહાય. ભ. ૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# हिंदनी उन्नति.

સ્વદેશી ચીજ ઘરઘરમાં, જનો જો વાપરે નક્કી.
તદા છે હિંદની ચઢતી, સ્વદેશી રાજ્યની વક્કી. ૧
સ્વદેશી ઉન્નતિમંત્રો, ઘરોઘર સત્ય ફુંકાશે;
ખરી ચળવળ અને બળથી, ખરી દેશોન્નતિ થાશે. ૨
થશો બ્રિટિશના જેવા, ખરેખર હિંદના ભક્તો;
તદા દેશોન્નતિ થાશે, થતાં લોકો અનાસક્તો. ૩
ગુણોવણ નહિં વળે પોકે, ગુણોવણ નહિ વળે ઢોંગે;
ખરા ખેલો જ ભજવાતાં, નહીં કો ઉન્નતિ રોકે. ૪
મર્યાવણ માળવો નહીં છે, કર્યાવણ કાર્ય નહિ થાતું;
દયાને સત્ય આચરતાં, સધાતું ઉન્નતિ નાતું. ૫
થતાં પરમાર્થની બુદ્ધિ, થતી નિજ આત્મની શુદ્ધિ;
મળે છે દેવની શક્તિ, મળે છે ઉન્નતિ ઋદ્ધિ. ૬
સહ્યાથી સર્વ વિપત્તિ, પ્રગટતી દેશમાં શક્તિ;
સહી સહુ સર્વપર પ્રેમી, બનો દિલમાં ઘણા રૂહેમી. ૭
ધરો નિજ શત્રુપર પ્રીતિ, ખરી છે ઉન્નતિ રીતિ;
ઘણાભોગે મળે શક્તિ, ત્યજી દો દુષ્ટ આસક્તિ. ૮
પરાયા દેશનું બૂરૂં, કરો નહીં પ્રાણ પણ જાતાં;
સ્વદેશીના સમા અન્યો, ગણો વર્તો સુખી થાતાં. ૯
બનો નહિ શકિતથી અંધા, બનો ભગવાનના બંદા;
રહો ના દુર્ગુણે ગંદા, ત્યજી દો મોહના ફંદા. ૧૦
સ્ફુરાવો શકિતયો સર્વે, રહો ના કોઈથી ગર્વે;
બુદ્ધ્યબ્ધિ સંઘબળ શકિત–, વડે છે શાંતિ ને નીતિ. ૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પીંજરનો પોપટ અને પોપટનું ટોળું.

એક નગરના બાગમાં, માલીક છે ધનવંત;
શુક ભણેલો રાખિયો, પિંજરમાં ગુણવંત. ૧
મધુરૂં ગાયન ગાવતો, માલીક કરે પ્રસન્ન.
માલીક તેને સાચવે, રાજી રાખે મન્ન. ૨
સુવર્ણનું છે પિંજરૂ, મીઠાં ફલ આહાર;
સુવર્ણનું છે કચોલડું, જલ પીતો ધરી પ્યાર. ૩
શુકનું ટોળું આવિયું, સુવર્ણ પિંજર પાસ
પિંજર શુક ખુશી થયો, બોલ્યો વચન વિલાસ. ૪
મુજસમ શિક્ષણને ગ્રહો, રહો પિંજરે ખાસ;
સુખી થશો શુકપક્ષીઓ, રહેશો નહીં જ ઉદાસ. ૫
શુકનું ટોળું બોલ્યું પ્રેમે, સુણ બંધુ શિખસારી;
કેદીને સુખ હોય ન સ્વપ્ને, સ્વતંત્રતા અમ પ્યારી;
જેથી સ્વતંત્રતાનો નાશ, સાચું શિક્ષણ નહીં તે ખાસ. ૬
ભલે હોય સુવર્ણ મઢેલું, પિંજર બંધન ખાસ;
એ પિંજરના કેદી બનતાં, છૂટે અમને ત્રાસ,
પ્રભુએ આપ્યું છે સ્વાતંત્ર્ય, મૂકી થવું કેમ પરતંત્ર. ૭
કુદ્રતનાં ગાયન શુભ ગાતાં, વૃક્ષવેલીપર બેસી;
રાત્રી થાતાં વન વૃક્ષોમાં, રહીએ સ્થાન પ્રવેશી,
ખાવું પીવું મન અનુસાર, બંધન ગમે નહીં તલભાર. ૮
સ્વતંત્રતામાં મૃત્યુ સારૂં, કેદી જીવન ખારૂં;
આત્માકાશે ઉડવું થાતું, કોને હોય ન પ્યારૂં,
મીઠાં ફળનો છે આહાર, અમારી મરજીને અનુસાર. ૯
જાતિ જાતિમાં મળવું સારૂં, કુદ્રતની એ રીતિ;
પર જાતિથી મેળ મળે નહીં, સમજ સમજ એ નીતિ,
કેદમાં રહેવું એ છે દુઃખ, ભૂલથી માન્યું ત્યાં ત્હેં સુખ. ૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુખ અમારૂં વનવગડાનું, શું જાણો ઘરબંદી !!!
હસીએ રમીએ લીલા કરીએ, રહે ન બુદ્ધિ મંદી,
થાતાં જન્મ થકી પરતંત્ર, સમજ્યા જાતા નાહિ નિજમંત્ર. ૧૧
એકવાર જો છૂટું થાવે, સુખનો અનુભવ પાવે;
મૃત્યુથકી પણ બંધન તુજને, બૂરૂં લેશ ન ભાવે,
ઈશ્વર રાજ્યમાં બંધન ન્હોય, કેદો મનુષ્યે કીધી જોય. ૧૨
ઈશ્વર રાજ્યમાં સર્વજીવોની, સ્વતંત્રતા સોહાય;
માનવજાતિ ભૂલી પ્રભુને, કયાંથી પ્રભુને પાય,
પરને કરે ગુલામ જ જેહ, અંતે થાય ગુલામ જ તેહ. ૧૩
તુજને બંધનમાંહી નાખ્યું, જાય ન અમથી સાંખ્યું;
નિજજાતિના મેળે સહુને, સુખ છે પ્રભુએ ભાખ્યું,
અહોહો માનવ કેવી જાત, કેદી કરી થતી રળિયાત. ૧૪
શુક જાતિનાં ગાયન મીઠાં, માનવના મન લાગે;
પોતાના ગાયનમાં આનંદ, સમજે તો ઘટ જાગે,
સમજશે કયારે માનવ જાત, વિશ્વની કુદ્રત્‌ને સાક્ષાત્. ૧૫
કલા કરીને પિંજરમાંથી, છૂટવું ધર્મ એ ત્હારો;
સમજ સમજ શુક શાણા જ્ઞાને, પિંજરવાસ નઠારો,
બંધન મુક્ત થવાને કાજ, કરજે લાખો કોટિ ઈલાજ. ૧૬
ઇશ્વરી કુદ્રત્ નીતિ સાચી, બંધનમુક્ત જ થાવું;
બંધન કરવું ઘટે ન કોને, નિજ ધર્મે સ્થિર થાવું,
એવું શુક સમજીલે સત્ય, ભૂલી જા ના ત્હારાં કૃત્ય. ૧૭
ઈશ્વરી રાજ્યના કાયદા આગળ, માનવ કાયદા તુચ્છ;
સ્વતંત્રતા ત્યાં જીવન સુખ છે, ઝાલ ન ગદ્ધા પુચ્છ,
બંધન મુક્ત થવામાં ન્યાય, ત્યાં નહિ થતો કશો અન્યાય. ૧૮
શુક ટોળાની સત્ય શિખામણ, માની શુક હરખાયો;
સ્વતંત્રતા સુખ શાંતિ પ્રીતિ, સમાનતાને પાયો,
બુદ્ધિસાગર શિક્ષા બેશ, માને વર્તે શર્મ હમેશ. ૧૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# स्वराज्यलायक.

સ્વરાજ્યલાયક તેહ, ખરેખર સ્વરાજ્યલાયક તેહ;
સર્વ શક્તિનું ગેહ..................................ખ.
વિશ્વ લોકોપર પક્ષપાત નહીં, રંગ કોમ નહીં ભેદ,
જ્ઞાની ભક્તને કર્મયોગી જેહ, ભય લજ્જા નહીં ખેદ. ખરેખર.
સર્વખંડના લોકોસાથે, સમભાવને સહકાર;
ઈશ્વરી નીતિયોગે પ્રવર્તે, બીજે નહીં તલભાર. ખરેખર. ૨
એકાત્મભાવ ધરે જગ સાથે, સર્વને સરખો ન્યાય;
દેશ કોમનો ભેદ ધરે નહીં, કરે ન લેશ અન્યાય. ખરેખર. ૩
સર્વદેશની સર્વપ્રજાએ, સાથે રાખે પ્રેમ;
જુલ્મ અન્યાયને હિંસા ટાળે, યથાશક્તિથી નેમ. ખરેખર. ૪
સત્યગ્રહે ને અસત્યને છંડે, પૂર્ણદયાનાં કૃત્ય;
કરતો પરમાર્થોને પ્રેમે, કદિ ન બોલે અસત્ય. ખરેખર. ૫
સર્વદેશના હિતનેમાટે, નીતિના જે પ્રબંધ;
ઘડે ઘડાવે સર્વદેશથી, રાખે સત્ય સંબંધ. ખરેખર. ૬
સર્વવિશ્વમાં રાજ્ય કરંતી, પ્રજા જો એવી થાય;
એક બીજાને સ્હાય કરંતી, થાતાં યોગ્ય ગણાય. ખરેખર. ૭
ઇશ્વરનો ન્યાય પ્રેમ જો જાણે, રાજા પ્રજાઓ સર્વ;
દીનતા નમ્રતા શ્રદ્ધા સત્યે, રહે ન મનમાં ગર્વ. ખરેખર. ૮
મન ઇન્દ્રિયો જીતે યોગે, કરે વ્યસનનો ત્યાગ;
પોતાનાપર રાજ્યને લાયક, જાણો તેનો રાગ. ખરેખર. ૯
કુટુંબ ઉપર રાજ્ય કરે તે, જ્ઞાતિ રાજ્યને યોગ્ય;
સ્વાર્થો ત્યાગી પરમાર્થોમાં, આપે જે બહુ ભોગ. ખરેખર. ૧૦
દુર્ગુણ દોષનો ત્યાગ કર્યાથી, આત્મિક રાજ્ય કરાય;
આત્મરાજ્યની પ્રાપ્તિ થયાથી, દેશરાજ્ય યોગ થાય. ખરેખર. ૧૧
સ્વરાજ્યલાયક સર્વ વિશ્વમાં, બને જો નરનેનાર;
બુદ્ધિસાગર વિશ્વમાં ત્યારે, આનંદ શાંતિ અપાર. ખરેખર. ૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# देशी राजाओने शिक्षा.

દેશી રાજાઓને શિક્ષા—દઉ રૂચે તો માનો.
દારૂ ને વ્યભિચારજ છંડો, તજો સંગ ગુણકાનો.
સમજી વર્તે તે સુખ પાય, નહીં તો દુઃખી અંતે થાય. ૧

દુર્જન દુષ્ટની સંગત ત્યાગો, નિજ કર્તવ્યે જાગો,
જુવાની જાળવશો પૂરી, દુર્વ્યસનોથી ભાગો;
કરો નહીં ખર્ચ નકામું એક, રાખો સત્ય નિયમનો ટેક. ૨

તન ધન શકિત પદ અભિમાને, જશો ન મનમાં ફૂલી,
અંતે ખાલી હાથે જાશો, દુર્ગતિમાંહી ભૂલી;
કરશો ગુણીજનોનો સંગ, રાખો પ્રભુ ભકિતનો રંગ. ૩

આવકના અનુસારે ખર્ચો, કરશો નીતિ ધારી,
ફેંશનની ફિશીયારીમાંહી, ફસતાં દુઃખડાં ભારી;
સાદા વેષે જીવન જાય, તેથી ચિંતા ઓછી થાય. ૪

પ્રજાવર્ગની સાથ વસીને, સુખ દુઃખ તેનાં જાણો,
પક્ષપાત વણ ન્યાય કરીને, ભલું કરી સુખ માણો
પ્રજાનો સેવક રાજા હોય, તેની કીર્તિ જગમાં જોય. ૫

કાચા કાનના કદી ન થાશો, થાશો તો પસ્તાશો,
વૈરીને પણ મિત્ર કરીને, આલંતા સુખ પાશો.
કરશો પાપ કર્મનો ત્યાગ,પ્રજાપર નિશદિન ધારો રાગ. ૬

ક્રોધમાન માયાને લોભે, દુષ્ટપ્રવૃત્તિ થાય,
જેવી સંગત તેવી બુદ્ધિ, સમજ્યાથી સુખ પાય;
કરો નહીં કયારે અત્યાચાર, તેથી ભ્રષ્ટ થશો નિર્ધાર. ૭

બ્રિટીશ રાજ્યતણા સહકારી, બ્રિટીશ ગુણને ધારો,
ઉદાર મનના થૈને વર્તો, રૈયત હિત સંભારો;
પ્રજાના પ્રેમ વિના શું રાજ્ય, પ્રજાના પ્રેમ વિના શું કાજ. ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રજા વર્ગને જકડી રાખી, નિર્બલ પોતે થાશો;
દાસ વર્ગના ઉપરી બનતાં, પોતે બહુ શરમાશો;
રાજા, પ્રજોન્નતિને હેત, એવો ઇશ્વરનો સંકેત. ૯

સારૂં કરતાં સારૂં થાશે, ધરો પ્રભુ વિશ્વાસ;
બૂરૂં કરતાં બૂરૂં થાશે, ન્યાય પ્રભુનો ખાસ,
થાતાં વિષય વાસના દાસ, પડતી રાજ્ય પ્રજાની ખાસ. ૧૦

ખાતાં સર્વે દેખો નજરે, તપાસ સઘળી રાખો;
દુષ્ટકામના મનમાં પ્રગટે, તેને મારી નાખો,
સાચવો શરીર બળને ખાસ, મૂકો સમજીને વિશ્વાસ- ૧૧

મોજમઝા માટે નહીં રાજા, પ્રજા ઉદયને માટે;
રાજ્ય યોગ્ય કેળવણી લેશો, વળો ન અવળી વાટે,
હળો ને મળો પ્રજા હિત સાથ, તેથી પ્રસન્ન છે જગનાથ ૧૨

કેફી ચીજો કદિ ન લેશો, રૂસ્વતથી દૂર રહેશો.
સત્ય શિખામણ સૌને કહેશો, દાન સુપાત્રે દેશો.
નિયમસર કરશો સર્વે કાજ, તેથી વખણાશે નિજરાજ્ય. ૧૩

સર્વપ્રકારે પ્રજા વર્ગનાં, સુખનાં કૃત્યો કરશો;
રામ રાજ્યની પેઠે વર્તો, પ્રભુ કૃપાને વરશો.
કરો ના પશુ પંખીની ઘાત, મારો નહિ મરતાને લાત. ૧૪

સર્વ ધર્મની જાતિ સાથે, ધર્મ દ્વેષ વણ રહેશો;
સર્વ ધર્મના ગુરૂ સન્માની, સત્યને તારવી લેશો,
પ્રમાણિક સાચા રહેશો નિત્ય, તેથી થાશે ચિત્ત પવિત્ર. ૧૫

માત પિતા ગુરૂ વૃદ્ધની પૂજા, સાધુ સંતની સેવા;
ગો બ્રાહ્મણનું રક્ષણ કરતાં, મળશે મુક્તિ મેવા,
દેશો દુષ્ટ ચોરને દંડ, કરશો દુઃખિયાં માટે ફંડ. ૧૬

લાયકજનને લાયક કાર્યો, સોંપો રાજ્ય હિતાર્થે;
લાયક જનને માનથી તોષો, વહો જીવન પરમાર્થે;
રાખો દીર્ઘ દૃષ્ટિને ખંત, થાશો ઉત્સાહી ગુણવંત. ૧૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમયોચિત શુભ કાર્યો કરશો, સજાઓને નવાબો;
દયા દાનને દમ ગુણ ધારો, રહેણીનું ફૂલ પાવો,
ઉત્તમ સાધુ સંતની સંગ, કરતાં ધર્મબુદ્ધિનો રંગ. ૧૮

રાજા રાણા નવાબ ઠાકોરો, હિત શિક્ષા સહુ માટે;
કહી લખી વાંચી સુણતાં તે, વળજો ધર્મની વાટે,
બુદ્ધિસાગર સૂરિ સત્ય, કથતાં થાતાં ધર્મનાં કૃત્ય. ૧૯

---

# विश्वोद्धारक.

---

કરતા વિશ્વોદ્ધાર, અહો તે કરતા વિશ્વોદ્ધાર,
કર્મ યોગી ગુણ શક્તિથી પૂરા, ઇશ્વરના અવતાર. અહો. ૧
અસત્ય રીત રીવાજો ટાળે, દુષ્ટબંધન હરનાર.
સત્ય પ્રકાશે નિર્ભય થૈને, મોહનો કરે સંહાર. અહો. ૨
કોટિ નિંદકો નિંદે ભાંડે, તોપણ દ્વેષ ન થાય;
ભક્તો સ્તવે પણ હર્ષ ન પામે, ફર્જ બજાવે જાય. અહો. ૩
સંમજે નહીં તે શત્રુઓ બનતા, ક્રોધે મારવા જાય;
તેઓનો ઉદ્ધાર કરે સહી, આપી જ્ઞાનની સ્હાય. અહો. ૪
સત્કર્મો કરતાં નહીં રાખે, મૃત્યુની દરકાર;
સમભાવે દુનિયાને દેખે, સદ્ગુણનો ભંડાર. અહો. ૫
સુખદુઃખમાં સમભાવે વર્તે, યશ અપયશ સમભાવ;
એવા સંતો ભકતો પૂરા, કરતા વિશ્વ બચાવ. અહો. ૬
સર્વદેશમાં જ્ઞાન પ્રચારે, દુર્ગુણ કરતા દૂર;
બુદ્ધિસાગર વિશ્વોદ્ધારક, ભકતો સંતો શૂર. અહો. ૭

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# सुधारा.

કરો સુધારા બેશ, હિન્દીઓ કરો સુધારા બેશ,
ટાળી ઝઘડા ક્લેશ..... .... .... હિન્દીઓ.
પ્રાણાયામને કસરત કરીને, શરીર ખીલવો બેશ.
વીર્યનું રક્ષણ કરતાં શક્તિ, આનંદ હોય હમેશ. હિં. ૧
બાલલગ્નની હોળીમાંહી, હોમો ન વ્હાલાં બાલ;
ખર્ચ નકામાં કરો ન કયારે, છંડો મૂર્ખની ચાલ. હિં ૨
માંહોમાંહે પંચ નીમીને, ન્યાય ચૂકવશો સર્વ;
કુસંપ ફૂટ ત્યાં પડતી પૂરી, ત્યાગો ખોટા ગર્વ. હિં. ૩
ધર્મના બ્હાને લડો ન મોહે, થાઓ મળી સહુ એક.
હિંદની ચડતી કરવા માટે, રાખો સંપ વિવેક. હિં. ૪
ભક્તિ ઉપાસના પ્રભુની કરશો, વેશ્યા સંગથી દૂર,
રહેશો દૂરે વ્યભિચારથી, દાનો ભકતો બનો શૂર. હિં. ૫
દારૂ હિંદથકી દૂર કાઢો, કરો ન ગોવધ પાપ;
વૃદ્ધપણામાં લગ્ન કરો નહીં, ક્રોધે દ્યો નહીં શાપ. હિં. ૬
હિંદુ મુસલ્માન જૈનને પારસી, ખ્રીસ્તિ બૌદ્ધને શીખ;
સંપી રહેશો પ્રેમ ન્યાયથી, માગો ન જૂઠી ભીખ. હિં. ૭
સર્વપ્રકારના દ્રોહ કરો નહીં, ફેશનથી રહો દૂર;
સર્વજીવોની દયા ધરો દિલ; બનો ન પાપી ક્રૂર. હિં. ૮
જૂઠને છંડો ચોરીને છંડો. કરો અતિથિ સેવ;
માત પિતા ગુરૂ વૃદ્ધની સેવા, પૂજો ધ્યાવો દેવ. હિં. ૯
દુષ્ટ સુધારા ગણો ન સારા, ગુણો ખીલવશો સર્વ;
સર્વ જાતની શક્તિ ખીલવશો; કરો ન ક્યારે ગર્વ. હિં. ૧૦
એક પિતાનાં બાલક સર્વે, આપો પરસ્પર સ્હાય.
બુદ્ધિસાગર સર્વપ્રકારે, ચઢતી સંપે થાય. હિં. ૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# दया.

દયા ધર્મનું મૂલ, વિશ્વમાં દયા ધર્મનું મૂલ;
દયા વિના સહુ ધૂલ. વિશ્વ.
દયા વિનાના ધર્મ નકામા, ટીલાં ટપકાં ફોક;
દયા વિનાનાં શાસ્ત્રો કાચાં, સમજો સર્વે લોક. વિશ્વ. ૧
દયા વિનાનાં રાજ્ય નકામાં, દયા ન ત્યાં શો ધર્મ;
દયા વિનાના દેવ નકામા, પ્રગટે પાપનાં કર્મ. વિશ્વ. ૨
દયાવિનાનું સત્ય નકામું, દયા ખરૂં છે સત્ય;
દયા વિનાના ભૂપો ખોટા, દયા થકી શુભ કૃત્ય. વિશ્વ. ૩
દયા ગંગા કાંઠે ઉગે, તૃણ સમા સહુ ધર્મ;
દયા નહીં ત્યાં ધર્મ નહીં છે, સમજો સાચું મર્મ. વિશ્વ. ૪
દયા પ્રગટ ત્યાં ઇશ્વર નક્કી, દયા ત્યાં ગુરૂજી હોય;
હિંસામાં નહીં ધર્મ કદાપિ, સમજ્યાથી સુખ જોય. વિશ્વ. ૫
રક્તમાંસ ભક્ષણથી પાપ જ, પ્રાણી વધથી અધર્મ;
જીવોને દુઃખ દેતાં હિંસા, મળે ન તેથી શર્મ. વિશ્વ. ૬
દયાધર્મમાં તપ જપ સંયમ, યજ્ઞોનું ફળ હોય;
દયાભાવથી ડગલે ડગલે, યજ્ઞકોટિ ફલ જોય. વિશ્વ. ૭
મનવાણી કાયાથી અહિંસા,-કારક પોતે ઇશ;
દયાવંતથી પ્રભુ ન જૂદા, ભાખે વીર જગદીશ. વિશ્વ. ૮
દયાવૃત્તિ છે ઇશ્વર પ્રેરિત, હિંસા મોહે થાય;
મત કદાગ્રહ પક્ષપાતને, છંડે અહિંસા પાય. વિશ્વ. ૯
સ્વાધિકારે યથાશક્તિથી, કરો દયાનાં કર્મ;
દયાથકી પુણ્ય થાય છે નક્કી, સમજી છંડો અધર્મ. વિશ્વ. ૧૦
દુઃખી દીનને પશુ પંખીની, દયા કરો નરનાર;
બુદ્ધિસાગર દયા કરંતાં, પ્રભુ મળે નિર્ધાર. વિશ્વ. ૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# सर्वविश्वनी शांतिनो उपदेश.

સર્વ વિશ્વમાં ભિન્ન રંગના, લોકોની શાંતિ કરનાર,
ઉપાયો સાંભળશો પ્રેમે, વર્તતાં શાંતિ નિર્ધાર. ૧
કાળી ગોરી ચામડી ભેદે, જૂદાં નહિ પ્રભુનાં સહુ બાલ;
રંગભેદને દેશભેદને, ત્યજી અભેદી ધરશો ખ્યાલ. ૨
ધર્મભેદથી લડો ન લોકો, ભેદબુદ્ધિથી ઇશ્વર દૂર;
જડશક્તિથી સત્યરાજ્ય નહિ, મોહ રાજ્યમાં
દુ:ખનું પૂર. ૩
દેશભેદથી સ્વાર્થ ધરીને, અન્યદેશનો હણો ન સ્વાર્થ;
સર્વદેશમાં અભેદભાવે, વર્તે શાંતિ છે પરમાર્થ. ૪
યુરોપ એશિયા આફ્રીકાને, અમેરિકા ખંડોના લોક;
વર્ણ ખંડને દેશભેદથી, લડતાં દુ:ખની વધશે પોક. ૫
પરમેશ્વરને ભૂલી જાતાં, રંગાદિકના લાગે ભેદ;
સ્વાર્થમોહથી એક બીજાનું, બુરૂં કરંતાં પ્રકટે ખેદ. ૬
વિમાન શોધ્યાં તારો શોધ્યા, ઠરી ન બેઠા તેથી ઠામ;
અણુવિશ્વાસી થયા પરસ્પર, કૂટ નીતિનું બનિયા ધામ. ૭
વર્ણભેદથી ભૂલ્યા ભારે, ખંડભેદથી ભૂલ્યા ભાન;
ન્યાય પ્રેમને સત્ય અહ્યાવણ, વિશ્વવિષે નહિ શાંતિ સ્થાન. ૮
એક બીજાના દેશ સ્વાર્થથી, સત્ય ધર્મનો કરો વિનાશ;
સર્વ વિશ્વમાં આત્મબુદ્ધિ વણ, ન્યાય નીતિમાં ભેદ
છે ખાસ. ૯
સર્વ વિશ્વના ભૂપ પ્રમુખો, જ્ઞાનીઓ ટાળો ઝટ ભેદ;
સર્વવિશ્વને ઘરના જેવું, માની વર્તે ટળશે ખેદ. ૧૦
સર્વખંડના આગેવાનો, સ્વતંત્રતામાં કરશો સ્હાય;
એક બીજાનું સારૂં કરતાં, ટળશે સહુ ભેદો અન્યાય. ૧૧
એક બીજાને આશ્રય આપો, સ્વતંત્રતા અર્પી સહકાર;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરતાં પરમાર્થોના કાર્યો, વિશ્વવિષે શાંતિ નિર્ધાર. ૧૨
જડ શોધોને પશુબલ મોહે, યુધ્ધે માનવ ગણુ સંહાર;
રક્ત રેડતાં વર્ષ હજારો, ગયાં ન શાંતિ મળી લગાર. ૧૩
માટે વિશ્વને માની ઘરસમ, આતમસમ માની નિર્ધાર;
બુદ્ધિસાગર સત્ય પ્રેમથી, વર્તો જગમાં નરનેનાર. ૧૪

## તપ.

જાગો ઉઠો જાણો સઘળું, તપ તપવા થાશો તૈયાર;
સર્વ જાતનાં દુઃખ સહીને, સત્ય ન છંડો તપ એ સાર. ૧
કદી ગુલામી ગણો ન સારી, સ્વતંત્રતાનું મૃત્યુ શ્રેષ્ઠ;
અરે હિંદીઓ તપને તપશો, દાસભાવની ટળશે વેઠ. ૨
આત્મભોગનું તપ છે મોટું, તપતાં શક્તિ પ્રગટે બેસ;
સ્વાર્થ ત્યાગ છે તપની માતા, સ્વાધીનતામાં શક્તિ હમેશ. ૩
તપીયા બનશો સર્વ હિંદીઓ, નિર્ભય થાવો મૃત્યુ હેત;
મરતાં શીખો ધરી અહિંસા, સ્વરાજ્યનો એ છે સંકેત. ૪
જુલ્મીઓ કૈં જુલ્મ કરે પણ, સ્વરાજ્ય માટે સહેશો સર્વ;
સહેવું ને સ્હાવું એ તપ છે, તપતાં રહે ન કોના ગર્વ. ૫
અતિ ખર્ચોને મોજમઝાથી, દૂર થવું તપ છે સુખકાર;
મનપર કાબૂ રાખી ચાલો, દુર્વ્યસનો ત્યાગી નિર્ધાર. ૬
ન્યાય સત્યને સમાનતામાં, મોહરાજ્યનું રહે ન જોર;
દેહાધ્યાસને દૂર કરીને, આતમ બળનું પામો તોર. ૭
મર્યા વિના નહિ મુક્તિ મળતી, મોહ ત્યાગતાં કોઈ ન દાસ;
સ્વરાજ્યમાં નહિ દુઃખને ભીતિ, સ્વતંત્રતાથી સુખડાં ખાસ. ૮
મનમાં પ્રગટયા દુષ્ટ વિચારો, રોકયાથી તપ મોટું થાય;
દુષ્ટ વાસના ત્યાગે તપ છે, દેવો કરતા નક્કી સ્હાય. ૯
સ્વરાજ્યાર્થે સર્વે સ્વાર્પણ, કરશો ભાવે નર ને નાર;
દેશદ્રોહને રાજ્ય દ્રોહથી, દૂર રહેવું તપ સુખકાર. ૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વ હિન્દીઓ એકાત્માથૈ, માગો પરમેશ્વરની સ્હાય;
દુર્ગુણોથી દૂરે થાશો, સદ્ગુણુથી નિજ રાજ્ય સુહાય. ૧૧
ગુણોવિના નહિ સ્વરાજ્ય ક્યારે, કરતાં કોટિ કોટિ ઉપાય,
દુર્ગુણ પ્રગટે રાજ્ય ન કોનું, સર્વ વિશ્વમાં વર્તે ન્યાય. ૧૨
સમજી સાચું સર્વ હિન્દીઓ, તપથી કરશો આતમશુદ્ધિ;
બુદ્ધિસાગર સ્વરાજ્ય અંતર, બાહિર પ્રગટે સુખની બુદ્ધિ. ૧૩

---

# स्वराज्य.

---

સ્વરાજ્ય છે એ સત્ય, જગત્માં સ્વરાજ્ય છે એ સત્ય;
સમજો એનાં કૃત્ય........ જગત્માં.
દારૂપાન ન વેશ્યા ગમન નહીં, પરનારી નિજ બેન,
ચોરી ન કરવી ખૂન ન કરવું, જૂઠ નહીં તેમ દૈન્ય. જં. ૧
સર્વવિશ્વ નિજ ઘરના જેવું, એવો ભાવ સમાન;
કોર્ટે ન જાવું લડી વઢીને, લેવા ન પરના પ્રાણ. જ. ૨
કેફી પીણા દુષ્ટ વ્યસનના, ત્યાગે સ્વરાજ્ય છે પાસ;
પરોપકારી કર્મો કરવાં, ગણવા ન કોને દાસ. જ. ૩
ધન બળથી અન્યાય ન કરવો, ન્યાયથી વર્તવું ખાસ;
સ્વાર્થે અનીતિ મોહ ન કરવો, પ્રભુ ઉપર વિશ્વાસ. જ. ૪
પક્ષપાતથી પાપ ન કરવું, કહેણી રહેણી સમાન;
વૈરનો બદલો પ્રેમથી વાળો, સ્વર્ગીય રાજ્ય પ્રમાણ. જ. ૫
નીતિથી ધન ભેગું કરવું, વદવી ન જૂઠી સાખ;
પરધનને પત્થર સમ ગણવું, ધારો જેવી રાખ. જ. ૬
પરમાર્થે તન ધન વાપરવું, કરવાં પુણ્યનાં કામ;
શાહ ગરીબ સરખો મન ધારો, બનો દયાનું ધામ. જ. ૭
સ્વરાજ્ય એવું આત્મિકબળથી, પામો જગ નરનાર;
ગુણો વિનાનું સ્વરાજ્ય નહીં છે, સ્વતંત્રતા નહીં ધાર. જ. ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બુદ્ધિબલ ઉત્સાહપ્રયત્ને, સત્ય સ્વરાજ્ય સહાય;
જીવંતાં મરજીવા થાતાં, ક્ષણમાં રાજ્ય પમાય. જ. ૯
પિંડે પિંડે સ્વરાજ્ય છે સહુને, વિશ્વમાં સર્વની પાસ;
એવા સ્વરાજ્યને સ્થાપો સર્વે, રહો ન કોઇ ઉદાસ. જ. ૧૦
સ્વરાજ્ય સ્વરાજ્ય મળવા માટે, કરે જે વિશ્વ પોકાર;
પણ ઘટમાં સ્વરાજ્ય ન જાણે; ત્યાં છે દુઃખ અપાર. જ. ૧૧
વ્યષ્ટિ સમષ્ટિ સ્વરાજ્ય સાચું, પ્રગટે સુખ છે શાંતિ;
બુદ્ધિસાગરગુરૂ કૃપાએ, થાતી આત્મોત્ક્રાન્તિ. જ. ૧૨

---

## संप.

---

સંપ વિના નહીં જંપ, સમજશો સંપ વિના નહીં જંપ.
સંપે ન દુઃખનો કંપ .... .... .... સમજશો.
સંપથી શકિતયો વધેરે, થાવે ન ક્યારે હાર;
આત્મભોગ આપ્યા વિના રે, સંપ ન થાય લગાર. સ. ૧
સમજુઓ સંપી રહેરે, મૂર્ખો ધરે મત ખેદ;
સંપી રહે નહીં સ્વાર્થીઓરે, મરે પાડી બહુ ભેદ. સ. ૨
સંપ વિના બળ નહીં કશુંરે, શત્રુઓથી હણાય;
ફાટફૂટ જ્યાં બહુ થતીરે, ત્યાં નહીં શાંતિ જરાય. સ. ૩
સંપથી સંઘનું બળ ઘણુંરે, ઋદ્ધિ સિદ્ધિ પ્રકાશ;
ચઢતી વેળા થાય છે રે, થાય ન કોનો વિનાશ. સ. ૪
સર્વજાતિના હિન્દીઓરે, સંપે જીવશો ખાસ;
સંપ વિના મરી જાવશોરે, એવો ધરો વિશ્વાસ. સ. ૫
સ્વાર્થભોગને આપતાંરે, રાખે સહનતા એશ;
મતકદાગ્રહ ત્યાગતાંરે, નાસે કુસંપના કલેશ. સ. ૬
સંપવિનાના માનવોરે, અન્યના થાય ગુલામ;
સંપનાં કારણ આદરોરે, કરશો સંપથી કામ. સ. ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યજી અહંતા માનનેરે, સંપી બનો સહુ એક;
કુસંપથી બગડે બધુંરે, રહે ન ટેકને નેક. સ. ૮
કલિયુગમાં સંઘ શક્તિયોરે, સંપથી ભેગી થાય;
સંપથી સુખ શાંતિ રહેરે, વિપત્તિ દુઃખ જાય. સ. ૯
સર્વજાતિયો સંપથીરે, જાગો ઉઠો કરો કાજ;
સંપ ઉત્સાહને ન્યાયથીરે, રહેશે હિંદની લાજ. સ. ૧૦
ભરમાયા ભમશો નહીંરે, હિંદી નરને નાર;
બુદ્ધિસાગરસંપથીરે, ચઢતી છે નિર્ધાર. સ. ૧૧

---

# शक्ति.

સર્વ જાતિ શકિત પ્રગટાવ, શક્તિયોથી જીવ્યું ભાવ;
શક્તિવિના પરતંત્ર ગુલામ, શકિત વિના નહિં રહેવે નામ. ૧
જ્ઞાન બુદ્ધિની મોટી શક્તિ, ઉદ્યમ સાહસ ખંતથી વ્યક્તિ;
સંઘ શક્તિથી જીવ્યું જાય, સંપ શક્તિ વણ મૃત્યુ થાય. ૨
મૃત્યુથી નહિ ડરે લગાર, જય પામે તે નરને નાર;
સર્વકલા શિક્ષણનું જોર, વર્તે ત્યાં છે શક્તિ ઓર. ૩
દેહભીતિને ટુંક વિચાર; વિષય ભોગ આસક્તિ અપાર;
અરસ્પરસમાં શત્રુભાવ, ત્યાં પડતીનો પડતો દાવ. ૪
સબળાથી દુર્બલ જીતાય, એવો છે કુદ્રતનો ન્યાય;
દુર્બલ લોકોનો જો સંઘ, થાવે સંપે ત્યાં છે રંગ. ૫
શક્તિ એજ છે મોટો ન્યાય, અશક્તિ છે મોટો અન્યાય;
શકતોથી પણ શકિતમંત, તેનો ન્યાય કરે ભગવંત. ૬
દેશકાલ અનુસારે જેહ, શક્તિનાં સાધન છે તેહ;
પ્રગટાવો શક્તિયો બેશ, તેથી નાસે સઘળા કલેશ. ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શક્તિ એજ છે જગમાં ધર્મ, શક્તિ પ્રદાયક કરવાં કર્મ;
જડ શક્તિયો જગને હેત, આત્મશક્તિયો જગને હેત. ૮
જડશકિત છે બાહિર રાજ્ય, આત્મશકિત આંતર સામ્રાજ્ય;
જડ ચેતન શક્તિની જરૂર, પ્રગટંતાં પ્રભુતા જ હુજૂર. ૯
શકિતવિનાના જ્ઞાની લોક, બની ગુલામો પાડે પોક.
માટે પ્રગટાવો સહુ શક્તિ, નહીં તો મરશો થશે અશક્તિ. ૧૦
માગે ભીખ ન ભાગે ભૂખ, શકિત વિનાની નીતિ શુષ્ક;
શરણે રાખે શકિતમંત. શકિત પ્રગટાવો ગુણવંત. ૧૧
શકિતમાં વસતા સહુ ધર્મ, શકિતમંત નહિ બાંધે કર્મ;
શૂરા ધીરા થાશો ભવ્ય, કરશો ઉત્સાહે કર્તવ્ય. ૧૨
ચાર વર્ગને સાધનકાજ, સર્વ પ્રકારે શકિત ઈલાજ;
બુદ્ધિસાગર શકિતમંત, થાતાં વ્હારે છે ભગવંત. ૧૩

# स्त्राधिकारधर्म.

બની નિર્ભય સૌ લોકરે, નિજ ફર્જ બજાવો;
ફર્જ ખરો નિજ ધર્મરે, મોહે, ભૂલી ન જાવો. બની.
નિત્ય અમર નિજ આતમભાવો, ભીતિ દૂર હઠાવો;
કરી કેશરિયાં કીર્તિ કમાવો, શૂરાતનથી સુહાવોરે. નિજ. ૧
કોટિ કોટી દુઃખો પડતાં, પગ પાછા ન હઠાવો;
સંઘ બળે ને સંપથી ચડતી, થાશે નિશ્ચય લાવોરે. નિજ. ૨
ફર્જ બજાવતાં યદિ મૃત્યુ, થાય તો માનો લ્હાવો;
ઉપકારો કરવામાં સઘળું, જીવન પ્રેમે વહાવોરે. નિજ. ૩
નીતિ ધર્મને કદી ન ચૂકો, સત્ય અને ન્યાય રહાવો;
સર્વજીવોનાં સંકટ ટાળો, મરતાંઓને બચાવોરે. નિજ. ૪
પરમાર્થે મરવામાં બ્હીતાં, સ્વર્ગનું રાજ્ય ન પાવો;
મરતાં કોટિ લોક ઉદ્ધરતાં, વ્યર્થ સમય ન ગુમાવોરે. નિજ. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરમાર્થે જે તનધન હોમે, હોય જગતમાં ચાવો;
સ્વાધિકારે કર્મ કરંતાં, મરતાં સ્વર્ગ સિધાવોરે. નિજ. ૬
પરિગ્રહ ઉપસર્ગોની કોટિ, સહીને આગળ જાવો;
પ્રેમોત્સાહને ઉદ્યમ અંતે, આનંદ શાંતિ પાવોરે. નિજ. ૭
શૂરને દાની ભક્તો જાગો; ઉંઘેલાને જગાવો;
સઘળા સદ્‌ગુણ અંગ ધરીને, દુર્ગુણ શત્રુ હરાવોરે. નિજ. ૮
હૃદયો સાથે હૃદયો મિલાવો, હાથો હાથ મિલાવો;
બુદ્ધિસાગર સદ્‌ગુરૂ શિક્ષા, ધારી સ્વરાજ્યને પાવોરે. નિજ. ૯

---

# व्यभिचार

વ્યભિચાર દુઃખકાર, છંડશો વ્યભિચાર દુઃખકાર,
પ્રગટે પાપ અપાર. છંડશો.
તન મન ધન કીર્તિની હાનિ, શાંતિ વળે ન લગાર.
પડતી થતી સહુ વાતે પૂરી, દે લોકો ફિટકાર. છં. ૧
રાજાઓનાં રાજ્ય ગયાં કૈ, ભ્રષ્ટ થયાં નરનાર.
વ્યભિચારે નહીં પ્રેમનો છાંટો, દુર્બુદ્ધિ નિર્ધાર. છં. ૨
ધર્મ નહીં વ્યભિચારી પાસે, કલંક કૂળ દેનાર.
દેશ રાજ્ય કોમ નાતની પડતી, મૃત્યુ થતાં નહીં વાર. છં. ૩
હડકાયા શ્વાન પેઠે જાણો, વ્યભિચારીનું મન;
સ્વયં બગડે અન્ય બગાડે, ઘર કરતો વનવન. છં. ૪
વ્યભિચારીનો સંગ કરો નહીં, પ્લેગ હવાવત્ લોક;
એકવાર મન કાય બગડતાં, અંતે પડશે પોક. છં. ૫
મનવાણી કાયાની શુદ્ધિ; રાખી વહો નરનાર;
પ્રાણ પડે પણ ધર્મ ન છંડો, ધર્મે ચઢતી થનાર. છં. ૬
વ્યભિચારી આચાર વિચારો, છંડે શાંતિ અપાર;
બુદ્ધિસાગર ગુરૂની શિક્ષા. માને ભલો અવતાર. છં. ૭

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# सर्व खंडना लोकोने सदुपदेश.

વિમલા નવ કરશો ઉચ્ચાટ-એ રાગ.

ગણીને આત્મસમા જગલોકો ભેદ ન ધારશોરે,
રંગને જાતિભેદ નિવારી, સંપ વધારશોરે.
હિંસામય યુદ્ધોને વારો, સર્વ વિશ્વમાં શાંતિ પ્રચારો;
શક્તિયોને વિશ્વહિતાર્થે પ્રચારજોરે. ગણીને. ૧
પશુબલ વાપરશો ન અધર્મે, વાપરો શક્તિયો સહુધર્મે;
દુઃખીગરીબજનપર પડતાં દુઃખ નિવારજોરે. ગણીને. ૨
શત્રુનું પણ બૂરૂં ન ધારો, દુર્બુદ્ધિ પ્રગટી સંહારો;
લઘુતા ધારી માનનીવૃત્તિ પ્રગટી મારજોરે. ગણીને. ૩
દેવગુરૂને ધર્મની ભક્તિ, કરતાં સાત્વિક પ્રગટે શક્તિ;
બનીને એકમેક સૌમાં આતમપ્રભુ ભાળજોરે. ગણીને. ૪
આત્મજ્ઞાનથી દિલમાં જાગો, પ્રભુ પાસે સૌનું હિત માગો;
સાચાધર્મથકી લોકોને ઝટ ઉદ્ધારશોરે. ગણીને. ૫
મન વાણી કાયાથી અનીતિ, ત્યાગી ધારો સાચી નીતિ;
ત્યજીને રાજ્યાદિકદ્રોહો, જગલોક સુધારજોરે. ગણીને. ૬
વ્યસનાદિક દોષો સહુ ટાળો, ગણો શુદ્ધાતમ દેશને વ્હાલો;
મ્હાલો સ્વર્ગરાજ્યમાં દુનિયારાજ્ય વિસારજોરે. ગણીને. ૭
દુનિયા રાજ્ય પશુ બલમાંહી, આત્મ, રાજ્ય છે, સદ્‌ગુણમાંહી;
સ્વર્ગને મુક્તિ રાજ્ય છે આતમમાંહી ધારજોરે. ગણીને. ૮
સર્વખંડના લોકો જાગી; રહેશો વિષયોમાં વૈરાગી;
ભાખે બુદ્ધિસાગરસૂરિ સત્ય વિચારશોરે. ગણીને. ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ઉઠો.

અરે લોકો ઉઠો વ્હેલા, કરો ઝટ સ્વોન્નતિ કાર્યો;
બદી, વ્યસનોતણી ટાળી, બનોને શુદ્ધ મરજીવા. ૧
જતા નિજધર્મને રાખો, નકામા વ્હેમ છોડી દો;
નકામી રૂઢીઓ છંડો, જમાનો ઓળખી ચાલો. ૨
રિવાજો દુષ્ટ જે પડિયા, થઈ પડતી અરે તેથી;
ત્યજીને સાંકડી દૃષ્ટિ, કરી એક્કો પ્રવર્તો સૌ. ૩
નકામાં ખર્ચ નહીં કરશો, બનો નહીં શોખના દાસો;
હવે જો ચેતશો નહીં તો, મરી જાશો રડી રહેશો. ૪
તમારી ઉન્નતિનાં સહુ, કરો દ્વારો તુરત ખુલ્લાં;
જીવંતી શક્તિયો સર્વે, હવે ઝટ મેળવો આર્યો. ૫
પરસ્પર ક્લેશ કરવાનો, જમાનો નહીં હવે જાણો;
જગત્માં સર્વ દેશોની, રહો ના પાછળે કિંચિત્. ૬
ગળે સબળો જ નબળાને, રહ્યો છે ન્યાય, શક્તિમાં;
મરી જાઓ સ્વચડતીમાં, મરંતાં ધૈર્ય ના છંડો. ૭
ગરીબોને મદત આપો, બજાવો ફર્જ પોતાની;
કરી પરમાર્થનાં કાર્યો, ધરો નિજ સ્વાર્થમાં નીતિ. ૮
કરો સ્વાર્પણતણા યત્નો, બનો કાયર નહીં કયારે;
ભણીને સર્વવિદ્યાઓ, કરી એક્કો કરો ચડતી. ૯
ત્યજી ભયને ધરો હિંમત, ધરો ઉત્સાહ રગ રગમાં;
બુદ્ધયબ્ધિ સદ્ગુરૂ પ્રીતિ, ધરી આગળ વહો ભાવે. ૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# आत्मा तेज विश्वदेव राजा छे.

આતમમાં સહુ ખંડ, અમારા આતમમાં સહુ ખંડ;
જાણે ન પ્રગટે ખંડ, .... .... .... .... અમારા.
એશિયા મસ્તક છે ખરૂંરે, આર્યદેશ દિલ જાણ,
આફ્રીકા ચરણો ભલારે, યુરોપ હસ્ત પ્રમાણ. અમારા. ૧
ઉદર અમેરિકા ભલુંરે, આસ્ટ્રેલિયા છે પૃષ્ઠ;
પાંચ ખંડમય દેહમાંરે, કર્મ વસે છે અદૃષ્ટ. અમારા. ૨
જ્ઞાનસ્વરૂપ છે એશિયારે, યુરોપ કર્મપ્રવૃત્તિ.
ઉપાસના છે આફ્રિકારે, અમેરિકા છે નીતિ. અમારા. ૩
અનુભવ આસ્ટ્રેલિયા ખરોરે, દરિયા સદ્ગુણ વૃન્દ;
પ્રભુભક્તિ છે પર્વતોરે, રવિ શશી મતિશ્રુત મંત્ર. અમારા. ૪
સર્વવિશ્વ ધણી આતમારે, સમજતાં સુખ થાય;
કેવલજ્ઞાને આતમારે, વ્યાપક વિશ્વનીમાંહ્ય.
અમારા આતમમાં સહુ વિશ્વ, ૫
સ્વદેશી પરદેશી કલ્પનારે, જ્ઞાનીને નહીં હોય;
આતમ તે દેશવિશ્વ છેરે, મોહ તે પરદેશ જોય.
અમારા આતમમાં સહુ વિશ્વ. ૬
આત્મગુણો સહુ દેશછેરે, દુર્ગુણ છે પરદેશ;
અભેદભાવ જ પ્રગટતાંરે, નાસે સઘળા ક્લેશ. અમારા. ૭
આતમરાજ્ય નિજરાજ્ય છે રે, મોહ કર્મ પર રાજ્ય;
શુદ્ધાત્મરાજ્યમાં શાશ્વતુંરે, જ્ઞાનાનન્દ સામ્રાજ્ય. અમારા. ૮
સર્વદેશી લોકો ખરૂંરે-પામો પ્રભુમય રાજ્ય;
એવા સ્વરાજ્યને પામતાંરે, રહેતી જગમાં લાજ. અમારા. ૯
જ્ઞાન કર્મને ભક્તિથીરે, પ્રગટે પૂર્ણાનન્દ;
બુદ્ધિસાગર આતમારે, જાણે નાસે ફંદ. અમારા. ૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# कोइनुं बूरुं न करो.

વિમળા નવ કરશો ઉચાટ–એ રાગ.

બૂરૂં કોનું ન કરશો, સત્તા ધન અભિમાનથીરે;
કોની કરો ન હિંસા, લોભને ક્રોધના તાનથીરે.
બૂરૂં કરતાં બૂરૂં થાશે, સારૂં કરતાં સારૂં થાશે;
રાખી પ્રભુ ઉપર વિશ્વાસને વર્તો જ્ઞાનથીરે. બૂરૂ. ૧
વર્ણભેદથી કલેશ ન ધારો, લડો ન લોકો સત્ય વિચારો;
કરો ન બળથી હિંસા, મોહ અજ્ઞાનથીરે. બૂરૂ. ૨
અપરાધીનું પણ હિત કરશો, તેથી ચઢતી સંપત્તિ વરશો;
કોની કરો ન નિંદા, સુણશો નહીં તેમ કાનથીરે. બૂરૂં. ૩
પ્રાણ પડે પણ સત્ય ન છંડો, દયાદાન ગુણથી રઢ મંડો;
કરીને સંતની સંગત, વર્તો આતમ ભાનથીરે. બૂરૂં ૪
મનવાણી કાયાની શુદ્ધિ, નિર્મલ સ્થિર રાખોને બુદ્ધિ.
કરશો તન્મયતા નિજ, હૃદય રહ્યા ભગવાનથીરે. બૂરૂં. ૫
એક બીજાનો નાશ ન કરશો, ખાડો ખોદી પોતે પડશો;
કરશો ભલુંજ અન્યનું, તન ધન સત્તા પ્રાણથીરે. બૂરૂં. ૬
પ્રભુને એક સરીખા સર્વે, કરો ન પાપો મિથ્યા ગર્વે;
બુદ્ધિસાગર પ્રભુને ભજશો, નિર્મલજ્ઞાનથીરે. બૂરૂં. ૭

# न्याय.

દુહા.

દેશ કોમને વર્ણનો, પક્ષપાત નહિ જ્યાંય;
ધર્મસ્વાર્થ મમતા વિના, સાચો પ્રગટે ન્યાય. ૧
ધર્મશાસ્ત્ર મતરાગથી, સાચો હોય ન ન્યાય;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શુદ્ધિબુદ્ધિ વણું ન્યાય શું ? દ્વેષે છે અન્યાય. ૨
સત્ય ન્યાય ત્યાં ઇશ્વરી, શકિત જ્ઞાન પ્રકાશ;
સર્વ વિશ્વમાં ન્યાયના, જ્ઞાની કેઈક ખાસ. ૩
સત્ય ન્યાય વણુ રાજ્યની, દેશની પડતી થાય;
શક્તિ બળે જ્યાં દાબ છે, ત્યાં ચોખ્ખો અન્યાય, ૪
ન્યાય સત્યવણુ વિશ્વમાં, શાંતિ સુખ નહિ કયાંય;
મત્સ્ય ગલાગલ ન્યાય ત્યાં, ધર્મ ન શાંતિ હોય. ૫
ક્રોધ માન માયા અને, લોભે છે અન્યાય;
ઉદાર બુદ્ધિ પ્રગટતાં, સત્ય ન્યાય પરખાય. ૬
દુષ્ટકામને વૈરથી, દેખાતો નહીં ન્યાય;
અતિ ભૂખને જીવવું, પ્રગટે ત્યાં અન્યાય. ૭
આપત્કાલે ન્યાય પણ, આપત્કાલીન થાય;
અલ્પ હાનિ બહુ લાભની-દૃષ્ટિએ સમજાય. ૮
ન્યાય ગરીબોનો થતો, મોટાનો નહીં થાય;
વાઘે પશુને મારિયું, કોણુ કરે ત્યાં ન્યાય. ૯
એક સરીખો વિશ્વમાં, ન્યાય નહીં વર્તાય;
તેનું કારણુ કર્મની,-પ્રકૃતિ જ સહાય. ૧૦
યાવત્ જગ તાવત્ રહે, ન્યાય અને અન્યાય;
બેનું જગમાં વર્તવું, એક જ નહીં રહાય. ૧૧
ન્યાયી રાજ્ય પ્રભુનું ખરૂં, સમજી ન્યાયે વર્ત;
સત્ય પ્રમાણિકતા બળે, પામે સ્વર્ગને મર્ત્ય. ૧૨
પ્રભુ મહાવીર બોધથી, સત્ય ન્યાય સમજાય;
બુદ્ધિસાગર ન્યાયથી, અનંત આનંદ થાય ૧૩

---

## ગુણ ગ્રહણ.

દ્યો ગુણુને, નરનાર વિશ્વમાં દ્યો ગુણીને સત્કાર;
દ્યો દુર્ગુણુ ધિક્કાર. .... .... .... વિશ્વમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યાં ત્યાં ગુણ ત્યાં પ્રેમને ધારો, દોષ દૃષ્ટિ પરિહાર.
દુર્ગુણીનો દ્વેષ કરો નહીં, વધશે સાત્વિક પ્યાર. વિ. ૧
જાતિરંગને ધર્મના ભેદે, ભૂલો ન સદ્ગુણ સાર;
ગુણ અવગુણ બે સાથ રહે ત્યાં, ગુણ લેશો નિર્ધાર. વિ. ૨
ગુણીજનોનું માન કર્યાથી, સદ્ગુણ વધતા અપાર. વિ.
સર્વ પ્રજામાંથી ગુણ લેવા, દોષ ન લેશો લગાર. વિ. ૩
અવગુણે પડતી ગુણથી ચડતી, જ્યાં ત્યાં વિશ્વ મઝાર. વિ.
જ્યાં જ્યાં જે જે અંશે સદ્ગુણ, તે અંશે સહકાર. વિ. ૪
જે જે અંશે મેળ ઘટે ત્યાં, મેળ કરો ગુણકાર. વિ.
વપુ સંબંધે વિશ્વની સાથે, યોગ્ય કરો સહચાર. વિ. ૫
ગુણનો રાગ ત્યાં ધર્મનું બીજ જ, મુક્તિ મળે સુખકાર. વિ.
પક્ષપાત ત્યાં ગુણ નહીં પ્રગટે, પ્રગટે ન સત્ય વિચાર. વિ. ૬
સર્વ ગુણી વીતરાગ પ્રભુ છે, કર્મમાં દોષ વિકાર. વિ.
દોષથી દોષીને ધિક્કારો નહીં, કરો ન નિંદાચાર. વિ. ૭
લાખ દોષ તજી ગુણ એક લેશો, ચડતી પથે વહનાર. વિ.
સર્વ ખંડની ચડતી એ રીતે, વર્ત્યાથી જ થનાર. વિ. ૮
પક્ષપાત ત્યજી સદ્ગુણ લેશો, કરો ગુણીની વ્હાર. વિ.
બુદ્ધિસાગરસદ્ગુણ લેશો, સ્વતંત્રતા મળનાર. વિ. ૯

---

# માંસ ભક્ષણથી પાપ.

માંસાશનથી પાપ, થાય બહુ માંશાશનથી પાપ;
દુઃખ વધે સંતાપ .... .... .... થાય.
માંસને ખાતાં દયા રહે નહીં, હિંસકબુદ્ધિ થાય;
પશુ પંખી વપુ પેટમાં ઘાલે, ધર્મબુદ્ધિ ન રહાય. થાય. ૧
પ્રભુ પ્રીત્યર્થે જીવની હિંસા-કરવામાં અજ્ઞાન;
દેવ દેવી ખુશ કરવા હિંસા-કરતા તે નાદાન. થાય. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્વિક બુદ્ધિ લેશ રહે નહીં, ભક્તિ પ્રાર્થના ફોક;
જ્ઞાન ન પ્રગટે સાચું દિલમાં, જેવી જંગલ પોક. થાય. ૩
રહેમ કરે નહીં પશુ પંખીપર, પ્રભુની ન તેપર રહેમ;
રહેમ કર્યા વણ રહેમ ન મળતી, થાય ન યોગને ક્ષેમ. થાય. ૪
માંસને ખાનારાના દિલમાં, ઈશ્વરનો નહિં વાસ;
દયા નહીં ત્યાં વ્રત ન તપ જપ, સમજો લોકો ખાસ. થાય. ૫
પશું પંખીનો ઘાત કર્યા વણ, મળે ન માંસ લગાર;
કરે કરાવે ને અનુમોદે, ખાતાં પાપ અપાર. થાય. ૬
માંસને વેચે તે પણ પાપી, પુષ્ટિ કર્યાથી પાપ;
એવું સમજી પાપ કરો નહીં, દયાએ ધર્મની છાપ. થાય. ૭
પશુ પક્ષીપર દયા ધરો દિલ, તેથી ધર્મ અપાર;
બુદ્ધિસાગર દયા ધર્મથી, પ્રભુ મળે નિર્ધાર,
માંસને ખાશો નહીં નરનાર. .... .... ૮

---

# जुगार.

ક્યારે ન રમશો જુગાર, માનવો ક્યારે ન રમશો જુગાર;
રમતાં દુ:ખ અપાર.... .... .... .... માનવો.
રહે જુગારવિષે બહુ પાપો, લોભ વસે છે અપાર;
રહે જુગારવિષે કલિ પાપી, દુષ્ટબુદ્ધિ નિર્ધાર. માનવો. ૧
રમતાં જુગટું નળ દુ:ખ પામ્યો, હાર્યો રાજ્યને મહેલ;
જંગલમાં દમયંતી ત્યાગી, જુવો જુગારની સહેલ. માનવો. ૨
રાજ યુધિષ્ઠિર જુગટું રમિયો, હાર્યો તેથી રાજ્ય;
બાર વર્ષ જંગલમાં ભમિયો, રહી ન તેની લાજ. માનવો. ૩
કરો જુગારીની નહીં યારી, લાગે સંગનો રંગ;
સ્વપ્નવિષે લેશ હોય ન શાંતિ, ઓર છે તેના ઢંગ. માનવો. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેશ કોમ શુભ રાજ્યની પડતી, ધર્મનો નાશ જ થાય;
લીંટવિષે લપટાઈ માખી, વધુ વધુ લપટાય. માનવો. ૫
સત્યાદિ ગુણ પ્રગટયા વિણશે, શુદ્ધ રહે ન વિચાર;
છળ કપટને વિશ્વાસઘાતે, નીતિ રહે ન લગાર. માનવો. ૬
દેશ કોમને રાજ્યની પડતી, થાય જુગારથી ખાસ;
માટે ચેતી ચાલો લોકો, છંડો જુગારની વાસ. માનવો. ૭
રમો ન જૂગટું પ્રાણ પડે ત્હોયે, જુવો ન તેનો ખેલ;
પડયું વ્યસન એકવાર જો પાપી, તજવું તે મુશ્કેલ. માંનવો. ૮
જુગટાથી નહીં સુખને શાંતિ, શોકને દુઃખ અપાર;
બુદ્ધિસાગર ધર્મને ધારો, ત્યાગો દુષ્ટ જુગાર. માનવો. માનવો. ૯

---

# सत्संगति.

સત્સંગત સુખકાર, કરો સહુ સત્સંગત સુખકાર;
ક્ષણમાં મુક્તિ થનાર.... .... .... કરો.
સત્સંગતથી પાપ રહે નહીં, આત્મિક શુદ્ધિ થાય;
કોટિ ભવોનાં કીધાં પાપો, ક્ષણમાં વિણશી જાય. કરો. ૧
પાર્શ્વમણિના સ્પર્શે લોહું, ઝટ સોનું થઈ જાય;
સંતોની સંગત કરેરે, પોતે સંત સુહાય. કરો. ૨
સત્સંગતથી જ્ઞાનનોરે; થાવે ક્ષણમાં પ્રકાશ;
પાપબુદ્ધિ દૂરે ટળે છે, પ્રગટે પ્રભુ વિશ્વાસ. કરો. ૩
લાખો કાર્યો છંડીનેરે, સત્સંગત કર ભવ્ય;
અનંત સુખ તેથી મળેરે, સાચું એ કર્તવ્ય. કરો. ૪
સૂર્ય પ્રગટતાં પલકમાંરે, દૂર ટળે અંધકાર;
જ્ઞાનીની સંગત કરે રે, નાસે મોહ વિચાર. કરો. ૫
અગ્નિકણથી બળી જતીરે, ઘાસની ગંજી મહાન્;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સદ્ગુરૂ સંગત પળ કરેરે, પ્રગટે આતમ જ્ઞાન. કરો. ૬
દોષો સહુ દૂરે ટળેરે, સદ્ગુણ પ્રગટે અંગ;
મુક્તિ મળે વંછિત ફળેરે, પ્રગટે આનંદ રંગ. કરો. ૭
સર્વ દેશી ઘણા સંત જ્યાંરે, બહુલા પાત્ર જ્યાં લોક;
સ્વતંત્રતા સુખ ત્યાં વસેરે, પડે ન પડતી પોક. કરો. ૮
સતસંગતમાં મુક્તિ છે રે, પ્રભુ વસે સાક્ષાત્;
સર્વપ્રકારે ઉન્નતિરે; જ્ઞાનાનન્દ સુવાત. કરો. ૯
સત્સંગત કરો સજ્જનોરે, દેશ રાજ્ય હિતકાજ;
બુદ્ધિસાગરસંગતેરે, દિલમાં પ્રભુનું રાજ્ય. કરો. ૧૦

---

## हिंदनी प्रगतिनो हिंदने बोध.

---

અરે હિંદ તું જાગ્રત થા ઝટ, કર્તવ્યોમાં થા તૈયાર.
નબળાઇને દૂર કરીને, ચઢતી ત્હારી કર નિર્ધાર. ૧
પૂર્ણ સ્વદેશી બન તું પ્રેમે, તુજથી ત્હારો છે ઉદ્ધાર;
અન્યોની દરકાર કર્યા વણ, ચઢતી ત્હારી કર નિર્ધાર. ૨
સ્વાર્પણ નીતિ દયા સત્યને, ઉદ્યમ ધર રૂડા આચાર;
ત્હારો સત્ય સ્વભાવ ન છંડીશ, ઉત્તમ ધર ત્હારા વ્યવહાર. ૩
ફાટફૂટને ઇર્ષ્યા ત્યજતાં, તુજમાં શકિત વધે અપાર;
વ્યસન તજી દે સર્વ જાતનાં, સ્વરાજ એથી છે નિર્ધાર. ૪
સ્વતંત્રતાને સ્વરાજ્ય માગ્યાં, મળતાં રહેતાં નહીં લગાર;
મળે યોગ્યતા આવે સહેજે, ધર સહુ શકિતના આચાર. ૫
પ્રગટાવી લે સર્વ પ્રકારે, સત્ય યોગ્યતા સહુથી સાર;
ગુણોવડે છે માનને કીર્તિ, ન્યાય સત્યથી છે જયકાર. ૬
સબળાં કર અંગો સહુ ત્હારાં, પ્રાણાંતે હિમ્મત નહિ હાર;
પહેલાંના જેવું હમણાં થા, અધ્યાત્મિક શક્તિ અવતાર. ૭
ત્હારા બળથી થા તું ઉભું, યાચીશ નહીં અન્યોની વ્હાર;
ખરા રૂપમાં આવીશ ત્યારે, સર્વ બળો પ્રગટે સુખકાર. ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાત્વિક મ્હારો વેષ મઝાનો, તેમ જ સર્વ વિચારાચાર;
સર્વ ધર્મ ઉત્પાદક નિર્ભય; સર્વે પ્રમાદો કર સંહાર. ૯
સુર્વાંગે શોભીતાં સુન્દર, સર્વ દેશનો બન આધાર;
બુદ્ધિસાગર આત્મ હિંદ !! તું, જ્ઞાની યોગી બન દાતાર. ૧૦

---

## स्वराज्यनी दिशा.

---

સત્ય સ્વરાજ્ય તે જાણુ, જગત્માં સત્ય સ્વરાજ્ય તે જાણુ;
સાત્વિક સુખનાં લ્હાણુ જ.
સ્ત્રીઓ ગુલામડી જ્યાં નહીંરે, શૂરનું નહીં અપમાન;
કન્યાનો વિક્રય નહીંરે, દંપતી ગુણની ખાણ. જ. ૧
પતિ પત્ની સંપી રહેરે, જૂઠ ન બોલે કોય;
હિંસા ચોરી નહીં થતીરે, સ્વર્ગ સમું ઘર હોય. જ. ૨
રાજપ્રજા એક ન્યાયથીરે, વર્તે નિજ અધિકાર;
દયા દાન દમધૃતિ ક્ષમારે, વર્તે પર ઉપકાર. જ. ૩
ગુલામગીરી ન કોઈનીરે, દુષ્ટાઈ નહીં વ્યભિચાર;
એક બીજાની સહાયમાંરે, વર્તે નરને નાર. જ. ૪
પત્નીવ્રત પતિવ્રત ભલુંરે, નારી નરમાં હોય;
દુર્ગુણને વ્યસનો નહીંરે, નડે ન કોને કોય. જ. ૫
એક બીજાની સ્વતંત્રતારે, નીતિની મર્યાદ;
સચવાતાં સહેજે ખરાંરે, કોરટે નહીં ફરિયાદ. જ. ૬
અપરાધો જ્યાં નહીં થતારે, થાય તેની જ્યાં માફ;
એક બીજાને ખમાવવુંરે, સ્વાર્પણને દિલ સાફ. જ. ૭
હિંસાને પશુબળતણુંરે, રાજ્ય ન હોય લગાર;
એકબીજાના દુઃખમાંરે, મળે સહાય વિચાર. જ. ૮
સર્વજીવોમાં પ્રેમથીરે, વર્તે આત્મની બુદ્ધિ;
પાપનાં પ્રાયશ્ચિત્ત થતાંરે, થાતી મનની શુદ્ધિ. જ. ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રેમ વિનય સેવા ભક્તિમાંરે, નિર્મલ જીવન જાય;
ઘર કુટુંબ જ્ઞાતિ દેશમાંરે, એવું સ્વરાજ્ય સુહાય. જા. ૧૦
સ્વરાજ્ય એવું ઘર ઘરેરે, પિંડે પિંડે થાય;
બુદ્ધિસાગર આત્મમાંરે, સમજે શાંતિ પમાય. જ. ૧૧

---

# पोताने न भूल.

---

સ્વયં સ્વયંને ન ભૂલ, આતમહિન્દ !!! સ્વયં સ્વયંને ન ભૂલ;
સૌમાં તું છે અમૂલ્ય.... .... .... .... .... આતમ.
પોતે પોતાનો ધર્મ ન ભૂલીશ, શક્તિવડે ઉત્ફુલ્લ;
અન્યોના કૃત્રિમ ધર્મોથી, મોહે મુંઝી નહીં ભૂલ. આતમ. ૧
આધ્યાત્મિક શક્તિયો ત્હારી, તે આગળ સહુ ડૂલ;
સર્વ ધર્મની ખાણુ શુભંકર, દિવ્ય પ્રકાશનું મૂળ. આતમ. ૨
ભક્તિ ઉપાસના જ્ઞાનને કર્મની, ભૂમિ યોગી શૂર;
આત્મજ્ઞાનદાયક અન્યોને, વિશ્વવિષે મશહૂર. આતમ. ૩
તુજ સાત્વિક આચાર વિચારો, સાત્વિક ત્હારી ધૂળ;
જ્ઞાનીભક્તો સંત સતી શૂર, પ્રગટાવે જ અમૂલ્ય. આતમ. ૪
આસુરી શક્તિવાળા અન્યો; આવે નહીં તુજ તુલ્ય;
તુજ ગુણોને ભૂલ ન મોહે, ભૂલે ધૂલંધૂલ. આતમ. ૫
ભારત આતમ તું પરમાતમ, તુજને સહુ અનુકુલ;
સર્વપ્રમાદો દૂર કરીને, જીતી લે અરિકુલ. આતમ. ૬
ત્હારામાં છે શક્તિ અનંતી, સંશયમાં નહીં ઝૂલ;
સંશયે મૃત્યુ, શ્રદ્ધાએ જીવન, સત્ય એ કુદરત્ રૂલ. આતમ. ૭
સ્વર્ગને મુક્તિ લેવા માટે, મંગલમય છે પૂલ;
આર્યો ત્હારી સેવા ભક્તિ–રૂપી ધરતા ફુલ. આતમ. ૮
ત્હારા સ્વરૂપે ત્હારે રહેવું, ભૂલ ન ત્હારૂં નૂર;
બુદ્ધિસાગર આતમ ભારત, શક્તિ ખીલવ ભરપૂર. આતમ. ૯

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# *फूट.

સાનંદ બાહિર પશ્ચિમે, વાડીમાં ફૂલ બેશ;
દેખી પુચ્છયું તેહને, શું તુજ નામ વિશેષ. ૧
ફૂલ વદતું મુનિવર સુણો, મારૂં ફૂટ છે નામ;
ઇર્ષ્યા દ્રોહ સ્વરૂપનું, પ્રતીક છું દુઃખ કામ. ૨
ફૂટ કહે હું પૂર્વકાલથી, વસું ભારતમાં ભાવે;
કર્યાં કર્મનાં ફૂલ દેખાડું, કુદ્રતના જ સ્વભાવે.
પાડું જાતિ જાતિમાં ભેદ, કરાવું દુષ્ટ કર્મને ખેદ. ૩
માંહોમાંહે ફૂટ પડાવું, રાજ પ્રજામાં બૂરી;
સારૂં દેખી અગ્નિ પ્રગટે, આંખોમાંહિ પૂરી,
કરાવું પતિ પત્નીમાં ભેદ, દ્વેષે એક બીજાનો છેદ. ૪
આર્યોને મેં ખૂબ લડાવ્યા, લડી મર્યા ને હાર્યા;
અન્ય જાતિયો હિંદમાં આવી,તે પણ ગયા જ માર્યા,
આવ્યા મુસલમાન ત્યાં ફૂટ, કરી મેં કીધી લૂંટાલૂંટ. ૫
બ્રિટીશો અહિંયાં આવીને, રાજ્ય કરી મકલાતા,
તેમાં પણ છે મારો વાસો, મુજથી દૂર ન થાતા;
અંતે તેમાં ફાટફૂટ, વસું જ્યાં હું ત્યાં અંતે ફૂટ. ૬
બ્રાહ્મણ બ્રાહ્મણને ધિક્કારે, ક્ષત્રી ક્ષત્રીને મારે,
રાજા રાજાને સંહારે, ભલું ન ઇચ્છે ક્યારે;
મુખમાં મીઠું દિલ તરવાર, એવાં પ્રગટાવું નરનાર. ૭
ભારતમાંહી જોર છે મારૂં, કુસંપથી અંધારૂં,
બાર પૂરવીયા તેર છે ચોકા, નહીં જ્ઞાન અજવાળું;
કરાવું પિતા પુત્રમાં ખાર, એવો મારો છે અવતાર ૮
પક્ષાપક્ષી ફાટફૂટા, જ્યાં ત્યાં મુજથી થાવે;
હસતાં હસતાં હૈયું કાપે, સમજ્યામાં નહિં આવે;
દિલમાં પેસી દિલ સંહાર, કરતા દ્રોહી નરને નાર. ૯
પોતાના થૈ દ્રોહ કરીને, વિશ્વાસી સંહારે,

* ચોમાસામાં મોટાં ચીભડાં થાય છે તેને **फूट** કહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અજ્ઞાની મોહી હિંદીઓ, ઠરે ન ઠામે કયારે;
ઢઉં નહિ પાસે આવવા સંપ,વળે નહિ તેથી ભારત જંપ. ૧૦
સ્વતંત્રતાથી રાખું અળગા, પક્ષો ખૂબ પડાવું,
ઐક્ય ન કરવા દેતો કેમે, બૂરા નાચ નચાવું;
પાડે એક બીજાને હેઠ, મારૂં ઇર્ષ્યા દ્રોહની ઠેઠ. ૧૧
લોભ માનથી બનતા દ્રોહી, સર્વજાતિના લોકો,
એના યુદ્ધે ત્રીજો ફાવે, ત્યારે પાડે પોકો;
તેનો વેદે છે ઇતિહાસ, જાણો તમે મુનિવર ખાસ. ૧૨
ત્યાગી ત્યાગીમાં ઈર્ષ્યા વહ્નિ, જોર કરી પ્રગટાવું,
ધર્મભેદમાં ખેદ કરાવી, માંહોમાંહે લડાવું;
કરાવી દ્રોહને નાખું હેઠ, તેથી રહે ન જગમાં શ્રેષ્ઠ. ૧૩
લાલચમાં લપટાવી સહુને, ઈર્ષ્યા દ્રોહ કરાવું,
ફૂટ પડાવી કરૂં ગુલામો, નીચ કરી રોવરાવું;
પડાવું નીચ જનોના પાય, એવો મારો છે મહિમાય. ૧૪
અનેકરીતે હિંદીઓના, મનમાં પેસી કૂદું,
તો પણ મોહીઓ નહીં જાણે, અનેક રીતે ફૂદું;
ભૂલ્યા આત્મજ્ઞાનવણુ લોક, ત્યાં છે મુજ શક્તિની ઝોક. ૧૫
જ્યાં ઈર્ષ્યાને દ્રોહ કોપને, લાલચ જૂઠી પ્રીતિ,
નહીં પ્રમાણ્ય અને અજ્ઞાન જ,ત્યાં છે મારી સ્થિતિ,
તેનું બાહ્ય ફૂટ પરિણામ, ઉગું પ્રગટું ઠામોઠામ. ૧૬
ફૂટતણું વૃત્તાંત સુણીને, કહ્યું ફૂટને ભાવે,
સત્યજ્ઞાનને સત્ય ન ભક્તિ, સંપ ન ત્યાં તું ફાવે;
થાવે હિંદ અહો જ્યાં એક, ત્યાં તો સંપ અને છે વિવેક. ૧૭
અરે ફૂટ તું લૂંટ ન કરજે, દયા-હિંદની ધરજે,
પાપીઓના દિલ અવતરજે, સંતથી દૂરે ફરજે;
જ્યાં છે કપટ ચપટ ત્યાં થાય, ત્હારી શક્તિ ત્યાં વર્તાય. ૧૮
ફૂટફાટ ત્યાં સુખ નહિ શાંતિ, સત્ય પ્રેમ ન કયારે,
એવું હિંદને સમજાવું છું, સમજે તો સુખ ભારે;
દુર્ગુણ જ્યાંત્યાં મારો વાસ, એમાં દોષ ન ત્હારો ખાસ. ૧૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દયા સત્યને જ્ઞાન ન્યાય જ્યાં, સંપ સરલતા નીતિ,
એક બીજાનું ભલું ઈચ્છવું, સ્વાર્પણ ધર્મની રીતિ;
એવા સદ્‌ગુણનો જ્યાં વાસ, ત્યાંતો વાસ ન ત્હારો ખાસ. ૨૦
સદ્‌ગુણ છે ત્યાં શક્તિ નક્કી, કદી ન પડતી થાતી,
અન્યની ચઢતીમાં જ્યાં પ્રીતિ, લક્ષ્મી સ્થિર રહાતી;
બુદ્ધિસાગર સંપસ્વરાજ્ય, મંગલ સુખ શાંતિ સામ્રાજ્ય. ૨૧

સં. ૧૯૭૭ શ્રાવણ સુદિ ૧૫.

---

# विश्वसंदेश.

---

સંતો દેખીએરે પરગટ પુદ્‌ગલ જાલ તમારા—એ રાગ.

સર્વે ખંડનારે લોકો સત્ય શિખામણ માનો,
દેશભેદને વર્ણભેદથી, ધરો ન મોહ કશ્યાનો. સર્વે.
એક સરીખા માનવ સર્વે, રહો ન મિથ્યાગર્વે;
એક બીજાને હણો ન મોહે, સત્ય ન ભૂલો ભર્મે. સર્વે. ૧
એક બીજાને દાસ બનાવો, શક્તિથી જે દબાવો;
એ નહીં ઇશ્વર રાજ્યનો દાવો, દિલમાં પ્રભુને લાવો. સર્વે. ૨
સર્વ ખંડના લોકો સાથે, મત્રી ભાવને ધારો;
એક બીજાના ગુણને દેખી, સહાય આપી તારો. સર્વે. ૩
ગુણને દેખી હર્ષને પામો, દુઃખીને ઉદ્ધારો;
દુઃખીઓપર કરૂણા ધારો, દુર્ગુણને સંહારો. સર્વે. ૪
ક્રોધ માન માયાને લોભે, પાપો પ્રગટે ભારી;
હિંસા જૂઠું ચોરી કર્મે, દુઃખી છે નરનારી. સવ. ૫
અન્ય લોકને દુઃખ આપતાં, દુઃખી પોતે થાશો;
અન્ય લોકને સહાય કરતાં, સુખી આપ સુહાશો. સર્વે. ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તોપોને તરવારના યુદ્ધે, સુખ શાંતિ નહીં ક્યારે;
શયતાની યુદ્ધે દુઃખો છે, રોગ શોક ભય ભારે. સર્વે. ૭
અન્યપ્રજાને જેઓ ચૂસે, જે ચૂસાતા પોતે;
જેવું વાવો તેવું લણશો, મરશો બૂરા મોતે. સર્વે. ૮
પરતંત્ર પરદેશ કરીને, બનશો સ્વયંગુલામો.
આત્મસમા સહુ દેશ ગણીને, કરશો સારાં કામો. સર્વે. ૯
દેશ જાતિથી વૈર ન રાખો, મોહને મારી નાખો;
નિર્ભય થૈને સાચું ભાખો, આનંદ અમૃત ચાખો. સર્વે. ૧૦
પશુશક્તિ અભિમાન ધરીને, જીવોને નહીં મારો;
પરને દુઃખી કરતાં પોતે, મરશો મનમાં ધારો. સર્વે. ૧૧
પક્ષપાતને દૂર કરીને, રાગ દ્વેષ નિવારી;
સર્વ ખંડનું ભલું વિચારો, દાસ્યવૃત્તિ સંહારી. સર્વે. ૧૨
શસ્ત્રાદિક પશુબળની જીતે, જીતેલાઓ હારે;
આત્મિકબળથી જેઓ જીતે, આપ તરે પર તારે. સર્વે. ૧૩
સ્વતંત્રતા છે સર્વખંડની, સર્વજનોને પ્યારી;
સ્વતંત્રતા અન્યોની હણતાં, નિજની થાય ખુવારી. સર્વે. ૧૪
સર્વ ખંડના લોકો પ્રેમે, હળી મળીને ચાલો;
અરસપરસને સ્હાય કરીને, પ્રભુ રાજ્યમાં મ્હાલો. સર્વે. ૧૫
ધર્મ ભેદથી ખેદ કરીને, રક્ત નદી ન વહાવો;
સહુમાં આતમ છે પરમેશ્વર, સમતા ભાવને લાવો. સર્વે. ૧૬
દેશ ભેદથી શત્રુ ભાવને, ધરો ન કાળાગોરા;
મુંઝાવે શયતાન સર્વને, રહો ન ક્યારે ભોળા. સર્વ. ૧૭
પૂર્વે યુદ્ધો થયાં હજારો, હજી ન આવ્યો આરો.
તો પણ હજીએ યુદ્ધ વિચારો, કરતાં હોય ન પારો. સર્વે. ૧૮
સ્વાર્થ બુદ્ધિથી અન્ય પ્રજાને, કરી ગુલામ ન મારો;
ન્યાય નહીં ત્યાં સંકટ દુઃખડાં, પક્ષપાત સંહારો. સર્વે. ૧૯
સર્વ દેશની સર્વ પ્રજાઓ, એક સરીખી ધારો;
સમાન ભાવે વર્તો સર્વે, માનવજન્મ ન હારો. સર્વે. ૨૦
વ્યભિચારને દારૂ છંડો, ખર્ચ નકામાં છંડો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વેશ્યાના સંગી નહીં થાશો, દયા પ્રેમ રઢ મંડો. સર્વે. ૨૧
દગા પ્રપંચો દુર્ગુણ છંડો, સટ્ટા જૂગટું ત્યાગો;
માંસ ન ખાઓ કરો ન હિંસા, જ્ઞાનથકી ઘટ જાગો. સર્વે. ૨૨
વૈરથકી નહીં વૈરની શાંતિ, પ્રેમે વૈર શમંતુ;
ક્ષમાથકી છે ક્રોધની શાંતિ, માણસ હોય નમંતુ. સર્વે. ૨૩
વૈરને બદલો પ્રેમથી વાળો, ઉદાર દૃષ્ટિ ધારો;
જ્યાં નીતિ ત્યાં આત્મરાજ્ય છે, કરશો પરોપકારો. સર્વે. ૨૪
માનસને કદિ નીચ ન માનો, કદિ નહીં ધિક્કારો;
સર્વ મનુષ્યો આતમ સરખા, માને મુક્તિ ધારો. સર્વે. ૨૫
અન્ય પ્રજાને ગુલામ કરવા, હક્ક ન કોનો ક્યારે;
સ્વરાજ્ય સરખું સર્વ દેશને, અરસપરસ ઉપકારે. સર્વે. ૨૬
રોગીઓના રોગ નિવારો, સંકટ દુઃખો ટાળો;
શક્તિ છતાં સહવાનું શીખો, કુસંપનાં બી બાળો. સર્વે. ૨૭
ભૂખ્યાંઓને ભોજન આપો, તરસ્યાંને જળ આપો;
સતી જતીનું રક્ષણ કરશો, જ્ઞાન દયાથી વ્યાપો. સર્વે. ૨૮
દુષ્કાલે પીડિત લોકોની, વ્હારે વ્હેલા ધાવો;
અત્યાચારો દૂર નિવારો, સાચું વિશ્વ જણાવો. સર્વે. ૨૯
ધૂર્તપણાને છંડો જલ્દી, દુર્જનતાને વારો;
કહેણી રહેણી સરખી રાખો, ધરશો ધર્માચારો. સર્વે. ૩૦
અતિથિ સાધુ સંતને દેખી, આંખે અશ્રુ લાવો;
વિયોગ થાતાં આંખે અશ્રુ, આવે એવું ભાવો. સર્વે. ૩૧
રાગદ્વેષ નિવારે જેઓ, તેઓ જગ ઉપકારી;
સાચું દેખે સાચું ભાખે, તે સેવો હિતકારી. સર્વે. ૩૨
ઈન્દ્રિયોના સુખના સ્વાર્થે, થાતી મારામારી;
અંતે કાંઇ હાથ ન આવે, સમજુની બલિહારી. સર્વે. ૩૩
લક્ષ્મી વધતાં સુખના સ્વપ્ને, ભલે ગગનમાં ઉડો;
જડ વસ્તુથી સુખ ના સાચું, ભોગે દેહ ન રૂડો. સર્વે. ૩૪
જડજગની વસ્તુઓમાટે, પ્રગટે મારામારી;
મહાહાનિકર યુદ્ધો થાતાં, શાંતિ નહિ તલભારી. સર્વે. ૩૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાવું પીવું ઇન્દ્રિયસંયમ, આત્મજ્ઞાનથી શાંતિ;
સર્વે વિશ્વમાં આત્મિક રાજ્યે, ગુણોરણી ઉત્ક્રાન્તિ. સર્વે. ૩૬
પરમેશ્વરપર શ્રદ્ધા પ્રીતિ, રાખી જીવન વહેશો;
તન મન ધનને વિશ્વજીવોના, સારામાટે દેશો. સર્વે. ૩૭
સારા માટે મરવું શીખો, પણ નહીં અન્યને મારો;
જૂલમ અનીતિ સહો ન કયારે, સ્વતંત્રતાને ધારો. સર્વે. ૩૮
કપટીઓથી વંચાશો નહિં, વંચો નહિ લોકોને;
મૃત્યુભયથી રહો ન બેસી, સુણી આર્તપોકોને. સર્વે. ૩૯
અન્યાયી જુલ્મીના સ્હામા, થૈને ન્યાયને થાપો;
સ્વતંત્ર શક્તિમય થૈ પૂરા, જીવોના દિલ વ્યાપો. સર્વે. ૪૦
કરો નહીં અપરાધો મોહે, ભૂલની માફી માગો;
માફી દો અન્યોને પ્રેમે, આત્મ ભાનમાં જાગો. સર્વે. ૪૧
દયા સમો નહીં ધર્મ જગત્માં, પ્રભુ મહાવીર ભાખે;
દયા નહીં ત્યાં ધર્મ નહીં છે, સમજે તે સુખ ચાખે. સર્વે. ૪૨
દયા હૃદયમાં રાખી વર્તો—દયા થકી છે મુક્તિ.
દયામયી જ્યાં રાજ્ય ત્યાં શાંતિ, સુખને વર્તે નીતિ. સર્વે. ૪૩
સત્ય સલાહો સૌને આપો—શત્રુનું હિત ઇચ્છો.
દુર્ગુણ ટાળી ગુણને ગ્રહશો—ચઢતી એથી પ્રીચ્છો. સર્વે. ૪૪
સદ્વિદ્યા જગમાં ફેલાવો—આનંદરસ રેલાવો.
આત્મ ભાવથી દેખો ભાવો—પરમ પ્રભુને ધ્યાવો. સર્વે. ૪૫
નાસ્તિકતાથી પાપ વધેને—પાપ યુદ્ધ પ્રગટંતાં;
પરસ્પરને હણતા લોકો—ધર્મબુદ્ધિ વિઘટંતાં. સર્વે. ૪૬
પુણ્ય પાપ માને તે આસ્તિક, આભવ પરભવ માને;
પાપ ત્યજીને ધર્મ કરે તે, રહે ન હિંસાતાને. સર્વે. ૪૭
ધર્મભેદથી અરસપરસને, શત્રુ માની હણતા;
અરસપરસનું બૂરૂં કરતા, તે નહીં સાચું ગણતા. સર્વે. ૪૮
અરસપરસના ગ્રહે ન સદ્ગુણ, સહે ન અન્યની ચડતી;
ઇર્ષ્યાગ્નિથી બળતા દિલમાં, પામે તેઓ પડતી. સર્વે. ૪૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વરાજ્યની જે ચડતી, ઇચ્છે, અન્યની પડતી ધારે;
માનવપણુ પશુથી નહીં અધિકા, આપ મરે પર મારે. સર્વે. ૫૦
બળવંતા થૈ નિર્બલ મારે, કરે અનીતિ અંધા;
પ્રભુ પ્રાર્થના કરવાથી તે, હોય ન પ્રભુના બંદા. સર્વે. ૫૧
લક્ષ્મી છતાં જે કંજુસ નિર્દય, દાન ન આપે ભાવે;
પરોપકારે કરે ન સ્વાર્પણુ, પ્રભુપદ તે નહીં પાવે. સર્વે. ૫૨
દુઃખીઓના આર્તનાદથી, દયા ન જેને આવે;
પ્રભુ પ્રાર્થના કરે ક્રિયાઓ, તોપણુ મુક્તિ ન પાવે. સર્વે. ૫૩
દુષ્ટકરોથી પ્રજાજનોને, પીડંતો નહીં રાજા;
પ્રજા પાળતો પુત્રની પેઠે, રાજા તે સુખ તાજા. સર્વે. ૫૪
સ્વતંત્રતાનો હક છે સૌને, જીવંતાંની સાથે;
એવું સમજી અરે માનવો, રાખો પ્રભુને માથે. સર્વે. ૫૫
તોપો બંદુક તરવારોથી, નિર્બલને નહીં મારો.
શસ્ત્રવિનાનાં લોકો મારે, અંતે પોતે હારો. સર્વે. ૫૬
સત્ય ન્યાયને ભૂલી મોહે, શસ્ત્રબળે નહીં ફૂલો;
પ્રાચીન ઇતિહાસો દેખો, અભિમાને શું ઝૂલો. સર્વે. ૫૭
સ્વતંત્રતા અન્યોની લૂંટી, પરતંત્રતા લેશો;
રહ્યાં અમર નહીં રાજ્યો કોનાં, સમજી ન્યાયે રહેશો. સર્વે. ૫૮
મરતાં સાથે કાંઇ ન આવે, પડતું રહેતું સર્વે;
અણધાર્યું ઉઠીને જાવું, રહો ન કોઇ ગર્વે. સર્વે. ૫૯
તન ધન લક્ષ્મી સાથ ન આવે, સગાં ન સાથે આવે;
પુણ્ય પાપ બે સાથે આવે, સમજે તો સુખ થાવે. સર્વે. ૬૦
જેની હાકે ધરણી ધ્રૂજે, તે પણ ચાલ્યા રોતા;
મારૂં ત્હારૂં માની મૂઢો, સત્ય ન આંખે જોતા. સર્વે. ૬૧
ચઢતા કાલે ન્યાય ન ભૂલો, ગર્વે જશો ન ફૂલી;
બાજીગરની બાજી જેવી, અંતે ધૂલંધૂલી. સર્વે. ૬૨
સ્વરાજ્યમાંહી જૂલ્મ અનીતિ, પક્ષપાત નહીં ધારો;
પરદેશોને સહાય કરો પણ, દુષ્ટસ્વાર્થ સંહારો. સર્વે. ૬૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુષ્ટ સ્વાર્થે બનો ન અંધા, સત્ય ન્યાય ન ચૂકો;
સર્વવિશ્વના લોકોના જે, હિતમંત્રોને ફૂંકો. સર્વે. ૬૪
નિજને જે જે વહાલું લાગે, તેવું અન્યને લાગે.
સ્વતંત્રતાને સ્વરાજ્ય સૌને, વ્હાલાં છે સુખ રાગે. સર્વે. ૬૫
અન્યાયીનો પક્ષ ન કરશો, સત્યને દિલમાં ધરશો;
કુદરત્‌ની માનવવાડીને, સંહારી દુ:ખ વરશો. સર્વે. ૬૬
રાગ દ્વેષને દૂર કરીને, ન્યાયે સત્ય વિચારો;
સત્યને પકડો અસત્ય છંડો, ધરશો સત્યાચારો. સર્વે. ૬૭
જૂનું તેટલું સત્ય નહીં છે, નવું ન જૂઠું સઘળું;
બન્નેમાં છે સાચું જૂઠું, ગ્રહો ન જૂઠું લગડું. સર્વે. ૬૮
સૌમાં સાચું જૂઠું વર્તે, સાપેક્ષાએ જાણો;
સાપેક્ષાએ સત્યને ગ્રહશો. પક્ષપાત નહીં તાણો. સર્વે. ૬૯
દેશ કાલને દ્રવ્યભાવથી, જૂઠું સાચું સમજો;
વીતરાગવૃત્તિ કરવાથી, આત્માનંદે રમશો. સર્વે. ૭૦
જૂલ્મ અનીતિ પાપકર્મથી, દૂરે રહેશો પ્રેમે;
પ્રભુમયજીવન તેથી થાશે, રહો દયા ગુણ નેમે. સર્વે. ૭૧
વિશ્વવિષે સેતાન ફરે છે, ગાફલ દિલમાં પેસે;
મનમાં તેને સ્થાન ન આપો, પવિત્ર જીવન રહેશે. સર્વે. ૭૨
લક્ષ્મી સત્તા અને ગુણોનું, અભિમાન નહીં કરશો.
પ્રકૃતિના ગુણ અવગુણમાં, સમભાવી થૈ તરશો. સર્વે. ૭૩
ગુણો પામવા કરો પ્રયત્નો, દોષોને ધિક્કારો;
પણ દોષીને નહિ ધિક્કારો, ચઢતી તેથી ધારો. સર્વે. ૭૪
મન વાણીને દેહ શુદ્ધતા, કરો કરાવો સંશો;
જીવંતાં સ્વર્ગી સુખડાંને, પામો નહીં અંદેશો. સર્વે. ૭૫
વૈર વિરોધ શમાવો પ્રેમે, મનમાં દ્વેષ ન રાખો;
સ્વર્ગ મુક્તિ છે પવિત્રતાથી, સત્યાનંદને ચાખો. સર્વે. ૭૬
સદ્‌ગુણથી જીતો લોકોને, સાત્વિક જીત એ સારી;
રજોગુણી તમોગુણની જીતે, શાંતિ નહીં થાનારી. સર્વે. ૭૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મ ભેદથી વૈર ઝેર ત્યાં, પ્રભુ દૂર છે જાણો;
રાગ દ્વેષનું દ્વૈત નહીં ત્યાં, સ્વયં પ્રમુ પહિચાનો સર્વે. ૭૮
મોહીને પ્રભુ દૂર સદા છે. નિર્મોહીને પાસે.
વૈરિયોપર વૈર ન લેશો, રહો પ્રભુ વિશ્વાસે. સર્વે. ૭૯
પાપી દુષ્ટોને ઉદ્ધારો, સમય આપીને તારો;
આત્મજ્ઞાનથી પાપીઓ પણ, સુધરે નિશ્ચય ધારો. સર્વે. ૮૦
ભવસાગરમાં માનવ નૌકા, ઉપયોગે જ વહાવો;
ભક્તિ જ્ઞાન અને કર્મયોગથી, શિવ નગરીને પાવો. સર્વે. ૮૧
માનવ ભવથી મુક્તિ નક્કી, માનવ ભવ નહીં હારો;
દેશવર્ણઆદિ ભેદોને, ટાળી જન્મ સુધારો. સર્વે. ૮૨
સમભાવે જે રહે મનુષ્યો, પામે નિશ્ચય મુક્તિ;
પ્રભુ મહાવીર કેવલજ્ઞાને, ભાખે એવી નીતિ. સર્વે. ૮૩
જડ વસ્તુમાં સુખના મોહે, હડકાયા નહીં થાશો;
થાશો તો અંતે પસ્તાશો, ભવને હારી જાશો. સર્વે. ૮૪
ગુણી જનોની સંગત કરશો, સાદું જીવન ધરશો;
રાજયોગનું જ્ઞાન કરીને, યોગ દશાને વરશો. સર્વે. ૮૫
કોટિ કોટિ લક્ષણ થાપો, આત્મસ્વરૂપને માટે;
તોપણ આત્મસ્વરૂપ ન પૂરું, થાતું મતએકાંતે. સર્વે. ૮૬
પશુ પંખી લૂલાં અંધાંને, રોગીને જ બચાવો.
પુણ્ય કરંતાં પરભવમાંહી, સુખ શાંતિને પાવો. સર્વે. ૮૭
વિદ્યાર્થીને વિદ્યામાટે, સહાય બનતી આપો;
સર્વ જાતિનાં શુભ શિક્ષણથી, સર્વવિશ્વને છાપો. સર્વે. ૮૮
દુનિયા આગળ સારૂં મૂકો, રાખો ગુપ્ત નઠારૂં;
દુનિયાના લોકોની ચઢતી, સત્યથી થાતી ધારૂં. સર્વે. ૮૯
સર્વ વિશ્વમાં સંપ ભાવના, એકપણુંજ વધારો;
કુસંપનાં બી બાળી નાખો, યુદ્ધ થતાં સહુ વારો. સર્વે. ૯૦
બ્રિટાનિયાને હિંદની મૈત્રી, સ્વતંત્રતા સમભાવે.
થાતી વિશ્વ વિષે છે શાંતિ, સ્વરાજ્ય સરખા દાવે. સર્વે. ૯૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હિંદ ઉપર નહીં મમતા અમને, નહીં મારૂં કે ત્હારૂં;
સત્ય શિખામણ સહુને દેવી, સૌનું ઇચ્છું સારૂં. સર્વે ૯૨
હિંદીઓને જાગ્રત્ કરવા, લખ્યું કશું સુખ હેતે;
રાગ દ્વેષ નહીં ત્યાં મુજને, પરમાર્થિક સંકેતે. સર્વે. ૯૩
હિંદીઓને હિંદ ભૂમિપર, આત્મિકભાવની દૃષ્ટિ;
અહંવૃત્તિ મમતા નહીં કિંચિત્, મુજ આતમની સૃષ્ટિ. સર્વે. ૯૪
તોપણ હિંદની પ્રગતિ માટે, સમાજ સંબંધ ધારી;
હિંદને હિંદનો માર્ગ બતાવ્યો, સમજે તો બલિહારી. સર્વે. ૯૫
આપત્કાલે ત્યાગી સંતો, જનતા વ્હારે આવે;
સહુને યોગ્ય ઘટે તે બોધ જ, આપે ધાર્મિક દાવે. સર્વે. ૯૬
પરતંત્રને બોધ દેઈને, સ્વાધીનતા સમજાવો;
નિર્ભયતાને સ્વતંત્રતાના–બોધે વિશ્વ જગાવો. સર્વે. ૯૭
એક બીજાની વ્હારે આવો, સર્વખંડના લોકો;
દુનીયામાંહી જુલ્મ અનીતિ, ખૂન કરંતાં રોકો. સર્વે. ૯૮
અરસ્પરસની સ્હાય કર્યાવણ, જગમાં કાપંકાપા;
અશાંતિ દુઃખનો પાર રહે નહીં, યુદ્ધતણી છે છાયા. સર્વે. ૯૯
નબળાને કોઇ સબળો મારે, બીજા દેખી રહેતા;
બીજાઓની દશા જ એવી, સંકટ દુઃખો સ્હેતા. સર્વે. ૧૦૦
સ્વાશ્રયવૃત્તિથી સહુ જીવો, પરાશ્રયી નહીં થાવો;
પોતાને પોતે ઉદ્ધારી, સ્વાધીનતા પ્રગટાવો. સર્વે. ૧૦૧
કલિયુગમાંહિ સંઘ શક્તિથી, શાંતિ સુખ આબાદી;
સંઘ શક્તિનો નાશ કરીને, કરો નહીં બરબાદી. સર્વે. ૧૦૨
અરસ્પરસના ઉપગ્રહોથી, જીવ્યું સહુનું જાતું.
નિષ્કામે ઉપકાર કરીને, બાંધો ધર્મનું ખાતું. સર્વે. ૧૦૩
અરસપરસના ઉપગ્રહોને, જાણે નહીં અજ્ઞાની;
અન્યભોગથી ધનાઢ્ય નૃપતિ, થાતા વાત ન છાની. સર્વે. ૧૦૪
ઉપકારો કરવાને માટે, જગમાં જીવ્યું જાણો;
ઉપકારોથી હઠો ન પાછા, સ્વાર્પણ ત્યાગને આણો. સર્વે. ૧૦૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વે સરખા જગમાં જીવો, ચિદાનંદસત્તાએ;
પોતાને મોટા માનીને, ભૂલો નહીં ભ્રમણાએ. સર્વે. ૧૦૬
સત્તાએ જીવો સહુ એક જ, માનીને સમભાવે;
વર્તો તેથી પ્રભુપદ પામો, સર્વ ધર્મ સમજાવે. સર્વે. ૧૦૭
ક્ષમા સરલતાને માર્દવતા, તપ સંયમને ધારો;
મન ઇન્દ્રિયો ઉપર કાબુ, ધરતાં સુખ નિર્ધારો. સર્વે. ૧૦૮
સુખ દુઃખને વેદો સમભાવે, કાર્ય કરો સમભાવે;
દશા થતાં એવી સુખ પ્રગટે, દુખ ન પાસે આવે. સર્વે. ૧૦૯
સ્વતંત્રતાને સ્વરાજ્યમાટે, આત્મભોગને આપો;
દુઃખી નિર્ધન ગરીબ જનનાં, દુઃખો વેગે કાપો. સર્વે. ૧૧૦
લક્ષ્મી સત્તા અને ગુણોનો, અભિમાન નહીં કરશો
નામર્દો નહિ રહેશો ક્યારે, મોહ વિના સુખ વરશો. સર્વે. ૧૧૧
સર્વે ખંડો સલાહશાંતિ, સ્વતંત્રતાથી વર્તો;
કુટુંબ જેવી વૃત્તિધારી, પાળો શાંતિ શર્તો. સર્વે. ૧૧૨
ભેદભાવને ખેદને ત્યાગો, આત્મ જુવો સહુ સરખો;
નિર્મોહી સંતોના બોલે, વર્તો મનમાં હરખો. સર્વે. ૧૧૩
રાગ દ્વેષથી મુક્ત થવાથી, સત્ય સકલ દેખાશે;
માટે મોહને મારી નાખો, અખંડ રાજ્ય જણાશે. સર્વે. ૧૧૪
રાગ દ્વેષ વિનાના લોકો, વિશ્વે મોટા સ્થાપો;
તેઓની આજ્ઞાનુસારે, વર્તો જ્ઞાને વ્યાપો. સર્વે. ૧૧૫
અતિલોભ તૃષ્ણાથી થાતી, દુર્બુદ્ધિ દુઃખકારી.
પક્ષપાત અન્યાયો થાતા, ત્યાગંતાં સુખભારી. સર્વે. ૧૧૬
અતિ પરિગ્રહ ધાન્યાદિકનો, ધરતાં દિલ નહિં શાંતિ;
સૌને ખાવા પીવા મળતાં, રહે નહીં જ અશાંતિ. સર્વે. ૧૧૭
એક સરીખા હોય ન સર્વે, દેશો ખંડો જાણો;
નબળા સબળા વર્તે સર્વે, સ્હાય કરી સુખ માણો. સર્વે. ૧૧૮
સ્વરાજ્ય આપ્યું નહીં, અપાતું, શક્તિથી જ સ્થપાતું;
સર્વપ્રકારે નિર્બળતાને, દૂર કરીને પમાતું. સર્વે. ૧૧૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કૂટફાટને દૂરે કરશો, હિંમત લેશ ન હારો;
બનો સત્યના સંગી સર્વે, ભીતિયો સંહારો. સર્વે. ૧૨૦
સત્ય માર્ગમાં ગમન કરંતાં, મૃત્યુ થકી નહીં હઠશો;
મૃત્યુનો અભ્યાસ ત્યજીને, નીતિ પંથે ચઢશો. સર્વે. ૧૨૧
સ્વાર્પણ કરશો સત્યને માટે, બનો સત્ય સહકારી;
અસત્યના સંગી નહીં થાવું, થૈ મધ્યસ્થ વિચારી. સર્વે. ૧૨૨
આતમમાં આધ્યાત્મિક ભાવે, સર્વે ખંડ સમાયા;
આત્મજ્ઞાન પ્રભાવે સંતો, અનુભવ આનંદ પાયા. સર્વે. ૧૨૩
ચર્મ ચુંથતાં નરને નારી, લહે ન શાંતિ ક્યારે;
આનંદ જ્યાં નહીં ત્યાં ભ્રમણાથી, ભૂલે સંકટ ભારે. સર્વે. ૧૨૪
આત્માનંદ પ્રગટતાં બાહિર, અંતર આનંદ ભાસે;
મન ઇન્દ્રિયો બ્રહ્માનંદે, સદા રહે ઉલ્લાસે. સર્વે. ૧૨૫
બાહિર સજ્યૈ જડમાં સુખને–શાંતિ શોધે લોકો;
મૃત્યુ સ્હામે આવે ત્યારે, પાડે દુઃખે પોકો. સર્વે ૧૨૬
મનનારાજ્યે ભેદભાવ છે, પ્રકૃતિ છે રાણી;
મન રાજા ત્યાં સર્વ વિશ્વમાં, ચિંતા દુઃખની ખાણી. સર્વે. ૧૨૭
જડમાં સુખ શોધે જડવાદી, જડના બની ગુલામો;
ચક્રવર્તી શાહો રાજાઓ, કરે ન સારાં કામો. સર્વે. ૧૨૮
નામ રૂપમાં સુખ જે માને, તે દાસોના દાસો;
ભલે બાહ્યથી ચક્રવર્તી હો, લહે ન સત્ય પ્રકાશો. સર્વે ૧૨૯
મન બુદ્ધિની પેલીપારે, આત્માનંદ સ્વભાવે;
જે પાવે તે નિશ્ચય લાવે. શું ? શબ્દે સમજાવે. સર્વે. ૧૩૦
સર્વ વિશ્વની લક્ષ્મી ભોગો, મન માન્યા જો પાવો;
તો પણ નિત્યાનંદ ન પામો, ટળે ન આશા દાવો. સર્વે. ૧૩૧
જડની પ્રીતિ ક્ષણિક રીતિ, આત્મપ્રીતિને ધારો;
આતમમાં મનનો લય કરતાં, આત્મ રાજ્ય ઉજિયારો. સર્વે. ૧૩૨
આત્મજ્ઞાનને સમભાવે છે, ઇશ્વર રાજ્ય મઝાનું;
પ્રભુની ભક્તિ કરતાં પ્રગટે, મોહીને તે છાનું. સર્વે. ૧૩૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાગદ્વેષ તજ્યાથી આનંદ, અપરંપાર સુહાવે;
અગનોપમનિર્મલ જ્યાં આતમ, સ્વયં પ્રભુ જ સ્વભાવે; સર્વે. ૧૩૪
નિશ્ચયથી નહિ બંધ મોક્ષ છે, આત્મસ્વભાવે ખેલો;
નિર્લેપે વ્યવહારે વર્તો, દૃષ્ટા થૈ, વર્તી લો. સર્વે. ૧૩૫
આત્મપ્રભુમાં બુદ્ધિ સમાવો, અન્ય કશું ન વિચારો;
સ્વાધિકારે કર્મ કરો પણ, ધારો આતમ પ્યારો. સર્વે. ૧૩૬
આતમવણ સહુ અસત્ય સમજો, થૈ આતમ ઉપયોગી;
જ્ઞાનને આનંદ સત્ય ધર્મ છે, તેના જ્ઞાની ભોગી. સર્વે. ૧૩૭
આતમની છે શક્તિ અનંતિ, પાર ન તેનો આવે;
આત્મ પ્રભુનાં નામને લક્ષણ, ધ્યાતાં સમાઈ જાવે. સર્વે. ૧૩૮
જ્ઞાન સ્વભાવી અનંત આતમ, કહ્યો ન શબ્દે જાવે;
મનબુદ્ધિ પણ પાર ન પામે, સમજે તે સુખ પાવે. સર્વે. ૧૩૯
શરીર મધ્યે આતમ ઇશ્વર, તેથી કોઇ ન બીજો;
ધરી ધારણા ધ્યાન સમાધિ, પૂર્ણાનંદે રીઝો સર્વે. ૧૪૦
પ્રભુ પાસ છે દિલમાં દેખો, એ પ્યારોને પ્યારી;
જ્ઞાનને આનંદથી નહિં બીજો, દેખો ધારી ધારી. સર્વે. ૧૪૧
જ્ઞાન અને સત્યાનંદ પ્રકટ ત્યાં, આત્મ પ્રભુની પ્રાપ્તિ;
જયાં ત્યાં એવું નિશ્ચય જાણો, એ છે સાચી વ્યાપ્તિ. સર્વે. ૧૪૨
આનંદ આવે આત્મ પ્રેમ ત્યાં, આત્મરીઝ ત્યાં જાણો.;
નિરૂપાધિક આનંદ ભોગે, આત્મ સ્વરાજ્ય પ્રમાણો. સર્વે. ૧૪૩
રાગ દ્વેષનું દ્વૈત ટળ્યાથી, આતમ અદ્વૈત થાવે;
પરમ પ્રભુ પોતે ત્યાં રાજા, સ્વતંત્ર રાજ્ય સુહાવે. સર્વે. ૧૪૪
મનબુદ્ધિ અહંકાર નહીં જયાં, નામ રૂપથી ન્યારૂં;
અહં અને મમતા નહિ કિંચિત, સ્વરાજ્ય સાચું
પ્યારૂં. સર્વે. ૧૪૫
જન્મ જરાને મૃત્યુ નહિ જ્યાં, પ્રભુ સ્વરૂપ થૈ જાવું;
પ્રભુ સ્વરૂપ થૈ પૂર્ણાનંદે, જીવતાં શિવ થાવું. સર્વે. ૧૪૬
જીવતાં મુક્તિ સુખ માણો, સ્વરાજ્ય એહ પ્રમાણો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભ્રમણામાં ભૂલીને ભણ્યો, બનો નહીં નાદાનો. સર્વે. ૧૪૭
આત્માનંદ પ્રગટતાં વ્રત તપ, સાધન થાય નકામાં;
સર્વ લાગણી રહે ન મનમાં, રહે ન મોહ કશ્યામાં. સર્વે. ૧૪૮
સ્વતંત્રતાથી શક્તિ પ્રગટે, સ્વતંત્ર રાજા સર્વે;
બાહ્યાંતર શક્તિવાળા થૈ, રહો ન કયારે ગર્વે. સર્વે. ૧૪૯
બાહ્યાંતરમાં સ્વતંત્રતાને, પામે આતમ જ્ઞાની;
સર્વ કર્મમાં સ્વતંત્ર થૈને, વર્તે યોગી દાની. સર્વે. ૧૫૦
વિધિ નિષેધની પેલીપારે, યોગ્ય કરે ન કરે તે.
પ્રભુરૂપ થૈ વિશ્વ પ્રભુતા, દેખી સુખ વરે તે. સર્વે. ૧૫૧
જેની જેવી દશા જ તેને, સ્વરાજ્ય તેવું વ્હાલું;
જ્ઞાનપ્રકાશે વિશાલદષ્ટિ, ગણે ઉચ્ચ સહુ સારૂં. સર્વે. ૧૫૨
જૂઠા બંધનમાં નહિ પડશો, અન્યને પડતાં રોકો;
દુઃખદાયકરૂઢિબંધનથી, છૂટા થાશો લોકો. સર્વે. ૧૫૩
સર્વ દુઃખનું કારણ મોહ છે, જૂઠા દુષ્ટ રીવાજો;
તેથી છૂટે સ્વરાજ્ય પામી, જ્ઞાનાચારથી છાજો. સર્વે. ૧૫૪
અસત્ પ્રતિષ્ઠા કીર્તિ હેતે, કરો ન દેવાં કયારે,
જડવસ્તુથી શોભાઓ નહિં, ખર્ચ કરો નહીં ભારે. સર્વે. ૧૫૫
દુષ્ટ રૂઢિના બન્યા ગુલામો, સ્વરાજ્ય તે શું? પામે;
નામર્દોને સ્વતંત્રતાનો, હક નહીં કોઇ કામે. સર્વે. ૧૫૬
બીકણુ નામર્દો હિચકારા, ડરપોકું જ ગુલામો;
દેહતણા જે બનિયા દાસો, કરે ન તે શુભ કામો. સર્વે. ૧૫૭
આતમને ઉદ્ધરતો આતમ, આતમવડે જ નક્કી;
આતમની શ્રદ્ધા પ્રીતિથી, બનતી સિદ્ધિ પક્કી. સર્વે. ૧૫૮
જ્ઞાની ગુરૂની સેવા સારી, આતમજ્ઞાનને પામો;
વિશ્વલોકની સ્વતંત્રતાનાં, કરશો સારાં કામો. સર્વે. ૧૫૯
બ્રહ્મરાજ્ય પ્રગટાવો લોકો, લેશ ન વાર લગાડો;
સર્વે વિશ્વ જડવાદીઓને, બોધ કરીને જગાડો. સર્વે. ૧૬૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિશ્વ માનવો પશુ પંખીઓ, રક્ષો પ્રેમ ધરીને;
સર્વજીવોના ભલા જ માટે, ઉત્તમ દેહ ધરીને. સર્વે. ૧૬૧
સ્વતંત્રતા સ્વરાજ્યને ઇચ્છે, ભારત, જાગી ભાવે;
તેને કોઇ નહીં દબાવો, જૂલ્મ અનીતિ દાવે. સર્વે. ૧૬૨
દાબ્યો નહીં દબાશે ઉલટો, ઉછળશે બહુ જોરે;
ભારત સ્વતંત્ર થાશે અંતે, સ્વતંત્રતાના તોરે. સર્વે. ૧૬૩
બાહ્ય સ્વરાજ્ય ગ્રહીને જ્યારે, અન્યને પીડે ત્યારે;
પરતંત્ર પાછું તે થાશે, ભૂલો શીખ ન કયારે. સર્વે. ૧૬૪
સ્વતંત્ર થૈને સ્વાર્થભાવથી, કરો ન જૂલ્મ અનીતિ;
સર્વ ખંડને ચડવું પડવું, ગુણ અવગુણની રીતિ. સર્વે. ૧૬૫
શક્તિયોથી અભિમાની થૈ, કરો ન અન્યનું બૂરૂં;
સર્વ ખંડને હિત શિક્ષા છે, હિત કરશો સૌ પૂરૂં. સર્વે. ૧૬૬
પ્રાચીન વૈરને ભૂલી જાશો, બનો ખરા ઉપકારી;
અવગુણ ઉપર ગુણને કરશો, પરભવમાં સુખ ભારી. સર્વે. ૧૬૭
અન્ય દેશને કરી પરાધીન, પશુબળથી નહીં ફૂલો;
દૈવની અકળકલા છે ન્યારી, ફુલતાં સહુ ડૂલો. સર્વે. ૧૬૮
લોભે લક્ષણ જાતાં સર્વે, કપટ ચપટ ત્યાં થાવે;
જેવું વાવો તેવું લણશો, કર્યાં કર્મ સહુ આવે. સર્વે. ૧૬૯
પ્રભુનો સાચો કર્મ કાયદો, ટળે ન કોનો ટાળ્યો;
મોડા વ્હેલા સહુ દેશોના, ભોગવવામાં ભાળ્યો. સર્વે. ૧૭૦
સવ ખંડ ઈતિહાસો તેની, સાક્ષી આપે સાચી;
માટે ન્યાય પ્રમાણે ચાલો, સમભાવે રહો રાચી સર્વે. ૧૭૧
કર્મ કાયદો સર્વ જીવોપર, એક સરીખો ચાલે;
તોપાદિકનું જોર ન ચાલે, કર્મ સ્ફૂરે તે કાળે. સર્વે. ૧૭૨
કર્મ પ્રમાણે સુખ દુઃખ થાતું, જ્યાં ત્યાં નજરે દેખો;
જુઓ જર્મની બળિયું હાર્યું, કર્મ કર્યાથી પેખો. સર્વે. ૧૭૩
અન્ય દેશને સ્વાધીન કરતાં, પરતંત્ર કૈ થાવે;
વર્તમાનમાં કર્યાં કર્મનું, ભવિષ્યમાં ફલ પાવે. સર્વે. ૧૭૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વાધીનતા છે સહુને વ્હાલી, સમજો નરને નારી;
પરની સ્વાધીનતા લુંટચાથી, પામો દુઃખો ભારી. સર્વે. ૧૭૫
આત્માધીન મન કાયાવાણી, વર્તે જેને નક્કી;
મોહાધીન જે થાય ન તેને, સ્વાધીનતા છે પક્કી. સર્વે. ૧૭૫
ચિદ્ આનંદ સ્વરૂપી આતમ, તેહ સ્વરૂપે થાવું;
સ્વતંત્રતા છે તેથી નક્કી, સત્યસત્ત્વ સમજાવું. સર્વે. ૧૭૬
સર્વોત્તમ સ્વાધીનપણાને, ત્યાગી સંતો પામે;
ઋષિમહંતો સ્વતંત્રતાથી, પૂર્ણાનન્દે જામે. સર્વે. ૧૭૭
મોહ વિકલ્પોથી જે અળગા, સ્વરાજ્ય સુખને ચાખે;
બાહ્ય રાજ્યમાં મોહદશાથી, સુખ નહીં અનુભવ ભાખે. સર્વે. ૧૭૮
નિર્મોહીને બાહ્યાંતરમાં, સ્વરાજ્ય સુખનો દરિયો;
આતમજ્ઞાનથી અનુભવાતો, સ્વાધીનતા તે વરિયો. સર્વે. ૧૭૯
ભીખારીના પણ ભીખારી, મોહી રાજા રાણા;
સ્વતંત્રતાને તે શું ? જાણે, તૃષ્ણાપૂર તણાણા. સર્વે. ૧૮૦
મન ઈન્દ્રિયો ઉપર જેની, આણો લેશ ન ચાલે;
રહ્યા મોહના તાબે જેઓ, શાહપણું શું ? પાળે. સર્વે. ૧૮૧
કરે ગુલામી મનની તેઓ, તે શયતાન ગુલામો;
રાજાને સુલતાન તે કોના ? પવિત્ર નહીં છે કામો. સર્વે. ૧૮૨
મન ઉપર શેઠાઈ ન જેની, મનના હુકમથી ચાલે;
મન શયતાન ન વશમાં થાવે, ફકીર થૈ શું? મ્હાલે. સર્વે. ૧૮૩
મનને શિષ્ય કરે જે આતમ, ગુરૂપણું તે પાવે;
મન તાબે ત્યાં ગુરૂપણું શું ? શું ? જગને સમજાવે. સર્વે. ૧૮૪
મનને શિક્ષણ જે નહીં આપે, શિક્ષક તે નહીં થાતો;
શ્વાનની પેઠે જડ અસ્થિને, ચુસંતો દુઃખ પાતો. સર્વે. ૧૮૫
આશા તૃષ્ણા દાસીઓના, દાસો જેઓ થાવે;
તેવા દાસો સ્વતંત્રતા સુખ, સ્વપ્ને પણ નહીં પાવે. સર્વે. ૧૮૬
જીવંતાં જે મર્યા નહીં તે, સ્વતંત્રતાથી અળગા;
જીવંતાં મરજીવા જેઓ, સ્વાધીનતાને વળગ્યા. સર્વે. ૧૮૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મન શયતાનને મારે જેઓ, યોદ્ધાઓ તે સાચા;
સ્વરાજ્ય તેને અહિંયા પૂરૂં, જેની સાચી વાચા. સર્વે. ૧૮૮
જડવસ્તુઓમાં સુખ શોધે, પરાધીન તે લોકો;
સ્વરાજ્યની ભ્રાંતિમાં ભૂલી, અંતે પાડે પોકો. સર્વે. ૧૮૯
જ્ઞાનયોગને ભક્તિ યોગે, સ્વરાજ્ય પામો સંતો;
મિથ્યા રાજ્યમાં મોહ ધરીને, અજ્ઞાની ભટકંતો. સર્વે. ૧૯૦
આતમ તે નિજ ભારતભૂમિ, આતમવણુ સહુ ખોટું;
આત્મભૂમિની પ્રાપ્તિ માટે, ગણો ન બીજું મોટું. સર્વે. ૧૯૧
સદ્‌ગુરૂના બનતા જે ભકતો, ગુરૂ આજ્ઞાએ વર્તે;
આત્મ સ્વરાજ્યને પામે નક્કી, પ્રભુથી ઐકય પ્રવર્તે. સર્વે. ૧૯૨
પરીષહો ઉપસર્ગો વેઠી, ગુરૂઆજ્ઞામાં જીવે;
આતમનું મૃત્યુ નહીં જાણે, મૃત્યુથકી નહીં બીવે. સર્વે. ૧૯૩
ગુરૂઆજ્ઞામાં હોમાઈને, જીવંતાં જે મરતો;
પરતંત્રતા દુઃખનો સાગર, સહેજે વેગે તરતો. સર્વે. ૧૯૪
ગુરૂમાં પૂરણ શ્રદ્ધાપ્રીતિ, ગુરૂમય થૈ જીવંતો;
જીવન મરણમાં સમભાવી જે, આત્મ રાજ્ય દીપંતો. સર્વે. ૧૯૫
આત્મરાજ્યની સ્વતંત્રતામાં, મસ્ત બન્યા જે સંતો;
તેઓના વચને હોમાઇ, સ્વતંત્ર થાવ મહંતો. સર્વે. ૧૯૬
સ્વરાજ્ય સહુની પાસે નક્કી, સ્વતંત્રતા સહુ પાસે;
મનમાં જો શયતાન ન આવે, તો આનંદ પ્રકાશે. સર્વે. ૧૯૭
એકવાર જો આત્મરાજ્યની આત્માનંદ ખુમારી;
પ્રગટે તો પછી કોઇ ન ભૂલે, સ્વતંત્રતાની વારી. સર્વે. ૧૯૮
આત્માનંદ ખુમારી ઉભરો, એકવાર જો આવે;
મરતાં પછીથી મોહ રહે નહીં, સ્વયંપ્રભુ થૈ જાવે. સર્વે. ૧૯૯
સંતોની સંગતિ કરવાથી, સ્વરાજ્ય સુખની પ્રાપ્તિ;
નિરૂપાધિક સુખ અનુભવ્યાથી, સ્વતંત્રતાની વ્યાપ્તિ. સર્વે. ૨૦૦
નિર્ભય દેશે મ્હાલો સંતો, ગુરૂગમને અવધારી;
મૃગજલ પીવા હરણાં દોડે, ભૂલો નહીં નરનારી. સર્વે. ૨૦૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આધ્યાત્મિક જ્ઞાનીઓ સંતો, સત્યરાજ્ય શિખ આપે;
સ્વાર્થોમાંહી રચ્યા પચેલા, અન્ય દુઃખ નહીં કાપે. સર્વે. ૨૦૨
સ્વાર્થોની મારામારીમાં, દયા ન અન્યની ધારે;
તેવા લોકો સ્વયં ગુલામો, ધર્મ કર્મને હારે. સર્વે. ૨૦૩
લક્ષ્મી સત્તા શક્તિથી શું ? મળે ન તેથી શાંતિ;
ભોળા લોકો ભૂલ કરો નહીં, થાય ન આત્મોત્ક્રાંતિ. સર્વે. ૨૦૪
શરીર કરતાં મન છે બળિયું, તેથી આતમ બળિયો;
આત્મશક્તિ ત્યાં મોહરહે નહીં, થાય ન માનવ ગળિયો. સર્વે. ૨૦૫
અનેક પ્રાણીઓને રેંસી, લુંટી નીચા થાશો;
અભિમાનના તોરે ફૂલી, પાછળથી પસ્તાશો. સર્વે. ૨૦૬
અનીતિ અને અન્યાયોને, રહો ન સાંખી ક્યારે;
ન્યાયનીતિના બળથી સ્હામે, રહેતાં શક્તિ જ ભારે. સર્વે. ૨૦૭
સર્વ જીવોના ઉપગ્રહાર્થે, મળ્યું સકલ વાપરશો;
એક દાનથી અનંત ફલને, નિષ્કામી થૈ વરશો. સર્વે. ૨૦૮
મૃત્યુઆદિ ભયથી સ્વાર્થી, બની ન જીવો ક્યારે;
દેહ વિણસંતો સહુનો અંતે, ચઢશો અન્યની વ્હારે. સર્વે ૨૦૯
અન્ય દેશને અન્ય પ્રજાને, સંકટ દુઃખો આવે;
સ્વાર્થી થૈને સ્હાય ન કરતાં, દશા તેહવી થાવે. સર્વે. ૨૧૦
સમાજના સહુ અંગો માટે, અંગીનાં છે અંગો;
ઉપગ્રહો છે અરસપરસમાં, મન ઉપકારે રંગો. સર્વે. ૨૧૨
જીવનમુકતોને પણ કરણી, સમાજહેતે કરવી;
ગ્રહી વિશ્વનું વિશ્વને દેવું, ફર્જ ખરી મન ધરવી. સર્વે. ૨૧૧
વિશ્વથકી જે લીધું તેને, વિશ્વાર્થે વાપરવું;
તેમાં સંકુચિત શું ? થાવું, સ્વરાજ્ય એવું ધરવું. સર્વે. ૨૧૨
અરસપરસનાં જીવન નભતાં, એક બીજાની સ્હાયે;
અર્પાઇ જાવો અન્યોના, હેતે સ્વરાજ્ય થાવે. સર્વે. ૨૧૩
ભિન્ન ભિન્ન ધર્મોના મોહે, લડો ન માંહોમાંહે;
ઉપશમ સંવર વિવેક યોગે, વર્તો સહુ ઉત્સાહે. સર્વે. ૨૧૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દાય શીયલ તપ સંયમયોગે, વિશ્વોન્નતિ થવાની;
વૈરાગ્યે વર્તો નરનારી, દુર્બુદ્ધિ ટળવાની. સર્વે. ૨૧૫
આત્મ વિષે છે સ્વરાજ્ય સાચું, કયાં બાહિરમાં શોધો;
ભટકંતી બાહિરવૃત્તિને, આત્મશક્તિથી શોધો. સર્વે. ૨૧૬
મૃગલો કસ્તૂરીની ગંધે, બાહિર ભમતો ભૂલી;
તેમ જ બાહિર સુખને માટે, સર્વને હારો ફૂલી. સર્વે. ૨૧૭
વિષ્ઠાની પેઠે ધનસત્તા, જેને મનમાં ભાસે;
આત્મરાજ્ય પામે તે નક્કી, પરમ પ્રભુ વિશ્વાસે. સર્વે. ૨૧૮
બાહિર ચક્રી ઇન્દ્ર આદિની, પદવીની મોટાઈ;
નાસિકા મળ જેવી લાગે જાય નહીં ભરમાઈ. સર્વે. ૨૧૯
સાત્વિક સંતો બ્રહ્મરાજ્યમાં, આનંદમય થૈ જાતા;
સ્વરાજ્યને સ્વાતંત્ર્યે રહેતા, રહે સદા હરખાતા. સર્વે, ૨૨૦
દુનિયા લોકો લક્ષ્મીમોહે, ભૂલીને ભરમાયા;
રાજ્યમોહથી બન્યા ગુલામો, તોપણ માને ડાહ્યા. સર્વે. ૨૨૧
દુનિયાદારીમાં કે ડાહ્યા, પણ અંતરમાં ગાંડા;
આનંદ નહિ ત્યાં આનંદ શોધે, બહુ બકવાદી બાંડા. સર્વે. ૨૨૨
કાયભોગથી રોગ પ્રગટતા, તોપણ સુખ માનીને;
ખસની ચોંળને ખણવા જેવી, બોલે છે વાણીને. સર્વે. ૨૨૩
ભોગ વિષે સહુ રોગ ભર્યા છે, ત્યાં નહીં સુખની આશા;
તોપણ મુંઝી જીવો દોડે, મોહતણા એ તમાશા. સર્વે. ૨૨૪
મોહની પાછળ લોકો દોડે, આત્મપ્રભુને મૂકી;
અરસ્પરસને ખાવા દોડે, સત્યધર્મને ચૂકી. ભર્વે. ૨૨૫
એક બીજાપર વિશ્વાસી નહીં, ચલવે ખૂનામરકી;
સ્વતંત્રતાને રાજ્ય નહીં ત્યાં, મોહાગ્નિ જ્યાં સળગી. સર્વે. ૨૨૬
ટુંક દૃષ્ટિને દૂર કરીને, કરો વિશાલ વિચારો;
વિશ્વ ભક્ત જ્ઞાનીના બોધે, વર્તી જન્મ સુધારો. સર્વે. ૨૨૭
પતિત જનોને શીઘ્ર સુધારો, દુઃખીને ઉદ્ધારો;
આપત્કાલે આપદ્ધર્મે, વર્તો ધર્મ એ ધારો. સર્વે. ૨૨૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેહયોગથી સમાજ સાથે, સંબંધી છો માનો;
સમાજનું નિજ અંગ ગણીને, કરો ધર્મ કરવાનો. સર્વે. ૨૨૯
સર્વપ્રમાદો દૂર કરીને, સૌથી હળીમળીને;
ઉભરાતી શક્તિયો ખર્ચો, કર્મવિવેક કરીને સર્વે. ૨૩૦
કર્તવ્યોમાં અડગ રહીને, વર્તો પડો ન પાછા;
કર્મયોગીઓ જ્ઞાનયોગીઓ, બનશો લહી વિશ્વાસા. સર્વે. ૨૩૧
શુષ્કવિવાદોતર્કો ત્યાગો, કર્તવ્યોમાં લાગો;
આત્મજ્ઞાનથી અંતર જાગો, કુકર્મોથી ભાગો. સર્વે. ૨૩૨
મિથ્યા સંશય વ્હેમ ધરીને, કર્તવ્યો નહિ ચૂકો;
સત્યવિચારે લાગે સારૂં, તે આચારે મૂકો. સર્વે. ૨૩૩
અન્ય કરે તો પોતે કરવું, એવું મન નહીં લાવો;
પુરૂષાર્થમાં સૌની આગળ, જાવામાં છે લ્હાવો સર્વે. ૨૩૪
હિંમત સ્વાશ્રયને ઉત્સાહે, સત્કર્મોને કરવાં;
કોટિ વિઘ્ને પગલાં પાછાં, મર્દ બની નહીં ભરવાં. સર્વે. ૨૩૫
કર્મ કર્યાવણુ વધે ન શક્તિ, અનુભવો નહીં આવે;
માટે પારમાર્થિક કાર્યોને, કરવાં નિર્મલ ભાવે. સર્વે. ૨૩૬
ગાડરિયા પેઠે નહિ ચાલો, જ્ઞાને સમજી ચાલો;
ભય લજ્જાને ખેદને ત્યાગી, કરી પ્રતિજ્ઞા પાળો. સર્વે. ૨૩૭
વિશ્વયજ્ઞમાં અર્પાઇને, નિષ્કામી થૈ જીવો;
તેથી આત્મિક શુદ્ધિ થાતાં, પ્રગટે કેવલ દીવો. સર્વે. ૨૩૮
કરી વિચારો રહો ન બેસી, કર્તવ્યો ને કરશો;
કર્મયજ્ઞમાં હોમાઈને, મરજીવા થૈ ઠરશો. સર્વે ૨૩૯
ઉભરાવો શક્તિયો સર્વે, બેસો નહીં નકામા;
એક પલક પણ વ્યર્થ ન ગાળો, સેવો આતમરામા. સર્વે. ૨૪૦
પવિત્રજીવન ગાળો પ્રેમે, સંતોને સત્કારો;
સંતોની શિક્ષામાં અમૃત, માની જીવન ગાળો. સર્વે. ૨૪૧
અજ્ઞાની જો અમૃત પાવે, તોપણુ તે નહિ પીશો;
જ્ઞાની જો વિષ આપે પ્રેમે, તો તે પીને જીશો. સર્વે. ૨૪૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાની સંત સમાગમ થાતાં, આનંદાશ્રુ પ્રગટે;
થતાં વિયોગ જ દુઃખે રૂવે, તેનાં દુઃખો વિઘટે. સર્વે. ૨૪૩
નામર્દો ખાવાને જીવે, મર્દો જીવવામાટે;
ખાતા પીતા સમજી અંતર, સત્ય લહો શિરસાટે. સર્વે. ૨૪૪
કોટિ દુઃખો પડતાં ભવ્યો, હિંમત લેશ ન હારો.
કર્તવ્યોને કરતાં અંતે, કાર્યસિદ્ધિનો આરો. સર્વે. ૨૪૫
સ્વાધિકારે સર્વે લોકો, કાર્ય કરંતા ઉંચા;
સર્વે સર્વના કાર્યો મોટા, કોઈ ન જગમાં નીચા. સર્વે. ૨૪૬
સામાજિક કાર્યોમાં સૌને, સ્વાધિકારતા ઉંચી;
ઉચ્ચ નીચના ભેદ ગણીને, કરો ન બુદ્ધિ નીચી. સર્વે. ૨૪૭
સત્કર્મોથી જેઓ ઉંચા, તેની સંગે રહેશો;
આત્મામાં શ્રદ્ધા પ્રીતિને, વિકસાવી સુખ લેશો. સર્વે. ૨૪૮
શ્રદ્ધા પ્રીતિથી મેરૂને, ચૂરી ચૂર્ણ કરાતો;
કર્તવ્યો કરવામાં એવી, શ્રદ્ધાથી સુખ પાતો. સર્વે. ૨૪૯
આત્મિક શ્રદ્ધા આગળ દરિયા, ડુંગર પૃથ્વીના શક્તિ;
આત્મિક શ્રદ્ધા પ્રીતિ ઉદ્યમ-યોગે પ્રભુતા વ્યક્તિ. સર્વે. ૨૫૦
આત્મિક શ્રદ્ધા પ્રીતિ આગળ, દેવદેવીઓ નાચે;
આત્મામાંહી સર્વ ભર્યું છે, સમજે તે સુખ રાચે. સર્વે. ૨૫૧
આત્મામાં સહુ દેવદેવીઓ, સર્વોન્નતિ શક્તિયો;
સમજી પ્રેમથકી પ્રગટાવો, નિજનિજની વ્યક્તિયો; સર્વે. ૨૫૨
સર્વ જીવોનું ભલું કરંતાં, મરવામાં સુખ માનો;
સર્વ જીવોને દુઃખ કરંતાં, જીવનમાં દુઃખ જાણો. સર્વે ૨૫૩
પરપોતાના સુખને માટે, જીવન જાય તે સારૂં;
પરપોતાના દુઃખને માટે, જીવન હોય નઠારૂં. સર્વે. ૨૫૪
દુર્ગુણુથી જીવ્યું નહીં જીવ્યું, ગુણુથી જીવ્યું જીવ્યું;
જાણી આત્મિક જીવન વહેશો, વહો ન આયુ નજીવ્યું. સર્વે. ૨૫૫
આત્મિક જીવનથી જીવાડો, વિશ્વલોકને જ્ઞાને;
આનંદમય જીવન સ્વરાજ્ય જ, વર્તો અનુભવસાને. સર્વે. ૨૫૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અન્ન પાણીથી દેહ જીવન છે, આંતર જીવન, જ્ઞાને;
બેનું દાન કરો દુનિયાને, લડશો નહીં તોફાને. સર્વે. ૨૫૭
અન્નવસ્ત્રને જ્ઞાનના દાને, જરા ન રાખો ખામી;
નિષ્કામી થૈ સત્ કર્મોને, કરતાં થાશો નામી. સર્વે. ૨૫૮
સહી ચહીને જીવન ગાળો, સૌથી મૈત્રી નભાવો;
નિર્ધનતામાં ખેદ ન ધારો, આત્મિક ધન લ્યો લ્હાવો. સર્વે. ૨૫૯
પિંડ ઉપર જે રાજ્ય કરે તે, બ્રહ્માંડે પણ કરતો;
મન નહીં જેના વશમાં તેતો, બ્રહ્માનંદ ન વરતો. સર્વે. ૨૬૦
નિરૂપાધિક સુખ લ્હેરો પ્રગટે, સ્વરાજ્ય ત્યાં છે સાચું;
ઉપાધિક સુખ ત્યાં પરવશતા, સ્વરાજ્ય છે ત્યાં કાચું. સર્વે. ૨૬૧
પરમાનંદ પ્રગટ જ્યાં વિલસે, પરમ પ્રભુ ત્યાં પોતે;
પૂર્ણ સ્વરાજ્ય છે એવું તેને, બીજે કયાં તું ગોતે. સર્વે. ૨૬૨
આત્મિક જ્ઞાનથકી છે આનંદ, આત્મામાં તે જાણો;
આત્મા મૂકી જડમાં આનંદ, શોધે થૈ શું ? મ્હાણો. સર્વે. ૨૬૩
મન સંકલ્પ વિકલ્પથકી જે, મનમાં આનંદ ભાસે;
તે પણ આનંદ સત્ય ન જાણો, ઉપાધિથી પ્રકાશે. સર્વે. ૨૬૪
પંચેન્દ્રિના ત્રેવિશ વિષયે, આનંદ પ્રકટે કાચો;
તે માટે અંતરમાં શોધો, આનંદ જે છે સાચો. સર્વે. ૨૬૫
જ્ઞાનને આનંદરૂપી આતમ, જગમાં ઈશ્વર પોતે;
આતમરૂપી થૈને આતમ, પામો અનુભવ જ્યોતે. સર્વે. ૨૬૬
રેતી પીલે તેલ ન પ્રગટે, જડભોગે તેમ જાણો;
અજાગલસ્તન દુધ ન આપે, નિશ્ચય મનમાં આણો. સર્વે. ૨૬૭
આતમમાંહિ આત્મસ્વભાવે, આનંદનો છે દરિયો;
આતમમાં મન જેણે વાળ્યું, જીવંતાં તે વરિયો. સર્વે. ૨૬૮
આનંદમાટે વિશ્વમનુષ્યો, સર્વ પ્રવૃત્તિ ધારે;
પણ નહીં પામે જ્ઞાન વિના તે, માનવભવને હારે. સર્વે. ૨૬૯
મનથી ઉંચું જાતાં ઉંચી, મુક્તિ અનુભવાતી;
મન તે સ્વર્ગ ને નર્ક વિચારી, રાખો નિર્મલ છાતી. સર્વે. ૨૭૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાગદ્વેષી મનડું મર્કટ, ચંચળ, વશ જો થાવે;
તો આવરણો સર્વ ટળેને, આનંદ પ્રગટે ભાવે. સર્વે. ૨૭૧
મનવશ થાતાં જગ છે તાબે, સર્વ ધર્મની કુંચી;
મનથી મુક્તિ સાતરાજપર, અંતરમાં છે ઉંચી. સર્વે. ૨૭૨
મનથી જડ ચેતનપર સત્તા, કોઈક કયારે ચલાવે;
તો પણ સાચું સુખ નહિ પાવે, મરી મરી દુઃખ પાવે. સર્વે. ૨૭૩
મનથી સૃષ્ટિ નવી નવી કો, ઘણી બનાવે હોંચે;
પરમાનંદ ન પામે પોતે, અંતે દુઃખથી રોવે. સર્વે. ૨૭૪
મનથી જડમાં છે સુન્દરતા, કલ્પાયેલી જાણો;
મનના ધર્મો નિત્ય રહે નહિ, ક્ષણિક એહ પ્રમાણો. સર્વે. ૨૭૫
જ્ઞાનાનંદી આતમનું છે, સ્વરાજ્ય જગમાં એવું;
સર્વ સ્વાર્પણ કરી ગુરૂને, સ્વરાજ્ય એવું લેવું. સર્વે. ૨૭૬
જડદુનિયા પોતાના ઉપરે, રાજ્ય કરે છે સઘળે;
એવું જાણી આત્મસ્વરૂપી, થાઓ કાંઈ ન બગડે. સર્વે. ૨૭૭
આતમરાજા જડનો યાચક, બને મોહથી ઘેલો;
તે શું સ્વરાજ્ય સુખને પામે, મૂર્ખાઓમાં પહેલો. સર્વે. ૨૭૮
પિંડે પિંડે ઘર ઘર જ્યારે, આતમ રાજ્ય પ્રગટાશે;
ઘર ઘર ગુરૂકુલ ન્યાય કચેરી, સ્વરાજ્ય ત્યાં છે પાસે. સર્વે. ૨૭૯
સ્વરાજ્ય એવું નિશદિન પાસે, કોઇ અન્ય ન આપે;
કાલ અનાદિથી છે નિજમાં, મોહ ટળે ઘટ વ્યાપે. સર્વે. ૨૮૦
સ્વરાજ્ય એવું ભૂલી લોકો, બાહિરમાં કયાં દોડો;
આતમમાં સુખ સાચું ભૂલી, પત્થરથી શિર ફોડો. સર્વે. ૨૮૧
બાહ્યરાજ્યની સર્વવ્યવસ્થા, આત્મરાજ્યને માટે;
ઉંડા ઉતરો રાજ્ય ખરૂં ત્યાં, માલ છે માથાસાટે. સર્વે. ૨૮૨
અખંડ આનંદ પ્રગટે ત્યારે, સ્વરાજ્ય પ્રગટયું જાણો;
વ્યકતાનંદમાં સ્વતંત્રતા છે, નિશ્ચય એહ પ્રમાણો. સર્વે. ૨૮૩
આત્માધીન પ્રવર્તે મનને, દેહ ઇન્દ્રિયો જ્યારે;
સર્વજાતિનાં રાજ્ય પમાયાં, સમતાભાવે ત્યારે. સર્વે. ૨૮૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મરાજ્ય મસ્તાના સંતો, ત્યાગીઓ ભગવંતા;
અન્યરાજ્યની કરે ન ઈચ્છા, સાધુઓ જ મહંતા. સર્વે. ૨૮૫
રાજયોગથી આત્મરાજ્યના, મસ્તાની યોગીઓ;
બાહ્ય રાજ્ય વિષ્ઠાસમ જાણે, અમૃતરસ ભોગીઓ. સર્વે. ૨૮૬
દ્રવ્યભાવથી આત્મરાજ્યના, સાધક છે મસ્તાના;
બાહ્ય રાજ્યમાં જેહ દીવાના, બ્રહ્મભાવ ગુલ્તાના. સર્વે. ૨૮૭
આત્મ રાજ્યની આગળ બાહિર-રાજ્યની કિંમત કોડી;
સર્વ સંગમાં નિર્લેપી થૈ, દેશો મોહને મોડી. સર્વે. ૨૮૮
બાહ્યરાજ્યના કર્તાઓને, શિક્ષા દીધી સારી;
ત્યાગીઓ છે સ્વાધિકારે, ઉપદેશક જયકારી. સર્વે. ૨૮૯
સ્વાધિકારે સર્વ વિશ્વને, મેં સ્વાતંત્ર્ય જણાવ્યું;
સ્વરાજ્ય બાહિરાંતર બોધ્યું, સમજુના મન ભાવ્યું. સર્વે. ૨૯૧
પૃથ્વી આદિ બાહ્ય રાજ્યમાં, મ્હને ન મમતા ક્યારે;
સ્વરાજ્ય બાહિરમાં નહીં મ્હારે, ઉપદેશ જ અધિકારે. સર્વે. ૨૯૨
આત્મ રાજ્યનો અધિકારી હું, સ્વરાજ્ય એ છે મ્હારૂં;
બાહ્ય રાજ્યમાં સ્વરાજ્ય માને, ગૃહસ્થ શિક્ષણ પ્યારૂં. સર્વે. ૨૯૩
બાહ્ય રાજ્ય અધિકારી સર્વે, ગૃહસ્થ નરને નારી;
તેઓને શિખામણ આપી, સ્વરાજ્યની સુખકારી. સર્વે. ૨૯૪
મુજ આતમ સમ સર્વ વિશ્વના, લોકો મુજને લાગે.
આત્મ રાજ્ય સમજાવ્યું ભાવે, સમજે તે તો જાગે. સર્વે. ૨૯૫
આત્મ રાજ્યથી બાહ્ય રાજ્ય પણ, ન્યાય નીતિથી સારૂં;
સમજાવ્યું લોકોને ભાવે, નહીં સમજે અંધારૂં. સર્વે. ૨૯૬
ગુર્જર સાનંદ શહેરે લ્હેરે, રચ્યો વિશ્વસંદેશો;
વિશ્વજનો તે રીતે વર્તી, જ્ઞાનાનંદને લેશો. સર્વે. ૨૯૭
સંવત્ ઓગણીશશ્યસત્યોતેર, સાલે સાનંદ શહેરે;
ચોમાસામાં ઋષિપંચમીદિન, કાવ્ય કર્યું સુખ લ્હેરે. સર્વે. ૨૯૮
સર્વવિશ્વમાં સંદેશો એ, ફેલાવો નરનારી;
સુણો સુણાવો ભણો ભણાવો, વંચાવો હિતકારી. સર્વે. ૨૯૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનેક ભાષામાં પ્રસરાવો, શક્તિમંત નરનારી;
ગુણગ્રાહી થૈ ગુણને ગ્રહશો, સ્વરાજ્યના અધિકારી. સર્વે. ૩૦૦
પરબ્રહ્મ શ્રી પ્રભુ મહાવીર, ભક્તિભાવનો રાગી;
પ્રભુ સુખસાગર ગુરૂ કૃપાથી; સ્વરાજ્ય શક્તિ જાગી. સર્વે. ૩૦૧
સ્વાધિકારે સ્વરાજ્ય સર્વે, સત્ય વિવેકે સુધારો;
બુદ્ધિસાગર સૂરિ પ્રભણે, માનવ જન્મ સુધારો. સર્વે. ૩૦૨
સર્વ વિશ્વમાં શાંતિ હોશો, જનો બનો ઉપકારી;
દોષો સંકટ વિઘ્નો વિણશો, આનંદ પ્રકટો ભારી. સર્વે ૩૦૩
શાંતિ તુષ્ટિ પુષ્ટિ પામો, સત્યો સર્વે પ્રગટો;
રોગો શોકો દૂરે થાશો, અધર્મ્યયુદ્ધો વિઘટો. સર્વે. ૩૦૪
મંગલ પામો લોકો સર્વે, સર્વવિશ્વ નરનારી;
બુદ્ધિસાગરસૂરિ ઋદ્ધિ, વૃદ્ધિ લહો જયકારી. સર્વે. ૩૦૫

સંવત્ ૧૯૭૭ ના

ભાદ્રપદ શુક્લ પંચમી

મુ. સાનંદ મંગલવાર

ગુજરાત.

---

## स्वराज्य.

---

સ્વરાજ્ય એહ ગણાય, જગત્માં સ્વરાજ્ય એહ ગણાય;
સત્ય ન્યાયને પરોપકારે, સર્વનું શ્રેય કરાય. જગત્માં;
જાતિ ધર્મનો પક્ષપાત નહીં, દયા દિલે ઉભરાય. જગત્માં ૧
દીન હીન અંધાં લુલાંને, બહેરાં લોક પળાય; જગત્માં;
ફાંસી શુળી તોપને ગોળે, માણસો ન મરાય. જગત્માં ૨
હિંસક જનને શુદ્ધ થવાને, વખત આપ્યો જાય;
દારૂનું કોઇ પાન કરે નહીં, દુર્વ્યસનનો ન રહાય. જગત્માં ૩
ધર્મ જાતિને દેશના ભેદે, મ્હારૂં ત્હારૂં ન થાય; જ.
વ્યભિચારને વેશ્યા રહે નહીં, સાદું જીવન જાય. જગત્માં. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પશુ પંખીની રક્ષા થાતી, ચોરી જૂલ્મ ન થાય;
ચોરી ખૂન કરે નહીં કોઇ, ઘરઘર જ્ઞાની સુહાય. જગત્માં ૫
અન્યાયી યુદ્ધો નહીં પ્રગટે; સૌથી સત્ય ગ્રહાય; જ.
સેવા યજ્ઞો ઘરઘર પ્રગટે, આતિથ્ય મધુરૂં થાય. જગત્માં ૬
ગુણી જનોને માન મળે બહુ, સાચી શોધો કરાય; જ.
માનવજાતિમાં ભેદ રહે નહીં, સાદુ ખાણું ખવાય. જગત્માં ૭
સાદાં વસ્ત્રો નિષ્કામ કરણી, સાત્વિક વૃત્તિ સુહાય;
પતિતોનો ઉદ્ધાર કરાતો, શયતાન દૂર કરાય. જગત્માં ૮
વ્યાપક દૃષ્ટિ આશય મોટા, હું તું ભેદ ભૂલાય. જ;
મરવું પણ નહીં મારવું કોને, ક્ષણ ન પ્રભુ વિસરાય. જગત્માં ૯
સ્વર્ગસમાં ઘર નરનારીઓ, દેવ દેવીઓ સુહાય;
ધર્મ્યનીતિના કાયદા ક્રોથી, મૃત્યુ થતાં ન તોડાય. જગત્માં ૧૦
આત્મ સમાધિ આનંદ હહેરે, જીવન રસ ઉભરાય;
શુદ્ધ પ્રેમને આત્મિક જ્ઞાને, વ્યષ્ટિ રાજ્ય સુહાય. જગત્માં ૧૧
પૂર્ણાનંદમાં પૂર્ણ સ્વરાજ્ય છે, દિલમાં પ્રભુ પ્રગટાય;
બુદ્ધિસાગર આનંદ પામે, પોતે રાજા થાય. જગત્માં ૧૩

---

# स्वदेशीओने शीख.

---

સ્વદેશી નરને નાર, ધરો શીખ સ્વદેશી નરનેનાર;
ભૂલો ન ભાન લગાર ... ........ ધરો.
સ્વદેશી વસ્ત્રો સ્વદેશી વસ્તુ, વાપરશો ધરી પ્યાર;
સ્વદેશી ઔષધ ખાંડને કેશર, ચીજો લેશો સાર. ધરો. ૧
ખરી રૂઢિયો ખર્ચો ખોટાં, ત્યાગો દુષ્ટાચાર;
સાદુ ભોજન સાદાં વસ્ત્રો, વાપરશો હિતકાર. ધરો. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાત નાતમાં કેશ ચુકાવો, ચઢો નહીં દરબાર;
લવાદ નીમી ન્યાય ગ્રહંતાં, જશે નહિં ઘરબાર. ધરો. ૩
ધર્મભેદના મોહે ન લડશો, છંડો ન ધર્માચાર;
દેવગુરૂની ભક્તિ કરશો, ધર્મથી જયજયકાર. ધરો. ૪
દુઃખ પડંતાં ધર્મ ન મૂકો, સત્ય ન છંડો લગાર;
ઓછા ખર્ચે જીવન ગાળો, ઈચ્છો નહીં વ્યભિચાર. ધરો. ૫
દારૂપાનથી દૂર રહો સહુ, દુઃખીની કરો વ્હાર;
વિના પ્રયોજન દંડાઓ નહીં, ઘો દુર્ગુણ ધિક્કાર. ધરો. ૬
સાર્વજનિક ઉપયોગી કાર્યો, કરશો થૈ હુંશિયાર;
અન્યાયી જુલ્મીથી નહીં બીવો, ભયથી થાતી હાર. ધરો. ૭
સત્યના પંથે વહતાં દુઃખો, સંકટ પડતાં હજાર;
સત્ય ન છંડો પ્રાણ પડંતાં; એહ છે ધર્માચાર. ધરો. ૮
વિધવાઓને કરો સહાયો, કરો વ્યસન સંહાર;
દેશમાં ભૂખ્યું રહે નહીં કોઇ, એવા ધરો આચાર. ધરો. ૯
દુર્ગુણોના તાબે ન થાશો, સ્વતંત્રતા એ સાર;
માનવહિંસા કરો ન ક્યારે, સ્વરાજ્ય એ નિર્ધાર. ધરો. ૧૦
પશુબળવાળા પાશ્ચાત્યોને, આદર્શના અવતાર;
બુદ્ધિસાગર આત્મિકબળથી, આર્યો થશો નિર્ધાર. ધરો. ૧૧

---

# पोपटनुं बच्चुं अने उपदेश.

---

વિજાપુર ઓગણિશ અઠયોત્તર.
વૈશાખ વદિ દશમીએ.
પદ્માવતીજિન મંદર પ્રભુનાં
દર્શનભાવે રમીએ———; ॥
દેરાસરના ચોક મઝાર.
દીઠું શુક બચ્ચું મનોહાર. ॥ ૧ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પડી ગયું માળાથી નીચે,
નાજુક ગેલ કરંતું.
ઉડી શકતું નહીં જરીએ.
ડગમગ ચાલી ફરંતું—
નિર્ભય બોલે મીઠા બોલ.
કુદરતનો નહીં થાતો તોલ. ॥ ૨ ॥

બ્હીતું નહીં કરમાંહી લેતાં.
આવણુ દિલ્ગીર થાતું.
એવું દેખી દયા પ્રગટ થૈ—
દયા ધર્મનું ખાતું;
દયાવણુ ધર્મ ન જગમાં કયાંય.
દયા ત્યાં પ્રભુ પ્રગટતા જોય. ॥ ૩ ॥

હિંસક પ્રાણીથી બચ્યાનું,
રક્ષણુ કરવું રહેમે;
માળો શોધાવ્યો ત્યાં તેનો,
જડે ન ઝટપટ કયેમે—
માળો શોધી કાઢ્યો સત્ય;
બબલા માળીનું શુભ કૃત્ય. ॥ ૪ ॥

ભોગીલાલ ચંદુ બન્નેએ.
ચીભર્ટ ફલ ખવરાવ્યું
સ્વચ્છંદે હેઠે પડવાથી,
નામ સ્વચ્છંદી ધરાવ્યું—૧
દીધો ભાવથકી ઉપદેશ.
કરવું ઉદ્ધતપણું ન લેશ— ॥ ૫ ॥

પાંખોનું બળ આવ્યા વણુ જે,
બાહિર ઉડી દોડે.
મૃત્યુના મુખમાંહી પેસે;
પત્થરથી શિર ફોડે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શક્તિવણ નિજ માળા બહાર.
જાતાં સંકટ દુઃખ નિર્ધાર— ॥ ૬ ॥

પોપટના લઘુ બચ્ચા ભોળા—
સાહસકામ ન કરજે;
માત પિતાની અનુમતિવણ.
આપમતિથી ન ફરજે;
સમજ્યાવણ કરતા જે કામ,
છેવટ ઠરી ન બેસે ઠામ. ॥ ૭ ॥

બુદ્ધિબળને પક્ષના બળથી;
અનુભવી સાથે ફરવું,
તેવણ નિજજીવન છે ભયમાં,
દુશ્મનદાવે મરવું.
શક્તિવણ બાહિર જે જાય;
નિશ્ચય તે સંકટને પાય. ॥ ૮ ॥

બીજાં બચ્ચાં માળામાંહી;
રહીને ગેલ કરંતાં,
પાંખની શક્તિ આવ્યાવણ તે.
બાહિર નહીં ફરંતાં;
તેના જેવું બનીને બેશ!
તેથી થશે ન મૃત્યુ કલેશ. ॥ ૯ ॥

નિર્મલ હૃદયથી મીઠું બોલે;
તેથી પ્યારૂં લાગે,
પણ ભક્ષકથી દૂરે રહેવું.
એ સમજી નહીં જાગે;
માટે સંતની શિક્ષા માન.
તેથી પ્રગટ થશે નિજ ભાન. ॥ ૧૦ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માતપિતાદિવૃદ્ધ અનુભવી;
શિખામણુ સુખકાર,
બચ્ચાંઓને જીવન અર્પે.
સંતની શિક્ષા સાર.
સમજ્યાવણુ સાહસથી દુઃખ;
સંકટ સહેવી પડતી ભૂખ. ॥ ૧૧ ॥

ગુરૂજનોને જે બચ્ચાંઓ;
ગાંઠે નહીં તલભારી;
આપમતિલાં સ્વચ્છંદી જે.
તે પામે દુઃખભારી;
સમજ્યાવણુ મારે જે દોટ,
તે તો પામે દુઃખની ચોટ. ॥ ૧૨ ॥

લઘુ બચ્ચાંઓ સહુને પ્યારાં;
પણુ શત્રુને અકારાં,
દુશ્મન ભક્ષક મળતાં મૃત્યુ.
પામે મૂર્ખ નઠારાં;—
પાલક માતપિતા ઉપદેશ,
પાળે તે નહિ પામે ક્લેશ. ॥ ૧૩ ॥

નિજ માળામાં રહેતાં નિર્ભય;
પંખી બચ્ચાં રહેતાં,
ભક્ષક પ્રાણી હાથ ન ચડતાં.
નિજ જીવનને વહેતાં;
માતપિતાનો ત્યાગે સંગ;
બચ્ચાઓનાં બૂરા ઢંગ. ॥ ૧૪ ॥

વૃદ્ધાદિકના કહ્યા પ્રમાણે;
વર્તે બચ્ચાં જેહ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બળજીવન આયુથી સુખી.
ધારે સુંદર દેહ;
નહીં તો વાડાપાડા પેંઠ,
છૂટા પડતાં મૃત્યુ ઠેઠ. ॥ ૧૫ ॥

અનુભવ જ્ઞાન મળે નહીં તુર્ત જ;
બચ્ચા જન્મની સાથે,
કાર્ય કરંતાં પ્રગટે અનુભવ.
શિક્ષા લે ગુરૂહાથે;
તેથી જગમાં જીવ્યું જાય,
મૂરખ ખત્તા જ્યાં ત્યાં ખાય. ॥ ૧૬ ॥

લઘુ બાલક છે જ્ઞાન વિના સૌ;
પક્ષ શક્તિવણ દુબળાં,
પક્ષ શક્તિવણ સ્વચ્છંદતાથી.
મરતાં પ્રાણી સબળાં;
માટે સંતની શિક્ષા માન,
તેથી રક્ષાશે તુજ પ્રાણ. ॥ ૧૭ ॥

જ્ઞાનને શક્તિ વિના નરનારી;
તુજ સમ બાલ વિચારી.
ધર્મગુરૂ જ્ઞાનીને ન ગાંઠે;
પામે તે દુઃખ ભારી,
પામે પરપક્ષીનો સંગ;
તેના બગડે સર્વે ઢંગ. ॥ ૧૮ ॥

માતપિતાથી ઉપરાંઠાં થૈ,
આપમતિએ ચાલે;
સ્વચ્છંદી એવાં બાલકની.
ચઢતી નહિ કો કાલે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમજી સત્ય ગ્રહીને ભવ્ય,
કરજે સાચું નિજ કર્તવ્ય. ॥ ૧૯ ॥

માતપિતાદિ હિત કરનારા,
લોકની શીખ ન માને;
તેવા સ્વચ્છંદી ઉદ્ધતનું,
કલ્યાણ જ નહીં સ્થાને.
માટે માતપિતા હિત શીખ;
માની લે હિતકારી દીખ. ॥ ૨૦ ॥

માતપિતાની શીખ ન માને;
દુશ્મન વચને ચાલે,
તેવાં બાળક મૃત્યુ મુખમાં.
નિજ મસ્તકને ઘાલે;
એવાં બચ્ચાં ધર્મ વિહીન;
દુર્જનદાવે થાતાં દીન. ॥ ૨૧ ॥

દેવગુરૂને ધર્મ ન માને;
જ્યાં ત્યાં ફરતાં ફેરા.
ગુરૂ શીખથી આઘાં રહેતાં;
વળે ન તેની વેળા.
એવાં બાળક ખત્તા ખાય;
પડતીચક્રવિષે પલટાય. ॥ ૨૨ ॥

હિતકર દુશ્મન ભેદ ન જાણે;
દુશ્મન શીખ દિલ માને,
ફસી પડે અણુધાર્યા ફંદે.
સુણે ન ગુરૂશીખ કાને;
થાતા દેવગુરૂથી ભ્રષ્ટ,
જ્યાં ત્યાં અપમાને થૈ ખસ્ટ. ॥ ૨૩ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુભવ વણુ બાલકને જગમાં;
માતપિતા ગુરૂ શરણું.
વૃદ્ધજનોનું કહ્યું ન માને;
તેનું નિશ્ચય મરણું,
આપ મતિલા બાલક વર્ગ.
સ્વચ્છંદી નહિ પામે સ્વર્ગ; ॥ ૨૪ ॥

નિજઘર ધર્મનું સત્ય ન જાણે,
પર ઘર સાચું માને.
અનુભવ વણુ જે દેખાદેખી;
ચાલે તે દુઃખ મ્હાણે,
નિજઘર મૂકી બાહિર જાય.
સમજ્યા વણુ તે ખત્તા ખાય; ॥ ૨૫ ॥

અનુભવીને નિજ ઘર પર ઘર,
જ્યાં ત્યાં જાવું સારૂં.
પણ ભરમાઈ જનારાં બચ્ચાં;
તેઓને તો નઠારૂં,
સાચું મૂકી ઝાલે જૂઠ.
તેની અવળી જાણો પૂઠ; ॥ ૨૬ ॥

ધર્માચાર વિચારાદિક સહુ,
નિજઘર જીવન મંત્રો.
તેને છંડી અવળા તંત્રો;
ગ્રહો ન નિર્બલ યંત્રો,
સમજે તેને પ્રગટે સાન.
અજ્ઞાની બચ્ચાં નાદાન. ॥ ૨૭ ॥

માતપિતાને મૂર્ખ ગણેને;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાસ્ત્રો કલ્પિત માને,
રહસ્ય ઉંડું સમજે નહીંને.
ચઢતો જે તોફાને;
તે તો ઠરે ન શાંતિ ઠામ,
કરતો સ્વચ્છંદે જે કામ. ॥ ૨૮ ॥

માતપિતા વૃદ્ધોની સેવા;
કરે ન સંતની સેવા,
આપ મતિએ અવળો ચાલે.
મળે ન તેને દેવા;
ઘરમાં ગ્રહે નહીં સત્કાર,
પરઘર પામે તે ધિક્કાર. ॥ ૨૯ ॥

ધર્મતત્ત્વના અનુભવી નહીં,
તે બચ્ચાંઓ જાણો;
નિજનું છંડી પરઘર જાવે.
ભૂલે ધર્મ પ્રમાણો;
ચાલે અધુરાંની જે બુદ્ધિ,
તેની થાય ન કેમે શુદ્ધિ. ॥ ૩૦ ॥

અનુભવ જ્ઞાન વિના જે મોહે;
કાર્ય કરે અવિચારી,
મોટાઓની શીખ ન માને.
નરભવ જાવે હારી;
એવું સમજી કરશો કાજ,
તેથી પામો આતમરાજ્ય. ॥ ૩૧ ॥

બચ્ચાંઓ છે અનુભવવણુ સો;
સર્વવિષયમાં સમજો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે વૃદ્ધ જુવાનો સર્વે
અનુભવીને નમશો;
કરશો પૂર્ણ વિચારે કૃત્ય,
તેથી દિલમાં પ્રગટે સત્ય. ॥ ૩૨ ॥

બાલકની માતા છે ગુરૂણી;
ગુરૂગમ વણુ સહુ બચ્ચાં,
જ્યાં ત્યાં ધમંધમામાં પડતાં.
કલેશ કરંતાં કચ્ચાં;
બગાડે સ્વર્ગસમો સંસાર,
ધર્મને છંડીને નિર્ધાર. ॥ ૩૩ ॥

દેશ કોમને ધર્મસમાજે;
ઘરમાં બાલક ઝાઝાં,
જ્ઞાન વિનાને અનુભવ વણુની-
વાતોમાં નહીં માઝા;
એવું સમજે જે નરનાર;
ભૂલાં પડે ન વિશ્વમઝાર. ॥ ૩૪ ॥

પોપટ બચ્ચાની માતાને;
દીધી દીક્ષા સારી,
બચ્ચાંઓને ઉદ્ધતાઈ.
કરતાં વારો ધારી;
બચ્ચાંઓને અનુભવ બેશ,
આપો જેથી લહે નહિ કલેશ. ॥ ૩૫ ॥

અરસપરસની ફરજ બજાવી;
આત્મિકજીવન ધરવું,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બુદ્ધિસાગર ગુરૂ ઉપદેશે.
પરમ બ્રહ્મપદ વરવું;
પામો આનંદ અપરંપાર,
જ્ઞાનને જય મંગલ નિર્ધાર. ॥ ૩૬ ॥

---

# हिन्द उठ.

---

નિંદ ત્યજીને ઉઠ, હિંદ હવે નિંદ ત્યજીને ઉઠ;
જાગે થાય ન લુંટ .... .... .... હિન્દ. ૧

જાગંતાના ઘરમાં ન પેસે, દુષ્ટ પાપનું ઉંટ; હિન્દ.
ઉંઘંતાનું નસીબ ઉંઘે, થાય ઘણી ઘર ફૂટ. હિન્દ. ૨
અજ્ઞાન નિન્દડી દુઃખની કયારી, જાણી આલસ છંડ;
કર્તવ્યો સમજીને ત્હારાં, જલ્દી કરવા મંડ. હિન્દ. ૩

ઉંઘંતાના ઘરમાં ચોરો, ચોરી કરે ધન જાય;
માટે જાગી લે હવે ભાવે, ઉંઘંતાં દુઃખ થાય. હિન્દ. ૪
જાગ જાગ હવે આલસ છંડી, સાવધ થા હુશિયાર;
અન્યદેશની પાછળ રહેતાં, લાજ રહે ન લગાર. હિન્દ. ૫

પૂર્વકાલથી મોભો ત્હારો, સહુમાંહિ છે શ્રેષ્ઠ;
શક્તિયોને પ્રગટાવ્યા વણ, થઇશ સર્વની હેઠ. હિન્દ. ૬
આત્મભોગ ઉદ્યમ શુભ ખંતે, મળે પ્રભુની સહાય;
જ્ઞાની થાતાં ભૂલ રહે નહીં, સંપ ને થાતા ન્યાય. હિન્દ. ૭

આત્મજ્ઞાન શિક્ષણના પાઠો, અન્યદેશોને જણાવ;
દયાદાન દમ સત્યને તપથી, પ્રભુનો પન્થ જણાવ. હિન્દ. ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સહુ અંગોનું ઐક્ય કરીને, કાર્યો કર હિતકાર;
મોહ ગુલામી બંધન ત્યાગી, સ્વતંત્ર થા જયકાર. હિન્દ. ૯
સર્વ ખંડથી સહકારી થૈ, રાખ પોતાની લાજ;
સર્વ દેશના લોકનાં દુઃખડાં, હરવા કર ઝટ કાજ. હિન્દ. ૧૦
સર્વ દેશના લોકો સાથે, ભેદભાવ નહીં રાખ;
ત્હારા ગુણોમાં ત્હારે રહેવું, રાખ ખરી તુજ સાખ. હિન્દ. ૧૧
ભારત બંધન ત્યાગીને ઉઠ, શક્તિયોને સ્ફુરાવ;
આત્મ પ્રભુમય જ્ઞાનીયોગી, ભક્તગુણોએ સુહાવ. હિન્દ. ૧૨

---

# वंदेमातरम्.

---

જય ભારતી રલિયામણી, સહુ તીર્થને ઘટ ધારિણી,
જય જય રસીલી યોગીની, આર્યોતણી ઉદ્ધારિણી;
શક્તિ અનંતિ ધારિણી, દુઃખ વારિણી વિશ્વે ભલી,
વર્ણે વિવિધે શોભતી, भावेन वन्दे मातरम्. ૧

તુજ આરતી ભાનુ બન્યો, તારા શશી છે ચંદ્રવો,
કરતા નવ ગ્રહ સેવના, કરતા જ દેવો ઉત્સવો;
ધર્મિજનોને ધારિણી, બ્રહ્માણી રસથી રેલતી,
શ્રુતિ હંસવાહિની નિર્મલી, भावेन वन्देमातरम्. ૨

દુષ્ટો હણે તે કારણે, તું ચંડિકા કાલી ખરી,
જય મોહરાક્ષસનાશિકા, સંતાનપાલક જયકરી;
સ્વાતંત્ર્ય શક્તિદાયિની, જીવંતજનતા વાહિની,
મહદાલને દૂરે કરે, भावेन वन्देमातरम्. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રદ્ધાલુમાં શક્તિ ભરે, નાસ્તિક સંશયી જન મરે,
તુજને ભજે જે ભાવથી, તે ભાવ ફલ અર્પણ કરે;
પ્રસવે જ જ્ઞાની ભક્તને, શૂરા જનોને નિર્મલી,
चक्रेश्वरीं पद्मावतीं प्रीत्या च वन्दे मातरम्. ૪

श्रुतज्ञान शक्ति धारिणी, ધર્મો અસંખ્ય પ્રચારિણી,
ચારિત્ર્ય દર્શન દાયિની, રહેતી સદાય સોહાગિની;
ગાયન ભલેરાં ગાયકો, ત્હારાં જ ગાવે રસધરી,
ज्योतिः प्रकाशकभास्करीं, भावे न वन्दे मातरम्. ૫

સંકટથકી ઝટ વારતી, દુઃખોદધિથી તારતી,
સત્વપ્રદાતા શારદા, ભક્તો સકલ ઉદ્ધારતી;
નવનવરસે વહેતી રહે, પર્યાય નવ નવ ધારતી,
અજવાળતી નિજ કૂખને, भावेन वन्दे मातरम्. ૬

ચૈતન્ય જડશક્તિ ભર્યા, તુજ પુત્ર જગ ઉદ્ધારશે,
અધ્યાત્મ શક્તિયોવડે, તુજ મુખ જગ અજવાળશે;
સ્વાતંત્ર્ય પ્રીતિ સત્યને, સુખ શાંતિ જગ ફેલાવશે,
અધ્યાત્મ अंबां भारतीं, भावेन वन्दे मातरम्. ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# अधिकारीओने शिखामण.

अलो साहेलो गुरुवाणी सांभळवा उभी रहेने. ए राग.

अधिकारीओ !!! सत्तापदवी मोहे जन्म न हारो,
स्वप्ना सरखी सत्तापदवी जाणी धर्मने धारो. ॥
धन सत्ता पदवी अहंकारे, बहु पाप थतां व्यसनो भारे;
निज दोष जणाता नहि क्यारे. अधिकारीओ. १
दारुने महाविष सम धारी, धन सत्ता केफ छे दुःखकारी;
जाशो नहीं मानव भव हारी. अधिकारीओ. २
हिंसा जूठुं व्यसनो त्यागो, पल पल प्रभु समरीने जागो;
कदि धरशो नहि अनीति डाघो. अधिकारीओ. ३
व्यभिचारने दारुना डाघा, रुश्वतथी रहेजो बहु आघा;
धरी दुर्गुण थाशो नहीं नागा. अधिकारीओ. ४
केफी चीजो नहीं वापरशो, क्रोधे जुल्मो न कदा करशो;
डग डग संभाळीने भरशो. अधिकारीओ. ५
लघुता धरी सत्यथकी चालो, दुःखीनां संकट झट टाळो;
मन इन्द्रियपर काबु धारो. अधिकारीओ. ६
सहु जीवोनुं सारुं करशो, ममताने अहंता परिहरशो;
दम दान दया संयम धरशो. अधिकारीओ. ७
पापोमां पगलुं नहीं भरशो, स्वाधिकारे कर्मो करशो;
साक्षी थै जगमां संचरशो. अधिकारीओ. ८
प्रभुनां बालक जीवो धारो, पशु पंखी जीव, न संहारो;
स्वार्थे जीवोने नहीं मारो. अधिकारीओ. ९
कदी बूरी हाय नहीं लेशो, नीतिसद्गुण जीवन वहेशो;
एवो छे प्रभुनो संदेशो. अधिकारीओ. १०

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુમાં મનડું ધારી ચાલો, પ્રભુ પંથમાં મન તનને વાળો.
બુદ્ધિસાગર શિવપુર મ્હાલો. અધિકારીઓ. ૧૧

## ધનવંતોને શિખામણ.

રાગ ઉપરનો.

હે ધનવંતો !!! ધનનો મોહ તજીને જન્મ સુધારો;
મમતામાંને ફોગટ ફૂલી માનવ ભવ નહીં હારો-
જેવો વિજળીનો ઝબકારો, તેવો લક્ષ્મીનો ચમકારો;
સાથે આવે કશું નહીં ધારો. હે ધનવંતો. ૧
લક્ષ્મીના લોભે નહીં શાંતિ, ચિંતા દુઃખ મોહ થતી ભ્રાન્તિ;
મળતી નહીં સુખની વિશ્રાન્તિ. હે ધનવંતો. ૨
મન માંકડું ધન દારૂ પાયો, મમતા વિંછી પછી કરડાયો;
ધનવંત કપિસમ દર્શાયો. હે ધનવંતો. ૩
સૂચિકાણામાં હાથી જાવે, ધન મોહી મુક્તિ નહીં પાવે;
ગાંડા પેઠે જ્યાં ત્યાં ધાવે. હે ધનવંતો. ૪
પડે રાગ રોષ જડના ભામે, દુર્ગુણવ્યસની થૈ દુઃખપામે;
ઠરતો નહીં મનવાળી ઠામે. હે ધનવંતો. ૫
ભોગ દાન અને નાશ જ થાવે, કંજુસનું ધન બીજા ખાવે;
ધન મૂકી મૃત્યુ સહુ પાવે. હે ધનવંતો. ૬
માટે ધનવંતો ઝટ ચેતો, જુઓ કાળ ઝપાટો શિર દેતો;
જન્મ્યો કોઇ અમર નહીં રહેતો. હે ધનવંતો. ૭
ધનની કિંમત કોડી સરખી, ચેતીને ધર્મ કરો પરખી;
સદ્‌ગુણ લેજો હૈડે હરખી. હે ધનવંતો. ૮
ધર્માર્થે ધન જો વાપરશો, નિષ્કામે તો પાપો હરશો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહીં ચેતોતો ભવમાં ફરશો. હે ધનવંતો. ૯
પ્રભુ મહાવીરની વાટે ચાલો, ગુરુ સંતનો હાથ ગ્રહી ચાલો;
બુદ્ધિસાગર શિવપુર મ્હાલો. હે ધનવંતો. ૧૦

## સ્વરાજ્યથી ભ્રષ્ટ થનારાઓ.

જીવલડા ઘાટ નવા શીદ ઘડે. એ રાગ.

દુર્જન શઠની સંગત કરે, સ્વરાજ્યથી ભ્રષ્ટ થઇને પડે;
વ્યસનીઓની સોબત કરતાં, મન બગડી લડથડે;
નાસ્તિક પાપી સોબત કરતાં, અધૂરા પાપથી મરે. સ્વ. ૧
આતમ સદ્ગુણ સ્વરાજ્ય સાચું, સજ્જનને સાંપડે;
હિંસા જૂઠું ચોરી જારી, કરતાં રાજ્ય ન મળે. સ્વ. ૨
દારુપાની જૂગટીયાને, દુષ્ટ મતિ સાંપડે;
જૂલ્મ અનીતિ કુકર્મકારી, મરતાં ઝાઝુ રડે. સ્વ. ૩
વિશ્વાસઘાતી કૃતગુણ લોપક, શાંત થઇ નહીં ઠરે;
વ્યભિચારી જૂઠા અહંકારી, દુઃખ દાવાનળ બળે. સ્વ. ૪
પરમેશ્વર આજ્ઞા નહીં માને, દુર્ગુણ દોષે સડે;
ક્રોધી કપટી લોભી કામી, પડતા દુઃખના ઘરે. સ્વ. ૫
ઇન્દ્રિયોને વશ નહીં રાખે, મન સ્વચ્છંદે ફરે;
હિંસા યુદ્ધો કરતા સ્વાર્થે, પાપની પોઠી ભરે. સ્વ. ૬
મોહવશી ચક્રી ઇન્દ્રીપણ, સ્વરાજ્યને નહીં વરે;
શુદ્ધાતમ પ્રભુમાં મન ઠરતાં, સ્વરાજ્ય સાચું મળે. સ્વ. ૭
નિષ્કામી સમતા ગુણ ધારી, મન ઇન્દ્રિય વશ કરે.
બુદ્ધિસાગર સદ્ગુરુ ભક્તો, સત્ય સ્વરાજ્યમાં મળે;
પ્રભુના રાજ્યમાં તે સંચરે. સ્વ. ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# खरुं छे ब्रह्मराज्य सुखकारी

राग. आशावरी.

ब्रह्मराज्य जयकारी, खरुं छे ब्रह्मराज्य सुखकारी
राग रोष उपाधिवाळां, बाह्यराज्य दुःखकारी;
विषयोमां सुखनी बुद्धिथी, भूल्यां नरनेनारी खरुं. १
स्वप्ननी जूठी बाजी सरखां, बाह्यराज्य दुःखकारी;
मननी कल्पनाथी ज उठेलां, तेनी शी? करवी यारी. खरुं. २
रजस्तमोगुणी राज्यमां दुःखडां, सात्विक लेजो सुधारी;
सात्विक राज्यनी पेली पारे, ब्रह्म प्रभु राज्य भारी. खरुं. ३
चिदानंद शुद्धातममांही, परिगमवुं जयकारी;
ब्रह्ममां सर्वे राज्यो समातां, समजी ल्यो निर्धारी. खरुं. ४
मनवचकाया शुद्धि करवी, राग रोष संहारी;
धारणा ध्यान समाधि पामी, लेजो राज्य निहाळी. खरुं. ५
कर्मथी मुक्त बने ते पामे, परमेश्वरता भारी,
सर्वजीवोना घट घट व्यापक, ज्ञानी ले संभाळी. खरुं. ६
बाह्यराज्यनी किंमत कोडी, ब्रह्मराज्य वण भाळी;
ब्रह्मराज्य आनंद खुमारी, उतरे न क्यारे उतारी. खरुं. ७
ब्रह्मराज्यमां रहेवुं म्हाली, साक्षी उपयोग धारी;
बुद्धिसागर ब्रह्मराज्यनी, प्रगटी आनंद लाली. खरुं. ८

# स्वराज्य लायकात.

अली साहेली गुरुवाणी सांभळवा उभी रहेने. ए राग.

दुनिया लोको !! स्वराज्य लायक गुण पाम्याथी थावशो.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



माटे लोको !! सद्गुण नीति सत्य न्याय दिल लावशो.

ज्यां दयाथकी दिल उभरातां, लोको न्याये अर्पाइ जाता,
जूठा सोगनने नहीं खाता. दुनिया. १

प्रभुनी आज्ञाओ दिल धारो,प्रामाणिक जीवन नहीं हारो,
दुर्गुण व्यसनोने संहारो. दुनिया. २

सहु जीवो आत्मसमा गणशो,प्रभुभक्ति ज्ञानने दिलभणशो;
त्यारे नहीं दुःखथकी रडशो. दुनिया. ३

सद्गुणवण स्वराज्य नहीं पामो,गुण योगे पामे विश्रामो;
करशो पारमार्थिक शुभकामो. दुनिया. ४

नहीं धर्म वर्ण भेदे लडशो, लडतां चडीने पाछा पडशो;
अन्योने मारी रडवडशो. दुनिया. ५

ज्यां मोह वसे त्यां राज्य नहीं, ज्यां सद्गुण गण त्यां
राज्य सही; दुर्गुणथी राज्य रह्यां न कहीं. दुनिया. ६

बाहिरराज्यो न रह्यां रहेशे, समतावण सुख
नहीं को लेशे;
मुंझो नहीं राग अने द्वेषे. दुनिया. ७

चोरी व्यभिचार परिहरशो, दारुनुं पान नहीं करशो;
कदि सत्यथी पाछा नहीं फरशो. दुनिया. ८

ख्रीस्ति हिंदुने मुसल्मानो, जैनो बौद्धो मुज शिख मानो;
मन इन्द्री वश करीने चालो. दुनिया. ९

पापो त्यजी धर्मने आचरशो, शुद्धातम स्वराज्यने वरशो;
बुद्धिसागर मंगल वरशो. दुनिया. १०

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# मनुष्यो स्वराज्य लायक थाशो.

राग. आशावरी.

स्वराज्य लायक थाशो, मनुष्यो !!! स्वराज्य लायक थाशो.
देश खंड सर्व विश्वमां आतम-दृष्टि धरी सुख पाशो,
सर्व जीवो छे प्रभुनां बालक, आपो सहुने दिलासो. म. १
दुनियामांथी व्यसनो निवारो, राखो प्रभु विश्वासो;
हिंसाकारक युद्धो निवारो, गणो न बीजा दासो. म. २
रजोगुणी तमोगुणी राज्योथी, सौनी पडती तपासो;
विश्व मुसाफरखानुं क्षणिक छे, जूठो मोह तमासो. म. ३
अरे मुसाफरो वहेता पन्थमां. परस्पर न विनाशो;
परस्पर उपकारने करशो, एक बीजाने व्हाशो. म. ४
धर्मना भेदे द्वेष न धरशो, दुर्गुण व्यसनो विनाशो;
न्याय नीति प्रमाणिक जीवन, सद्गुणमांहि उजाशो. म. ५
क्रोध मान माया लोभ तजो झट, सेवामां उजमाशो;
चोरी झारी द्वेषने त्यागी, ज्ञान भक्तिए विलासो. म. ६
दारूपान न करशो क्यारे, मांस कदापि न खाशो;
पशु पंखीने हणो न हणावो, पापपंथे नहीं जाशो. म. ७
ब्रह्मचर्य धरी वीर्यने रक्षो, सत्यग्रहो ने प्रकाशो;
परस्पर उपकारनी फर्जो,-अदा करी हरखाशो. म. ८
विश्वनी आध्यात्मिक एकतामां, तन धनथी अर्पाशो;
मत सहनता प्रभुमय जीवन, धारी करो गुणवासो. म. ९
मन इन्द्रिय विषयोपर काबू, मूकी शांति पाशो;
ज्ञानने भक्ति कर्मोपासना, धारी विश्व विकासो. म. १०
दया दान दम विनय क्षमा तप, माध्यस्थ गुणथी विलासो;
बुद्धिसागर सत्य स्वराज्य, सर्व गुणोथी प्रकाशो. म. ११

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ॥ हमेरा आतम भारत ठामा. ॥

आशावरी.

हमेरा आतम भारत ठामा, चिदानंद विश्रामा हमेरा.
शुद्धातम उपयोग प्रधाना, शुद्धपरिणति रामा;
सद्गुण रूपी आर्य प्रजा है, सेनापति निष्कामा.
हमेरा. १

आतम भारत असंख्य प्रदेशका, हम राजा अभिरामा;
सात्विक वर्तन है हम लश्कर, संयम तप शम धामा.
हमेरा. २

आतम हिंदमां अनंत शक्ति, छूट गया सब भामा,
बुद्धिसागर आतमभारत, अनंत आनंदधामा.
हमेरा. ३

## हमेरा सत्य स्वराज्य पिछाना.

आशावरी.

सत्य स्वराज्य पिछना, हमेरा सत्य स्वराज्य पिछाना.
सत्य अहिंसा दया क्षमा तप, ब्रह्मचर्य अरु दाना;
क्रोध मान अरु लोभका उपशम, संयम चारित्र जाना.
हमेरा. १

मैत्री प्रमोद मध्यस्थ करुणा, समता भावकुं लाना;
धर्मजातिदेशभेदे खेद न, करना आतम ध्याना.
हमेरा. २

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



रहिम करी रहिमानकुं पाना, मोहे नहि भरमाना;
मन इन्द्रियकुं वशमें रखना, करना गुणी सन्माना.
हमेरा.

नामरूपमें नहि अभिमाना, साक्षी स्वरूपे सुहाना;
सात्विक भोजन विधिये खाना, सब दुर्गुणकुं हठाना.
हमेरा

मोहकी सबवृत्ति क्षय करना, कामका क्षयसें सुहाना;
शुद्धातम राजा हम निश्चय, शुद्धोपयोग प्रधाना.
हमेरा. ५

सर्ब विश्वमां घट घट ऐसा, स्वराज्य है समजाना;
ज्ञानभक्तिसें प्रकटत दिल्में, प्रगटे केवलज्ञाना.
हमेरा. ६

आत्मशुद्धिसें स्वराज्य पाना, हो जाना मस्ताना;
बुद्धिसागर परमानंद रस, पीकर हो मस्ताना.
हमेरा. ७

---

## व्यभिचारत्याग.

हे सुखकारी आसंसारथकी जो मुजने उद्धरे. ए राग.

प्रभु उपदेशो सांभळशो हित शिक्षा नरने नारी.
प्रभु शिक्षाने पाळंतां सुखियां छे नर ने नारी.
व्यभिचारीने नहीं मनशांति, भय शोक मरणनी बहुभ्रांति,
अपयश ने रहे नहीं तनुकांति. प्रभु. १
चामडीरंगे मोही पडिया, उंचेथा नीचे लडथडिया;
दुःख दावानलमांहि जळीया. प्रभु. २

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



हडकाया कूतर सम वेंळी, स्पर्शेन्द्रिकामतणा चेंळी,
मन बुद्धि धारे बहु मेंली. प्रभु. ३

व्यभिचारथकी थाती पडती, अवळी वेळा आवे अडती,
आखर थइ नहीं कोनी चडती. प्रभु. ४

कोहेला कूतर सम भटके; दुनिया निंदे अपयश फटके;
चतुराइ झट चाले चटके. प्रभु. ५

कदि पाप रहे नहीं जग छानुं,व्यभिचार छे नर्कनुं पस्तानुं;
बुरुं काम छे ए नामर्दानुं. प्रभु. ६

व्यभिचारी ठरे नहीं सुख ठामे, डगले डगले दुःखडांपामे;
व्यभिचारथी दुर्गुण बहु झामे. प्रभु. ७

क्षय आदि रोग घणा थावे, आ भवमां कर्म उदय आवे;
पछी मरण थतां महा दुःख पावे. प्रभु. ८

रूपरंगे मोही नहीं थाशो-एक काम विचारे पडी जाशो;
मन तन वश राखो सुख पाशो. प्रभु. ९

एक पापनी पाछळ बहु पापो, छती आंखे थातो अंधापो.
छापेलु काटलुं जग छापो. प्रभु. १०

प्रभु महावीर जिन शिक्षा सारी-समजी थाशो
शीयल धारी; बुद्धिसागर आनंदकारी. प्रभु. ११

---

## ब्रिटीश राजय.

---

ब्रिटीश राज्य महान्, जगत्मां ब्रिटीश राज्य महान्.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जेना प्रतापे हिंदिओ जाग्या,शिखी थया गुणवान;जग०
उंच नीच सहु जातने शिक्षण-मळ्युं थयुं निजभान.
जगत्. १

हिंदु मुसल्मीन संपने शिख्या,करे न जूठ अभिमान; ज.
ब्रिटन गुरुने हिंद छे चेलो, शिक्षण लें गुणजाण. ज. २

हिंदीओने प्रगतिमार्गना, पाठ मळ्या कलाखाण;
तपना पाठ रह्या हजी बाकी–तपीने पामशे मान. ज. ३

ब्रिटीश राज्य उदार बनो बहु,गुण आपो भगवान्; ज.
न्याय नीति एक्य शांति सुखमां, रहो सदा गुल्तान.
जगत्. ४

हिन्द !!! ओ त्हारी उन्नति थाशे, ब्रिटीशथी मनमान;
बुद्धिसागर उन्नतिक्रममां, सापेक्ष हेतु प्रमाण. जगत. ५

---

## भारतरूपी गाय.

---

भारतरूपी गाय, जगत्मां भारतरूपी गाय;
सेवे दुःख पलाय. जगत्मां.

तेत्रीशकोटि मनुष्यो देवो, वसता गायनी मांह्य; जगत्मां.
सात्विक उज्जवल वर्ण शोभित, कामधेनु सुखदाय.
जगत्मां. १

शृंग समो अफगानने शिरसम, काश्मीर हैम सुहाय;
जगत्मां.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मुख सम पंजाब सिन्धसनूरा, दिल सम बंग जणाय.
जगत्मां २.
पेट ते मध्यप्रांत मरुधर गुर्जर, माळव दक्षिण गणाय,
कच्छ सोरठ कोकण छे स्तनसम, पगसम लंका भणाय.
जगत्मां. ३
ब्रह्मदेश आशाम ते पुच्छ छे, केड तिबेट शोभाय;
जगत्मां.
गंगा सिंधु आदि नदियो, आंत्रसमी समजाय.
जगत्मां. ४
वाळसमी छे सर्व वनस्पति, एवी भारत गौ माय;
भारत गायने मारो न कोइ,सेवा जीवनोपाय.जगत्मां ५
भारत गौ मैया छे जगनी,माता शिव सुख दाय; जगत्.
ज्ञानानन्दनुं पय पानारी;सर्व धर्मनी माय. जगत्मां. ६
भारतगायनी निष्काम सेवा, करतां प्रभुपद पाय;
जगत्मां.
बुद्धिसागर आतम भावे,सेवे पूजे शिव थाय. जगत्मां ७

---

## अमारे विश्वथकी सहकार.

---

विश्व थकी सहकार, अमारे विश्व थकी सहकार;
सर्व जीवो आतम समा रे, राग न रोष लगार;
मैत्री प्रमोद मध्यस्थनेरे करुणा-ना ज विचार. अमारे. १

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



धर्म देशादि भेदथीरे–थतो न द्वेष विकार;
काळां गोरां सहु मानवोरे–आतम सम निर्धार. अ. २
भिन्न भिन्नमति मोहथीरे. प्रगटे भेद विचार;
आत्मज्ञानथी देखतांरे, रहे न भेद प्रचार. अमारे. ३
कर्मना दोषो न देखवारे–कर्म छे संसार;
कर्मथी भिन्न,जीवोतणुंरे, देखुं स्वरूप ज सार. अमारे. ४
मुजथी भिन्न जे धर्मिओरे, तेना भिन्न विचार;
भिन्नाचारे न द्वेष छे रे, धरूं न युद्धाचार. अमारे ५
सर्व खंडना लोकनीरे, साथे सत्यथी संग;
गुण लेवा दोष छंडवारे, ध्यान समाधि रंग. अमारे. ६
अवगुण दोषने टाळवारे, सत्यधरी व्यवहार;
सत्य अहिंसा प्रचारवोरे, विश्वमां धर्म ए सार. अ. ७
सर्व प्रकारे युद्धथी रे, विरमे नरने नार;
अरसपरस उपकारमांरे, वर्ते सहु संसार. अमारे. ८
एवा विचाराचारनोरे, थाय जगत्मां प्रचार;
सर्व जीवोनी शुद्धिमांरे, करवा बहु उपकार. अमारे. ९
सर्व विश्वना लोकनेरे, एवो बोधु सहकार;
करुं प्रवृत्ति एहवोरे, प्रभुपर धरो सहु प्यार. अमारे. १०
अज्ञान मोहने टाळवोरे, पाखंडनो परिहार;
बुद्धिसागर संतनोरे, संग सदा सुखकार. अमारे. ११

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# धर्मीनां लक्षण.

सिद्धजगत् शिर शोभता ए राग.

धर्मी लक्षण एहवां, जाणो नर अने नार,
टीलां टपके ने वेषमां, मुंझशो मन न लगार. धर्मी. १
अहिंसा छे आचारमां, जूठुं कदि न वदाय;
चोरी कर्म न थाय छे, बोली फरी न जवाय. धर्मी. २
प्राण पडे पण जे कदि, करतो नहि व्यभिचार;
पडतो न वेश्याना पासमां, परनारी परिहार. धर्मी. ३
क्रोध कपट मान लोभना, दोषो करतोरे दूर;
परधन पत्थर सम गणे, जाणे परधन धूळ. धर्मी. ४
दुर्जन शठपणुं धूर्तता, दुर्गण त्यागेरे धर्म,
मदिरादि केफी वस्तुओ, त्यागे पापनां कर्म. धर्मी. ५
जेह शिकारने नहीं करे, देता नहीं जेह आळ;
जूल्म अनीतिथी वेगळो, क्रोधे देतो न गाळ. धर्मी. ६
न्याय नीतिथी लक्ष्मी रळे, निर्दोष भोजन खाय;
मांस न खावेरे जे कदि, त्यागे नहीं सत्य न्याय. धर्मी. ७
दान दया दम आचरे, त्यागे हिंसा आचार;
धर्मना नामे नहीं लडे, टाळे मोह विकार. धर्मी. ८
मनइन्द्रिय वशमां करे, करतो नहीं पक्षपात;
गुणवण मुक्तिरे नहीं थती, जाणे निश्चय वात धर्मी. ९
मन वचकाय पवित्रता, धारे व्यवहार सत्य;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



विनयी विवेकी जगमित्र जे, करतो उपकारी कृत्य.
धर्मी. १०

वेष क्रिया कांड मत पथे, धर्मी होय न होय;
सद्गुण सारांरे कर्मथी, धर्मी मानव जोय. धर्मी. ११

एवा धर्मीनी मुक्ति छे, गुणथी धर्मीरे जाण;
बुद्धिसागर गुरु गमे, धर्मी समजोने मान. धर्मी. १२

---

## युवानो जाळवी राखो जुवानी.

---

राग आशाबारो.

जुवानो जाळवो राखो जुवानी, जुवानी छे दिवानी. जु.

जुवानीमां थती नादानी, मनडुं बने मस्तानी;
स्वपर जीवननी थाती हानि, जीव बने अभिमानी.
जुवानो. १

ज्ञान विना मनडुं शयतानी, बनतुं दिल ल्यो जाणी;
वीर्यनी रक्षा करो गुण खाणी, रहेशो नहीं अज्ञानी.
जुवानो. २

मात पिता गुरु आज्ञा मानी, सत्य वदो धर्म वाणी;
दुर्गुण व्यसनोनी दुःख घाणी, तेमां पडो नहीं जाणी.
जुवानो. ३

सद्गुरु संत सेवो हित आणी, सत्यने लेजो छाणी;
ज्ञानीने सेवी थावो ज्ञानी, दान देइ थावो दानी.
जुवानो. ४

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ज्यां त्यांथी गुण लेजो ताणी, भक्ति करशो मझानी;
ब्रह्मचर्य धरो मुक्ति निशानी, कामने देजो बाळी.
जुवानो. ५

सर्व कषायो हणो गुण जाणी, वृत्ति धरो न तोफानी;
बुद्धिसागर गुरु महेरबानी, मेळवे धर्मी थवानी.
जुवानो. ६

---

## धर्मी बनो नरनार.

धर्मी बनो नरनार, धर्मथी शांति सुखडां अपार;
रोगीना रोगो हरोरे, तन धन अर्पी सार;
दुःखीनां दुःख टाळवारे, थाशो दिलमां उदार.
जगत्मां धर्मी. १

काळां गोरा पीळां तणोरे, भेद न राखो लगार;
देश धर्म भेद त्यागीनेरे, सौपर करो उपकार.
जगत्मां धर्मी. २

भूख्यांने भोजन आपवुंरे, मांदांनी सारवार;
मरतां मनुष्यो बचाववारे, करो बहु उपकार.
जगत्मां धर्मी. ४

सत्य अहिंसा शील धरीरे, धरो सत्य आचार;
आतमसम जीवो गणोरे, क्रोधे न देशो मार.
जगत्मां धर्मी. ५

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मांस दारु ने जूगटुंरे, चोरीने व्यभिचार;
शिकार व्यसनो निवारतांरे, सुख शांति जयकार.
जगत्मां धर्मी. ६

दुष्ट विचारो दूरे करोरे, करशो धर्म्य विचार;
प्रमाणिक पूरा बनोरे, मनना टाळो विकार.
जगत्मां धर्मी. ७

प्रभु महावीर देवनोरे, सदुपदेशनो सार,
निज आचारे उतारतांरे, सफळ थतो अवतार.
जगत्मां धर्मी. ८

लक्ष्मी सत्ता तोरमांरे, मुंझो नहीं नरनार;
बुद्धिसागर धर्मनेरे, आराधो सुखकार.
जगत्मां धर्मी. ९

---

## आतम आप स्वरूप विचारो.

---

आशावरो.

आतम आप स्वरूप विचारो, आपोआपकुं तारो.
आतम.

व्यवहार नयथी कर्म सहित छे, बंधन मुक्ति विचारो;
शुद्ध निश्चयथी बंध न मुक्ति, आतम एक ज धारो.
आतम. १

विषयोमां बंधाय न आतम, निज उपयोगे निहाळो;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कर्म करे पण निष्क्रिय आतम, निज परिणामे भाळो.
आतम. २

आसक्तिवण कार्यों करतां, पुण्य न पाप पसारो;
ज्ञानीने आस्रवपण संवर-रूपे परिणमे धारो.आतम ३.

उपयोग पूर्वक सर्व प्रवृत्ति, करतां अकर्मता धारो;
आतम उपयोगीने जडनुं, बंधन नहीं छे विचारो.
आतम. ४.

सर्व शुभाशुभ परिणाम वण नहीं,कर्मनो लेश संचारो;
बुद्धिसागर शुद्धोपयोगे, आपोआप उद्धारो.
आमण. ५

---

## मनुष्यो !!! धर्म रोकडीयो धारो.

---

राग. आशावरी.

धर्म रोकडियो धारो, मनुष्यो !!! धर्म रोकडियो धारो.
ज्ञानानन्दनो अनुभव आवे, सर्व दुःख संहारो;
ज्ञानने भक्ति सत्य सदाचार, न्यायनीति दिल धारो.
मनुष्यो. १

शुभशक्तियो सर्वे मेळववी. करवा बहु उपकारो;
व्यसनो दोषो दुर्गुण टाळी, पाळो अहिंसाचारो.
मनुष्यो. २

परमार्थे तन धन वापरवुं, टाळी काम विकारो;
हिंसा जूठुं चोरी जारी, त्यागो दुष्ट विचारो.
मनुष्यो. ३

उद्यम, हिंमत न्याय विवेके, स्वाश्रयी जीवन गाळो;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पांचे इन्द्रिय मन वश करतां, धर्मनो रहे न उधारो.
मनुष्यो. ४
स्वतंत्र प्रामाणिक वर्तनथी, मन देह वाणी सुधारो;
बुद्धिसागर प्रकट धर्म ए, प्रेमोत्साहे पाळो. मनुष्यो. ५

---

## आयुष्यनी क्षणिकता.

राग. आशावरी.

अरे तुज! जींदगानी जाय चाली, मोहे रह्यो शुं? म्हाली अरे.
विजळी चमक सम लक्ष्मी प्रभुता, आखर खाख छे खाली;
स्वप्ननी बाजीमां थाय शुं ? राजी, ठाठ सजेला ठाली.
अरे. १
संध्या सरीखुं जोवन जाणो, मुंझ्यो शुं ? रूपने भाळी;
घर देह बागनां पुष्प खीलेलां, झडपी ले मृत्यु माळी.
अरे. २
कायाने माया नदी पूर जेवी, देखंतां जाय चाली;
दुनिया सकल छे मुसाफरखानुं, चाल्या केइ जाय चाली.
अरे. ३
कर साधु संगत प्रभुने भजीले, शेष जीवन ले सुधारी;
मन इन्द्रिय निज वशमां करीले, मोह माया दे टाळी.
अरे. ४
धर्म धरी ले कर्म हरी ले, चेती ले संभाळी;
बुद्धिसागर अवसर पाम्यो, लेश न जाशो हारी.
अरे. ५

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## अरे जीव! मानव भव शीद हारे.

आशावरी.

अरे जीव मानव भव शीद हारे, पड नहीं मोहना चाळे.
अरे.
तन धन जोवन राज्यने भूमि, थाशे न तुज कोइ काळे;
मूकी अनंता गयाने जाशो, जाय ते नजरे भाळे. अरे. १
राज्यने लक्ष्मी काया माया, ममताथी शीद हारे;
बाजीगर बाजी सम सघळुं, पड नहीं मोह जंझाळे. अरे. २
मारुं मारुं करी मुंझ न मनमां, त्हारुं नहीं कोइ क्यारे;
परमातम भजो आतमशुद्धि, कर शीद मोहमां म्हाले.
अरे. ३
दुर्गुण त्यागी कर प्रभु भक्ति, चेती ले ब्रह्म विचारे;
बुद्धिसागर संतने सेवो, मानव भव जे सुधारे. अरे. ४

## प्रभु महावीरनी वाटे वहेला धर्मीओ झट चालशो.

हे सुखकारी आ संसार थकी जोमुजने उद्धरे पराग

प्रभु महावीरनी वाटे वहेला जैनो जागी चालशो.
मनडुं जीती रागने रोष निवारी शिवपुर म्हालशो.
गुण रागी थै गुणने लेशो, साचां वचनो मीठां कहेशो,
परदोषोमां मन नहि देशो. प्रभु. १
हिंसा जूठुं चोरी त्यागी, थाशो अंतरमां वैरागी.
जोशो निज आतमरूप जागी. प्रभु. २

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



व्यभिचारनी वृत्ति परिहरशो, नीतिमय जीवनने धरशो;
सद्गुरु साधु सेवा करशो. प्रभु. ३
निज अधिकारे कर्मो करशो, निष्कामपणुं दिलमां धरशो;
निज फर्जथी पाछा नहि फरशो. प्रभु. ४
दुर्गुण व्यसनोने परिहरशो, बूरां कर्मो नहीं आचरशो;
उपकार परस्पर झट करशो. प्रभु. ५
प्रतिबदलानी इच्छा त्यागी, परमार्थ करो थै वैरागी;
गुरु संतना थाशो बहु रागी. प्रभु. ६
गुरुदेवनी श्रद्धा दिलधारो, अधिकारे धरो व्रत आचारो;
दुष्टाशय प्रगट्या झट वारो. प्रभु. ७
शुद्धातम उपयोगी थाशो, समभावे वर्ती शिव पाशो;
आडा पन्थे कदि नहीं जाशो. प्रभु. ८
समकितने ज्ञान चरण धरशो, दुष्टोनी संगत परिहरशो;
प्रभु महावीरने पल पल स्मरशो. प्रभु. ९
आगम श्रुत ज्ञानने सांभळशो, प्रभु महावीरनी वाटे
चळशो, भवसागरने वेगे तरशो. प्रभु. १०
मरजीवा प्रभु मारग चाले, निज धर्म धरी शिवपुर
भाळे; बुद्धिसागर सुखमां म्हाले. प्रभु. ११

---

## सज्जन संतनां लक्षण एवां जाणशो.

सज्जन संतनां लक्षण एवां जाणशो,
सज्जन संतने सेवो नरने नारजो.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



दुर्जन नास्तिक शठनो संग निवारशो,
संतनी संगति मुक्तिनी दातारजो. सज्जन. १

दया सत्य नीतिमय जीवन संतनुं,
करे न चोरी झारी बूरां कर्म जो;
बोले तेवुं पाळे दंभ करे नहीं,
दान शीयल तप संयम धारे धर्मजो. सज्जन. २

मन वाणी कायाथी पाप करे नहीं,
मनमां प्रगट्या टाळे रागने रोषजो;
परोपकारे प्राणार्पण करता रहे,
धरी लघुता देखे निजना दोषजो. स. ३

विनय विवेकथी वर्ते सौनी साथमां,
अवगुणी उपर करे सदा उपकार जो;
अपराधीने माफी आपे प्रेमथी,
निज अपराधे माफीना लेनारजो. स. ४

वैरी उपर वैर न राखे चित्तमां,
स्वाधिकारे वर्ते धरी समभावजो;
दुर्गुण दोष व्यसनथी रहेता वेगळा,
देवगुरुनी भक्तिना लें ल्हावजो. स. ५

आस्तिक वैरागी ज्ञानीने त्यागी जे,
सेवा साची सत्य मति, धरनारजो;
सात्विक पानाहारथी तनुने पोषता,
निंदा चाडी दुर्बुद्धि तजनारजो. स. ६

प्रामाणिक जीवनने प्रभुमय जीवने,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जीवंता धरता उत्तम व्यवहारजो;
वेषमतादिकभेदे द्वेष धरे नहीं,
आप मरे पण अन्यने दे नहीं मारजो. स. ७

देव गुरुने धर्मनी श्रद्धा धारता,
ज्यां त्यां सत्यनुं मान करे गुण पात्रजो;
मैत्रीमुदिता करुणा भावना भावता,
साक्षी थै वर्ते दिवसने रात्र जो. स. ८

निष्कामी थै वर्ते सर्वे काजमां,
आतम भावे वर्ते सौनी साथजो;
एवा सज्जन संतने सहु स्वार्पण करी,
श्रद्धा प्रेमे भजो त्रिभुवन नाथजो. स- ९

बहु परिचय करीने संतने पारखी,
संत समागम करो सदा सुखकार जो;
बुद्धिसागर संत समागम धारशो,
पामो शांति तुष्टि मंगल मालजो. स. १०

---

## धर्मी बनो नरनार.

---

धर्मी बनो नरनार, एहवां धर्मी बनो नरनार.
दया करो सर्व जीवो उपर, द्वेष धरो न लगार;
भूख्याओने भोजन आपो, करो खरा उपकार. एहवां. १
वैरी उपर वैर न धारो, सत्य धरो व्यवहार

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



गरीब दुःखीनी व्हारे धाशो; करो न हिंसा विचार.
एह्वां. २

पशु पंखीनुं मांस न खाशो, करो न क्यारे शिकार;
क्रोध मान मायाने लोभनो, कामनो करशो संहार.
एह्वां. ३

दुष्ट व्यसन दुर्गुण दूर टाळो, टाळो दुष्ट विकार;
धर्मना नामे करो न युद्धो, धारो न्यायाचार. एह्वां. ४

परमेश्वरना सर्व जीवो-बालो छे निर्धार,
एक बीजाने दुःख न देशो, भूलो न शुभ आचार.
एह्वां. ५

विश्व मुसाफरखानुं जीवो, कोइ अमर न रहेनार;
माटे मनुष्यो हळी मळी चालो, धर्म अहिंसा सार.
एह्वां ६

सत्य दया मैत्रीने लघुता-क्षमा सरलता विचार;
विषयोना मोहे न मुंझावुं, संयम सेवो उदार.
एह्वां. ७

दुष्ट विचारोथी दूर रहेवुं, धर्म सदा सुखकार;
पश्चात्तापथी आतम शुद्धि, पापी संग परिहार.एह्वां. ८

प्रभु दर्शनने मुक्ति प्राप्ति, एवा धर्मे थनार;
बुद्धिसागर धर्म धर्याथी, सौने प्रभु मळनार. एह्वां. ९

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# धर्मशास्त्र.

धर्मनां शास्त्र गणाय, खरां ते धर्मनां शास्त्र गणाय,
अहिंसा सत्य दमपणुंरे, दान संयमने न्याय;
ज्ञानक्रियाने उपासनारे, चित्त शुद्धिना उपाय. खरां. १

वीतराग इश्वरतणुंरे, शुद्ध स्वरूप सुहाय;
पंच महाव्रती सद्‌गुरुरे, धर्म दया वखणाय. खरां. २

अस्तेयने ब्रह्मचर्यनेरे, संतोष शुद्धविचार;
क्रोध मान दंभ लोभनोरे, कामना ज्यां परिहार. खरां. ३

सेवा भक्ति योगनारे, अंगनुं वर्णन थाय;
आत्मसमा सहु जीवनोरे, मैत्रा महिमा गवाय. खरां. ४

पापमार्ग परिहारतारे, पुण्यधर्मनां ज्यां कृत्य;
पाखंड ज्यां पेसे नहींरे, निषिद्ध सहु अपकृत्य. खरां. ५

दोषो टाळी सद्‌गुणोरे, लेवाना ज्यां उपाय;
आत्मज्ञानने कर्मनुंरे, सत्य स्वरूप जणाय. खरां ६

सात्विकाहार पुष्टिनुंरे, ज्यां वर्णन वखणाय;
दारुमांसादि निषिद्धतारे, विनय विवेक लखाय. खरां. ७

आंतर बाहिर सद्‌गुणोरे; आदेय ज्यां दर्शाय;
त्यागी गृहस्थ बे धर्मनारे, भेद भलेरा सुहाय. खरां. ८

प्रभु महावीर उपदिश्युंरे, धर्म शास्त्र ते मनाय;
बुद्धिसागर धर्मनीरे, साची व्याख्या जणाय. खरां. ९

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# मनुष्यो !!! गुणनुं स्वरूप विचारो.

राग आशावरी.

गुणनुं स्वरूप विचारो, मनुष्यो ! गुणनुं स्वरूप विचारो
गुण अवगुणनो भेद न जाणे, तो फोगट अवतारो;
जड चेतनना स्वाभाविक गुण, जूदा छे निर्धारो.
मनुष्यो !!! १
औपचारिक गुण कल्पित मानो, कल्पित गुण व्यवहारो;
कर्मरूप छे सत्वरजस्तम, शुभ छे सत्वाचारो. मनुष्यो!!! २
सात्विक बुद्धि वृत्ति मिश्रित, निमित्त गुण उपकारो;
सात्विक गुणनो पेलीपारे, आतमगुण निर्धारो.
मनुष्यो !!! ३
फानस सम सात्विक गुण वृत्ति, सात्विक छे आचारो;
फानसमां दीपक सम आतम, चिदानंदगुणधारो.
मनुष्यो !!! ४
वस्तु स्वभाव ज गुण छे जडनो, आतमनो भिन्नधारो;
मनवचतनुगुणथी छे जूदा, आतमगुण अवधारो.
मनुष्यो !!! ५
आतमगुण छे आत्मस्वरूपी, जाणे रहे न अंधारो;
गुणनो करशो नहीं अहंकारो, प्रगटे दिल उजियारो.
मनुष्यो !!! ६
परगुणने निज गुण नहीं मानो; उपयोगे सत्य धारो;
बुद्धिसागर शुद्धातमगुण, ज्ञानानंद, विचारो.
मनुष्यो !!! ७

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# मनुष्यो समकित दृष्टि धारो.

राग आशावरी.

समकितदृष्टि धारो, मनुष्यो !!! समकित दृष्टि धारो,
समकितवण नहीं कोइनी मुक्ति, तप जप मिथ्या धारो;
सर्व जगत्नी दया करंतां, उलटी हिंसा विचारो.
मनुष्यो !!! १

सम्यग्दृष्टि थातां समता, प्रगटे ज्ञान अपारो;
अंक विना जेम मिंडां अलेखे, भानु विना अंधकारो.
मनुष्यो. २

समकितवण करणी नहीं लेखे, नासे न मिथ्या विकारो;
सम्यग् दृष्टि विना नहीं धर्मी, उघडे न अंतर द्वारो.
मनुष्यो !!! ३

सघळी दुनिया प्रभु माने पण, समकित वण नहीं आरो;
जड आतमनुं ज्ञान कर्या वण, नासे न भ्रांति पसारो.
मनुष्यो. ४

द्रव्यभाव सम्यग् दृष्टिनुं, शुद्ध स्वरूप विचारो,
बुद्धिसागर प्रभु महावीर, श्रद्धा प्रीति धारो.
मनुष्यो. ५

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# स्वदेशी चीजो वापरो.

संतो सत बत्तलानारे-ए राग.

---

लोको ग्रहो स्वदेशी चीजो,वापरी मनमांहि बहु रीझो.
दया स्वरूपी स्वदेश खादी, सस्तीने बहु सादीरे;
वापरतां आतम आबादी, थाय नहीं बरबादी. लोको. १
सत्य स्वरूपी सादी टोपी, शिरपर मूकी म्हालोरे;
दुर्गुण सब परदेशी चीजो, छंडी न्यायथी चालो;लोको.२
सद्गुणरूपी स्वदेशी चीजो, विश्वमां घट घटमांहीरे;
एवी स्वदेशी चीजो लेतां, विश्वमां दुःख न क्यांहि.
लोको. ३
मनमां मोह ते परदेश ज छे, दुर्गुण चीज परदेशीरे;
सब दुनिया जीवो निज सरखा, मानी रहो न द्वेषी.
लोको. ४
दुनियानी चीजोमां म्हारुं, त्हारुं भेद न धारोरे;
दुर्गण व्यसन निवार्या वण तो, कोनो नहीं उद्धारो.
लोको. ५
आतम छे निज देश हमारो, गुण सहु एनी चीजोरे;
अमे वापरीए एवी चीजो, जडवादे नहीं खीजो.
लोको. ६
हिंसादि आस्रवनी वर्धक,-व्यसन दोष धरनारीरे;
खानपान आदि वस्तुओ, परिहरशो नरनारी. लोको.
दुनिया लोको ! स्वदेशी चीजो, एवी ग्रही वापरशोरे;
बुद्धिसागर प्रभु राज्यमां,अनंत सुखथी ठरशो. लोको.८

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# महावीरं !!! कोइक तुजने जाणे.

राग आशावरी.

महावीर ! कोइक तुजने जाणे, महावीर नामने जपता
लाखो, विरला कोइ पिछाने. महावीर.॥
महावीर जाणंतां सहु जाण्युं, समजे ते दिल माने;
महावीर ज्ञान विना नहीं मुक्ति, ज्ञानी ठरे छे ठेकाणे.
महावीर. १
सेंकडो जाणे पण कोइ पामे, रहे शुद्धातम ध्याने;
संग छतां निःसंगी रहेता, आतमरसना ताने.
महावीर. २
शुद्धातम महावीर प्रमाणे, घटमां नवनिधि आणे;
बुद्धिसागर ब्रह्ममहावीर, पूर्णानन्दने माणे.
महावीर. ३

## ॥ महावीर स्तवनम् ॥

सोहणी. अथवा हरिगीत.

प्रभु वीर जगना देव छो, आव्यो प्रभु तुज पासमां;
शरणुं करी तुजने स्मरुं, जीवुं हुं तुज विश्वासमां.
प्रभु. १
मुज पाछळे शत्रु पड्या, संसारमां भटकावता;
तुज भजनमां विघ्नो करे, विषयोविषे सपडावता.
प्रभु. २

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मन मांकडुं चंचल घणुं, मोहे धमाधम बहु करे;
वशमां न आवे वांकडुं, वीत्युं सकल जाणो खरे.
प्रभु. ३

महावीर प्राणाधार छो; उद्धारशो मुजने विभो;
मुज दोष स्हामुं नहीं जुवो, दोषो सकल टाळा प्रभो.
प्रभु. ४

पारब्ध वेदुं समपणे, तुज ध्यान मनमांही रहे.
करुणा करो मुजपर प्रभु, आतम आनंदे गहगहे.
प्रभु. ५

उपयोगथी धर्मे रहुं, एवुं प्रभो बळ आपशा;
बुद्ध्यब्धि वंदुं पूजुछुं, महावीरपदमां थापशो.
प्रभु. ६

---

## प्रभो !!! मुज करुणा करीने तारो.

---

सोरठ. वा. आशावरी.

प्रभो मुज करुणा करीने तारो, भवसागरमां नाव डुबंतुं;
पेले पार उतारो. प्रभु. १.
अंधारामां अथडातो बहु, सत्य प्रकाश प्रचारो;
मुज दोषो अपराधो अगणित, प्रेरो सत्य विचारो.
प्रभु. १

मुजमां ज्ञान न भक्तगुणो नहीं, लेश न धर्माचारो;
धर्मीपणानो ढोंग घणेरा; मनमां कषाय विकारो.प्रभु. २
धर्म पंथ मन मोहे मंड्यो. एळे गयो जन्मारो;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अज्ञाने आथडियो त्यां त्यां, हवे तो करशो उद्धारो.
प्रभो. ३

उगरवानो एके न आरो, एक प्रभु तुं आधारो;
स्हाय करीने वेगे उगारो, मुज आतमने सुधारो.
प्रभो. ४

करुणवंत परमगुरु ईश्वर; तुं छे तारणहारो;
बुद्धिसागर ब्रह्म महावीर, परमेश्वर दिल प्यारो.
प्रभो. ५.

---

## महावीर स्वरूप.

आशावरी वा सारंग रागेणगीयते.

---

पल पल महावीर रूप संभारो; आप महावीर धारो. पल.
एक महावीर त्रिशलानंदन, तीर्थंकर अवतारो;
परब्रह्म प्रभु केवलज्ञानी, त्रण्य भुवन आधारो. पल. १
एक महावीर घट घट खेले, कर्म सहित विचारो;
बावन वीर रणांगण वीरो, कर्म सहित व्यवहारो. पल.२
सर्व जीवो छे सत्ताए एक, महावीर आतम प्यारो;
सात नयोथी महावीर समजी, सापेक्षे दिल धारो. पल.३
राग दोष मोह मल्ल हणे ते, सत्य महावीर सारो;
मन मारे ते आतम महावीर, टाळो दुष्ट विचारो.पल.४
अध्यात्मदृष्टिए महावीर, आपोआप विचारो;
चिदानंद स्वरूप महावीर, मिथ्याभ्रांति निवारो. पल.५
द्रव्यथकी छे अनादि अनंत, सादित्व, पर्यवे धारो;
दर्शन ज्ञान चारित्र स्वरूपी, शुद्ध परिणतिवाळो. पल.६

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सत्ताए सहु जीव महावीर, व्यक्ति भिन्न भिन्न धारो;
परभाव उदयिक वीरपणुं त्यजी, वीर प्रगटता भाळो.
पल. ७

आप महावीररूप बनीने, कर्म कलंक निवारो;
बुद्धिसागर आतम महावीर, आनन्द ज्ञानाधारो. पल.८

---

## महावीर शरण कर्युं अेक त्हारुं.

आशावरी.

महावीर ! शरण कर्युं एक त्हारुं, भव दावानळ बळतो
उगारो; पल पल तुज संभारुं. महावीर.
रागने रोष अज्ञानथी जगमां, जीववुं लाग्युं अकारुं;
दर्शन ज्ञान चारित्रनुं जीवन, लाग्युं प्यारामां प्यारुं.
महावीर. १

विषयोतणा रस विष सम जाण्या, जीवन एवुं नठारुं;
आतम आनंद अमृतरसथी; जीववुं सहज छे सारुं.
महावीर. २

उदयिकभावे परिणमवुं नहीं, उपयोगे निर्धार्युं;
क्षयोपशम उपशमने क्षायिक, भावमां जीवन वाळ्युं.
महावीर. ३

मनवाणी पुद्गल जडजगमां, मान्युं न म्हारुं त्हारुं;
तुज मुज आतमरूप छे एक ज, पल पल दिलमां धारुं.
महावीर. ४

कर्म शुभाशुभ उदयमां समता, धारी जीवन गाळुं;
बुद्धिसागर महावीर प्रभु तुज, वाटमां वेगे चालुं.
महावीर. ५

समाप्त.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ॥ सद्गुरु स्वरूप ग्रन्थ. ॥

अर्हं मंत्र स्मरी मुदा प्रणमा गुरु देवा,
स्पर्शमणि गुरुराय करोने भावे सेवा;
महात्म्य अपरंपार धर्मना धोरी ज्ञाता,
विश्वमणि विख्यात धर्मप्रभावक दाता.
पंच महाव्रत धारीने संयम नीर्मल सेवता,
सुखसागर गुरुजो नमा गुरु दीवो ने देवता. ॥१॥

कनक कामिनी त्याग करीने ममता वारी,
तजी कुटुंब परिवार आत्मनी श्रद्धा धारी.
धरी ब्रह्मनी गुप्ति मोहने जीते शूरा,
धर्मक्रियामां रक्त ज्ञानमां जे छे पूरा;
बोले तेवुं पाळता नहिं सत्य उवेखता,
सुखसागर गुरुजो नमो गुरुदीवो ने देवता. ॥२

संयमधारी गुरु, सर्वथी शोभे मोटा,
बोले साचुं तत्त्व कदी नहि वाळे गोटा;
उपदेशक मुनिराय गुरुजी शोभे साचा,
निर्मल गंग समान गुरुनी साची वाचा.
मोह महीधर भेदवा गुरु गिरापवि लेखीए,
संघ चतुर्विध तीर्थमां महातीर्थ मुनि पेखीए. ॥३॥

सहु तीर्थमां तीर्थ मुनिवरगुरुने जाणो,
शाशन चाले मुनि गुरुथी वचन प्रमाणो;
जाणो संयति मुनि महादर्शन सुखकारी,
वंदो पूजा मुनि गुरु जे पर उपकारी;
रजोहरण मुखवस्त्रिका धरी व्यवहारे चालता,
निश्चय आतम ध्यानमां समता संगे म्हालता. ॥४॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



आगार तजीने जे थया अनगारी शूरा,
ग्रहे न दुर्जन जेह दुग्धमां काढे पूरा;
सद्गुरु सेवो संत संप्रति पंचमकाळे,
कनक कान्ता त्याग करीने संयम पाळे.
काळ दोषथी उपजे असंयति घरबारियो,
मुनि पेठे पूजाय छे; अहो जन्म ते हारियो, ॥५॥

नहि धर्म व्यवहार विना तो निश्चय आवे,
कुंभकारने दंड विना नहि कुंभ ज थावे;
नहि कारण विण काज जगत्मां ज्यां त्यां देखो,
पुरुष स्त्री संयोग विना नहि पुत्र ज पेखो
व्यवहारे वर्त्या विना निश्चय धर्म न पामीए,
ते माटे मुनिवर गुरु पेखी मस्तक नामीए. ॥६॥

त्रिज्ञानी जिनराय जगत्मां जन्मे ज्यारे,
चोसठ इन्द्रो करे पूजन भावे तेवारे,
अविरति कहेवाय गृहस्थावासे एवा,
द्रव्य संयमने ग्रही भावथी वर्ते देवा;
द्रव्य संयमथी पामीआ भाव धर्मने जिनवरा,
तद्भव मुक्ति जाणे पण जे दीक्षा लेवे सुखकरा. ॥७॥

कूर्मापुत्रे लह्युं केवल भावे भवि जाणो,
छींडीनो ए मार्ग वचन दिलमांहि आणो;
भरतरायजी भाव धरीने केवल लीधुं;
देवो आव्या पास पण नहि वंदन कीधुं;
यदि केवल ज्ञानी मुनि साधु वेष ग्रह्यो यदा,
द्रव्य वंदनथी वांदीआ देवोए देखो तदा. ॥८॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



श्रुतकेवली श्री भद्रबाहुनां वचन विचारो,
बोल्या ज्ञानी सत्य दिलमां एहिज धारो;
द्रव्य वेषने पहेर्या विण नहीं श्रमण कहावे,
व्यवहारे वर्त्या विना नहि सुख तो थावे;
व्यवहारे वर्त्यां थकी तो भावधर्म सहेजे मळे,
मूढ कदाग्रही मानवो वज्रपेठे नहि गळे. ॥९॥

काइक बोले बोल निश्चय धर्म छे साचो,
नहि होवे जो गुण तदा तो वेष ज काचो;
माटे गुणो पूजाय वेषथी कशुं न थावे,
गुण आव्या विण वेषोनी नहिं गणती आवे;
नाटकीयो धरे वेषने वेषे शुं ? कारज सरे,
एम एकांते बोलता मूर्खा नहि ठामे ठरे.॥१०॥

वेष विना नहि बेश साधुनुं नाम ज साचुं,
व्यवहारे छे वेष तेह विण सर्वे काचुं;
बारीस्टर जो वेष धर्या विण मान न पामे,
पोलीस वेष धर्या थकी सहु मस्तक नामे;
वेष धर्याथी साधुना आचारे परखाय छे,
आचाराने देखीने साधु सत्य गणाय छे.॥११॥

नहिं वेष आचारो नाम धरावे साधु,
एवा ढोंगी लोके जगत सहु फोली खाधुं;
वीरप्रभुए वेष साधुनो साचो भाख्यो,
बृहत्कल्प व्यवहार प्रमुखे जोजो दाख्यो;
साधु असाधु कोण छे ? निर्धार तेनो शुं करो,
माटे संयति वेषने मानी भवसागर तरो.॥१२॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अहो वेष आचार ग्रहीने अभवी प्राणी,
ग्रवेके ते जाय कहे जिनवरनी बाणी;
अभवाने पण बाह्य संयमथी पुण्य ज थावे,
तो भवीने संयम थकी केम शिव न थावे;
गुणठाणे गुण नीपजे संयम साचुं पाळतां,
अतिचार आलोवीने थाय पंक पखाळतां.॥१३॥

संयमना आचारथकी अन्तर गुण थावे,
उपशमादि धर्महेतुता तेमां आवे;
राजमार्ग व्यवहार धर्मनो वेष ज साचो,
जाय उपाधि दूर तेहथी मनमां राचो;
रागद्वेषना हेतुने त्याग्याथी सहु त्यागीए,
जेम प्लेगादिक मृत्युना हेतुथी दूर भागीए.॥१४॥

मोह हेतुनो त्याग कर्याथी मोह प्रणाशे,
मोह हेतुना त्याग कर्या विण मोह ज पासे;
अध्यातमना रसिक थइने घरमां वसिया,
कनककान्तासंगरंगथी मोहे फसिया;
आतम आतम उच्चरे घरधंधे राची रहे,
कहेणी रहेणी सम नहि ते भवसागरने शुं ? तरे.॥१५॥

आनंदघन ने चिदानंद पण साधुवेषे,
त्यागीने घरबार फर्या ते देशोदेशे;
ज्ञानतणुं फल विरति शास्त्र साचुं भाख्युं,
ग्रही साधुनो वेष तीर्थंकर देवे दाख्युं;
कनककान्ता त्यागवी निर्मोहीनुं काम छे,
कनककान्ता राखवी मोहतणुं ए धाम छे.॥१६॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



बोले कोइ दंभ करी हुं अन्तर न्यारो,
पुत्रादिक परिवार ग्रहुं नहि मनमां धारो;
अध्यातमनो राग करीने तेमां राचुं,
वर्ते मुज चारित्र भावथी जे छे साचुं;
बकवादी केइ बोलता जूठी वाणी झेर छे,
बोले कंइ ने कंइ करे ने अन्तरमां अंधेर छे.॥१७॥

पडी अग्निमां कोइ कहे हुं कांइ न बळतो,
लाख कुंभ कहे अग्नि पास हुं कांइ न गळतो,
बोले मृग वाचाळ सिंहथी कांइ न डरतो,
समुद्रे पडी अतारु कहे हुं सहेजे तरतो;
विपरीत एवी वातमां सत्य कशुं नहि मानीए,
कनककान्ता त्यागकर्याथी ज्ञानी सत्य पिछानीए.॥१८॥

देशविरति ने सर्वविरतिनी दुर्लभ सेवा,
विरति गुणनी प्राप्ति अनुभव अमृत मेवा;
विरति वंदन करी सभामां सुरपति बेसे,
विरति सुखनुं मूळ जिनेश्वर मुखथी कहे छे;
द्रव्य विरति सेवीने मुनिवर संयममां रमे,
भाव विरति योगथी आत्मतेजे झगमगे.॥१९॥

विरतिनो महिमा य जगत्मां मोटो भारी,
धन्य सफळ अवतार जगत्मां जे अनगारी;
द्रव्य क्षेत्रने काळ भावथी संयम पाळे,
ग्रही द्रव्यानुयोग ज्ञानथी गुण अजुवाळे;
चरम करण अनुयोगथी समितिगुप्ति धारता,
आतमध्याने तरे मुनिवर बीजाने वळी तारता.॥२०॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



साधु थइने क्रोध करे ते शाथी मोटो,
करे लोभथी शिष्य जगत्मां वाळे गोटो;
साधु नहि देखाय संप्रति पंचम काळे,
वदी एहवी वाण मूढ निज बोधि बाळे;
तीर्थोच्छेदक पापिया नरकगति मेमान छे,
बुडे आपने पर बुडाडे मानव ए पाषाण छे.॥२१॥

चार खंड ने षड्दर्शनमां निरखी जोशो,
जैनसाधुनो वेष धर्म त्यां परखी लेशो;
दुक्कर दुक्कर धर्म साधुनो शिव सुखकारी,
द्रव्य संयमने ग्रही पामशो भवजल पारी;
खोटा साधु देखीने निन्दा सहुनी नहि करो,
गुरुनिंदा कुल क्षय करे हितशिक्षा मनमां धरो.॥२२॥

साधु थइने क्रोध करे त्यां दूषण लागे,
संज्वलक्रोधे दोष लगे संजम नहि भागे;
शिष्य करे त्यां नहि लाभ छे स्वारथ माटे,
यदि लोभ जो होय प्रशस्य ज मुक्तिवाटे;
अतिचार आलोववा प्रतिक्रमण बे वारनुं,
धर्माभ्यासे चित्त वाळे धन्य वदन अणगारनुं. ॥२३॥

साधु नहि देखाय वदे ए मोटो पापी,
लोपी सूत्रो आण प्रभुनी अहो उथापि;
जाणो एनुं वेण जगत्मां सहुथी काचुं,
पापानो शिरदार देखवुं वारो डाचुं;
उत्सूत्रवाणी जे वदे संघे तेने ताडवा,
जीनाज्ञा लोपी जनोने संघ बाहिर काढवा. ॥२४॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कोइ कहे छे गच्छ भेदथी रहीए अळगा,
नहि करे ते धर्म गच्छने जे जन वळग्या;
गच्छतणा बहु भेद खेदमां नहि सुख आशा,
माया ममता जोर एहना तेह तमाशा;
एम कही जन भोळवी पन्थ काढे पापिया,
स्तुति मानमां गृहावासे मिथ्या जोरे व्यापिया. ॥२५॥

एकादश गणधर प्रभुना सूत्रे भाख्या,
तेना छे नव गच्छ शास्त्रमां साचा दाख्या,
साधुनो समुदाय गच्छ तेने तो कहाए,
लही परंपर ज्ञान दिलमां ते सद्दहीए;
राग दोषने जीतता समुदाय साधुतणो,
गच्छ तेने मानीए जे वर्तंतो रळीयामणो. ॥२६॥

एवा गच्छने जेह जनो वळग्या ते तरता,
तेथी अळगा जेह जनो भवमां अवतरता;
गच्छतणा बहु भेद खेद त्यां कांइ न कराए,
सत्य ज्ञान आचार गच्छने हेते धरीए;
एक हजार अवधानना कर्ता मुनि सुंदर सूरि,
गच्छ मारग दाखव्यो पट्टावलिए ते धुरी. ॥२७॥

तार्किक यशोविजयजी वाचक वचनो बोले,
शुद्ध परंपरगच्छ क्रियाने कांइ न तोले;
श्रीसुधर्मापट्टपरंपर अधुना देखो,
वर्ते सुविहित श्रमण गच्छ छे ते ना पेखो;
निजनिज गच्छ भळावीने दशगणधर मुक्तिवर्या,
श्री सुधर्मास्वामिने जेना अपत्यो जयकरा. ॥२८॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कल्पसूत्रे कह्युं एम छे मनमां आणो,
सूरिवाचकमुख जेमांही ते गच्छ प्रमाणो;
माध्यस्थादिक भाव धरो वर्तो व्यवहारे,
जिननी आज्ञा भव्य प्राणीने भवजल तारे
मूढ कदाग्रही प्राणिया भ्रांत जोवे नहि कइयुं,
जेम नळीयुं पडयुं वायरे देखीने कूतरु भस्युं.॥२९॥

आनंदघनजी अनंतनाथना स्तवने भाखे,
गच्छतणा बहु भेद इत्यादिक जे जे दाखे;
गच्छनो त्याग करो' एवुं नहि एमां दाख्युं,
गच्छादिकनो मोह त्याग एवुं त्यां भाख्युं;
स्तवन श्रीनमिनाथनुं पंचांगी साची कही,
आनंदघननी वाणीमांहि जनुभवता गुरुगमरही.॥३०॥

चिदानंद महाधीर स्वरोदय रचियो सारो,
वांची मानव मनविषे लागे छे प्यारो;
ग्रह्यो साधुनो वेष अखंडित संयम पाळ्युं,
आतम ध्याने स्थिर थइ जीवन सहु गाळ्युं;
साधु मार्गनी पुष्टिथी बिरुद राख्युं योगनुं,
ज्ञान ध्यानना योगथी नाम न लीधुं भोगनुं.॥३१॥

धर्मदास गणि वचन विचारो उपदेशमाला,
शासनना वडवीर साधु छे मंगलमाला;
साधु विना नहि तीर्थ तीर्थ विण धर्म न क्यांइ,
उपदेशक मुनिराय तीर्थमां समजो आंही;
अल्प ज्ञानना दोषथी समजे नहि सिद्धांतमां,
पामर पापी प्राणिया हा पडी रहे छे भ्रांतमां.॥३२॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कोइक बोले बोल सत्य साधु को गणवा,
सूत्रे भाख्या गुण साधुना क्यां ते भणवा;
जोतां को न जणाय साधु एवो जग सारो,
मानुं नहि हुं साधु'पक्ष छे साचो मारो;
दोषदृष्टिथी कागडा एकांते एम भाखता,
साधु विना नहि श्राद्ध जगमां रस तेनो नहि
चाखता. ॥३३॥

सत्यधर्म वीतराग ज्ञानथी जेवो परख्यो,
तेवीरीते सत्य साधुने ज्ञाने निरखो;
द्रव्य क्षेत्र ने काल प्रमाणे साधु होवे,
भाख्युं भगवतीसूत्र मूढ ते क्यांथी जोवे;
निर्ग्रन्थ भाख्या पंचधा आद्य दो आधार छे,
गुरुगम जोजो मानवो ! शो तेनो आचार छे. ॥३४॥

दोषदृष्टिथी देखे तेने दोष ज भासे,
धत्तुरभक्षी भव्यने जेम पीत प्रकाशे;
गुण देखंतां होय गुण ते भासे साचा,
काळ प्रमाणे गुण होवे भाखे जिन वाचा;
साधुव्रत अभ्यासथी गुण अनंता उपजे,
उद्यम सेवे मुनिवरा गुणठाणे गुण नीपजे. ॥३५॥

माने नहि जे साधु होय श्रावक ते शानो, ?
समकितव्रत स्वीकार साधुनो पासे मानो;
श्रावक गुण एकविंश न देखे निजमां पोते,
देखे परनां छिद्र गुण ते क्यांथी देखे;
श्राद्धत्व निजमां नहि अने नवकारशीमां जाय छे,
श्रावक नाम धरावीने ते मिष्ट लाडु खाय छे. ॥३६॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पंचमहाव्रत मूळ उत्तर गुणना अधिकारी,
शुद्धप्ररूपक जेह तेह जाणो अनगारी;
जघन्यथी सेवाय कनक कान्ताना त्यागी,
मूलमहाव्रतपाल मुनिगणना जे रागी;
साधु एवा सेवतां धर्म मर्मने जाणीए,
ते माटे हे भव्य लोको!! मुनिगुरु मन आणीए. ॥३७॥

चलवे महा पाखंड अध्यातम वचनो बोली,
भाखीने उत्सूत्र सत्यनी वात न तोली;
चलवे अन्तर पोल बोल बोलीने जूठा,
बांडा नहि बंधाय गमे ते बोले बूठा;
जिनाज्ञा नहि जाणता जन भोळा केइ भरमाय छे,
घरबारीने साधुपेठे मानीने भटकाय छे. ॥३८॥

कोइक पूछे प्रश्न गृहस्थ गुरु ते शानो?
ग्रह्युं नहि चारित्र गुरु तेने शुं मानो,
समकितथी नहि गुरु चारित्रे गुरुओ भाख्या,
नहि उच्चरे चारित्र गृहस्थी ते तो दाख्या;
गृहस्थ साधु मानशो तो सहु श्रावक गुरुओ ठर्या,
खमासमणने देइने अहो जीवतां तेओ मर्या. ॥३९॥

क्षायिक समकित वर्या कृष्णने श्रेणिक राजा,
नहि ते साधु गणाय सूत्रनी साची माझा;
जाणो वळी समकित अरूपी सूत्रे भाख्युं,
निश्चय समकित मतिज्ञानथी ग्रह्युं न दाख्युं;
क्षायिक समकित गुणने नहि को देखे ज्ञानथी,
चारित्र विना नहि गुरु तो शुं माने अभिमानथी.॥४०॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कोइ कहे छे ग्रन्थ गृहस्थनो वांच्यो भावे,
प्रगट्युं मुज समकित वदे इम मूढ स्वभावे;
तेमाटे हुं गुरु गृहस्थी मारा मानुं,
वदे एम मूरखनी आगळ कोइक छानुं;
ग्रंथ वांचे गुरु हुवे तो सूत्र पहेलां मानीए,
सूत्र विना नहि ग्रन्थ भव्यो तत्त्वथीज पिछानीए.॥४१॥

प्रगट्युं मुज समकित वदे इम मिथ्या वाणी,
निश्चय नहि जणाय समकित वदता ज्ञानी;
व्यवहारे सम्यक्त्व वदो तो कांइ न हानि,
समकित नहि व्यवहार विना मुनि श्रद्धा प्राणी;
ग्रन्थ गुरु के ज्ञान छे तेनो अर्थ विचारजो,
ज्ञान कह्यो तो गुरु ठर्यो नहि समजी आतम
तारजो. ॥४२॥

ग्रन्थ कह्या गुरुरूप तदा तो ज्ञान ज नासे,
गुरु ग्रन्थथी भिन्न जिनेश्वर एह प्रकाशे;
परोक्ष गृहस्थी समकित दायक गुरु न कहीए,
व्यवहारिकप्रत्यक्षपणे ते मन सद्दहीए,
व्यवहारिक प्रत्यक्षथी माने नहि जो वातने,
नरकमांहि पामशो परमाधामी लातने. ॥४३॥

चलवीने पाखंड वदे जे उलटी वाणी,
नहि ते श्रावक होय वदे जे मिथ्यावाणी.
समकितदाता होय गुरू, नहि एवो प्राणी'
सर्षव जेवा भव्य जनो तस वाणी घाणी,
सर्व पापमां मोटकुं उत्सूत्र भाषण पाप छे;
उत्सूत्र वाणी बोलतां तो दूरभविनो छाप छे. ॥४४॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



नहिं परीक्षादृष्टि सत्य ते क्यांथी पामे,
घरबारी गुरुग्रही दीलमां मस्तक नामे,
ग्रह्युं गद्धापूच्छ मूक्युं ते कबू न जावे,
गळे छछुंदर सर्प दशा तेवी ते थावे,
भद्रबाहु गुरु बोलिया कल्पसूत्रे जाणवुं,
असंयतिनी पूजना आश्चर्य दशमुं मानवुं, ॥४५॥

घरबारी पूजाय साधुनी पेठे खोटो,
वदी उत्सूत्र वेण वाळतो ग्रन्थे गोटो,
पूजानुं पाखंड कपटथी वचने भरियुं,
भोळा तो भरमाय पतंग ज्युं दीवे पडियुं,
वात उपरथी वांचीने भोळाजन भरमाय छे,
झांझवानुं जळ निहाळी मृगलां पीवा धाय छे. ॥४६॥

जिननुं कांइक साच मिथ्यावचने मळियुं,
होवे सारु दुग्ध पण जेम विषे भळियुं
ग्रहे न समजु वेण कपटनां जूठां माने,
मिथ्यामतनी वात हेतथी सुणे न काने,
अहो विषम कलिकालमां पन्थ पाखंड जागशे,
कल्पतरु सम जैनधर्मने छेदवा ते लागशे. ॥४७॥

कर्यो कपटथी कोल साधुनी निन्दामाटे,
तजो मुनिरूप तीर्थ वळता अवळे घाटे,
कोइ कहे जो सत्य वैर तेनाथी राखे,
दिलडुं तो नहि शुद्ध वात आतमनी दाखे,
नहि अध्यातम लेश ज्यां कलेश भरिया बापडा
भव्य लोको चेतजो ए सर्पना छे राफडा. ॥४८॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



काळ अनादि तीर्थंकरनी वाणी बोले,
मुक्तिनो महा मार्ग साधुनी कोइ न तोले,
वैरागीनो वेष बेश आचारे चाले,
अध्यातमनो रस ग्रहीने मनमां म्हाले,
मुनिवर एवा वंदतां मुक्ति मारग लीजीए,
सडेल गृहि कुपंथडामां चित्त कदु नहि दीजीए. ॥४९॥

निर्मल मुनिवर हंस सरोवर समता म्हाले
जोइ मारग चक्षुथकी जयणाथी चाले,
त्रसस्थावर प्रतिपाल जगत्मां जेह दयालु,
परोपदेशे दक्ष मुनिवर महा कृपालु,
कनक कामिनी परिहरी उपकारकर्ता देखीए,
पुण्यानुबंधोपुण्ययोगे परगट प्रेमे पेखीए. ॥५०॥

निश्चयने व्यवहार धर्मथी व्रत अजवाळे,
द्रव्यानुयोगे धार्मिक जीवन सहु गाळे,
अध्यातम सुवास हृदयमां निश्चय वासे,
आतमनो उपयोग हृदयमां झळहळ भासे,
व्रताचारे वेषने ज्ञाने मुनिवर शोभता,
द्रव्यभाव दया ग्रहीने भव्यजीवने थोभता, ॥५१॥

कनक कामिनी जूठ एम तो सहुजन कहे छे,
पण कोइ विरला भव्य तेहने त्यागी दे छे,
दुःखप्रदा माया बहु सहु जन मुखथी भाखे,
जाण्युं तेनुं धूळ रागथी तेने राखे,
जाणवुं ते सहेल छे ने त्यागवुं मुस्केल छे,
जाणी विषयो त्याग करवा नहि बालकनो
खेल छे. ॥५२॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कोइक बोले बोल अध्यातमरसना दरिया,
सदा होय छे निर्ग्रन्थे समता रसना भरिया,
एवा नहि देखाय मुनिवर नजरे भाळो,
अधुना वर्ते जेह तेहनो डाकडमाळो,
माटे नवीन पन्थने काढी मुनि उत्थापिया,
गुरु गृहस्थी मानीने दुर्मति पक्षे छापिया. ॥५३॥

अध्यातमना जाण मुनिवर अधुना सारा;
तार्किकना शिरताज मुनिवरना अवतारा,
अध्यातम लयलीन करे उपदेशो प्यारा,
दुःसम पंचम काळ मुनिवर जग आधारा,
सत्य अध्यातम साधुनुं मोहे नहि लेपाय छे,
विषय वासना त्यागथी समता रंग सुहाय छे. ॥५४॥

उपदेशक नहि होय गृहस्थो घरमां राता,
मोहे ललना मुख देखीने मनमां माता,
श्रवण करी अध्यात्म मोहनो त्याग न करतो,
व्यापारे लयलीन मोहना वनमां फरतो,
वैरागी थइ बोलता स्त्रीधन मारां नहि हवे,
घेर गया के भूली जईने कामभोगो भोगवे. ॥५५॥

अध्यातमना जाण मुनिवर निजगुण भोगी,
रत्नत्रयीनो योग साधता माटे योगी,
डाकडमाले नवीन पन्थ नहि काढे साचा,
बोले सूत्राधार मुनिनी निर्मल वाचा,
कहेता जेवुं ते करे काल योगे साधना,
साधुनुं बहुमान करतां संयमनी आराधना. ॥५६॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



गुरू गृहस्थी होय नहीं जाणो त्रिकाले,
दुःषम काळ प्रभाव तेहना चढिया चाळे,
घूकदृष्टिथी मुनि गुरूने कदा न भाळे,
मिथ्या मदिरा घेन चढाव्युं पंचम काळे,
मनमां आव्युं मानता आतमने नहि तारता
मृत्यु ज्यारे पास आवे हाय हाय उच्चारता. ॥५७॥

गुरू गृहस्थी कया सूत्र आधारे मानो,
साचुं बोलो सत्य मर्म नव राखो छानो,
नहीं ग्रन्थनी साख नवीन पन्थे अवधारो,
नहि सूत्रानुसार वात आवे निर्धारो,
पिस्तालीस आगमविषे वात न एवी दाखवी,
तो दुर्गति मेमान थइ केम जूठीवाणी
भाखवी. ॥५८॥

नहीं सूत्र प्रमाण करो तो पापी पूरा,
सूत्र विना नहि गति एम समजे छे शूरा,
सूत्र कहो प्रमाण तदा सहु वात ज लेखे,
गुरू गृहस्थनो त्याग करी मुनिवरने पेखे,
समजो समजु सानमां शाश्वत साधु पन्थ छे,
बाह्याभ्यंतर ग्रंथि त्यागी मुनिमहा निर्गन्थ छे. ॥५९॥

मुनिवर दे उपदेश भव्यनी दुर्मति टाळे,
अनेकान्तमतवित् सदा संयम अजुवाळे,
करता पर उपकार धर्मनां मोटा धोरी,
बोले साचुं वेण कदा नहि करता चोरी,
गामोगाम विहारथी सहु जीवोने तारता,
वांची जिननी वाणीने ते मोह शत्रु मारता. ॥६०॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



धन्य धन्य अनगार मुनिवर महा हितकारी,
करता कर्म विनाश भावथी समता धारी,
मुनिवर महा दयाल प्रेमथी वंदन कीजे,
खमासमण बेहाथ जोडीने भावे दीजे,
निर्मल मुनिगुण गावतां कर्म कलंक कषाय छे,
संयमनी अनुमोदनाथी आतम निर्मल थाय छे. ॥६१॥

धन्य धन्य अवतार मुनिवर दर्शन पावे,
प्रगटे पुण्योदय तदा मुनिश्रद्धा थावे,
धन्य धन्य अनगार सदा संयम आराधे,
पंचाचार प्रवीण ध्यानथी मुक्ति साधे,
श्राद्ध मुनिनुं आंतरुं सर्षव मेरु जेटलुं,
वंदो पूजो भव्य लोको वर्णन करीए केटलुं. ॥६२॥

उत्तराध्ययन मझार आंतरुं एवुं भाख्युं,
देश सर्व विरतिथकी अंतर ए दाख्युं,
जोजो श्री सूयगडांग सूत्रमां साधु सारा,
जोजो आचारांग सूत्रमां जे आचारा,
दशवैकालिक सुत्रमां साधु महिमा सांभळो,
सत्य पामी जूठ त्यागी मेलो मननो आमळो. ॥६३॥

शासनना सुल्तान सूरिवर वीरनी पाटे,
समजी सत्य स्वरूप चालवुं सवळी वाटे,
स्वामि सेवक भाव मुनिवर श्राद्ध सुहायो,
परमेष्ठिमां मुनि गण्या दीलमां ए आयो,
जोजो श्री नवकारमां मुनिवर मोटा लेखिया,
अड्ढाइज्जेसुपाठमां ते पूज्य परगट पेखिया. ॥६४॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



इच्छकार ए सूत्रथकी मुनिवन्दन कीधुं,
गुरुगृहस्थो होय, एहवुं कांइ न सिद्धयुं,
गुरु वांदणां सूत्र वांचीने सत्य ज समजो,
समजो सत्य स्वरूप धर्ममां प्रेमे रमजो,
पंचिंदिय महासूत्र छे गुरु साधुने मानिया,
घरबारी नहि गुरुगृहस्थी व्यापारी जे वाणिया ॥६५॥

वीरप्रभुए समवसरणमां संघ ज थाप्यो,
महाकर्ममिथ्यात्वतणो मारग उत्थाप्यो,
शाशननो सहुभार कह्यो सूरिवरना माथे,
गणधरशीर्षे वास कर्यो पोताना हाथे;
परंपरा निज पट्टनी सूरिवरथी शुभ चालशे,
जैनशाशन गुरुसूरिनी संघ आज्ञा पाळशे. ॥६६॥

साधु सूरिवर थाय चतुर्विधसंघे सारा,
जिनशाशन प्रतिपाळ जगत्मां जयजयकारा;
आचारज उवज्झाय गणि रत्नादिक ज्यां छे,
होवे एवो गच्छ संयतिवास ज त्यां छे,
उपदेशमाळा भाखियुं गच्छ विना नहि संघ छे;
संघनां सुलतान सूरियो समतानंद सुरंग छे. ॥६७॥

पूर्वाचार्यो वचन विचारो समजो साचुं,
लागे जेह धतींग तेहने समजो काचुं;
मळीयो मानवदेह अरे शुं ? फोगट हारो,
समजो भव्यो ! सत्य सत्य आतमने तारो;
ज्ञानिगुरुवर संगथी मानव ! आतम तारजो,
दृष्टिरागे लीन थइने जीवनने नहि हारजो. ॥६८॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



समजीने व्यवहारधर्मने हेते पाळो,
आतमधर्मे लीन थइने जीवन गाळो;
यथाशक्ति अभ्यास करो शिक्षा दिल धारी,
निंदादिक जे दोष कपट मिथ्याने वारी;
ज्ञानक्रियाथी मोक्ष छे निश्चय ने व्यवहारमां,
सर्वविरतिसाधनाथी साधुना अवतारमां. ॥६९॥

शुं ? छे नयव्यवहार तेहनुं ज्ञान न होवे,
निश्चय शुं ? कहेवाय ज्ञानथी तेह न जोवे;
शुद्धक्रिया व्यवहार तेहने निश्चय माने,
त्यागे छे व्यवहारधर्मने मिथ्याज्ञाने;
सत्यासत्य न पारख्युं हठ कदाग्रहजोरथी,
पुष्टालंबन त्यागीने वर्ते मिथ्यातोरथी. ॥७०॥

पुष्टालंबन गुरु ग्रहो तो मुक्ति पासे,
गुरु विना नहि ज्ञान जिनेश्वर वाणी भासे;
सत्संगम छे मुनि गुरुनो शिव सुखकारी,
भवपाथोदधि नाव मुनिवर मंगलकारी;
अनुभव अमृत पामीए गुरुभक्तिथी जाणीए,
गुरु, पिता ने मात भ्राता मनमांहि ते आणीए. ॥७१॥

गुरु वचनामृत पान कर्याथी समता पावे,
गुरुपद पंकज नमन कर्याथी लघुता आवे;
गुरुनी आज्ञा शीर्ष धर्याथी पाप प्रणाशे,
गुरु विनये छे शाश्वत सुखडां सत्य प्रकाशे;
मुनिगुरुनी भक्तिथी आतम निर्मळ कीजीए,
सद्गुरु मुनि संगतिथी अनुभव प्याला पीजीए. ॥७२॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सागरनुं उपमान शीयळने शास्त्रे भाख्युं,
सर्वव्रतोमां श्रेष्ठ एहवुं शास्त्रे दाख्युं;
शीयळधारक मुनि गुरुने वन्दन कीजे,
जोडीने बे हाथ वांदणां भावे दीजे;
शीयळधारक साधुनो बोध सहुने लागतो,
घरबारीनो बोध काचो काम जेने जागतो. ॥७३॥

माया ममतामूळ परिग्रह गृहना जेवो,
धन धारणथी लोभ वधे छे समजो एवो;
कुटुंब लक्ष्मी त्याग कर्याथी त्याग ज साचो,
तजी बाह्यनी ग्रंथि मुनि देखीने माचो;
माया ममता हेतुने त्यागयाथी सहु त्यागीए,
निमित्त कारण मोहनुं ते जाणी घटमां जागीए. ॥७४॥

धन्य धन्य अनगार जगत्मां साचा त्यागी,
साचो आतम एक तेहनो जे छे रागी;
आत्मस्वरूपे लीन सदा संयमने पाळे,
त्यजी बाह्यनुं भान, वृत्तियो अन्तर वाळे;
निर्ग्रन्थ एवा सेवीए साची सुखकर सेव छे,
धर्मध्याने धीर साधु निज रमणता टेव छे. ॥७५॥

उपदेशक मुनिराज जगत्मां छे उपकारी,
त्यागी पुद्‌गल राग चेतना निश्चय धारी;
श्रुतज्ञाने व्यवहार धर्मनो अंतर धारी,
जीवन गाळे धन्य मुनिनी छे बलिहारी;
यथाशक्ति अभ्यासथी संयममां राची रहे,
दोषदृष्टि जीवडा एवा मुनिवर शुं ? लहे. ॥७६॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



खाय पीवे ने वस्त्र धरे छे शास्त्राधारे,
दीक्षा देइ भव्यजनोने भवजळ तारे;
वेठीने बहु दुःख मुनिवर विचरे सारा,
जंगम मुनिवर तीर्थ जगत्मां जय जयकारा;
बहुमान कीजे साधुनुं त्वरित आतम तारीए,
साधु निंदा द्वेष करतां भव्य जीवने वारीए. ॥७७॥

गुणो आद्धना नहि पोतामां मुनिने निंदे,
बांधे बहुलां पाप उलटीमतिना छंदे;
गुण मूकी अवगुण ग्रहे छे निंदक पूरो,
निंदा लवरी मुनिवरनी करवामां शूरो;
शोक्य जेवा श्रावको ते दोषदृष्टि देखता,
दोषनुं तो ठाम पोते नहि पोताने पेखता. ॥७८॥

कोइ कहे छे वस्त्र धर्याथी साधु शानो?
वस्त्र धरे त्यां राग एहवुं मनमां मानो;
मुनिवर होवे नग्न एहवुं मनमां मानुं,
होवे मुनिवर नग्न एहवुं सत्य पिछानुं;
आगम युक्ति न जाणता मत पोतानो ताणता,
जिन कल्पीने स्थविरकल्पने मूढमति नहि
जाणता. ॥७९॥

पकडयुं गद्धा पुच्छ पामर कदी न मूके,
हठ कदाग्रह जोरतोरमां ज्यां त्यां भूंके;
नहि समजे जे युक्ति मुक्ति तेनी शुं? थावे,
करी तीर्थ उच्छेद सुखडां क्यांथी पावे;
वस्त्र उपर राग तो निज शरीर उपर सोगणो,
वस्त्र करतां राग मोटो देहनो मनमां भणो. ॥८०॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



वस्त्र तज्यां पण देह राग तो क्यांथी त्यागे,
कहेशो ज्ञाने देहराग तो क्षणमां भागे;
ज्ञाने नासे देहराग वस्त्रे शो ? वांधो,
करी कुयुक्ति ग्रह्या पक्षने फोगट सांधो;
परिग्रह मूर्च्छा मूळ छे वस्त्र संयम हेत छे,
मुक्ति अर्थे स्थविर कल्पे वस्त्रनो संकेत छे. ॥८१॥

वस्त्र धरे संयमनी रक्षा हेते समजो,
वस्त्र पात्र छे स्थविर कल्पमां निजमां रमजो;
ज्ञानावरणी प्रतिबंधक छे केवलज्ञाने,
नहीं देह प्रतिबंध वस्त्रने मिथ्या माने;
उपशमादि धर्ममां हितनु नहि प्रतिबंध छे,
प्रतिबंधक त्यां वस्त्र माने कदाग्रही ते अंध छे. ॥८२॥

नहि शरीरे राग ध्यानथी केवल प्रगटे,
वस्त्र छतां किम ध्यानथकी तो केवल विघटे;
प्रथम वस्त्रनो राग, ज्ञानिने ध्याने नासे,
नाशे तनुनो राग, ध्यानथी ज्ञाने भासे;
युक्ति युक्त सिद्धांत छे वस्त्रधारी सिद्धता,
वस्त्रधारी सिद्धिया जिम मरुदेवाजी बुद्धता. ॥८३॥

संयम रक्षा हेत वस्त्रथी कशी न हानि,
स्थविर कल्पीनो मार्ग समजतो नहि अभिमानी;
तनु छे मुक्ति हेत ज्ञानिने वस्त्र ज तेवुं,
नग्न मुनिने पिंडग्रहण तनुरक्षण जेवुं;
शरीर रक्षाहेतुमां आहार तेवुं वस्त्र छे,
मूढ कदाग्रही मानवीने शास्त्र ते तो शस्त्र छे. ॥८४॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



दुःषमकाळे यथाशक्तिथी संयम साधे,
धन्य धन्य एवा मुनिवरनी कीर्ति वाधे;
प्रतिक्रमणमां दोष थएला सहु आलोवे,
समता जलथी पाप मेलने मुनिवर धोवे;
सम्यक्त्व तेने जाणीए, साधु सेवा मनरुचे,
चक्रवर्तिक्षीरभोजन रंकपेटे नहि पचे. ॥८५॥

वीरप्रभुए स्थविरकल्पने स्थाप्यो हाथे,
गणधर स्थाप्या स्थविर कल्पमां त्रिभुवन नाथे;
स्थविरकल्प मुनि गच्छे वसतां मंगळमाळा,
पामे अभिनव ज्ञान मुनिवर संयमपाळा;
स्थविर कल्प मुनि गच्छमां युग प्रधानो थावशे,
थया केइक गच्छ नायक समजु मनमां भावशे. ॥८६॥

नहि मानो व्यवहारधर्मने जाणो क्यांथी ?
वर्तो छो व्यवहारे निश्चय मानो साथी ?
नयव्यवहारे वीरप्रभुनुं शाशन चाले,
अज्ञानपणाथी पडे बाल केइ मिथ्याजाळे;
निमित्त ते व्यवहार छे ने गुरु तनुथी साधना,
सद्गुरुगम ज्ञान लेजो नहिं करो विराधना; ॥८७॥

गंभीर नयना वाद सूत्रथी समजे ज्ञानी,
गुरुगम विण भटकाय मूरख निज मतिथी मानी;
गुरुगम ज्ञान ग्रह्याथी सघळुं लेखे आवे,
सूत्रतणा बहु भेद कुंचीओ तेनी पावे;
मुनि कृपाथी पामीए सापेक्ष जे छे साध्यता,
सातनयोना ज्ञानथी तो प्रगटशे परमार्थता. ॥८८॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



विधि अने प्रतिषेध सूत्रने ज्ञानी जाणे,
करी कुयुक्ति मूर्ख मानवी मिथ्या ताणे;
संयम खप करता मुनिवर इम ज्ञानी भाखे,
शास्त्रोनो परमाथ सत्य तो समजु चाखे;
सुंदर रास श्रीपाळनो यशोविजयजी बोलीआ,
समजु ने आत्मार्थि जनना अन्तर पडदा
खोलीआ. ॥८९॥

जिनाज्ञा प्रतिपाळ श्रावको शोभे सारा,
गंभीर ने सुविनीत श्रावकना अवतारा;
श्रद्धावंत दयाळु लज्जागुणना धारी,
अनिन्दक अक्रूर अने समतागुण धारी;
प्रतिक्रमण दो वारनुं नय व्यवहारे जाणीए,
सद्गुरुनी भक्तिमां ते लीन श्राद्ध पिछाणीए. ॥९०॥

वेर झेर ईर्ष्या क्लेशादिक दूरे वारे,
ज्यां ज्यां देखे गुण हृदयमां ते ते धारे;
संघ सदा विद्यमान चतुर्विध निश्चय धारे,
तरतमयोगे मुनिवर्ग संप्रति जे भाळे;
अवगुण उपर गुण करे ने परोपकारे रक्त छे,
जिनेश्वरनी वाणी सुणवा प्रेमथी आसक्त छे. ॥९१॥

मांस मदिरा अभ्यक्ष वस्तु कदी न खावे,
अभक्ष्य वस्तु श्रावकने स्वप्ने पण नावे;
जुगटुं वेश्या परदारानो श्रावक .त्यागी,
जिनेश्वरनो धर्म खरो गुरुनो जे रागी;
गुरुवन्दन त्रिकालमां यथाशक्ति व्रत धारतो,
क्रोध माया दोषने सहु ज्ञानथी जे वारतो. ॥९२॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



दृढ श्रद्धाथी श्रावक साचा शास्त्रे भाख्या,
सद्गुरुगमथी सूत्रतणा रस जेणे चाख्या;
जैन धर्मनीवृद्धिमाटे निशदिन राता,
दुःखी श्राद्धने खवराव्या विण जे नहि खाता;
तन मन धनने शक्तिथी जैनधर्म फेलावता,
नव तत्त्वादिक जाण श्रावक जैनधर्म दीपावता. ॥९३॥

करे कमाणी न्यायवृत्तिथी श्रावक साचो,
गुणधारक सुश्राद्ध देखीने मनमां राचो;
चाले शास्त्राधार अन्यनां मर्म न भाखे,
गुरु पासे पच्चखाण करे समतारस चाखे;
सद्गुरु श्रद्धा भक्तिमां जीवन जेनुं जाय छे,
मुनिगुरुनो भक्त श्रावक साचो तेह गणाय छे. ॥९४॥

जिन प्रतिमा पूजन वंदन करतो रहेवे,
हितशिक्षाने धरी कोइने आळ न देवे;
चोरी चाडी त्याग करीने सद्गुण सेवे,
परने पीडाकारक वाणी कदा न कहेवे;
मुनिवर भक्त सुश्राद्ध छे समजे समजु सानमां,
गुरु गृहस्थी मानीने ते पडे नहि तोफानमां. ॥९५॥

कोइ कहे छे सर्वधर्मनां पुस्तक वांचुं,
करी परीक्षा ग्रहुं हृदयमां जे छे साचुं;
अन्य लिंगी पण मुक्ति गया इम शास्त्रे भाख्युं,
जैनधर्मनी श्रद्धामां म दिल न राख्युं;
बोले एवुं बापडा अज्ञाने जे अन्ध छे,
मिथ्यातत्त्वे खुंचीया तस हृदय चक्षु बन्ध छे. ॥९६॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



समजे नहि सिद्धांत गुरुगमथी जे साचो,
नास्तिक वाणी विषसम वचनो सर्वे काचां;
धोळुं तेटलुं दूध न होवे समजो शाणा,
समज्या विण ते करे पामरो ताणंताणा;
सर्व वृक्षमां आम्रनी आश जेवी राखवी,
सर्व मतमां धर्मनी तो आश तेवी दाखवी. ॥९७॥

धोळी तेटली साकर एवुं कदू न दीठुं,
वर्ते धोळुं लूण लोक तो कहेवे मीठुं;
साचा जूठा मनुष्यनो जेवी छे वाणी,
पुरुषप्रतीते वचनसत्यता मनमां जाणी;
वीरप्रभुनी वाणीमां आसता श्रद्धा ठरी,
सर्वज्ञ वचनो सत्यसूत्रे वात तो हृदये धरो. ॥९८॥

सागरतुल्या जिननी वाणी सत्य प्रमाणी,
एकान्तमत नदियो सर्वे तो तत्र समाणी;
सापेक्षमत दर्शनने जे निजमां समावे,
स्याद्वाद जिनवाणी तोले कोइ न आवे;
नमिनाथना स्तवनमां आनंदघनजी भाखता,
पिस्तालीश आगमतणो तो स्वाद भव्यो
चाखता. ॥९९॥

जिनना तत्त्वो समज्याथी सहु समज्युं साचुं,
जिनना तत्त्वो समज्या विण समज्युं सहु काचुं;
जैनधर्मने समज्याविण परमां जे दोडे,
मणि मूकीने पत्थरथी ते माथुं फोडे;
सन्निपातक प्राणिया कदी नहि ठामे ठरे,
ज्युं हडकायुं कूतरुं त्युं भमी भमीने ते मरे.॥१००॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मुनि गुरु अवलंब्याथी साचुं समजाशे,
ज्ञानी मुनिनां वचने शाश्वत सुखडां थाशे;
सेवो सद्गुरु संत सदा जे ज्ञाने भरिया,
धरी ज्ञानथी ध्यान मुनि अनुभव सुख वरिया;
सद्गुरु मुनिवर सेवतां तत्त्वामृतनी क्यारी छे,
आसन्नभवि सुश्रावकोना दिलमां सदा
ते प्यारी छे. ॥१०१॥

ज्ञानी ध्यानी वीर शूर वैरागी पूरा,
धर्मक्रियामां रक्त नारीथी रहेवे दूरा;
विकथानो परिहार ब्रह्मनी गुप्ति धारे,
लही आत्मनुं ज्ञान, वृत्तियो तेमां ठारे;
नहि ममता के मान छे मुनिगुरु गुणखाण छे,
करी उपाधि दूर जेणे सद्गुरु मुनि भाण छे. ॥१०२॥

ममतावारक, समताधारक, ध्याने धीरा,
धर्मधुराना धारक जिनशासनमां वीरा;
उत्सर्ग अपवाद सूत्रनी शैली जाणे,
करी कुयुक्ति मति दोषथी अर्थ न ताणे;
जैनशासन उन्नतिना कर्ता साधु साच छे,
पचमेरुभार संयम धरे सत्य तो वाच छे. ॥१०३॥

रंगाणी छे धर्मरागथी जेनी काया,
धन्य धन्य ते कूळ' मुनिवर जेमां जाया;
अगंधनकूळ नागटेकने मनमां धारी,
निश्चल सुरगिरि जेम साधुजी गुण.गणकारी;
वन्दन वारंवार छे, धन्य धन्य अनगारता,
आप तरे ने अन्यने जे देशनाथी तारता. ॥१०४॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



शूरा क्षत्रीवटनी टेक धरीने चाले,
लडी मोहनी साथ मुनिवर मुक्ति म्हाले;
अन्तर सुरता लगनी लगावी घरमां बेठा,
स्थिरोपयोगे अनुभव भवने सहेजे पेठा;
सद्‌गुरु निर्ग्रंथना दर्शने भवपार छे,
सदुपकारी साधुनो अहो धन्य धन्य अवतार छे.॥१०५॥

सद्‌गुरु मुनिने वन्दे श्रावक भाव धरीने,
सद्‌गुरु मुनि गुण गावे श्रावक धर्म वरीने;
अन्ध बनीने दृष्टिरागिया निन्दा करता,
साधुनुं अपमान करीने ठाम न ठरता;
कुलगुरु कहीने पापिया संयत गुरु उत्थापता,
मिथ्या मदिरा घेन वेर्यी तीर्थवृक्षने कापता. ॥१०६॥

नवीनपन्थनी इच्छा उत्कट मनमां जागी,
कुमति लागी दोल सुमति त्यांथी भागी;
गृहस्थगुरुनो पंथ चलावे डाकडमाळे,
प्रगटे छे कुपंथ जगत्‌मां आ कलिकाळे;
मुनिपंथने छेदवा दिगम्बर शरणुं ग्रहे,
नहीं श्रद्धा सूत्रनी ते ज्ञान मारग शुं ? लहे. ॥१०७॥

कोइक पूछे सूत्रवात तो आडुं बोले,
बोल्यानुं नहि भान मूरख ते तरणा तोले;
कपटकळाथी भोळा जनने ते भरमावे,
बकवृत्तिने धरी ध्यान तो जूठ लगावे;
कपटकळा भणकारथी भोळा जनने भोळवे,
उत्सूत्र भाषण भाषीने ते सत्य सूत्रो ओळवे. ॥१०८॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कोइ कहे छे गृहस्थावासे जिन पूजाया,
इन्द्रादिक देवोए वांद्याने वळी गाया;
तद्वत् गृहस्थ गुरुने वंदन पूजन करशुं,
गृहस्थ गुरुनुं शरण ग्रहीने पार उतरशुं;
करी कुयुक्ति बोलता उत्सूत्र मोटुं पाप छे,
मत पोतानो स्थापवाने कुमतिनो आलाप छे. ॥१०९॥

कल्पातीत ए वात जिनेश्वरनी छे जाणो,
तीर्थंकरनामोदयथी महिमा ए मानो;
खमासमणथी वांद्या नहि इन्द्रादिकदेवे,
यथायोग्यआचारविनयथी जिनने सेवे;
गृहावासे जिनजी छे चोथा गुणस्थानक धणी,
गृहस्थ जिनने वांदता नहि साधु वात
सोहामणी. ॥११०॥

दीक्षा लेवे जिनजी त्यारे संयत वंदे,
समजी साची वात पडो नहि कुमतिफंदे;
लोकांतिक देवो आवो बोले कर जोडी,
वर्तावोने तीर्थ प्रभु घरबारने छोडी;
आगार तजी अनगारता ग्रही प्रभुए सुखकरी,
द्रव्यदीक्षा ग्रही प्रभुए क्षयोपशमभावे धरी. ॥१११॥

गृहस्थावासे गुरु न होवे जुओ विचारी,
तीर्थंकर पण दीक्षा लेवे शिव सुखकारी;
नयव्यवहारे चरण ग्रह्याथी शासन चाले,
तीर्थ नहीं व्यवहार विना जाणो त्रिकाळे;
मानो जो व्यवहारने गुरु गृहस्थी फोक छे,
संयतगुरुने सत्य समजे भव्य समजु लोक छे.॥११२॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



वंदन ते करजोडन नमन ते शीश नमावे,
यशोविजयजी वाचक ज्ञानी एम ज गावे;
मातपिताने कळागुरुने वन्दन एवुं,
तथा नमन छे मोटा जनने जगमां एवुं;
चर्चा तेनी नहीं अहीं कंइ तेमां कांइ न हानि छे,
शिष्टाचारे वात एवी शास्त्रमां तो मानी छे. ॥११३॥

तेवा वन्दन नमने अत्र न चर्चा चाली,
पंडित एवी करे न चर्चा फोगट खाली;
मुनिवेषे घरबारी गुरुने मानी पूजे,
खमासमणने देवे पापनाभयथी न धुजे;
पाखंड चलवे मोहथी चर्चा तेनी थाय छे,
गृहस्थने तो साधु वांदे महा ए अन्याय छे. ॥११४॥

लिंग अने आचार ज्ञानथी संयत सारा,
खमासमण देइ मुनि वंदो जग जयकारा;
यथायोग्य गुणमान जगत्मां सहुनुं कीजे,
सद्गुण दृष्टि धरी हृदयमां गुणने लीजे;
तत्त्वाभ्यासी मुनिवरा सेवीए सुखकार छे,
ध्यानदृष्टि जागता जे वन्दन वार हजार छे. ॥११५॥

मुनिभक्तिथी शक्ति प्रगटे जोजो जागी,
अनेकांतदृष्टिना धारक आतमरागी;
आतममां लयलीन सदा अंतरमां वासी,
नहि हर्ष के शोक मटी छे सकळ उदासी;
मुनिवर एवा वंदतां कर्मकलंक कषाय छे,
स्फुरे संयम शक्तियो सहु आतम निर्मल थाय छे.॥११६॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



समकितदायक यदि मुनि तो महा उपकारी,
तनमन धनथी कीजे गुरुनी भक्ति भारी;
गुरुभक्तिथी रोग शोक सहु दूरे जावे,
गुरुना विनये विनेय विद्या सघळी पावे;
सद्गुरु शिष्यो पामता तत्त्वामृत सुखकार छे,
गुरुना विनये रक्त तेनो धन्य धन्य अवतार छे. ॥११७॥

वांची सूत्रो ग्रन्थ, कर्मनो नाश करंता,
उपशमादिक सत्यधर्मने सहु ज वरंता;
व्रतपालनमां शूर क्षमागुणथी जे दीपे,
सत्य ज्ञान वैराग्य थकी मोहशत्रु जीपे;
निन्दकनी निंदा सहे विषय विकारो टाळता,
नमो नमो ते मुनिवरा जे पाप पंक पखाळता.॥११८॥

चरण करणमां स्हाय साधुने जे जन आपे,
सुख पामे ते 'भव्य' कर्मनुं अष्टक कापे;
वसतिमुनिने आश्रय हेते जे जन देवे,
मुनिवर वैयावच्च करीने शिव सुख लेवे;
त्रसस्थावर प्रतिपाळ छे, मुनिवर मंगलकारी छे,
समिति गुप्ति अष्टमाता चित्तमां जयकारी छे.॥११९॥

निर्वृत्तिमयमोक्षमार्गमां मुनिवर चाले,
डगे मेरु पण मनडुं संयमथी नवो हाले;
अखंडस्थिरोपयोग धरीने घटमां जागे,
कोटि कष्टो शिर पडतां दीक्षा नहि भागे;
गुरुकुलवासे जे वसे संयम खप करता रहे,
वैराग्यरंगे चित्तवाळी मोक्ष संपद् झट लहे. ॥१२०॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सदुपदेशे चित्त सदा जे परउपकारी,
पंचम आर मझार छे निर्मल संयमधारी;
वशमां राखे चित्त विकल्पो सघळा वारी,
पिण्डस्थादिक ध्यान धरे मनडुं त्यां ठारी;
सर्वोपाधि त्यागीने अनुभवामृत चाखता,
यथा नाम तथा गुणा ए वाक्य साचुं राखता. ॥१२१॥

समयोचित व्यवहार धर्मना जे छे धोरी,
द्रव्यादिक अनुयोग ज्ञाननी हाथे दोरी;
श्रोतायोग्य सुपात्र देशना तेवी देवे,
उपनीतादिक भेद ज्ञानथी समजी कहेवे;
गीतार्थज्ञानी साधुने वंदन वार हजार छे,
जाण्युं तेनुं साच समजो धन्य धन्य अनगार छे. ॥१२२॥

भाखे नहि परमर्म मुनिवर संयमधारी,
देवे नहि पर आळ मुनिवर निंदावारी;
पडे प्राण पण निंदा परनी कदी न करतो,
धरी त्याग वैराग्य मुनिवर संयम वरतो;
परनां छिद्र न खोलतो महामुनि गंभीर छे,
जीवन गाळे ज्ञानमां ते धर्मध्याने वीर छे. ॥१२३॥

क्षांत्यादिक दश धर्म धरे मुनिवर वैरागी,
स्वप्ने पण रामाना मुनिवर थाय न रागी;
एकचित्तथी शीयळ पाळे समतासंगी,
आत्मस्वभावे स्थिर मुनि अनुभवना रंगी;
दुर्लभ मुनिवर दर्शने भविकजीव लोभाय छे,
साधुसंगत सेवनाथी जन्मफेरा जाय छे. ॥१२४॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



श्रमण, संयत, साधु, मुनि, भिक्षुक आदि नामा,
पर्यायवाचि शब्दनाम समजे हितकामा;
अर्थ एकता दील धरी सद्गुरुनी सेवा,
कीजे प्रेमे परगट मुनिवर ए छे देवा;
संयत सद्गुरु देवता दर्शन वंदन कीजीए,
तीर्थजंगम महामुनिवर सेवे शिवपुर लीजीए. ॥१२५॥

गुरुमाहात्म्यने गायुं जंगमतीर्थसुरागे,
वांची अर्थ विचारी भव्यो मनमां जागे;
साचुं पंडित मनमां लागे सार ग्रह्याथी,
दोषदृष्टिथी दोष ज भासे दोष ग्रह्याथी;
सवासो छप्पाथकी ग्रंथ कीधो प्रेमथी,
गुरुस्तुतिथी गुणवृद्धि प्रगटतो ए नेमथी. ॥१२६॥

पार्श्वप्रभु ने पद्मप्रभुमंदिरथी सोहे,
सानंद सारुं शहेर भव्यना मनमां मोहे;
ओगणीशत्रेसठसाल चातुर्मासी कीधी,
कथी देशना श्राद्धजनोने शिक्षा दीधी;
भाद्रवद एकादशी ग्रंथ पूरो ए कर्यो,
परंपरागम पामीने में पक्ष साचो अनुसर्यो. ॥१२७॥

श्रीसंखेश्वर पार्श्वजिनेश्वर मंगलकारी,
धर्मप्रभावक पार्श्वयक्ष जेना गुणधारी;
धरणेंद्र पद्मावती सेवित मंगळ करशो,
चिंतामणि तुज नाममंत्रथी वांछित सरशो;
शाशन रक्षा स्हायमां महिमा अपरंपार छे,
बुद्धिसागर पार्श्वनामे जगमां जयजयकार छे. ॥१२८॥

ॐ शान्तिः शान्तिः शान्तिः

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ॥ अथ सत्तानयनिश्चयगर्भितनयगर्भित गुरुगीता ॥

---

विश्ववन्द्यं क्रमाम्भोजं, यस्य तं सद्गुरुं नुमः ।
त्रातारं सर्वधर्मस्य, पूर्णानन्दं महेश्वरम् ॥ १ ॥
सन्त्यज्य सर्वशङ्कादीन्, सद्गुरुं शरणं शुभम् ।
सेवस्व पूर्णसत्प्रीत्या, नान्यत्किञ्चिद् गुरुं विना ॥२॥
साकारं च निराकारं, मायातीतं महोदयम् ।
जगन्नेत्रं गुणाधारं, चिदानन्दं स्वयंभुवम् ॥ ३ ॥
वर्णातीतं कलातीतं, धर्माधारं सदा ध्रुवम् ।
सदेहं सत्यमात्मानं, सद्गुरुं नौमि भावतः ॥ ४ ॥
एकदेशि भवेच्छास्त्रं, सर्वदेशी गुरुः स्मृतः ।
तस्मात् सर्वप्रयत्नेन, सेव्यः श्रीसद्गुरुः सदा ॥ ५ ॥
सद्गुरोः सेवनात् सर्वे, देवेन्द्रा वरदायिनः ।
अनेकजन्मजं कर्म, नश्यति नात्र संशयः ॥ ६ ॥
गुरोराज्ञा मुदा सेव्या, सर्वस्वार्पणभक्तितः ।
आज्ञापालनतो मुक्तिरन्यथा भ्रमणं भवे ॥ ७ ॥
सद्गुरोः कृपया धर्मो, नृणां सञ्जायते ध्रुवम् ।
गुरोः कृपां विना शिष्या, धर्मयोग्याः कदापि नो॥८॥
गुरोःकृपा सदा याच्या, सद्गुरोराशिषः सुखम् ।
हृदि स्याच्चेद् गुरोर्मूर्तिर्यमो रुष्टः करोति किम् ? ॥९॥
द्वन्द्वातीतं चिदात्मानं, कर्मातीतं निरञ्जनम् ।
धर्मोद्धारकयोगीन्द्रं, गम्यागम्यस्वरूपकम् ॥ १० ॥
समाधिरूपतीर्थेशं, विश्वेशं च विरागिणम् ।
सक्रियं निष्क्रियं पूर्णं, विश्वाधारं गुरुं स्तुमः ॥ ११ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अनेकमेकरूपं च, सर्वपर्यायभाजनम् ।
दर्शनज्ञानचारित्रं, यतीन्द्रं सद्‌गुरुं स्तुमः । १२ ॥
ॐकारं सत्यह्रींकारं, श्रींकारं सद्‌गुरुं भज ।
सर्वे दोषाः क्षयं यान्ति, मुक्तिः स्यात् स्वात्मनो ध्रुवम् १३
सर्वदा साक्षिरूपं च, निर्मलं नित्यमद्वयम् ।
सर्वव्यापकचैतन्यं, नामातीतं गुरुं स्तुमः ॥ १४ ॥
व्यक्ताव्यक्तगुणाधारं, वाच्यावाच्यस्वरूपकम् ।
ज्ञानगम्यं महाशक्तं, सर्वतीर्थशिरोमणिम् ॥ १५ ॥
अनक्षराक्षरं शुद्धं, निर्लेपं व्योमवत् सदा ।
दृश्याऽदृश्यं जडातीतं, ब्रह्मरूपं सनातनम् ॥ १६ ॥
कल्पनातीतचित्कोश-मव्ययं निर्विकल्पकम् ।
सर्वपापहरं शश्वत्, सद्‌गुरुं नौमि भावतः ॥ १७ ॥
ॐ ह्रीँ श्रीँ धर्मदेष्टारं, विश्ववन्द्यं महेश्वरम् ।
सर्वतीर्थस्वरूपं च, कालातीतं विभासुरम् ॥ १८ ॥
ॐ ह्रीँ क्लूँ धर्मदेष्टारं, धर्मोद्धारकसद्‌गुरुम् ।
सर्वज्ञं विश्वरक्षायै, धृतकायं नमाम्यहम् ॥ १९ ॥
ॐ ह्रीँ श्रीँ धर्मतीर्थेशं, दैवीसंपद्धरं गुरुम् ।
शरण्यं सर्वजीवानां, नौम्यहं भक्तिभावतः ॥ २० ॥
ॐ ह्रीँ श्रीँ धर्मदातारं, चिदानन्दं जगद्‌गुरुम् ।
सर्वं समर्प्य सद्भक्त्या, वन्देऽहं भक्तिभावतः ॥२१॥
जन्मातीतं जरातीतं, कायातीतं गतव्यथम् ।
वाचातीतं मनःपारं, वन्देऽहं भक्तिभावतः ॥ २२ ॥
सर्वशक्तिप्रदातारं, सर्वदोषापहारकम् ॥
ॐ सद्‌गुरुमहादेवं, वन्देऽहं भक्तिभावतः ॥ २३ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सर्वशक्तिप्रदं तूर्णं, धर्मविद्याप्रकाशकम् ।
समं विश्वं सदा यस्य, वन्देऽहं भक्तिभावतः ॥ २४ ॥
सर्वधर्मस्वरूपं च पूर्णज्योतिर्धरं सदा ।
तन्मयेनैव भावेन, वन्देऽहं भक्तिभावतः ॥ २५ ॥
ॐ ह्रौं ह्रौं मंत्ररूपाय, निर्विकारपरात्मने ।
रत्नत्रयीस्वरूपाय, नमः श्रीगुरवे सदा ॥ २६ ॥
लक्ष्यालक्ष्यस्वरूपाय, सत्यधर्मार्थधारिणे ।
अनाद्यनन्तरूपाय, नमः श्रीगुरवे सदा ॥ २७ ॥
शुद्धानन्तप्रकाशाय, धर्माधाराय भूतले ।
सर्वज्योतिःस्वरूपाय, नमः श्रीगुरवे सदा ॥ २८ ॥
सद्गुरोः स्तवनात् पापं, नैव तिष्ठति मानसे ।
गुरोरवज्ञया पापी, नाप्नोति स्वर्गसम्पदः ॥ २९ ॥
श्रोतव्या न गुरोर्निन्दा, प्राणैः कण्ठगतैरपि ।
अद्रष्टव्यमुखा मर्त्या, सद्गुरोर्द्रोहकारकाः ॥ ३० ॥
सद्गुरोर्महिमाऽपारः, केनापि नैव पार्यते ।
अतः श्रद्धाबलेनैव, सेवनीयो गुरुः सदा ॥ ३१ ॥
सद्गतिर्नैव कस्याऽपि, भवेत्सद्गुरुमन्तरा ।
सद्गुरोः शापतः स्थैर्यं, कस्याऽपि नैव जायते ॥३२॥
सङ्गः कदापि नो कार्यो, गुरोर्विश्वासघातिनाम् ।
विश्वासो नैव कर्त्तव्यः, कदाचित् सद्गुरुद्रुहाम् ॥३३॥
आज्ञाभङ्गो न कर्त्तव्यः, प्राणनाशेऽपि सद्गुरोः ।
सद्गुरोर्नाममन्त्रस्य, जापः कार्यः क्षणे क्षणे ॥ ३४ ॥
सद्गुरोः सेवका नैव, दुर्गतिमाप्नुवन्ति हि ।
श्वासोच्छ्वासे भवेद् धर्मस्तस्यान्तो नैव पार्यते॥३५॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ऍं ह्रैं सद्गुरवे नित्यं, नमः स्याद्वादधर्मिणे ।
गुरोर्नाम स्मरन्भक्तो, ब्रह्मभूयाय कल्पते ॥ ३६ ॥
आराधिते गुरौ सर्वे, देवा आराधिताः सदा ।
विराधिते गुरौ सर्वे, देवा नित्यं विराधिताः ॥ ३७ ॥
सर्वतीर्थाधिराजस्य, सद्गुरोः सेवनं शुभम् ।
सेविते सद्गुरौ सर्वतीर्थानि सेवितानि वै ॥ ३८ ॥
अभेदः सर्वदा मान्यः, सद्गुरोश्च परात्मनः ।
गुरोर्गुणानुरागेण, सेवा कार्या सदा मुदा ॥ ३९ ॥
गुरुर्गुरुः सदा जापः, कर्त्तव्यो मनसि सदा ।
नैव वाच्यो गुरोर्मन्त्रो, नास्तिकाग्रे कदाचन ॥४०॥
गुरोः कृपां विना कोऽपि, नैव सिद्धो न सेत्स्यति ।
अतो विशुद्धरागेण, याचनीया गुरोः कृपा ॥ ४१ ॥
गुरोः कृपाप्रभावेण, दुष्टबुद्धिर्विलीयते ।
पदे पदे च माङ्गल्यमीप्सितं भवति ध्रुवम् ॥ ४२ ॥
सर्वकार्याणि सिद्ध्यन्ति, सद्गुरोराशिषो द्रुतम् ।
पूर्णश्रद्धां समालम्ब्य, सेवनीयो गुरुः सदा ॥ ४३ ॥
पिता माता तथा भ्राता, गुरुरेव न संशयः ।
सत्यमित्रं गुरुः साक्षाद्, भीतानामभयप्रदः ॥ ४४ ॥
शरण्यः सर्वजीवानां, जन्ममृत्युविनाशकः ।
नान्यो गुरुं विना कश्चिद्, धर्मदाता महीतले ॥ ४५ ॥
कार्या कदापि नो शङ्का, गुरोर्वाचि क्रियासु च ।
रहस्यमेतच्छ्रद्धाया, भाषितं सत्ययोगिभिः ॥ ४६ ॥
अर्हमर्हं गुरुः सेव्यो, मनोवाक्कायकर्मभिः ।
श्रद्धैव फलदा सत्या, यत्र तत्र स्वभावतः ॥ ४७ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सर्वदैव गुरुः सेव्यः, पूर्णनिष्कामभक्तितः ।
विनेयानां ध्रुवं सिद्धि, भाषिता सत्ययोगिना ॥४८॥
तत्त्वमस्यादिभावेन, पूर्णब्रह्मस्वभावतः ।
कर्मयोगप्रवृत्त्या च, सेव्यो ध्येयः सदा गुरुः ॥ ४९ ॥
अन्तर्मुक्तो बहिः सर्वं, कर्त्तव्यं कुरुते सुधीः ।
सर्वकर्मसु निर्लेपः, सर्वत्र सद्गुरुं स्मरन् ॥ ५० ॥
ब्रह्मरूपो गुरुर्ध्येयः, सर्वलोके चिदात्मकः।
सद्गुरुब्रह्मयोगेन, ब्रह्मरूपः स्वयं भवेत् ॥ ५१ ॥
स्वात्मनश्च गुरोरैक्यं, भाव्यं सर्वत्र सर्वदा ।
सर्वथा सर्वकर्माणि, कर्त्तव्यानि विवेकतः ॥ ५२ ॥
पापात्किञ्चिन्न भेतव्यं, शरण्ये सद्गुरौ सति ।
सद्गुरुं शरणीकृत्य, कर्मयोगी सदा भव ॥ ५३ ॥
महाप्रभुगुरोर्भक्तो, भवेद् योगी न संशयः ।
कर्म कुर्वन्सदा मुक्तः, सिद्धो बुद्धः सनातनः ॥ ५४ ॥
अन्तस्त्यागी बहिर्योगी, गुरुरूपं चराचरम् ।
पश्यन्कर्माणि कुर्वन्सन्, मुक्तो योगीश्वरः सदा॥५५॥
महागुरुर्निजात्मैव, ब्रह्मैव सद्गुरुर्महान् ।
मत्वैवं योगदृष्टात्मा, बद्धो भवति नैव सः ॥ ५६ ॥
गुरुर्ब्रह्म गुरुर्ब्रह्म, निधाय हृदये जनः ।
लययोगं समादाय, व्यक्तितः पूर्णतां नयेत् ॥५७॥
सर्वयोगा गुरोः पादे, तिष्ठन्ति नात्र संशयः ।
गुरुकृपाभवा योगा, रहस्यं योगिनां मतम् ॥ ५८ ॥
कोपितव्यो गुरुर्नैव, तिरस्कारादिकर्मभिः ।
महाकालो गुरुः क्रुद्धः, सर्वारिष्टप्रदो यमः ॥ ५९ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



दुरुल्लङ्घ्यो गुरोः शापो, नानादुःखादिकारकः ।
तरन्ति ते भवाम्भोधिं, गुरोराशीरता जनाः ॥ ६० ॥
कर्मातीतं गुरोरूपं, ध्यायन्ति ये जना मुदा ।
आप्नुवन्ति परंब्रह्म, धूतरागादिकल्मषाः ॥ ६१ ॥
प्रवृत्तिमार्गमारूढा, गुर्वाज्ञातत्परा जनाः ।
भवन्ति ज्ञानयोगेन, स्युश्च निर्वृत्तियोगिनः ॥ ६२ ॥
सद्गुरोः पादमूलं हि, तीर्थं सत्यं महीतले ।
धर्ममूला गुरोर्वाणी, मोक्षमूलं गुरोर्मनः ॥ ६३ ॥
कृपामूला भवेत्सिद्धिः, सत्यं तत्र न संशयः ।
गुरोः सेवां विना सारः, कश्चिन्नैव महीतले ॥ ६४ ॥
अगम्यं सद्गुरोर्वृत्त-मगम्यं सद्गुरोर्मनः ।
सद्गुरोराशयाः सर्वे, गम्यन्ते नैव कैरपि ॥ ६५ ॥
अतः श्रद्धां समालम्ब्य, कर्त्तव्यं कर्म सत्सदा ।
मुक्तो भवति भक्तात्मा, गुर्वाज्ञाकर्मतत्परः ॥ ६६ ॥
निरीक्ष्या न गुरोर्दोषा, मिथ्यावासितबुद्धितः ।
दोषाः कदाचिन्नोवाच्याः,प्राणान्तेऽपि च सद्गुरोः॥६७॥
गुरुः स्पर्शमणिर्ज्ञेयो, गुरुश्चिन्तामणिः सदा ।
कामकुम्भो गुरुर्ज्ञेयः, कल्पवृक्षः सतां मतः ॥ ६८ ॥
गुर्वाज्ञामन्तरा मिथ्या, यमादीनां प्रवृत्तयः ।
गुर्वाज्ञापालने सिद्धि र्व्रतादीनन्तरा ध्रुवा । ६९ ॥
माहात्म्यं सद्गुरोर्भूरि, प्रत्यक्षं देववद् महद् ।
नैव प्रत्युपकारः स्यात, कोटाकोट्युपकारतः ॥ ७० ॥
सर्वोपायैः सदा सेव्या, गुर्वाज्ञा पूर्णभावतः ।
सन्त्यज्य भातिखेदादीन्, कृत्वा सर्वसमर्पणम् ॥७१॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



दास्यसख्यादिभावेन, सेव्यो ध्येयः सदा गुरुः ।
आत्मोल्लासेन भक्तस्य, भवन्ति सर्वसिद्धयः ॥ ७२॥
सद्‌गुरोर्दर्शनं पुण्यं, तीर्थसारो गुरु मतः ।
तीर्थं फलति कालेन, सद्यः सेवा तु सद्‌गुरोः ॥७३॥
ब्रह्मविष्णुमहेशाद्या, ददते यन्न भूतले ।
तद्ददाति गुरुः पूज्यो, वाचा प्रसन्नमानसः ॥ ७४ ॥
गुरुप्रसादमूलाय, ल्लोके सर्वविभूतयः ।
अतोगुरुप्रसादार्थं, कार्यं सर्वमुपायतः ॥ ७५ ॥
पूर्णाऽसङ्ख्यप्रदेशात्मा, चिच्छक्त्या व्यापकः सदा ।
पूर्णानन्दस्वरूपेण, सद्‌गुरुर्वपुषि स्थितः ॥ ७६ ॥
दाहेनादाह्यरूपो य, आत्मा सद्‌गुरुधर्मराट् ।
ज्योतिषामपि यज्ज्योतिर्यद्भासा भासते जगत्॥७७॥
इन्द्रियैर्यः परः ख्यातः, सर्वेषां हृदि संस्थितः ।
जीवकः सर्वसत्त्वानां, ज्ञानगम्यो निरन्तरम् ॥७८॥
योगाङ्गैः स्वोन्नतिंकर्त्ता, छेत्ता कर्माष्टभूभृतः ।
ज्ञायकः सर्वलोकस्य, ब्रह्मात्मा गुरुरुच्यते ॥७९॥
आत्मा स्वयं गुरुर्बोध्य, उपादानस्वभावतः ।
दर्शनज्ञानचारित्रदानादिसद्‌गुणैर्महान् ॥ ८० ॥
आत्मैक्यं सत्तया बोध्यं, भिन्नाभिन्नमपेक्षया ।
अनेकान्तं समाश्रित्य, सद्भिः सेव्यो गुरुः सदा॥८१॥
मा भ्रम कुत्रचिज्जीव !, स्वीकुरु सद्‌गुरुं परम् ।
गुर्वाश्रयप्रभावेण, मुक्तो नूनं भविष्यसि ॥ ८२ ॥
प्रियात्प्रियो भवेद् भक्तो, गुरोश्चित्तानुसारतः ।
प्राप्नोति सद्‌गुरोर्हार्दान्, संभूय सद्‌गुरोर्मनः ॥ ८३ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



गुर्वात्मनः सदा सात्म्यं, योक्ता शिष्यो भवेद् गुरु ।
रहस्यमेतज्जानन्ति, केचित्पुण्यानुसारतः ॥ ८४ ॥

बहिरन्तः परं ब्रह्म, सद्गुरूपासकस्य तत् ।
अन्तः शून्यं बहिः शून्यं, नास्तिकस्याविवेकतः॥८५॥

श्रीसद्गुरोर्महासेवा, पूर्णपुण्येन लभ्यते ।
लब्ध्वा श्रीसद्गुरुं देवं, सेवा कार्या प्रतिक्षणम् ॥८६॥

सर्वधर्मसमावेश, आज्ञायां पूज्यसद्गुरोः ।
सर्वधर्मान् परित्यज्य, सद्गुरोः शरणं व्रज ॥ ८७ ॥

सर्वशक्तिः समादेया, सद्गुरुज्ञानयुक्तितः ।
सर्वशक्त्या गुरुः प्राप्यो, निर्बलै नैव लभ्यते ॥ ८८ ॥

ज्ञानवीर्यतपोहीना, लभन्ते नैव सद्गुरुम् ।
मूढनास्तिकजीवैस्तु, दृश्यते नैव सद्गुरुः ॥ ८९ ॥

गुर्वाज्ञापालका जीवाः, प्राप्नुवन्ति परं सुखम् ।
मायाम्भोधिसमुत्तीर्णाः, सिद्धा बुद्धा भवन्ति ते ॥९०॥

ये ये ह्यारोपिता भावाः, स्वकीया नैव ते कदा ।
आत्मज्ञानेन निश्चित्य, सेवनीयो महागुरुः ॥ ९१ ॥

त्यक्त्वा नामादिकां वृत्तिं, निधाय हृदि सद्गुरुम् ।
प्राप्तकालानुसारेण, विकास्याः सर्वशक्तयः ॥ ९२ ॥

सर्वावस्थासु सानन्दं, मत्वा कृत्वा स्वयोग्यताम् ।
पूर्णब्रह्म समासेव्यं, गुरुर्ब्रह्मैव नापरः ॥ ९३ ॥

नैष्ठिकब्रह्मचर्येण, प्राप्यते ब्रह्मसद्गुरुः ।
स्वयं ब्रह्मगुरुर्भूत्वा, परज्योतिर्मयो भवेत् ॥ ९४ ॥

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# गुरुस्वरूपम्.

निर्विकल्पस्वभावेन, साक्षादात्मा स्वयं गुरुः ।
सविकल्पस्वभावे तु, गुरुरन्यो विधीयते ॥ ९५ ॥
गुर्वाज्ञापारतन्त्र्येण, तत्त्वज्ञानस्य लाभतः ।
चिदानन्दघनावाप्ति, र्भाषिता सत्ययोगिभिः ॥ ९६ ॥
सद्गुरुभक्तियोगेन, परात्मा हृदि दृश्यते ।
पूर्णश्रद्धा सदा धार्या, सेयं धर्मस्य जीविका ॥ ९७॥
गुरुश्चक्षुर्गुरुः शीर्षं, गुरुश्चित्तं गुरुर्धनम् ।
गुरुरात्मा गुरुः सर्वं, प्रियं यत्तत्स्वकं गुरुः ॥ ९८ ॥
गुरुर्ध्यानं गुरुः प्राणा, गुरुर्ध्येयो गुरुर्महान् ।
गुरुर्वाचि गुरुश्चित्ते, दृश्याऽदृश्यं स्वयं गुरुः ॥ ९९ ॥
गुरुः शुद्धो गुरुर्बुद्धो, गुरुः कृष्णो महायतिः ।
सर्वचिन्त्यो गुरुः पूज्यः, सर्वज्ञेयो महागुरुः ॥ १०० ॥
सापेक्षदृष्टितः सर्वं, विश्वं हि लीयते गुरौ ।
अस्तिनास्तित्वधर्मैश्च, नयैः सर्वमयो गुरुः ॥ १०१ ॥
सद्गुरुर्ज्ञायते सम्यगरूपी निश्चयेन तु ।
बोद्धव्यो व्यवहारेण, नामरूपात्मसद्गुरुः ॥ १०२ ॥
निश्चयेन सदा सत्यो, व्यवहृत्योपचारवान् ।
इत्यनेकान्तत स्वस्माद्, भिन्नाऽभिन्नो जगद्गुरुः ॥१०३॥
नयैर्भङ्गैर्गुरुर्ज्ञेयः, षड्धाकारकचक्रवान् ।
वङ्कनालसुषुम्णायां, स्थितिं कृत्वा समाधितः ॥१०४॥
शुद्धोपयोगतः स्वस्मिन्, पूर्णात्पूर्णः प्रकाशते ।
व्यष्टिसमष्टिमान्स्वामी, स्वात्मासंजायते गुरुः॥१०५
बहिरन्तः स्वयं साक्षाद्, गुरुश्चैतन्यधारकः ।
इन्द्रियप्राणयुक्ता यः, स्वान्यवस्तुप्रकाशकः॥ १०६ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## गुरुसेवाफलम्

सिद्धाचलादितीर्थानां, यात्रातो यत्फलं भवेत् ।
ततोऽनन्तगुणं बोध्यं, फलं सद्गुरुसेवया ॥ १०७ ॥
गुरुस्तीर्थं गुरुस्तीर्थं, जानन्ति ब्रह्मचक्षुषः ।
गुरुस्तीर्थं न जानन्ति, तेषां तीर्थं निरर्थकम् ॥ १०८ ॥
यत्र तत्र गुरुः साक्षाद्, ब्रह्मरूपो निरञ्जनः ।
ज्ञेयो ध्येयो विवेकेन, सर्वकर्त्तव्यकर्मसु ॥ १०९ ॥
कलौ श्रीसद्गुरोः सेवा, सर्वकर्मापहारिणी ।
कलौ श्रीसद्गुरोर्भक्तः, सर्वभक्तशिरोमणिः॥११०॥
गुरोर्भक्तिः कलौ श्रेष्ठा, सर्वपापापहारिणी ।
श्रद्धयाऽऽराधितः प्रीत्या,साक्षान्मुक्तिप्रदो गुरुः॥१११॥

## गुर्वाज्ञा.

गुर्वाज्ञैव परा भक्ति, गुर्वाज्ञैव परं तपः ।
गुर्वाज्ञैव परा यात्रा, गुर्वाज्ञायां परं फलम् ॥ ११२ ॥
गुर्वाज्ञैव परो जापो, गुर्वाज्ञा मुक्तिकारिणी ।
गुर्वाज्ञाभ्रष्टलोकानां, सर्वधर्मो निरर्थकः ॥ ११३ ॥
गुर्वाज्ञाहार्दविज्ञाता, शिष्यो भवति सद्गुरुः ।
देशाकालादिविज्ञाता, सद्गुरुर्धर्मरक्षकः ॥ ११४ ॥
गुर्वाज्ञैव परं तत्त्वं, गुर्वाज्ञैव महद् बलम् ।
गुर्वाज्ञैव महाधर्मो, न भूतो न भविष्यति ॥११५॥
गुर्वाज्ञैव परा कीर्त्ति, गुर्वाज्ञैव परं धनम् ।
गुर्वाज्ञापालनेनैव, भवन्ति स्वात्मसंपदः ॥ ११६ ॥
गुर्वाज्ञैव परो देवो, रत्नत्रयीसमर्पणे ।
तपोव्रताद्या लीयन्ते, गुर्वाज्ञायां निरन्तरम् ॥११७॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



गुर्वाज्ञापालकः कोऽपि, स्वाधिकारेण शक्तितः ।
ज्ञानयोगी भवेत्पूर्णं, प्रवृत्तः सर्वकर्मसु ॥ ११८ ॥
सर्वदा पूर्णनिर्लेपः, सर्वस्वार्पणकारकः ।
आत्मज्ञसद्गुरोस्तुल्यं, नैव किञ्चिज्जगत्त्रये॥ ११९ ॥
गुर्वाज्ञाराधनातुल्यं, पुण्यं नैव जगत्त्रये ।
गुर्वाज्ञाखण्डनातुल्यं, नैव पापं जगत्त्रये ॥ १२० ॥
गुर्वाज्ञापूर्णविश्वासी, स्तुत्यो भक्तो जगत्त्रये ।
महत्तायाः पदं बोध्यं, सद्गुर्वाज्ञा जगत्त्रये ॥ १२१ ॥
पूर्णप्रीतिर्गुरौ यस्य, तस्य नीतिश्च सन्मतिः ।
गुरौ भावं विना नैव, वन्दनाद्याः फलप्रदाः ॥ १२२ ॥
गुर्वाज्ञामन्तरा प्राप्ति, नैव स्यात्परमात्मनः ।
कदापि कस्य नो मुक्ति, सद्गुरुमन्तरा मता ॥१२३॥
सद्गुरोः प्रेमवृद्ध्यर्थं, वर्तितव्यं विवेकतः ।
स्वाच्छन्द्यं नैव कर्त्तव्यं, त्रियोगैर्मोहतः कचित् ॥१२४॥
यादृशी तादृशी पाल्या, गुर्वाज्ञा सत्यभावतः ।
शङ्काखेदौ न कर्त्तव्यौ, गुर्वादिष्टेषु कर्मसु ॥ १२५ ॥
गुर्वादिष्टे कृते कार्ये, मुक्तिरेव न संशयः ।
स्वाधिकारः सदा तेऽस्तु, गुर्वाज्ञादिष्टकर्मसु ॥१२६॥
नैव प्रत्युपकारः स्यादात्मोद्धारकसद्गुरोः ।
येन केन प्रकारेण, सेवनीयः सदा गुरुः ॥ १२७ ॥
बुद्धेः परं गुरोर्वृत्तं, कल्पनातीतसद्गुरुः ।
पारं प्राप्नोति नो कोऽपि, श्रीसद्गुरोः कदाचन ॥१२८॥
सद्गुरोः स्वार्पणं कृत्वा, पश्चात्कार्या न नीचता ।
त्याज्याऽहंममताबुद्धिर्नामरूपात्मवस्तुषु ॥ १२९ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



नामरूपात्मिकां वृत्तिं, विना सर्वप्रवृत्तिषु ।
गुर्वाज्ञया प्रवृत्तः सन्, निर्बन्धः शिष्यराट् सदा ॥१३०॥

पूर्णप्रीत्या गुरोर्भक्तिः, सर्वशक्तिप्रदायिका ।
प्राप्या भक्तैर्महापुण्यैः, पूर्णानन्दप्रदायिनी ॥ १३१ ॥

महाभक्त्या मया प्राप्तः, सद्गुरुर्धर्मबोधकः ।
इत्येवं हृदये धार्या, भावना शर्मकारिका ॥ १३२ ॥

मानेऽमाने सुखे दुःखे, गृहेऽरण्ये च सद्गुरुः ।
स्मर्तव्यः पूर्णसत्प्रीत्या, मनःसाम्यं निधाय सः ॥१३३॥

दर्शनज्ञानचारित्रैः, स्वात्मारामो जगद्गुरुः ।
आविर्भवति सद्व्यक्त्या,स्वात्मा वेद्यो य आत्मना॥१३४॥

## गुरुभक्तः ।

गुरौभक्तिः सदा येषां, देवास्ते देहवासिनः ।
गुरोर्भक्ता महासत्त्वा, भवन्ति सत्यवेदिनः ॥ १३५ ॥

शापादीनां भवेन्नाशः, सद्गुरोः सत्यभक्तितः ।
वादे रणे विपत्तौ च, स्युर्देवा रक्षकाः सदा ॥१३६॥

कामादीनां विजेता स्यान्निर्भयः सर्वथा भवेत् ।
सत्यसेवाकरो भक्तः,सत्यचिन्तामणीयते ॥ १३७ ॥

सर्वधर्मस्वरूपेण, विश्वव्यापकसद्गुरुः ।
अतो व्यापकसद्भक्त्या, सेव्यो ध्येयो विवेकतः ॥१३८॥

सद्गुरुं शरणीकृत्य, त्यक्त्वा च सर्वसंशयान् ।
स्वाधिकारेण यत्कर्म, तत्कुरु शिष्य ! यत्नतः ॥१३९॥

धर्मस्यास्तित्वरक्षादि-कार्येषु देशकालतः ।
सद्गुर्वाज्ञा भवेद्या या, सा सा सेव्या प्रयत्नतः ।१४०।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



गुरुसेवोद्भवं ज्ञानमप्रतिपातितां व्रजेत् ।
सेवाफलं न तन्नश्येत, कदापि दैवयोगतः ॥ १४१ ॥
शोकः कदापि नो कार्यो, भेतव्यं नैव भीतितः ।
शुद्धब्रह्मस्वरूपेण, गुरुः सर्वत्र रक्षकः ॥ १४२ ॥
दीनता नैव कर्त्तव्या, सर्वकर्त्तव्यकर्मसु ।
स्मृत्वा शुद्धगुरोरूपं, वर्तितव्यं स्वभावतः ॥ १४३ ॥
चिदानन्दं गुरोरूपं, स्वात्मनश्च तथैव तद् ।
शुद्धब्रह्मगुरोरेवं, रूपं शुद्धस्वभावतः ॥ १४४ ॥
वर्तमानस्त्रिकाले स, गुरुः कालात्परः सदा ।
वस्त्रवद्देहसंबन्धो, गुर्वात्मा देहतः पृथक् ॥ १४५ ॥

## गुरुब्रह्म.

देहोत्सर्गान्न नश्येत्स, गुर्वात्मा तु सदा ध्रुवः ।
शाश्वतः सद्गुरुर्बोध्यः, सर्वसाक्षी सनातनः॥१४६॥
देहादिसर्वपर्याया, भवन्ति कर्तृकर्मतः ।
कर्मदेहादितो भिन्नं, शुद्धरूपं गुरोः सदा ॥१४७॥
छिनत्ति संशयान्सर्वान्, देहाधिष्ठितसद्गुरुः ।
छिनत्ति संशयान्सर्वान्, देहभिन्नोऽपि सद्गुरुः॥१४८॥
छिनत्ति संशयान्सर्वान्, प्रत्यक्षः सद्गुरुर्महान् ।
परोक्षेऽपि गुरुध्यानाच्छिनत्ति सर्वसंशयान् ॥१४९॥
ममैव सद्गुरोरूपं, शुद्धनिश्चयतः स्वयम् ।
अहंत्वंभावनाशे तु, सदैक्यं सत्तया खलु ॥१५०॥
अहंत्वंभेदनिर्भिन्नः, पूर्णशुद्धात्मसद्गुरुः ।
स्वेनानुभूयते स्वस्मिन्, नैव वाचा प्रकथ्यते ॥१५१॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अनन्तं सद्‌गुरोरूपं, किञ्चिद् वृत्त्या तु बोध्यते ।
स्वानुभूतमहो किञ्चिद्, वाण्या वक्तुं न शक्यते ॥१५३॥

सूत्रं सनातनं बोध्यमनन्तं ब्रह्म सद्‌गुरुम् ।
ब्रह्मदृष्टिं विना ज्ञातुं, कोऽपि शक्तो न भूतले । १५३॥

ज्ञायते ब्रह्मणा ब्रह्म, सद्‌गुरुः पूर्णचिद्‌घनः ।
ज्ञात्वा वाचो निवर्तन्ते, सानन्दं परमं गुरुम् ॥१५४॥

सर्वज्ञानसमावेशो, यत्र स सद्‌गुरुर्महान् ।
उन्मनीभावतः प्राप्यो, व्याप्यव्यापकयोगिराट् ॥१५५॥

सद्‌गुरुर्ब्रह्मविद्भक्तो, ब्रह्मरूपो भवेत्स्वयम् ।
गुरुर्ब्रह्म स्वयं ब्रह्म, वक्तव्यं नावशिष्यते ॥ १५६ ॥

व्यक्तब्रह्मगुरुः साक्षात्, तेनाव्यक्तं प्रकाश्यते ।
दीपको दीपकात्तद्वच्छिष्यः सद्‌गुरुणा मतः ॥१५७॥

पूर्णप्रीतिं समर्प्यार्थे ! सद्‌गुरोः शरणं व्रज ।
गुरुस्त्वां सर्वकर्मभ्यो, मोचयिष्यति मा शुचः ॥१५८॥

सद्‌गुर्वाज्ञापरो धर्मो, मत्वा कर्म समाचर ।
यादृशी तादृशी मान्या, गुर्वाज्ञा ते गतिः शुभा ॥१५९॥

## गुरुध्यानम्.

गुर्वात्मज्योतिषो ध्यानान्मोहो नश्यति तत्क्षणे ।
आविर्भवति शुद्धात्मा, तत्र किञ्चिन्न संशयः ॥१६०॥

सदेहसद्‌गुरुध्यानात्, पूर्णश्रद्धानयोगतः ।
नश्यन्ति सर्वपापानि, भक्तानां नात्र संशयः ॥१६१॥

सदेहसद्‌गुरुध्यानं, श्रद्धागम्यं विशेषतः ।
प्रत्यक्षे च परोक्षे तत्, सद्‌गुरुः सर्वशक्तिदः ॥१६२॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कातर्यं नैव कर्त्तव्यं, गुरुसेवासु सर्वथा ।
प्रीतितः सद्‌गुरौ भक्तिर्भुक्तिदा नैव संशयः ॥१६३॥
नास्तिकानां कुतर्कैश्च, नैव मोक्ष्यं कदाचन ।
सद्‌गुरूध्यानलीनानां, मिथ्याशङ्का विनश्यति ॥१६४॥
सद्‌गुरूध्यानमग्नानामानन्दाद्वैतसंभवः ।
स्वानुभवः प्रमाणं तत्, सत्यं सत्यं वचो ह्यदः॥१६६॥

## गुरुमाहात्म्यम् ।

अब्धिवत्पूर्णगम्भीरो, भानुवद्विश्वभासकः ।
क्षमा धरित्रीवत्पूर्णा, चन्द्रवच्छीतलः सदा ॥१६६॥
मेरुरिव सदा धीरो, निर्लेपो व्योमवद्‌गुरुः ।
अनौपम्यं गुरौ बोध्यं, वृत्त्यतीतो न वर्ण्यते ॥१६७॥
पूर्णप्रीतिं विना नैव, लभ्यस्तु सद्‌गुरुः कलौ ।
लभ्यः कदापि नो देवो, विश्वस्मिन्सद्‌गुरुं विना ॥१६८॥
गुरुरेव प्रभुर्ज्ञेयः प्रभुरेव गुरुः सदा ।
ब्रह्मसत्ताऽविशेषेण, द्वयोरैक्यमभेदतः ॥ १६९ ॥
तारको भवपाथोधेर्वारकः सर्वदोषतः ।
स्मारकः सर्वतत्त्वानां, धारको ज्ञानवारिधेः ॥१७०॥
गायकः सत्यगेयानां, नायकः सर्वदेहिनाम् ॥
दायको धर्मदानानां, कोऽपिनास्तिगुरोः समः ॥१७१॥
ॐ ह्रीँ श्रीँ सद्‌गुरुं नौमि, पूर्णप्रीत्या सनातनम् ।
सोऽहं सोऽहं त्वमेवाहं, सत्तया व्यापकः सदा ॥१७२॥
ॐ राँ रीँ सद्‌गुरुं नौमि, पूर्णशक्तिप्रदायकम् ।
सर्वव्याधिहरं तूर्णं, शक्तिरूपं सनातनम् ॥१७३॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सर्वकर्त्तव्यकार्येषु, निर्लेपं सत्यशक्तिदम् ।
ऐँ क्लीँ श्रौँ सद्गुरुं स्तौमि, निष्कलं सकलं शुभम्॥१७४॥

चमत्कारा गुरोः पादे, सर्वत्र सर्वदर्शने ।
इत्येवं ज्ञायते सम्यक्, सद्गुरोरुपदेशतः ॥ १७५ ॥

सर्वदेवगुरुश्चित्ते, मन्त्रबीजस्वरूपकः ।
स्वर्गसिद्धिर्भवेत्तस्य, कथ्यते ज्ञानयोगिभिः ॥१७६॥

महाधन्यो महाराजस्तारकश्च महामणिः ।
दृष्टं सर्वं गुरौ दृष्टे, स्मृतं सर्वं गुरौ स्मृते ॥ १७७ ॥

आत्मज्ञानं कृपां कृत्वा, दत्तं सर्वप्रकाशकम् ।
परोपकारिणां मुख्यं, वन्देऽहं सद्गुरुं सदा ॥ १७८ ॥

कृपाम्भोधिस्सदाशुद्धो, निर्दोषः पूर्णतां गतः
पूर्णरत्नत्रयीयुक्तः प्रीत्या पूज्यो गुरुर्महान् ॥ १७९ ॥

अहंत्वंभावनिर्मुक्तस्त्वमहं व्यवहारयुग् ।
सर्वानन्दधरः श्रीमान्, सद्गुरुर्भ्रान्तिनाशकः ॥१८०॥

सर्वकार्याणि सिद्ध्यन्ति, सद्गुरोराशिषा ध्रुवम् ।
आशीर्हेतुर्गुरोः सेवा, कार्या विश्वासभावतः ॥१८१॥

पूर्णश्रद्धा सदा यस्य, गुरौ तस्यैव मङ्गलम् ।
जायते सर्वकार्येषु, नान्यत्किञ्चिन्न कुत्रचित् ॥ १८२ ॥

इन्द्रियाद्यैः कृतं सर्वं, गुरोः कृत्वा समर्पणम् ।
निःसङ्गो जायते भक्तः, कर्मयुक्तोऽपि बाह्यतः ॥१८३॥

## धर्माधर्मफलम् ।

सद्गुर्वाज्ञापितो धर्मः, प्रान्ते सिद्धिसुखप्रदः ।
अन्यो हितार्थविज्ञातोऽप्यधर्मो दुर्गतिप्रदः ॥ १८४ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सद्गुर्वाज्ञा स्वधर्मोऽस्ति, कर्त्तव्यो विधिना सदा ।
आज्ञाभिन्नोऽन्यधर्मस्तु, स्वोन्नतिशर्मनाशकः ॥१८५॥
प्रत्यक्षे सद्गुरौ ज्ञाते, देवे ज्ञाते परोक्षके ।
गुर्वाज्ञायां च ता सन्ति, देवाज्ञा व्यवहारतः ॥१८६॥
फलादिविधिवन्मुक्त्वा, नत्वा स्तुत्वा च भक्तितः ।
प्रीत्योपविश्य विधिवच्छ्रोतव्या धर्मदेशना ॥ १८७ ॥

## सद्गुरुकृपा.

प्रशस्योन्नतयः सर्वाः, सद्गुर्वादिष्टयुक्तिभिः ।
कार्या भक्तैः प्रयत्नैश्च, गुरुहार्दं प्रकीर्तितम् ॥१८८॥
गुर्वाज्ञया प्रवृत्तौ च मृत्युः श्रेयस्करो मतः ।
गुर्वाज्ञाया निषेधाच्च, जीवनं मृत्युतोऽशुभम् ॥१८९॥
विहाय चित्तस्वाच्छन्द्यं, देहाध्यासं विहाय च ।
सर्वशक्तिप्रकाशार्थं, सद्गुरोः शरणं भज ॥१९०॥
कदाऽपि निर्बलो मा भूः, सद्गुरुप्राप्त्यनन्तरम् ।
कुरुष्वार्जुनवत्कर्म, स्वाधिकारे विवेकतः ॥ १९१ ॥
दुःखं सुखं समं कृत्वा, मा मुह्योऽयोग्यकर्मसु ।
योग्यकर्त्तव्यतो भक्त ! प्रान्ते मुक्तो भविष्यसि ॥१९२॥
सद्गुर्वाज्ञा सदा सत्या, नैवाऽसत्येति भावय ।
क्षेत्रकालादितो बोध्या, निश्चयव्यवहारतः ॥१९३॥
आज्ञायां कुरु मा शङ्कां, श्रद्धातस्त्वं यतस्व भोः ।
सर्वदुःखानि नश्यन्ति, सद्गुरोः कृपया ध्रुवम् ॥१९४॥
चिन्त्यते यच्च मनसा, यत्तु वाचा प्रकाश्यते ।
देहेन क्रियते यद्यत, तत्तत्सेवा हि सद्गुरोः ॥१९५॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## सद्गुरुभावना.

ॐ ह्रींरूपं शिवसुखमयं दर्शनज्ञानरूपं,
सत्याऽऽधारं परमहितदं पूर्णशान्तिस्वरूपम् ।
विश्वाधारं सहजमखिलं निर्मलं धर्ममूर्त्तिं,
पूर्णप्रीत्या सकलगुणिनं सद्गुरुं तं नमामि ॥१९६॥

परमशान्तिविधायकचेतनं, तिमिरवृन्दविनाशक सन्मणिम् ।
परमशर्मविवेचकतत्त्वदं, प्रतिदिनं प्रणमामि जगद्गुरुम्॥

सदा ह्यनन्तं परमात्मरूपं, विश्वत्रयाधारमनन्तधर्मम्।
स्याद्वादरूपं शिवशान्तिकारं, वन्दे सदाऽहं गुरुदेवपादम्॥

रत्नत्रयाधारमखण्डरूपं, पूर्णप्रकाशं गतरागदोषम् ।
साम्यप्रदं सच्चिदनन्तमूर्तिं, वन्दे सदाऽहं गुरुदेवपादम्।

धन्योऽहं कृतपुण्योऽहं, विश्ववन्द्योऽहमीश्वरः ।
शुद्धात्मधर्मद्रष्टाऽहं, जातः सद्गुरुभावतः ॥ २०० ॥

गुरुशरणं भयहरणं संसाराब्धौ तरिः प्रशमकरणम् ।
जगति हि सद्गुरुदेवो हृदयचक्षुःप्रकाशको जयति ॥

कृतगुरुशरणो भव्यो जन्मजरामृत्युनाशको भवति।
भूत्वा निर्भययोगी विश्वोद्धारकसत्पदं वहति॥२०२॥

दीयते यन्न देवैश्च, देवीभिर्यन्न दीयते ।
तद्दातुं सद्गुरुस्तुष्टः, समर्थोऽस्ति न संशयः ॥२०३॥

सुगुप्तं ब्रह्मविद्यास्त्रं, गीतायामत्र निश्चितम् ।
प्राप्यते हि गुरोर्भक्तैः, सर्वविद्यास्त्रजिन्महत् ॥२०४॥

दत्तो हि गुरुणा मन्त्रः, सर्वशक्तिप्रदायकः ।
प्रत्यहं विधिवज्जाप्यः, सर्वेष्टार्थप्रदो ध्रुवम् ॥ २०५ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



गुरुमन्त्रः सदा जाप्यः, सद्गुर्वाम्नायपूर्वकम् ।
सर्वकार्याणि सिद्ध्यन्ति, पूर्णश्रद्धासुयोगतः ॥२०६॥

राज्यं देयं शिरो देयं, देयं सर्वं धनादिकम् ।
नैव देयोगुरोर्मन्त्रो, नास्तिकेभ्यः कदाचन ॥२०७॥

गुरुमन्त्रो महाभक्त्या, ग्राह्यश्च विधिवज्जनैः
यादृक्तादृग्मनुष्याग्रे, वाच्यो नैव कदापि सः ॥२०८॥

दर्शनं प्रत्यहं कार्यं, सद्गुरोः पूर्णभावतः ।
प्रत्यहं सद्गुरोरग्रे वाच्यं सर्वं निजात्मनः ॥ २०९ ॥

## गुरुबुद्धिः ।

स्वबुद्ध्या न कदा कार्याः, शिष्यैः शङ्काः स्वसद्गुरोः ।
मनोवचनकायानां, विरोधिनीप्रवृत्तिषु ॥ २१० ॥

गुरोःकृपां विना शिष्यरात्मज्ञानं विना तथा ।
परस्परविरोधिन्यो, ज्ञायन्ते हि प्रवृत्तयः ॥ २११ ॥

किन्तु नैव विरोधिन्यः, सद्गुरूणां प्रवृत्तयः ।
श्रीसद्गुरोः कृपां प्राप्य, विज्ञायन्ते सुशिष्यकैः॥२१२॥

## सद्गुरुमहिमा.

रङ्कं करोति देवेन्द्रं, मूढं च स्वर्गुरोः समम् ।
आत्मानं च परात्मानं, गुरुस्तस्मै नमोनमः ॥२१३॥

यस्य कृपाकटाक्षेण, विकासन्ते सुशक्तयः ।
परोपकारिमुख्यस्य, गुरोस्तस्मै नमोनमः ॥ २१४ ॥

गुरुरेव पिता माता, जीवन्देवो वपुःस्थितः ।
सद्गुरुं तं महाभक्त्या, प्रत्यहं समुपास्महे ॥ २१५ ॥

एकस्मिन्सद्गुरौ श्रद्धा, धार्या विश्वेशभावतः ।
तस्यैकस्य कृताज्ञा या, कार्या प्राणात्ययेऽपि सा॥२१६॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



एकस्यैव गुरोः श्रद्धा, सर्वकर्मोपहारिणी ।
कुविकल्पान् परित्यज्य, सत्यमेव गुरुं भज ॥२१७॥

नाभितः सद्गुरोराशीर्निःसृता फलति ध्रुवम् ।
अतः शिष्यैर्महाप्रीत्या, गुरुः सेव्यो मुहुर्मुहुः ॥२१८॥

पूर्णानन्दं स्वयं ज्ञात्वा, मत्वा कर्म समाचार ।
पूर्णप्रीत्या महाशक्त्या, निष्कर्मा भवसि प्रभुः ॥२१९॥

गुरो ! त्वं प्राणेशः शिवसुखमयः सत्यसुखदः,
त्वमेवाहं पूर्णो विभुगतिसरूपो जयकरः ।
परब्रह्मैव त्वं जगति जयदः पूर्णवरदः,
सदा स्वात्मैक्येन स्मृतिनतिगतिस्त्वं मम गुरुः ॥२२०॥

त्रिधा योगरूपस्त्वमेव त्वमेव,
त्रिधा योगकार्यस्वरूपस्त्वमेव ।
गुरो त्वां विना नास्ति किञ्चित् पृथिव्यां,
सदा ज्योतिषां भासकोऽसि त्वमेव ॥२२१॥

अनेकान्तरूपस्त्वमेव प्रवाच्य-
स्त्वनन्तस्वरूपस्त्वमेव त्वमेव ।
तिरोभाव चाविःस्वरूपस्त्वमेव,
त्वनन्तात्मरूपस्त्वमेव त्वमेव ॥ २२२ ॥

भविष्यन्ति भूताश्च ये ये भवन्ति,
सदा क्षेत्रभेदादिरूपेण धर्माः ।
गुरोः सत्यरूपेण तेषु त्वमेव,
चमत्काररूपेण वा सर्वदाऽसि ॥ २२३ ॥

त्वमेवाहमेवाहमेव त्वमेव,
सदा तत्त्वमस्यादिरूपेण पूर्णः ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



महांस्त्वं गुरुः सर्वशक्तिप्रदाता,
शरण्यः शरण्यः सदा त्वं सदा त्वम् ॥२२४॥
रविश्चन्द्रतेजस्त्वमेवाब्धिरूपो,
महीवृक्षनद्यादिरूपस्त्वमेव ।
सदा सर्वरूपो महाशक्तिरूपः,
परब्रह्मरूपस्त्वमेवाहमेव ॥ २२५ ॥
पितामातृदेवो महातीर्थराजो,
महामित्ररूपः सदाप्रेमरूपः ।
प्रियं यच्च यद्दृश्यनिर्दृश्यरूप-
मखण्डात्मरूपस्त्वमेव त्वमेव ॥ २२६ ॥
सदा सर्वकार्येषु साक्षी त्वमेव,
सदा सर्वकार्यावलोकी त्वमेव ।
सदा सर्वकार्येषु योक्ता त्वमेव,
अलक्ष्यश्च लक्ष्यस्सदैव त्वमेव ॥ २२७ ॥
सदा सर्ववेदस्वरूपस्त्वमेव,
पुराणोपलक्ष्यस्वरूपस्त्वमेव ।
सदा सर्वसिद्धान्तरूपस्त्वमेव,
अनाकारसाकाररूपो गुरुस्त्वम् ॥ १२८ ॥
महामन्त्रयन्त्रादिरूपस्सदा त्वं,
महासत्वतन्त्रादिरूपस्सदा त्वम् ।
महापुष्करावर्त्तमेघस्सदा त्वं,
महत्सु प्रभुस्त्वं महासूक्ष्मरूपः ॥ २२९ ॥
कदाप्यग्निना नैव दाह्यो गुरुस्त्व-
मलाव्यो ह्यभेद्यः प्रभुः शङ्करस्त्वम् ।
वचोगोचरो नैव योगी सदा त्वं,
महारोगहन्ता सदा सत्यशास्ता ॥ २३० ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अन्तर्यामी मम शुभगुरुः सर्वदोषप्रहन्ता,
स्वात्मारामी शिवसुखकरः सर्वसाहाय्यकर्त्ता
कर्त्ता हर्त्ता नयनमनसोः पूर्णशान्तिप्रदाता,
वन्देऽहं त्वामनुभवगतं सद्गुरुं पूर्णभक्त्या।२३

गम्यागम्यं सकलसुखदं सर्वदा साक्षिरूपं,
ज्ञेयाधारं सकलशिवदं पूर्णतेजःस्वरूपम् ।
ज्ञानाधारं यतिततिपतिं पूजितं सर्वदेवै-
र्वन्देऽहं त्वामजमविचलं सद्गुरुं मङ्गलेशम्।२३२।

मनसोऽगोचर निर्व्यय ! कृतसुरनरपतिसेव ! ।
त्वां वन्देऽहं भावतः सर्वशक्तिमय ! देव ! ॥२३३॥

षट्कारकचक्रस्याधार ! निर्जितभवहेतुमहामार ! ।
जय शङ्कर! सागरगम्भीर। जय जय श्रीधृतिमत्सुधीर।

गुरोः सर्वचेष्टा गुरुज्ञानगम्या,
विधेया न शङ्का विकल्पाः कदापि !
अनन्तात्मवृत्त्या गुरुस्तु त्रिकाले,
सदाऽस्ति व्ययोत्पादनित्यस्वरूपः ॥ २३५ ॥

स्वधर्मा अनन्ता गुरौ त्रिस्वरूपाः,
सदा सर्वभावेषु धर्मा अनन्ताः ।
अनन्तास्तु भावाः सदा त्वत्स्वरूपा,
अतः सर्वरूपी त्वमेव त्वमेव ॥ २३६ ॥

सदा सर्वधर्मस्वरूपी गुरुस्त्वं ।
सदा सर्व शान्तिस्वरूपो गुरुस्त्वम्,
चिदानन्दरूपेण वा यत्र तत्र,
प्रभुस्त्वं गुरुस्त्वं महामङ्गलस्त्वम् ॥ २३७ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



नव्यं नव्यं स्वनुभवमयं शिक्षणं सद्गुरुस्त्वं,
यद्यद् दुःखं शिरसि पतति ज्ञानहेतुर्गुरुस्त्वम् ।
सर्वीयस्त्वं निगमजनकः स्वान्तरो रामसीता,
कालस्य त्वं कलयनपरो ज्ञेयभावस्यगीता ॥२३८॥
देहे वासः परिमितगुणा यद्यपि त्वं तथा नो,
सत्तातस्त्वं प्रभुविभुकलोऽनन्तशक्तिस्वरूपः ।
किं किं भाषे गुरुगुणगणान् पार्यते नैव पारं,
व्यक्ताव्यक्तो नवनिधिमयः सद्गुरुस्त्वं कृपालुः॥२३९॥

गानं च तानं च सदैव गाता,
स्रष्टा च सृष्टिश्च सदैव सृज्यम् ।
पुत्रः कलत्रं च सदैव बन्धु,
र्ह्यो गुरुस्त्वं मम धर्मसिन्धुः ॥ २४० ॥
आकर्षणं तद् गुरुरात्मनस्त्व-
माकृष्यतत्त्वं स्वयमेव तत्त्वम् ।
सर्वप्रियस्त्वं मम सद्गुरुस्त्व-
मद्वैतमन्यच्च सदैव सत्त्वम् ॥ २४१ ॥
सेवा च सेव्यश्च सदैव नेता,
कार्यं क्रिया त्वं च सदैव वैद्यः
सङ्घश्चतुर्धा जनता महांस्त्वं,
त्रैलोक्यशक्तिस्सुखदो गुरुस्त्वम् ॥२४२॥

पराभाषोत्थसङ्कल्प–शब्दाद्यस्त्वं गुरुः सदा ।
पश्यन्त्यात्मस्वरूपं ते, पश्यन्ति ज्ञानिनः स्वयम् ॥
अत्यद्भुतं महिम्नस्ते, पारं प्राप्नोति कोऽपि नो ।
यावन्मात्रं स्वरूपं ते, ज्ञातं तावन्न कथ्यते ॥२४४॥
जगदुद्धारकाः सन्तस्त्वत्स्वरूपं हि वस्तुतः ।
सत्तयैको विशेषेण, नानात्वं व्यक्तिमात्रतः ॥२४५॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



गुह्यसिद्धान्तसारोऽयं, संरक्ष्यो हृदि युक्तितः ।
यस्य कस्यापि नो देयः, सत्यश्रद्धां विना कदा॥३४६॥
नो वाच्यो नास्तिकस्याग्रे, प्राणान्तेऽपि प्रयत्नतः ।
गुह्याद् गुह्यतरं तत्त्वं, प्रधानं सर्वशक्तिषु ॥२४७॥
सर्वनयैर्गभीरार्था, गुरोर्गीता शुभङ्करा ।
धृतिबुद्धिसुसम्पत्ति-कारिका च सतां मता ॥२४८॥
प्राप्तव्यं यच्च तत्सर्वं, भक्तः प्राप्नोति पाठतः ।
सद्गुरुमन्त्रसंजापान्मङ्गलानि पदे पदे ॥२४९॥
सर्वगीतासु प्राधान्यमस्या महां प्रवर्त्तते ।
श्राव्या वाच्या सदा प्रीत्या, सर्वसिद्धिप्रदायिका॥२५०॥
कर्मयोगी महाज्ञानी, भवेद् गीताप्रपाठकः ।
सद्गुरोराशिषा नित्यं, प्राप्यन्ते सर्वसम्पदः ॥२५१॥
ॐ ह्रीँ श्रीँ सद्गुरुर्ब्रह्म, श्रीह्रींकीर्त्तिकृपालयः ।
गुणी सदैव लोकेषु, रुचिदं यद्वचः सदा ॥२५२॥

बुधव्रजानां सकलार्थदः स्या-
द्धितोपदेष्टा निखिलप्रजानाम् ।
सारं सुशास्त्रस्य ददात्यभीक्ष्णं,
गम्यो गुरूणां गुरुरस्ति लोके ॥ २५३ ॥
रतिं सदेहक् सुगुरौ करोति,
सूक्ष्मग्रबुद्धिर्यतिभिः प्रशस्यः ।
रिपोर्जयी ब्रह्ममयप्रवृत्ति-
र्वक्ताऽस्ति लोके गुरुवर्य्य एषः ॥ २५४ ॥

गुरुगीता समाप्ता,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ॐ

# अथ श्रीमद् देवचन्द्रजी कृत श्री सिद्धाचलगिरि मंडन श्री आदिजिन विनतिरूप स्तवन प्रारंभः

## रत्नाकर पच्चीशी अनुवादरूप.

---

सुण जिनवर शत्रुंजय धणीजी, दासतणो अरदास ए-राग.

श्रेय श्रीरति गेहछोजो, नरसुरपतिनतपाय;
सर्वजाण अतिशयनिधिजी, जय उपयोगी अमाय. १
जगतगुरु विनतडो अवधार. ( ए टेक )

जग आधार कृपामयी जी, निष्कारण जगबंधु;
भवविकारगद टाळवा जी, वैद्य अछो गुणसिंधु. ज०२
जाण भणी जे भाषवुं जी, ते तो भोलिमभाव;
पिण अशुद्धता आपणी जी, विनवीये लहि दाव. ज०३
मातपित्र आगळ बालके जी, श्युं लीलें न कहाय;
साचुं पश्चात्तापथी जी, निज आशय कहिवाय. ज०४
दान शील तप भावना जी, जिन आणाऐं न कीध;
वृथा भम्यो भवसागरे जी, आतमहित नवि लीध. ज०५
क्रोध अगनि दाधो घणुं जी, लोभ महोरग दष्ट;
मान ग्रस्यो माया कळ्यो जी, किम सेवुं परमेष्टि. ज०६
हित न कर्यो में परभवें जी, इहां पण नवि सुख चुंप;
हे प्रभु ! अमशात भव [1]कथा जी, केवल पूरणरूप. ज०७

---

१ कर्या.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



प्रभु मुख चंद्रसंयोगथी जी, महानंदरस जोर;
नवि प्रगटयो तिण वज्रथी जी, मुजमन अतिहि कठोर. ८

भव भमवे दुर्लभ लहीजी, रत्नत्रयी तुम साथ;
ते हारी निज आलसें जी, किहां पुकारुं नाथ. ज० ९

मोहविजय वैराग्यजे जी, ते [2]परवंचन काम;
निज पर तारन देशना जी, ते जनरंजन ठाम. ज०१०

विद्यातत्वे परिखवा जी, ते परजीपण ढाल;
परमदयाल किंतो कहुं जी, मुज हांसीनी चाल. ज०११

परनिंदा मुख दूखव्यो जी, पर दुःख चिंत्योरे मन्न;
परस्त्री जोवे आंखडी जी, किम थास्युं हुं धन्न. ज०१२

कामवश्यें विषयीपणे जी, भोगविडंबन वात;
ते श्युं कहिये लाजता जी, जाणो छो जगतात. ज०१३

परमातमपद नीपजे जी, श्रीनवकार प्रभाव;
तेह कुमंत्रे ध्वंसियो जी, इन्द्रीसुखने दाव. ज०१४

श्री जिन आगळ दुखव्यो जी, करी कुशास्त्रनो रंग;
अनाचार अति आचर्या जी, भूलिं कुदेवने संग. ज०१५

दृष्टिप्राप्य प्रभुमुख तजी जी, ध्यावुं नारीरूप;
गहनविषे विषघूमथी जी, न ग्रहुं आत्मस्वरूप; ज०१६

मृग नयणी मुख निरखतां जी, जे लागो मन राग;
न गयो श्रुतजल धोवतां जी, कुण कारण महाभाग. ज०१७

अंग चंग गुण नवि कला जी, नवि वर प्रभुतारे कांय;
तो पण साचुं लोकमें जी, मान विडंबित काय. ज०१८

---

२ वंचन.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



प्रतिक्षण आउखो घटे जी, न घटे पातकबुद्धि;
योवन वय जातां वधे जी, विषयाभिलाष वृद्धि; ज०१९
औषध तनु रखवालवा जी, सेव्या आश्रयकोडि;
पिण जिनधर्म न सेवियो जी, अै अै मोह मरोडि.ज०२०
जीव कर्म भव शिव नहीं जी, विटमुख वाणीरे पीध;
तुज केवलरवि उगम्ये जी, आप संभाळ न कीध.ज०२१
पात्र भक्ति जिन पूजना जी, नवि मुनिश्रावकधर्म;
रत्न विलापपरे कर्यो जी, मुज माणसनो जम्म. ज०२२
जैनधर्म सुखकर छते जी, सेव्युं विषय विभाव;
सुरमणि सुरघट इहना जी, ए ए मूढ स्वभाव. ज० २३
भोगलील ते रोग छे जी, धन ते निधन समान;
दारा कारा नरकनी जी, न विचारुं ए निदान. ज० २४
साधु आचार न पाळीया जी, न कर्यो पर उपकार;
तीर्थ उद्धार न नीपनो जी, ते गयो जन्मारो हार.ज०२५
दुर्जन वचन खमे नही जी, श्रुतयोगे न विराग;
लेश अध्यातम नवि रम्यो जी, किम लहस्युं भवताग.ज०२६
न कर्यो धर्म गये भवेजी, करवो पण अतिकष्ट;
वर्त्तमान भवरंगना जी, तिण तीने भव नष्ट. ज० २७
प्रभु आगळ शुं ? दाखवुं जी, मुज आश्रय परचार;
तीनकाल जाणग अछोजी, तरीये तुज आधार. ज० २८
भद्रक मुनिवृंद नमैं जी, तेमां हरखुंरे आप;
मुनिपद हुंस करुं नहीं जी, ए सबलो संताप. ज० २९
जिनमतवितथा प्ररूपणा जी, करतां न गणीरे भीति;
जस ईंद्री सुख लालचें जी, कीधुं काल व्यतीत. ज० ३०

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तत्त्व अतत्त्वे गवेषणा जी, करवी पिण अतिदूर;
तत्त्वप्ररूपक मानथी जी, विस्तारे भवभूरि. ज० ३१
तुम सम दीन दयालुओ जी, नवि बीजो जिनराज;
दया ठाम मुज सारिखो जी, छे बीजो कुण आज. ज० ३२
श्री सिद्धाचलमंडणो जी, ऋषभदेव जिनराज;
रत्नाकरसूरें स्तव्या जी, निर्मल समकितकाज. ज० ३३
निज नाण दंसण चरण वीरज परम सुख रयणायरो,
जिनचंद्र नाभि नरिंदनंदन त्रिजग जीव नमायरो;
उवज्झाय वर श्री दीपचंदह सीस गणि देवचंद ए,
संथव्यो भगतें भविकजनने करो मंगलवृंद ए० ३४

इति स्तवन संपूर्ण. ॐ शांतिः ३

ॐ अर्हंमहावीर शान्तिः ३

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only